BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

તૃતીય વર્ષ બી.કોમ.

**BCMACN303**

# સંચાલકીય હિસાબી પદ્ધતિ



## બ્લોક-૧

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી,**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,<br>શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર,<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| | ડૉ. મંજુલાબેન પટેલ | એસોસિયેટ પ્રોફેસર<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર,<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,<br>શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| પરામર્શક(ભાષા) : | ડૉ. પૂર્વી ઓઝા | એસોસિયેટ પ્રોફેસર, (ગુજરાતી)<br>સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર, સાબરકાંઠા |
| | ડૉ. દિપક ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર, (ગુજરાતી)<br>સરસપુર આર્ટ્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. અજય રાવલ | એસોસિયેટ પ્રોફેસર,<br>ગુજરાતી વિભાગ,ઉમિયા આર્ટસ & કોમર્સ, અમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ-2022) | |
| ISBN : | 978-93-5598-197-4 | |

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

*તૃતીય વર્ષ બી.કોમ.*

**BCMACN303**

*સંચાલકીય હિસાબી પદ્ધતિ*

**ભાગ-01**

## *સંચાલકીય હિસાબી પદ્ધતિ*


*એકમ :* **1**
*સંચાલકીય હિસાબી પદ્ધતિ* **01-12**

*એકમ :* **2**
*સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણ* **12-17**

*એકમ :* **3**
*નાણાકીય પત્રકોના વિશ્લેષણનો પરિચય* **18-40**

*એકમ :* **4**
*ગુણોત્તર વિશ્લેષણ -I (ગુણોત્તરની ગણતરી )* **41-101**

એકમ 1

# સંચાલકીય હિસાબી પદ્ધતિ

## રૂપરેખા


1.1 પ્રસ્તાવના

1.2 નાણાંકીય હિસાબી પદ્ધતિ મર્યાદા

1.3 સંચાલકીય હિસાબી પદ્ધતિનો અર્થ

1.4 સંચાલકીય હિસાબી પદ્ધતિના લક્ષણો

1.5 સંચાલકીય હિસાબી પદ્ધતિનું કાર્યક્ષેત્ર

1.6 સંચાલકીય હિસાબનીશના કાર્યો, ફરજો અને જવાબદારીઓ

1.7 સંચાલકીય હિસાબી પદ્ધતિના સાધનો અને રીત

1.8 સંચાલકીય હિસાબી પદ્ધતિ અને નાણાંકીય હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત

1.9 સંચાલકીય હિસાબી પદ્ધતિ અને પડતર હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત

1.10 સંચાલકીય હિસાબી પદ્ધતિની મર્યાદા

1.11 સ્વાધ્યાય


## 1.1 પ્રસ્તાવના

હિસાબી પદ્ધતિની મુખ્ય ત્રણ શાખાઓ છે.

(1) નાણાંકીય હિસાબી પદ્ધતિ

(2) પડતર હિસાબી પદ્ધતિ

(3) સંચાલકીય હિસાબી પદ્ધતિ

હવે આપણે આ હિસાબી પદ્ધતિમાં શાનો અભ્યાસ કરવામાં આવે છે તે સમજીએ.

### (1) નાણાંકીય હિસાબી પદ્ધતિ

નાણાકીય હિસાબી પદ્ધતિમાં ધંધાના આર્થિક વ્યવહારોની પ્રાથમિક ચોપડા (આમનોંધ)માં નોંધ કરવી, ખાતાવહીમાં વ્યવહારમાં સંકળાયેલ દરેક ખાતાઓ તૈયાર કરવા, કાચું સરવૈયું તૈયાર કરવું અને વર્ષના અતે ધંધાનું પરિણામ જાણવા વેપાર અને નફા-નુકસાન ખાતું તેમજ ધંધાની આર્થિક પરિસ્થિતિ જાણવા પાકું સરવૈયું તૈયાર કરવાનો સમાવેશ કરવામાં આવે છે. આમ, નાણાંકીય હિસાબોમાંથી વ્યવહારોની નોંધ તેમજ વર્ષનો નફો કે નુકસાન તેમજ મિલકત અને દેવાની સ્થિતિ જાણી શકાય છે.

### (2) પડતર હિસાબી પદ્ધતિ

પડતર હિસાબી પદ્ધતિમાં વસ્તુ કે સેવાના એક એકમના ઉત્પાદનની પડતર શોધવામાં આવે છે. જે વસ્તુ કે સેવાની વેચામ કિંમતન નક્કી કરવામાં ઉપયોગી થાય છે. આ ઉપરાંત પડતર હિસાબી પદ્ધતિનો ઉદ્દેશ પડતરમાં ઘટાડો કરવો તેમજ પડતર પર અંકુશ રાખવાનો પણ છે.

### (3) સંચાલકીય હિસાબી પદ્ધતિ

ધંધામાં હરીફાઈ, ટેકનોલોજીનો વધતો ઉપયોગ તેમજ વધતા વ્યવસાયિકરણને લીધે સંચાલકોને ધંધાના નિર્ણયો લેવા જરૂરી છે. તેથી સંચાલકોને મદદરૂપ થાય તેવી હિસાબી પદ્ધતિ એટલે કે સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉદ્ભવ થયો.

સંચાલકીય હિસાબી પદ્ધતિના ઉદ્ભવનું મુખ્ય કારણ નાણાંકીય હિસાબી પદ્ધતિની મર્યાદાઓ છે. સંચાલકીય હિસાબી પદ્ધતિમાં ફક્ત ધંધામાં થયેલ વ્યવહારોની નોંધ રાખવામાં આવે છે તેમજ વર્ષને અંતે નફા-નુકસાન તેમજ મિલકત-દેવાની સ્થિતિ જાણવા મળે છે પરંતુ નાણાંકીય હિસાબી પદ્ધતિ નાણાંકીય સ્થિતિનું વિશ્લેષણ કરવામાં કે નાણાંકીય નિર્ણયો લેવામાં મદદરૂપ થતી નથી. નાણાંકીય હિસાબી પદ્ધતિની મર્યાદાઓ વિગતવાર જોઈએ.

## 1.2 નાણાંકીય હિસાબી પદ્ધતિની મર્યાદા

### (1) અંકુશ માટે બિનઉપયોગી

નાણાંકીય હિસાબી પદ્ધતિમાં હિસાબી ચોપડામાં નોંધાયેલ વ્યવહાર કે વાર્ષિક હિસાબોને આદર્શ કે પ્રમાણ સાથે સરખામણી કરવામાં આવતી નથી. તેથી આ હિસાબોમાં ખર્ચ પર અંકુશ રાખવા કે આવક વધારવા માટે કયા પગલાં લેવા આવશ્યક છે તેનો વિચાર કરવામાં આવતો નથી.

### (2) નિર્ણયો માટે બિનઉપયોગી

આધુનિક સમયમાં ધંધા વિષયક નિર્ણયો ધંધાની માહિતીના વિશ્લેષણને આધારે લેવામાં આવે છે. આ માટે સંચાલકો જુદી જુદી અર્થઘટન અને વિશ્લેષણની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે અને તેના આધારે નિર્ણયો લે છે. નાણાંકીય હિસાબી પદ્ધતિ આવી વિશ્લેષણાત્મક રજૂઆત કરતું નથી, તેથી નિર્ણયો લેવા માટે બિનઉપયોગી છે.

### (3) અહેવાલો રજૂ કરવામાં નિષ્ફળતા

ઉચ્ચ સંચાલકો ધંધાની જુદી જુદી સપાટીએ થયેલ કાર્યોનું મૂલ્યાંકન કરી શકે તે માટે જુદી જુદી સપાટીએ જરૂરી માહિતી સાથે અહેવાલપ્રેષણ જરૂરી છે. સંચાલનના દરેક સ્તરેથી થયેલ પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ સંચાલકોને મળે તેવી વ્યવસ્થા નાણાંકીય હિસાબી પદ્ધતિમાં નથી.

### (4) ફક્ત ભૂતકાળની માહિતીની રજૂઆત, ભવિષ્ય માટે પૂર્વાનુમાન નહિ

નાણાંકીય હિસાબી પદ્ધતિ ફક્ત વર્ષ દરમિયાન થયેલ કે અગાઉના વર્ષો દરમિયાન થયેલ ધંધાકીય વ્યવહારો અને તેના પરિણામ નફો-નુકસાન અને ધંધાની ભૂતકાળની આર્થિક સ્થિતિની રજૂઆત કરે છે. તેમાં ભવિષ્ય માટે કોઈ પૂર્વાનુમાન કે અંદાજ કરવામાં આવતા નથી. દા.ત. નવું યંત્ર ખરીદતા તે કેટલું નફાકારક નીવડશે તેની રજૂઆત કરાતી નથી. જ્યારે સંચાલકીય

હિસાબી પદ્ધતિ માહિતીનો ઉપયોગ કરી ભવિષ્ય અંગે પુર્વાનુમાન કરે છે જે ભવિષ્યમાં ધંધાકીય નિર્ણયો લેવામાં મદદરૂપ થાય છે.

### (5) ફક્ત આંકડાકીય રજૂઆત વિશ્લેષણ નહિ

નાણાંકીય હિસાબો ફક્ત ભૂતકાળના આંકડાઓની રજૂઆત કરે છે જેના પરથી પાછલાં વર્ષોનો કે અગાઉના વર્ષોનો નફા-નુકસાન કે મિલકત અને દેવાની ફક્ત આંકડાકીય માહિતી મેળવી શકાય છે. આ હિસાબોમાંથી ધંધાની નફાકારકતા, નાણાંકીય સદ્ધરતા, સંચાલકીય કાર્યક્ષમતા વગેરે જેવી વિશ્લેષણાત્મક માહિતી મેળવી શકાતી નથી કે આ અંગે અર્થઘટન રજૂ કરાતું નથી.

આમ, ધંધામાં મહત્ત્વના નિતિવિષયક નિર્ણયો લેવા માટે જરૂરી મહિતી મેળવવી, તેને યોગ્ય રીતે ગોઠવવી, તેનું વિશ્લેષણ અને અર્થઘટન કરવું કે જે ધંધાકીય નિર્ણયો લેવામાં મદદરૂપ થાય તેના માટે સંચાલકીય હિસાબી પદ્ધતિ ખૂબજ મદદરૂપ થાય છે. તેથી હવે આપણે સંચાલકીય હિસાબી પદ્ધતિનો વિગતવાર અભ્યાસ કરીએ.

## 1.3 સંચાલકીય હિસાબી પદ્ધતિનો અર્થ

સામાન્ય ભાષામાં કહીએ તો, ''સંચાલકીય હિસાબી પદ્ધતિ એટલે સંચાલકોને સહાયભૂત થાય એવી હિસાબી પદ્ધતિ.''

શ્રી બેટ્ટીએ આપેલી વ્યાખ્યા મુજબ, ''સંચાલકીય હિસાબી પદ્ધતિ એ પ્રથાઓ અને રીતો માટે વપરાય છે, જે વિશિષ્ટ જ્ઞાન અને શક્તિ સાથે સંચાલકોને વધુમાં વધુ નફો મેળવવાના અથવા નુકસાન ઓછામાં ઓછું કરવાના કાર્યમાં મદદરૂપ થાય છે.''

રોબર્ટ એન્થનીના મત મુજબ, ''સંચાલકીય હિસાબી પદ્ધતિ એ એવી હિસાબી માહિતી સાથે સંબધ્ધ છે જે સંચાલકોને ઉપયોગી નીવડે છે.''

ઈંગ્લેન્ડની ધી ચાર્ટર્ડ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટ આપેલી વ્યાખ્યા મુજબ, ''હિસાબી માહિતી તૈયાર કરવામાં વ્યાવસાયિક જ્ઞાન અને કૌશલ્યનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી સંચાલકોને નીતિઓના ઘડતરમાં અને એકમની કામગીરીના આયોજન અને અંકુશમાં સહાયરૂપ થઈ શકે.''

## 1.4 સંચાલકીય હિસાબી પદ્ધતિના લક્ષણો

સંચાલકીય હિસાબી પદ્ધતિના લક્ષણો નીચે મુજબ છે :

1) સંચાલકીય હિસાબી પદ્ધતિ નાણાંકીય હિસાબો અને પડતરના હિસાબો પર આધાર રાખે છે.
2) સંચાલકીય હિસાબી પદ્ધતિ ધંધાકીય એકમના બજેટ તૈયાર કરવામાં તેમજ યોજના ઘડવામાં મદદરૂપ નીવડે છે.
3) વ્યવહારોનું એ રીતે પૃથ્થકરણ કરે છે કે જેથી અગાઉથી નક્કી કરેલ અંદાજ સાથે ખરેખર થયેલા કામની સરખામણી કરી શકાય છે.
4) વૈજ્ઞાનિક રીતે ધંધાકીય નિર્ણયો લેવામાં ઉપયોગી છે.
5) અમુક ચોક્કસ સમયના અંતરે સંચાલકો સમક્ષ જરૂરી માહિતી રજૂ કરવી.
6) રજૂ કરવામાં આવેલા પત્રકો અને હિસાબોનું એ રીતે અર્થઘટન કરવું કે જેથી સંચાલકોને ભાવિ નીતિ ઘડવામાં મદદરૂપ થઈ શકે.

સંચાલકીય હિસાબી પદ્ધતિના લક્ષણો નીચે મુજબ સમજાવી શકાય.

(1) સંચાલકીય હિસાબી પદ્ધતિ નાણાંકીય હિસાબો અને પડતર હિસાબો પર આધાર રાખે છે.

સંચાલકીય હિસાબી પદ્ધતિમાં નાણાંકીય હિસાબો અને પડતર હિસાબોની માહિતીને એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેથી તેનું અર્થઘટન કરી શકાય અને વિશ્લેષણાત્મક સ્વરૂપે રજૂ કરી શકાય. આમ, સંચાલકીય હિસાબી પદ્ધતિ નાણાંકીય અને પડતર હિસાબી પદ્ધતિની માહિતી પર આધારિત છે.

(2) સંચાલકીય હિસાબી પદ્ધતિ બજેટ તૈયાર કરવામાં અને યોજના ઘડવામાં મદદરૂપ નીવડે છે.

સંચાલકીય હિસાબી પદ્ધતિમાં નાણાકીય હિસાબો અને પડતર હિસાબોની માહિતીનું અર્થઘટન કરી ભવિય માટે અંદાજો કરવામાં આવે છે અને ભવિષ્યના ધ્યેય હાંસલ કરવા માટે અમલમાં મૂકવાના વિવિધ વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આમ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં કરવામાં આવતા વિશ્લેષણને આધારે બજેટ તૈયાર કરીને ધ્યેય હાંસલ કરવા વિવિધ યોજના ઘડવામાં આવે છે.

(3) વ્યવહારોનું એ રીતે પૃથ્થકરણ કરે છે કે જેથી અગાઉથી નક્કી કરેલ અંદાજ સાથે ખરેખર થયેલા કામની સરખામણી કરી શકાય.

સંચાલકીય હિસાબી પદ્ધતિમાં ખરેખર થયેલ કામગીરીને અંદાજો સાથે સરખાવવામાં આવે છે અને અનુકૂળ તેમજ પ્રતિકૂળ ફેરફારો નોંધીને સકારાત્મક પગલાં લેવામાં આવે છે.

(4) વૈજ્ઞાનિક રીતે ધંધાકીય નિર્ણયો લેવામાં ઉપયોગી છે.

ભવિષ્ય માટે નિર્ણયો લેવાના હેતુસર સંચાલકીય હિસાબી પદ્ધતિમાં જુદી જુદી વિશ્લેષણાત્મક પદ્ધતિઓ અને રીતોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે મૂડી અંદાજપત્ર, ગુણોત્તર વિશ્લેષણ, વલણ પૃથ્થકરણ, તુલનાત્મક માપના પત્રકો વગેરે આ પદ્ધતિઓ અને રીતોનો ઉપયોગ વૈજ્ઞાનિક રીતે ધંધાકીય નિર્ણયો લેવામાં મદદરૂપ થાય છે.

(5) અમુક ચોક્કસ સમયના અંતરે સંચાલકો સમક્ષ જરૂરી માહિતી રજૂ કરવી.

(6) રજુ કરવામાં આવેલા પત્રકો અને હિસાબોનું એ રીતે અર્થઘટન કરવું કે જેથી સંચાલકોને ભાવિ નીતિ ઘડવામાં મદદરૂપ થઈ શકે.

## 1.5 સંચાલકીય હિસાબી પદ્ધતિનું કાર્યક્ષેત્ર

સામાન્ય ભાષામાં કહીએ તો, ''સંચાલકીય હિસાબી પદ્ધતિ એટલે સંચાલકોને સહાયભૂત થાય એવી હિસાબી પદ્ધતિ.'' બીજી રીતે કહીએ તો, હિસાબી માહિતી સંચાલકો સમક્ષ એવી રીતે રજૂ કરવાની પદ્ધતિ જેથી સંચાલકોને નીતિઘડતરમાં મદદરૂપ થાય માટે તેમાં જરૂરી નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

### (1) નાણાંકીય હિસાબોની માહિતીનો ઉપયોગ

નાણાંકીય હિસાબોની માહિતી સંચાલકો સમક્ષ રજૂ થતી માહિતી છે. સંચાલકીય હિસાબી પદ્ધતિનો મૂળ આધાર જ નાણાંકીય હિસાબો છે. નાણાંકીય હિસાબો સિવાય સંચાલકો ધંધાકીય એકમની કામગીરી પર અંકુશ લાવી શકતા નથી.

### (2) પડતરના હિસાબોની માહિતીનો ઉપયોગ

સંચાલકીય હિસાબી પદ્ધતિનો અન્ય આધાર એ પડતરના હિસાબો છે. પડતર હિસાબી પદ્ધતિમાં પ્રમાણ પડતર પદ્ધતિ, સીમાંત પડતર પદ્ધતિ તેમજ અન્ય પડતરની પદ્ધતિઓનો

ઉપયોગ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં કરવામાં આવે છે. પડતરના હિસાબો વિના સંચાલકીય હિસાબી પદ્ધતિ અધુરી જ ગણાય.

### (3) વચગાળાના અહેવાલો

સંચાલકીય હિસાબી પદ્ધતિના કાર્યક્ષેત્રમાં વચગાળાના અહેવાલનો સમાવેશ થાય છે. ધંધાકીય એકમમાં વર્ષ દરમિયાન જે કોઈ પણ પ્રકારની કામગીરી થાય છે તેના વખતોવખતના અહેવાલો સંચાલકો સમક્ષ રજૂ કરવામાં આવે છે જેવા કે માસિક, ત્રિમાસિક કે છ માસિક નાણાંકીય પત્રકો, રોકડ પ્રવાહ, ભંડોળ પ્રવાહ પત્રકનો સમાવેશ થાય છે.

### (4) બજેટ દ્વારા અંકુશ

બજેટ દ્વારા અંકુશ એ સંચાલકીય હિસાબી પદ્ધતિનો એક ભાગ છે. જેમાં ખરેખર કામગીરીને તૈયાર કરવામાં આવેલ બજેટ સાથે સરખાવી વિચલન શોધી તેના પર અંકુશ રાખવાની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

### (5) આંતરિક ઓડીટ

સંચાલકીય હિસાબી પદ્ધતિમાં આંતરિક ઓડીટ કરવામાં આવે છે. આંતરિક ઓડીટ એ સ્વયં અંકુશ માટેની પદ્ધતિ છે. જેથી ધંધાની કામગીરી યોગ્ય રીતે ચાલે છે કે નહિ તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતિઓ કે અનિયમિતતાઓ થતી હોય તો તેની પણ માહિતી મળી રહે છે.

### (6) કરવેરા આયોજન

સંચાલકીય હિસાબી પદ્ધતિએ કરવેરા આયોજન એક વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે, કારણ કે વહેંચણીપાત્ર નફાનો આધાર કરવેરા છે. તેથી સંચાલકો સમક્ષ કરવેરાની હિસાબો પર અને નફા પર અસર, રીટર્ન ફાઈલ કરવા બાબતે,કરવેરાની ચૂકવણી બાબત વગેરેનો સમાવેશ થાય છે.

## 1.6 સંચાલકીય હિસાબનીશના કાર્યો, ફરજો અને જવાબદારીઓ

સંચાલકીય હિસાબનીશના કાર્યો, ફરજો અને જવાબદારીઓ નીચે મુજબ છે.

### (1) હિસાબી માહિતીની યોગ્ય ગોઠવણી

હિસાબી માહિતી વિવિધ કક્ષાના સંચાલકોને ઉપયોગી થાય એમ માહિતીને યોગ્ય રીતે ગોઠવવાનું કામ સંચાલકીય હિસાબનીશનું છે. દા.ત. ખરીદ-વેચાણના આંકડાઓ જુદી જુદી રીતે તૈયાર કરવા જેમકે વસ્તુ અનુસાર, પ્રદેશો અનુસાર અને સમય અનુસાર રજૂ કરીને તેને સંચાલકો માટે ઉપયોગી બનાવવા. તેમજ તૈયાર કરવામાં આવેલા બજેટ મુજબ બધી જ પ્રવૃત્તિઓ ચાલે છે કે કેમ તેની માહિતી સંચાલકો સમક્ષ રજૂ કરીને સંચાલકોને યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે.

### (2) બજેટ તૈયાર કરવા

ધંધાકીય એકમના બજેટ તૈયાર કરવા માટે હિસાબી વિભાગ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ભૂતકાળનાં હિસાબો અને ભવિષ્યનાં ફેરફારોને ધ્યાનમાં રાખીને જુદા જુદા બજેટ તૈયાર કરવા જેવા કે વેચાણ બજેટ તૈયાર કરવું. તેને આધારે ઉત્પાદન બજેટ તૈયાર કરવું જેમાં માલસામાન બજેટ, ખરીદ બજેટ, મજૂરી બજેટ અને અન્ય પરોક્ષ ખર્ચા બજેટનો તેમજ મૂડી ખર્ચ બજેટ, રોકડ બજેટ અને આ બધાં બજેટોને એકત્ર કરી માસ્ટર બજેટ તૈયાર કરવું વગેરે માટે જરૂરી માહિતી સંચાલકીય હિસાબનીશ પૂરી પાડે છે.

### (3) સંચાલકીય અંકુશમાં અસરકારકતા લાવવી

એક બાબત સાચી છે કે ઉચ્ચ સંચલકો ધંધાકીય એકમની બધી જ વિગતો ઊંડાણપૂર્વક તપાસ કરી શકે નહિ. તેમણે અંકુશ માટે ''અંકુશ દ્વારા સંચાલન''ની પદ્ધતિ પર આધાર રાખવો પડે છે એટલે કે જે પ્રવૃત્તિ નક્કી કર્યા મુજબ ચાલે છે તેના પર ઉચ્ચ સંચાલકો ધ્યાન નહિ આપે પરંતુ જે મહત્ત્વની પ્રવૃત્તિ નક્કી કર્યા મુજબ ચાલતી ન હોય તેના તરફ જ ધ્યાન કેન્દ્રિત કરે. સંચાલકીય હિસાબનીશ હિસાબી માહિતીને એ રીતે મૂકે કે જેથી આયોજન પ્રમાણે નહી ચાલતી પ્રવૃત્તિ તરફ જ સંચાલકો ધ્યાન આપે.

### (4) રજૂઆત અને અર્થઘટન

દરેક ધંધાકીય એકમમાં જે કોઈ પણ કામ થાય છે તે અંગે હિસાબનીશ સંચાલકો સમક્ષ અહેવાલ દ્વારા માહિતી રજૂ કરે છે. તેમાં મહત્ત્વની બાબત દર્શાવવામાં આવે છે. જેથી સંચાલકોના ધ્યાન પર તરત જ લાવી શકાય. હિસાબનીશ બે પ્રકારે માહિતી સંચાલકો સમક્ષ રજૂ કરે છે. એક, ધંધાકીય એકમની ખાસ પ્રકારની માહિતી અને બીજી, જુદી જુદી કક્ષાએ સંચાલકોએ રજૂ કરવાના અહેવાલો.

### (5) મૂડી-ખર્ચની યોજનાનાં મૂલ્યાંકનમાં મદદ

સંચાલકીય હિસાબનીશ ધંધાના વિકાસ માટે યોજના કરવી, જૂના યંત્રોને સ્થાને નવાં આધુનિક યંત્રો ખરીદવા, નવા વિકાસની યોજના અંગેના મૂડી ખર્ચની યોજના વગેરે માટે સંચાલકોને માર્ગદર્શન પૂરું પાડે છે. વિવિધ મૂડી ખર્ચની યોજનાઓની નફાકારકતાની ગણતરી કરી પોતાનું મૂલ્યાંકન અહેવાલ સ્વરૂપે સંચાલકો સમક્ષ રજૂ કરે છે અને તેને જ આધારે કઈ યોજના હાથ ધરવી તે ઉચ્ચ સંચાલકો નક્કી કરે છે.

## 1.7 સંચાલકીય હિસાબી પદ્ધતિના સાધનો અને રીત

સંચાલકીય હિસાબી પદ્ધતિના સાધનો અને રીત નીચે મુજબ છે.

### (1) પ્રમાણ પડતર પદ્ધતિ

આ પદ્ધતિમાં માલસામાન, મજૂરી, પરોક્ષ ખર્ચા તેમજ વેચાણ અંગેના પ્રમાણો નક્કી કરવામાં આવે છે અને તેને આધારે ખરેખર થયેલા ખર્ચને પ્રમાણો સાથે સરખાવી વિચલનો શોધી કાઢવામાં આવે છે. તેને આધારે આખા એકમ પર અંકુશ લાવવામાં આવે છે. પ્રમાણ પડતર પદ્ધતિ એ હિસાબનીશના એક હથિયાર સમાન છે.

### (2) સીમાંત પડતર પદ્ધતિ

પડતરના હિસાબોની આ પદ્ધતિમાં પડતરને કુલ બે વિભાગમાં વહેંચી નાખવામાં આવી છે. એક ચલિત પડતર અને બીજી સ્થિર પડતર. વસ્તુની એકમદીઠ ઉત્પાદન પડતરમાં સ્થિર ખર્ચ ઉમેરવામાં આવતો નથી. સંચાલકો સમક્ષ નફા, આવક અને ખર્ચ અંગે માહિતી રજૂ કરવામાં તે ખૂબ જ ઉપયોગી છે.

### (3) ઐતિહાસિક પડતર પદ્ધતિ

ધંધાકીય એકમમાં ઉત્પાદન પૂરું થઈ ગયા પછી અને બધા ખર્ચ થઈ ગયા પછી જે પડતર શોધવામાં આવે છે તેને ઐતિહાસિક પડતર કહેવામાં આવે છે. આ પદ્ધતિ એ પ્રમાણ પડતર પદ્ધતિથી બિલકુલ વિરુદ્ધ પદ્ધતિ છે. પ્રમાણ પડતર પદ્ધતિમાં ઉત્પાદન શરૂ થતાં પહેલાં જુદા જુદા

પ્રકારના ખર્ચ કેટલા થશે તે જણાવવામાં આવે છે. જ્યારે ઐતિહાસિક પડતર પદ્ધતિમાં ઉત્પાદન પુરું થયા બાદ થયેલા ખર્ચને આધારે પડતર નક્કી કરવામાં આવે છે.

### (4) નિયંત્રણ હિસાબી પદ્ધતિ

'નિયંત્રણ હિસાબી પદ્ધતિ' એ કોઈ એક પધ્ધતિ નથી. પરંતુ અંકુશ માટેની જે જુદી જુદી પદ્ધતિઓનો સમૂહ છે તેને નિયંત્રણ હિસાબી પદ્ધતિ કહે છે. પ્રમાણ પદ્ધતિના વિચલન-પૃથ્થક્કરણ દ્વારા. અંદાજપત્રીય અંકુશના અહેવાલ દ્વારા આંતરિક અંકુશ દ્વારા, આંતરિક ઓડીટ દ્વારા આ અંકુશ શક્ય બને છે. અંકુશ માટે જરૂરી માહિતી સંચાલનની બધી સપાટીએ રજૂ કરવી, પૃથ્થકરણ કરવું અને તેનું અર્થઘટન કરવું વગેરેમાં સંચાલકીય હિસાબનીશને પોતૌની કુશળતા બતાવવાનો સારો એવો અવકાશ રહેલો છે.

### (5) અંદાજપત્ર દ્વારા અંકુશ

દરેક ધંધાકીય એકમમાં દરેક બાબત અંગે એક અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ અંદાજપત્રને આધાર લઈ જે ખરેખર ખર્ચ થયો છે તેની સાથે સરખામણી કરી ધંધાની કાર્યક્ષમતા માપી શકાય છે.

### (6) હિસાબો પરથી નિર્ણય

ઉપર મુજબ જણાવેલી જુદી જુદી પદ્ધતિઓ દ્વારા જુદી જુદી જે માહિતી રજૂ થાય છે તેના પરથી સંચાલકીય હિસાબનીશ વૈકલ્પિક નિર્ણયો સૂચવે છે. સંચાલકો સમક્ષ તે અંગેની સંપૂર્ણ માહિતી રજૂ કરે છે અને તેમાંથી કયા નિર્ણયો શ્રેષ્ઠ છે ? તેનો શો નિર્ણય કરવો જોઈએ ? તે અંગે સંચાલકીય હિસાબનીશ સૂચન કરે છે.

## 1.8 સંચાલકીય હિસાબી પદ્ધતિ અને નાણાંકીય હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત

| મુદ્દા | સંચાલકીય હિસાબી પદ્ધતિ | નાણાંકીય હિસાબી પદ્ધતિ |
|---|---|---|
| અર્થ | "સંચાલકીય હિસાબી પદ્ધતિ એટલે સંચાલકોને સહાયભૂત થાય એવી હિસાબી પદ્ધતિ." | "નાણાંકીય હિસાબી" પદ્ધતિ એટલે જેમાં નાણાંકીય હિસાબોનો સમાવેશ થાય જે ધંધાકીય એકમનું પરિણામ અને આર્થિક સ્થિતિ દર્શાવે." |
| હેતુ | મુખ્ય હેતું સંચાલકોને નિર્ણય ઘડતર માટે માહિતી પૂરી પાડવાનો છે. | મુખ્ય હેતુ બાહ્ય વ્યક્તિઓને જરૂરી માહિતી પૂરી પાડવાનો છે. જેમ કે નફા-ખોટ કે ધંધાની આર્થિક પરિસ્થિતિ |
| મુદત | આ હિસાબી પદ્ધતિમાં હિસાબો સંચાલકોની જરૂરિયાત મુજબ રજૂ કરવામાં આવે છે. દા.ત. અઠવાડિયે, દર પખવાડિયે, દર મહિને કે દર ત્રણ મહિને. | નાણાંકીય હિસાબી પદ્ધતિમાં નાણાંકીય હિસાબો વર્ષમાં એક વાર તૈયાર કરી રજૂ કરવામાં આવે છે. તેમજ જરૂરિયાત મુજબ હવે ત્રિમાસિક કે છ માસિક પણ તૈયાર કરવામાં આવે છે. |
| ઉપયોગીતા | સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉપયોગ સંચાલકો ધંધાકીય એકમની નીતિ ઘડતર માટે કરે છે. | નાણાંકીય હિસાબી પદ્ધતિ એ નફા-ખોટ કે ધંધાની આર્થિક પરિસ્થિતિ દર્શાવે છે. તે બહારની વ્યક્તિઓને નિર્ણય લેવામાં ઉપયોગી નીવડે છે. |
| કાનુની જરૂરિયાત | સંચાલકીય હિસાબી પદ્ધતિ એ મરજિયાત પદ્ધતી છે. તે ફરજિયાત નથી. | દરેક કંપનીમાં ભારતના કંપની ધારા પ્રમાણે નાણાંકીય હિસાબો તૈયાર કરવા ફરજિયાત છે. |
| નમુનો | સંચાલકીય હિસાબી પદ્ધતિમાં માહિતી રજૂ કરવા માટેનું કોઈ ફોર્મ નથી. તે સંચાલકોની જરૂરિયાત પર આધારિત છે. | નાણાંકીય હિસાબો મુજબના જ નાણાંકીય પત્રકો અમુક પ્રમાણિત ફોર્મમાં તૈયાર કરવા પડે છે. દા. ત. પાકું સરવૈયું, નફા-નુકસાન ખાતાનો નમૂનો |
| રકમ | સંચાલકીય હિસાબી પદ્ધતિમાં રકમમાં બહુ ચોકસાઈ રાખવી જરૂરી નથી. તેમાં જરૂરિયાત મુજબ રકમની નોંધ કરવામાં આવે છે. | નાણાકીય હિસાબોમાં રકમો ચોક્કસ રૂપિયા સુધી દર્શાવાય છે. જો કે વાર્ષિક હિસાબોમાં રકમ હજાર રૂપિયા કે લાખ રૂપિયા સુધી રજૂ કરવાની છૂટ છે. |
| અભિગમ | સંચાલકીય હિસાબી પદ્ધતિ ભવિષ્યને નજર સમક્ષ રાખે છે. | નાણાંકીય હિસાબી પદ્ધતિ ઐતિહાસિક બાબતો પર આધારિત છે. |
| રજૂ થતી બાબતો | આ પદ્ધતિમાં નાણાંકીય અને નાણાંમાં રજૂ થઈ ન શકે તેમ બંને બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. | નાણાંકીય હિસાબી પદ્ધતિં માત્ર એવી બાબતો રજૂ કરવામાં આવે છે જે માત્ર નાણાંમાં રજૂ થઈ શકે. |
| આધાર | સંચાલકીય હિસાબી પદ્ધતિનો આધાર નાણાંકીય હિસાબો અને પડતરના હિસાબો બંને પર છે. | નાણાંકીય હિસાબી પદ્ધતિ ધંધાકીય આર્થિક વ્યવહાર પર આધારિત છે. |
| અન્ય શા†ો | સંચાલકીય હિસાબી પદ્ધતિમાં નાણાંકીય હિસાબો ઉપરાંત પડતરના હિસાબો, આંકડાશા†, અર્થશા† જેવાં શા†ોનો ઉપયોગ કરવામાં આવે છે. | નાણાકીય હિસાબી પદ્ધતિમાં પડતરના હિસાબો, આંકડાશા†, અર્થશા† જેવાં શા†ોનો ઉપયોગ કરવામાં આવતો નથી. |

## 1.9 સંચાલકીય હિસાબી પદ્ધતિ અને પડતર હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત

| મુદ્દા | સંચાલકીય હિસાબી પદ્ધતિ | પડતર હિસાબી પદ્ધતિ |
|---|---|---|
| અર્થ | "સંચાલકીય હિસાબી" પદ્ધતિ એટલે સંચાલકોને સહાયભૂત થાય એવી હિસાબી પદ્ધતિ. | "પડતર હિસાબી પદ્ધતિ"{ાં વસ્તુ કે સેવાના એક એકમના ઉત્પાદનની પડતર શોધવામાં આવે છે. જે વસ્તુ કે સેવાની વેચાણ કિંમત નક્કી કરવામાં ઉપયોગી થાય છે. |
| હેતુ | મુખ્ય હેતું સંચાલકોને નિર્ણય ઘડતર માટે માહિતી પૂરી પાડવાનો છે. | પડતર હિસાબી પદ્ધતિમાં હેતુ વસ્તુની પડતર નક્કી કરવાનો છે. તેમજ પડતર અંકુશ એટલે કે પડતર ઘટાડા માટે પણ ઉપયોગી છે. |

| | | |
|---|---|---|
| મુદત | આ હિસાબી પદ્ધતિમાં હિસાબો સંચાલકોની જરૂરિયાત મુજબ રજૂ કરવામાં આવે છે. દા.ત. અઠવાડિયે, દર પખવાડિયે, દર મહીને કે દર ત્રણ મહિને. | પડતર હિસાબી પદ્ધતિનો સમય સામાન્ય રીતે ટૂંકા ગાળા માટે હોય છે. |
| ઉપયોગીતા | સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉપયોગ સંચાલકો ધંધાકીય એકમની નીતિ ઘડવા માટે કરે છે. | પડતર હિસાબો ખરેખર કામગીરીને નિયત કરેલ પ્રમાણો સાથે સરખાવી વિચલન શોધી તે પ્રત્યે સંચાલકોનું ધ્યાન દોરે છે. |
| કાનુની જરૂરિયાત | સંચાલકીય હિસાબી પદ્ધતિ એ મરજિયાત પદ્ધતી છે. તે ફરજિયાત નથી. | કાયદા મુજબ પડતરના હિસાબો રાખવા ફરજિયાત નથી પણ બધી કંપનીઓએ અમુક પ્રકારની કંપનીઓએ પડતરના હિસાબો રાખવા ફરજિયાત છે. |
| અભિગમ | સંચાલકીય હિસાબી પદ્ધતિ ભવિષ્યને નજર સમક્ષ રાખે છે. | પડતર હિસાબી પદ્ધતિમાં હિસાબો ઐતિહાસિક માહિતી પર આધાર રાખે છે. તેનો અભિગમ ભૂતકાળલક્ષી છે. |
| આધાર | સંચાલકીય હિસાબી પદ્ધતિનો આધાર નાણાંકીય હિસાબો અને પડતરના હિસાબો બંને પર છે. | પડતરના હિસાબો સંચાલકીય હિસાબોને આધાર પૂરો પાડે છે. |
| અન્ય શા+ો | સંચાલકીય હિસાબી પદ્ધતિમાં નાણાંકીય હિસાબો ઉપરાંત પડતરના હિસાબો, આંકડાશા+, અર્થશા+ જેવાં શા+ોનો ઉપયોગ કરવામાં આવે છે. | પડતર હિસાબી પદ્ધતિમાં ફક્ત પડતરને લગતી જ માહિતીનો સમાવેશ થાય છે. તેમાં અન્ય સંચાલકીય શા+ો જેવાં શા+ોનો સમાવેશ થતો નથી. |
| દરજ્જો | સંચાલકીય હિસાબનીશ ઉચ્ચ સંચાલકો પૈકીનો એક છે. તેનું સ્થાન પડતર હિસાબનીશના સ્થાન કરતાં ઉંચુ હોય છે. | પડતર હિસાબનીશનું સ્થાન ઉચ્ચ કક્ષાના અધિકારી જેટલું હોતું નથી. |
| ઓજારો અને સાધનો | સંચાલકીય હિસાબી પદ્ધતિમાં પડતરની માહિતી ઉપરાંત રોકડ પ્રવાહ પત્રક, ભંડોળ પ્રવાહ પત્રક, ગુણોત્તર વિશ્લેષણ તથા આંકડાશા+ીય પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. | પડતર હિસાબોમાં ઓજારો તરીકે પ્રમાણ પડતર પદ્ધતિ, બજેટરી અંકુશ, સીમાંત પડતર પદ્ધતિ, સમતૂટ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે. |

## 1.10 સંચાલકીય હિસાબી પદ્ધતિની મર્યાદા :

### (1) નાણાંકીય હિસાબો પર આધારિત

સંચાલકીય હિસાબનીશ પોતાના તમામ કાર્ય બાબતે જરૂરી માહિતી નાણાંકીય હિસાબો અને પડતરનાં હિસાબો પરથી મેળવે છે. સંચાલકીય હિસાબનીશ જે કોઈ અનુમાન તારવે છે તેનો મોટાભાગે આધાર બંને હિસાબી પદ્ધતિ પર રહેલો છે. જો આ હિસાબો તૈયાર કરતી વખતે ધ્યાન પૂરતું આપવામાં ન આવ્યું હોય તો સંચાલકીય હિસાબનીશનો અહેવાલ પણ એટલો જ ખામીભર્યો હશે. તેથી જેટલી ચોકસાઈ નાણાંકીય હિસાબો અને પડતરના હિસાબો તૈયાર કરતી વખતે રાખવામાં આવી હોય તેટલી જ ચોકસાઈ સંચાલકીય હિસાબો તૈયાર કરતી વખતે આવે.

### (2) અન્ય શા+ોના જ્ઞાન પર આધારિત

સંચાલકીય હિસાબી પદ્ધતિએ માત્ર કોઈ એક વિષયની કાર્યપદ્ધતિ પર આધારિત નથી. સંચાલકીય હિસાબી પદ્ધતિ એ અનેક વિષયની કાર્યપદ્ધતિઓ પર આધારિત છે. ખાસ કરીને નાણાંકીય હિસાબી પદ્ધતિ, પડતર હિસાબી પદ્ધતિ, અર્થશા+, આંકડાશા+, વાણિજ્ય સંચાલન વગેરે પર આધારિત છે. જો આ બધાજ વિષયની કાર્યપદ્ધતિઓ વિષે સંચાલકોને પૂરતો ખ્યાલ ન હોય તો સંચાલકીય હિસાબનીશે રજૂ કરેલી માહિતી સુચારુ નિર્ણય કરવા માટે સંચાલકો દ્વારા ઉપયોગ કરવાની સંભાવના ઓછી થાય છે.

નાણાંકીય હિસાબી પદ્ધતિ, પડતર હિસાબી પદ્ધતિ, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વાણિજ્ય સંચાલન વગેરે પર આધારિત છે. જો આ બધાજ વિષયની કાર્યપદ્ધતિઓ વિષે સંચાલકોને પૂરતો ખ્યાલ ન હોય તો સંચાલકીય હિસાબનીશે રજૂ કરેલી માહિતી સુચારુ નિર્ણય કરવા માટે સંચાલકો દ્વારા ઉપયોગ કરવાની સંભાવના ઓછી થાય છે.

## (3) ખર્ચાળ

સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉપયોગ કરવા માટે માત્ર નાણાંકીય હિસાબી પદ્ધતિ, પડતર હિસાબી પદ્ધતિ, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વાણિજ્ય સંચાલનનું જ્ઞાન હોવું જરૂરી નથી, તેના માટે પૂરતા તાલીમ પામેલ અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ અનુભવી અધિકારીઓ અને કર્મચારીઓની જરૂરિયાત રહે છે. તેમજ અનેક પ્રકારના રેકોર્ડ રાખવા પડે છે. આ માટે સંચાલકીય હિસાબી પદ્ધતિ માટે વિશાળ વ્યવસ્થાતંત્ર તૈયાર કરવું પડે છે, જે ખુબજ ખર્ચાળ છે માટે તે માત્ર મોટી કંપની માટે જ પરવડે, નાની પેઢીઓ કે કંપનીઓ માટે તે કદાચ ન પણ પરવડે.

## (4) સફળતાનો આધાર માત્ર સંચાલકો

સંચાલકીય હિસાબી પદ્ધતિએ ધંધાકીય એકમના અગત્યના તમામ પ્રકારના નાના-મોટા નિર્ણય લેવાની પ્રક્રિયામાં મદદરૂપ થવા માટેનું એક સાધન છે. તે કદી સંચાલકનું સ્થાન લઈ શકે નહિ. તે ફક્ત આંકડામાં દર્શાવી શકાય તેવી જ માહિતી રજૂ કરે છે અને સંચાલકોને માત્ર નિર્ણય લેવામાં માર્ગદર્શન પૂરું પાડે છે, કારણ કે છેવટે આખરી નિર્ણય તો સંચાલકોએ જ લેવાના હોય છે. એવું જરૂરી નથી હોતું કે જે માહિતી સંચાલકીય હિસાબી પદ્ધતિ દ્વારા મળેલ છે તે યોગ્ય હોય જ માટે કોઈક વાર સંચાલકો ધંધાના હિતાર્થે સંચાલકીય હિસાબી પદ્ધતિ વિરુદ્ધ જઈને યોગ્ય નિર્ણય લેતા હોય છે.

## (5) સંચાલકીય હિસાબી પદ્ધતિ સામે વિરોધ

સંચાલકીય હિસાબી પદ્ધતિ એ અન્ય પદ્ધતિઓના પ્રમાણમાં એક નવી આધુનિક પદ્ધતિ છે માટે એ પણ યાદ રાખવું જોઈએ કે કોઈ પણ નવી વિકસિત પદ્ધતિ પ્રત્યે લોકોનો વિરોધ પણ રહેવાનો. એક બાબત સત્ય છે કે જ્યારે જ્યારે એક નવી પદ્ધતિનો વિકાસ થાય છે ત્યારે શરૂઆતના સમયે તેનો સખત વિરોધ થયો છે. એક બાબત સાચી છે કે નવા બદલાતા જતાં આધુનિક યુગમાં નવી પદ્ધતિઓ આવકાર્ય હોય છે પરંતુ માનવ સ્વભાવમાં નોંધપાત્ર ફેરફાર આવે તેની શક્યતા ઓછી છે.

## (6) આંકડા સિવાયની માહિતી બિનઉપયોગી

સંચાલકીય હિસાબી પદ્ધતિ સંચાલકોને નિર્ણય લેવા માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે. નાણાંકીય કે પડતર તેમજ અન્ય માહિતી એ ફક્ત આંકડાઓમાં જ રજૂ થઈ શકે છે. જેથી જે માહિતી આંકડા કે નાણાંમાં માપી શકાય નહીં તે અંગે સંચાલકીય હિસાબનીશ સંચાલકોને ઉપયોગી થઈ શકતો નથી. નવી યોજના કેટલી નફાકારક રહેશે તેની ગણતરી રજૂ કરી શકાય છે પરંતુ તે પાછળ અધિકારીઓ અને કર્મચારીઓનો કેટલો જુસ્સો છે તેમજ તેની કેવી અસર તેમના પર થશે તે અંગે જરૂરી બાબતો જાણી શકાતી નથી.

## 1.11 સ્વાધ્યાય

(1) નાણાંકીય હિસાબી પદ્ધતિની મર્યાદા વર્ણવો.

(2) સંચાલકીય હિસાબી પદ્ધતિનો અર્થ, તેના લક્ષણો અને તેનું કાર્યક્ષેત્ર ચર્ચો.

(3) સંચાલકીય હિસાબનીશના કાર્યો, ફરજો અને જવાબદારીઓ ટૂંકમાં જણાવો.

(4) સંચાલકીય હિસાબી પદ્ધતિના સાધનો અને રીતો સમજાવો.

(5) સંચાલકીય હિસાબી પદ્ધતિ અને નાણાંકીય હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત સમજાવો.

(6) સંચાલકીય હિસાબી પદ્ધતિ અને પડતર હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત સમજાવો.

(7) સંચાલકીય હિસાબી પદ્ધતિની મર્યાદા જણાવો.

### બહુ વિકલ્પો પ્રશ્નો (MCQ)

(i) ………… હિસાબી પદ્ધતિ, હિસાબોની નોંધ અને નાણાકીય પત્રકો તૈયાર કરવા સાથે સંબંધ ધરાવે છે.

(અ) નાણાકીય (બ) પડતર (ક) સંચાલકીય (ડ) એક નોંધી

(ii) ………… હિસાબી પદ્ધતિ વસ્તુ કે સેવાના એકમની વેચાણ કિંમત નક્કી કરવામાં મદદરૂપ થાય છે.

(અ) નાણાંકીય (બ) પડતર (ક) સંચાલકીય (ડ) એકનોંધી

(iii) ………… હિસાબી પદ્ધતિ ધંધાના આર્થિક પરિણામનું અને ધંધાની આર્થિક સ્થિતિનું વિશ્લેષણ કરવામાં મદદરૂપ થાય છે.

(અ) નાણાકીય (બ) પડતર (ક) સંચાલકીય (ડ) એકનોંધી

(iv) સંચાલકોને સહાયભૂત થાય તેવી હિસાબી પદ્ધતિ એટલે …..

(અ) નાણાકીય (બ) પડતર (ક) સંચાલકીય (ડ) એક નોંધી

(v) ……… એ સંચાલકીય હિસાબી પદ્ધતિનું સાધન નથી.

(અ) સીમાંત પડતર પદ્ધતિ (બ) ગુણોત્તર વિશ્લેષણ

(ક) સમાન માપના પત્રકો (ડ) કાચું સરવૈયું

(vi) ………… એ કંપનીધારા 2013 મુજબ તૈયાર કરવા જરૂરી

(અ) નાણાકીય પત્રકો (બ) ભંડોળપ્રવાહ પત્રક

(ક) સમાન માપના પત્રકો (ડ) ગુણોત્તર વિશ્લેષણનું પત્રક

(vii) બે માહિતી વચ્ચેનો આંકડાકીય સંબંધ એટલે …………

(અ) મૂલ્ય વૃદ્ધિ (બ) ગુણોત્તર (ક) ભંડોળ (ડ) રોકડ

(viii) ………… Ind As-7 ધોરણ-3 અનુસાર તૈયાર કરવું જરૂરી છે.

(અ) મૂલ્ય વૃદ્ધિનું પત્રક (બ) રોકડ પ્રવાહ પત્રક

(ક) ભંડોળ પ્રવાહ પત્રક (ડ) સમાનમાપના પત્રક

(ix) ............ ને 100 ટકાના પત્રકો તરીકે ઓળખવામાં આવે છે.

(અ) સામાન્ય માપના પત્રકો (બ) તુલનાત્મક પત્રકો

(ક) ભંડોળ પ્રવાહ પત્રક (ડ) રોકડ પ્રવાહ પત્રક

(x) ધંધાની કામગીરીનો લાભ જુદા જુદા પક્ષકારો વચ્ચે કેવી રીતે વહેંચવામાં આવે છે તે ............ દ્વારા જણાવવામાં આવે છે.

(અ) નફો નુકસાન દર્શાવતું પત્રક (બ) રોકડ પ્રવાહ પત્રક

(ક) સમાન માપના પત્રક (ડ) મૂલ્યવૃદ્ધિનું પત્રક

**જવાબ : 12**

(i) (અ) નાણાકીય

(ii) (બ) પડતર

(iii) (ક) સંચાલકીય

(iv) (ક) સંચાલકીય

(v) (ડ) કાચું સરવૈયું

(vi) (અ) નાણાકીય પત્રકો

(vii) (બ) ગુણોત્તર

(viii) (બ) રોકડ પ્રવાહ પત્રક

(ix) (અ) સામાન્ય માપના પત્રકો

(x) (ડ) મૂલ્યવૃદ્ધિનું પત્રક

એકમ 2

# સામાજિક ખર્ચ - લાભ વિશ્લેષણ

-: રૂપરેખા :-

**2.1 પ્રસ્તાવના**

**2.2 અર્થ - ખ્યાલ (સામાજિક ખર્ચ લાભ વિશ્લેષણ)**

**2.3 વિવિધ અભિગમો (સામાજિક ખર્ચ - લાભ વિશ્લેષણ)**

**2.4 સામાજિક જવાબદારીનું કાર્યક્ષેત્ર**

**2.5 સામાજિક ખર્ચ લાભ વિશ્લેષણના માપન નિર્દેશકો**

**2.6 સ્વાધ્યાય**

## 2.1 પ્રસ્તાવના

ધંધાકીય એકમોનો મુખ્ય ધ્યેય વધુમાં વધુ નફો કમાવાનો હોય છે. પરંતુ આ ધ્યેય સાથે વિવિધ જવાબદારીઓ પણ પૂરી કરવી પડે છે. આધુનિક સમયમાં હરિફાઈમાં ટકવા માટે સમાજ પ્રત્યેની જવાબદારી, પર્યાવરણીય જવાબદારી, માનવીય સંપત્તિને મહત્ત્વ વગેરે જેવી જવાબદારી સ્વીકારવી પડે છે. ધંધાકીય એકમો એટલે કે સંચાલકો સમાજ પ્રત્યે સભાન બન્યાં છે. પરિણામે સામાજિક જવાબદારી પૂરી કરવા સંચાલકો વિવિધ પ્રયત્નો (પગલાં) કરે છે અને સમયાંતરે લીધેલા પગલાંના પરિણામો ચકાસે છે. તેમજ પરિવર્તનો દ્વારા અસરકારક પરિણામ મેળવવા પ્રયત્નો કરે છે. સામાજિક ધ્યેયો માપવા માટે નાણાંનો માપદંડ ઉપયોગી નથી. દા.ત. X કંપનીએ તેની આજુબાજુના વિસ્તારના લોકોની તંદુરસ્તીનું ધોરણ ઊંચુ લાવવા કાર્યક્રમ હાથ ધર્યો હતો. આ કાર્યક્રમના પરિણામોને નાણાંના માપદંડથી માપી ન શકાય પરંતુ બીમારીનું પ્રમાણ ઘટે કે મૃત્યુદરનું પ્રમાણ ઘટે તો કાર્યક્રમની અસરકારકતાનો અંદાજ મૂકી શકાય છે. આમ સામાજિક જવાબદારીના ખ્યાલ અંગે સામાજિક ખર્ચ-લાભનું વિશ્લેષણ વધુ મહત્ત્વનું બન્યું છે. ધંધાકીય પેઢી સમાજને કંઈક આપે છે અને સમાજ પાસેથી કંઈક લઈને તેનો ઉપયોગ કરે છે. આમ આ જે આદાન-પ્રદાનની પ્રતિક્રિયા છે. તેને સામાજિક ખર્ચ લાભના ખ્યાલ તરીકે ઓળખી શકાય છે. હકારાત્મક બાબતોને સામાજિક લાભો ગણી શકાય તેમજ નકારાત્મક બાબતોને સામાજિક ખર્ચાઓ તરીકે ઓળખવામાં આવે છે. વર્તમાન સમયમાં દરેક મોટી કંપની સમાજ પાસેથી કેટલાં લાભો થયા તેમજ સમાજ માટે કેટલા ખર્ચા કર્યા તે અંગે સામાજિક જવાબદારીના હિસાબો તૈયાર કરે છે. આ હિસાબોના ખર્ચા-લાભોનું વિશ્લેષણ કરી ભવિષ્યમાં કેવા પરિવર્તનો કરવા તે અંગેના કાર્યક્રમો ઘડીને સામાજિક જવાબદારી અદા કરવાનું પોતાનું ધ્યેય સિદ્ધ કરે છે. કેટલાક કારણોસર સામાજિક ખર્ચ-લાભનો ખ્યાલ જરૂરી બન્યો છે. જે નીચે પ્રમાણે ગણાવી શકાય.

(1) **સામાજિક સભાનતા :** ધંધાકીય એકમ એ સમાજનો જ એક ભાગ છે. સમાજને કારણે તેને કેટલાક લાભો થાય છે. પરિણામે ધંધાની સમાજ પ્રત્યેની જવાબદારી બને છે. દા.ત. સમાજના કલ્યાણમાં ફાળો આપવો. પ્રદૂષણ ધંધાને કારણે ન થાય તેનો ખ્યાલ રાખવો વગેરે.

(2) **પર્યાવરણ પર થતી પ્રતિકૂળ અસરનો સમાજને ખ્યાલ :** ધંધા એકમોને કારણે પર્યાવરણની હવા અને પાણી તેમજ કુદરતી સાધન-સંપત્તિઓને નુકસાન પહોંચાડે છે. તે અંગે હવે

સમાજને ખ્યાલ આવ્યો છે. તેને પરિણામ ધંધાકીય એકમોએ સામાજિક જવાબદારીને લગતાં વિવિધ કાર્યો કરવા પડે છે.

**(3) ધંધાની પ્રતિષ્ઠા વધારવા :** સામાજિક જવાબદારી યોગ્ય રીતે અંદા કરતા એકમની સમાજમાં પ્રતિષ્ઠા વધુ જોવા મળે છે. સમાજને નુકસાન પહોંચાડતાં ધંધાકીય એકમની પ્રતિષ્ઠા સમાજમાં જોવા મળતી નથી તેમજ તે એકમો લાંબો સમય ધંધામાં ટકી શકતાં નથી. આમ સમાજનું કલ્યાણ કરવા ઘણા પગલાં લેવા પડે છે અને સામાજિક જવાબદારીના ખ્યાલને મહત્ત્વ આપવું પડે છે.

## 2.2 અર્થ - ખ્યાલ (સામાજિક ખર્ચ લાભ વિશ્લેષણ)

કંપનીઓ કે ધંધાકીય એકમો પોતાના હિસાબોમાં સમાજને પોતાના દ્વારા થતા લાભ અને પોતાના દ્વારા થતું સમાજને નુકસાન અંગે હિસાબો તૈયાર કરે છે. જેને સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણ તરીકે ઓળખવામાં આવે છે. કર્મચારીઓને અપાતા લાભ-સેવાઓ, સામાજિક ખર્ચાઓ જેવા કે કર્મચારીને પૂરી પાડવામાં આવતી હોસ્પિટલ સગવડ, શિક્ષણ સગવડ, વાહનવ્યવહાર સગવડ વગેરેનો સમાવેશ આ ખર્ચ-લાભ વિશ્લેષણમાં કરવામાં આવે છે.

'કંપની સમાજ પ્રત્યે જે ફાળો આપે છે તેને મિલકત ગણી તેનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે. તેજ પ્રમાણે કંપનીને કારણે સમાજને જે નુકસાન થયું છે. તેને જવાબદારી ગણવામાં આવે છે. આ બાબતોને પાકા સરવૈયા સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. તેને પડતર-લાભ વિશ્લેષણ કે ખર્ચ-લાભ વિશ્લેષણ (Cost - benefit Analysis) કહે છે.

## 2.3 વિવિધ અભિગમો (સામાજિક ખર્ચ - લાભ વિશ્લેષણ)

ધંધાકીય એકમોના સંચાલકો આધુનિક સમયમાં ધંધાની કામગીરીની કાર્યક્ષમતા માટે જ નહિ, પરંતુ સમાજના પ્રશ્નોના ઉકેલ માટે પણ જવાબદાર ગણાય છે. નફાકારકતાનો આંક ખૂબ ઊંચો હોય તે ધંધાના સંચાલકો સફળ ગણાય તે હવે સ્વીકાર્ય નથી. તેમણે સામાજિક જવાબદારી કેટલે અંશે અદા કરી તેનો પણ વિચાર કરવામાં આવે છે ? સામાજિક જવાબદારી સમજવા માટે સામાજિક-ખર્ચ-લાભ વિશ્લેષણના વિવિધ ખ્યાલો સમજવા જરૂરી છે. સામાજિક-ખર્ચ-લાભ વિશ્લેષણ અંગેના મુખ્ય ત્રણ અભિગમ કે ખ્યાલો પ્રચલિત છે જે નીચે પ્રમાણે છે.

(1) કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે ધંધાકીય એકમનું એકમાત્ર ધ્યેય મહત્તમ નફો કમાવવાનું છે. એટલે કે ધંધાના માલિક એવા શેરહોલ્ડરોની સંપત્તિનું મહત્તમીકરણ થાય તે જોવાનું છે. ધંધાકીય એકમ નૈતિકતા અને કાનૂની માળખાની મર્યાદામાં રહીને આ ધ્યેય સિદ્ધ કરવા પ્રયાસ કરે તેમાં જ સમગ્ર સમાજનું હિત સંધાય છે. શ્રી મિલ્ટન ફ્રીડમેને પણ 1962 માં તેમના પુસ્તક 'કેપિટાલિઝમ એન્ડ ફ્રીડમ'માં લખ્યું કે 'ધંધાની ફક્ત એક અને માત્ર એક જ સામાજિક જવાબદારી છે અને તે તેનાં સાધનોનો એ રીતે ઉપયોગ કરવાની કે એવી પ્રવૃત્તિમાં રોકવાની કે જે દ્વારા તેનો નફો વધતો રહે અને જ્યાં સુધી તે રમતના નિયમોની મર્યાદામાં રહે એટલે કે છેતરપીંડિ કે દગો કર્યા સિવાય ખુલ્લી અને મુક્ત હરિફાઈ કરે ત્યાં સુધી.'' આમ આ અભિગમમાં ફક્ત નફાના મહત્તમીકરણ તેમજ સંપત્તિના મહત્તમીકરણને મહત્ત્વ આપવામાં આવે છે.

(2) બીજા અભિગમ પ્રમાણે આવકનું મહત્તમીકરણ કરતાં સાથે સામાજિક ધ્યેયોને પણ નજર સમક્ષ રાખવા. આ અભિગમમાં મહત્ત્વની બાબત તો ધંધા માટે વધુમાં વધુ નફો કમાવાની જ છે. પરંતુ તેમાં ધંધામાં જેને હિત છે એવા અન્ય પક્ષકારો જેવા કે કર્મચારીઓ, ગ્રાહકો, માલ પૂરો પાડતા વેપારીઓ તથા સામાન્ય પ્રજાના હિતને પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

સંચાલકો જે નિર્ણય લે તે એવો સમતોલ હોવો જોઈએ કે જેથી બધા પક્ષકારોનું હિત જળવાય. આ અભિગમ પ્રમાણે ધંધાકીય એકમના હિતો અને સામાજિક હિતો બન્નેને સમાન મહત્ત્વ આપવામાં આવે છે.

(3) આ ત્રીજા અભિગમમાં આવકનું મહત્તમીકરણ એ જ ધંધાનું એકમાત્ર ધ્યેય નથી. આવક તો એક સાધન છે. તે સાધ્ય નથી. ધંધાના સંચાલકોએ તો કર્મચારીઓની વધુ પગાર અને અન્ય લાભો અંગેની માંગણી, ગ્રાહકોની નીચા ભાવો અને વધુ સારી ગુણવત્તા અંગેની માગણી, શેરહોલ્ડરોની વધુ ડિવિડન્ડ અને મૂડી વધારાની માગણી બધાનો સુમેળ સાધવો જોઈએ અને તે પણ સમાજને સ્વીકાર્ય એવા રચનાત્મક માળખામાં એટલે કે જે કોઈ નિર્ણય લેવામાં આવે તેમાં સમાજ તરફની જવાબદારી અદા કરવાની છે. એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. આ રીતે વિચારતાં આ અભિગમ મુજબ વધુમાં વધુ આવક એ ધંધાનું ધ્યેય હોઈ ન શકે. પરંતુ સામાજિક ધ્યેયની સિદ્ધ સાથે સુસંગત એવી ઈષ્ટત્તમ આવકની પ્રાપ્તિ એ ધ્યેય હોવું જોઈએ.

આમ અલગ-અલગ અભિગમ પ્રમાણે સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણના ખ્યાલનું મહત્ત્વ વધુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

## 2.4 સામાજિક જવાબદારીનું કાર્યક્ષેત્ર

ધંધામાં જે પ્રવૃત્તિઓ ચાલે છે. તેની અસર આંતરિક અને બાહ્ય બે પ્રકારની છે : (i) આંતિરક (ii) બાહ્ય. આંતરિક જવાબદારીમાં કર્મચારીની પસંદગી, તાલીમ, બઢતી, વળતર, ઈનામ અને સંચાલનમાં કર્મચારીઓને કિસ્સો જેવી બાબતોનો સમાવેશ થાય છે.

બાહ્ય જવાબદારી બે પ્રકારની હોય છે. એક સામાજિક લાભ અને બીજી સામાજિક ખર્ચ. સામાજિક લાભમાં વધુ રોજગારી, વધુ માલનું ઉત્પાદન, સમાજની જરૂરિયાતો પૂરી પાડવી વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે સામાજિક ખર્ચમાં ધંધાની પ્રવૃત્તિથી થતાં સમાજને નુકસાનનો સમાવેશ થાય છે. બાહ્ય સામાજિક ખર્ચને અંકુશિત કરવા માટે કંપની દ્વારા વિવિધ પગલાં લેવામાં આવે છે. નીચે પ્રમાણે ગણાવી શકાય.

**(1) ચોખ્ખી આવકનો ફાળો (Net Income Constribution) :**

પોતાની સામાજિક જવાબદારી અદા કરવા માટે પણ ધંધાકીય એકમે પૂરતી આવક કમાવી જોઈએ. એટલે કે ચોખ્ખી આવકનો ફાળો અતિ મહત્ત્વની બાબત છે. ચોખ્ખી આવક વધુ મેળવવાનું ધ્યેય અને અન્ય સામાજિક ધ્યેય એકબીજા પર આધારિત છે. દા.ત. જો કામની પરિસ્થિતિ સારી ન હોય તો કામદારો પૂરતા જથ્થામાં સારી ગુણવત્તાના માલનું ઉત્પાદન કરી ન શકે અને તેની અસર આવક પર થાય. જો આવક પૂરતી ન હોય તો જાહેર ફાળો આપી ન શકાય.

**(2) માનવ સંપત્તિનો ફાળો (Human Resource Constribution) :**

ધંધાકીય એકમમાં કામ કરતાં કામદારો, કર્મચારીઓ અને અન્ય અધિકારીઓ પર તેની કામગીરીની જે અસર થાય છે તે આ ફાળામાં પ્રતિબિંબિત થાય છે. આવી પ્રવૃત્તિમાં કર્મચારીઓની ભરતી, તાલીમ, મજૂરી અને પગારના ધોરણો, બદલી, બઢતી, નોકરીની સલામતી વગેરેનો સમાવેશ થાય છે. ધંધાની કામગીરીની અસર તેમાં કામ કરતા માનવીઓ પર કેવી રીતે થાય છે. તે દર્શાવતા હિસાબોની ટેકનિક હજુ વિકસી નથી. માનવસંપત્તિના હિસાબો રજૂ કરવાની શરૂઆત હજુ પ્રાથમિક ધોરણે જ થાય છે.

**(3) જાહેર ફાળો (Public Constribution) :**

ધંધાકીય એકમની કામગીરીની બહારની વ્યક્તિઓ પર કેવી અસર થાય છે. તે આ ફાળો દર્શાવે છે. કોઈપણ ધંધાકીય એકમ પોતાની કામગીરી દ્વારા રોજગારી આપે છે અને નવી રોજગારીની તકો ઊભી કરે છે. આ ઉપરાંત કંપનીઓ સમાજના શિક્ષણક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે અને ધર્માદાક્ષેત્રે ફાળો આપે છે. જાહેર વાહનવ્યવહાર વ્યવસ્થા, સ્વાસ્થ્ય કાર્યક્રમ વગેરે પ્રત્યે ફાળો આપે છે. કરવેરા ભરે છે. જે દ્વારા જાહેર સેવાઓ વિકસે છે.

**(4) વાતાવરણલક્ષી ફાળો (Environmental Constribution) :**

ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન કુદરતી સંપત્તિનો ઉપયોગ થાય, ઉત્પાદન પ્રક્રિયાની કેટલીક અસરો થાય એ ઉત્પાદન વસ્તુની પણ સારી અસર થતી હોય છે. તો બીજી બાજુ તેની પ્રતિકૂળ અસર વાતાવરણ પર થાય છે. જેવી કે હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, ઘોંઘાટ વગેરે ધંધાએ પોતાની સામાજિક જવાબદારી નિભાવવા માટે આ દુષણો દૂર થઈ શકે તેવા પ્રયત્નો કરવા જોઈએ અથવા તેની અસરો ઓછી થાય તેવી ઉત્પાદન પદ્ધતિ અપનાવવી જોઈએ.

**(5) વસ્તુ કે સેવા અંગે ફાળો (Product or Service Constribution) :**

ધંધાકીય એકમો જે માલ કે સેવાનું ઉત્પાદન કરે છે. તેની ગુણવત્તા મહત્ત્વની છે. માલની ગુણવત્તા, ટકાઉપણું, વાપરવામાં સલામતી વગેરે બાબતો તેની જમા બાજુ છે. વળી ગ્રાહકોને સંતોષ આપવો. જાહેરાતમાં સાચી બાબત રજૂ કરવી, પેકિંગ પર સંપૂર્ણ માહિતી સ્પષ્ટ રીતે આપવી વગેરે પર ભાર મૂકવામાં આવે છે.

## 2.5 સામાજિક ખર્ચ લાભ વિશ્લેષણના માપન નિર્દેશકો

સામાજિક સંશોધનકારોએ સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણની રજૂઆત માટે વિવિધ મોડેલો વિકસાવ્યા છે. જે નીચે મુજબ છે.

**(1) એબટનું મોડેલ (Abt's Model) :**

અમેરિકામાં એબટ એસોસિયેટ્સે સામાજિક હિસાબો માટેના સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણ માટે એક મોડેલ વિકસાવ્યું છે. તેમાં કંપનીએ સમાજ પ્રત્યે જે ફાળો આપ્યો છે તેને મિલકતો ગણી તેનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે. તે જ પ્રમાણે કંપનીને કારણે સમાજને જે નુકસાન થયું છે તેને મિલકતો ગણી તેનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે. તે જ પ્રમાણે કંપનીને કારણે સમાજને જે નુકસાન થયું છે તેને જવાબદારી ગણવામાં આવી છે. તેને પાકા સરવૈયા સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. તેને પડતર-લાભ વિશ્લેષણ પણ કહે છે. તે ઉપરાંત તેમાં સામાજિક કામગીરી-પત્રક (Social Operating Statement) પણ રજૂ કરવામાં આવે છે. જે નાણાકીય નફા-નુકસાન ખાતા જેવું છે. તેની ઉધાર બાજુ સામાજિક ખર્ચ (Social Costs) બતાવવામાં આવે છે. તથા જમા બાજુ સામાજિક લાભ (Social Benefits) બતાવવામાં આવે છે. આ બંનેનો તફાવત એ સમાજને કંપની તરફથી થતો ચોખ્ખો લાભ ગણવામાં આવે છે. ભારતમાં કેટલીક કંપનીઓ આ રીતે સામાજિક ખર્ચ લાભ વિશ્લેષણનો ઉપયોગ કરે છે. સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ તેના 1983-84 ના અહેવાલમાં આ રીતે પોતાના સામાજિક ખર્ચ લાભ વિશ્લેષણની રજૂઆત કરી હતી.

(2) સુધારેલ ભારતીય મોડેલ : ભારતમાં પ્રો. પરિવાલ અને શર્માએ એબટ મોડેલમાં સુધારા-વધારા કરી સામાજિક અહેવાલનું માળખું તૈયાર કર્યું છે. જેમાં પાકા સરવૈયા જેવું 'સામાજિક જવાબદારીનું નિવેદન' (Social Responsibility Statement) અને નફા-નુકસાન ખાતા જેવું સામાજિક આવક અને ખર્ચનું પત્રક (Statement of Social Income and Expenditure) રજૂ કરવાની બાબત છે. સામાજિક જવાબદારીના પત્રકમાં સમાજને લાભદાયી પ્રવૃત્તિઓ માટે કરેલ મૂડી ખર્ચ દર્શાવવામાં આવે છે. દા.ત. ગંદા પાણીના શુદ્ધિકરણ માટેનો પ્લાન્ટ, ધૂળ શોષી લેતો પ્લાન્ટ, સમાજ માટે મકાન-વ્યવસ્થા, શાળાના મકાનની વ્યવસ્થા વગેરે. આવક ખર્ચના પત્રકમાં આવા મૂડી-ખર્ચમાંથી વર્ષોવર્ષ થતી આવક દર્શાવવામાં આવે છે તથા આવી સેવા જાળવી રાખવા થતો પુનરાવર્તી ખર્ચ બતાવવામાં આવે છે. તથા અન્ય એવો ખર્ચ બતાવવામાં આવે છે. જે સમાજના કર્મચારીઓના અને અન્ય લાભ માટે હોય.

**(3) સામાજિક આર્થિક કામગીરી પત્રક મોડેલ (Socio-Economic Operating Statement Model) :**

આ મોડેલ પ્રમાણે ધંધાકીય પેઢી સમાજને કંઈક આપે છે અને સમાજ પાસેથી કંઈક લઈને તેનો ઉપયોગ કરે છે. આમ આદાન-પ્રદાનની પ્રતિક્રિયા રજૂ કરતી તેને સામાજિક-આર્થિક કામગીરી પત્રક કહે છે. આ અભિગમમાં કંપની સામાજિક પ્રવૃત્તિની હકારાત્મક અને નકારાત્મક બાજુઓ રજૂ કરે છે. હકારાત્મક બાબતને 'સામાજિક લાભો' કહે છે અને નકારાત્મક બાજુને 'સામાજિક ખર્ચાઓ' કહે છે. આ બંને વચ્ચેના તફાવતને કંપનીનો ચોખ્ખો સામાજિક ફાળો ગણવામાં આવે છે. આ મોડેલમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે.

- સમાજના લાભ માટે કાયદા દ્વારા ફરજિયાત લેવા પડતાં પગલાનો સમાવેશ થતો નથી.
- કાયદા મુજબ સામાજિક પગલા ફરજિયાત હોય છતાં જો તેનું પાલન કંપની દ્વારા ન થાય તો તેને 'સામાજિક ખર્ચ' ગણવામાં આવે છે.
- જે કર્મચારીઓ સામાજિક લાભની પ્રવૃત્તિમાં રોકાયેલા હોય તેમના પ્રમાણસર વેતનનો સમાવેશ સામાજિક લાભમાં થાય છે.
- સમાજ માટે કંપનીએ રોકડમાં કે વસ્તુ સ્વરૂપે આપેલ ફાળો લાભ ગણાય છે.
- સરકારના આદેશ કે કાયદા વગર કંપની કર્મચારીઓ કે સમાજના લાભ માટે કોઈ સવલત ઊભી કરે તો તે સામાજિક લાભ ગણાય.
- તેનો જ ખર્ચ સલામતીની વ્યવસ્થા માટે થાય તો તે લાભ ગણાય.
- વાતાવરણની સુધારણા માટે કરેલ ખર્ચ જેવો કે બગીચા બનાવી તેને નિભાવવાનો ખર્ચ એ 'સામાજિક લાભ' ગણાશે.

આ ઉપરાંત કાયદા દ્વારા સામાજિક ઓડિટ જેવો 1988 નો 'માઓકારો ઓર્ડર' પણ નોંધપાત્ર છે. જેમાં કંપનીએ કેટલે અંશે સામાજિક જવાબદારી પૂરી કરી તેનો અહેવાલ ઓડિટરે આપવાનો હોય છે. આમ સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણ દ્વારા કંપની સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી પૂરી કરે છે. તે દ્વારા વધુ વેચાણ, ગ્રાહકોનો સંતોષ, કર્મચારીના જુસ્સામાં વધારો, ધંધાકીય વિકાસ તેમજ વિવિધ પક્ષકારોમાં વિશ્વાસ પેદા કરી શકે છે. આમ આધુનિક સમયમાં સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણનું મહત્ત્વ વિશેષ જોવા મળે છે.

## 2.6 સ્વાધ્યાય

(1) સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણનો અર્થ આપી તેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(2) સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણના વિવિધ અભિગમોની સમજૂતી આપો.

(3) સામાજિક જવાબદારીઓનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરો.

(4) સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણના માપન માટેના વિવિધ મોડેલની સમજૂતી આપો.

(5) ટૂંક નોંધ લખો :

1. એબટનું મોડેલ
2. ભારતીય મોડેલ
3. સામાજિક-આર્થિક કામગીરી પત્રક

(6) નીચેના પ્રશ્નોના જવાબ આપેલ વિકલ્પમાંથી પસંદ કરીને આપો :

1. ધંધાની આંતરિક સામાજિક જવાબદારી તેના ............ પ્રત્યેની હોય છે.

   (a) કર્મચારીઓ (b) લેણદારો (c) દેવાદારો (d) હરિફો

2. સમાજમાં રોજગારીની તકો વધારવીએ ............ ગણી શકાય.

   (a) સામાજિક ખર્ચ (b) સામાજિક લાભ

   (c) નફો (d) નુકસાન

3. હવાને ધંધાકીય એકમ દ્વારા પ્રદૂષિત કરવું એ ............ ગણી શકાય.

   (a) કાનૂન ભંગ (b) સામાજિક લાભ

   (c) સામાજિક ખર્ચ (d) આમાંથી એક પણ નહિ

4. એબટના મોડેલ પ્રમાણે કંપનીએ સમાજ પ્રત્યે જ ફાળો આપે તેને ............ ગણી તેનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે.

   (a) મિલકતો (b) જવાબદારી

   (c) ધ્યેય (d) આમાંથી એક પણ નહિ

5. કંપનીની સામાજિક પ્રવૃત્તિની નકારાત્મક બાજુને ............ કહે છે.

   (a) સામાજિક ખર્ચા (b) સામાજિક લાભો

   (c) મર્યાદાઓ (d) ફાયદાઓ

6. સામાજિક પ્રવૃત્તિની હકારાત્મક અને નકારાત્મક બાજુના તફાવતને કંપનીનો ............ કહે છે.

   (a) વિચલન (b) ચોખ્ખો સામાજિક ફાળો

   (c) કુલ સામાજિક લાભ (d) નફો

**જવાબ :**

(1) - A (2) - B (3) - C (4) - A (5) - A (6) - B

# એકમ 3 નાણાકીય પત્રકોના વિશ્લેષણનો પરિચય

રૂપરેખા


3.1 નાણાંકીય પત્રકોનો અર્થ, લક્ષણો, સ્વરૂપ, મર્યાદાઓ

3.2 નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ

3.3 નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ અને તેની પદ્ધતિઓ

3.4 તુલનાત્મક નાણાંકીય પત્રકો

3.5 વલણ દર્શાવતી ટકાવારીઓ

3.6 સામાન્ય માપનાં પત્રકો

3.7 કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક

3.8 ભંડોળ પ્રવાહ પત્રક

3.9 રોકડ પ્રવાહ પત્રક

3.10 ગુણોત્તર વિષ્લેષણ

3.11 મૂલ્યવૃદ્ધિનું પત્રક

3.12 સ્વાધ્યાય


## 3.1 નાણાંકીય પત્રકોનો અર્થ, લક્ષણો, સ્વરૂપ, મર્યાદાઓ

### નાણાંકીય પત્રકોનો અર્થ :

કંપનીની કામગીરીમાં અનેક પક્ષકારોના હિત સંકળાયેલા છે જેવા કે સંચાલકો, શેરહોલ્ડરો, ડિબેન્ચર હોલ્ડરો, લેણદારો, કર્મચારીઓ, ભાવી રોકાણકારો, સરકાર વગેરે. આ તમામ પક્ષકારોને વર્ષ દરમિયાનના કંપનીનું પરિણામ અને કંપનીની આર્થિક સ્થિતિ કેવી છે તે જાણવામાં રસ હોય છે. આ માટે કંપનીના સંચાલકોએ નાણાંકીય પત્રકો તૈયાર કરી પ્રગટ કરવા પડે છે અને તેના જ આધારે દરેક હિત ધરાવનાર પક્ષકાર પોતાની જરૂરી માહિતી મેળવી શકે છે. હિસાબી વર્ષના અંતે જ હિસાબી પત્રકો તૈયાર કરવા પડે છે તેને નાણાંકીય પત્રકો કહેવામાં આવે છે. આ પત્રકો એટલે નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું. તદ્ઉપરાંત રોકડ પ્રવાહ પત્રક, મૂલ્ય વૃદ્ધિ પત્રકનો પણ સમાવેશ થાય છે.

પાકું સરવેયું એ અમુક ચોક્કસ દિવસે ધંધાની આર્થિક સ્થિતિ દર્શાવે છે. તેમાં અમુક તારીખે કંપની પાસે મિલકતો, દેવા તેમજ મૂડી કેટલી છે તેની માહિતી મળી રહે છે. પાકા સરવૈયા પરથી ધંધાની મિલકતો માટે નાણાં ક્યાંથી મેળવવામાં આવ્યા હતા તે માહિતી પ્રાપ્ત થાય

છે. એટલે કે પોતાની નાણાંકીય બચત કેટલે અંશે યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય છે તેની માહિતી શેરહોલ્ડરોને તેમજ લેણદારોને ધંધાની સધ્ધરતાનો ખ્યાલ મળી રહે છે.

નફા-નુકસાન ખાતાનું પત્રક અમુક ચોક્કસ સમય દરમિયાનના ધંધાનો નફો કે ખોટ દર્શાવે છે. આ પત્રક પરથી પાછલા વર્ષની સરખામણીમાં ધંધાના માલિકો એટલે કે શેરહોલ્ડરોને મળતા નફા ભાગમાં કેટલો ફરફાર થયો તે જાણી શકીયે છીએ.

"નાણાંકીય પત્રકો એટલે એવા પત્રકો જેના દ્વારા એકમની નાણાંકીય પરિસ્થિતિના વિવિધ પાસાંઓના પરિણામે મેળવી શકાય."

"નાણાંકીય પત્રકો એટલે એવો અહેવાલ જે ધંધાકીય એકમની વિગતવા માહિતી (નાણાંકીય પરિસ્થિતિ) દર્શાવે છે."

**નાણાંકીય પત્રકોના લક્ષણો :**

નાણાંકીય પત્રકોના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે.

## (1) મુખ્ય બે પત્રકો

નાણાંકીય પત્રકોની ચર્ચા કરીએ એટલે તેમાં બે મુખ્ય પત્રકોનો સમાવેશ થાય. એક નફા-નુકસાન ખાતાનું પત્રક અને બીજું પાકું સરવૈયું. નફા-નુકસાન ખાતાનું પત્રક જે વર્ષ દરમિયાન ધંધાના નફા કે ખોટની શું પરિસ્થિતિ છે એટલે કે ધંધાનું પરિણામ દર્શાવે છે. આ ઉપરાંત રોકડ પ્રવાહ પત્રકનો પણ નાણાંકીય પત્રકોમાં સમાવેશ થાય છે. જ્યારે પાકું સરવૈયું એ ધંધાની આર્થિક પરિસ્થિતિ દર્શાવે છે.

## (2) નોંધાયેલ હકીકતોને આધારે

નાણાંકીય પત્રકો માત્ર ને માત્ર નોંધેલ હકીકતોને આધારે જ તૈયાર થાય છે. ધંધામાં જે રોજેરોજ વ્યવહારો હિસાબી ચોપડે નોંધાય છે તેના આધારે જ વર્ષને અંતે નાણાંકીય પત્રકો તૈયાર થાય છે. તેથી જે ધંધાકીય વ્યવહારો નાણાંમાં નોંધાય છે તેની જ નોંધ નાણાંકીય પત્રકોમાં થાય છે.

## (3) પાછલા અને ચાલુ વર્ષની સરખામણી માટે

કંપનીના પાછલા વર્ષના આંકડાઓને ચાલુ વર્ષના આંકડાઓ સાથે સરખાવી તેમજ અન્ય કંપનીના આંકડાઓ સાથે સરખાવવામાં આવે છે. નાણાંકીય પત્રકો ઘણીવાર અસામાન્ય સંજોગોને કારણે તૈયાર થતાં હોય છે. માટે જ નાણાંકીય પત્રકોની સાચી પરિસ્થિતિ પાછલા અને ચાલુ વર્ષની સરખામણી દ્વારા જાણી શકાય છે. તેના આધારે જ્યાં સુધારાની જરૂર જણાય તે દિશામાં પગલા લઈ શકાય છે. આમ, સરખામણીને આધારે અમુક નીતિનું પરિણામ ધાર્યા મુજબનું છે કે નહિ તેનો ખ્યાલ આવે છે.

## (4) કાયદા પ્રમાણે

દરેક ધંધાકીય એકમ માટે અલગ કાયદો છે. તેમનાં નાણાંકીય પત્રકો તેમના કાયદાની જોગવાઈ અને ફોર્મ અનુસાર તૈયાર કરવામાં આવે છે. જેમકે કંપનીના હિસાબો કંપની ધારા, 2013 પ્રમાણે તૈયાર કરવામાં આવે છે.

## (5) યોગ્ય ચોકસાઈ

નાણાંકીય પત્રકોમાં અમુક બાબતો એવી છે કે જેમાં બધી જ રીતે ચોકસાઈ શક્ય નથી, તેનું એક કારણ એ છે કે અમુક બાબતો માટે અંદાજ મુકવો પડે છે. જેમ કે ઘાલખાધ અનામત

ઘસારાની પદ્ધતિ અને તેનો દર વગેરે. કેટલીક જવાબદારીઓ ચોક્કસ હોવાં છતાં તેની ચોક્કસ રકમ બતાવાતી નથી. જેમ કે કર્મચારીઓને છુટા થતી વખતે ચુકવાતી ગ્રેજ્યુઈટી.

### (6) વિવિધ ઉદ્દેશો માટે

નાણાંકીય પત્રકો માત્ર કોઈ એક હેતુ કે ઉદ્દેશથી તૈયાર કરવામાં આવતા નથી. તે તૈયાર કરવા પાછળ વિવિધ ઉદ્દેશો હોય છે. તેથી દરેક ઉદ્દેશ માટેનો નફો પણ જુદો જુદો હોય છે. જેમ કે કંપની ધારા પ્રમાણે નફા-નુકસાન ખાતાનો નફો, ઈન્કમટેક્ષના હેતુઓ માટેનો નફો, સંચાલકીય મહેનતાણા માટેનો નફો જુદો જુદો હોય છે.

### (7) સ્પષ્ટ રજૂઆત

નાણાકીય પત્રકો જે વાચકો માટે રજૂ કરવામાં આવે છે તે સ્પષ્ટ રીતે સમજી શકે તેવા હોવા જોઈએ. તેમાં જે ખરેખર માહિતીની જરૂર છે તેટલી જ માહિતી દર્શાવવી જોઈએ. અમુક વિગતોની સંપૂર્ણ માહિતી દર્શાવતા અલગ પત્રકો સાથે બિડાણ કરી પત્રકો સ્પષ્ટ સમજી શકાય તેવું રાખવું જોઈએ.

### (8) વ્યક્તિગત અભિપ્રાય

નાણાંકીય પત્રકો એ હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓને આધારે તો તૈયાર કરવામાં આવે જ છે પણ આ ઉપરાંત વ્યક્તિગત અભિપ્રાય મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્ટોકનું મૂલ્યાંકનની પદ્ધતિ, ઘસારાની પદ્ધતિ તેમજ તેનો દર, ઘાલખાધ અનામતનો દર વગેરે એ હિસાબનીશની અંગત સૂઝ અને અનુભવ તેમજ અભિપ્રાય મુજબ નક્કી થાય છે.

### (9) હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ

નાણાંકીય પત્રકો એ હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓને આધારે તૈયાર કરવામાં આવે છે. જેથી કરીને ચાલુ વર્ષના પત્રકોને પાછલા વર્ષો સાથે તેમજ અન્ય ધંધાકીય એકમ સાથે સરખાવી શકાય છે.

## નાણાંકીય પત્રકોનું સ્વરૂપ :

નાણાંકીય પત્રકોમાં પાકું સરવૈયું અને નફા-નુકશાન ખાતાનું પત્રક એમ મુખ્ય આ બે પત્રકોનો સમાવેશ થાય છે. તેમાં નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

**(અ) નોંધેલી હકીકતો**

**(બ) હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ**

**(ક) વ્યક્તિગત અભિપ્રાય**

જે નીચે મુજબ છે.

### (અ) નોંધેલી હકીકતો

નાણાંકીય પત્રકોમાં જે વિગતોનો સમાવેશ થાય છે તે હિસાબી ચોપડામાં નોંધાયેલી વિગતોને આધારે તૈયાર કરવામાં આવે છે. નફા-નુકસાન ખાતાનાં પત્રકમાં વેચાણ, ખરીદી, મજુરી, ઓફિસ ખર્ચ, નાણાંકીય ખર્ચ, વેચાણ-વિતરણ ખર્ચ વગેરે તથા આવકો તેમજ પાકા સરવૈયામાં દર્શાવતી મિલકતો અને દેવાની રકમો હિસાબી ચોપડામાં નોંધાયેલ નોંધો પરથી કરવામાં આવે છે. આ બાબત પરથી સાબિત થાય છે કે નાણાંકીય પત્રકોમાં દર્શાવેલ બાબતો હિસાબી ચોપડે કરેલી નોંધો પરથી કરવામાં આવે છે. તે સિવાયની બીજી કોઈ બાબતો પરથી તૈયાર કરવામાં આવતા નથી. ઘણી વખત અમુક બાબતો જે નાણાંમાં નોંધાતા નથી પરંતુ તે

કંપનીની નફાકારકતા અને આર્થિક પરિસ્થિતિને નોંધપાત્ર અસર કરે છે. હવે ઘણી કંપનીઓ પોતાના હિસાબોમાં એવી પણ વિગતો બતાવે છે કે જે ધંધાની આર્થિક સ્થિતિ જાણવા ઉપયોગી છે છતાં હિસાબી ચોપડે નોંધતા નથી.

### (બ) હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ

નાણાંકીય પત્રકો એ હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓને આધારે જ તૈયાર કરવામાં આવે છે. જેમ કે પડતરના સિદ્ધાંતને આધારે કાયમી મિલકતો પાકા સરવૈયામાં તેની પડતર કિંમતે બતાવવામાં આવે છે. સ્ટોકની કિંમત મૂળ કિંમત અને બજાર કિંમત બેમાંથી જે ઓછી હોય તે કિંમત ગણાય છે તેમજ ઘાલખાધ અનામત, સ્ટોક મૂલ્યાંકનની પદ્ધતિ તેમજ ઘસારાની પદ્ધતિ વગેરે રૂઢિચુસ્તતાના સિદ્ધાંત આધારિત નોંધાય છે. હિસાબી મુદતની પ્રણાલિકા મુજબ દર વર્ષે નાણાંકીય પત્રકો તૈયાર થાય છે એને તેને જ આધારે આવક અને ખર્ચની નોંધ કરવામાં આવે છે.

### (ડ) વ્યકતિગત અભિપ્રાય

નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે એવું જરૂરી હોતું નથી કે તે માત્ર હિસાબી સિધ્ધાંતો અને પ્રણાલિકાઓ મુજબ જ નોંધાય. ઘણી એવી બાબતો છે જેમાં હિસાબનીશ અને સંચાલકો બંનેનો વ્યક્તિગત અભિપ્રાયને આધારે નોંધા થાય છે. જેમાં ઘસારો કઈ પદ્ધતિએ ગણવો તેના માટે કોઈ અલગથી સિદ્ધાંત કે પ્રણાલિકા છે નહિ. તેથી હિસાબનીશ અને સંચાલકો પોતાની મરજી પ્રમાણે સીધી લીટીની પદ્ધતિ કે ઘટતી જતી બાકીની પદ્ધતિનો ઉપયોગ કરીને ઘસારો ગણે છે. આમાંથી કોઈ એક પદ્ધતિ ઘણાં વર્ષો સુધી અપનાવવામાં આવે છે તેમજ કોઈક વર્ષે અચાનક ધંધાની પોલીસી બદલીને પદ્ધતિમાં બદલાવ પણ લાવી શકે છે. એક બાબત નક્કી છે કે ઇન્કમટેક્ષ કાયદામાં અને કંપનીધારામાં જુદી જુદી મિલકતો પર ઘસારાના દર આપેલ છે છતાં પણ હિસાબનીશને ઘસારાની પદ્ધતિ અને દર બાબતે છુટછાટ આપેલ છે. તેજ પ્રમાણે આખર સ્ટોકના મૂલ્યાંકન બાબતે તેમજ ઘાલખાધ અનામતની બાબતે તેમજ જુદી જુદી અવાસ્તવિક મિલકતો અને અદૃશ્ય મિલકતો માંડી વાળવા બાબતે હિસાબનીશ અને સંચાલકોનો અંગત અભિપ્રાય મહત્ત્વનો ભાગ ભજવે છે.

## નાણાંકીય પત્રકોની મર્યાદાઓ

નાણાંકીય પત્રકોની મર્યાદાઓ નીચે મુજબ છે.

### (1) ઓછી ચોકસાઈ

નાણાંકીય પત્રકો તૈયાર કરતી વખતે ઝીણવટભરી ચોકસાઈ જરૂરી છે પણ તે હંમેશાં શક્ય હોતું નથી કારણ કે પત્રકોમાં એવી વિગતો રજૂ કરવામાં આવે છે જે ચોક્કસ રીતે માપી શકાતી નથી. નાણાંકીય પત્રકોમાં જે અમુક નોંધો નોંધવામાં આવે છે કે વિગતો રજૂ કરવામાં આવે છે તે અનુભવી હિસાબનીશ અને સંચાલકોના મત પ્રમાણે નક્કી કરવામાં આવે છે તેથી બધી જ બાબતે ચોકસાઈ રાખવી એ બનતું નથી.

### (2) અમુક પરિબળોની અવગણના

નાણાંકીય પત્રકો એ ધંધાનું સાચું પરિણામ અને સાચી આર્થિક પરિસ્થિતિ રજૂ કરે છે પણ અમુક બાહ્ય પરિબળો જે કંપનીની આર્થિક સ્થિતિ અને પરિણામને અસર કરે છે તે ધ્યાનમાં લેવામાં આવતા નથી, જેવા કે સંચાલકોની કાર્યક્ષમતા. આ એક એવું પરિબળ છે જે ધંધાની

નફાકારકતા તેમજ આર્થિક પરિસ્થિતિ બંનેને નોંધપાત્ર અસર કરે છે. પરંતુ નાણાંકીય પત્રકોમાં તેની અસર જોવા મળતી નથી.

### (3) મિલકતોની સાચી કિંમત નહિ

નાણાંકીય પત્રકો તૈયાર કરતી વખતે પાકા સરવૈયામાં જે મિલકતો દર્શાવવામાં આવે છે તેના પર હિસાબનીશ અને સંચાલકોના મત અનુસાર ઘસારાની ગણતરી કરવામાં આવે છે. તેથી પાકું સરવૈયું ધંધાની સાચી કિંમત રજૂ કરતું નથી. ખાસ કરીને ફુગાવાના સમયમાં કાયમી મિલકતો પડતર કિંમતે બતાવવાથી પાકું સરવૈયું ધંધાની સાચી પરિસ્થિતિ બતાવી શકતું નથી કારણ કે ફુગાવાના સમયે ભાવ વધારાને કારણે મિલકતોની વર્તમાન કિંમત અનેક ગણી વધુ હોય છે. તેમજ જૂની પડતરને આધારે ગણેલો ઘસારો પણ ખુબ જ ઓછો હોય છે, પરિણામે નફા-નુકસાન ખાતાનું પત્રક યોગ્ય નફાકારકતા દર્શાવતું નથી.

### (4) અયોગ્ય નફાનું પ્રમાણ

નફા-નુકસાન ખાતાનાં પત્રકમાં જે નફાનું ધોરણ રજૂ કરવામાં આવે છે તે સાપેક્ષ જ ગણી શકાય. બીજી કંપનીઓમાં એ જ પ્રકારના વ્યવહારો હોવા છતાં નફાનો આંકડો અલગ હોઈ શકે કારણ કે દરેક ધંધાકીય એકમ પોતાની રીતે નક્કી કરેલી રૂઢિ અનુસાર જુદી જુદી જોગવાઈઓ કરતું હોય છે તેથી દરેક ધંધામાં નફાનું પ્રમાણ અલગ આવી શકે.

### (5) વ્યક્તિગત અભિપ્રાય

નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે એવું જરૂર હોતું નથી કે તે માત્ર હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ મુજબ જ નોંધાય. ઘણી એવી બાબતો છે જેની હિસાબનીશ અને સંચાલકો બંનેના વ્યક્તિગત અભિપ્રાયને આધારે નોંધ થાય છે. જેમાં ઘસારો કઈ પદ્ધતિને ગણવો તેના માટે કોઈ અલગથી સિદ્ધાંતો કે પ્રણાલિકા છે નહિ, તેથી હિસાબનીશ અને સંચાલકો પોતાની મરજી પ્રમાણે સીધી લીટીની પદ્ધતિ કે ઘટતી જતી બાકીની પદ્ધતિનો ઉપયોગ કરીને ઘસારો ગણે છે. આમાંથી કોઈ એક પદ્ધતિ ઘણાં વર્ષો સુધી અપનાવવામાં આવે છે તેમ જ કોઈક વર્ષે અચાનક ધંધાની પોલીસી બદલીને પદ્ધતિમાં બદલાવ પણ લાવી શકે છે. એક બાબત નક્કી છે કે ઈન્કમટેક્ષ કાયદામાં અને કંપનીધારામાં જુદી જુદી મિલકતો પર ઘસારાના દર આપેલા છે છતાં પણ હિસાબનીશને ઘસારાની પદ્ધતિ અને દર બાબતે છૂટછાટ આપેલ છે. તેજ પ્રમાણે આખર સ્ટોકના મૂલ્યાંકન બાબતે તેમજ ઘાલખાધ અનામતની બાબતે તેમજ જુદી જુદી અવાસ્તવિક મિલકતો અને અદશ્ય મિલકતો માંડી વાળવા બાબતે હિસાબનીશ અને સંચાલકોનો અંગત અભિપ્રાય મહત્ત્વનો ભાગ ભજવે છે.

### (6) તમામ પક્ષકારોની જરૂરિયાત સંતોષાતી નથી

નાણાંકીય પત્રકો એકમ સાથે સંકળાયેલ તમામ પક્ષકારોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. નાણાંકીય પત્રકો કંપનીધારાની જોગવાઈનું પાલન કરી તૈયાર કરવામાં આવે છે. તેમજ હિસાબનીશ અને સંચાલકોની સુઝ, રૂઢિ, સમજ તેમજ અનુભવને આધારે તૈયાર કરવામાં આવે છે. તેથી નાણાંકીય પત્રકો એ બધા પક્ષકારોની જરૂરિયાત સંતોષી શકતા નથી.

## 3.2 નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ

નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ નીચે મુજબ છે.

(1) કંપનીધારાની જોગવાઈઓનું પાલન કરવા માટે

(2) આવકવેરાના હેતુઓ માટે

(3) મૂડી નિયમન અને રોકાણ નિયમન માટે

(4) સંચાલકોને ભાવિનીતિ ઘડવામાં મદદરૂપ થવા માટે

(5) ધંધા સાથે સંકળાયેલ તમામ પક્ષકારોને ઉપયોગી માહિતી આપવા માટે

(6) નાણાંકીય પત્રકોને આધારે તમામ જરૂરી માહિતી પુરી પાડવા માટે

(7) ધંધાકીય એકમનો નફો કે નુકસાન જાણવા માટે

(8) ધંધાકીય એકમની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે

(9) ધંધાકીય એકમની રોકડ પ્રવાહની સ્થિતિ જાણવા માટે

## 3.3 નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ અને તેની પદ્ધતિઓ

નાણાંકીય પત્રકો એ સીધે સીધા હિત ધરાવનાર પક્ષકારને ઉપયોગી થતાં હોતાં નથી. નાણાંકીય પત્રકો તૈયાર થયા પછી સૌ પ્રથમ તેનું અર્થઘટન કરવામાં આવે છે. ત્યારબાદ જ નાણાંકીય પત્રકો દરેક હિત ધરાવનારને ઉપયોગી થાય છે. નાણાંકીય પત્રકો તૈયાર થયા પછી તેમને પુનઃગોઠવણી કરીને તેમની તુલના થઈ શકે તે સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે તેને નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કહેવામાં આવે છે.

આવું વિશ્લેષણ અનેક હેતુઓ માટે કરવામાં આવે છે, જેમ કે :

(1) શેરહોલ્ડરો એટલે ધંધાના સાચા માલિકો. તેમને ખ્યાલ આવે છે કે પોતાની મૂડી કેટલી કાર્યક્ષમતાથી ધંધામાં વપરાઈ રહી છે. ધંધાની નફાકારકતા અને આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

(2) સંચાલકો એટલે ધંધાને ચલાવનાર વ્યક્તિઓ, ધંધાના સંચાલકોને અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉપયોગી થઈ શકે તે માટે નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી છે.

(3) બેંકમાંથી લોન લેવા બાબતે પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી છે. કોઈ પણ બેંક લોન આપતાં પહેલાં નાણાંકીય પત્રકોનું વિશ્લેષણનો આગ્રહ રાખે છે. ખાસ કરીને ધંધાની પ્રવાહી પરિસ્થિતિ જાણવા ગુણોત્તર વિશ્લેષણ પદ્ધતિ જરૂરી છે. તેમજ લોન આપતાં પહેલાં ધંધાની નફાકારકતા અને આર્થિક સદ્ધરતાનો ખ્યાલ જાણવામાં રસ હોય છે. માટે પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી બને છે.

(4) સરકારી કરવેરાની ગણતરી કરતી વખતે પણ મોટાભાગની કંપનીઓ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરે છે.

(5) કર્મચારીઓ તેમના પગાર તેમજ બોનસના વધારાની માંગણીના સ્વીકાર અંગેના પ્રશ્નો માટે પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી બને છે.

આમ, નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ અનેક હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ માટે નીચેની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

- તુલતાત્મક નણાંકીય પત્રકો
- વલણ દર્શાવતી ટકાવારીઓ
- સામાન્ય માપના પત્રકો
- કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક

- ભંડોળ પ્રવાહ પત્રક
- રોકડ પ્રવાહ પત્રક
- ગુણોત્તર વિશ્લેષણ
- મૂલ્યવૃદ્ધિનું પત્રક

## 3.4 તુલનાત્મક નાણાંકીય પત્રકો

તુલનાત્મક નાણાંકીય પત્રકોમાં નફા-નુકસાન ખાતાનું પત્રક અને પાકા સરવૈયાનું પત્રક એમ બે પત્રકોનો સમાવેશ થાય છે. જ્યારે બે જુદા જુદા સમયનાં નાણાંકીય પત્રકો રજૂ કરવામાં આવે છે ત્યારે તેના પરથી કોઈ ખાસ અર્થઘટન મેળવી શકાતું નથી. પણ તે જ જુદા જુદા સમયના નાણાંકીય પત્રકોને એકસાથે તુલનાત્મક રીતે રજૂ કરવામાં આવે છે ત્યારે તેના પરથી ધંધામાં થઈ રહેલા ફેરફારનાં વલણ જાણી શકાય છે. આ રીતે આંકડાઓની રજૂઆત કરી નફા કે નુકસાન તેમજ આર્થિક સ્થિતિનું વલણ જાણવાની પદ્ધતિને નાણાંકીય પત્રકોનું તુલનાત્મક વિશ્લેષણ કહેવામાં આવે છે.

જ્યારે કોઈ એક જ વર્ષના નાણાંકીય પત્રકોને આધારે ધંધાકીય બાબતોનું અર્થઘટન થઈ શકતું નથી. જો એક જ વર્ષના નાણાંકીય પત્રકો દ્વારા તેનું અર્થઘટન કરવામાં આવે તો નીચેની ખામીઓ શક્ય બને છે.

(1) ધંધાના પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે જુદા જુદા ખર્ચ અને ઉપજની શી પરિસ્થિતિ છે તેનો ખ્યાલ આવી શકતો નથી.

(2) ધંધાના પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે નાણાંકીય પરિસ્થિતિમાં કેટલો સુધારો થયો તે અંગેની માહિતી જાણી શકાતી નથી.

(3) ધંધાના પરિણામ કે આર્થિક પરિસ્થિતિનું વલણ જાણવું હોય તો પણ એક વર્ષની માહિતી પરથી જાણી શકતા નથી.

માટે કોઈ પણ ધંધાના પરિણામ કે આર્થિક પરિસ્થિતિથી પરીચિત થવું હોય તો ઓછામાં ઓછા બે કે તેથી વધુ વર્ષોના આંકડાઓની માહિતીને આધારે જ સાચું અર્થઘટન કરી શકો છો. તેથી તુલનાત્મક નાણાંકીય વિશ્લેષણને આધારે નફાનુકસાન ખાતામાં જુદા જુદા ખર્ચા અને ઉપજો પાછલા વર્ષની સરખામણીએ કેટલો વધારો કે ઘટાડો થયો છે તે આ પદ્ધતિ દવારા દર્શાવવામાં આવે છે. ને તે જ રીતે પાકા સરવૈયામાં દર્શાવેલી જુદી જુદી મિલકતો અને દેવા તુલાત્મક રીતે રજૂ કરી તેમાં કેવા અને કેટલા ફેરફારો થયા તેનો ખ્યાલ આવે છે તેમજ અન્ય પેઢીઓના સાથે આંકડા સરખાવીને પણ કંપનીની નાણાંકીય પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે છે.

## (અ) તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક

નફા-નુકસાન પત્રકની જુદી જુદી વિગતોનો તુલનાત્મક ખ્યાલ આવી શકે તે માટે ત્રણથી પાંચ વર્ષના આવક અને ખર્ચ અંગેના આંકડાઓ સાથે રજૂ કરવામાં આવે છે. તુલના કરવા માટે પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે કેટલો વધારો કે ઘટાડો થયો તેમજ ટકાવારીના આંકડાથી રજૂ કરી શકાય છે. જ્યારે તુલનાત્મક પત્રકોનું અર્થઘટન કરવામાં આવે છે ત્યારે આવક અ™ખર્ચામાં થયેલ ફેરફાર એકસાથે ધ્યાનમાં લેવામાં આવે છે.

નફા-નુકસાન ખાતાનાં તુલનાત્મક પત્રક અંગેની સમજૂતી નીચે મુજબ છે :

| | વિગત<br>1 | નોંધ નંબર<br>2 | પાછલું વર્ષ (રૂ.માં)<br>3 | ચાલુ વર્ષ (રૂ.માં)<br>4 | વધારો/ ઘટાડો (રૂ.માં)<br>5 (4-3) | વધારો/ ઘટાડો (% માં)<br>$6 = \frac{5}{3} \times 100$ |
|---|---|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંની આવક | | | | | |
| 2. | અન્ય આવક | | | | | |
| 3. | કુલ ઉપજ (1 + 2) | | | | | |
| 4. | ખર્ચાઓ | | | | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | | | | |
| | વેપારી માલ સ્ટોકની ખરીદી | | | | | |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | | | | |
| | મજુર કલ્યાણ ખર્ચા | | | | | |
| | નાણાંકીય ખર્ચા | | | | | |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | | | | |
| | કુલ ખર્ચાઓ | | | | | |
| 5. | અસાધારણ અને વિશિષ્ટ પ્રકારની રકમો તથા કરવેરા અગઉનો નફો (3-4) | | | | | |
| 6. | અસાધારણ આઈટમો | | | | | |
| 7. | વિશિષ્ટ પ્રકારની રકમો તથા કરવેરા અગાઉનો નફો (4-5) | | | | | |
| 8. | વિશિષ્ટ પ્રકારની રકમો | | | | | |
| 9. | કરવેરા અગાઉનો નફો (7-8) | | | | | |
| 10. | કરવેરા | | | | | |
| 11. | નફો નુકસાન (ધંધાની સતત પ્રવૃત્તિમાંથી) (9-10) | | | | | |
| 12. | નફો નુકસાન (ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિમાંથી) | | | | | |
| 13. | ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિનો કરવેરા ખર્ચ | | | | | |
| 14. | નફો-નુકસાન (ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિ પરનો કરવેરા પછીનો) (12-13) | | | | | |
| 15. | સમયગાળા દરમ્યાનનું નફા-નુકસાન (11+14) | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16. | શેરદીઠ કમાણી | | | | | |
| | (1) બેઝિક | | | | | |
| | (2) ડાયલ્યુટેડ | | | | | |

નફા-નુકસાન ખાતાંના તુલનાત્મક પત્રક અંગેની સમજૂતી અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| | વિગત | નોંધ નંબર | પાછલું વર્ષ (રૂ.માં) | ચાલુ વર્ષ (રૂ. માં) |
|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | 1 | 8,00,000 | 12,00,000 |
| 2. | અન્ય આવકો | 2 | 2,00,000 | 3,00,000 |
| 3. | **કુલ ઉપજ (1 +2)** | | 10,00,000 | 15,00,000 |
| 4. | **ખર્ચાઓ** | 3 | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 |
| | વેપારી માલ-સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 |
| | મજુર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 |
| | નાણાંકીય ખર્ચા | | 70,000 | 52,500 |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 |
| | અન્ય ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 |
| 5. | કરવેરા અગાઉનો નફો (3-4) | | 1,70,000 | 5,02,500 |
| 6. | કરવેરા | | 85,000 | 2,51,250 |
| 7. | નફો-નુકસાન (5-6) | | 85,000 | 2,51,250 |

સમજુતી : (વધારા/ઘટાડા સ્વરૂપે-રૂ. માં/%માં)

| | વિગત 1 | નોંધ નંબર 2 | પાછલું વર્ષ (રૂ.માં) 3 | ચાલુ વર્ષ (રૂ.માં) 4 | વધારો/ ઘટાડો (રૂ.માં) 5=(4-3) | વધારો/ ઘટાડો (% માં) $6 = \frac{5}{3} \times 100$ |
|---|---|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંની આવક | 1 | 8,00,000 | 12,00,000 | 4,00,000 | 50 |
| 2. | અન્ય આવકો | 2 | 2,00,000 | 3,00,000 | 1,00,000 | 50 |
| 3. | કુલ ઉપજ (1 +2) | | 10,00,000 | 15,00,000 | 5,00,000 | 50 |
| 4. | ખર્ચાઓ | 3 | | | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 | 1,50,000 | 33.33 |
| | વેપારી માલ સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 | (10,000) | 20 |
| | તૈયાર માલ/અર્ધ-તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 | 15,000 | 25 |
| | મજૂર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 | 20,000 | 20 |
| | નાણાંકીય ખર્ચો | | 70,000 | 52,500 | (17,500) | (25) |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 | (10,000) | (25) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | અન્ય ખર્ચાઓ | | 60,000 | 60,000 | - | 0 |
| | કુલ ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 | 1,67,500 | 20.18 |
| 5. | કરવેરા અગાઉનો નફો (3-4) | | 1,70,000 | 5,02,500 | 3,32,500 | 195.59 |
| 6. | કરવેરા | | 85,000 | 2,51,250 | 1,66,250 | 195.59 |
| 7. | નફો-નુકસાન (5-6) | | 85,000 | 2,51,250 | 1,66,250 | 195.59 |

**(બ) તુલનાત્મક પાકા સરવૈયા**

પાકા સરવૈયાના વિશ્લેષણના બે અગત્યના પાસા છે. એક ઇક્વિટી અને જવાબદારીઓ અને બીજું મિલકતો. પાકા સરવૈયામાં ઇક્વિટી અને જવાબદારીઓ એક અગત્યનું પાસું છે. તે નાણાંના પ્રાપ્તિ સ્થાન, નાણાં ક્યાંથી આવ્યા તે દર્શાવે છે. જ્યારે મિલકતો નાણાંનો ઉપયોગ, નાણાં ક્યાં વાપરવા, રોકાણ કરવું તે અંગે માહિતી પૂરી પાડે છે.

છેલ્લાં અમુક વર્ષોમાં કંપનીની ઇક્વિટી અને જવાબદારીઓ અને મિલકતામાં કેવા ફેરફાર થય છે. તેનો ખ્યાલ તુલનાત્મક પાકાં સરવૈયાં પરથી આવે છે. તેમાં કુલ આંકડા અથવા સાથે દરેકની ટકાવારી દર્શાવવામાં આવે છે. આ ટકાવારી કુલ મિલકતો ઉપરથી શોધવામાં આવે છે. એટલે તુલનાત્મક પાકા સરવૈયા એક રૂપિયા સ્વરૂપે અને ટકાવારીના સ્વરૂપે દર્શાવવામાં આવે છે. તેમજ તુલનાત્મક પાકું સરવૈયું એ તમામ ભાગોનું સ્થિર કે પરિવર્તનશીલ, વધારો કે ઘટાડાના વલણ અંગેની માહિતી પૂરી પાડે છે.

| | વિગત<br>1 | નોંધ નંબર<br>2 | પાછલું વર્ષ (રૂ.માં)<br>3 | ચાલુ વર્ષ (રૂ.માં)<br>4 | વધારો/ ઘટાડો (રૂ.માં)<br>5 | વધારો/ ઘટાડો (% માં)<br>$6 = \frac{5}{3} \times 100$ |
|---|---|---|---|---|---|---|
| **1.** | **ઇક્વિટી અને દેવા** | | | | | |
| | 1 શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | |
| | (અ)શેરમૂડી | | | | | |
| | (બ) અનામતો અ™ વધારો | | | | | |
| | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | | | | |
| | 2. શેર વહેચલી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | | | | |
| | 3. બિનચાલુ દેવાં | | | | | |
| | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | | | | |
| | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | | | | |
| | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | | | | |
| | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | | | | |
| | 4. ચાલુ દેવાં | | | | | |
| | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | | | | |
| | (બ) વેપારી લેણદારો | | | | | |
| | (ક) અન્ય ચાલુ દેવાં | | | | | |
| | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | | | | |
| | **કુલ** | | | | | |
| **2.** | **1 બિન-ચાલુ મિલકતો** | | | | | |
| | (અ) સ્થિર મિલકતો | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | દૃશ્ય મિલકતો | | | | | |
| | અદૃશ્ય મિલકતો | | | | | |
| | મૂડીકૃત ચાલુ કામ | | | | | |
| | વિકાસ હેઠળની અદૃશ્ય મિલકતો | | | | | |
| | (બ) બિન-ચાલુ રોકાણો | | | | | |
| | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | | | | |
| | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | | | | |
| | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | | | | |
| | 2. ચાલુ મિલકતો | | | | | |
| | (અ) ચાલુ રોકાણો | | | | | |
| | (બ) માલસામગ્રી | | | | | |
| | (ક) વેપારી દેવાદારો | | | | | |
| | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | | | | |
| | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | | | | |
| | (ફ) અન્ય ચાલુ મિલકતો | | | | | |
| | કુલ | | | | | |

**ઉદાહરણ :** પાકા સરવૈયાના તુલનાત્મક પત્રક અંગેની સમજુતી અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| વિગત | | | નોંધ નંબર | પાછલું વર્ષ (રૂ.માં) | ચાલુ વર્ષ (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| 1. | ઇક્વિટી અને દેવા | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 |
| | | (બ) અનામતો અ™ વધારો | | 4,00,000 | 5,00,000 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 |
| | 3. | બિનચાલુ દેવાં | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 |
| | 4. | ચાલુ દેવાં | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 |
| | | **કુલ** | | **30,00,000** | **38,50,000** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | |
| | | (1) દૃશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 |
| | | (2) અદૃશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 |
| | | (3) મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 |
| | | (4) વિકાસ હેઠળની અદૃશ્ય મિલકતો | | 50,000 | 50,000 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 |
| | 2. | ચાલુ મિલકતો | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,000 |
| | | **કુલ** | | **30,00,000** | **38,50,000** |

જવાબ : સમજુતી : (વધારા/ઘટાડા સ્વરૂપે-રૂ. માં/%માં)

| વિગત | | | નોંધ નંબર | પાછલું વર્ષ (રૂ.માં) | ચાલુ વર્ષ (રૂ.માં) | વધારો/ ઘટાડો (રૂ.માં) | વધારો/ ઘટાડો (% માં) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | ઇક્વિટી અને દેવા | | | | | | |
| | 1. | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 | 2,00,000 | 20 |
| | | (બ) અનામતો અ™ વધારો | | 4,00,000 | 5,00,000 | 1,00,000 | 25 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 | (20,000) | (20) |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 | 1,00,000 | 50 |
| | 3. | બિનચાલુ દેવાં | | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 | 1,50,000 | 33.33 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 | 50,000 | 50 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 | 1,00,000 | 66.67 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 | 70,000 | 140 |
| | 4. | ચાલુ દેવાં | | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 | (50,000) | (25) |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 | 1,00,000 | 40 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 | 1,50,000 | 300 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 | 1,00,000 | 200 |
| | | કુલ | | 30,00,000 | 38,50,000 | 8,50,000 | 28.33 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | | |
| | | (1) દશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 | 2,00,000 | 25 |
| | | (2) અદશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 | (50,000) | (25) |
| | | (3) મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 | (50,000) | (50) |
| | | વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 | - | - |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 | 1,50,000 | 60 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 | 50,000 | 50 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 | 30,000 | 60 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 | 20,000 | 13.33 |
| | 2. | ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 | 1,00,000 | 33.33 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 | 2,00,000 | 50 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 | 50,000 | 20 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 | 1,00,000 | 50 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 | (50,000) | (50) |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,000 | 3,00,000 | 600 |
| | | કુલ | | 30,00,000 | 38,50,000 | 8,50,000 | 28.33 |

## 3.5 વલણ દર્શાવતી ટકાવારીઓ

વલણ દર્શાવતી ટકાવારીની પદ્ધતિ એ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરવા માટેની એક પદ્ધતિ છે. આ પદ્ધતિમાં કોઈ એક વર્ષના આંકડાને આધાર તરીકે ગણવામાં આવે છે એટલે કે બધા આંકડાઓને 100 ગણવામાં આવે છે. ત્યારપછી બીજા એક વર્ષના આંકડાઓને તેની સાથે સરખાવવામાં આવે છે. આ વલણ દર્શાવતી ટકાવારીઓ એ એક પ્રકારનાં સૂચકઆંક જેવો છે.

આ પદ્ધતિમાં બધી જ વિગતો માટે વલણ શોધવામાં આવતું નથી, જે વિગતો વચ્ચે તાર્કિક રીતે સંબંધ હોય તેની સરખામણી કરવામાં આવે છે. નાણાંકીય પત્રકોએ કોઈ એક જ વિગતમાં થતો ફેરફાર પૂરતી માહિતી આપી શકતો નથી તેથી સંબંધિત વિગતોમાં થતાં ફેરફારો સરખાવવાથી ઉપયોગી અનુમાનો અંદાજી શકાય છે. વલણ દર્શાવતી ટકાવારીઓ અમુક વિગતોમાં થઈ રહેલો વધારો કે ઘટાડો અંગેની માહિતીનું જ સૂચન કરે છે અને કયા પ્રકારનું વલણ છે એટલે કે પ્રતિકૂળ કે અનુકૂળ તે અંગેની માહિતી સૂચવે છે. તેના પરથી કોઈ ચોક્કસ અનુમાન નક્કી કરતાં પહેલાં વધુ વિશ્લેષણ જરૂરી બને છે. તેમજ જે સમયગાળા દરમિયાનનો અભ્યાસ કરી રહ્યા હોઈએ તે હિસાબી સમય દરમિયાન સિદ્ધાંતો અને પ્રણાલિકાઓમાં જેટલે અંશે એકરૂપતા જળવાઈ હોય તેટલે અંશે જ ચોક્કસ વલણ દર્શાવે છે. એક બીજી બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે જે વર્ષને આધાર વર્ષ ગણવામાં આવે તે જો સામાન્ય વર્ષ ન હોય તો તુલના કરવી એ ખાસ ઉપયોગી નીવડતી નથી. તેમજ એકલી ટકાવારીની સરખામણી પણ ખોટી છાપ ઊભી કરી શકે છે. તેથી કોઈ પણ પ્રકારની ટકાવારી પરથી અનુમાન નક્કી કરતાં પહેલાં ખરેખર આંકડાઓનો પણ એકવાર વિચાર કરવો જ રહ્યો.

**ઉદાહરણ :** પાકા સરવૈયાનું વલણ દર્શાવતી ટકાવારી અંગેની સમજૂતિ અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| | | વિગત | નોંધ નંબર | 2016-17 (રૂ.માં) | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) |
|---|---|---|---|---|---|---|
| 1. | ઈક્વિટી અને દેવા | | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | |
| | | (અ)શેરમૂડી | | 6,00,000 | 10,00,000 | 12,00,000 |
| | | (બ) અનામતો અ™ વધારો | | 3,00,000 | 4,00,000 | 5,00,000 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 80,000 | 1,00,000 | 80,000 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,00,000 |
| | 3. | બિનચાલુ દેવાં | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,00,000 | 4,50,000 | 6,00,000 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 80,000 | 1,00,000 | 1,50,000 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,20,000 | 1,50,000 | 2,50,000 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 60,000 | 50,000 | 1,20,000 |
| | 4. | ચાલુ દેવાં | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,50,000 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,00,000 | 2,50,000 | 3,50,000 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 1,00,000 | 50,000 | 2,00,000 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 20,000 | 50,000 | 1,50,000 |
| | | કુલ | | 22,00,000 | 30,00,000 | 38,50,000 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | |
| | | (5) દૃશ્ય મિલકતો | | 6,00,000 | 8,00,000 | 10,00,000 |
| | | (6) અદૃશ્ય મિલકતો | | 1,00,000 | 2,00,000 | 1,50,000 |
| | | (7) મૂડીકૃત ચાલુ કામ | | 80,000 | 1,00,000 | 50,000 |
| | | (8) વિકાસ હેઠળની અદૃશ્ય મિલકતો | | 50,000 | 50,000 | 50,000 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,00,000 | 2,50,000 | 4,00,000 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 75,000 | 1,00,000 | 1,50,000 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 40,000 | 50,000 | 80,000 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 75,000 | 1,50,000 | 1,70,000 |
| | 2. | ચાલુ મિલકતો | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 2,00,000 | 3,00,000 | 4,00,000 |
| | | (બ) માલસામગ્રી | | 3,00,000 | 4,00,000 | 6,00,000 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,00,000 | 2,50,000 | 3,00,000 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 1,50,000 | 2,00,000 | 1,00,000 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 75,000 | 1,00,000 | 50,000 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 55,000 | 50,000 | 3,50,000 |
| | | કુલ | | 22,00,000 | 30,00,000 | 38,50,000 |

જવાબ : સમજૂતિ : (%માં)

| | | વિગત | નોંધ નંબર | 2016-17 (રૂ.માં) | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) | 2017-18 (% માં) 4/3 ×100 | 2018-19 (% માં) 5/3×100 |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | |
| 1. | | ઈક્વિટી અને દેવા | | | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | | |
| | | (અ)શેરમૂડી | | 6,00,000 | 10,00,00 | 12,00,000 | 166.67 | 200 |
| | | (બ) અનામતો અ™ વધારો | | 3,00,000 | 4,00,000 | 5,00,000 | 133.33 | 166.67 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 80,000 | 1,00,000 | 80,000 | 125 | 100 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,00,000 | 166.67 | 83.33 |
| | 3. | બિનચાલુ દેવાં | | | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,00,000 | 4,50,000 | 6,00,000 | 112.5 | 150 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 80,000 | 1,00,000 | 1,50,000 | 125 | 187.5 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,20,000 | 50,000 | 2,50,000 | 125 | 208.33 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 60,000 | 50,000 | 1,20,000 | 83.33 | 200 |
| | 4. | ચાલુ દેવાં | | | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,50,000 | 166.67 | 125 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,00,000 | 2,50,000 | 3,50,000 | 125 | 175 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 1,00,000 | 50,000 | 2,00,000 | 50 | 200 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 20,000 | 50,000 | 1,50,000 | 250 | 750 |
| | | | કુલ | 22,00,000 | 30,00,000 | 38,50,000 | 136.36 | 175 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | | | |
| | | 9. દશ્ય મિલકતો | | 6,00,000 | 8,00,000 | 10,00,000 | 133.33 | 166.67 |
| | | 10. અદશ્ય મિલકતો | | 1,00,000 | 2,00,000 | 1,50,000 | 200 | 150 |
| | | 11. મૂડીકૃત ચાલુ કામ | | 80,000 | 1,00,000 | 50,000 | 125 | 62.50 |
| | | 12. વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 | 50,000 | 100 | 100 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,00,000 | 2,50,000 | 4,00,000 | 125 | 200 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 75,000 | 1,00,000 | 1,50,000 | 133.33 | 200 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 40,000 | 50,000 | 80,000 | 125 | 200 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 75,000 | 1,50,000 | 1,70,000 | 200 | 226.67 |
| | 2. | ચાલુ મિલકતો | | | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 2,00,000 | 3,00,000 | 4,00,000 | 150 | 200 |
| | | (બ) માલસામગ્રી | | 3,00,000 | 4,00,000 | 6,00,000 | 133.33 | 200 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | (ક) વેપારી દેવાદારો | 2,00,000 | 2,50,000 | 3,00,000 | 125 | 150 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | 1,50,000 | 2,00,000 | 1,00,000 | 133.33 | 66.67 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | 75,000 | 1,00,000 | 50,000 | 133.33 | 66.67 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | 55,000 | 50,000 | 3,50,000 | 90.91 | 636.36 |
| | | કુલ | 22,00,000 | 30,00,000 | 38,50,000 | 136.36 | 175 |

## 3.6 સામાન્ય માપનાં પત્રકો

આ પદ્ધતિ દ્વારા પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે કે તેથી વધુ વર્ષોના પાકાં સરવૈયાંઓની મદદથી પાછલા વર્ષોનાં પાકાં સરવૈયા તેમજ બે કે તેથી વધુ વર્ષોના નફા-નુકસાનના પત્રકોને ચાલુ વર્ષનાં નાણાંકીય પત્રકો સાથે સરખામણી કરવામાં આવે છે. આ પ્રકારનું વિશ્લેષણ એ એક ઊભું વિશ્લેષણ છે. ધંધાના કુલ વેચાણનાં પ્રમાણમાં નફા-નુકસાનનાં પત્રકની અન્ય વિગતોમાં કેવા ફેરફારો થઈ રહ્યા છે. તેમજ પાકા સરવૈયાંની મિલકતો અને ઈક્વિટી અને જવાબદારીઓના પ્રમાણમાં અન્ય વિગતો પર કેવા ફેરફારો થઈ રહ્યા છે તેનો ખ્યાલ મેળવવા સામાન્ય માપનાં પત્રકોનો ઉપયોગ થાય છે. દા.ત. નફા-નુકસાનનાં પત્રકમાં કુલ વેચાણના પ્રમાણમાં ધંધાની ખરીદી, ખરીદીના ખર્ચા, કારખાના ખર્ચા, ઓફિસ ખર્ચા, વેચાણ વિતરણ ખર્ચા, નાણાંકીય ખર્ચા વગેરે વિગતોને ટકાવારી 100માં રજૂ કરવામાં આવે છે. તેમજ પાકા સરવૈયામાં મિલકતોના પ્રમાણમાં બિન-ચાલુ મિલકતો અને ચાલુ મિલકતોનું પ્રમાણ તેમજ ઈક્વિટી અને જવાબદારીના પ્રમાણમાં શેરહોલ્ડરોના ભંડોળ, અનામત અને વધારો, બિન-ચાલુ દેવાં, ચાલુ દેવા વગેરે વિગતોને ટકાવારી 100માં રજૂ કરવામાં આવે છે. આવાં નાણાંકીય પત્રકોને 'સામાન્ય માપનાં પત્રકો' અથવા ' 100 ટકાના પત્રકો' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### (અ) સામાન્ય માપના પાકા સરવૈયાં

પાકા સરવૈયામાં કુલ મિલકતોના પ્રમાણમાં અન્ય મિલકતો કેટલી છે તેમજ ઈક્વિટી અને જવાબદારીઓના પ્રમાણમાં અન્ય ઈક્વિટી અને જવાબદારીઓ કેટલી છે તે રજૂ કરવામાં આવે છે. આ સામાન્ય માપનું સરવૈયું દરેક વિગતના પ્રમાણમાં કેટલો ફેરફાર થઈ રહ્યો છે તે અંગે કોઈ માહિતી મળી શકતી નથી તેમજ કંપનીની આર્થિક સ્થિતિ કેટલે અંશે સધ્ધર છે કે કેમ તે અંગે પણ કોઈ જ ખ્યાલ મળતો નથી. માત્ર ઈક્વિટી અને જવાબદારીઓ અને મિલકતોના પ્રમાણમાં અન્ય મિલકતો કેટલા ટકા છે તેનો ખ્યાલ મળી રહે છે.

**ઉદાહરણ :** સામાન્ય માપના પાકા સરવૈયા અંગેની સમજૂતી અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| વિગત<br>1 | | | નોંધ નંબર | 2017-18<br>(રૂ.માં) | 2018-19<br>(રૂ.માં) |
|---|---|---|---|---|---|
| 1. | ઈક્વિટી અને દેવા | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 |
| | | (બ) અનામતો અ™ વધારો | | 4,00,000 | 5,00,000 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 |
| | 3. | બિનચાલુ દેવાં | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 |
| | 4. | ચાલુ દેવાં | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 |
| | | | કુલ | 30,00,000 | 38,50,000 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | |
| | | 13. દશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 |
| | | 14. અદશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 |
| | | 15. મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 |
| | | 16. વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 |
| | 2. | ચાલુ મિલકતો | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,000 |
| | | | કુલ | 30,00,000 | 38,50,000 |

જવાબ : સમજૂતી : (100 ટકામાં )

| વિગત | | | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) | સામાન્ય માપની ટકાવારી 2017-18 (100) | સામાન્ય માપની ટકાવારી 2018-19 (100) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | ઇક્વિટી અને દેવા | | | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 | 33.33 | 31.17 |
| | | (બ) અનામતો અ™ વધારો | | 4,00,000 | 5,00,000 | 13.33 | 12.99 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 | 3.33 | 2.08 |
| | 2. | શેર વહેચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 | 6.67 | 2.60 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 3. | બિનચાલુ દેવાં | | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 | 15 | 15.58 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 | 3.33 | 3.90 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 | 5 | 6.49 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 | 1.67 | 3.12 |
| | 4. | ચાલુ દેવાં | | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 | 6.67 | 3.90 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 | 8.33 | 9.09 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 | 1.67 | 5.19 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 | 1.67 | 3.89 |
| | | | કુલ | **30,00,000** | 38,50,000 | 100 | 100 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | | |
| | | 17. દશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 | 26.67 | 25.97 |
| | | 18. અદશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 | 6.67 | 3.90 |
| | | 19. મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 | 3.33 | 1.30 |
| | | 20. વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 | 1.67 | 1.30 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 | 8.33 | 10.39 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 | 3.33 | 3.90 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 | 1.67 | 2.07 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 | 5 | 4.42 |
| | 2. | ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 | 10 | 10.39 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 | 13.33 | 15.58 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 | 8.33 | 7.79 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 | 6.67 | 2.60 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 | 3.33 | 1.30 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,00 | 1.67 | 9.09 |
| | | | કુલ | 30,00,000 | 38,50,000 | 100 | 100 |

### (બ) સામાન્ય માપનાં નફા-નુકસાનના પત્રક

સામાન્ય માપનાં નફા-નુકસાન પત્રકની વિગતોની સરખામણી માટે બે કે તેથી વધુ વર્ષોની વિગત હોય તો જ સરખામણી કરવી શક્ય બને છે. નફા-નુકસાનના પત્રકમાં ધંધાકીય પ્રવૃત્તિ એટલે કે વેચાણ ઉપજને આધાર ગણીને બાકી જે તે વર્ષની ઉપજો અને ખર્ચાઓની જે તે વર્ષના વેચાણ સાથે ટકાવારી ગણીને પત્રકમાં દર્શાવવામાં આવે છે.

**ઉદાહરણ : નફા-નુકસાન ખાતાંના સામાન્ય માપનાં પત્રક અંગેની સમજૂતિ અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે :**

| | વિગત | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ. માં) |
|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | 1 | 10,00,000 | 15,00,000 |
| 2. | **કુલ ઉપજ** | | 10,00,000 | 15,00,000 |
| | **ખર્ચાઓ** | **2** | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 |
| | વેપારી માલ-સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 |
| 3. | મજુર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 |
| | નાણાંકીય ખર્ચા | | 70,000 | 52,500 |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 |
| | અન્ય ખર્ચાઓ | | 60,000 | 60,000 |
| | કુલ ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 |
| 4. | કરવેરા અગાઉનો નફો (2-3) | | 1,70,000 | 5,02,500 |
| 5. | કરવેરા | | 85,000 | 2,51,250 |
| 6. | નફો-નુકસાન (4-5) | | 85,000 | 2,51,250 |

**જવાબ : સમજૂતી : (100% માં)**

| | વિગત | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) | સામાન્ય માપની ટકાવારી 2017-18 (100) | સામાન્ય માપની ટકાવારી 2018-19 (100) |
|---|---|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | 1 | 10,00,000 | 15,00,000 | 100 | 100 |
| 2. | **કુલ ઉપજ** | | 10,00,000 | 15,00,000 | 100 | 100 |
| | **ખર્ચાઓ** | **2** | | | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 | 45 | 45 |
| | વેપારી માલ-સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 | 5 | 4 |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 | 6 | 5 |
| 3. | મજુર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 | 10 | 8 |
| | નાણાંકીય ખર્ચા | | 70,000 | 52,500 | 7 | 3.5 |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 | 4 | 2 |
| | અન્ય ખર્ચાઓ | | 60,000 | 60,000 | 6 | 4 |
| | કુલ ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 | 83 | 66.5 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4. | કરવેરા અગાઉનો નફો (2-3) | | 1,70,000 | 5,02,500 | 17 | 33.5 |
| 5. | કરવેરા | | 85,000 | 2,51,250 | 8.5 | 16.75 |
| 6. | નફો-નુકસાન (4-5) | | 85,000 | 2,51,250 | 8.5 | 16.75 |

## 3.7 કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક

આ પદ્ધતિ દ્વારા પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે કે તેથી વધુ વર્ષોના પાકાં સરવૈયાંની મદદથી પાછલા વર્ષોનાં પાકાં સરવૈયા ચાલુ વર્ષના પાકાં સરવૈયાં સાથે સરખાવી આ પ્રકારનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ એક ઊભું વિશ્લેષણ છે. કાર્યશીલ મૂડી એટલે ચાલુ મિલકતોની ચાલુ દેવા પરનો વધારો ધંધાના સંચાલન માટે કાર્યશીલ મૂડી ખુબ જ અગત્યની છે. એટલે તેમાં થઈ રહેલા ફેરફારો જાણવા કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક તૈયાર કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ચાલુ વર્ષની ચાલુ મિલકતોને ચાલુ વર્ષના દેવાં સાથે સરખામણીમાં આવે છે. અને પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે મિલકતો દેવા તેમજ કાર્યશીલ મૂડીમાં કેટલા ફેરફાર થયો તે જાણી શકાય છે.

## 3.8 ભંડોળ પ્રવાહ પત્રક

આ પદ્ધતિ દ્વારા પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે કે તેથી વધુ વર્ષોના પાકાં સરવૈયાંની મદદથી પાછલા વર્ષોનાં પાકાં સરવૈયા ચાલુ વર્ષનાં પાકાં સરવૈયા સાથે સરખાવી આ પ્રકારનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ એક ઊભું વિશ્લેષણ છે. અહીં ભંડોળનો સામાન્ય અર્થ કાર્યશીલ મૂડી થાય છે. ધંધામાં વર્ષ દરમિયાન કેટલું ભંડોળનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે. તેવી માહિતી પૂરી પાડવા માટે થાય છે. વર્ષ દરમિયાન વધારાના શેર બહાર પાડી નાણાં ઊભા કર્યા હોય તો તે આ પત્રકમાં ભંડોળની પ્રાપ્તિ તરીકે દર્શાવાય છે.

## 3.9 રોકડ પ્રવાહ પત્રક

કાર્યશીલ મૂડીમાં ફેરફાર અને ભંડોળ પ્રવાહનું પત્રકની પદ્ધતિનો નાણાંકીય પત્રકના વિશ્લેષણ માટે ઉપયોગ કરીએ છીએ ત્યારે માત્ર કાર્યશીલ મૂડીમાં થતા ફેરફારનો જ ઉલ્લેખ કરીએ છે. પરંતુ ટૂંકા ગાળા માટે એક અગત્યનું પાસું રોકડની આવક અને જાવક જાણવી ખુબ જ જરૂરી છે. અમુક ચોક્કસ સમયે રોકડની જરૂર પડશે ત્યારે પૂરતી રોકડ મળી રહેશે કે નહિ તે જાણવા રોકડ પ્રવાહનું પત્રક બનાવવું જરૂરી બને છે. આ પદ્ધતિમાં ચાલુ વર્ષે અને પાછલા વર્ષની માહિતી પરથી વર્ષ દરમિયાન કેટલી ? રોકડ ધંધામાં આવક અ™જાવક થઈ તે દર્શાવવામાં આવે છે. આમ જોવા જઇએ તો રોકડ પ્રવાહ પત્રક એ ભૂતકાળ માહિતી પરથી તૈયાર થાય છે. ''પાછલા વર્ષ દરમિયાન રોકડની આવક કેટલી થઈ અને રોકડની જાવક કેટલી થઈ અને તેને પરિણામે વર્ષને અંતે કેટલી ? રોકડ હાથ પર છે તે દર્શાવતું પત્રક એટલે ''રોકડ પ્રવાહ પત્રક'' ભારતની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની સંસ્થા એ આ અંગે હિસાબી ધોરણ-3 બહાર પાડ્યું છે અને ભારતનાં કંપની ધારાની જોગવાઈ પ્રમાણે બધી જ કંપનીઓએ સંસ્થાના હિસાબોની રજૂઆત માટે આ હિસાબી ધોરણનો ફરજીયાત અમલ કરવાનો રહે છે. આથી, ભારતની બધી જ કંપનીઓએ પોતાના પ્રગટ થતાં વાર્ષિક હિસાબોની સાથે રોકડ પ્રવાહ અચૂક આપવો જ રહ્યો.

## 3.10 । ગુણોત્તર વિશ્લેષણ

માત્ર નાણાંકીય પત્રકો તૈયાર કરવાથી ધંધાની સાચી નફા કે નુકસાનની પરિસ્થિતિ કે આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવતો નથી માટે ગુણોત્તર વિશ્લેષણ ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે. નાણાંકીય પત્રકોની કોઈ પણ બે વિગતો વચ્ચેનો સંબંધ રજૂ કરતો આંકડો એટલે ગુણોત્તર. ગુણોત્તર એટલે કોઈ પણ બે માહિતી વચ્ચેનો આંકડાકીય અથવા સંખ્યાસૂચક સંબંધ. ગુણોત્તર એટલે બે રકમો વચ્ચેનો ભાગાકાર, ગાણિતિક માપ, હિસાબી ગુણોત્તર એટલે વિવિધ રીતે રજૂ થતો નાણાંકીય પત્રકોમાની બે સંબંધિત માહિતીઓ વચ્ચેનો આંકડાકીય સંબંધ. આ વિશ્લેષણ ધંધામાં નાણાંકીય રોકાણ કરનારા

રોકાણકારો, લેણદારો, બેંકો, સંચાલકો વગેરે માહિતી ઇચ્છુકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. નાણાંકીય પત્રકોમાંની જુદી જુદી પરંતુ પરસ્પર સંબંધ ધરાવતી વિગતો વચ્ચેનો સંબંધ શોધવો અને તેનું અર્થઘટન કરવું એટલે ગુણોત્તર વિશ્લેષણ.

## 3.11 મૂલ્યવૃદ્ધિનું પત્રક

દરેક ધંધાકીય સાહસ કોઈને કોઈ પ્રકારના એકમનું ઉત્પાદન કરે છે. જ્યારે એકમ ઉત્પાદન કરે છે ત્યારે સૌપ્રથમ તે કાચો માલસામાન ખરીદે છે અને તેના આ પર યોગ્ય પ્રક્રિયા કરે છે. ત્યારબાદ કાચા માલમાંથી એકમ તૈયાર થાય છે. આમ, માલસામાનની કિંમતમાં વધારો થાય છે. આ વધારો એ માત્ર કોઈ એક વ્યક્તિ થકી નથી થતો પરંતુ તેમાં દરેક વ્યક્તિ જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાની સેવા આપેલ છે તે બધાનો ફાળો રહેલો છે. આ સેવાનુ એક મૂલ્ય છે અને એ મૂલ્યને આ સેવા આપનાર પક્ષકારો વચ્ચે વહેંચી આપવામાં આવે છે. જેમાં મૂડી પૂરી પાડનારાઓને મૂડી પૂરી પાડવા બદલ વ્યાજ કે ડિવિડન્ડ અપાય છે. ધંધાના કામદારો અને અન્ય કર્મચારીઓ જેમની મદદથી ઉત્પાદન તૈયાર થવું શક્ય બન્યું તેમણે તેમની સેવાના બદલામાં પગાર તેમજ અન્ય લાભો પૂરા પાડવામાં આવે છે. તેમજ ધંધાકીય એકમને સગવડભર્યું સામાજિક માળખું પૂરૂ પાડ્યું તે બદલ સરકારને કરવેરાની ચૂકવણી કરવામાં આવે છે. તેમજ કેટલીક રકમ ધંધાના લાભાર્થે ભવિષ્યના વિકાસ માટે રાખી મૂકવામાં આવે છે. કેટલીક કંપનીઓ પોતાના વાર્ષિક અહેવાલમાં અન્ય નાણાંકીય પત્રકોની જેમ મૂલ્યવૃદ્ધિના હિસાબોનું પત્રક પણ દર્શાવે છે. આમ, મૂલ્યવૃદ્ધિ દ્વારા ધંધાની કામગીરીનુમાં મૂલ્યાંકન કરવા આ પદ્ધતિ અપનાવવામાં આવી છે.

## 3.12 સ્વાધ્યાય :

1. નાણાંકીય પત્રકોનો અર્થ, લક્ષણો, સ્વરૂપ, મર્યાદાઓ જણાવો.
2. નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ સમજાવો.
3. નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ અને તેની પદ્ધતિઓને ટૂંકમાં ચર્ચો.
4. ટૂંકનોંધ લખો.

(1) તુલનાત્મક નાણાંકીય પત્રકો
(2) સામાન્ય માપનાં પત્રકો
(3) વલણ દર્શાવતી ટકાવારીઓ
(4) કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક

5. ટૂંકનોંધ લખો.

(1) ભંડોળ પ્રવાહ પત્રક
(2) ગુણોતર વિશ્લેષણ
(3) રોકડ પ્રવાહ પત્રક
(4) મૂલ્યવૃદ્ધિનું પત્રક

6. તુલનાત્મક નફા નુકશાન પત્રકનો નમૂનો આપો.
7. તુલનાત્મક પાકા સરવૈયાનો નમૂનો આપો.

● બહુ વિકલ્પો પ્રશ્નો :

1. ............ એ કંપનીધારા 2013 મુજબ તૈયાર કરવા જરૂરી

(અ) નાણાકીય પત્રકો (બ) ભંડોળપ્રવાહ પત્રક
(ક) સમાન માપના પત્રકો (ડ) ગુણોત્તર વિશ્લેષણનું પત્રક

2. બે માહિતી વચ્ચેનો આંકડાકીય સંબંધ એટલે ............

(અ) મૂલ્ય વૃદ્ધિ (બ) ગુણોત્તર (ક) ભંડોળ (ડ) રોકડ

3. ............ Ind As-7 ધોરણ-3 અનુસાર તૈયાર કરવું જરૂરી છે.

(અ) મૂલ્ય વૃદ્ધિનું પત્રક (બ) રોકડ પ્રવાહ પત્રક
(ક) ભંડોળ પ્રવાહ પત્રક (ડ) સમાનમાપના પત્રક

4. ........... ને 100 ટકાના પત્રકો તરીકે ઓળખવામાં આવે છે.

(અ) સામાન્ય માપના પત્રકો (બ) તુલનાત્મક પત્રકો
(ક) ભંડોળ પ્રવાહ પત્રક (ડ) રોકડ પ્રવાહ પત્રક

5. ધંધાની કામગીરીનો લાભ જુદા જુદા પક્ષકારો વચ્ચે કેવી રીતે વહેંચવામાં આવે છે તે ............ દ્વારા જણાવવામાં આવે છે.

(અ) નફો નુકસાન દર્શાવતું પત્રક (બ) રોકડ પ્રવાહ પત્રક
(ક) સમાન માપના પત્રક (ડ) મૂલ્યવૃદ્ધિનું પત્રક

જવાબ :

1. (અ) નાણાકીય પત્રકો
2. (બ) ગુણોત્તર
3. (બ) રોકડ પ્રવાહ પત્રક
4. (અ) સામાન્ય માપના પત્રકો
5. (ડ) મૂલ્યવૃદ્ધિનું પત્રક

અંકમ્ 4

# ગુણોત્તર વિશ્લેષણ-I

**રૂપરેખા :**

**4.1 પ્રાસ્તાવિક**
**4.2 અર્થ : ગુણોત્તર, હિસાબી ગુણોત્તર, ગુણોત્તર વિશ્લેષણ**
**4.3 હિસાબી ગુણોત્તરોની ઉપયોગીતા - મહત્ત્વ - ફાયદા**
**4.4 હિસાબી ગુણોત્તરોની મર્યાદાઓ**
**4.5 વિવિધ પ્રકારના ગુણોત્તરો**
**4.6 હિસાબી ગુણોત્તરોની સમજૂતી-સૂત્રો અને ઉપયોગિતા**
**4.7 વિવિધ ગુણોત્તરોના સૂત્રો**
**4.8 વિવિધ ઉદાહરણો : (પૂર્ણ જવાબો સહિત)**
**4.9 સ્વાધ્યાય**
**(અ) સૈધ્ધાંતિક પ્રશ્નો**
**(બ) હેતુલક્ષી પ્રશ્નો**
**(ક) વ્યવહારુ મોટા પ્રશ્નો : (માર્ગદર્શક સંક્ષિપ્ત જવાબો સાથે)**
**(ડ) બહુવૈકલ્પિક પ્રશ્નો**

## 4.1 પ્રાસ્તાવિક :

ધંધાકીય એકમની આર્થિક-ધંધાકીય પ્રવૃત્તિને આધારે વિવિધ આર્થિક વ્યવહારોના હિસાબી ધંધા ઉપરથી તૈયાર કરવામાં આવતા વાર્ષિક હિસાબો ધંધાકીય પ્રવૃત્તિનું પરિણામ (નફો-નુકસાન) અને પરિસ્થિતિ (મૂડી-મિલકતો-દેવાં-લેણાં દર્શાવતુ પાકું સરવૈયુ મારફતે) વિવિધ માહિતી-જાણકારી પૂરી પાડે છે. પરંતુ આ હિસાબોને આધારે ધંધાકીય એકમની નફાકારકતા, પ્રવાહિતા, સધ્ધરતા, સલામતી, કાર્યક્ષમતા, અન્ય પેઢી, એકમો સાથે સરખામણી વગેરે સંબંધી વિવિધ માહિતી અને જાણકારી મેળવવા આ નાણાકીયપત્રો-હિસાબોનું વિશ્લેષણ અને અર્થઘટન આવશ્યક સ્વીકૃત સાધન ગણાય છે. આ પ્રકરણમાં આપણે તે અંગે વિસ્તૃત ચર્ચા આધારિત વિશેષ સમજણ મેળવવા પ્રયાસ કરીશું.

## 4.2 અર્થ :

ગુણોત્તર એટલે બે હિસાબી પદો કે અન્ય રકમનું પ્રમાણ, ટકાવારી કે સમય મુજબ રજૂ થતું માપ.

"હિસાબીપત્રકોમાં એક આંકડા સાથેનો બીજા આંકડાનો સંબંધ એટલે હિસાબી ગુણોત્તર."

"નાણાકીય અહેવાલની બે વિગતો વચ્ચેની તુલના વ્યક્ત કરતાં આંતરસંબંધો એટલે હિસાબી ગુણોત્તર."

"The term 'Accounting Ratio' is used to describe significant relationship which exist between figures shown in Profit and Loss Account Balance Sheet and in a budgetory control system or in any other parts of the accounting organisation." **– J.Batty**

'એકમની નાણાકીય વિગતોનું પદ્ધતિસરનાં ગુણોત્તર વડે થતું વિશ્લેષણ એટલે ગુણોત્તર વિશ્લેષણ."

## 4.3 હિસાબી ગુણોત્તરોની ઉપયોગિતા-મહત્ત્વ-ફાયદા :

નાણાકીય વિશ્લેષણ માટે ગુણોત્તર પૃથક્કરણની ઉપયોગિતા અનિવાર્ય છે. ગુણોત્તરોને નાણાકીય તંદુરસ્તીનાં લક્ષણો જાણવાના સાધન તરીકે પણ ઓળખવામાં આવે છે.

ધંધાકીય જગતમાં હિસાબી ગુણોત્તર નીચે દર્શાવેલ રીતે ઉપયોગી છે.

(૧) ગુણોત્તરોને આધારે રોકડ, વેચાણ, ખર્ચ અને વિકાસ કાર્યક્રમોનાં અંદાજપત્રો તૈયાર કરી શકાય. ભૂતકાળના વલણની માહિતીને આધારે ભવિષ્યની વધુ ચોક્કસ ધારણાઓ કરી શકાય છે.

(૨) ગુણોત્તરની મદદથી ધંધાની કાર્યક્ષમતાનું માપ નીકળે છે. તેના પરથી કાર્યક્ષમતા સુધારવાને લગતા ઉપાયો કરી શકાય છે.

(૩) ગુણોત્તર સંચાલકોને સરળતાથી સમજી શકાય તે રીતે માહિતીને રજૂ કરે છે. આથી સંચાલકો યોગ્ય નિર્ણયો લઈ શકે છે.

(૪) ગુણોત્તરની મદદથી ધંધાકીય જ્ઞાનની જાણકારી બીજાને સરળતાથી પહોંચાડી શકાય છે.

(૫) સમકક્ષ કંપનીઓ પોતાના ગુણોત્તરને બીજી કંપનીઓના ગુણોત્તર સાથે સરખાવીને પોતાનાં કાર્યો અને પ્રગતિનું મૂલ્યાંકન કરી શકે છે.

(૬) સંચાલકોને સતત જાગૃત રાખવામાં ગુણોત્તરો મહત્ત્વનો ફાળો છે. કંપનીની તરલતા, નફાકારકતા, મિલકતોના ઉપયોગની અસરકારકતા, દેવાનું પ્રમાણ વગેરે માપ દર્શાવીને તે સંચાલકોને મર્યાદા ઓળંગતા બચાવે છે.

(૭) ખર્ચ અને વેચાણ પર ગુણોત્તરની મદદથી અસરકારક અંકુશ રાખી શકાય છે.

(૮) રોકાણકાર તેની મદદથી રોકાણનો નિર્ણય લઈ શકે છે.

(૯) ગુણોત્તરોની મદદથી નાણાકીય પત્રકોની વિસ્તૃત માહિતી સરળ અને સંક્ષિપ્ત રીતે રજૂ કરી શકાય છે.

(૧૦) આદર્શ ગુણોત્તરોને મૂળભૂત ગુણોત્તરો સાથે સરખાવી સંકલનની કામગીરી પણ અસરકારક રીતે કરી શકાય છે.

આમ, પ્રગતિશીલ બનવા જતા વિશ્વમાં ધંધાકીય સાહસની કાર્યદક્ષતા, સધ્ધરતા અને નફાકારકતા ગુણોત્તરની મદદથી જાણી શકાય છે અને તેમાં જ તેનું મહત્ત્વ રહેલું છે.

## 4.4 હિસાબી ગુણોત્તરોની મર્યાદા :

હિસાબી ગુણોત્તરો નીચે દર્શાવેલી મર્યાદાઓ ધરાવે છે.

(૧) હિસાબી ગુણોત્તરો માટે જરૂરી માહિતી અને આંકડાઓ પ્રકાશિત હિસાબો અને અહેવાલોમાંથી લેવામાં આવે છે. આ માહિતી જ ખામી ભરેલી હોય તો ગુણોત્તરો સાચું માપ ન દર્શાવે.

(૨) ગુણોત્તરો જે કંઈ માપ દર્શાવે છે તે ભૂતકાળને આધારે કાઢવામાં આવ્યું હોય છે. ભવિષ્ય માટે તેનો ઉપયોગ કરતી વખતે બદલાતાં પરિબળો ધ્યાનમાં લેવા જોઈએ.

(૩) હિસાબી ગુણોત્તરો ઉપરથી જ ધંધાકીય એકમની નાણાકીય સ્થિતિ અંગે સાચો નિર્ણય લઈ શકાય નહિ. હિસાબી ગુણોત્તરો સાથે ધંધા બહારનાં પરિબળો જેવા કે હરીફ કંપનીઓની નીતિ, સરકારી નીતિ, અર્થતંત્રના પ્રવાહો, રાજકીય ફેરફારો વગેરે પણ ધ્યાનમાં લેવાના રહે છે.

(૪) હિસાબી ગુણોત્તરોનો ઉપયોગ કરનાર પાસે સંપૂર્ણ હિસાબી જ્ઞાન હોવું જરૂરી બને છે.

(૫) કોઈ એક જ ગુણોત્તર પરથી વિશ્લેષણ કરવું મુશ્કેલ છે. તેથી ગુણોત્તર જૂથની સર્વગ્રાહી અસર તપાસવી ઘટે.

(૬) ફુગાવાલક્ષી અર્થતંત્રમાં સામાન્ય ભાવસપાટીમાં સતત ફેરફારો થતા હોય છે. તેથી જુદા જુદાં વર્ષોનાં ગુણોત્તરો વચ્ચેની સરખામણી અતાર્કિક બની રહે છે.

## 4.5 વિવિધ પ્રકારનાં ગુણોત્તરો :

ગુણોત્તરો હિસાબી વિગતો તેમજ ધંધાકીય એકમની પ્રવૃત્તિ, કાર્યક્ષમતા અને સફળતા-નિષ્ફળતા તથા પરિસ્થિતિ પરિણામો દર્શાવતાં માપનો તરીકે વર્ષોથી ધંધાકીય જગતમાં સ્થાપિત થયેલ છે. આ ગુણોત્તરોના પ્રકારની સમજૂતી નીચે મુજબ આપી શકાય :

| હિસાબી દૃષ્ટિએ ગુણોત્તરનાં પ્રકારો | કાર્ય કે પ્રવૃત્તિની દૃષ્ટિએ ગુણોત્તરનાં પ્રકારો |
|---|---|
| ↓ | ↓ |
| (૧) નફા-નુકસાન ખાતાને લગતા ગુણોત્તર | (૧) સધ્ધરતા નક્કી કરતા ગુણોત્તરો |
| (૨) પાકા સરવૈયાને લગતા ગુણોત્તરો | (૨) નફાકારકતા નક્કી કરતા ગુણોત્તરો |
| (૩) મિશ્ર કે સંયુક્ત ગુણોત્તરો | (૩) પ્રવૃત્તિ વિશે માહિતી આપતા ગુણોત્તરો |
| | (૪) કાર્યદક્ષતા નક્કી કરતા ગુણોત્તરો |

## પ્રવૃત્તિ કે કાર્યાનુસાર ગુણોત્તરોનું વર્ગીકરણ

### સધ્ધરતા નક્કી કરતા ગુણોત્તરો

**ટૂંકા ગાળા માટે**

ચાલુ ગુણોત્તર કે કાર્યશીલ મૂડીનો ગુણોત્તર

**ઝડપી ગાળા માટે**

પ્રવાહી ગુણોત્તર એસિડ કસોટી ગુણોત્તર

**લાંબાગાળા માટે**

માલિક ભંડોળ ગુણોત્તર

### નફાકારકતા નક્કી કરતા ગુણોત્તરો

૧. કાચા નફાનો ગુણોત્તર
૨. ચોખ્ખા નફાનો ગુણોત્તર
૩. શેરદીઠ ડિવિડન્ડ ગુણોત્તર
૪. રોકેલ મૂડી પર વળતર ગુણોત્તર
૫. માલિકની મૂડી પર વળતર ગુણોત્તર

### પ્રવૃત્તિ વિશે માહિતી આપતા ગુણોત્તરો

૧. સ્ટોકનો ચલનદર
૨. સ્થિર મિલકતોનો ઉથલો કે ચલનદર
૩. દેવાદારોનો ઉથલો કે ચલનદર
૪. કુલ મિલકતોનો ચલનદર

### કાર્યદક્ષતા નક્કી કરતા ગુણોત્તરો

૧. સધ્ધરતાના ગુણોત્તરો
૨. નફાકારકતાના ગુણોત્તરો
૩. ગીયર ગુણોત્તર
૪. સ્ટોક ગુણોત્તર
૫. દેવાદાર ગુણોત્તર
૬. સંચાલન ગુણોત્તર
૭. મૂડીચલન દર ગુણોત્તર

## હિસાબી દૃષ્ટિએ ગુણોત્તરનું વર્ગીકરણ

### નફા-નુકસાન ખાતાને લગતા ગુણોત્તરો

૧. કાચા નફાનો ગુણોત્તર
૨. ચોખ્ખા નફાનો ગુણોત્તર
૩. ખર્ચ ગુણોત્તર
૪. સંચાલન ગુણોત્તર
૫. સ્ટોક ચલનદર (સ્ટોક ગુણોત્તર)
૬. વ્યાજ આવરણ ગુણોત્તર

### પાકા સરવૈયાને લગતા ગુણોત્તરો

૧. ચાલુ ગુણોત્તર
૨. પ્રવાહી ગુણોત્તર
૩. માલિકી ગુણોત્તર
૪. કાયમી મૂડી મિલકત ગુણોત્તર
૫. અનામત અને મૂડી ગુણોત્તર
૬. મિલકત ગુણોત્તર
૭. મૂડી ગિયરીંગ ગુણોત્તર
૮. ગિયરીંગ ગુણોત્તર
૯. દેવા-ઇક્વિટી ગુણોત્તર
૧૦. મિલકત ગુણોત્તર

### મિશ્ર કે સંયુક્ત ગુણોત્તર

૧. રોકાયેલી મૂડી પર વળતરનો દર
૨. શેરહોલ્ડર્સના ભંડોળ પર વળતરનો દર
૩. ઇ.શેર મૂડી પર વળતરનો દર
૪. દેવાદાર ગુણોત્તર
૫. લેણદાર ગુણોત્તર
૬. કુલ મિલકતોનો ઉથલો
૭. સ્થિર મિલકતોનો ઉથલો
૮. શેરદીઠ ડિવિડન્ડ ગુણોત્તર
૯. મિલકત-વેચાણ ગુણોત્તર

## 4.6 હિસાબી ગુણોત્તરની સમજૂતી-સૂત્રો અને ઉપયોગિતા

### (A) પ્રવાહિતાના, પ્રવૃત્તિના અને સધ્ધરતાના વિવેચન-વિશ્લેષણ સંબંધી ગુણોત્તરો :

**(૧) ચાલુ ગુણોત્તર : (Current Ratio = CR) :** આ ગુણોત્તર પાકા સરવૈયાને લગતો ગુણોત્તર ગણાય છે. કંપનીની કુલ ચાલુ મિલકતો અને ચાલુ દેવા વચ્ચેનો સંબંધ એટલે ચાલુ ગુણોત્તર. કાર્યશીલ મૂડી મુજબ પ્રવાહી સ્થિતિ માપવા માટે અને પ્રવાહિતાનું વિશ્લેષણ કરવા માટે આ ખૂબ જ પ્રચલિત ગુણોત્તર છે. ચાલુ મિલકતોને ચાલું દેવાં વડે ભાગવાથી આ ગુણોત્તર મળે છે. કંપનીની એકંદર પ્રવાહિતા માટેનું આ એક સર્વસ્વીકૃત બેરોમીટર ગણાય છે. આ ગુણોત્તરને કાર્યશીલ મૂડી ગુણોત્તર તરીકે પણ ઓળખવામાં આવે છે.

$$\text{ચાલુ ગુણોત્તર} = \frac{\text{ચાલું મિલકતો}}{\text{ચાલું દેવા}}$$

**(૨) પ્રવાહી ગુણોત્તર (Liquid Ratio) :** આ ગુણોત્તર પાકા સરવૈયાનો છે. જો કંપનીએ તાત્કાલીક દેવા ચૂકવવાના થાય તો તે માટે કંપની પાસે પૂરતા પ્રમાણમાં પ્રવાહી મિલકતો છે કે કેમ તેની જાણકારી આ ગુણોત્તર દ્વારા મળે છે. કંપનીની પ્રવાહી મિલકતો અને પ્રવાહી દેવાં વચ્ચેનો સંબંધ રજૂ કરે છે. આ ગુણોત્તર ચાલુ ગુણોત્તરની જેમ પ્રવાહીતતાનો ખ્યાલ આપે છે. પરંતુ અહીં એકંદર પ્રવાહિતા, કાર્યશીલ મૂડીને આધારે નહિ પરંતુ પ્રવાહી ચાલુ મિલકતો અને પ્રવાહી ચાલુ દેવાને ધ્યાનમાં લઈને રજૂ કરવામાં આવે છે. પ્રવાહી ચાલુ મિલકતોમાં સ્ટોકનો સમાવેશ કરવામાં આવતો નથી અને પ્રવાહી ચાલુ દેવામાં બેંક ઓવરડ્રાફટનો સમાવેશ કરવામાં આવતો નથી. સ્ટોકને ચાલુ મિલકત ગણવામાં આવે છે, પરંતુ પ્રવાહી ચાલુ મિલકતમાં તેનો સમાવેશ એટલે નથી કરવામાં આવતો કારણ કે સ્ટોકને પ્રવાહિતાની દૃષ્ટિએ તાત્કાલિક રોકડામાં ફેરવી શકાતો નથી. એ જ રીતે ચાલુ દેવામાં બેંક ઓવરડ્રાફટનો સમાવેશ એટલે નથી કરવામાં આવતો કારણ કે તે રકમ ચોક્કસ સમયગાળા માટે મુદતી દેવાં વ્યવસ્થા છે જે તાત્કાલિક ચૂકવવાના નથી. વળી તે વ્યવસ્થા સામાન્ય અને સતત ચાલુ રહેતી હોય છે. આ ગુણોત્તર નીચેની ગણતરીથી ગણાય છે.

$$\text{પ્રવાહી ગુણોત્તર} = \frac{\text{પ્રવાહી ચાલું મિલકતો}}{\text{પ્રવાહી ચાલું દેવાં}}$$

**(૩) એસિડ કસોટી અથવા ઝડપી ગુણોત્તર (Acid test or Quick Ratio) :** પ્રવાહી ગુણોત્તર વખતે જે પ્રવાહી ચાલુ મિલકતો ધ્યાનમાં લેવામાં આવે છે તેને બદલે જો તાત્કાલિક રોકડના રૂપમાં થાય તેવી મિલકતોને કંપનીની રોકડ તેમજ બેંક સાથે ધ્યાનમાં લઈને કંપની ઝડપી મિલકતો સામે કંપનીના પ્રવાહી ચાલુ દેવાંનું પ્રમાણ સરખાવવા જે ગુણોત્તર ગણવામાં આવે છે તેને એસિડ કસોટી ગુણોત્તર અથવા ઝડપી ગુણોત્તર કહે છે. કંપનીના પ્રવાહી ચાલુ દેવા ચૂકવવા માટેની ઝડપી વ્યવસ્થા શક્તિ આ ગુણોત્તરમાં ધ્યાનમાં લેવાય છે. તેથી કંપનીની રોકડ/બેંક તેમજ તાત્કાલિક રોકડમાં ફેરવી શકાય તેવા રોકાણો જ અહીં ગણતરીમાં લેવાય છે. અગત્યની બાબત એ છે કે ઝડપી મિલકતોમાં સ્ટોક, દેવાદારો, લેણીહૂંડી જેવી રકમનો સમાવેશ કરવામાં આવતો નથી. આ ગુણોત્તર, ચાલુ ગુણોત્તર કે પ્રવાહી ગુણોત્તર કરતાં પણ વધુ કડક પદ્ધતિએ કંપનીની પ્રવાહી ચાલુ દેવા ચૂકવણી શક્તિનો નિર્દેશ કરે છે. સામાન્યતઃ કંપની પાસે બીજાથી ત્રીજા ભાગના પ્રવાહી ચાલુ દેવા ચૂકવવા જેટલી ઝડપી મિલકતો હોય તો સ્થિતિ સારી ગણાય. આ ગુણોત્તર કંપનીની સંપૂર્ણ પ્રવાહી સ્થિતિના નિર્દેશ કરે છે. તેથી તેને સંપૂર્ણ પ્રવાહી ગુણોત્તર (Absolute Liquidity Ratio) પણ કહે છે.

$$\text{એસિડ કસોટી અથવા ઝડપી ગુણોત્તર} = \frac{\text{ઝડપી મિલકતો}}{\text{પ્રવાહી ચાલુ દેવાં}}$$

**(૪) દેવાદાર ગુણોત્તર : (Debtor's Ratio) : અથવા દેવાદાર ચલનદર (Debter's turnover) :** પા.સ.નો ગુણોત્તર છે. કંપનીની પ્રવાહિતાનું વિશ્લેષણ કરવા માટે કંપનીની ઉઘરાણી મેળવવાની શક્તિ કાર્યક્ષમતા તપાસવી જરૂરી બને છે. આ માટે દેવાદાર ગુણોત્તરની ગણતરી કરવામાં આવે છે. જ્યારે કંપનીના કુલ વેચાણમાં ઉધાર વેચાણનો સારો એવો હિસ્સો

ગુણોત્તર વિશ્લેષણ - 1

હોય ત્યારે કંપનીની પ્રવાહિતાનું વિશ્લેષણ કરવા માટે દેવાદાર ગુણોત્તર ખાસ તપાસવો જોઈએ. આ ગુણોત્તર કુલ લેણા (દેવાદારો + લેણીહૂંડી) અને વેચાણ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. દેવાદારની કુલ રકમ અને લેણીહૂંડીની રકમને સરેરાશ દૈનિક વેચાણ વડે ભાગવાથી આ ગુણોત્તર મળે છે.

$$\text{દેવાદાર ગુણોતર} = \frac{\text{દેવાદારો } + \text{ લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times 365 \text{ (અથવા વર્ષનાં દિવસો સૂચવ્યા હોય તે મુજબ)}$$

અથવા

$$\text{દેવાદાર ગુણોતર} = \frac{\text{દેવાદારો } + \text{ લેણીહૂંડી}}{\text{સરેરાશ દૈનિક વેચાણ}}$$

$$\text{જ્યાં સરેરાશ દૈનિક વેચાણ} = \frac{\text{ઉધારવેચાણ}}{365 \text{ દિવસો}}$$

**દેવાદારનો ચલનદર : (Debtor's Turnover) :** આ ગુણોત્તર વર્ષ દરમિયાન દેવાદાર પાસેથી ઉધાર વેચાણની રકમ ઉઘરાણી સ્વરૂપે મળે છે. તેનો સમયગાળો દર્શાવે છે. પ્રથમ સરેરાશ દેવાદારો શોધવામાં આવે છે. ત્યારબાદ ઉધાર વેચાણને આ સરેરાશ દેવાદારો વડે ભાગવાથી દેવાદારોનો ચલનદર મળે છે. ઉપરની ગણતરી મુજબ જ દેવાદારોમાં લેણીહૂંડીનો સમાવેશ કરવામાં આવે છે. તેથી દેવાદારો + લેણીહૂંડી વડે દેવાદારોની શરૂની બાકી અને આખર બાકી શોધવામાં આવે છે. સૂત્ર નીચે મુજબ છે :

$$\text{દેવાદારનો ચલનદર} = \frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાશ દેવાદારો}}$$

$$\text{જ્યાં સરેરાશ દેવાદારો} = \frac{\text{શરૂના દેવાદારો} + \text{લેણીહૂંડી} + \text{આખરના દેવાદારો અને લેણી હૂંડી}}{\text{૨}}$$

**(૫) લેણદારોનો ગુણોત્તર અથવા લેણદાર ઊથલો કે ચલનદર (Creditor's Ratio or Creditor Turnover or Creditor's velocity) :** ઉધાર ખરીદી બાદ તેના લેણદારોને નાણા ચૂકવવાનો અને ધંધાનો માલ ઉછીનો લેવાની અને નાણાં પરત કરવાની નીતિ કેવી છે તેનો ખ્યાલ આ ગુણોત્તર આપે છે. આ ગુણોત્તર નીચે મુજબ બે રીતે નક્કી કરવામાં આવે છે. દેવાદાર ગુણોત્તરની જેમ અહીં સૂત્રમાં દિવસો ધ્યાનમાં લેવા.

જો **લેણદાર ગુણોત્તર** શોધવાનો હોય તો,

$$\text{લેણદાર ગુણોત્તર} = \frac{\text{લેણદારો} + \text{દેવીહૂંડી}}{\text{ઉધાર ખરીદી}} \times 365 \text{ દિવસ}$$

જો ઉપરોક્ત સૂત્રોમાં ઉધાર ખરીદીની રકમને બદલે છેદમાં સરેરાશ દૈનિક ખરીદી મૂકવામાં આવે તો પ્રથમ.

$$\text{સરેરાશ દૈનિક ખરીદી} = \frac{\text{ઉધાર વેચાણ}}{365 \text{ દિવસ}}$$

$$\text{લેણદાર ગુણોત્તર} = \frac{\text{લેણદારો} + \text{દેવીહૂંડી}}{\text{સરેરાશ દૈનિક ખરીદી}}$$

જો લેણદાર ચલનદરને આધારે ગણતરી કરવાની હોય તો પ્રથમ સરેરાશ લેણદારો શોધવા.

$$\text{સરેરાશ લેણદારો} = \frac{\text{(શરૂના લેણદારો અને દેવીહૂંડી)} + \text{(આખરના લેણદારો અને દેવીહૂંડી)}}{\text{૨}}$$

$$\text{લેણદાર ચલનદર} = \frac{\text{ઉધાર ખરીદી}}{\text{સરેરાશ લેણદારો}}$$

**(૬) કુલ મિલકતોનો ઊથલો અથવા ચલનદર (Total Assets Turnover) :** સંચાલનની કાર્યક્ષમતા નક્કી કરવાના હેતુસર આ ગુણોત્તર જાણવામાં આવે છે. ધંધામાં રોકાયેલા નાણાં એટલે કે કુલ મિલકતોમાં થયેલા રોકાણને કેન્દ્રમાં રાખીને તેના દ્વારા વેચાણ વડે આવક મેળવવામાં આવતી હોવાથી વેચાણ અથવા વેચેલ માલની પડતરને કુલ મિલકત વડે ભાગવાથી આ ગુણોત્તર મળે છે.

$$\text{કુલ મિલકતોનો ઊથલો અથવા ચલનદર} = \frac{\text{વેચેલ માલની પડતર કે વેચાણ}}{\text{કુલ મિલકતો}}$$

**(૭) કાયમી અથવા સ્થિર મિલકતોનો ઊથલો ચલનદર (Fixed Assets Turnover) :** જ્યારે કુલ મિલકતોને બદલે માત્ર કાયમી અથવા સ્થિર મિલકતોને વેચાણ કે વેચેલ માલની પડતર સાથે સાંકળવામાં આવે ત્યારે આ ગુણોત્તર નક્કી થઆય છે.

$$\text{કાયમી અથવા સ્થિર મિલકતનો ઊથલો કે ચલનદર} = \frac{\text{વેચેલ માલની પડતર કે વેચાણ}}{\text{કાયમી મિલકતો}}$$

**(૮) ચાલુ મિલકતનો ઊથલો અથવા ચલનદર (Current + Assets Turnover) :** જે રીતે ચાલુ મિલકતો સાથે ચાલુ દેવાની સ્થિતિને આધારે ચાલુ ગુણોત્તરનો ઉપયોગ ધંધાની દેવુ ચૂકવવાની શક્તિ સાથે સંકળાયેલો છે તે રીતે ધંધામાં રોકાયેલ કાર્યશીલ મૂડી સામે વેચાણ કે વેચેલ માલની પડતરને સરખાવવામાં આવે ત્યારે આ ગુણોત્તર નક્કી થાય છે.

$$\text{ચાલુ મિલકતોનો ઊથલો અથવા ચલનદર} = \frac{\text{વેચેલ કે વેચાણ માલની પડતર}}{\text{ચાલ મિલકતો}}$$

**(૯) સ્ટોક (ફેરબદલી) ગુણોત્તર (Stock Turnovers Ratio) :** આ ગુણોત્તર ન.નુ. ખાતાનો ગુણોત્તર છે. સ્ટોક ચલનદર કે સ્ટોક ઊથલો માલ-સામાન સ્ટોકમાં રોકાયેલી મૂડીનો ઉપયોગ કેટલી કાર્યક્ષમતાએ થાય છે તે તપાસવા માટે ગણવામાં આવે છે. આ ઉથલાની ગતિના આધારે વેચાણની કાર્યક્ષમતા માપી ધંધાકીય એકમની પ્રવાહિતા પર શું અસર હોઈ શકે તે તપાસવામાં આવે છે. વર્ષ દરમિયાન કે અમુક સમય દરમિયાન સ્ટોક કેટલો વખત વેચી શકાય છે તે અંગેની માહિતી મેળવવા માટે આ ગુણોત્તરની ગણતરી કરવામાં આવે છે. આ ગુણોત્તર વેચાણની કાર્યક્ષમતા, વેચાણના પ્રમાણમાં સ્ટોકનો જથ્થો કેવો હોવો જોઈએ વગેરે બાબતો તેમજ પ્રવાહિતાનું વિશ્લેષણ કરવામાં ઉપયોગી બને છે.

$$\text{સ્ટોક ફેરબદલી ગુણોત્તર} = \frac{\text{વેચાયેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$$

$$\text{જેમાં સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂનો સ્ટોક} + \text{આખરનો સ્ટોક}}{\text{૨}}$$

જો શરૂનો સ્ટોક ન આપવામાં આવે તો સરેરાશ સ્ટોકના બદલે આખર સ્ટોક ધ્યાનમાં લેવામાં આવે છે.

જ્યારે વેચાયેલ માલની પડતરનો હિસાબી આંકડો તેમજ સરેરાશ સ્ટોક વાર્ષિક હિસાબમાંથી ન મળી શકતો હોય ત્યારે,

$$\text{સ્ટોક ફેરબદલી ગુણોત્તર} = \frac{\text{વેચાણ}}{\text{આખરનો સ્ટોક}}$$, એ રીતે ગુણોત્તર કરવામાં આવે છે.

**(B) મૂડીમાળખા અંગેનું અને લાંબા ગાળાની નાણાકીય પરિસ્થિતિ અંગેના વિશ્લેષણ સંબંધી ગુણોત્તર**

**(૧) અનામત અને મૂડી ગુણોત્તર :** જુદા જુદા હેતુસર નફામાંથી ફાળવવામાં આવેલી રકમને અનામત કહેવામાં આવે છે. અનામતોને શેરમૂડી વડે ભાગતાં આ ગુણોત્તર મળે છે.

$$\text{અનામત અને મૂડી ગુણોત્તર} = \frac{\text{અનામત}}{\text{મૂડી}}$$

**(૨) દેવાં-ઇક્વિટી ગુણોત્તર (Debt-Equity Ratio) :** આ ગુણોત્તર ન.નુ. ખાતુ અને પા.સ. બંનેનો મિશ્ર ગુણોત્તર છે. માલિકી ભંડોળ અને દેવાં વચ્ચેના પ્રમાણને દેવાં-ઇક્વિટી ગુણોત્તર કહેવામાં આવે છે. ધંધાકીય એકમમાં માલિકી ભંડોળના પ્રમાણમાં ધંધાના લાંબાગાળાના દેવાં કેટલાં છે તે જાણવામાં આ ગુણોત્તર ઉપયોગી બને છે. માલિકીના ભંડોળની સરખામણીએ ધંધાકીય એકમના દેવાંનું પ્રમાણ જાણવાથી ધંધાકીય એકમના દેવાનું પ્રમાણ જાણવાથી ધંધાકીય એકમ પોતાની માલિકીના ભંડોળ પર (આંતરીક ભંડોળ સાધનો) અને બાહ્ય દેવા પર (બાહ્ય ભંડોળ સાધનો) કેટલો આધાર રાખે છે તેનો ખ્યાલ આવે છે. લાંબાગાળાની નાણાકીય પરિસ્થિતિનું વિશ્લેષણ કરવા માટે આ એક અત્યંત મહત્ત્વનો ગુણોત્તર છે. આ ગુણોત્તર કંપનીની લાંબાગાળાની નાણાકીય સધ્ધરતા દર્શાવે છે. દેવા ઇક્વિટી ગુણોત્તર એટલે :

$$\text{દેવા-ઇક્વિટી ગુણોત્તર} = \frac{\text{લાંબાગાળાના દેવા}}{\text{માલકી ભંડોળ}} \times 100$$

$$\text{કુલ દેવાના આધારે દેવા-ઇક્વિટી ગુણોત્તર} = \frac{\text{કુલ દેવા}}{\text{માલકી ભંડોળ}} \times 100$$

**(૩) વ્યાજ આવરણ ગુણોત્તર (Interest Coverage Ratio) :** આ ગુણોત્તર ન.નુ. ખાતાનો અને પા.સ.નો ગણાય છે. વ્યાજ કરતા ચોખ્ખો નફો કેટલા ગણો છે તે દર્શાવવા ગુણોત્તરને વ્યાજ આવરણ ગુણોત્તર કહેવામાં આવે છે. અહીં ચોખ્ખો નફો એટલે વ્યાજ અને કરવેરા પહેલાનો ચોખ્ખો નફો. વ્યાજમાં નિશ્ચિત દરેક ચૂકવવામાં આવતી વ્યાજની રકમનો સમાવેશ કરવામાં આવે છે. અહીં કેટલીક વાર વ્યાજમાં પ્રેફરન્સ શેરના ડિવિડન્ડનો તથા પ્રેફરન્સ શેર કે ડિબેંચર પરત કરવા માટે પરત કરવાની જોગવાઈની રકમનો પણ સમાવેશ કરવામાં આવે છે.

$$\text{વ્યાજ આવરણ ગુણોત્તર} = \frac{\text{વ્યાજ અને કરવેરા પહેલાનો નફો (EBIT)}}{\text{વ્યાજ}}$$

**(૪) મિલકત ગુણોત્તર (Fixed Assets to Current Assets Ratio) :** કાયમી મિલકતોને ચાલુ મિલકતો વડે ભાગતાં આ ગુણોત્તર મળે છે જે કાયમી મિલકતો સામે ચાલુ મિલકતોનું પ્રમાણ દર્શાવે છે. આ ગુણોત્તર જેમ ઊંચો હોય તેમ ધંધાની એકંદર મિલકતોની દૃષ્ટિએ આર્થિક સ્થિતિ મજબૂત ગણાય છે. નીચેના સૂત્ર વડે ગણતરી કરવામાં આવે છે.

$$\text{મિલકત ગુણોત્તર} = \frac{\text{કાયમી મિલકતો}}{\text{ચાલુ મિલકતો}}$$

**(૫) ગિયર અથવા ગિયરીંગ ગુણોત્તર (Gear or Gearing Ratio) :** આ ગુણોત્તર એકમની પ્રેફરન્સ શેરમૂડી અને ઓર્ડિનરી શેરમૂડી વચ્ચેનું પ્રમાણ દર્શાવે છે. પ્રેફરન્સ શેરમૂડી નિશ્ચિત ડિવિડન્ડ ચૂકવાય તે પ્રકારની મૂડી છે અને જો ડિબેંચર હોય તો તેનું વ્યાજ પણ નિશ્ચિત હોય છે. તેથી નિશ્ચિત ડિવિડન્ડ અને વ્યાજ બોજવાળી મૂડીના પ્રમાણ સામે ઇક્વિટી અથવા ઓર્ડિનરી મૂડીના પ્રમાણની સરખામણી વડે ગુણોત્તરની મદદથી લઘુતમ કે મહત્તમ ગિયરીંગ જાણી શકાય છે. આ ગુણોત્તર નીચેના સૂત્ર મુજબ નક્કી થાય છે.

$$\text{ગિયરીંગ ગુણોત્તર} = \frac{\text{પ્રેફરન્સ શેરમૂડી} + \text{ડિબેન્ચર મૂડી}}{\text{ઇક્વિટી કે ઓર્ડિનરી મૂડી}}$$

**(૬) માલિકી ગુણોત્તર : (માલિકી ભંડોળનો કુલ મિલકતોનો ફાળો) (Proprietory Ratio) :** આ ગુણોત્તર પા.સ.નો ગુણોત્તર છે. ઇક્વિટી શેરહોલ્ડરોની કુલ રકમને કુલ મિલકતો વડે ભાગવાથી માલિકી ગુણોત્તર મળે છે. અહીં માલિકી ભંડોળ એટલે કે ઇક્વિટી શેરહોલ્ડરોની કુલ રકમમાં ઇક્વિટી શેરમૂડી અનામતો ન.નુ. ખાતાની જમા બાકીનો સમાવેશ થાય છે.

$$\text{માલિકી ગુણોત્તર} = \frac{\text{માલિકી ભંડોળની કુલ રકમ}}{\text{કુલ મિલકતો}} \times 100$$

માલિકી ભંડોળ = ઓર્ડિ. + પ્રેસ.મૂડી + અનામત વધારો – અવાસ્તવિક મિલકતો અને કુલ મિલકતો એટલે કે ચાલુ મિલકતો + કાયમી મિલકતો

**(C) નફાકારકતા અને કાર્યક્ષમતા અંગેના વિશ્લેષણ, વિવેચન સંબંધી ગુણોત્તર :**

**(૧) કાચા નફાનો ગુણોત્તર (Gross Profit Ratio) :** કાચો નફો અને વેચાણ વચ્ચેના સંબંધો એટલે કાચા નફાનો ગુણોત્તર

$$\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$$

**(૨) ચોખ્ખો નફાનો ગુણોત્તર (Net Profit Ratio) :** ચોખ્ખો નફો અને વેચાણ વચ્ચેના સંબંધ એટલે ચોખ્ખા નફાનો ગુણોત્તર. અહીં ચોખ્ખો નફો એટલે બધા ખર્ચાઓ, ઘસારો અને કરવેરાની જોગવાઈ કર્યા પછી વધતો નફો.

$$\text{ચોખ્ખા નફાનો ગુણોત્તર} = \frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$$

**(૩) સંચાલન ગુણોત્તર (Operating Ratio) :** વેચાયેલ માલની પડતર અને ધંધો ચલાવવાના કુલ ખર્ચા તથા વેચાણ વચ્ચેનો સંબંધ એટલે સંચાલન ગુણોત્તર

$$\text{સંચાલન ગુણોત્તર} = \frac{\text{વેચાયેલ માલની પડતર} + \text{ધંધો ચલાવવાનો ખર્ચ}}{\text{વેચાણ}} \times 100$$

**(૪) ખર્ચ ગુણોત્તર (Expenditure Ratio) :** સંચાલન ગુણોત્તરમાં ફેરફાર કયા કારણોસર થયો છે તે સમજાવતો આ ખર્ચ ગુણોત્તર સંચાલન ગુણોત્તરનો પૂરક ગુણોત્તર છે. વેચાણ પ્રવૃત્તિ સાથે સંબંધીત માલસામાન, મજૂરી, ઉત્પાદન, કામગીરી, વહીવટી, નાણાકીય, વેચાણ, વિતરણ જેવા, દરેક ખર્ચ તથા વેચાણ વચ્ચેનો સંબંધ એટલે ખર્ચ ગુણોત્તર.

$$\text{ખર્ચ ગુણોત્તર} = \frac{\text{ખર્ચ}}{\text{વેચાણ}} \times 100$$

**(C) સમગ્ર રોકાણ સંબંધી નફાકારકતા અંગે વિશ્લેષણનો ગુણોત્તર :**

**(૧) શેરહોલ્ડરના રોકાણો પર વળતરનો ગુણોત્તર (Return on Shareholder's Investment Ratio) :** શેરહોલ્ડરની કુલ રકમ એટલે કે માલિકોએ રોકેલી મૂડી પર વળતરનો દર ગણવાથી શેરહોલ્ડરના રોકાણો પર વળતર મેળવવાની કંપનીની કાર્યક્ષમતાનો ખ્યાલ મળી રહે છે. શેરહોલ્ડરની કુલ રકમ અને શેરહોલ્ડરને ફાળે આવતા ચોખ્ખા નફાનો સંબંધ એટલે શેરહોલ્ડર્સના રોકાણો પર વળતરનો ગુણોત્તર.

$$\text{શેર હોલ્ડરના રોકાણો પર વળતરનો ગુણોત્તર} = \frac{\text{કરવેરા બાદનો ચોખ્ખો નફો}}{\text{શેરહોલ્ડરનાં રોકાણો}} \times 100$$

**(૨) ઈક્વિટી શેરહોલ્ડરનાં ભંડોળો પર વળતરનો ગુણોત્તર (Rate of Return on Equity Shareholder Fund) :** કંપનીના કરવેરા બાદનાં એટલે કે ચોખ્ખા નફામાંથી પ્રે.શેર ડિવિડન્ડ બાદ કર્યા પછી જે નફો રહે તેને ઈક્વિટી શેરહોલ્ડરો માટેનો નફો કહેવામાં આવે છે. આ નફાને ઈક્વિટી શેરમૂડી તેમજ મુક્ત અનામત વડે ભાગવાથી આ ગુણોત્તર મળે છે. જે ઈ.શેરહોલ્ડરના ભંડોળ પર ટકાવારી સૂચવે છે. ઇ.શેરહોલ્ડરનાં ભંડોળમાં ઇ.શેરમૂડી અને મુક્ત અનામતો ધ્યાનમાં લેવાથી અવાસ્તવિક મિલકતો હોય તો બાદ કરવી.

ઇ.શેરહોલ્ડરોનાં ભંડોળ પર વળતરનો ગુણોત્તર :

$$= \frac{\text{ચોખ્ખો નફો} - \text{પ્રે.શેર ડિવિડન્ડ}}{\text{ઇ.શેરમૂડી} + \text{મુક્ત અનામતો}} \times 100$$

**(૩) ઈક્વિટી શેરમૂડી પર ડિવિડન્ડનો કે વળતરનો દર (Rate of Return on Equity Share capital) :** કંપનીના કરવેરા પછીના ચોખ્ખા નફામાંથી સૌપ્રથમ પ્રેફરન્સ શેરહોલ્ડરને તેમજ અન્ય પક્ષકારોને ડિવિડન્ડ અને વ્યાજ ચૂકવ્યા પછી વધતો નફો કંપનીના માલિકો દ્વારા ઈક્વિટી શેરહોલ્ડરોને ડિવિડન્ડ તરીકે વહેંચવામાં આવે છે. ચોખ્ખો નફો અને ઈક્વિટી શેરમૂડી વચ્ચેના સંબંધને ઈક્વિટી શેરમૂડી પર વળતરનો દર કહેવામાં આવે છે.

ઈક્વિટી શેરમૂડી પર ડિવિડન્ડનો વળતરનો દર

$$= \frac{\text{પ્રે.શેર ડિવિડન્ડ પછીનો ચોખ્ખો નફો અથવા ડિવિડન્ડ}}{\text{ઓર્ડિનરી શેરમૂડી}} \times 100$$

**(૪) કુલ મિલકતો પર વળતરનો દર (Rate of Return on total Assets) :** ધંધામાં કુલ મિલકતો રૂપે રહેલ મૂડીરોકાણ પૂરું પાડનારા ધંધાના માલિકો અને અન્ય લેણદારો સ્વરૂપના રોકાણકારોની મૂડીનો ઉપયોગ તપાસવા માટે કર બાદના ચોખ્ખા નફા સાથે કુલ મિલકતોને ભાગતાં પ્રાપ્ત થતો ગુણોત્તર છે.

કુલ મિલકતો પર વળતરનો દર :

$$\frac{\text{કરવેરા બાદનો ચો.નફો} + \text{વ્યાજ}}{\text{કુલ મિલકતો}} \times 100$$

**(૫) શેરદીઠ કમાણીનો દર (Earning per Share) :** ઈક્વિટી શેર સંખ્યાને ધ્યાનમાં લઈને પ્રે.શેર ડિવિડન્ડ બાદનો ચો.નફો એટલે કે ઇ.શેર હોલ્ડરોને માટે વહેંચણીપાત્ર નફાને આધારે શેરદીઠ નફાકારકતા તેમજ કમાણીદર શોધવા માટે નીચે મુજબના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

$$EPS = \frac{\text{પ્રે.શેર ડિવિડન્ડ બાદનો ચોખ્ખો નફો}}{\text{ઇ.શેર સંખ્યા}}$$

**(૬) શેરદીઠ ડિવિડન્ડનો દર (Dividend per share) :** ઈક્વિટી અથવા ઓર્ડિનરી શેર હોલ્ડરને કુલ ચૂકવેલ ડિવિડન્ડ દરેક શેરહોલ્ડર્સ વચ્ચે શેરદીઠ કેટલું ચૂકવાયું તે નક્કી કરવા માટે ડિવિડન્ડનો શેરદીઠ દર શોધવામાં આવે છે.

શેરદીઠ ડિવિડન્ડનો દર :

$$DPS = \frac{\text{ઈક્વિટી અથવા ઓર્ડિનરી શેર હો.ને ચૂકવેલ ડિવિડન્ડ}}{\text{ઈક્વિટી અથવા ઓર્ડિનરી શેર સંખ્યા}}$$

**(૭) ડિવિડન્ડ ચૂકવણી ગુણોત્તર (Dividend payout Ratio) અને જાળવી રાખેલ કમાણીનો ગુણોત્તર (Retained earning Ratio) :** જ્યારે EPS અને DPS ની ગાણિતિક સરખામણી વડે એ નક્કી કરવામાં આવે છે કે એકમ દ્વારા ચૂકવાતું ડિવિડન્ડ શેરદીઠ કમાણીને આધારે કેટલા પ્રમાણમાં કે કેટલી ટકાવારીથી છે ત્યારે તે બે બાબત નક્કી કરે છે : (A) ડિવિડન્ડ ચૂકવણી ગુણોત્તરએ અને (B) જાળવી રાખેલ કમાણીનો ગુણોત્તર કે બંનેના સૂત્રમાં નીચે મુજબ છે.

(A) ડિવિડન્ડ ચૂકવણી ગુણોત્તર $= \frac{DPS}{EPS}$

(B) જાળવી રાખેલ કમાણીનો ગુણોત્તર = 100 − DPR

**(૮) રોકાયેલી મૂડી પર વળતરનો દર (Return on Employed Capital) :** કંપનીના ચોખ્ખા નફા અને રોકાયેલી મૂડી વચ્ચેના સંબંધને રોકાયેલી મૂડી પર વળતરનો દર કહેવામાં આવે છે. ધંધાકીય એકમની સમગ્ર નફાકારકતા તપાસવા માટે આ ગુણોત્તરનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ ગુણોત્તર ધંધાકીય એકમની સમગ્ર કાર્યક્ષમતા દર્શાવતો ગુણોત્તર છે. નીચેના સૂત્ર વડે તે શોધી શકાય છે.

$$\text{રોકાયેલી મૂડી ઉપર વળતરનો દર} = \frac{\text{વ્યાજ અને કરવેરા પહેલાનો ચો.નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$$

## 4.7 વિવિધ ગુણોત્તરોનાં સૂત્રો

ગુણોત્તરોના વિવિધ સૂત્રો યાદ રાખવા જરૂરી છે. દરેક ગુણોત્તરની ઉપયોગિતા છે. આ અંગે આપેલા કોષ્ટકમાં તેને દર્શાવેલ છે.

### (૧) નફા-નુકસાન ખાતાના ગુણોત્તરો

| પ્રકાર | ઉપયોગિતા | સૂત્ર |
|---|---|---|
| ૧. કાચા નફાનો ગુણોત્તર | ધંધાની નફાકારકતા અંગે ખ્યાલ આપે છે. | $\frac{\text{કાચો નફો}}{\text{ચોખ્ખું વેચાણ}} \times 100$ |
| ૨. ચોખ્ખા નફાનો ગુણોત્તર | ધંધાની નફાકારકતા અંગે ખ્યાલ આપે છે. | $\frac{\text{ચોખ્ખો નફો}}{\text{ચોખ્ખું વેચાણ}} \times 100$ |
| ૩. ખર્ચ ગુણોત્તર | ધંધાની ખર્ચનું પ્રમાણ જણાવે છે. | $\frac{\text{કુલ ખર્ચ}}{\text{ચોખ્ખું વેચાણ}} \times 100$ |
| ૪. સંચાલન ગુણોત્તર | ધંધાના સંચાલનની કાર્યક્ષમતા જણાવે છે. | $\frac{\text{વેચેલ માલની પડતર + સંચાલન ખર્ચ}}{\text{ચોખ્ખું વેચાણ}} \times 100$ |
| ૫. સ્ટોક ચલનદર | ધંધાની નફાકારકતા તથા વેચાણની કાર્યક્ષમતા દર્શાવે છે. | $\frac{\text{વેચેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$ અથવા $\frac{\text{વેચાણ}}{\text{સરેરાશ સ્ટોક}}$ |

## (૨) પાકા સરવૈયાનાં ગુણોત્તરો

| પ્રકાર | ઉપયોગિતા | સૂત્ર |
|---|---|---|
| ૧. ચાલુ ગુણોત્તર | ચાલુ દેવાં ચૂકવવાની શક્તિ અને આર્થિક સધ્ધરતા દર્શાવે છે. | $\frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$ |
| ૨. પ્રવાહી ગુણોત્તર (એસિડ કસોટી) | ધંધાની ત્વરિત રોકડ સ્થિતિ અને તરલતાનો ખ્યાલ આપે છે. | $\frac{\text{ચાલુ મિલકતો (સ્ટોક સિવાય)}}{\text{ગુણોત્તર ચાલુ દેવાં (બેંક ઓડી સિવાય)}}$ |
| ૩. માલિકીનો ગુણોત્તર | ભવિષ્યની નાણાકીય સ્થિતિનો ખ્યાલ આપે છે. | $\frac{\text{માલિકીનું ભંડોળ}}{\text{કુલ મિલકતો}}$ |
| ૪. કાયમી મૂડી મિલકત ગુણોત્તર | ભવિષ્યની નાણાકીય સ્થિતિનો ખ્યાલ આપે છે. | $\frac{\text{શેરહોલ્ડરના ફંડ + લાંબાગાળાની લોન}}{\text{કાયમી મિલકતો}}$ |
| ૫. અનામત અને મૂડી ગુણોત્તર | ધંધાની સમૃદ્ધિનો ખ્યાલ આપે છે. | $\frac{\text{અનામતો}}{\text{શેરમૂડી}}$ |
| ૬. મિલકત ગુણોત્તર | ધંધાની સમૃદ્ધિનો ખ્યાલ આપે છે. | $\frac{\text{કાયમી મિલકતો}}{\text{ચાલુ મિલકતો}}$ |

## (૩) મિશ્ર કે સંયુક્ત ગુણોત્તરો

| પ્રકારો | ઉપયોગિતા | સૂત્ર |
|---|---|---|
| ૧. રોકાયેલી મૂડી પર વળતરનો દર | રોકાણ કેટલું કાર્યક્ષમ છે તે જાણી શકાય છે. | $\frac{\text{ચોખ્ખો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$ |
| ૨. શેર હોલ્ડરના ભંડોળ પર વળતર | વળતર દરની ટકાવારી જાણી રોકાણ કેટલું આકર્ષક છે તે નક્કી કરી શકાય. | $\frac{\text{ચોખ્ખો નફો}}{\text{શેરમૂડી} + \text{અનામત વધારો}} \times 100$ |
| ૩. ઓર્ડિનરી શેરમૂડી પર ડિવિડન્ડ દર | નફાકારકતા-વહીવટી કાર્યદક્ષતા જાણી શકાય. | $\frac{\text{ડિવિડન્ડની રકમ}}{\text{ઓર્ડિનરી શેરમૂડી}} \times 100$ |
| ૪. દેવાદાર ગુણોત્તર | ઉઘરાણી વસૂલાતની કાર્યદક્ષતા જાણી શકાય. | $\frac{\text{દેવાદાર} + \text{લેણીહૂંડી}}{\text{સરેરાશ દૈનિક ઉધાર વેચાણ}}$ <br> દૈનિક ઉધાર વેચાણ $= \frac{\text{ઉધાર વેચાણ}}{365 \text{ દિવસ}}$ |
| ૫. ગીયરીંગ ગુણોત્તર | મૂડીનું લઘુતમ કે મહત્તમ ગીયરીંગ જાણી શકાય છે. | $\frac{\text{ઓર્ડિનરી શેરમૂડી}}{\text{પ્રેફરન્સ શેરમૂડી}}$ |
| ૬. લેણદારોની ગતિ કે ઊથલો | ઉછીના નાણાં લેવાની અને પરત કરવાની નીતિ જાણી શકાય. | $\frac{\text{લેણદારો} + \text{દેવીહૂંડી}}{\text{ઉધાર ખરીદી}} \times 365$ |
| ૭. કુલ મિલકતોનો ઊથલો | સંચાલનની કાર્યદક્ષતા જાણી શકાય. | $\frac{\text{વેચેલ માલની પડતર / વેચાણ}}{\text{કુલ મિલકતો}}$ |
| ૮. સ્થિર મિલકતોનો ઉથલો | વહીવટી કાર્યદક્ષતા જાણી શકાય | $\frac{\text{વેચેલ માલની પડતર કે વેચાણ}}{\text{સ્થિર મિલકતો}}$ |

## 4.8 વિવિધ ઉદાહરણો (પૂર્ણ જવાબો સહિત)

**ઉદાહરણ 1 :** નીચેની માહિતી નિલાંજસે આપી છે.

| | | |
|---|---|---|
| વેચાણ (40% રોકડ વેચાણ) | | 15,00,000 |
| બાદ : વેચાણ પડતર | | 7,50,000 |
| | કાચો નફો | 7,50,000 |
| બાદ : ઑફિસ ખર્ચા | 1,25,000 | |
| વેચાણ ખર્ચા | 1,25,000 | 2,50,000 |
| | | 5,00,000 |
| બાદ : કરવેરા | | 2,50,000 |
| | ચોખ્ખો નફો | 2,50,000 |

**તા. 31-3-2019ના રોજનું પાકુ સરવૈયું**

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 20,00,000 | કાયમી મિલકતો | 55,00,000 |
| 10%ની પ્રે.શેર મૂડી | 20,00,000 | સ્ટોક | 1,75,000 |
| અનામતો | 11,00,000 | દેવાદારો | 3,50,000 |
| 10%ના ડિબેન્ચર | 10,00,000 | લેણીહૂંડીઓ | 50,000 |
| લેણદારો | 1,00,000 | રોકડ | 2,25,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 1,50,000 | પ્રાથમિક ખર્ચાઓ | 1,00,000 |
| દેવીહૂંડીઓ | 45,000 | | |
| ચૂકવવાના બાકી ખર્ચા | 5,000 | | |
| | 64,00,000 | | 64,00,000 |

શરૂનો સ્ટોક રૂા.3,25,000 છે. વર્ષના કામકાજના દિવસો 360 ધ્યાનમાં લો. નીચેના ગુણોત્તરની ગણતરી કરો.

(1) કાચા નફાનો ગુણોત્તર
(2) સ્ટોક ગુણોત્તર
(3) સંચાલન ગુણોત્તર
(4) ચાલુ ગુણોત્તર
(5) પ્રવાહી ગુણોત્તર
(6) દેવાદારનો ચલનદર
(7) લેણદારનો ચલનદર
(8) માલિકી ગુણોત્તર
(9) ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો ગુણોત્તર
(10) ઇક્વિટી શેર પર વળતરનો ગુણોત્તર

**જવાબ :** **<u>જરૂરી ગણતરી :</u>**

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂસ્ટોક} + \text{આ.સ્ટોક}}{2}$$

$$= \frac{3,25,000 + 1,75,000}{2}$$

$$= 2,50,000$$

ચાલુ મિલકતો = સ્ટોક + દેવાદાર + લેણીહૂંડી + સ્ટોક
= 1,75,000 + 3,50,000 + 50,000 + 2,22,5000
= 8,00,000

ચાલુ દેવા = લેણદારો + બેંક ઓવરડ્રાફ્ટ + દેવીહૂંડીઓ + ચૂ.બાકી ખર્ચા
= 1,00,000 + 1,50,000 + 45,000 + 5,000
= 3,00,000

પ્રવાહી મિલકતો = ચાલુ મિલકતો − આ.સ્ટોક
= 8,00,000 − 1,75,000
= 6,25,000

પ્રવાહી દેવા = ચાલુ દેવા − B.O.D. (બેંક ઓવરડ્રાફ્ટ)
= 3,00,000 − 1,50,000
= 1,50,000

**ઉધાર વેચાણ**

| | |
|---|---|
| કુલ વેચાણ | 15,00,000 |
| રોકડ વેચાણ (40%) | 6,00,000 |
| ઉ.વે. | **9,00,000** |

માલિકી ભંડોળ = ઈ.મૂડી + પ્રે.મૂડી + અનામત − પ્રાથમિક ખર્ચા
= 20,00,000 + 20,00,000 + 11,00,000 − 1,00,000
= 50,00,000

રોકાયેલી મૂડી = માલિકી ભંડોળ + લાંબાગાળાના દેવા
= 50,00,000 + 10,00,000 (ડિબેન્ચર)
= 60,00,000

(1) કાચા નફાનો ગુણોત્તર $= \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

$= \frac{7,50,000}{15,00,000} \times 100$

= 50%

(2) સ્ટોક ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

$= \frac{7,50,000}{2,50,000}$

= 3 ગણો

(3) સંચાલન ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર} + \text{સંચાલન ખર્ચ}}{\text{વેચાણ}} \times 100$

સંચાલન ખર્ચા = કાચોનફો − ચો.નફો (કરવેરા પહેલાનો)
= 7,50,000 − 5,00,000
= 2,50,000

$= \frac{7,50,000 + 2,50,000}{15,00,000} \times 100$

= 66.67%

(4) ચાલુ ગુણોત્તર $= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવા}}$

$= \frac{8,00,000}{3,00,000}$

$= 2.67:1$

(5) પ્રવાહી ગુણોત્તર $= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવા}}$

$= \frac{6,25,000}{1,50,000}$

$= 4.17:1$

(6) દેવાદાર ચલનદર $= \frac{\text{દેવાદારો + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$

$= \frac{3,50,000 + 50,000}{9,00,000} \times 360$

$= \frac{4,00,000}{9,00,000} \times 360$

$=$ 160 દિવસ

(7) લેણદાર ચલનદર $= \frac{\text{લેણદારો + દેવીહૂંડી}}{\text{ઉધાર ખરીદી}} \times \text{વર્ષના દિવસો}$

ઉધાર ખરીદી = વેચાણ પડતર + આખર સ્ટોક − શરૂ સ્ટોક

$= 7,50,000 + 1,75,000 - 3,25,000$

$= 6,00,000$

$= \frac{1,00,000 + 45,000}{6,00,000} \times 360$

$=$ 87 દિવસ

(8) માલિકી ગુણોત્તર $= \frac{\text{માલિકી ભંડોળ}}{\text{કુલ મિલકતો}} \times 100$

= કુલ મિલકતો = કુલ મિ. − પ્રા.ખર્ચ

$= 64,00,000 - 1,00,000$

$= 63,00,000$

$= \frac{50,00,000}{63,00,000} \times 100$

$= 79.37\%$

(9) રોકાયેલી મૂડી પર વળતરનો દર

(વ્યાજ-કરવેરા પહેલાનો) $= \frac{\text{ચો.નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

| | |
|---|---|
| ચો.નફો | 2,50,000 |
| +કરવેરા 50% | 2,50,000 |
| | 5,00,000 |
| + ડિબે.વ્યાજ | 1,00,000 |

વ્યાજ-કરવેરા પહેલાનો નફો = 6,00,000

ગુણોત્તર વિશ્લેષણ - 1

$$= \frac{6,00,000}{60,00,000} \times 100$$

$= 10\%$

(10) ઈક્વિટી શેરહોલ્ડરની મૂડી પર વળતરનો દર

$$= \frac{\text{ચો.નફો}}{\text{ઇ.શેરમૂડી}}(\text{પ્રે.ડિવિડન્ડ બાદ}) \times 100$$

| | |
|---|---|
| ચોખ્ખો નફો | 2,50,000 |
| – પ્રે.ડિવિડન્ડ | 2,00,000 |
| પ્રે.ડિવિ.બાદ નફો | 50,000 |

$$= \frac{50,000}{20,00,000} \times 100$$

$= 2.5\%$

કર બાદનો નફો રૂા.2,50,000 છે. તેમાંથી પ્રે.ડિવિડન્ડ રૂા.2,00,000 બાદ કરતા ઇ.શે.હો.ના ભાગે નફો રૂા.50,000 રહેશે.

**ઉદાહરણ 2** : રાજ લિ.નું તા.31-3-18ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**તા. 31-3-2013ના રોજનું પાકુ સરવૈયું**

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 2,50,000 | કાયમી મિલકતો | 4,80,000 |
| 10%ની પ્રે. મૂડી | 1,00,000 | સ્ટોક | 1,12,500 |
| અનામતો | 1,12,500 | દેવાદારો | 87,500 |
| 6%ના ડિબેંચર | 1,50,000 | લેણીહૂંડી | 25,000 |
| બેન્ક ઓવરડ્રાફટ | 25,000 | રોકડ અને બેંક સિલક | 45,000 |
| લેણદારો | 95,000 | પ્રાથમિક ખર્ચા | 12,500 |
| દેવીહુંડી | 3,00,000 | | |
| | 7,62,500 | | 7,62,500 |

અન્ય માહિતી :

| | | |
|---|---|---|
| (1) | કુલ વેચાણ (રોકડ, વેચાણ, ઉધાર વેચાણના 20%) | 9,00,000 |
| (2) | કાચો નફો | 3,60,000 |
| (3) | ચોખ્ખો નફો (વ્યાજ અને 50% લેખે કર પહેલાનો) | 2,43,000 |
| (4) | સ્ટોક તા.1-4-17ના રોજ | 1,03,500 |

ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તર ગણો અને ટૂંકું અર્થઘટન કરો.

(1) ચાલુ ગુણોત્તર
(2) દેવાદાર ગુણોત્તર (300 દિવસો)
(3) ચોખ્ખા નફાનો ગુણોત્તર
(4) મૂડી ગિયરીંગ ગુણોત્તર
(5) શેરહોલ્ડરોના ભંડોળો પર વળતર ગુણોત્તર
(6) સ્ટોક ચલનદર

**જવાબ :**

(1) ચાલુ ગુણોત્તર

ચાલુ મિલકત = સ્ટોક + દેવાદાર + લેણીહૂંડી + રોકડ

= 2,70,000

ચાલુ દેવા = બેંક ઓ.ડી. + લેણદારો + દેવીહૂંડી
= 1,50,000

$$= \frac{\text{ચાલુ મિલકત}}{\text{ચાલુ દેવા}} = \frac{2,70,000}{1,50,000} = 1.8:1$$

(2) દેવાદાર ગુણોત્તર
ધારો કે ઉધાર વેચાણ = 100
∴ રોકડ = 20 (20%)
કુલ = 120
120 – 100
9,00,000 – ? = 7,50,000

$$= \frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{ વર્ષના દિવસો}$$

$$= \frac{87,500 + 25,000}{7,50,000} \times 300$$

= 45 દિવસો

(3) ચોખ્ખા નફાનો ગુણોત્તર :

| | |
|---|---|
| વ્યાજ અને કર પહેલાનો નફો | 2,34,000 |
| – ડિબેંચર વ્યાજ (6%) | 9,000 |
| | 2,25,000 |
| – કરવેરા (50%) | 1,12,500 |
| વ્યાજ અને કર બાદનો નફો | 1,12,500 |

$$(\text{વ્યાજ - કરબાદનો}) = \frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{1,12,500}{9,00,000} \times 100 = 12.5\%$$

(4) મૂડી ગિયરીંગ $= \frac{\text{ડિબેંચર + પ્રે.મૂડી}}{\text{ઇ.મૂડી}}$

$$= \frac{1,50,000 + 1,00,000}{2,50,000} = \frac{2,50,000}{2,50,000} = 1:1$$

(5) સ્ટોક ચલનદર
વેચાણ પડતર = વેચાણ – કાચો નફો
= 9,00,000 – 3,60,000
વેચાણ પડતર = 5,40,000

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂ + આખર સ્ટોક}}{2}$$

$$= \frac{1,03,500 + 1,12,500}{2} = 1,08,000$$

$$= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}} = \frac{5,40,000}{1,08,000} = 5 \text{ વખત}$$

ગુણોત્તર વિશ્લેષણ - 1

(6) શેરહોલ્ડરના ભંડોળ પર વળતરનો દર :

માલિકી ભંડોળ = ઈ.શેર + પ્રે.શેર + અનામત − પ્રાથ.ખર્ચ

= 4,50,000

$$(\text{વ્યાજ - કરબાદનો}) = \frac{\text{ચોખ્ખો નફો}}{\text{માલિક ભંડોળ}} \times 100$$

$$= \frac{1,12,000}{4,50,000} \times 100 = 25\%$$

**ઉદાહરણ 3 :** ''મલ્હાર'' લિમિટેડના તા.31-3-09ના રોજના પાકા સરવૈયા અને વધારાની માહિતી પરથી નીચેના ગુણોત્તરો શોધો.

(1) સ્ટોક ટર્નઓવર ગુણોત્તર

(2) માલિકી ગુણોત્તર

(3) રોકાયેલી મૂડી પર વળતરનો દર

(4) લેણદાર ગુણોત્તર

(5) ઈક્વિટી મૂડી પર વળતરનો દર

**મલ્હાર લિ.નું તા.31-3-09ના રોજનું પાકું સરવૈયું**

| **જવાબદારીઓ** | **રૂા.** | **મિલકતો** | **રૂા.** |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 6,00,000 | કાયમી મિલકતો | 7,50,000 |
| નફા-નુકસાન ખઆતુ | 1,70,000 | સ્ટોક | 1,75,000 |
| 8%ના ડિબેન્ચર | 2,50,000 | દેવાદારો | 2,00,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 3,00,000 | લેણીહૂંડી | 50,000 |
| લેણદારો | 1,00,000 | રોકડ-બેંક | 2,45,000 |
| | 14,20,000 | | 14,20,000 |

વધારાની માહિતી :

(1) રોકડ વેચાણ કુલ વેચાણના 20% છે.

(2) તા.1-4-08ના રોજ સ્ટોક રૂા.1,25,000

(3) દેવાદાર ગુણોત્તર 90 દિવસનો છે. વર્ષના 360 દિવસો ગણવા.

(4) કાચો નફો વેચાણના 40% છે.

(5) ચો.નફો (વ્યાજ, કરવેરા પહેલાંનો) રૂા.2,50,000 છે.

(6) કરવેરાનો દર 50% છે.

**જવાબ :** દેવાદાર ગુણોત્તરના આધારે ઉધાર વેચાણ મળશે.

$$\text{દેવાદાર ગુણોત્તર} = \frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times 360 \text{ દિવસ}$$

$$90 = \frac{2,00,000 + 50,000}{\times} \times 360$$

$$\times = \frac{2,50,000 \times 360}{90}$$

× = 10,00,000 ઉધાર વેચાણ

હવે કુલ વેચાણ નીચે મુજબ શોધાશે :

| | |
|---|---|
| કુલ વેચાણ | રૂા. 100 |
| રોકડ વેચાણ | 20 |
| ઉધાર વેચાણ | 80 |

કુલ વેચાણ $= \frac{10,00,000 \times 100}{80} =$ રૂ.12,50,000

રોકડ વેચાણ = રૂા.12,50,000 – રૂા.10,00,000
= 2,50,000

કાચોનફો = 12,50,000ના 40% = રૂા.5,00,000

વેચાણ પડતર = વેચાણ – કાચોનફો
= 12,50,000 – 5,00,000
= રૂા.7,50,000

**વિવિધ ગુણોત્તરની ગણતરી :**

(1) સ્ટોક ટર્નઓવર ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

સરેરાશ સ્ટોક$= \frac{\text{શરૂ સ્ટોક} + \text{આ.સ્ટોક}}{2}$

$= \frac{1,25,000 + 1,75,000}{2}$

$= \frac{3,00,000}{2}$

$= 1,50,000$

$= \frac{7,50,000}{1,50,000}$

= 5 વખત

(2) માલિકી ગુણોત્તર $= \frac{\text{માલિકી ભંડોળ}}{\text{કુલ મિલકતો}} \times 100$

માલિકી ભંડોળ = ઇ.મૂડી + ન.નુ. ખાતુ
= 6,00,000 + 1,70,000
= 7,70,000

માલિકી ભંડોળ $= \frac{7,70,000}{14,20,000} \times 100$
= 54.23%

(3) રોકાયેલી મૂડી પર વળતર દર $= \frac{\text{વ્યાજ અને કરવેરાં પહેલાનો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

રોકાયેલી મૂડી = 7,70,000 + 2,50,000
= 10,20,000

$= \frac{2,50,000}{10,20,000} \times 100$

= 24.51%

(4) લેણદાર ગુણોત્તર $= \frac{\text{લેણદાર} + \text{દેવીહૂંડી}}{\text{ઉધાર ખરીદી}} \times 360$ દિવસો

ઉધાર ખરીદી = વેચાણ પડતર + આ.સ્ટોક – શ.સ્ટોક
= 7,50,000 + 1,75,000 – 1,25,000
= 8,00,000

$$= \frac{1,00,000 + 0}{8,00,000} \times 360$$

= 45 દિવસ

(5) ઇક્વિટી મૂડી પર વળતરનો દર = $\frac{\text{ઇક્વિટીના ભાગનો નફો}}{\text{ઇક્વિટી મૂડી}} \times 100$

ચો.નફો

| | |
|---|---|
| EBIT | રૂા.2,50,000 |
| – ડિબેન્ચર વ્યાજ | 20,000 |
| કર પહેલાનો નફો | 2,30,000 |
| – કરવેરા 50% લેખે | 1,15,000 |
| કર બાદનો નફો | 1,15,000 |

$$= \frac{1,15,000}{6,00,000} \times 100$$

= 19.16%

**ઉદાહરણ 4 (અ)** નીચેની વિગતો 'ગૌતમ લિમિટેડ'ના ચોપડામાં આપેલ છે.

| | |
|---|---|
| ચાલુ ગુણોત્તર | 2.5 |
| પ્રવાહી ગુણોત્તર | 1.5 |
| કાર્યશીલ મૂડી | 9,00,000 |
| કાચા નફાનો ગુણોત્તર | 25% |
| સ્ટોક ગુણોત્તર (વે.મા પડતર/આ.સ્ટોક) | 10 વખત |
| કાયમી મિલકત/શેરહોલ્ડરનાં ભંડોળ | 0.75 |

નીચેની વિગતો શોધો.

(1) ચાલુ મિલકત (2) ચાલુ દેવાં (3) કાચો નફો (4) વેચેલ માલની પડતર (5) કાયમી મિલકત

જવાબ : (1) ચાલુ ગુણોત્તર 2.5 છે એનો અર્થ એ થયો કે રૂા.1 ના દેવા સામે ચાલુ મિલકતો રૂા.2.50 છે.

કાર્યશીલ મૂડી રૂા.9,00,000 આપેલ છે.

કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો બાદ ચાલુ જવાબદારી

= 2.5 – 1

= 1.5

| જે કાર્યશીલ મૂડી | ચાલુ મિલકતો |
|---|---|
| 1.5 | 2.5 |
| 9,00,000 | (?) |

$= \frac{2.5 \times 9,00,000}{1.5}$ = 15,00,000 ચાલુ મિલકતો

(2) ચાલુ દેવા શોધવા માટે :

ચાલુ ગુણોત્તર = $\frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવા}}$

$$2.5 = \frac{15,00,000}{\times}$$

2.5× = 15,00,000

$\times = \frac{15,00,000}{2.5}$ = રૂા.6,00,000 ચાલુ દેવા

(3) હવે સ્ટોક ગુણોત્તર આપેલ છે તેથી આખર સ્ટોક શોધવો જરૂરી બને
ચાલુ ગુણોત્તર – પ્રવાહી ગુણોત્તર
2.5 – 1.5 = (બેંક ઓવરડ્રાફ્ટ નથી એમ ધારીને)

આખર સ્ટોક = $\frac{15,00,000 \times 1}{2.5}$ = રૂા.6,00,000 આ.સ્ટોક

વેચાણ પડતર શોધવા માટે :

સ્ટોક ગુણોત્તર = $\frac{\text{વેચાણ પડતર}}{\text{આખર સ્ટોક}}$

$$10 = \frac{X}{6,00,000}$$

× = 60,00,000 વેચાણ પડતર

(4) કાચો નફો શોધવા માટે :
વેચાણ 100 – કાચો નફો 25 = વેચાણ પડતર 75

| વે.પડતર | વેચાણ | |
|---|---|---|
| 75 | 100 | |
| 60,00,000 | ? | = રૂા.80,00,000 વેચાણ |

કાચો નફો = વેચાણ – વેચાણ પડતર
= 80,00,000 – 60,00,000
= રૂા.20,00,000

(5) કાયમી મિલકત શોધવા માટે
શેરહોલ્ડર ભંડોળ – કાયમી મિલકત – ચાલુ મૂડી (કાર્યશીલ મૂડી)
1 – 0.75 = 0.25 કાર્યશીલ મૂડી
0.25 0.75
9,00,000 ?

કાયમી મિલકતો = $\frac{9,00,000 \times 0.75}{0.25}$

કાયમી મિલકતો = 27,00,000

**ઉદાહરણ 5** નીચેની વિગતો 'ગંભીર' કંપનીના નાણાકીય રેકર્ડમાંથી લેવામાં આવેલી છે.

| | |
|---|---|
| – કુલ વેચાણ (જે પૈકી 20% રોકડ વેચાણ છે.) | રૂ.8,00,000 |
| – વેચેલ માલની પડતર | રૂ.6,50,000 |
| – ઇક્વિટી શેરમૂડી | રૂ.2,50,000 |
| – 15%ના ડિબેન્ચર | રૂ.2,00,000 |
| – ડિબેન્ચર વટાવ | રૂ.5,000 |
| – ચોખ્ખો નફો (50% કરવેરા બાદ) | રૂ.40,000 |
| – રાખી મૂકેલી કમાણી | રૂ.52,000 |
| – દેવાદાર | રૂ.85,000 |
| – પ્રાથમિક ખર્ચ | રૂ.20,000 |

ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તરો ગણો.
(1) સંચાલન ગુણોત્તર (2) દેવાદાર ગુણોત્તર (વર્ષના 360 દિવસો)
(3) શેરહોલ્ડરના ભંડોળ પર વળતરનો દર (4) કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર

જવાબ : જરૂરી ગણતરીઓ

(1) વ્યાજ અને કરવેરા પહેલાનો નફો (EBIT)

| | |
|---|---|
| કર બાદ નફો | રૂ. 40,000 |
| +50% કરવેરા | 40,000 |
| +ડિબે.વ્યાજ | 30,000 |
| EBIT | 1,10,000 |

(2) રોકાયેલી મૂડી = ઇ.મૂડી + ડિબેન્ચર + રાખી મૂકેલી કમાણી − ડિબેન્ચર વટાવ − પ્રાથમિક ખર્ચા = 2,50,000 + 2,00,000 + 52,000 − 5,000 − 20,000

= રૂ.4,77,000

શેરહોલ્ડરના ભંડોળ = ઇ.મૂડી + રાખી મૂકેલ કમાણી − ડિબે. વટાવ − અવાસ્તવિક મિ.

= 2,50,000 + 52,000 − 5,000 − 20,000

= 2,77,000

સંચાલન ખર્ચા = કાચો નફો − ચો.નફો (કરવેરા પહેલાનો)

= 1,10,000 − 40,000

= 70,000

ગુણોત્તરની ગણતરી :

(1) સંચાલન ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર + સંચાલન ખર્ચા}}{\text{વેચાણ}} \times 100$

$= \frac{6,50,000 + 7,00,000}{8,00,000} \times 100$

$= \frac{7,20,000}{8,00,000} \times 100$

= 90%

(2) દેવાદાર ગુણોત્તર $= \frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times$ વર્ષના દિવસો

ઉધાર વેચાણ = કુલ વેચાણ − રોકડ વેચાણ (20%)

= 8,00,000 − 1,60,000

= 6,40,000

$= \frac{85,000 + 0}{6,40,000} \times 360$

= 47.81 બરાબર 48 દિવસ

(3) શેરહોલ્ડર ભંડોળ પર વળતરનો દર $= \frac{\text{ચો.નફો}}{\text{શે.હો.ભંડોળ}} \times 100$

$= \frac{40,000}{2,77,000} \times 100$

= 14.44%

(4) રોકાયેલી મૂડી પર વળતરનો દર

$= \frac{\text{ચો.નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

$$= \frac{1,10,000}{4,77,000} \times 100$$

= 23.06%

**ઉદાહરણ 6 :** ધી સેફ્રોન લિ.નું તા.31-3-2012ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 5,00,000 | જમીન-મકાન | 5,00,000 |
| 10%ની પ્રેફરન્સ શેરમૂડી | 3,00,000 | યંત્રો | 2,60,000 |
| સામાન્ય અનામત | 4,00,000 | કામચલાઉ રોકાણો | 5,40,000 |
| નફા-નુકસાન ખાતું | 3,40,000 | સ્ટોક | 3,50,000 |
| 8%ના ડિબેન્ચર | 5,00,000 | દેવાદારો | 4,00,000 |
| લેણદારો | 2,00,000 | લેણીહૂંડી | 1,00,000 |
| દેવીહૂંડી | 1,20,000 | અગાઉથી ચૂકવેલ (આવકવેરો) | 2,20,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 40,000 | રોકડ સિલક | 1,20,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 80,000 | ડિબેન્ચર વટાવ | 10,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 20,000 | | |
| | 25,00,000 | | 25,00,000 |

**વધારાની માહિતી :**

(1) રોકડ વેચાણ, કુલ વેચાણના 20% છે.
(2) તા.1-4-2011ના રોજનો સ્ટોક રૂ.2,50,000 છે.
(3) દેવાદાર ગુણોત્તર 90 દિવસનો છે. વર્ષના દિવસો 360 ગણવા.
(4) કાચો નફો, વેચાણના 40% છે.
(5) ચોખ્ખો નફો (વ્યાજ અને કરવેરા પહેલાનો) રૂ.5,40,000 છે.
(6) કરવેરાનો દર 50% છે.

ઉપરની માહિતીના આધારે નીચેના ગુણોત્તરો શોધો.

(1) સ્ટોક ગુણોત્તર
(2) પ્રવાહી ગુણોત્તર
(3) ચોખ્ખા નફાનો ગુણોત્તર
(4) માલિકી ગુણોત્તર
(5) રોકાયેલી મૂડી પર વળતરનો ગુણોત્તર
(6) ઇક્વિટી શેરમૂડી પર વળતરનો ગુણોત્તર
(7) લેણદાર ગુણોત્તર
(8) ગિયરીંગ ગુણોત્તર

જવાબ : જરૂરી ગણતરીઓ

દેવાદાર ગુણોત્તરના આધારે ઉધાર વેચાણ મળશે.

$$\text{દેવાદાર ગુણોત્તર} = \frac{\text{દેવાદાર} + \text{લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$$

$$90 = \frac{4,00,000 + 1,00,000}{\text{ઉધાર વેચાણ (X)}} \times 360$$

$$90\times = 5,00,000 \times 360$$

$$\times = \frac{5,00,000 \times 360}{90}$$

ઉધાર વેચાણ = 20,00,000

હવે કુલ વેચાણ નીચે મુજબ શોધાશે.

| | |
|---|---|
| કુલ વેચાણ | 100 |
| રોકડ વેચાણ | 20 |
| | 80 |

$$\text{કુલ વેચાણ} = \frac{20,00,000 \times 100}{80} = 25,00,000$$

રોકડ વેચાણ = 25,00,000 − 20,00,000 = 5,00,000

કાચો નફો = 25,00,000ના 40% = 10,00,000

વેચાણ પડતર = વેચાણ − કાચો નફો
= 25,00,000 − 10,00,000
= 15,00,000

ખરીદી = વેચેલ માલની પડતર + આ.સ્ટોક − શરૂ સ્ટોક
= 15,00,000 + 3,50,000 − 2,50,000
= 16,00,000

ગુણોત્તરની ગણતરી

(1) $\text{સ્ટોક ગુણોત્તર} = \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂ સ્ટોક} + \text{આખર સ્ટોક}}{2}$$

$$= \frac{2,50,000 + 3,50,000}{2}$$

= 3,00,000

$$\therefore = \frac{15,00,000}{3,00,000}$$

= 5 વખત

(2) $\text{પ્રવાહી ગુણોત્તર} = \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવા}}$

પ્રવાહી મિલકતો = કામચલાઉ રોકાણો + દેવાદાર + લેણીહૂંડી + અ.ચૂ.કરવેરા + રોકડ સિલક
= 5,40,000 + 4,00,000 + 1,00,000 + 2,20,000 + 1,20,000
= 13,80,000

પ્રવાહી દેવા = લેણદારો + દેવીહૂંડી + પ્રો.ફંડ + ચૂ.બાકી ખર્ચા
= 2,00,000 + 1,20,000 + 40,000 + 20,000
= 3,80,000

$$= \frac{13,80,000}{3,80,000}$$

= 3.63:1

(3) ચોખ્ખા નફાનો ગુણોત્તર :

$$= \frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ-કરવેરા બાદનો)}}{\text{વેચાણ}} \times 100$$

ચોખ્ખો નફો :

| | |
|---|---|
| વ્યાજ અને કરવેરા પહેલાનો | 540000 |
| − ડિબેન્ચર વ્યાજ | 40,000 |

| | |
|---|---|
| કરવેરા પહેલાનો નફો | 5,00,000 |
| – કરવેરા 50% | 2,50,000 |
| વ્યાજ કરવેરા બાદનો નફો | 2,50,000 |

$= \frac{2,50,000}{25,00,000} \times 100$

= 10%

(4) માલિકી ગુણોત્તર

$= \frac{\text{માલિકીના ભંડોળ}}{\text{કુલ મિલકતો}} \times 100$

| | |
|---|---|
| માલિકી ભંડોળ = ઇ.મૂડી | 5,00,000 |
| + પ્રેફરન્સ મૂડી | 3,00,000 |
| + સા.અનામત | 4,00,000 |
| + ન.નુ. ખાતુ | 3,40,000 |
| – ડિબેન્ચર વટાવ | - 10,000 |
| | 15,30,000 |

કુલ મિલકતો = 25,00,000 – ડિબેન્ચર વટાવ 10,000
= 25,90,000

$= \frac{15,30,000}{25,90,000} \times 100$

= 61.45%

(5) રોકાયેલી મૂડી પર વળતરનો ગુણોત્તર :

$\frac{\text{વ્યાજ - કર પહેલાનો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

રો.મૂડી = માલિકીના ભંડોળ + લાંબાગાળાના દેવા
= 15,30,000 + 5,00,000 ડિબેન્ચર
= 20,30,000

$= \frac{5,40,000}{20,30,000} \times 100$

= 26.60%

(6) ઈ.શેરમૂડી પર વળતરનો ગુણોત્તર

$\frac{\text{ચો.નફો (પ્રે.ડિ.બાદનો)}}{\text{ઇ.શેરમૂડી}} \times 100$

| | |
|---|---|
| = ચો.નફો | 2,50,000 |
| – પ્રે.ડિવિડન્ડ | 30,000 |
| | 2,20,000 |

$= \frac{2,20,000}{5,00,000} \times 100$

= 44%

(7) લેણદાર ગુણોત્તર

$= \frac{\text{લેણદારો + દેવીહૂંડી}}{\text{ખરીદી}} \times \text{ વર્ષના દિવસો}$

$$= \frac{2,00,000 + 1,20,000}{16,00,000} \times 360$$

= 72 દિવસ

(8) ગિયરીંગ ગુણોત્તર

$$= \frac{\text{પ્રે.શેરમૂડી + ડિબેન્ચર્સ}}{\text{ઈ.શેરમૂડી}}$$

$$= \frac{3,00,000 + 5,00,000}{5,00,000}$$

= 1.16:1 અથવા 160%

**ઉદાહરણ 7** કોમલ લિ.નું તા. 31-3-2012ના રોજનું પાકુ સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| રૂ.100નો એક એવા ઈ.શેર | 15,00,000 | કાયમી મિલકતો | 27,75,000 |
| સામાન્ય અનામત | 6,00,000 | સ્ટોક | 3,00,000 |
| નફા-નુકસાન ખાતું | 3,00,000 | દેવાદારો | 1,20,000 |
| 10%ના ડિબેન્ચર્સ | 6,00,000 | લેણીહૂંડી | 1,80,000 |
| લેણદારો | 3,00,000 | રોકડ સિલક | 3,60,000 |
| દેવીહૂંડીઓ | 1,00,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચા | 65,000 |
| કરવેરાની જોગવાઈ | 1,00,000 | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | 3,00,000 | | |
| | 38,00,000 | | 38,00,000 |

વધારાની માહિતી :

(1) કુલ વેચાણ (રોકડ વેચાણ, ઉધાર વેચાણનો 2/5 ભાગે છે) રૂ.21,00,000

(2) કાચો નફો રૂ.7,50,000

(3) ચોખ્ખો નફો (વ્યાજ અને કરવેરા પહેલાંનો) રૂા.4,80,000

(4) કરવેરાનો દર 50% છે.

(5) તા.1-4-2011ના રોજનો સ્ટોક રૂ.2,40,000

ઉપરની માહિતીના આધારે નીચેના ગુણોત્તરોની ગણતરી કરો અને દરેક વિશે તમારો ટૂંકમાં અભિપ્રાય આપો. (આદર્શ ગુણોત્તરો કૌંસમાં દર્શાવેલ છે.)

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર (12%)

(2) દેવાદાર ગુણોત્તર (વર્ષના 360 દિવસો લેવાના છે.) (60 દિવસ)

(3) પ્રવાહી ગુણોત્તર (1:1)

(4) સ્ટોક ચલનદર (5 વખત)

(5) શેર હોલ્ડરોના ભંડોળો ઉપર વળતર દર (10%)

(6) દેવા-ઈક્વિટી ગુણોત્તર (લાંબાગાળાના દેવાના આધારે) (30%)

**જવાબ :** જરૂરી ગણતરીઓ

| | |
|---|---|
| વ્યાજ અને કરવેરા પહેલાનો નફો | 4,80,000 |
| – ડિબેન્ચર વ્યાજ | 60,000 |
| કરવેરા પહેલાંનો નફો | 4,20,000 |
| – 50% કરવેરા | 2,10,000 |
| વ્યાજ અને કરવેરા બાદનો નફો | 2,10,000 |

ઉધાર વેચાણની ગણતરી

| | |
|---|---|
| ધારો કે ઉધાર વેચાણ | 100 |
| રોકડ વેચાણ | 40 |
| કુલ વેચાણ | 140 |

140 $\underline{100}$

21,00,000 ? = 15,00,000 ઉધાર વેચાણ

વેચેલ માલની પડતર = વેચાણ – કાચો નફો

= 21,00,000 – 7,50,000

= 13,50,000

| | | |
|---|---|---|
| શેરહોલ્ડરોના ભંડોળ | = ઈ.મૂડી | 15,00,000 |
| (ઇક્વિટી ભંડોળ) | + સા.અનામત | 6,00,000 |
| | + ન.નુ.ખાતુ | 3,00,000 |
| | | 24,00,000 |

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂ સ્ટોક} + \text{આ.સ્ટોક}}{2}$$

$$= \frac{2,40,000 + 3,00,000}{2}$$

= 2,70,000

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર

$$= \frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ-કર બાદનો)}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{2,10,000}{21,00,000} \times 100$$

= 10% (આદર્શ ગુણોત્તર 12% છે. જેનાથી 2% ઓછો આ ગુણોત્તર છે.)

(2) $$\text{દેવાદાર ગુણોત્તર} = \frac{\text{દેવાદાર} + \text{લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{ વર્ષના દિવસો}$$

$$= \frac{1,20,000 + 1,80,000}{15,00,000} \times 360$$

= 72 દિવસ

ઉઘરાણી વસૂલાતનો ગાળો વધારે છે.

(3) $$\text{પ્રવાહી ગુણોત્તર} = \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવા}}$$

પ્રવાહી મિલકતો = દેવાદાર + લેણીહૂંડી + રોકડ સિલક + અ.ચૂ.ખર્ચા

= 1,20,000 + 1,80,000 + 3,00,000 + 65,000

= 7,25,000

પ્રવાહી દેવા = લેણદાર + દેવીહૂંડી + કરવેરા જોગવાઈ

= 3,00,000 + 1,00,000 + 1,00,000

= 5,00,000

$$= \frac{7,25,000}{5,00,000}$$

= 1.45:1

(પ્રવાહી મિલકતો વધુ હોવાથી, આદર્શ કરતા આ ગુણોત્તર સારો છે.)

(4) $$\text{સ્ટોક ચલન દર} = \frac{\text{વેચેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$$

$$=\frac{13,50,000}{2,70,000}$$

= 5 વખત

આ ગુણોત્તર આદર્શ ગુણોત્તર જેટલો જ છે માટે સંતોષકારક ગણાય.

(5) શેરહોલ્ડરોના ભંડોળ પર વળતરનો દર

$$=\frac{\text{ચો.નફો(વ્યાજ– કરવેરાબાદ)}}{\text{શેરહોલ્ડરનાં ભંડોળ}}\times 100$$

$$=\frac{2,10,000}{24,00,000}$$

= 8.75%

આદર્શ ગુણોત્તર 10% કરતા 1.25% ઓછો છે.

(6) દેવા-ઈક્વિટી ગુણોત્તર (લાંબાગાળાના દેવાના આધારે)

$$=\frac{\text{લાંબાગાળાના દેવા}}{\text{ઈક્વિટી ભંડોળ}}\times 100$$

= 25%

ખૂબ સારો - આદર્શ ગુણોત્તર કરતા 5% સારો છે. દેવાનું પ્રમાણ ઘણું ઓછું છે. તેથી જોખમ તત્ત્વ પણ ઓછું.

**ઉદાહરણ 8** નિરવ લિ.નું તા. 31-3-2013નાં રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| 50,000 ઈ.શેર દરેક રૂા.10નો | 5,00,000 | કાયમી મિલકતો | 5,00,000 |
| 12% પ્રે.શેરમૂડી | 1,00,000 | દેવાદારો | 2,00,000 |
| સામાન્ય અનામત | 50,000 | સ્ટોક | 1,50,000 |
| 10%ના ડિબેન્ચર | 2,00,000 | રોકડ | 20,000 |
| લેણદારો | 80,000 | બેંક સિલક | 50,000 |
| દેવીહૂંડી | 40,000 | લેણીહૂંડી | 70,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 60,000 | અગાઉથી ચૂકવેલ પ્રીમિયમ | 10,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 20,000 | પ્રાથમિક ખર્ચ | 35,000 |
| | | ડિબેન્ચર વટાવ | 15,000 |
| | 10,50,000 | | 10,50,000 |

વધારાની માહિતી :

(1) વેચાણ રૂ.12,00,000 (ઉધાર વેચાણ, રોકડ વેચાણ કરતા 1.5 ગણું છે.)

(2) કાચા નફાનો દર : વેચાણના 40%

(3) વ્યાજ અને કરવેરા પહેલાનો નફો રૂા.2,04,000

(4) કરવેરાનો દર 50%

(5) તા.1-4-2012ના રોજ શરૂનો સ્ટોક રૂા.90,000

ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તરની ગણતરી કરો અને તમારી ટિપ્પણી (કોમેન્ટ) આપો.

(1) ચાલુ ગુણોત્તર

(2) પ્રવાહી ગુણોત્તર

(3) દેવાદાર ગુણોત્તર (360 દિવસો ધ્યાનમાં લેવા)

(4) સ્ટોક ઊથલાનો ગુણોત્તર

(5) ઈક્વિટી શેરમૂડી પર ડિવિડન્ડનો દર

**જવાબ :** જરૂરી ગણતરીઓ

ચાલુ મિલકતો = દેવાદાર + સ્ટોક + રોકડ + બેંક + લેણીહૂંડી + અગાઉથી ચૂકવેલ પ્રીમિયમ
= 2,00,000 + 1,50,000 + 20,000 + 50,000 + 70,000 + 10,000
= 5,00,000

ચાલુ દેવા = લેણદારો + દેવીહૂંડી + બી.ઓ.ડી. + ચૂ.બાકી પગાર
= 80,000 + 40,000 + 60,000 + 20,000
= 2,00,000

પ્રવાહી મિલકતો = ચાલુ મિલકતો – આ.સ્ટોક
= 5,00,000 – 1,50,000
= 3,50,000

પ્રવાહી દેવા = ચાલુ દેવા – બી.ઓ.ડી.
= 2,00,000 – 60,000
= 1,40,000

ઉધાર વેચાણ

| | |
|---|---|
| ધારો કે રો.વે. | 100 |
| તો. ઉ.વે. | 150 |
| કુલ વે. | 250 |
| કુલ 250 | ઉ. 150 |
| 12,00,000 | ? = 7,20,000 |

વેચેલ માલની પડતર = વેચાણ – કાચો નફો (40% વેચાણના)
= 12,00,000 – 4,80,000
= 7,20,000

(1) ચાલુ ગુણોત્તર $= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવા}}$

$= \frac{5,00,000}{2,00,000}$

= 2.5:1

(2) પ્રવાહી ગુણોત્તર $= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવા}}$

$= \frac{3,50,000}{1,40,000}$

= 2.5:1

(3) દેવાદાર ગુણોત્તર $= \frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$

$= \frac{2,00,000 + 70,000}{7,20,000} \times 360$

= 135 દિવસ

(4) સ્ટોક ઊથલાનો ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}} = \frac{7,20,000}{1,20,000}$

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂ સ્ટોક} + \text{આ.સ્ટોક}}{2} = 6 \text{ ગણો}$$

$$= \frac{90,000 + 1,50,000}{2}$$

= 1,20,000

(5) ઈક્વિટી શેરમૂડી પર ડિવિડન્ડનો દર

$$= \frac{\text{ચો.નફો}}{\text{ઈ.શેરમૂડી}}(\text{પ્રે.ડિવિ.બાદ}) \times 100$$

| | |
|---|---|
| વ્યાજ-કરવેરા પહેલાનો નફો = | 2,04,000 |
| – ડિબેન્ચર વ્યાજ | 20,000 |
| કરવેરા પહેલાનો | 1,84,000 |
| – 50% કરવેરા | 92,000 |
| વ્યાજ-કર બાદનો નફો | 92,000 |
| – પ્રે.ડિવિડન્ડ | 12,000 |
| પ્રે.ડિ.બાદનો નફો | 80,000 |

$$= \frac{80,000}{5,00,000} \times 100$$

= 16%

**ઉદાહરણ 9** નીચેની માહિતી રવિ લિ.ના નાણાકીય રેકોર્ડ પરથી લેવામાં આવી છે :

| વિગત | રૂ. |
|---|---|
| કુલ વેચાણ (જે પૈકી 25% રોકડ વેચાણ છે.) | 9,00,000 |
| વેચેલ માલની પડતર | 5,80,000 |
| ચોખ્ખો નફો (50% કરવેરા પછીનો) | 60,000 |
| ઈક્વિટી શેરમૂડી | 3,00,000 |
| રાખી મૂકેલ કમાણી | 54,000 |
| 10%ના ડિબેંચર્સ | 1,80,000 |
| કાયમી મિલકતો | 4,00,000 |
| સ્ટોક | 80,000 |
| દેવાદારો | 96,000 |
| રેકર્ડ | 32,000 |
| લેણદારો | 48,000 |
| દેવીહૂંડી | 12,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 30,000 |
| પ્રાથમિક ખર્ચા | 5,000 |

**ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તર ગણો :**

(1) ચાલુ ગુણોત્તર
(2) દેવાદાર ગુણોત્તર (વર્ષના દિવસે 360)
(3) સંચાલન ગુણોત્તર
(4) સ્ટોક ટર્નઓવર ગુણોત્તર
(5) કુલ રોકાયેલ મૂડી પર વળતર
(6) શેરહોલ્ડરના ભંડોળ પર વળતર
(7) વ્યાજ આવરણ ગુણોત્તર

(1) ચાલુ ગુણોત્તર

ચાલુ મિલકત = સ્ટોક + દેવાદાર + રોકડ

= 2,08,000

ચાલુ દેવા = લેણદારો + દેવીહૂંડી + બેંક ઓવરડ્રાફ્ટ

= 90,000

$$= \frac{\text{ચાલુ મિલકત}}{\text{ચાલુ દેવા}} = \frac{2,08,000}{90,000} = 2.31:1$$

(2) દેવાદાર ગુણોત્તર = $\frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times$ વર્ષના દિવસો

$$= \frac{96,000+0}{6,75,000} \times 360 = 51 \text{ દિવસો}$$

(3) સંચાલન ગુણોત્તર :

વેચાણ પડતર = વેચાણ − કાચો નફો

કાચો નફો = વેચાણ − વેચાણ પડતર

= 9,00,000 − 5,80,000

કાચો નફો = 3,20,000

| | |
|---|---|
| વ્યાજ-કર બાદનો નફો | 60,000 |
| +50% કરવેરા | 60,000 |
| | 1,20,000 |
| +ડિબેંચર વ્યાજ (10%) | 18,000 |
| વ્યાજ-કર પહેલાનો નફો | 1,38,000 |

સંચાલન ખર્ચા = કાચો નફો − ચોખ્ખો નફો (વ્યાજ-કર પહેલા)

= 3,20,000 − 1,20,000 = 2,00,000

$$\text{સંચાલન ગુણોત્તર} = \frac{\text{વેચાણ પડતર + સંચાલન ખર્ચા}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{5,80,000+2,00,000}{9,00,000} \times 100 = 86.67\%$$

(4) સ્ટોક ટર્નઓવર ગુણોત્તર = $\frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

$$= \frac{5,80,000}{80,000} = 7.25 \text{ વખત}$$

(5) કુલ રોકાયેલ મૂડી પર વળતર :

રોકાયેલ મૂડી = માલીકીભંડોળ + લાંબાગાળાના દેવા

ઇ.મૂડી + રાખી મૂકેલ કમાણી + નફો + ડિબેંચર − પ્રાથમિક ખર્ચા

= 5,89,000

$$= \frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ-કર પહેલાનો)}}{\text{રોકાયેલ મૂડી}} \times 100$$

= 23.43%

(6) શેર હોલ્ડરના ભંડોળ પર વળતરનો દર :

માલિકીભંડોળ = 4,09,000

$$= \frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ-કર પહેલાનો)}}{\text{માલિકીભંડોળ}} \times 100$$

$$= \frac{60,000}{4,09,000} \times 100 = 14.67\%$$

(7) વ્યાજ-આવરણ ગુણોત્તર :

$$= \frac{\text{વ્યાજ -કર પહેલાનો નફો}}{\text{લાંબાગાળા દેવાંનું વ્યાજ}} \times 100$$

$$= \frac{1,38,000}{18,000} \times 100 = 7.67\%$$

**ઉદાહરણ 10** મનન લિ.નું તા.31-3-08ના રોજનું પાકુ સરવૈયુ નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 3,00,000 | કાયમી મિલકતો | 6,00,000 |
| 20%ની પ્રે.મૂડી | 1,50,000 | સ્ટોક | 1,20,000 |
| અનામત-વધારો | 1,15,000 | દેવાદારો | 1,00,000 |
| 8%ના ડિબેંચર્સ | 2,00,000 | લેણીહૂંડીઓ | 30,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 30,000 | રોકડ અને બેંક સિલક | 50,000 |
| લેણદારો | 1,10,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચ | 20,000 |
| દેવીહૂંડીઓ | 20,000 | પ્રાથમિક ખર્ચા | 15,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | 10,000 | | |
| | 9,35,000 | | 9,35,000 |

**વધારાની માહિતી**

1. કુલ વેચાણ (રોકડ, વેચાણ, ઉધાર વેચાણના 20% છે.) 10,80,000
2. વેચેલ માલની પડતર 5,40,000
3. ચોખ્ખો નફો (વ્યાજ-કર પહેલાનો) 3,00,000
   કરવેરાનો દર 50% છે.
4. તા.1-4-07નો સ્ટોક 1,00,000

ઉપરની માહિતીના આધારે નીચેના ગુણોત્તરોની ગણતરી કરો. દેવાદાર ગુણોત્તર માટે વર્ષના 360 દિવસો લેવાના છે.

(1) ચાલુ ગુણોત્તર
(2) દેવાદાર ગુણોત્તર
(3) રોકાયેલ મૂડી પર વળતર
(4) ચોખ્ખા નફાનો ગુણોત્તર
(5) મૂડી ગિયરીંગ ગુણોત્તર
(6) દેવા-ઈક્વિટી ગુણોત્તર (લાંબાગાળાના દેવાને આધારે)
(7) પ્રવાહી ગુણોત્તર
(8) સંચાલન ગુણોત્તર

(1) ચાલુ ગુણોત્તર :
ચાલુ મિલકત = સ્ટોક + લેણદારો + દેવીહૂંડી + ખર્ચા ચૂ.બા.
= 1,70,000

$$= \frac{\text{ચાલુ મિલકત}}{\text{ચાલુ દેવા}} = \frac{3,20,000}{1,70,000} = 1.88:1$$

(2) દેવાદાર ગુણોત્તર :
ધારો કે ઉધાર - વેચાણ = 100

+ રોકડ = 20
કુલ 120

120 - 100
10,80,000 - ? કુલ વેચાણ ઉધાર વેચાણ = 9,00,000

$$= \frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$$

$$= \frac{1,00,000+1,30,000}{9,00,000} \times 360$$

= 52 દિવસો

(3) રોકાયેલ મૂડી પર વળતર

માલિકી ભંડોળ = ઇ.મૂડી + પ્રે.મૂડી + અનામત − પ્રાથ.ખર્ચા
= 5,50,000

રોકાયેલ મૂડી = માલિકી ભંડોળ + લાંબાગાળા દેવા
= 5,50,000 + 2,00,000
= 7,50,000

$$= \frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ-કર પહેલાનો)}}{\text{રોકાયેલ મૂડી}} \times 100$$

$$= \frac{3,00,000}{7,50,000} \times 100 = 40\%$$

(4) ચોખ્ખા નફાનો ગુણોત્તર :

| | |
|---|---|
| વ્યાજ-કર પહેલાનો | 3,00,000 |
| − ડિબેન્ચર વ્યાજ (8%) | 16,000 |
| | 2,84,000 |
| − કરવેરા (50%) | 1,42,000 |
| વ્યાજ-કર બાદનો | 1,42,000 |

$$= \frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ-કર બાદનો)}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{1,42,000}{10,80,000} \times 100 = 13.15\%$$

(5) મૂડી ગિયરીંગ ગુણોત્તર :

$$= \frac{\text{ડિબેંચર + પ્રે.મૂડી}}{\text{ઇ.મૂડી}}$$

$$= \frac{2,00,000 + 1,50,000}{3,00,000} = 1.17 : 1$$

(6) દેવા-ઈક્વિટી ગુણોત્તર $= \frac{\text{લાંબાગાળા દેવાં}}{\text{માલિક ભંડોળ}} \times 100$

$$= \frac{2,00,000}{5,50,000} \times 100 = 36.36\%$$

(7) પ્રવાહી ગુણોત્તર :

પ્રવાહી મિલકત = ચાલુ મિલકત − સ્ટોક

= 3,20,000 − 1,20,000
= 2,00,000

પ્રવાહી દેવા = ચાલુ દેવાં − બેંક ઓ.ડી.
= 1,70,000 − 30,000
= 1,40,000

$$= \frac{\text{પ્રવાહી મિલકત}}{\text{પ્રવાહી દેવાં}} = \frac{2,00,000}{1,40,000} = 1.43:1$$

(8) સંચાલન ગુણોત્તર :

| | |
|---|---|
| વેચાણ | 10,80,000 |
| − વેચાણ પડતર | 5,40,000 |
| કાચો નફો | 5,40,000 |
| − ચોખ્ખો નફો | 2,84,000 |
| સંચાલન ખર્ચા | 2,56,000 |

$$= \frac{\text{વેચાણ પડતર} + \text{સંચાલન ખર્ચા}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{5,40,000 + 2,56,000}{10,80,000} \times 100 = 73.70\%$$

**ઉદાહરણ 11** તારક લિમિટેડનું તા.31-3-2009ના રોજનું સંક્ષિપ્ત પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

| જવાબદારીઓ | રકમ | મિલકતો | રકમ |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી દરેક રૂા.10નો | 3,00,000 | જમીન મકાન | 5,00,000 |
| 10%ની પ્રેફ. શેરમૂડી | 3,00,000 | પ્લાન્ટ મશિનરી | 2,50,000 |
| સામાન્ય અનામત | 1,00,000 | ફર્નિચર | 75,000 |
| નફા-નુકસાન ખાતું | 50,000 | સ્ટોક | 30,000 |
| 10%ના ડિબેન્ચર્સ | 1,65,000 | દેવાદારો | 40,000 |
| લેણદારો | 25,000 | લેણીહૂંડી | 15,000 |
| દેવીહૂંડીઓ | 15,000 | રોકડ/બેંક | 35,000 |
| ખર્ચનાં બાકી દેવાં | 5,000 | પ્રાથમિક ખર્ચા | 15,000 |
| | 9,60,000 | | 9,60,000 |

વધારાની માહિતી :

(1)

| | |
|---|---|
| કુલ વેચાણ | 4,50,000 |
| વેચેલ માલની પડતર | 2,25,000 |
| કાચો નફો : | 2,25,000 |
| વહીવટી, વેચાણ અને નાણાકીય ખર્ચા | 75,000 |
| કરવેરા પહેલાંનો નફો | 1,50,000 |
| કરવેરા 50% | 75,000 |
| ચોખ્ખો નફો | 75,000 |

(2) શરૂઆતનો સ્ટોક રૂા. 45,000નો હતો.

ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તરોની ગણતરી કરો.

(1) કાચા નફાનો ગુણોત્તર
(2) ચાલુ ગુણોત્તર
(3) પ્રવાહી ગુણોત્તર
(4) સંચાલન ગુણોત્તર
(5) સ્ટોક ગુણોત્તર
(6) દેવાદાર ગુણોત્તર (વર્ષના 360 દિવસો ગણવાના છે.)

(7) માલિકી ગુણોત્તર
(8) રોકેલી મૂડી પર વળતરનો દર
(9) ઇક્વિટી શેરમૂડી પર વળતરનો દર

**જવાબ :**

(1) કાચા નફાનો ગુણોત્તર $= \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

$= \frac{2,25,000}{4,50,000} \times 100$

$= 50\%$ (ખૂબ સારો/સંતોષકારક ગુણોત્તર)

(2) ચાલુ ગુણોત્તર $= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$

$= \frac{\text{સ્ટોક + દેવાદારો + લેણીહૂંડી + રોકડ}}{\text{લેણદારો + દેવીહૂંડી + ખર્ચનાં બાકી}}$

$= \frac{30,000 + 40,000 + 15,000 + 35,000}{25,000 + 15,000 + 5,000}$

$= \frac{1,20,000}{45,000} = 2.67$ (અનુકૂળ અને સંતોષકારક ગુણોત્તર)

(3) પ્રવાહી ગુણોત્તર $= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}}$

$= \frac{\text{દેવાદારો + લેણીહૂંડી + રોકડ}}{\text{લેણદારો + દેવીહૂંડી + ખર્ચના બાકી દેવાં}}$

$= \frac{40,000 + 15,000 + 35,000}{25,000 + 15,000 + 5000}$

$= \frac{90,000}{45,000} = 2$ (પ્રવાહી દેવું ચૂકવવાની સારી સ્થિતિ સૂચવે છે.)

(4) સંચાલન ગુણોત્તર $= \frac{\text{વેચેલ માલની પડતર + સંચાલનખર્ચ}}{\text{કુલ વેચાણ}} \times 100$

$= \frac{2,25,000 + 75,000}{4,50,000} \times 100$

$= \frac{3,00,000}{4,50,000} \times 100$

$= 66\frac{2}{3}\%$ અથવા $66.67\%$ (સંતોષકારક ગુણોત્તર)

(5) સ્ટોક ગુણોત્તર $= \frac{\text{વેચેલ માલની પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

$$=\frac{2,25,000}{37,500}$$

= 6 વખત (સામાન્ય સ્થિતિ સૂચવે છે.)

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂ સ્ટોક} + \text{આખર સ્ટોક}}{2}$$

$$=\frac{45000+30000}{2}$$

$$=\frac{75,000}{2}$$

= 37.500

(6) દેવાદાર ગુણોત્તર $= \frac{\text{દેવાદારો} + \text{લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$

$$=\frac{40,000+15,000}{4,50,000}\times 360$$

$$=\frac{55,000}{4,90,000}\times 360$$

= 44 દિવસ (સરેરાશ ઉઘરાણીની મુદ્દત સૂચવે છે.)

(7) માલિકી ગુણોત્તર $= \frac{\text{માલિકી ભંડોળ}}{\text{કુલ મિલકતો}}$

$$=\frac{\text{ઈ.મૂડી} + \text{પ્રે.મૂડી} + \text{સા.અ.} + \text{ન.નુ. ખાતું} - \text{પ્રા.ખર્ચા}}{\text{કુલ મિલકતો બાદ અવાસ્તવિક મિલકતો}}$$

$$=\frac{3,00,000+3,00,000+1,00,000+50,000-15,000}{9,60,000-15,000}$$

$$=\frac{7,39,000}{9,45,000}$$

= 0.78 (કુલ મિલકતો સામે માલિકીની મૂડીનું પ્રમાણ દર્શાવે છે.)

(8) રોકાયેલ મૂડી પર વળતરનો દર $= \frac{\text{વ્યાજ અને કર પહેલાનો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

$$=\frac{1,66,500}{9,00,000}\times 100$$

= 18.5% (સારું વળતર સૂચવે છે)

વ્યાજ અને કર પહેલાનો નફો (EBIT)= ચોખ્ખો નફો + કરવેરા + ડિબે. વ્યાજ

= 75,000 + 75,000 + 16,500

= 1,66,500

રોકાયેલી મૂડી = ઇ. શેરમૂડી 3,00,000 + પ્રે.શેરમૂડી 3,00,000 + સા.અ.1,00,000 + ન.નુ. ખાતું 40,000 + ડિબેન્ચર 1,65,000 – પ્રા.ખર્ચા 15,000 = 9,00,000

(9) ઇક્વિટી શેરમૂડી પર વળતરનો દર $= \frac{\text{ચોખ્ખો નફો} - \text{પ્રે.ડિવિ.}}{\text{ઇક્વિટી શેરમૂડી}} \times 100$

$$= \frac{75,000 - 30,000}{3,00,000} \times 100$$

$$= \frac{45,000}{3,00,000} \times 100$$

$= 15\%$

**ઉદાહરણ 12** આરતી લિમિટેડના તા.30-3-18ના રોજના પાકા સરવૈયા અને અન્ય વધારાની માહિતી પરથી નીચેના ગુણોત્તર શોધો.

(1) સ્ટોક ટર્નઓવર ગુણોત્તર (2) માલિકી ગુણોત્તર
(3) ચાલુ ગુણોત્તર (4) પ્રવાહી ગુણોત્તર
(5) રોકાયેલી મૂડી પર વળતરનો દર (6) ઇક્વિટી મૂડી પર વળતરનો દર
(7) ચોખ્ખા નફાનો ગુણોત્તર (8) લેણદાર ચલન ગુણોત્તર

| જવાબદારીઓ | રકમ | મિલકતો | રકમ |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 4,00,000 | જમીન-મકાન | 2,50,000 |
| સામાન્ય અનામત | 2,00,000 | યંત્રો | 1,30,000 |
| ન.નુ. ખાતું | 1,70,000 | કામચલાઉ રોકાણો | 2,70,000 |
| 8%ના ડિબેન્ચર | 2,50,000 | સ્ટોક | 1,75,000 |
| લેણદારો | 1,00,000 | દેવાદારો | 2,00,000 |
| દેવીહૂંડી | 50,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચ | 30,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 30,000 | અગાઉથી ચૂકવેલ આવકવેરો | 80,000 |
| બેન્ક ઓવર ડ્રાફ્ટ (દેના બેન્કમાંથી) | 40,000 | લેણીહૂંડી | 50,000 |
| ચૂકવવાના બાકી ખર્ચ | 10,000 | રોકડ સિલક | 20,000 |
| | | બેન્ક ઓફ બરોડામાં બેલેન્સ | 40,000 |
| | | ડિબેન્ચર વટાવ | 5,000 |
| | 12,50,000 | | 12,50,000 |

વધારાની માહિતી :

(1) રોકડ વેચાણ કુલ વેચાણનાં 20% છે.
(2) તા. 1-4-17ના રોજ સ્ટોક રૂ.1,25,000 છે.
(3) દેવાદાર ગુણોત્તર 90 દિવસનો છે. વર્ષના દિવસો 360 ગણવા.
(4) કાચો નફો, વેચાણના 40% છે.
(5) ચોખ્ખો નફો (વ્યાજ અને કરવેરા પહેલાંના) રૂ.2,50,000 છે.
(6) કરવેરાનો દર 50% છે.

**જવાબ :** દેવાદાર ગુણોત્તરની મદદથી આપણે ઉધાર વેચાણ શોધી શકીશું.

$$\text{દેવાદાર ગુણોત્તર} = \frac{\text{દેવાદાર} + \text{લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$$

$$90 = \frac{2,00,000 + 50,000}{\text{ઉધાર વેચાણ } (x)} \times 360$$

$90x = 2,50,000 \times 360$

$$x = \frac{2,50,000 \times 360}{90}$$

$x = 2,50,000 \times 4 =$ રૂ.10,00,000 ઉધાર વેચાણ

હવે રોકાણ વેચાણ કુલ વેચાણના 20% છે. તેથી ઉધાર વેચાણ 80% છે.

$$\text{કુલ વેચાણ} = \frac{10,00,000 \times 100}{80}$$

= રૂ.12,50,000
રોકડ વેચાણ = કુલ વેચાણ – ઉધાર વેચાણ
રોકડ વેચાણ = રૂા.12,50,000 – રૂા.10,00,000
રોકડ વેચાણ = રૂા.2,50,000
કાચો નફો = વેચાણના 40% લેખે રૂ.5,00,000 થશે.
વેચાણ પડતર = વેચાણ બાદ કાચો નફો
= રૂા.12,50,000 – રૂ. 5,00,000
= રૂા. 7,50,000
હવે વિવિધ ગુણોત્તરો સરળતાથી શોધી શકાશે.

(1) સ્ટોક ટર્ન ઓવર ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

$$= \frac{7,50,000}{1,50,000}$$

= 5 ગણો

સરેરાશ સ્ટોક $= \frac{\text{શરૂનો સ્ટોક} + \text{આખર સ્ટોક}}{2}$

$$= \frac{1,25,000 + 1,75,000}{2}$$

= રૂા.1,50,000

(2) માલિકી ગુણોત્તર $= \frac{\text{માલિકી ભંડોળ}}{\text{કુલ મિલકતો}} = \frac{7,65,000}{12,45,000} = 0.6144$ અથવા 61.44%

(3) ચાલુ ગુણોત્તર $= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$

$$= \frac{8,65,000}{2,30,000}$$

= 3.76
નોંધ : કામચલાઉ રોકાણોનો ચાલુ મિલકતમાં સમાવેશ થાય.

(4) પ્રવાહી ગુણોત્તર $= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}}$

$$= \frac{6,90,000}{1,90,000}$$

= 3.63
પ્રવાહી મિલકતો = ચાલુ મિલકતો બાદ સ્ટોક
પ્રવાહી દેવાં = ચાલુ દેવાં બાદ બેંક ઓ.ડી.

(5) રોકાયેલી મૂડી પર વળતરનો દર :

$$= \frac{\text{વ્યાજ અને કર પહેલાનો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$$

$$= \frac{2,50,000}{10,15,000} \times 100$$

= 24.63%

રોકાયેલી મૂડી = ઈ.મૂ. + સા.અ. + ન.નુ. ખાતું + ડિબે. − ડિબે.વટાવ

= 4,00,000 + 2,00,000 + 1,70,000 + 2,50,000 − 5000

= 10,15,000

(6) ઈક્વિટી મૂડી પર વળતરનો દર :

$$= \frac{\text{ઇક્વિટીના ભાગે નફો}}{\text{ઇક્વિટી મૂડી}} \times 100$$

$$= \frac{1,15,000}{4,00,000} \times 100$$

= 28.75%

ઈક્વિટીના ભાગે નફો :

| | | |
|---|---|---|
| EBIT | રૂ. | 2,50,000 |
| − ડિબે. વ્યાજ | રૂ. | 20,000 |
| કર પહેલાનો નફો | રૂ. | 2,30,000 |
| − કરવેરા 50% લેખે | રૂ. | 1,15,000 |
| કર બાદનો નફો | રૂ. | 1,15,000 |

(7) ચોખ્ખા નફાનો ગુણોત્તર :

$$\frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{2,50,000}{12,50,000} \times 100$$

= 20%

(8) લેણદાર ચલન દર = $\frac{\text{લેણદારો + દેવીહૂંડી}}{\text{ઉધાર ખરીદી}} \times \text{વર્ષના દિવસો}$

$$= \frac{1,00,000 + 50,000}{8,00,000} \times 360$$

$$= \frac{1,50,000}{8,00,000} \times 360$$

= 67.5 દિવસ

ઉધાર ખરીદી = વેચાણ પડતર + આખર સ્ટોક − શરૂ. સ્ટોક

= 7,50,000 + 1,75,000 − 1,25,000

= રૂા.8,00,000

**ઉદાહરણ 13** બંટી લિમિટેડની તા.31-12-2018ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી મળે છે :

| | |
|---|---|
| (1) ઈક્વિટી શેરમૂડી | રૂ. 5,00,000 |
| (2) 10%ની પ્રેફ. શેરમૂડી | રૂ. 2,50,000 |
| (3) 10%નાં ડિબેન્ચર્સ | રૂ. 75,000 |
| (4) 10%ની લાંબાગાળાની લોન | રૂ. 50,000 |
| (5) રાખી મૂકેલી કમાણી | રૂ. 1,25,000 |
| (6) ચાલુ મિલકતો | રૂ. 3,75,000 |
| (7) કાયમી મિલકતો | રૂ. 8,75,000 |
| (8) અવાસ્તવિક મિલકતો | રૂ. 25,000 |

(9) શરૂઆતનો સ્ટોક રૂ. 92,000
(10) આખરનો સ્ટોક રૂ. 75,000
(11) ચોખ્ખો નફો (60% કરવેરા બાદ કર્યા પછી) રૂ. 1,25,000

**વધારાની માહિતી :**

(1) ઉધાર વેચાણ, રોકડ વેચાણથી દોઢ ગણું છે.
(2) દેવાદારો અને લેણીહૂંડી, ચાલુ મિલકતોનો 1/3 હિસ્સો છે.
(3) સ્ટોક ટર્નઓવર ગુણોત્તર 10 છે.
(4) કાચા નફાનો ગુણોત્તર 33% છે

**ઉપરની વિગતના આધારે નીચેના ગુણોત્તરોની ગણતરી કરો :**

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર
(2) સંચાલન ગુણોત્તર
(3) દેવાદાર ગુણોત્તર (વર્ષના દિવસો 360 ગણવા)
(4) રોકાયેલી મૂડી પર વળતરનો દર
(5) શેરહોલ્ડરોના ભંડોળ પર વળતરનો દર
(6) ઇક્વિટી મૂડી પર વળતરનો દર
(7) માલિકી ગુણોત્તર અને
(8) ગિયરિંગ ગુણોત્તર

**જવાબ :** જરૂરી ગણતરીઓ :

$$\text{સરેરાશ સ્ટોક} = \frac{\text{શરૂ સ્ટોક} + \text{આખર સ્ટોક}}{2}$$

$$= \frac{92,500 + 75,000}{2}$$

$$= \frac{1,67,500}{2}$$

= રૂ. 83,750

વેચાણ પડતર શોધવા માટે :

$$\text{સ્ટોક ટર્નઓવર ગુણોત્તર} = \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશસ્ટોક}}$$

$$10 = \frac{x}{83,750}$$

x = રૂ. 8,37,500 વેચાણ પડતર

કાચા નફાનો ગુણોત્તર 33% છે. તેથી વેચાણ પડતર 67% થશે.

$$\text{વેચાણ} = \frac{\text{વેચાણ પડતર} \times 100}{67}$$

$$= \frac{8,37,500 \times 100}{67}$$

= રૂ. 12,50,000

કાચો નફો = વેચાણ (બાદ) − વેચાણ પડતર
કાચો નફો = રૂ.12,50,000 − રૂ. 8,37,500
કાચો નફો = રૂ. 4,12,500

ઉધાર વેચાણ રોકડ વેચાણ કરતા $1\frac{1}{2}$ ગણું છે.

ઉધાર વેચાણ = $12,50,000 \times \frac{3}{5}$ = રૂ. 7,50,000

રોકડ વેચાણ = $12,50,000 \times \frac{2}{5}$ = રૂ.5,00,000

કર પહેલાનો નફો (EBT)

કર બાદનો નફો = 100 − 60 = રૂ. 40 (કરવેરા 60% લેખે)

$$= \frac{1,25,000 \times 100}{40}$$

= રૂ. 3,12,500

કર અને વ્યાજ પહેલાનો નફો : (EBIT)

3,12,500 + 12,500 વ્યાજ = રૂા.3,25,000

સંચાલન ખર્ચ રૂા.1,00,000 અને વ્યાજ રૂા.12,500

રોકાયેલી મૂડી = ઈક્વિટી મૂડી + પ્રેફ.મૂડી + ડિબેન્ચર + લાંબાગાળાના દેવા + રાખી મૂકેલી કમાણી − અવાસ્તવિક મિલકતો

રોકાયેલી મૂડી = 5,00,000 + 2,50,000 + 75,000 + 50,000 + 1,25,000 − 25,000

= રૂા. 9,75,000

જરૂરી ગુણોત્તરની ગણતરી

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર $= \frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$

$$= \frac{1,25,000 \times 100}{12,50,000}$$

= 10%

(2) સંચાલન ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર} + \text{સંચાલન ખર્ચા}}{\text{વેચાણ}} \times 100$

$$= \frac{8,37,500 + 1,00,000}{12,50,000} \times 100$$

= 75%

(3) દેવાદાર ગુણોત્તર $= \frac{\text{દેવાદાર} + \text{લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times$ વર્ષના દિવસો

$$= \frac{1,25,000}{7,50,000} \times 360$$

= 60 દિવસ

(4) રોકાયેલી મૂડી પર વળતરનો દર $= \frac{\text{EBIT}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

$$= \frac{3,25,000}{9,75,000} \times 100$$

= 33.33%

(5) શેર હોલ્ડરોનાં ભંડોળ પર વળતર દર :

$$= \frac{\text{કર બાદનો નફો}}{\text{શેરભંડોળ}} \times 100$$

$$= \frac{1,25,000}{8,50,000} \times 100$$

$$= 14.71\%$$

(6) ઈક્વિટી મૂડી પર વળતરનો દર :

$$\frac{\text{ઈક્વિટી શેર હો.ના ભાગે નફો}}{\text{ઈક્વિટી મૂડી}} \times 100$$

$$= \frac{1,25,000 - 25,000}{5,00,000} \times 100$$

= 20%

ઈક્વિટી નફો = કરબાદનો નફો – પ્રેફ. ડિવિડન્ડ

(7) માલિકી ગુણોત્તર $= \frac{\text{માલિકી ભંડોળ}}{\text{કુલ મિલકતો}} \times 100$

$$= \frac{8,50,000}{12,50,000} \times 100$$

= 68%

(8) ગિયરીંગ ગુણોત્તર $= \frac{\text{પ્રેફ.શેરમૂડી + ડિબેન્ચર}}{\text{ઈક્વિટી મૂડી}} \times 100$

$$= \frac{2,50,000 + 75,000}{5,00,000} \times 100$$

= 0.65 અથવા 65%

**ઉદાહરણ 14** સોની કંપની લિ. તમને વર્ષ 2018ની માહિતી નીચે પ્રમાણે આપે છે.

| | |
|---|---|
| ચોખ્ખો નફો (60% કરબાદ) | 5,00,000 |
| શરૂનો સ્ટોક | 3,70,000 |
| છેવટનો સ્ટોક | 3,00,000 |
| ઈક્વિટી શેરમૂડી | 20,00,000 |
| 10% પ્રેફ.શેરમૂડી | 10,00,000 |
| 10% ડિબેંચર્સ | 3,00,000 |
| 10% લાંબાગાળાની લોન | 2,00,000 |
| રાખી મૂકેલી કમાણી | 5,00,000 |
| ચાલુ મિલકતો | 15,00,000 |
| કાયમી મિલકતો | 35,00,000 |
| અવાસ્તવિક મિલકતો | 1,00,000 |

વધારાની માહિતી :

(1) ઉધાર વેચાણ કુલ વેચાણના 3/5 ભાગ છે.

(2) દેવાદારો અને લેણીહૂંડી ચાલુ મિલકતોના $33\frac{1}{3}\%$

(3) સ્ટોકનો ચલનદર 10 છે.

નીચેના ગુણોત્તરની ગણતરી કરો :

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર

(2) સંચાલન ગુણોત્તર

(3) રોકાયેલી મૂડી પર વળતર દર
(4) શેરહોલ્ડરોના ભંડોળ પર વળતર દર
(5) ઈક્વિટી શેરહોલ્ડરોનાં ભંડોળો પર વળતરનો દર
(6) દેવાદાર ગુણોત્તર (વર્ષના 360 દિવસના આધારે)

જવાબ : જરૂરી ગણતરીઓ :

(1) સરેરાશ સ્ટોક = (રૂ.3,70,000 + રૂ.3,00,000) + 2 = રૂ. 3,35,000

(2) વેચાણ પડતર : સ્ટોક ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}} \times 10$

$= \frac{\text{વેચાણ પડતર}}{3,35,000} \times 10$

= 33,50,000

(3) વેચેલ માલની પડતર = વ્યવસ્થિત ખરીદી = રૂ.33,50,000

(4) વેચાણ $= \frac{\text{વ્યવસ્થિત ખરીદી} \times 100}{67}$

$= \frac{33,50,000 \times 100}{67}$

= રૂા.50,00,000

(5) સંચાલન ખર્ચ = વેચાણ − વેચેલ માલની પડતર − કર પહેલાનો નફો
= 50,00,000 − 33,50,000 − 12,50,000
= 4,00,000

(6) ઉધાર વેચાણ = રૂ. $50,00,000 \times \frac{3}{5}$ = રૂા.30,00,000

(7) દેવાદારો અને લેણીહૂંડી = રૂ.$15,00,000 \times \frac{1}{3}$ = રૂ.5,00,000

(8) કરવેરા પહેલાનો ચોખ્ખો નફો $= \frac{5,00,000 \times 100}{40}$ = રૂ.12,50,000

(9) વ્યાજ અને કરવેરા પહેલાનો નફો = કરવેરા પહેલાનો નફો + વ્યાજ
= રૂ.12,50,000 + 50,000
= રૂ.13,00,000

(10) રોકાયેલી મૂડી = ઈક્વિટી મૂડી + પ્રેફ.મૂડી + રાખી મૂકેલી કમાણી + ડિબેંચર + લોન − અવાસ્તવિક મિલકતો
= રૂ. 39,00,000

(11) શેરહોલ્ડરોનાં ભંડોળ = ઈક્વિટી મૂડી + પ્રેફ.મૂડી + રાખી મૂકેલી કમાણી − અવાસ્તવિક મિલકતો
= રૂા.34,00,000

(12) ઈક્વિટી શેરહોલ્ડરોનાં ભંડોળ =
ઈક્વિટી મૂડી + રાખી મૂકેલી કમાણી − અવાસ્તવિક મિલકતો
= રૂા.24,00,000

જરૂરી ગુણોત્તરોની ગણતરી :

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર $= \frac{\text{ચોખ્ખો નફો (કરબાદ)}}{\text{કુલ વેચાણ}} \times 100$

$$= \frac{\text{રૂ. } 5,00,000}{\text{રૂ. } 50,00,000} \times 100$$

$= 10\%$

(2) સંચાલન ગુણોત્તર $= \dfrac{\text{વેચેલ માલની પડતર + સંચાલન ખર્ચ}}{\text{કુલ વેચાણ}} \times 100$

$$= \frac{33,50,000 + 4,00,000}{50,00,000} \times 100$$

$= 75\%$

(3) રોકાયેલી મૂડી પર વળતર દર :

$$\frac{\text{ચોખ્ખો નફો (વ્યાજ અને કર પહેલાં)}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$$

$$= \frac{13,00,000}{39,00,000} \times 100$$

$= 33\frac{1}{3}\%$

(4) શેરહોલ્ડરોનાં ભંડોળ પર વળતર દર =

$$\frac{\text{ચોખ્ખો નફો (કરબાદ)}}{\text{શેર હોલ્ડરોનું ભંડોળ}} \times 100$$

$$\frac{\text{રૂ.}5,00,000}{\text{રૂ.}34,00,000} \times 100$$

$= 14.71\%$

(5) ઇક્વિટી શેરહોલ્ડરોનાં ભંડોળ પર વળતર દર =

$$\frac{\text{ચોખ્ખો નફો (કરબાદ)-પ્રેફ.ડિવિ.}}{\text{ઇક્વિટી શેરહોલ્ડરોનું ભંડોળ}} \times 100$$

$$\frac{= \text{રૂ.}5,00,000 - \text{રૂ.}1,00,000}{\text{રૂ.}24,00,000}$$

$= 16.67\%$

(6) દેવાદાર ગુણોત્તર $= \dfrac{\text{દેવાદારો + લેણીહૂંડી} \times \text{દિવસો}}{\text{ઉધાર વેચાણ}}$

$$= \frac{5,00,000 \times 360}{30,00,000}$$

$= 60$ દિવસો

**ઉદાહરણ -15**

તા.31-3-2018ના રોજનું જલારામ લિમિટેડનું પાકુ સરવૈયું નીચે આપેલું છે.

| જવાબદારીઓ | | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | 80,000 | પાઘડી | 1,00,000 |
| સામાન્ય મિલકત | | 16,000 | કાયમી મિલકતો | 1,20,000 |
| 8%ની ગીરો લોન | | 64,000 | સ્ટોક | 24,000 |
| લેણદારો | | 90,000 | દેવાદારો | 28,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | | 10,000 | રોકાણો | 8,000 |
| કરવેરા : ચાલુ વર્ષના | 8000 | | હાથ પર રોકડ | 20,000 |
| ભવિષ્યના | 8000 | 16,000 | | |
| નફા-નુકસાન ફાળવણી ખાતે | | | | |
| (2018ના વર્ષના કરવેરા અને લોન પર | | | | |
| વ્યાજ પછી નફો : | | 48,000 | | |
| **બાદ** | | | | |
| સામાન્ય અનામત | | (-16,000) | | |
| **ડિવિડન્ડ ખાતે 8000** | | **(-8000)** | | 24,000 |
| | | 3,00,000 | | 3,00,000 |

**વધારાની માહિતી :**

| વિગત | તા.1-4-17 રૂ. | તા.31-3-18 |
|---|---|---|
| સ્ટોક | 40,000 | --- |
| કુલ વેચાણ | --- | 4,80,000 |
| ઉધાર વેચાણ | --- | 3,60,000 |
| કાચો નફો | --- | 1,60,000 |

શોધો :

1. કાચા નફાનો ગુણોત્તર
2. ચાલુ ગુણોત્તર
3. પ્રવાહી ગુણોત્તર
4. રોકાયેલ મૂડી પર વળતરનો ગુણોત્તર
5. ઊથલો ગુણોત્તર
6. દેવાદાર ગુણોત્તર

**જવાબ :-**

1. કાચા નફાનો ગુણોત્તર : $\frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100 = \frac{160000}{480000} \times 100 = 33\frac{1}{3}\%$

2. ચાલુ મિલકતો = આખર સ્ટોક + દેવાદારો + રોકાણો + હાથ પર રોકડ

= 24,000 + 28000 + 8000 + 20000 = 80000

ચાલુ દેવા = લેણદારો + બેંક ઓવરડ્રાફ્ટ + ચાલુ વર્ષના કરવેરા

= 90000 + 10000 + 8000 = 108000

$$\text{ચાલુ ગુણોત્તર} = \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}} = \frac{80,000}{1,08,000} = 0.74:1$$

3. $$\text{પ્રવાહી ગુણોત્તર} = \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}} = \frac{\text{ચાલુ મિલકતો - આખર સ્ટોક}}{\text{ચાલુ દેવાં - બેન્ક ઓવરડ્રાફ્ટ}}$$

$$= \frac{80000 - 24000}{108000 - 10000} = \frac{56000}{98000} = 0.57:1$$

4. રોકાયેલી મૂડી પર વળતરનો દર = $\frac{\text{ચોખ્ખો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

$\frac{61120}{192000} \times 100 = 31.83$

રોકાયેલી મૂડી = ઇક્વિટી શેરમૂડી + સામાન્ય અનામત + 8%ની ગીરો લોન + ન.નુ.ખાતુ + ભવિષ્યના કરવેરા

$= 80000 + 16000 + 64000 + 24000 + 8000$

= રૂા.1,92,000

ચોખ્ખો નફો = ફાળવણી બાદનો ચોખ્ખો નફો + કરવેરા + વ્યાજ + ડિવિડન્ડ + સામાન્ય અનામત ખાતે ફાળવણી

= 24000 + 8000 + 5120 + 8000 + 1600 = 61120

5. ઊથલાનો ગુણોત્તર (સ્ટોક ગુણોત્તર) = $\frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરા સ્ટોક}} = \frac{320000}{32000}$ = 10 વખત

(1) વેચાણ પડતર = વેચાણ – કાચો નફો

= 480000 – 160000 = 320000

(2) સરેરાશ સ્ટોક = $\frac{\text{શરૂનો સ્ટોક} + \text{આખર સ્ટોક}}{2}$

$= \frac{40000 + 24000}{2} = \frac{64000}{2}$

= 32000

6. દેવાદાર ગુણોત્તર = $\frac{\text{દેવાદાર} + \text{લેણીહૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times 360$

$= \frac{28000 + 0}{360000} \times 360$

= 28 દિવસો

| | | | |
|---|---|---|---|
| (1) | કાચો નફાનો ગુણોત્તર | : | નફાકારકતા જાણવા તથા વેચાણ કિંમત નક્કી કરવા માટે |
| (2) | ચાલુ ગુણોત્તર | : | કાર્યશીલ મૂડીની માહિતી, પ્રવાહીની પરિસ્થિતિ તથા દેવા ચૂકવણીની ઝડપી જાણકારી માટે |
| (3) | પ્રવાહી ગુણોત્તર | : | પ્રવાહી પરિસ્થિતિની જાણકારી મેળવવા માટે. |
| (4) | રોકાયેલી મૂડી પર વળતરદર | : | ધંધાની નફાકારકતા જાણવા માટે તથા રોકાયેલી મૂડી પરનું વળતર જણાવવા હેતુસર |
| (5) | ઊથલો ગુણોત્તર | : | વેચાણની કાર્યક્ષમતાની જાણકારી તથા વર્ષ દરમ્યાન માલની ખરીદી કેટલી વખત કરવામાં આવી તેની જાણકારી માટે. |
| (6) | દેવાદાર ગુણોત્તર | : | ઉધાર વેચાણની ઉઘરાણીની વસૂલાત કેટલા દિવસોએ થાય છે તે જાણવા તથા ઉઘરાણી નીતિની કાર્યક્ષમતા જાણવા માટે. |

**ઉદાહરણ-16** નીચે આપેલ માહિતી પરથી ગુણોત્તર વિશ્લેષણ કરો.

| **વિગત** | **કંપનીના ગુણોત્તર** | **આદર્શ ગુણોત્તર** |
|---|---|---|
| 1. માલિકી ગુણોત્તર | 60% | 70% |
| 2. કાયમી મિલકતનો ચલણદર | 6 | 8 |
| 3. ચાલુ ગુણોત્તર | 2.5 | 4 |

| | | |
|---|---|---|
| 4. પ્રવાહી ગુણોત્તર | 1.2 | 2 |
| 5. દેવાદાર ગુણોત્તર | 40 દિવસો | 30 દિવસો |
| 6. સ્ટોકનો ચલણદર | 12 | 10 |
| 7. લેણદાર ગુણોત્તર | 46 દિવસો | 40 દિવસો |
| 8. કાચા નફાનો ગુણોત્તર | 35% | 35% |
| 9. ચોખ્ખા નફાનો ગુણોત્તર | 7% | 10% |

જવાબ :

1. **માલિકી ગુણોત્તર :** આ ગુણોત્તરની અપેક્ષા છે કે કંપનીની કુલ મિલકતોમાંથી 70% મિલકતો માલિકી ભંડોળમાંથી ખરીદેલી હોવી જોઈએ. તેના સ્થાને કંપની 60% મિલકતો માલિકી ભંડોળમાંથી ખરીદે છે. અપેક્ષા કરતા માલિકી ભંડોળ ઓછા છે.
2. **કાયમી મિલકતનો ચલણદર :** એક વર્ષમાં કાયમી મિલકતોની કિંમતના 8 ગણું કે 8 વખત વેચાણ થવું જોઈએ. એવી અપેક્ષાની સામે 6 વખત વેચાણ થાય છે જે વેચાણનો નીચો ચલન દર કાયમી મિલકતોનાં સંદર્ભમાં દર્શાવે છે.
3. **ચાલુ ગુણોત્તર :** આદર્શ ગુણોત્તરની સરખામણીએ કંપનીનો આ ગુણોત્તર્60% ઓછા છે. જે નબળો ગણી શકાય. કંપની ચાલુ દેવા ચૂકવવા પૂરતા પ્રમાણમાં ચાલુ મિલકતો ધરાવતી નથી.
4. **પ્રવાહી ગુણોત્તર :** આ ગુણોત્તર આદર્શ ગુણોત્તરની સરખામણીએ 60% છે એટલે કે 40% ઓછો છે જે નબળો ગણી શકાય. કંપની પ્રવાહી દેવા ચૂકવવા પૂરતા પ્રમાણમાં પ્રવાહી મિલકતો ધરાવતી નથી.
5. **દેવાદાર ગુણોત્તર :** દેવાદારો પાસેથી સરેરાશ 30 દિવસે ઉઘરાણી વસૂલ મળવી જોઈએ તેવી અપેક્ષા સામે કંપની 40 દિવસે ઉઘરાણી મેળવી શકે છે. જે ઉઘરાણી વસૂલાતની ઢીલી નીતિ દર્શાવે છે.
6. **સ્ટોક ચલનદર :** એક વર્ષમાં 10 વખત સ્ટોકનો ઊથલો થવો જોઈએ તેની સામે ખરેખર ઊથલો 12 વખત થાય છે જે ઊથલાનો ઊંચો દર તથા વેચાણનું વધુ પ્રમાણમાં દર્શાવે છે.
7. **લેણદાર ગુણોત્તર :** લેણદારોને કંપનીએ સરેરાશ 40 દિવસે નાણાં ચૂકવી આપવા જોઈએ. તેને સ્થાને કંપની 46 દિવસે ચૂકવણી કરે છે જે ચૂકવણીની વિલંબિત નીતિ દર્શાવે છે. તેને કારણે કંપનીની શાખમાં ઘટાડો થવાની શક્યતા રહે છે.
8. **કાચા નફાનો ગુણોત્તર :** કંપની અપેક્ષિત દર 35% એ કાચો નફો મેળવી શકે છે જે સારી સ્થિતિ દર્શાવે છે.
9. **ચોખ્ખા નફાનો ગુણોત્તર** : ચોખ્ખો નફો વેચાણના 10% દરે હોવો જોઈએ તેવી અપેક્ષાની સામે કંપની માત્ર 7%ના દરે નફો મેળવી શકે છે. જે સંચાલન ખર્ચનું ઊંચું પ્રમાણે દર્શાવે છે.

**એકંદર અભિપ્રાય :**

એકંદરે કંપનીના 9 માંથી 7 ગુણોત્તરો નબળી તથા પ્રતિકુળ પરિસ્થિતિ દર્શાવે છે. કંપનીની ટૂંકા ગાળાની સફળતાની સ્થિતિ નબળી છે. દેવાદારો પાસેથી ઢીલી નીતિની ઉઘરાણી વસૂલાતની કામગીરી થાય છે અને લેણદારોને વિલંબિત ચૂકવણી કરાય છે. કંપનીમાં સંચાલન ખર્ચાનું પ્રમાણ ઊંચું છે.

કંપની વધુ વેચાણ કરી શકે છે, અપેક્ષિત દરે કાચો નફો મેળવી શકે છે. પરંતુ કાર્યક્ષમતાના અભાવના કારણે તે જાળવી શકતી નથી. એકંદરે કંપનીની સ્થિતિ ખૂબ સંતોષકારક હોઈ સુધારાલક્ષી પગલાં લેવાં જરૂરી ગણાય.

**ઉદાહરણ-17 : પુરી લિ.** બે વર્ષથી કાર્યરત છે. તેના પ્રકાશિત હિસાબોમાંથી અગત્યની માહિતી નીચે આપેલી છે.

તા.31મી ડિસેમ્બરના રોજનું પાકુ સરવૈયું

| વિગત | વર્ષ-1 રૂ. | વર્ષ-2 રૂ. | વિગત | વર્ષ-1 રૂ. | વર્ષ-2 રૂ. |
|---|---|---|---|---|---|
| મૂડી : | | | કાયમી મિલકતો | | |
| રૂ. 100નો એક એવા | | | (બાદ : ઘસારો) | 2,08,000 | 1,98,000 |
| ઇક્વિટી શેર | 1,00,000 | 1,00,000 | સ્ટોક | 30,000 | 60,000 |
| અનામતો | 10,000 | 20,000 | દેવાદારો | 40,000 | 80,000 |
| ન.નુ.ખાતુ | 10,000 | 2,000 | રોકડ-બેંક | 30,000 | 2,000 |
| ગીરો લોન | 1,10,000 | 80,000 | | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | - | 20,000 | | | |
| લેણદારો | 30,000 | 90,000 | | | |
| કરવેરા જોગવાઈ | 34,000 | 13,000 | | | |
| સુચિત ડિવિડન્ડ | 10,000 | 15,000 | | | |
| | 3,08,000 | 3,40,000 | | 3,08,000 | 3,40,000 |

**તા.31 ડિસે.ના રોજ પૂરા વર્ષ માટે બે વર્ષ માટેના ન.નુ. ખાતા**

| વિગત | વર્ષ-1 રૂ. | વર્ષ-2 રૂ. | વિગત | વર્ષ-1 રૂ. | વર્ષ-2 રૂ. |
|---|---|---|---|---|---|
| લોન વ્યાજ | 2400 | 4800 | બાકી લાવ્યા | | 14,000 |
| સંચાલકોનું મહેનતાણુ | 10,000 | 30,000 | વર્ષનો નફો | | |
| કરવેરા જોગવાઈ | 34,000 | 13,000 | (ઘસારો તથા સામાન્ય | | |
| ડિવિડન્ડ | 10,000 | 15,000 | ખર્ચા) | 80,400 | 60,800 |
| અનામત ખાતે | 10,000 | 10,000 | | | |
| બાકી પા.સ. માં લઈ ગયા | 14,000 | 2,000 | | | |
| | 80,400 | 74,800 | | 80,400 | 74,800 |

પ્રથમ વર્ષ રૂ.6,00,000નું અને બીજા વર્ષ રૂ.5,00,000નું વેચાણ થયું હતું. નીચેના અંગે ગુણોત્તર વડે તમારા મંતવ્યો રજૂ કરો.

(A) નફાકારકતા અંગે (B) સદ્ધરતા અંગે (C) વેચાણ અંગે (D) મૂડી માળખા અંગે

**જવાબ-(A) નફાકારકતા અંગે મંતવ્ય :** નફાકારકતા અંગેના ગુણોત્તરો ગણીશું.

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર :

$$\text{ચોખ્ખા નફાનો ગુણોત્તર} = \frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$\text{વર્ષ-1} = \frac{34,000}{6,00,000} \times 100 = 5.67\%$$

$$\text{વર્ષ-2} = \frac{13,000}{5,00,000} \times 100 = 2.6\%$$

(2) ઇક્વિટી શેરમૂડી પર વળતર દર :

$$\text{ઇક્વિટી શેરમૂડી પર વળતર} = \frac{\text{ચોખ્ખો નફો}}{\text{ઇક્વિટી શેરમૂડી}} \times 100$$

$$\text{વર્ષ-1} = \frac{34000}{1,00,000} \times 100 = 34\%$$

$$\text{વર્ષ-2} = \frac{13000}{1,00,000} \times 100 = 13\%$$

(3) માલિકી ભંડોળ પર વળતર :

$$= \frac{\text{ચોખ્ખો નફો}}{\text{માલીકીનાભંડોળ}} \times 100$$

વર્ષ-1 = $\frac{34000}{1,24,000} \times 100 = 27.42\%$

વર્ષ-2 = $\frac{13,000}{1,22,000} \times 100 = 10.65\%$

(4) રોકાયેલી મૂડી પર વળતર :

$= \frac{\text{ચોખ્ખો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

વર્ષ-1 : $\frac{70,400}{2,34,000} \times 100 = 30.09\%$

વર્ષ-2 : $\frac{30,800}{2,02,000} \times 100 = 15.25\%$

**નફાકારકતા અંગે મંતવ્ય :**

નફાકારકતા અંગેના ઉપરોક્ત ગુણોત્તરો તપાસતા એમ લાગે છે કે ચોખ્ખા નફાનો ગુણોત્તર પ્રથમ વર્ષ 5.7 ટકા જ અસંતોષકારક છે. બીજા વર્ષ આ ગુણોત્તર 2.6 ટકા છે. જે કંપનીની નફાની પરિસ્થિતિમાં ધરખમ ઘટાડો સુચવે છે. આ જ રીતે ઇક્વિટી શેરમૂડી પર વળતરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માલિકીભંડોળ પર વળતર અને રોકાયેલી મૂડી પર વળતરમાં પણ ઘટાડો થયો છે. જેનાં કારણોની તપાસ થવી ઘટે. વેચાણમાં ઘટાડો થયો છે. ડિરેક્ટરના વેતનમાં ત્રણ ગણો વધારો થયો છે. ગીરો લોનમાં ઘટાડો થયો છે છતાં તેના વ્યાજમાં વધારો થયો છે.

(B) સદ્ધરતા અંગે મંતવ્ય : આ માટે નીચેના ગુણોત્તર ગણીશું.

= ચાલુ ગુણોત્તર = $\frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવા}}$

વર્ષ-1 : $= \frac{1,00,000}{74,000} = 1.35 : 1$

વર્ષ-2 : $\frac{1,42,000}{1,38,000} = 1.03 : 1$

(2) પ્રવાહી ગુણોત્તર

$= \frac{\text{પ્રવાહી ચાલુ મિલકતો}}{\text{પ્રવાહી ચાલુ દેવા}}$

વર્ષ-1 : $\frac{70,000}{34,000} = 0.75 : 1$

વર્ષ-2 : $\frac{82,000}{1,18,000} = 0.7 : 1$

(3) માલિકી ગુણોત્તર :

$= \frac{\text{માલિકોની કુલ રકમ}}{\text{કુલ મિલકતો}} \times 100$

વર્ષ-1 : $= \frac{1,24,000}{3,08,000} \times 100 = 40.03\%$

વર્ષ-2 : $= \frac{1,22,000}{3,40,000} \times 100 = 35.88\%$

(4) દેવા-ઇક્વિટી ગુણોત્તર :

$$= \frac{\text{કુલ બાહ્ય દેવાં}}{\text{માલિકી ભંડોળ}} \times 100$$

$$\text{વર્ષ-1} = \frac{1,84,000}{1,24,000} \times 100 = 148.4\%$$

$$\text{વર્ષ-2} = \frac{2,18,000}{1,22,000} \times 100 = 179\%$$

(5) વ્યાજ આવરણ ગુણોત્તર :

$$= \frac{\text{વ્યાજ અને કરવેરા પહેલાનો નફો – સંચાલકોનું મહેનતાણું}}{\text{વ્યાજ}}$$

$$\text{વર્ષ-1} = \frac{70,000}{2,400} = 29.33$$

$$\text{વર્ષ-2} = \frac{30,800}{4,800} = 6.42$$

**સદ્ધરતા અંગે મંતવ્ય :**

ચાલુ ગુણોત્તર 2:1 હોવી જોઈએ પરંતુ પ્રથમ વર્ષ આ ગુણોત્તર 1.35:1 આદર્શ ગુણોત્તરથી ઓછો છે. બીજા વર્ષ આ ગુણોત્તરમાં ઘટાડો થયા છે. પ્રવાહી ગુણોત્તર પણ 1:1 ની જગ્યાએ ઓછો છે અને બીજા વર્ષે તેમાં પણ ઘટાડો થયો છે. આમ કંપનીની સદ્ધરતા અને ચાલુ દેવા ચૂકવવાની પ્રવાહિતા ખૂબ અસંતોષકારક છે. અહીં દેવાદારો અને સ્ટોકમાં વધારો થઈ રહ્યો છે. તે બાબત નોંધપાત્ર છે.

**(C) વેચાણ અંગે મંતવ્ય :** આ માટે નીચેના બે ગુણોત્તર ગણીશું.

(1) સ્ટોકનો ઊથલો $= \frac{\text{વેચાયેલ માલની પડતર અથવા વેચાણ}}{\text{સરેરાશ સ્ટોક}}$

$$\text{વર્ષ-1} : \frac{6,00,000}{30,000} = 20 \text{ ગણો}$$

$$\text{વર્ષ-2} : \frac{5,00,000}{45,000} = 11.11 \text{ ગણો}$$

(2) દેવાદાર ગુણોત્તર $= \frac{\text{દેવાદાર + લેણીહૂંડી}}{\text{વેચાણ}} \times 360$

$$\text{વર્ષ-1} : = \frac{40,000}{6,00,000} \times 360 = 24 \text{ દિવસ}$$

$$\text{વર્ષ-2} : = \frac{80,000}{5,00,000} \times 360 = 57.6 \text{ દિવસ}$$

**વેચાણ અંગે મંતવ્ય :**

વેચાણમાં બીજા વર્ષે ઘટાડો થયો છે. સ્ટોક ઊથલો પ્રથમ વર્ષે સંતોષકારક છે. પરંતુ બીજા વર્ષે તેમાં ઘટાડો થયો છે. દેવાદાર ગુણોત્તરમાં અસાધારણ વધારો દર્શાવ્યો છે. કંપનીની ઉઘરાણી મળવાની કાર્યક્ષમતામાં ખૂબ ઘટાડો થયો છે.

**(D) મૂડી માળખા અંગે મંતવ્ય :** આ માટે નીચેના ગુણોત્તર ગણીશું.

(1) મૂડી ગિયરીંગ $= \frac{\text{નિશ્ચિત વ્યાજ દરવાળી મૂડી}}{\text{ઇક્વિટી શેરમૂડી}} \times 100$

$$\text{વર્ષ-1} = \frac{1,10,000}{1,00,000} \times 100 = 110\%$$

વર્ષ-2 = $\frac{80,000}{1,00,000} \times 100 = 80\%$

(2) અનામત અને મૂડી ગુણોત્તર

$= \frac{\text{અનામતો}}{\text{મૂડી}}$

વર્ષ-1 = $\frac{10,000}{1,00,000} \times 100 = 10\%$

વર્ષ-2 = $\frac{20,000}{2,00,000} \times 100 = 20\%$

(3) ચાલુ દેવા અને માલિકી ભંડોળ ગુણોત્તર ચાલુ દેવા અને માલિકી ભંડોળ ગુણોત્તર

$= \frac{\text{ચાલુ દેવા}}{\text{માલિકી ભંડોળ}} \times 100$

વર્ષ-1 = $\frac{74,000}{1,24,000} \times 100 = 60\%$

વર્ષ-2 = $\frac{1,38,000}{1,22,000} \times 100 = 113\%$

**મૂડી માળખા અંગે મંતવ્ય :**

મૂડી માળખાના ઉપરોક્ત ગુણોત્તરના સંદર્ભમાં જોઈએ. મૂડી ગિયરીંગમાં સુધારો થયો છે. અનામત અને મૂડી ગુણોત્તર સ્થિર રહ્યો છે. ચાલુ દેવાના પ્રમાણમાં બીજા વર્ષમાં માલિકી ભંડોળમાં ઘટાડો થયો છે અને પ્રથમ વર્ષની સરખામણીમાં બીજા વર્ષે ચાલુ દેવાઓમાં લગભગ 1.8 ગણો વધારો થયો છે.

મૂડી ગિયરીંગની દૃષ્ટિએ પરિસ્થિતિ સંતોષકારક છે. લાંબાગાળાની કાયમી મૂડી અને લાંબાગાળાની ઉછીની મૂડીની દૃષ્ટિએ પરિસ્થિતિ સંતોષકારક છે. પરંતુ માલિકી ભંડોળ અને ચાલુ દેવાની સરખામણીએ પરિસ્થિતિમાં એકંદર નોંધપાત્ર ફેરફાર થયો છે. લેણદારોમાં વધારો થયો.

## 4.9 સ્વાધ્યાય

**(A) સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. 'હિસાબી ગુણોત્તર'નો અર્થ આપો, તેની ઉપયોગિતા અને ફાયદાઓ-મર્યાદાઓની ચર્ચા કરો.
2. ગુણોત્તર વિશ્લેષણની ઉપયોગિતા ચર્ચો.
3. નીચેના ગુણોત્તરો માટે સૂત્રો જણાવો. તે ગુણોત્તરો શું સૂચવે છે ?
   (1) માલિકી ગુણોત્તર
   (2) સંચાલન ગુણોત્તર
   (3) લેણદારોનો ગુણોત્તર
   (4) સ્ટોક ચલનદર
   (5) વ્યાજ આવરણ ગુણોત્તર
   (6) પ્રવાહી ગુણોત્તર
   (7) દેવાદાર ગુણોત્તર
   (8) રોકાયેલી મૂડી પર વળતરદર
   (9) ચો.નફાનો ગુણોત્તર
   (10) ચાલુ ગુણોત્તર
4. સૂચવ્યા મુજબ ઉત્તર આપો.
   1. ગુણોત્તર વિશ્લેષણની મર્યાદાઓ જણાવો.
   2. નીચેના ગુણોત્તરોની ઉપયોગિતા લખો.
      (1) ચાલુ ગુણોત્તર
      (2) એસિડ ગુણોત્તર
      (3) સંચાલન ગુણોત્તર
      (4) ઈ-શેર હો.ના ભંડોળ પર વળતરનો દર
   3. હિસાબી ગુણોત્તરોના મહત્ત્વ વિશે નોંધ લખો.
   4. હિસાબી ગુણોત્તરોનું વિશ્લેષણ

5. નફાનુકસાન ખાતાના ગુણોત્તરો સમજાવો
6. પાકાં સરવૈયાને લગતાં ચાર ગુણોત્તરો ઉદાહરણહરણહરણ સાથે સમજાવો.
7. શેરદીઠ કમાણી અને ડિવિડન્ડ પર સમજૂતી આપો
8. મૂડી માળખાનાં ગુણોત્તરો ચર્ચો.
9. દેવા-ઈક્વિટી ગુણોત્તર સૂત્રો અને સમજૂતી આપો
10. નફાકારકતા દર્શાવતા ચાર ગુણોત્તરો તેનાં સૂત્રો લખી સમજાવો.

6. નીચેના ગુણોત્તરો કેવી રીતે ગણશો ? તે ગુણોત્તરો શું સૂચન કરે છે ?
   (અ) ઍસિડ કસોટી ગુણોત્તર
   (બ) સંચાલન ગુણોત્તર
   (ક) લેણદાર ગુણોત્તર
   (ડ) હિસાબી ગુણોત્તરોનું વર્ગીકરણ
   (ઈ) મૂડી-ગિયરીંગ ગુણોત્તર
7. મિલકતોને લગતાં ગુણોત્તરો સમજાવો. સૂત્ર આપો.
8. રોકાયેલી મૂડી પર વળતર અને ઈક્વિટી શેરહોલ્ડરોના ભંડોળો પર વળતરનો અર્થ જણાવો. આ ગુણોત્તરો શોધવાનાં સૂત્રો આપો.

**(B) હેતુલક્ષી પ્રશ્નો :**

1. કાચાનફાનો ગુણોત્તર 25% છે વેચાણ રૂા.4,00,000 છે તો કાચો નફો શોધો.
   (જવાબ : કાચો નફો રૂા.1,00,000)
2. ચો.નફાનો ગુણોત્તર 20% છે. ચો.નફો રૂા.2,00,000 છે તો વેચાણ શોધો.
   (જવાબ : વેચાણ રૂા.10,00,000)
3. શરૂ સ્ટોક રૂ.1,00,000, ચોખ્ખી ખરીદી રૂા.6,00,000, ખરીદીના ખર્ચા રૂ.20,000 અને આખર સ્ટોક 2,20,000 છે. તો વેચેલ માલની પડતર શોધો.
   (જવાબ : વેચેલ માલની પડતર (શરૂ સ્ટોક 1,00,000 + ચોખ્ખી ખરીદી રૂા.6,00,000 + ખરીદીના ખર્ચા રૂા.20,000 − 2,20,000 આ.સ્ટોક) = રૂ.5,00,000
4. વેચાણપડતર રૂ. 5,00,000 કાચો નફો રૂ.1,00,000 તો ચોખ્ખું વેચાણ શોધો.
   (જવાબ : ચોખ્ખું વેચાણ = વેચેલ માલની પડતર + કાચો નફો. ચો.વે. = 6,00,000)
5. સંચાલન ગુણોત્તર 84% છે વેચેલ માલની પડતર રૂ.9,00,000 અને સંચાલન ખર્ચ રૂ.3,60,000 છે ચોખ્ખું વેચાણ શોધો.
   (જવાબ : રૂ.15,00,000)
6. વ્યાજ અને કર પહેલાનો ચો.નફો રૂ.84000 છે. રોકાયેલ મૂડી રૂ.3,36,000 છે તો રોકાયેલી મૂડી પર વળતરનો દર શોધો.
   (જવાબ : 25%)
7. કરવેરા બાદનો નફો રૂા.1,50,000 અને પ્રેફ. શેર ડિવિડન્ડ રૂ.12,000 છે. જો ઈ.શેર સંખ્યા 60,000 હોય તો શેરદીઠ કમાણી શોધો.
   (જવાબ : 2.30)
8. ડિવિડન્ડ પેઆઉટ રેશીયો શોધવાનું સૂત્ર જણાવો.
   (જવાબ : ડિવિ.પે. આઉટ રેશિયો = $\frac{\text{શેરની બજાર કિંમત}}{\text{શેરદીઠ કમાણી}}$)
9. ચાલુ ગુણોત્તર 2.5:1 છે તો તે દેવું ચૂકવવાની દૃષ્ટિએ યોગ્ય ગણાય કે કેમ ?
   (જવાબ : હા)
10. પ્રવાહી ગુણોત્તર શોધવા માટે ચાલુ મિલકતોમાંથી શું બાદ થાય છે ?
   (જવાબ : સ્ટોક)
11. ચાલુ દેવામાંથી બેંક ઓવર ડ્રાફ્ટ બાદ કરીને નીચે પૈકી કયો ગુણોત્તર શોધવામાં આવે છે.
   (1) ચાલુ ગુણોત્તર (2) પ્રવાહી ગુણોત્તર (3) નફાનો ગુણોત્તર
   (જવાબ : પ્રવાહી ગુણોત્તર)

12. કુલ વેચાણ રૂા.9,00,000 છે. રોકડ વેચાણ ઉધાર વેચાણનાં 20% છે તો રોકડ વેચાણ કેટલું હોય ?
(જવાબ : રૂ.1,50,000)

**(C) બહુવિકલ્પ પ્રશ્નો**

નીચે આપેલા પ્રશ્નો માટે દરેક પ્રશ્નનો સાચો વિકલ્પ પસંદ કરી બોક્સમાં દર્શાવો.

1. વેચાણ રૂ.18,00,000, કાચો નફો રૂ.1,80,000 છે તો કાચા નફાનો દર ...........
(અ) 18% (બ) 10% (ક) 12% (ડ) 100%
2. એક કંપનીનો સંચાલન ગુણોત્તર 80%, ચોખ્ખું વેચાણ રૂ.18,00,000 છે. સંચાલન ખર્ચા રૂા.1,00,000 છે. વેચાણ પડતરની કુલ રકમ શોધો.
(અ) રૂા.14,40,000 (બ) રૂ.4,40,000 (ક) 13,40,000 (ડ) એક પણ નહિ
3. એસિડ ટેસ્ટ ગુણોત્તરનું બીજું નામ .........
(અ) ધીમો ગુણોત્તર (બ) ચાલુ ગુણોત્તર (ક) પ્રવાહી ગુણોત્તર (ડ) ઝડપી ગુણોત્તર
4. માલિકી ગુણોત્તર એ નીચે પૈકી કયો ગુણોત્તર છે ?
(અ) નફાકારકતાનો ગુણોત્તર (બ) મિલકત ગુણોત્તર
(ક) મિશ્ર ગુણોત્તર (ડ) મૂડી માળખાનો ગુણોત્તર
5. ઉધાર વેચાણ રૂ. 60,00,000 અને દેવાદારો + લેણીહૂંડી = રૂ.5,20,000 વર્ષના દિવસો = 360 છે. દેવાદાર ગુણોત્તર કેટલો ?
(અ) 32 દિવસ (બ) 36 દિવસ (ક) 31.2 દિવસ (ડ) 40 દિવસ
6. કર પછીનો ચો.નફો રૂ.18,000, પ્રેફ. શેર ડિવિડન્ડ રૂા.3000 અને ઈ. શેરહોલ્ડર્સના ભંડોળો રૂ.1,67,250 છે તો ઈક્વિટી ભંડોળ પર વળતરનો દર કેટલો ?
(અ) 19% (બ) 8.97% (ક) 10% (ડ) 12%
7. વ્યાજ કરવેરા પહેલાનો નફો રૂા.30,000, વ્યાજ રૂા.6,000 છે તો વ્યાજ આવરણ ગુણોત્તર કેટલો ?
(અ) 8 (બ) 7 (ક) 6 (ડ) 9
8. સ્ટોક ચલનદર 3.20 છે. સરેરાશ સ્ટોક 95000 છે તો વેચેલ માલની પડતર કેટલી ?
(અ) રૂ.3,04,000 (બ) રૂ.3,00,000 (ક) રૂ.3,95,000 (ડ) રૂ.2,05,000
9. ગિયરિંગ ગુણોત્તર જેમ ઊંચો તેમ ઈક્વિટી શેર પર ડિવિડન્ડની રકમ ......... જવાની શક્યતા રહે.
(અ) ઊંચી (બ) નીચી (ક) સ્થિર (ડ) સરેરાશ
10. સ્ટોક ગુણોત્તર, દેવાદાર ગુણોત્તર, લેણદાર ગુણોત્તર, મિલકતોનો ચલનદર વગેરે ......... ના ગુણોત્તરો ગણાય.
(અ) વેચાણ (બ) પ્રવાહિતા (ક) પ્રવૃત્તિ (ડ) મૂડીમાળખા
11. ચલનદર સૂચવતા ગુણોત્તરોને .......... ગુણોત્તર પણ કહે છે.
(અ) પ્રવૃત્તિના (બ) નફાકારકતાના (ક) મૂડીમાળખાના (ડ) પ્રવાહિતા
12. [પ્રેફરન્સ શેરમૂડી + ડિબેન્ચર) ÷ ઓર્ડિનરી શેરમૂડી] × 100 = ?
(અ) માલિકી ગુણોત્તર (બ) વળતર ગુણોત્તર (ક) ગિયરિંગ ગુણોત્તર (ડ) ચાલુ ગુણોત્તર
13. વેચાણ રૂ.10,00,000 અને કુલ મિલકતો રૂ.25,00,000 છે તો કુલ મિલકતોનો ચલનદર શોધો.
(અ) 0.10 (બ) 0.4 (ક) 2.5 (ડ) 10
14. લાંબાગાળાના દેવા રૂ.6,00,000 અને માલિકીના ભંડોળ રૂ. 10,00,000 તો દેવા-ઈક્વિટી ગુણોત્તર કેટલો ?
(અ) 60 (બ) 0.80 (ક) 0.25 (ડ) 0.6
15. વેચાણ – વેચેલ માલની પડતર = (?)
(અ) કાચો નફો (બ) આખર સ્ટોક (ક) ચો.નફો (ડ) શરૂ સ્ટોક
16. સરેરાશ સ્ટોક રૂા.5,00,000; શરૂ સ્ટોક રૂ.2,00,000 છે. તો આખર સ્ટોક કેટલો ?
(અ) 6,00,000 (બ) 7,00,000 (ક) 8,00,000 (ડ) 10,00,000

જવાબો : MCQ પ્રશ્નમાં (અ) (બ) (ક) આપેલ છે જ્યારે જવાબમાં A B C આપેલ છે દરેક જવાબમાં અ બ ક પ્રમાણે ફેરફાર.

(1) = (B), (2) = (C), (3) = (D), (4) = (C), (5) = (C), (6) = (B), (7) = (C), (8) = (A), (9) = (B),

(10) = (C), (11) = (A), (12) = (C), (13) = (B), (14) = (D), (15) = (A), (16) = (C)

**(D) વ્યવહારુ મોટા પ્રશ્નો (માર્ગદર્શક સંક્ષિપ્ત જવાબો સાથે)**

**1. નીચે સાંઈ લિ.નું તા.31-3-2018ના રોજનું પાકું સરવૈયું આપ્યું છે.**

| જવાબદારી | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 30,000 | સંચા અને યંત્રો | 60,000 |
| અનામતો | 20,700 | માલનો સ્ટોક | 15,000 |
| ડિબેન્ચર | 30,000 | દેવાદારો | 3,500 |
| લેણદારો | 5,000 | લેણીહૂંડીઓ | 1,500 |
| દેવીહૂંડીઓ | 2,000 | રોકડ | 7,700 |
| | 87,700 | | 87,700 |

2017-2018નું કુલ વેચાણ રૂ.60,000; ચોખ્ખો નફો રૂ.12,000

ઉપરથી વિગતો પરથી નીચેના ગુણોત્તરો ગણો અને તેઓ શું દર્શાવે છે તે સમજાવો :

1. ચાલુ ગુણોત્તર
2. પ્રવાહિતા ગુણોત્તર
3. દેવાદાર ગુણોત્તર
4. ચોખ્ખા નફાનો ગુણોત્તર

(**જવાબો :** ચાલુ ગુણોત્તર 3.95:1, પ્રવાહિતા ગુણોત્તર 1.81:1, દેવાદાર ગુણોત્તર 30 દિવસ અને ચોખ્ખા નફાનો ગુણોત્તર 20%. આ ગુણોત્તર અને પ્રવાહિતા ગુણોત્તર ખૂબ સારી પરિસ્થિતિ દર્શાવે છે. દેવાદાર અને ચોખ્ખા નફાનો ગુણોત્તર સંતોષકારક છે. આમ છતાં, આ બંને ગુણોત્તરોને ધંધાની સરેરાશ સાથે સરખાવ્યા પછી જ યોગ્ય અભિપ્રાય આપી શકાય.)

**2. રાજ લિ.નું 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.**

| જવાબદારી | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 2,50,000 | કાયમી મિલકતો | 4,80,000 |
| 10%ની પ્રેફ. શેરમૂડી | 1,00,000 | સ્ટોક | 1,12,500 |
| અનામતો | 1,12,500 | દેવાદારો | 87,500 |
| 12%ના ડિબેન્ચરો | 1,50,000 | લેણીહૂંડી | 25,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 25,000 | રોકડ અને બેન્ક સિલક | 45,000 |
| લેણદારો | 95,000 | પ્રાથમિક ખર્ચા | 12,500 |
| દેવીહૂંડી | 30,000 | | |
| | 7,62,500 | | 7,62,500 |

**અન્ય માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | કુલ વેચાણ (રોકડ વેચાણ, ઉધાર વેચાણના 20% છે.) | 9,00,000 |
| 2. | કાચો નફો | 3,60,000 |
| 3. | ચોખ્ખો નફો (વ્યાજ અને 50% લેખે કર પહેલાંનો) | 2,43,000 |
| 4. | સ્ટોક તા. 1-4-2012ના રોજ | 1,03,500 |

**ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તર ગણો અને ટૂંકું અર્થઘટન કરો.**

1. ચાલુ ગુણોત્તર
2. દેવાદાર ગુણોત્તર (300 દિવસ)
3. ચોખ્ખા નફાનો ગુણોત્તર

4. મૂડી ગિયરિંગ ગુણોત્તર,
5. શેરહોલ્ડરોનાં ભંડોળો પર વળતર ગુણોત્તર,
6. સ્ટોક ચલનદર

(**જવાબો :** (1) ચાલુ ગુણોત્તર : 1.8:1 (2,70,000/1,50,000) (2) દેવાદાર ગુણોત્તર : 45 દિવસ (1,12,500 × 300 / 7,50,000) (3) ચોખ્ખા નફાનો ગુણોત્તર : 12.5% (ડિબેં.વ્યાજ અને કરવેરા બાદ કર્યા પછીનો નફો 1,12,500 × 100/9,00,000) (4) મૂડી ગિયરિંગ ગુણોત્તર 1:1 (2,50,000/2,50,000) (5) શેરહોલ્ડરોના ભંડોળ પર વળતર : 25% (1,12,500 × 100/4,50,000) (6) સ્ટોક ચલનદર : 5 વખત (5,40,000/1,08,000)

**3. નીચેની માહિતી રવિ લિ.ના નાણાકીય હિસાબો પરથી મેળવેલ છે.**

| **વિગત** | **રૂ.** |
|---|---|
| કુલ વેચાણ (જે પૈકી 25% રોકડ વેચાણ છે) | 9,00,000 |
| વેચેલ માલની પડતર | 5,80,000 |
| ચોખ્ખો નફો (50% કરવેરા પછીનો) | 60,000 |
| ઇક્વિટી શેરમૂડી | 3,00,000 |
| રાખી મૂકેલી કમાણી | 54,000 |
| 10% ડિબેન્ચર્સ | 1,08,000 |
| કાયમી મિલકતો | 4,00,000 |
| સ્ટોક | 80,000 |
| દેવાદારો | 96,000 |
| રોકડ | 32,000 |
| લેણદારો | 48,000 |
| દેવીહૂંડી | 12,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 30,000 |
| પ્રાથમિક ખર્ચા | 5,000 |

**ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તરો ગણો :**

1. ચાલુ ગુણોત્તર,
2. દેવાદાર ગુણોત્તર (વર્ષના દિવસો 360),
3. સંચાલન ગુણોત્તર,
4. સ્ટોક ટર્નઓવર ગુણોત્તર
5. કુલ રોકાયેલી મુડી પર વળતર
6. શેરહૉલ્ડરનાં ભંડોળ પર વળતર,
7. વ્યાજ આવરણ ગુણોત્તર

(**જવાબ :** (1) ચાલુ ગુણોત્તર = 2.31:1 (2) દેવાદાર ગુણોત્તર = 51.2 દિવસ (3) સંચાલન ગુણોત્તર = 86.67 (જેમાં સંચાલન ખર્ચા = કાચો નફો – કરવેરા અને ચો.નફો) (4) સ્ટોક ટર્નઓવર 7.25 વખત (5) રોકાયેલી મૂડી પર વળતર દર = 23.43% (6) શેરહોલ્ડર્સના ભંડોળ પર વળતર = 14.67% (7) વ્યાજ આવરણ ગુણોત્તર = 7.67%

**4. X લિ.ના પાકા સરવૈયા નીચે આપેલ છે.**

| **મૂડી-દેવા** | **31-3-17** | **31-3-18** | **મિલકતો** | **31-3-17** | **31-3-18** |
|---|---|---|---|---|---|
| ઈ.શેરમૂડી દરેક રૂ.100ના લેખે | 3,00,000 | 4,00,000 | કાયમી મિલકતો | 4,50,000 | 5,55,000 |
| | | | સ્ટોક | 75,000 | 90,000 |
| 10%ની પ્રેફ.મૂડી | 50,000 | 50,000 | દેવાદારો | 60,000 | 65,000 |
| ન.નુ.ખાતું | 20,000 | 25,000 | લેણીહૂંડીઓ | 2,500 | 7,500 |
| અનામતો | 40,000 | 30,000 | -અગાઉથી ચૂક.ખર્ચા | 5,000 | 2,500 |
| 10% ડિબેન્ચર્સ | 1,00,000 | 1,25,[illegible] | રોકડ અને બેંક | 7,500 | 5,000 |
| કારીગર નફાભાગફંડ | 10,000 | 50,000 | પ્રાથમિક ખર્ચા | 10,000 | 5,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 15,000 | 30,000 | | | |

D:\damini\chaudresi-3

| | | | | | |
|---|---|---|---|---|---|
| લેણદારો | 52,500 | 35,000 | | | |
| દેવીહૂંડીઓ | 15,000 | 20,000 | | | |
| ચૂક.બાકી ખર્ચા | 7,500 | 10,000 | | | |
| | 6,10,000 | 7,30,000 | | 6,10,000 | 7,30,000 |

વધારાની માહિતી :

| વિગત | 31-3-2017 | 31-3-2018 |
|---|---|---|
| કુલ વેચાણ (રોકડ વેચાણ, ઉધાર વેચાણનો 1/5 ભાગ છે) | | |
| કાચોનફો | 12,00,000 | 18,00,000 |
| વ્યાજ અને 50% કર અગાઉનો ચો.નફો | 1,90,000 | 3,36,500 |

તા.1-4-2016ના રોજ સ્ટોક રૂ.69,000 ઉપરની માહિતી પરથી બન્ને વર્ષ માટે નીચેના હિસાબી ગુણોત્તર શોધો.
(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર (2) રોકાયેલી મૂડી પર વળતર (3) દેવાદાર ગુણોત્તર (વર્ષના 300 દિવસો ગણવા.) (4) સ્ટોક ગુણોત્તર (5) ચાલુ ગુણોત્તર (6) શેરદીઠ કમાણી

| જવાબો : ગુણોત્તર | 31-3-2017 | 31-3-2018 |
|---|---|---|
| (1) ચો.નફાનો ગુણોત્તર | 7.5% | 9% |
| (2) રોકાયેલી મૂડી પર વળતરનો દર | 38% | 53.84% |
| (3) દેવાદાર ગુણોત્તર | 18.75 | 14.50 |
| (4) સ્ટોક ગુણોત્તર | 10 વખત | 14.06 વખત |
| (5) ચાલુ ગુણોત્તર | 1.50:1 | 1.70:1 |
| (6) શેરદીઠ કમાણી રૂ. | 28.33 | 39.25 |

**5. વંદન લિ.ની દ્વિ-વાર્ષિક વિગતો નીચે મુજબ છે.**

| જવાબદારી | 2017 | 2018 | મિલકતો | 2017 | 2018 |
|---|---|---|---|---|---|
| ઈ.શેરમૂડી | 90,000 | 1,35,000 | મશીનરી | 81,000 | 81,000 |
| 10%ની પ્રેફ.શેરમૂડી | 45,000 | 45,000 | જમીન-મકાન | 90,000 | 81,000 |
| ન.નુ.ખાતું | 27,000 | 27,000 | લણીહૂંડી | 5,700 | 7,800 |
| સામાન્ય અનામત | 18,000 | - | દેવાદારો | 60,000 | 30,000 |
| 12%ના ડિબેન્ચર | 90,000 | 45,000 | સ્ટોક | 67,500 | 81,000 |
| દેવીહૂંડી | 27,000 | 31,500 | રોકડ/બેંક | 15,300 | 43,200 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 9,000 | 18,000 | પ્રાથમિક ખર્ચા | - | 9,000 |
| લેણદારો | 13,500 | 31,500 | | | |
| | 3,19,500 | 3,33,000 | | 3,19,500 | 3,33,000 |

| અન્ય માહિતી : | 2017 | 2018 |
|---|---|---|
| વેચાણ પડતર રૂ. | 1,97,100 | 1,31,400 |
| વેચાણ રૂ. | 3,28,500 | 1,97,100 |
| શરૂ સ્ટોક રૂ. | 63,900 | - |
| પ્રેફરન્સ શેર ડિવિ., | | |
| અગાઉનો ચોખ્ખો નફો રૂ. | 31,500 | 4,275 |

નીચેના ગુણોત્તરો શોધો.

(1) કાચા નફાનો ગુણોત્તર (2) ચોખ્ખા નફાનો ગુણોત્તર
(3) ચાલુ ગુણોત્તર (4) પ્રવાહી ગુણોત્તર
(5) સ્ટોક ગુણોત્તર (6) દેવાદાર ગુણોત્તર (વર્ષનાં 365 દિવસ મુજબ)
(7) ઈ.શેર હોલ્ડર્સ પર વળતરનો દર

| જવાબ : | ગુણોત્તર | 2017 | 2018 |
|---|---|---|---|
| | (1) કાચા નફાનો ગુણોત્તર | 40% | 33.33% |
| | (2) ચો.નફાનો ગુણોત્તર | 9.59% | 21.69% |
| | (3) ચાલુ ગુણોત્તર | 3:1 | 2:1 |
| | (4) પ્રવાહી ગુણોત્તર | 2:1 | 1.29:1 |
| | (5) સ્ટોક ગુણોત્તર | 3 વખત | 1.77 વખત |
| | (6) દેવાદાર ગુણોત્તર | 73 દિવસ | 70 દિવસ |
| | (7) ઈ.શેરહોલ્ડર્સ પર વળતરનો દર | 20% | 25% |

**6. અમીષા કંપની લિ.નાં બે વર્ષનાં પાકાં સરવૈયા નીચે મુજબ છે.**

| જવાબદારીઓ | 31-3-17 | 31-3-18 | મિલકતો | 31-3-17 | 31-3-18 |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી | | | જમીન-મકાન | 80,000 | 72,000 |
| (દરેક શેરદીઠ રૂ.100) | 80,000 | 1,20,000 | યંત્રો | 72,000 | 72,000 |
| 10%ની પ્રેફ.શેરમૂડી | 40,000 | 40,000 | સ્ટોક | 60,000 | 72,000 |
| સામાન્ય અનામત | 24,000 | 24,000 | દેવાદારો | 42,400 | 24,000 |
| નફા-નુકસાન ખાતું | 16,000 | - | લેણીહૂંડી | 16,000 | 9,600 |
| 12%ના ડિબેન્ચર | 80,000 | 40,000 | રોકડ/બેન્ક સિલક | 13,000 | 38,400 |
| બેન્ક ઓવરડ્રાફટ | 8,000 | 16,000 | નફા-નુકસાન ખાતું | - | 8,000 |
| લેણદારો | 24,000 | 28,000 | | | |
| દેવીહૂંડી | 8,000 | 20,000 | | | |
| ચૂકવવાના બાકી ખર્ચા | 4,000 | 8,000 | | | |
| | 2,84,000 | 2,96,000 | | 2,84,000 | 2,96,000 |

**વધારાની માહિતી :**

| | વિગત | 2016-2017 | 2017-2018 |
|---|---|---|---|
| 1. | વેચાણ | 2,92,000 | 1,75,200 |
| 2. | વેચેલ માલની પડતર | 1,75,000 | 1,16,800 |
| 3. | ચોખ્ખો નફો (પ્રેફ.ડિવિ.પહેલાંનો) | 28,000 | 38,000 |
| 4. | તા.1-4-2016નો સ્ટોક રૂ.56,800 | | |

**ઉપરની માહિતી પરથી નીચે મુજબ ગુણોત્તર શોધો.**

1. ચાલુ ગુણોત્તર
2. પ્રવાહી ગુણોત્તર
3. કાચા નફાનો ગુણોત્તર
4. દેવાદાર ગુણોત્તર (365 દિવસો)
5. સ્ટોક ફેરબદલી દર
6. શેરદીઠ કમાણી
7. ઈક્વિટી શેરહોલ્ડરોનાં ભંડોળો પર વળતરનો દર

(**જવાબ :** (1) ચાલુ ગુણોત્તર : (1,32,000/44,000) = 3:1 અને (1,44,000/72,000) = 2:1. (2) પ્રવાહી ગુણોત્તર : (72,000/36,000) = 2:1 અને (72,000/56,000) = 1.29:1 (3) કાચા નફાનો ગુણોત્તર : (1,16,800 ×100/ 2,92,000) = 40% અને (58,400 × 100/ 1,75,200) = 33.33% (4) દેવાદાર ગુણોત્તર : (58,400 × 365/2,92,000) = 73 દિવસો અને (33,600 × 365/ 1,75,200) = 70 દિવસો. (5) સ્ટોક ફેરબદલી દર : (1,75,200/58,400) = 3 વખત અને (1,16,800/66,000) = 1.77 વખત (6) શેરદીઠ કમાણી (24,000/800 શેર) = રૂ.30 અને (32,000/1200 શેર) = રૂ.28.33 (7) ઈક્વિટી શેરહોલ્ડરોનાં ભંડોળો પર વળતરનો દર (24,000 × 100/ 1,20,000) = 20% અને (34,000 × 100/ 1,36,000) = 25%)

**7.નીચેની માહિતી એક ઉદ્યોગની બે કંપનીઓના નાણાકીય રેકોર્ડ પરથી લેવામાં આવી છે :**

| વિગત | રામ લિ. રૂ. | શ્યામ લિ. રૂ. |
|---|---|---|
| કુલ વેચાણ (જે પૈકી 20% રોકડ વેચાણ છે) | 9,00,000 | 9,75,000 |
| વેચેલ માલની પડતર | 6,00,000 | 6,11,000 |
| સંચાલન ખર્ચા | 75,000 | 81,250 |
| ડિબેન્ચર ચાર્જ | 45,000 | 39,000 |
| આવકવેરો | 50% | 50% |
| ઈક્વિટી શેરમૂડી | 4,50,000 | 5,20,000 |
| 10% પ્રેફ. શેરમૂડી | 1,50,000 | 1,30,000 |
| રાખી મુકેલ કમાણી | 90,000 | 1,04,000 |
| નફા-નુકસાન ખાતે | 60,000 | 65,000 |
| 15%ના ડિબેન્ચર | 3,00,000 | 2,60,000 |
| લેણદારો | 1,20,000 | 91,000 |
| દેવીહૂંડી | 30,000 | 39,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 75,000 | 71,500 |
| સ્થિર મિલકતો | 8,25,000 | 7,86,000 |
| સ્ટોક | 2,25,000 | 2,60,000 |
| દેવાદારો | 1,65,000 | 1,62,500 |
| લેણીહૂંડી | 15,000 | 19,500 |
| રોકડ અને બેન્ક સિલક | 45,000 | 52,000 |

ઉપરની માહિતી પરથી બંને કંપની માટે નીચેના ગુણોત્તરો ગણો અને દરેક વિશે ટૂંકમાં તમારો અભિપ્રાય આપો.

(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર (2) પ્રવાહી ગુણોત્તર (3) દેવાદારોનો ગુણોત્તર (વર્ષના 360 દિવસ ગણવાના) (4) દેવા ઈક્વિટી ગુણોત્તર (5) મૂડી ગિયરીંગ ગુણોત્તર

(**જવાબ :** (1) ચોખ્ખા નફાનો ગુણોત્તર : રામ લિ. 10% અને શ્યામ લિ. 12.5% (2) દેવાદારોના ગુણોત્તર : રામ લિ. 90 દિવસ અને શ્યામ લિ. 84 દિવસ (3) પ્રવાહી ગુણોત્તર : રામ લિ. 1.5:1 અને શ્યામ લિ. 1.8:1 (4) દેવાં-ઈક્વિટી ગુણોત્તર લાંબાગાળાનાં દેવાંને આધારે રામ લિ. 40% અને શ્યામ લિ. 31.75% (5) મૂડી ગિયરીંગ ગુણોત્તર : રામ લિ. 1:1 અને શ્યામ લિ. 0.75:1)

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

તૃતીય વર્ષ બી.કોમ.

**BCMACN303**

# સંચાલકીય હિસાબી પદ્ધતિ



## બ્લોક-૨

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:
'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | શ્રી પંકજ રાવલ | એસોસિયેટ પ્રોફેસર, એચ.એ.કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી, શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર, શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી, શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| પરામર્શક(ભાષા) : | ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય, સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | શ્રી ધ્વનિલ પારેખ | સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા. |
| | ડૉ. જિતેન્દ્ર મેકવાન | આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી) મહેમદાવાદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ-2022) | |

ISBN : 978-93-5598-204-9

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

***તૃતીય વર્ષ બી.કોમ.***

**BCMACN303**

***સંચાલકીય હિસાબી પદ્ધતિ***

**ભાગ : 02**

## સંચાલકીય હિસાબી પદ્ધતિ


**એકમ :** 5

**ગુણોત્તર વિશ્લેષણ –** II (ગુણોત્તર વિવેચન અને વિશ્લેષણ) **01-52**

**એકમ :** 6

**ભંડોળ પ્રવાહ પત્રક** **53-76**

**એકમ : 7**

**રોકડ પ્રવાહનું પત્રક** **77-101**

**એકમ :** 8

**અંદાજપત્ર અને અંદાજપત્રીય અંકુશ -1** **102-113**

એકમ 5

# ગુણોત્તર વિશ્લેષણ-II (ગુણોત્તર વિવેચન અને વિશ્લેષણ)

-: રૂપરેખા :-

5.1 પ્રસ્તાવના

5.2 ડુ-પોઈન્ટ ચાર્ટ (Du-point chart)

5.3 હિસાબી ગુણોત્તરોનું વિવિધ વપરાશકર્તા પક્ષકારોના દૃષ્ટિકોણથી વિવેચન અને વિશ્લેષણ અને સંબંધિત વ્યવહારૂ ઉદાહરણો :

5.3.1 સંચાલનકર્તાઓના દૃષ્ટિકોણથી

5.3.2 લેણદારોના દૃષ્ટિકોણથી

5.3.3 શેરધારકોના – રોકાણકારોના દૃષ્ટિકોણથી

5.4 સ્વાધ્યાય

5.4.1 સૈદ્ધાંતિક પ્રશ્નો

5.4.2 હેતુલક્ષી/બહુવિકલ્પી પ્રશ્નો

5.4.3 વ્યવહારુ પ્રશ્નો

(માર્ગદર્શક જવાબો સહ)

## 5.1 પ્રસ્તાવના :

ધંધાકીય એકમનાં વાર્ષિક હિસાબોની રજૂઆત રૂપે તૈયાર કરવામાં આવતાં નાણાકીય પત્રકોમાં રહેલી જુદી જુદી સંબંધિત હિસાબી વિગતો વચ્ચેનો તાર્કિક, આંકડાકીય તેમજ ગાણિતિક સંખ્યાત્મક સંબંધ હિસાબી ગુણોત્તરો વડે રજૂ થાય છે. ગુણોત્તર વિશ્લેષણ કોઈપણ એકમના વાર્ષિક હિસાબોને આધારે નાણાકીય સ્થિતિ અંગેનું વિવેચન દર્શાવે છે. જેમાં એકમની સદ્ધરતા, સલામતી, પ્રવાહિતા, નફાકારકતા તેમજ મૂડી માળખા સંબંધી એકમની આર્થિક પરિસ્થિતિ અંગેનો સાચો, સંપૂર્ણ અને તટસ્થ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવે છે. તેથી હિસાબી ગુણોત્તરનું વિશ્લેષણ, ખરેખર તો સંચાલનના મૂળભૂત કાર્યો જેવાં કે નાણાકીય વિશ્લેષણ, આધારણ આયોજન, નિર્ણય પ્રક્રિયા, બજેટ અને અંકુશ તેમજ માહિતી સંચાર કામગીરીને આર્થિક સંબંધો વડે નાણાકીય સંચાલન કાર્ય-પ્રવૃત્તિને કાર્યક્ષમ બનાવવામાં સહયોગ પૂરો પાડવાનું પ્રયાસ કરતુ એક અગત્યનું હિસાબી સાધન છે.''

ધંધાકીય વ્યવસ્થાના કોઈપણ સ્વરૂપ કરતાં કંપની સ્વરૂપનો અભૂતપૂર્વ વિકાસ થયેલો છે. મૂડી રોકાણની દૃષ્ટિએ વિચારીએ તો પણ એકાંકી, ભાગીદારી કે સહકારી મંડળી કરતાં કંપની સ્વરૂપમાં જાહેર જનતાની ઘણી મોટી બચતો રોકાયેલી જોવા મળે છે. ઉત્પાદન કે વેચાણની દૃષ્ટિએ પણ દેશના અર્થતંત્રમાં કંપની જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, પરંતુ કંપનીના લોકશાહી વ્યવસ્થાનાં પ્રતીકરૂપ હજારો શેરહોલ્ડર્સને બદલે જૂજ પ્રતિનીધિ રૂપ સંચાલકોના હાથમાં કંપનીનું સંચાલન કેન્દ્રિત થયેલ હોય છે. કંપનીમાં અનેક લોકો એક યા બીજા પ્રકારે હિત ધરાવતા હોવાથી તેઓના હિતની સલામતીનો વિચાર હિત ધરાવનાર કરે તે બહુ સ્વાભાવિક છે. આવા હિત ધરાવતા વર્ગને જોઈએ તો કર્મચારીઓ,

શેરહૉલ્ડરો, લેણદારો, ડિબેન્ચરહોલ્ડર્સ, ગ્રાહકો, સરકાર, સમાજ અને રાજકીય પક્ષો વગેરેનો સમાવેશ થાય છે. ટૂંકમાં, સમાજનો દરેક વર્ગ કંપની સ્વરૂપની સમૃદ્ધિ પોતાનાં હિતાર્થ ઈચ્છે છે તેથી નાણાકીય પત્રકો તૈયાર કરીને હિસાબો સ્વરૂપે તેને રજૂ કરવાની કાર્યવાહી ધંધાના સંચાલકોએ તેમના હિસાબીતંત્રની સહાયતા વડે પરિપૂર્ણ કરવાની કાયદાકીય અને નૈતિક બંને સ્વરૂપની જવાબદારી અદા કરવાની રહે છે.

નાણાકીય પત્રકોનો અભ્યાસ કરી ધંધાકીય સાહસની નફાકારકતા, સદ્ધરતા, લાંબા ગાળાની નાણાકીય પરિસ્થિતિ અને મૂડી માળખા અંગેની સર્વાંગી જાણકારી મેળવવાની આવડત, નાણાકીય નિર્ણય લેવાની પ્રક્રિયા માટે અનિવાર્ય શરત છે. આવી આવડત ધરાવતા વિશ્લેષકે નાણાકીય પત્રકોમાં દર્શાવેલ હિસાબી બાબતો (માહિતીઓ) નો નાણાકીય વિશ્લેષણ માટે ઉપયોગ કરવાનો છે.

નાણાકીય પત્રકમાં રજૂ કરેલ જુદી જુદી હિસાબી બાબતો (દા.ત. ચાલુ મિલકતો અને ચાલુ દેવાં) અંગેની સંખ્યાત્મક સ્વરૂપની માહિતી રજૂ કરતાં વિવિધ આંકડાઓ વચ્ચેનો તાર્કિક આંતરસંબંધ ધ્યાનમાં લઈ હિસાબી ગુણોત્તરો તૈયાર કરવામાં આવે છે. આ હિસાબી ગુણોત્તર તૈયાર કરી, તેનુ અર્થઘટન કરી, વિવેચન કરી, ભાવિ વલણોનો ખ્યાલ મેળવી ધંધાકીય એકમની વર્તમાન અને ભાવિ આર્થિક સ્થિતિ, નફાકારકતા, પ્રવાહિતા, સદ્ધરતા વગેરેનો ખ્યાલ મેળવવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાને ગુણોત્તર વિશ્લેષણ કહેવામાં આવે છે. નાણાકીય પરિસ્થિતિનું પૃથક્કરણ અને વિવેચન કરવા માટે હિસાબી ગુણોત્તરોનો ઉપયોગ થાય છે. નાણાકીય પત્રકો દ્વારા રજૂ થતા હિસાબોનું વિશ્લેષણ કરવા માટેની જુદી જુદી પદ્ધતિઓ અને યુક્તિઓ પૈકી 'હિસાબી ગુણોત્તર દ્વારા વિશ્લેષણ' એક મહત્ત્વની પદ્ધતિ છે, જેને સાર્વત્રિક સ્વીકૃતિ મળી છે તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. ધંધાકીય સાહસ સાથે સંકળાયેલા વિવિધ પક્ષકારો જેવા કે શેરહોલ્ડરો, ભાવિ રોકાણકારો, નાણાં ધીરનારાઓ, બેંકરો, લેણદારો, કર્મચારીઓ વગેરે વિવિધ હેતુ નિર્ધારણ અનુસાર નાણાકીય પત્રકોનું વિશ્લેષણ કરવા માટે ગુણોત્તર વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે. આંતર પેઢી તુલના માટે પણ ગુણોત્તરનો ઉપયોગ કરવામાં આવે છે.

ગુણોત્તર વિશ્લેષણ જુદા જુદા તબક્કાઓના સમૂચિત સમૂહના કારણે એક સમગ્ર પ્રક્રિયા તરીકેનું સ્વરૂપ પણ ધરાવે છે. ગુણોત્તર વિશ્લેષણની સમગ્ર પ્રક્રિયાને નીચેના ચાર તબક્કાઓમાં વહેંચી શકાય.

(1) વિશ્લેષણ અને વિવેચન માટે આવશ્યક ગુણોત્તર ગણવા માટે નાણાકીય પત્રકોની અનુકૂળ સ્વરૂપમાં (ઊભા સ્વરૂપમાં વગેરે) ગોઠવણી કરવી.

(2) ગુણોતરના વિકસાવવામાં આવેલા જુદા જુદા વર્ગીકરણોના સંદર્ભમાં ગુણોત્તરની ગણતરી કરવી.

(3) ગણાયેલા ગુણોત્તરની વ્યક્તિગત અને સંયુક્ત મિશ્ર અસરો તેમજ અન્ય હિસાબી બાબતો ધ્યાનમાં લઈ વર્તમાન નફાકારકતા, સદ્ધરતા અને આર્થિક સ્થિતિનું વિશ્લેષણ અને વિવેચન કરવું તેમજ ભાવિ વલણો અને ઉદ્ભવનાર વળાંકો તારવવા.

(4) આ ભાવિ વલણો અને આવનાર ભાવિ વળાંકો વગેરે ધ્યાનમાં લઈ ભાવિ સમગ્ર આર્થિક પરિસ્થિતિનું શક્ય સ્પષ્ટ આલેખન કરવું.

## 5.2 ડુ-પોઈન્ટ ચાર્ટ (Du-point chart) :

કોઈ પણ ધંધાકીય એકમમાં થતી ધંધાકીય પ્રવૃત્તિઓ પાછળ નફો મુખ્ય પ્રેરણાસ્રોત તરીકે કાર્ય કરે છે. નફાનું ઉદ્ભવવું રોકાયેલી મૂડી પર આધાર રાખે છે. રોકાયેલી મૂડી પર વળતરનો વાજબી દર મળવો જરૂરી છે. અન્ય માપદંડોનો ઉપયોગ કરી ધંધાકીય

એકમની કાર્યક્ષમતા અને પ્રગતિ માપી શકાય છે તે જ રીતે રોકાયેલી મૂડી પરના વળતરના દરની ગણતરી કરી ધંધાકીય એકમની કાર્યક્ષમતા અને પ્રગતિ અંગે સ્પષ્ટ ખ્યાલ મેળવી શકાય છે. શેરહોલ્ડરો, ડિબેંન્ચર હોલ્ડરો, લેણદારો, ભાવિ રોકાણકારો વગેરે વર્ગો ધંધાકીય એકમની આર્થિક સદ્ધરતા માપવા માટે રોકાયેલી મૂડી પરના વળતરના દરને પણ મહત્ત્વ આપે છે.

ડ્યૂ પોટ અંકુશ માટે : રોકાયેલી મૂડી પરના વળતરના દરમાં ફેરફાર થવા પાછળ બે ઘટકો જવાબદાર છે. રોકાયેલી મૂડી અને વેચાણ પરના નફાની ટકાવારી. રોકાયેલી મૂડીમાં ફેરફાર થવા પાછળ અનેક ધંધાકીય પરિબળો કામ કરતાં હોય છે. આ પરિબળોમાં ઉત્પાદનક્ષમતા અને નાણાકીય નીતિ ખૂબ અગત્યનાં પરિબળો છે. વેચાણ પરના નફાની ટકાવારીમાં થતો ફેરફાર વસ્તુની કુલ પડતરમાં થતા ફેરફાર સાથે સીધો સંબંધ ધરાવે છે. આ રીતે રોકાયેલી મૂડી પરના વળતરના દરમાં થતા ફેરફાર રોકાયેલી મૂડી અને વેચાણ પરના નફાની ટકાવારીમાં થતા ફેરફાર સાથે પ્રત્યક્ષ સંબંધ ધરાવે છે. તેથી રોકાયેલી મૂડી પરના વળતરના દર પર અસર કરતાં પરિબળો (રોકાયેલી મૂડી અને વેચાણ પરના નફાની ટકાવારી) વચ્ચેનો આંતરસંબંધ કયા પ્રકારનો છે તે તપાસવું જરૂરી છે જેના પરિણામે આ પરિબળો ઉપર અંકુશ પણ રાખી શકાય અને રોકાયેલી મૂડી પરના વળતરના દરને સ્થિર કરી શકાય તેમજ વળતરના દરમાં થતા ફેરફારનાં કારણોની માહિતી મળી રહે છે. વળતરના દર પર અસર કરતાં પરિબળો વચ્ચેનો આંતરસંબંધ દર્શાવતા ચાર્ટનો પ્રથમ ઉપયોગ અમેરિકાની ડ્યુ પૉટ કંપનીએ કર્યુ. જે ડ્યુ પૉટ અંકુશ ચાર્ટ તરીકે પ્રખ્યાત છે. વસ્તુની પડતરમાં થતા ફેરફારની અસર, રોકાયેલી મૂડીમાં થતા ફેરફારની અસર, વસ્તુના વેચાણમાં થતા ફેરફારની અસર બીજી રીતે કહીએ તો ધંધાનાં કાર્યાત્મક (ઉત્પાદક) પાસાં અને નાણાકીય પાસાંઓ વચ્ચેનો આંતરસંબંધ દશાવતો ડ્યુ પૉટ અંકુશ આલેખ નીચે દર્શાવ્યો છે.

**અમેરિકન ક્રાં. ડ્યુ પોર્ટ અંકુશ ચાર્ટ**



આ ચાર્ટ સ્પષ્ટપણે દર્શાવે છે કે રોકાયેલી મૂડી પરના વળતર પર ઘણાં પરિબળોની અસર થતી હોય છે. આમાંના કોઈ પણ પરિબળના વ્યાપમાં ફેરફાર થતાં રોકાયેલી મૂડી પરના વળતરના દરને પણ સીધી અસર થાય છે. દા.ત., વેચાયેલ માલની કુલ પડતરમાં કે કુલ પડતરના કોઈ એક ઘટકમાં ઘટાડો થાય અને વેચાણ પૂર્વવત્ પ્રમાણમાં થતું હોય તો ચોખ્ખા નફામાં વધારો થશે. જેના પરિણામે રોકાયેલી મૂડી પરના વળતરના દરમાં પણ વધારો થશે. આ જ રીતે કાર્યશીલ મૂડીમાં વધારો થાય, પરંતુ આ વધારાની સાથે ચોખ્ખો નફો પૂર્વવત્ પ્રમાણ મુજબ સ્થિર જ રહે તો તેના પરિણામે રોકાયેલી મૂડી પરના વળતરના દરમાં ઘટાડો થશે.

આ અંકુશ ચાર્ટ સંચાલન માટે ઘણો ઉપયોગી પુરવાર થયો છે. વળતર પર અસર કરતાં વિવિધ પરિબળો પર કયા પ્રમાણમાં, કેવી રીતે ધ્યાન આપવું તે અંગે ચોક્કસ પ્રકારની નીતિ ઘડી શકાય છે. કુલ રોકાયેલી મૂડીનો (કુલ મિલકતોનો) અસરકારક ઉપયોગ કરવા અંગેનું અસરકારક આયોજન ઘડી અને વધુ સારાં કાર્યાત્મક પરિણામો મેળવવામાં આ ચાર્ટ મદદરૂપ નીવડે છે.

આથી ધંધાની કાર્યક્ષમતા જાણવા માટે ધંધામાં રોકાયેલી મૂડી અને ધંધામાં ઉદ્ભવતો નફો આ બંને પાસાંઓનો ખ્યાલ મેળવવો જરૂરી બને છે. આ બંને પાસાંઓ ખ્યાલમાં રાખી રોકાયેલી મૂડી પરના વળતરનો દર ગણવાની પાછળ રહેલી હિસાબી ભૂમિકા મહદંશે આ પ્રકારની છે. કોઈપણ ધંધાકીય એકમમાં રોકાયેલી મૂડીમાંથી ધંધાની કુલ મિલકતો એકત્રિત કરવામાં આવે છે. આ કુલ મિલકતોમાંથી કાયમી મિલકતો એટલે કે જમીન, મકાન, પ્લાન્ટ અને યંત્રો, ફર્નિચર, પેટન્ટ, ડિઝાઈન વગેરેનો કારખાનાના વિન્યાસ મુજબ યોગ્ય ઉપયોગ કરી તૈયાર માલનું ઉત્પાદન કરવામાં આવે છે. કાર્યશીલ મૂડીની સહાયકારક સેવાઓ પણ મેળવવામાં આવે છે. તૈયાર માલનું વેચાણ કરી નફો મેળવવામાં આવે છે. આ રીતે રોકાયેલી મૂડી દ્વારા નફાનું સર્જન થતું હોય છે નફો (વળતર) મેળવવા માટે કુલ મિલકતોનો (રોકાયેલી મૂડી) અસરકારક અને કાર્યક્ષમ ઉપયોગ થવો જરૂરી છે. આ માટે કાર્યક્ષમ સંચાલનની આવશ્યકતા રહે છે. આમ, કાર્યક્ષમ સંચાલન દ્વારા રોકાયેલી મૂડી પર વળતર મેળવી શકાય છે. તેથી ધંધાકીય એકમની કાર્યક્ષમતા તેમજ નફાનુકસાન જાણવા માટે રોકાયેલી મૂડી પરના વળતરનો દર એક મહત્ત્વનો હિસાબી ગુણોત્તર બની રહે છે. રોકાયેલી મૂડી પરના વળતરના દરની ગણતરીની સમગ્ર કાર્યવાહીનો અભ્યાસ કરીએ તે પહેલાં ''રોકાયેલી મૂડી''અને ''નફો'' એ હિસાબી પારિભાષિક શબ્દોના સમગ્ર અર્થઘટનને સમજીએ જેના પરિણામે રોકાયેલી મૂડી અને નફા અંગેનો સમગ્ર ખ્યાલ સ્પષ્ટ બને.

## 5.3 હિસાબી ગુણોત્તરોનું વિવિધ વપરાશકર્તા પક્ષકારોના દષ્ટિકોણથી વિવેચન અને વિશ્લેષણ અને સંબંધિત વ્યવહારૂ ઉદાહરણો :

### 5.3.1 સંચાલનકર્તાઓના દષ્ટિકોણથી

### 5.3.2 લેણદારોના દષ્ટિકોણથી

### 5.3.3 શેર ધારકોના રોકાણકારોના દષ્ટિકોણથી

હવે આ દરેક દષ્ટિકોણથી વિગતવાર સમજૂતી સાથે વિવિધતાસભર ઉદાહરણોનો અભ્યાસ કરીએ.

ધંધા ઉદ્યોગમાં વિવિધ ક્ષેત્રે થતા મૂડીરોકાણો મૂળભૂત રીતે વળતર માટે મહત્ત્વના હોય છે. ધંધાની નફાકારકતા અને કાર્યક્ષમતાનો ખ્યાલ મેળવવા માટે રોકાયેલી મૂડી પર વળતરનો દર મહત્ત્વનો આધાર પૂરો પાડે છે. શેરહોલ્ડર્સ, રોકાણકારો, લેણદારો, નાણાકીય સંસ્થાઓ વગેરે વર્ગો ધંધાકીય એકમની આર્થિક સદ્ધરતા માપવા માટે રોકાયેલી મૂડી પર વળતરના દરનો ઉપયોગ કરી શકે છે.

કોઈ પણ બે કંપનીઓની નફાકારકતાની અને ધંધાકીય કાર્યક્ષમતાની સરખામણી કરવા માટે તેમજ કોઈ ચોક્કસ ઉપયોગમાં આંતર પેઢી તુલના કરવા માટે રોકાયેલી મૂડી પર વળતરનો દર તપાસવો જરૂરી બને છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો, એક એકમ વર્ષ દરમિયાન ₹ 8,00,000 નો નફો મેળવે છે. જ્યારે બીજુ એકમ ₹ 75,000 નો નફો મેળવે છે. આ ઉદાહરણોમાં પહેલા એકમની કાર્યક્ષમતા બીજા એકમ કરતા વધારે છે. તે માત્ર નફાના આંકડા પરથી કહી શકાય નહિ. આ માટે બંને એકમોમાં કેટલી મૂડી રોકાયેલી છે. તે બાબતને પણ ધ્યાનમાં લેવી પડે. તેથી જો પહેલા એકમમાં બીજા એકમ કરતા વધારે મૂડી રોકાયેલ હોય તો બીજા એકમની કાર્યક્ષમતા વધારે હોય તેમ પણ બની શકે.

આથી ધંધાની કાર્યક્ષમતા જાણવા માટે ધંધામાં રોકાયેલી મૂડી અને ઉદ્ભવેલ નફો, આ બંને બાબતો મહત્ત્વની બને છે.

## ❖ રોકાયેલી મૂડીનો અર્થ :

રોકાયેલી મૂડીનો અર્થ સંજોગ પ્રમાણે જુદો જુદો હોઇ શકે છે. રોકાયેલી મૂડીના અર્થ અંગે એકમતી જોવા મળતી નથી. હાલમાં અમુક મૂડી રોકાણ એજન્સીઓએ પોતાના કાર્યક્ષેત્રનાં સંદર્ભમાં રોકાયેલી મૂડીનો અર્થ સ્પષ્ટ કરવા પ્રયત્નો કરેલા છે.

### (1) કુલ રાકાયેલી મૂડી :

કંપનીની સ્થિર મિલકતો અને ચાલુ મિલકતોમાં કરવામાં આવતાં કુલ રોકાણને કુલ રોકાયેલી મૂડી તરીકે ઓળખવામાં આવે છે. કુલ રોકાયેલી મૂડી = કુલ કાયમી મિલકતો + કુલ ચાલુ મિલકતો.

### (2) ચોખ્ખી રોકાયેલી મૂડી :

જ્યારે કાયમી મિલકતો અને ચાલુ મિલકતોમાંથી ચાલુ દેવા બાદ કરવામાં આવે ત્યારે તેને ચોખ્ખી રોકાયેલી મૂડી કહે છે.

ચોખ્ખી રોકાયેલી મૂડી = કુલ કાયમી મિલકતો + કુલ ચાલુ મિકલતો – કુલ ચાલુ દેવા

### (3) માલિકોની રોકાયેલી મૂડી :

કંપનીનાં માલિકોને પોતાની રોકાયેલી મૂડી પર કેટલું વળતર મળે છે તે તપાસવા માટે માલિકોને રોકાયેલી મૂડીનો ખ્યાલ ઉપયોગી સાબિત થાય છે જ્યારે કુલ મિલકતોમાંથી ચાલુ દેવા, લાબી મુદતનાં દેવા, બીજા બાહ્ય ભંડોળો બાદ કરવામાં આવે ત્યારે તેને માલિકોની રોકાયેલી ચોખ્ખી મૂડી કહેવાય છે. બીજી રીતે જોઈએ તો, ભરપાઈ થયેલી શેરમૂડીમાં શેર હોલ્ડર્સની માલિકીનાં અનામત ભંડોળો ઉમેરવામાં આવે છે. ત્યારે તેને માલિકોની ચોખ્ખી રોકાયેલી મૂડી કહેવાય છે.

માલિકોની રોકાયેલી મૂડી = ભરપાઈ શેરમૂડી + શેર હોલ્ડરોનાં માલિકીનાં અનામત ભંડોળો.

(4) **ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી :**

**(A) પ્રથમ વર્ષ માટે :**

ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી = ચોખ્ખી રોકાયેલી મૂડી - $\frac{1}{2}$ સરેરાશ નફો.

**(B) બીજા વર્ષ માટે :**

$$\text{ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી} = \frac{\text{શરૂની ચોખ્ખી રોકાયેલી મૂડી} + \text{આખરની ચોખ્ખી રોકાયેલી મૂડી}}{2}$$

જો ધંધાની કાર્યક્ષમતા માપવી હોય તો રોકાયેલી કુલ મૂડી કે રોકાયેલી ચોખ્ખી મૂડી આ બેમાંથી ગમે તેનો ઉપયોગ કરી શકાય. પરંતુ જો શેર હોલ્ડરોને રોકાયેલી મૂડી પર કેટલું વળતર મળ્યું તેની માહિતી મેળવવાનો હેતુ હોય તોમાલિકોની રોકાયેલી મૂડીનો ખ્યાલ ઉપયોગી બને, જ્યારે રોકાયેલી મૂડી પર વળતરના દરની ગણતરી માટે બે વર્ષની માહિતી આપવામાં આવે ત્યારે ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી પર વળતરના દરની ગણતરી કરવી જરૂરી બને છે.

(3) **રોકાયેલી મૂડીમાં મિલકતોનો સમાવેશ તથા તેની કિંમત :**

(1) રોકાયેલી મૂડીમાં તમામ દશ્ય કાયમી મિલકતોનો સમાવેશ થાય છે. પરંતુ મિલકતોની મૂળ કિંમત ધ્યાનમાં લેવી કે પુનઃ સ્થાપના કરવી તે અંગે મતભેદ પ્રવર્તે છે. આમ છતાં, મોટા ભાગના હિસાબનીશો પુનઃસ્થાપના કિંમત ધ્યાનમાં લેવાની ભલામણ કરે છે.

(2) અવાસ્તવિક મિલકતો જેવી કે, પ્રાથમિક ખર્ચાઓ, શેર વટાવ, ડિબેંચર વટાવ, બાહેંધરી ખર્ચ, જાહેરાત ઝૂંબેશ ખર્ચ વગેરે રોકાયેલી મૂડીની ગણતરી કરતી વખતે ધ્યાનમાં લેવી નહિ.

(3) પાઘડી જેવી અદશ્ય મિલકતોને ગણતરીમાં એકરૂપતા લાવવા માટે રોકાયેલી મૂડીમાં સમાવવી જોઈએ નહિ.

(4) પેટન્ટ અને ટ્રેડમાર્ક જેવી મિલકતોની કોઈ ઊપજ મળી શકે તેમ હોય તો જ ઊપજ કિંમત જોઈએ નહિ.

(5) સ્ટોકમાં કાચોમાલ અથવા અર્ધતૈયાર માલ અને તૈયારમાલનો સમાવેશ કરવો જોઈએ નહિ જે સ્ટોકની ઊપજ મળી શકે તેમ હોય તે સ્ટોકનો સમાવેશ રોકાયેલી મૂડીમાં કરવો જોઈએ. જે સ્ટોકને નુકસાન થયેલું હોય કે અપ્રચલિત બની ગયેલ હોય તો તેનો સમાવેશ કરવો જોઈએ નહિ.

(6) ધંધાના દેવાદારોમાંથી ઘાલખાધ અનામતની રકમ બાદ કરીને જ તેનો સમાવેશ રોકાયેલી મૂડીમાં કરવો જોઈએ.

(7) રોકાણો પૈકી જે રોકાણો ધંધાની બહાર કરવામાં આવેલા છે તેનો સમાવેશ રોકાયેલી મૂડીમાં કરવામાં આવતો નથી. પરંતુ ધંધાની અંદરનાં રોકાણોનો સમાવેશ રોકાયેલી

મૂડીમાં કરવો જોઈએ.

(8) હાથ પરની રોકડ સિલક અને બેંક સિલકનો સમાવેશ સરેરાશ ધોરણે કરવો જોઈએ.

**(4) નફો / વળતર અને રોકાયેલી મૂડી :**

રોકાયેલી મૂડી પર વળતરનો દર નક્કી કરવામાં રોકાયેલી મૂડી ઉપરાંત બીજી એક મહત્ત્વની બાબત વળતર એટલે કે નફા અંગેની છે. નફાનું અર્થઘટન જુદી જુદી રીતે આપી શકાય છે. પરંતુ સંચાલકીય અંકુશ માટે નફો ગણતા નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

(1) રોકાયેલી મૂડી પર વળતરનો દર નક્કી કરતી વખતે નફા નુકસાન ખાતા મુજબનાં ચોખ્ખા નફામાં બિન ધંધાકીય ખર્ચથી થતા નુકસાનની રકમ ઉમેરવી જોઈએ.

(2) જો મિલકતનો રોકાયેલી મૂડીમાં સમાવેશ ન થયો હોય તે મિલકતમાંથી મળતો નફો ન.નું. ખાતે જમા કરવો જોઈએ નહિ જમા હોય તો નફામાંથી બાદ કરવો..

(3) ફક્ત ચાલુ વર્ષનો નફો કે નુકસાન ધ્યાનમાં લેવા.

(4) બધી સંભવિત ખોટનો સમાવેશ કરવો પરંતુ સંભવિત નફો ધ્યાનમાં લેવો નહિ.

(5) મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચનો તફાવત ધ્યાનમાં રાખવો.

(6) ઘસારો મિલકતની પુનઃસ્થાપના કિંમતે લેવો.

(7) કરવેરાની જોગવાઈ પહેલાનો નફો ધ્યાનમાં લેવો.

(8) ચોખ્ખી રોકાયેલી મૂડી નક્કી કરતી વખતે ચાલુ દેવામાં જો બેંક ઓવરડ્રાફ્ટ નો સમાવેશ કરવામાં આવે તો બેંક ઓવરડ્રાફ્ટ નાં વ્યાજની રકમ નફામાં ઉમેરવી જોઈએ.

**(5) રોકાયેલી મૂડી પર વળતરના દરની ગણતરી સૂત્રો અને સમજૂતી :**

રોકાયેલી મૂડી પર વળતરનો દર રોકાયેલી મૂડી પર મળતા વળતરની માહિતી આપતો એક ગુણોત્તર છે જે ટકાવારીમાં દર્શાવાય છે. રોકાયેલી મૂડી પર વળતરના દરની ગણતરી નીચે મુજબ કરવામાં આવે છે.

**(1) રોકાયેલી મૂડી પર વળતરનો દર : ઉથલો (ટર્ન ઓવર) × વેચાણ પર નફાની ટકાવારી :**

$$\text{જયાં ઉથલો} = \frac{\text{વેચાણ}}{\text{રોકાયેલી મૂડી}}$$

અને

$$\text{વેચાણ પર નફાની ટકાવારી} = \frac{\text{નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$\text{એટલે કે રોકાયેલી મૂડી પર વળતર} = \frac{\text{વેચાણ}}{\text{રોકાયેલી મૂડી}} \times \frac{\text{નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$\text{ટૂંકમાં, રોકાયેલી મૂડી પર વળતરનો દર} = \frac{\text{નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$$

**રોકાયેલી મૂડીને જુદી-જુદી રીતે તપાસેલી છે. તેને ધ્યાનમાં લઈને રોકાયેલી મૂડી પર વળતરનાં દરની ગણતરી કરવા માટે નીચેના સૂત્રોનો ઉપયોગ થાય છે.**

$$\text{કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર} = \frac{\text{સંચાલકીય નફો}}{\text{કુલ રોકાયેલી મૂડી}} \times 100$$

$$\text{ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો દર} = \frac{\text{સંચાલકીય નફો}}{\text{ચોખ્ખી રોકાયેલી મૂડી}} \times 100$$

$$\text{માલિકોની રોકાયેલી મૂડી પર વળતરનો દર} = \frac{\text{સંચાલકીય નફો}}{\text{માલિકોની રોકાયેલી મૂડી}} \times 100$$

$$\text{ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી પર વળતરનો દર} = \frac{\text{સંચાલકીય નફો}}{\text{ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી}} \times 100$$

હવે, **સંચાલકોના દૃષ્ટિકોણથી** કાર્યક્ષમતાના તેમજ મૂડી રોકાણ સંબંધી બાબતોના નિર્ણયો અંગેની પરિસ્થિતિ જાણવા **જુદા જુદા ગુણોત્તરો આધારિત વિશ્લેષણ તપાસીએ.**

**ઉદા. 1 : અશોક લિ. નું તા. 31-3-2021 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ આપેલું છે.**

**પાકું સરવૈયું**

| **મૂડી-દેવાં** | **₹** | **મિલકત-લેણા** | **₹** |
|---|---|---|---|
| ₹ 100 નો એક એવા | | કાયમી મિલકતો | 1,99,600 |
| 3,500 પ્રેફરન્સ શેર | પ્રેફરન્સ શેર મૂડી 3,50,000 | ગૌણ કંપનીના શેર | 80,000 |
| ₹ 10 નો એક એવા | | ગૌણ કંપની પાસે લેણાં | 4,00,000 |
| 25,000 ઈક્વિટી શેર | ઈક્વિટી શેર મૂડી 2,50,000 | સરકારી જામીનગીરીમાં | |
| શેર પ્રીમિયમ | 56,100 | રોકાણો (ધંધાકીય) | 70,000 |
| નફાનુકસાન ખાતું | 2,62,000 | સ્ટોક | 1,92,000 |
| ડિવિડન્ડ સમતુલા અનામત | 1,40,000 | દેવાદારો | 6,00,000 |
| 5 % ડિબેન્ચર | 28,000 | બેંક સિલક | 20,000 |
| લેણદારો | 3,82,000 | પ્રાથમિક ખર્ચા | 5,000 |

| | | | |
|---|---|---|---|
| નહિ મંગાવેલ ડિવિડન્ડ | 500 | | |
| બેંક લોન (લાંબાગાળાની) | 10,000 | | |
| સુચિત ડિવિડન્ડ | 34,000 | | |
| દેવીહૂંડી | 54,000 | | |
| | 15,66,600 | | 15,66,600 |

- **વધારાની માહિતી :**

(1) મૂલ્યાંકન કરનારે કાયમી મિલકતોની પુનઃસ્થાપના કિંમત ₹ 3,63,500 ઠરાવેલ છે.

(2) ગૌણ કંપનીના શેરની કિંમત અત્યારે ₹ 1,00,000 આંકી શકાય.

(3) રોકાણોની કિંમત ₹ 78,000 આંકવામાં આવે છે.

(4) કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો ₹ 3,00,000 છે.

(5) દર વર્ષે ₹ 1,000 નો સ્ટોક અપ્રચલિત્વના કારણે નકામો થાય છે, જે સ્ટોક માંડી વાળવાનો છે.

(6) કાયમી મિલકતો પર પુનઃસ્થાપના કિંમતના આધારે વધારાનો ઘસારો ₹ 11,400 માંડી વાળવાનો છે.

(7) ગયા વર્ષના વેચાણ પર થયેલો ₹ 5,000 નો નફો આ વર્ષના નફામાં સમાયેલો છે.

(8) મશીનરી વેચાણની ખોટ ₹ 500 નફાનુકસાન ખાતે ઉધારેલ છે.

(9) ચાલુ વર્ષનો નફો નક્કી કરતી વખતે બેંક લોનના વ્યાજના ₹ 500 બાદ કરેલા છે.

(1) કુલ રોકાયલી મૂડી પર વળતરનો દર

(2) ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો દર

(3) માલિકોની રોકાયેલી મૂડી પર વળતરનો દર નક્કી કરો.

**ઉકેલ :**

| **રોકાયેલી મૂડીનું પત્રક** | | |
|---|---|---|
| **વિગત** | **₹** | **₹** |
| **કુલ મિલકતો :** | | |
| કાયમી મિલકતો | 3,63,500 | |
| ગૌણ કંપનીના શેર | 1,00,000 | |
| ગૌણ કંપની પાસે લેણાં | 4,00,000 | |
| સરકારી રોકાણો (જામીનગીરીમાં) (ધંધાકીય) | 78,000 | |
| સ્ટોક (1,92,000 – 1,000) | 1,91,000 | |
| દેવાદારો | 6,00,000 | |
| બેંક સિલક | 20,000 | |

| | | |
|---|---|---|
| **(1) કુલ રોકાયેલી મૂડી** | | **17,52,500** |
| **બાદ : ચાલુ દેવાં :** | | |
| લેણદારો | 3,82,000 | |
| નહિ મંગાવાયેલ ડિવિડન્ડ | 500 | |
| સૂચિત ડિવિડન્ડ | 34,000 | |
| દેવીહૂંડી | 54,000 | 4,70,500 |
| **(2) ચોખ્ખી રોકાયેલી મૂડી** | | **12,82,000** |
| **માલિકોની રોકાયેલી મૂડી :** | | |
| પ્રેફરન્સ શેરમૂડી | 3,50,000 | |
| ઈક્વિટી શેરમૂડી | 2,50,000 | |
| શેર પ્રીમિયમ | 56,100 | |
| નફાનુકસાન ખાતું | 2,62,000 | |
| ડિવિડન્ડ સમતુલા અનામત | 1,40,000 | |
| **(3) માલિકોની રોકાયેલી મૂડી** | | **10,58,100** |

**સંચાલકીય (કાર્યક્ષમતા દર્શાવતા) નફાની ગણતરી**

**રોકાયેલી મૂડીનું પત્રક**

| વિગત | ₹ | ₹ |
|---|---|---|
| કરવેરા પહેલાનો નફો | | 3,00,000 |
| **ઉમેરો :** | | |
| મશીનરી વેચાણનું નુકસાન | 500 | |
| બેંક લોનનું વ્યાજ (લાંબાગાળાની) | 500 | 1,000 |
| | | **3,01,000** |
| **બાદ :** | | |
| માંડી વાળવાનો સ્ટોક | 1,000 | |
| પુનઃ સ્થાપના કિંમતે વધારાનો ઘસારો | 11,400 | |
| ગયા વર્ષનો સમાયેલ નફો | 5,000 | 17,400 |
| **સંચાલકીય (કાર્યદક્ષતા વ્યક્ત કરતો) નફો** | | **2,83,600** |

(1) સરકારી રોકાણો લાંબા સમયના છે તેવી ધારણા કરીને મિલકત તરીકે ગણ્યા છે.

(2) બેંક લોન લાંબા સમયની ગણી ચાલુ દેવામાં તેનો સમાવેશ કર્યો નથી.

(1) કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર = $\frac{\text{સંચાલકીય નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times \frac{100}{1}$

$$= \frac{2,83,600}{17,52,500} \times \frac{100}{1} = 16.1\%$$

(2) ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો દર = $\frac{\text{સંચાલકીય નફો}}{\text{ચોખ્ખી રોકાયેલી મૂડી}} \times \frac{100}{1}$

$$= \frac{2,83,600}{12,82,000} \times \frac{100}{1} = 22\%$$

(3) માલિકોની રોકાયેલી મૂડી પર વળતરનો દર = $\frac{\text{સંચાલકીય નફો}}{\text{માલિકોની રોકાયેલી મૂડી}} \times \frac{100}{1}$

$$= \frac{2,83,600}{10,58,100} \times \frac{100}{1} = 26.8\%$$

**ઉદા. 2 : વેચાણ 20,000 એકમો; ₹ 320 એકમ દીઠ દરે.**

એકમદીઠ પડતર : પ્રત્યક્ષ માલસામાન ₹ 240, પ્રત્યક્ષ મજૂરી ₹ 12; ચલિત શિરોપરી ખર્ચ ₹ 36; સ્થિર શિરોપરી ખર્ચ ₹ 12.

વેચાણના 15 % લેખે કાર્યશીલ મૂડી ગણાશે. કાયમી મિલકતો ₹ 10,40,000ળ લેણદારો (લાંબા ગાળાના) ₹ 5,00,000. લાંબા ગાળાની લોન ઉપર વ્યાજ 15 % વાર્ષિક લેખે. વેરાનો દર 50 % લેખે.

**શોધો :** (અ) રોકાયેલ કુલ મૂડી ઉપર વળતરનો દર.

(બ) રોકાયેલ માલિકી મૂડી ઉપર વળતરનો દર

**ઉકેલ :**

પ્રથમ વર્ષના કુલ નફાની ગણતરી કરીએ :

એકમદીઠ કુલ પડતર અને નફો નીચે મુજબ નક્કી થશે.

| વિગત | ₹ |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | 240 |
| ₹ પ્રત્યક્ષ મજુરી | 12 |
| ₹ ચલિત શિરોપરી ખર્ચ | 36 |
| ₹ સ્થિર શિરોપરી ખર્ચ | 12 |
| એકમદીઠ કુલ પડતર | 300 |
| એકમદીઠ વેચાણ કિંમત | 320 |
| એકમદીઠ નફો | 20 |

વર્ષનો કુલ નફો = વેચાણ 20,000 એકમો × એકમદીઠ ₹ 20

= ₹ 4,00,000 સંચાલકીય નફો

**કુલ રોકાયેલી મૂડી**

| | |
|---|---|
| કાયમી મિલકતો | 10,40,000 |
| + વેચાણના 15 % લેખે કાર્યશીલ મૂડી | |
| વેચાણ ₹ $\frac{64,00,000 \times 15}{100}$ = | 9,60,000 |
| રોકાયેલ કુલ મૂડી | 20,00,000 |

$$\text{રોકાયેલ કુલ મૂડી પર વળતરનો દર} = \frac{\text{સંચાલકીય નફો}}{\text{કુલ રોકાયેલી મૂડી}} \times \frac{100}{1}$$

$$= \frac{4,00,000}{20,00,000} \times \frac{100}{1} = 20\%$$

**રોકાયેલ માલિકી મૂડી ઉપર વળતરનો** દર ગણવા માટે પ્રથમ રોકાયેલ માલિકીની મૂડી નક્કી કરીએ.

| | |
|---|---|
| રોકાયેલ કુલ મૂડી | ₹ 20,00,000 |
| – લાંબા ગાળાના લેણદાર | ₹ 5,00,000 |
| **માલિકીની રોકાયેલી મૂડી** | **₹ 15,00,000** |

ધંધાકીય એકમનો કુલ નફો ₹ 4,00,000 છે. માલિકીની રોકાયેલી મૂડી પર વળતરનો દર શોધવા માટે **સંચાલકીય કાર્યદક્ષતા દર્શાવતો નફો,** લાંબા ગાળાની લોન ઉપરનું વ્યાજ બાદ કર્યા પછીનો ધ્યાનમાં લેવાશે. કારણ કે માલિકીની રોકાયેલી **મૂડીમાં લાંબા ગાળાની લોનનો સમાવેશ થતો નથી.**

| | |
|---|---|
| કુલ રોકાયેલી મૂડીના સંદર્ભમાં સંચાલકીય કાર્યદક્ષતા દર્શાવતો નફો | 4,00,000 |
| – લાંબા ગાળાની લોન પર વ્યાજ (વાર્ષિક 15 % લેખે) $\left(\frac{5,00,000 \times 15}{100}\right)$ | 75,000 |
| **માલિકોની રોકાયેલી મૂડીના સંદર્ભમાં સંચાલકીય કાર્યદક્ષતા દર્શાવતો નફો** | **3,25,000** |

$$\text{માલિકોની રોકાયેલી મૂડી પર વળતરનો દર} = \frac{3,25,000 \times 15}{15,00,000} \times \frac{100}{1} = 21.67\%$$

**ઉદા. 3 :** મેક્સ લિ. નું તા. 31-03-2022 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ આપેલું છે.

| મૂડી-દેવા | રકમ ₹ | | મિલકત-લેણા | રકમ ₹ |
|---|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 1,50,000 | મકાન પડતર કિંમતે | 1,50,000 | 1,50,000 |
| 6% ની પ્રેફ. શેર મૂડી | 1,00,000 | યંત્રો : | 2,55,000 | |
| શેર પ્રીમિયમ | 30,000 | - ઘસારો | 75,000 | 1,80,000 |
| સામાન્ય અનામત | 45,000 | ધંધાની બહારનાં રોકાણો | | 20,000 |
| નફા નુકસાન ખાતુ | 35,000 | સંકળાયેલ કંપનીમાં રોકાણો | | 5,000 |
| 10% નાં ડિબેન્ચર | 35,000 | સ્ટોક | | 42,000 |
| લેણદારો | 28,000 | દેવાદારો | 40,000 | |
| દેવીહૂંડી | 7,000 | - ઘાલખાધ અનામત | 1,000 | 39,000 |
| કરવેરાની જોગવાઈ | 13,000 | રોકડ/બેંક સિલક | | 3,000 |
| | | પ્રાથમિક ખર્ચા | | 4,000 |
| | **4,43,000** | | | **4,43,000** |

❖ **અન્ય માહિતી :**

(1) વર્ષ દરમિયાનનો નફા નુકસાન ખાતા મુજબનો નફો ₹ 53,200 છે.

(2) યંત્રોની અને મકાનની પુનઃસ્થાપના કિંમત માટે તેની મૂળ કિંમતમાં કરવાનો વધારો અનુક્રમે ₹ 55,000 અને ₹ 25,000 છે.

(3) યંત્રોની પુનઃસ્થાપના કિંમત પરનો ઘસારો ₹ 93,000 થશે.

(4) યંત્રો પર નફા નુકસાન ખાતે લખી વાળેલ ઘસારો ₹ 26,000 છે. પુનઃસ્થાપના કિંમત પર ઘસારો ₹ 31,000 થાય છે.

(5) બિન ઉપયોગી સ્ટોકની કિંમત ₹ 1,000 છે.

(6) યંત્ર વેચાણનો નફો ₹ 4,000 વસૂલ થયેલ ઘાલખાધ ₹ 2,000 માંડી વાળેલ પાઘડી ₹ 3,000 તથા ધંધા બહારનાં રોકાણોની આવક ₹ 2,000 હતી.

- **જરૂરી ગણતરી સાથે શોધો :**
(દરેક ગુણોત્તર દર વિશે સંચાલકોની કામગીરીનું વિશ્લેષણ કરો.)

(1) કુલ રોકાયેલ મૂડી પર વળતરનો દર

(2) ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો દર

(3) માલિકીની રોકાયેલી મૂડી પર વળતરનો દર

**ઉકેલ - 3 : સૌપ્રથમ અલગ અલગ રીતે રોકાયેલી મૂડી નીચે મુજબના પત્રક અનુસાર ગણતરી કરીને શોધવી.**

**રોકાયેલી મૂડીની ગણતરી દર્શાવતું પત્રક**

| વિગત | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|
| **મકાન** | 1,50,000 | |
| + વધારો | 25,000 | 1,75,000 |
| યંત્રો | 2,55,000 | |
| + વધારો | 55,000 | |
| | 3,10,000 | |
| – ઘસારો (હવાના નં. 3) | 93,000 | 2,17,000 |
| સંકળાયેલી કંપનીમાં રોકાણો | | 5,000 |
| સ્ટોક | 42,000 | |
| – નકામો સ્ટોક (હવાલા નં.5) | 1,000 | 41,000 |
| દેવાદારો | 40,000 | |
| – ઘાલખાધ અનામત | 1,000 | 39,000 |
| રોકડ/બેંક સિલક | | 3,000 |
| **કુલ રોકાયેલી મૂડી :** | | 4,80,000 |
| **બાદ ચાલુ દેવાઓ :** | | |
| લેણદારો | 28,000 | |
| દેવીહુંડી | 7,000 | |
| કરવેરા જોગવાઈ | 13,000 | 48,000 |
| **કુલ ચોખ્ખી રોકાયેલી મૂડી** | | 4,32,000 |
| ઈક્વિટી શેર મૂડી | 1,50,000 | |
| પ્રેફ. શેર મૂડી | 1,00,000 | |
| શેર પ્રીમીયમ | 30,000 | |
| સામાન્ય અનામત | 45,000 | |
| નફા નુકસાન ખાતુ | 35,000 | |
| | 3,60,000 | |
| **બાદ પ્રાથમિક ખર્ચા** | 4,000 | |
| | | 3,56,000 |
| **માલિકોની રોકાયેલી મૂડી** | | 3,56,000 |

**સંચાલકીય નફાની ગણતરી દર્શાવતું પત્રક**

| વિગત | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|
| નફા નુકસાન ખાતા મુજબનો નફો | | 53,200 |
| **ઉમેરો :** | | |
| માંડી વાળેલ પાઘડી | 3,000 | 3,000 |
| | | 56,200 |
| **બાદ** | | |
| પુનઃસ્થાપના કિંમતે ઘસારો | 5,000 | |
| યંત્ર વેચાણનો નફો | 4,000 | |
| વસૂલ થયેલ ઘાલખાધ | 2,000 | |
| બહારનાં રોકાણોની આવક | 2,000 | 13,000 |
| સંચાલકીય નફો (વળતર) | | 43,200 |

(1) કુલ રોકાયેલી મૂડી પર વળતર $= \frac{\text{વળતર}}{\text{કુલ રોકાયેલી મૂડી}} \times 100$

$$= \frac{43,200}{4,48,000} \times 100 = 9\%$$

(2) ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતર $= \frac{\text{વળતર}}{\text{ચોખ્ખી રોકાયેલી મૂડી}} \times 100$

$$= \frac{43,200}{4,32,000} \times 100 = 10\%$$

(3) માલિકોની રોકાયેલી મૂડી પર વળતર $= \frac{\text{વળતર}}{\text{માલિકોની રોકાયેલી મૂડી}} \times 100$

$$= \frac{43,200}{3,56,000} \times 100 = 12.13\%$$

- **દરેક ગુણોત્તર દરને આધારે સંચાલકોની કાર્યક્ષમતા કામગીરીનું વિશ્લેષણ :**

(1) કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર 9 % છે જે દર્શાવે છે કે કંપનીમાં કાયમી મિલકતો, ધંધાકી રોકાણો તેમજ ચાલું મિલકતો મુજબ રોકાયેલી મૂડીના ઉપયોગ બાદ સંચાલકો જે રીતે સંચાલકીય ધંધાકીય વળતર મેળવે છે એનું પ્રમાણ સામાન્યતઃ 12 % થી 14 % જેટલું હોવું જોઈએ જે 9 % થી વધારવું જોઈએ.

(2) કાયમી મિલકતો, ધંધાકીય રોકાણો તેમજ ચાલુ મિલકતો બાદ ચાલુ દેવા મુજબ ચોખ્ખી રોકાયેલી મૂડીના ઉપયોગ બાદ સંચાલકો જે રીતે 10 % સંચાલકીય ધંધાકીય વળતર મેળવે છે તેનું પ્રમાણ સામાન્યતઃ 15 % થી 17 % જેટલું હોવું જોઈએ જે 10 % થી વધારવું જોઈએ.

(3) ઉછીની મૂડી સિવાયની શેરહોલ્ડર્સની માલિકોની રોકાયેલી મૂડીના ઉપયોગ બાદ સંચાલકો જે રીતે 12 % સંચાલકીય વળતર મળે છે એનું પ્રમાણ 18 % થી 20 % જેટલું હોવું જોઈએ જે 12 % થી વધારવું જોઈએ.

**ઉદા. 4 : શિવ લિ. ના આવક-જાવક ખાતાં અને પાકાં સરવૈયાં નીચે મુજબ છે.**

| ખર્ચ | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ | આવક | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ |
|---|---|---|---|---|---|
| બેંક લોનનું વ્યાજ | 6,000 | 12,000 | બાકી આગળ લાવ્યા | - | 35,000 |
| ડિરેક્ટરનું વેતન | 25,000 | 75,000 | વર્ષનો નફો | 2,01,000 | 1,52,000 |
| આવકવેરા જોગવાઈ | 85,000 | 32,500 | | | |
| ડિવિડન્ડ ખાતે | 25,000 | 37,500 | | | |
| અનામત ખાતે | 25,000 | 25,000 | | | |
| બાકી આગળ લઈ ગયા | 35,000 | 5,000 | | | |
| | 2,01,000 | 1,87,000 | | 2,01,000 | 1,87,000 |

**પાકા સરવૈયા**

| મૂડી-દેવા | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ | મિલકતો-લેણાં | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ |
|---|---|---|---|---|---|
| દરેક ₹ 10 નો તેવા | | | કાયમી મિલકતો | 5,20,000 | 4,95,000 |
| ઈક્વિટી શેરમૂડી | 2,50,000 | 2,50,000 | સ્ટોક | 75,000 | 1,50,000 |
| અનામતો | 25,000 | 50,000 | દેવાદારો | 1,00,000 | 2,00,000 |
| ન.નુ.ખાતુ | 35,000 | 5,000 | રોકડ/બેંક સિલક | 75,000 | 5,000 |
| બેંક લોન | 2,75,000 | 2,00,000 | | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | - | 50,000 | | | |
| લેણદારો | 75,000 | 2,25,000 | | | |
| આવકવેરા જોગવાઈ | 85,000 | 32,500 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 25,000 | 37,500 | | | |
| | **7,70,000** | **8,50,000** | | **7,70,000** | **8,50,000** |

- **અન્ય માહિતી :**

  વેચાણ : પ્રથમ વર્ષે ₹ 20,00,000 અને બીજા વર્ષે ₹ 17,50,000.

બંને વર્ષ માટે ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી પર વળતરનો દર શોધો.

કંપની માટે સંચાલકોની દૃષ્ટિએ રોકાયેલી મૂડી પર વળતર દરનું વિશ્લેષણ અને મહત્ત્વ સમજાવો.

**ઉકેલ :**

(1) બંને વર્ષની રોકાયેલી મૂડી શોધવી.

(2) પ્રથમ વર્ષનો ધંધાકીય નફો શોધવો.

(3) પ્રથમ વર્ષની ચોખ્ખી સરેરાશ રોકાયેલી મુડી
= પ્રથમ વર્ષની રોકાયેલી મૂડી બાદ અડધો ધંધાકીય નફો.

(4) બીજા વર્ષની ચોખ્ખી સરેરાશ રોકાયેલી મુડી
= (પ્રથમ વર્ષની રોકાયેલી મૂડી + બીજા વર્ષની રોકાયેલી મૂડી)/2

**(i) ચોખ્ખી રોકાયેલી મૂડી**

| વિગત | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ |
|---|---|---|
| કુલ રોકાયેલી મૂડી (A) | 7,70,000 | 8,50,000 |
| બાદ : ચાલુ દેવાં :- | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | - | 50,000 |
| લેણદારો | 75,000 | 2,25,000 |
| આવરવેરાની જોગવાઈ | 85,000 | 32,500 |
| સૂચિત ડિવિડન્ડ | 25,000 | 37,500 |
| કુલ ચાલુ દેવા (B) | 1,85,000 | 3,45,000 |
| ચોખ્ખી રોકાયેલી મૂડી | 5,85,000 | 5,05,000 |

**(ii) ધંધાકીય નફો પ્રથમ વર્ષ માટે**

| વિગત | ₹ | ₹ |
|---|---|---|
| વર્ષનો નફો | - | 2,01,000 |
| બાદ : ખર્ચાઓ - | | |
| લોનનું વ્યાજ | 6,000 | |
| ડીરેકટરનું વેતન | 25,000 | |
| આવક વેરા જોગવાઈ | 85,000 | 1,16,000 |
| ધંધાકીય નફો | | 85,000 |

$\frac{1}{2}$ ધંધાકીય નફો $= 85,000 \times \frac{1}{2} = 42,500 =$

પ્રથમ વર્ષ માટે રોકાયેલી મૂડી = 5,85,000

બાદ : $\frac{1}{2}$ વર્ષનો નફો = 42,500

ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી = 5,42,500

બીજા વર્ષ $= \frac{5,85,000 + 5,05,000}{2}$

$= \frac{10,90,000}{2}$

= 5,45,000 = ચોખ્ખી સરેરાશ રોકાયેલ મૂડી

ચો. સરેરાશ શે. મૂડી પર વળતરનો દર = $\frac{\text{સંચાલકીય નફો}}{\text{ચોખ્ખી રોકાયેલી મૂડી}} \times 100$

બંને વર્ષ માટે નફાની ગણતરી : ધંધાકીય નફો – ડિરેક્ટર્સનું વેતન

પ્રથમ વર્ષ નફો = 2,01,000 – 25,000

1,76,000

બીજા વર્ષનો નફો = 1,52,000 – 75,000

77,000

$= \frac{1,76,000}{5,42,500} \times 100 = 32.44\%$ (પ્રથમ વર્ષે ચો. સ.રો.મૂડી પર વ.દર)

$= \frac{77,000}{5,45,000} \times 100 = 14.13\%$ (બીજા વર્ષે ચો. સ.રો.મૂડી પર વ.દર)

**(iii) કારણો :**

ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી પર વળતરનો દર પ્રથમ વર્ષે 32.44 % હતો જે બીજા વર્ષમાં લગભગ 18 % જેટલો ઘટીને 14.13 % થયો છે.ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડી પર વળતરના દરમાં થયેલ ઘટાડાનાં મુખ્ય કારણો નીચે મુજબ દર્શાવી શકાય.

(1) પ્રથમ વર્ષની સરખામણીમાં વેચાણમાં બીજા વર્ષે ₹ 2,50,000 નો ઘટાડો થયો છે.

(2) બીજા વર્ષનો નફો ₹ 1,52,000 થયો છે. જે પ્રથમ વર્ષ માં ₹ 2,01,000 હતો.

(3) બીજા વર્ષે વેચાણમાં ઘટાડો છતાં ગીરો લોનનું વ્યાજ, ડિરેક્ટર્સનું વેતન તથા ડિવિડન્ડની જોગવાઈ વગેરે ખર્ચાઓમાં વધારો થયો છે.

(4) ડિરેક્ટરોનાં વેતનમાં ત્રણ ગણો વધારો થવા છતાં ચોખ્ખા નફામાં લગભગ 25 % જેટલો ઘટાડો દર્શાવે છે.

(5) ચોખ્ખી સરેરાશ રોકાયેલી મૂડીની ગણતરી માટે બંને વર્ષો દરમિયાન અલગ અલગ સૂત્રોનો ઉપયોગ કરવામાં આવેલો છે.

❖ **કંપની સંચાલકો માટે રોકાયેલી મૂડી પર વળતર દરનું મહત્ત્વ :**

કંપની સાથે સંકળાયેલા વિવિધ વર્ગો જેવા કે શેરહોલ્ડર્સ, ડિબેન્ચર હોલ્ડર્સ, ભાવિ રોકાણકારો, બેંકરો વગેરે કંપની સાથેના વ્યવહારોના સંદર્ભમાં યોગ્ય નિર્ણયો લેવા માટે કંપનીની કાર્યક્ષમતા અને નફાકારકતા તપાસવા ઈચ્છતા હોય ત્યારે રોકાયેલી મૂડી પરના વળતરના દર પરથી કંપનીની કાર્યક્ષમતા અને નફાકારકતાનો ખ્યાલ મેળવી શકે છે.

રોકાયેલી મૂડી પરના વળતરના દરના ખ્યાલનો વ્યૂહાત્મક ઉપયોગ કરી કંપની આર્થિક સદ્ધરતાનું નિર્માણ કરી શકે છે. જેથી કંપની સાથે સંકળાયેલા વિવિધ વર્ગો કંપની અંગે વિશ્વસનિયતા અને સલામતીનો અહેસાસ કરી શકે છે. આનું એક પરિણામ એ આવે છે કે કંપનીને સારા અને અનુભવી સંચાલકો, કાર્યક્ષમ અને સંતુષ્ટ કર્મચારી દર મળી રહે છે. પરિણામે કંપનીની પ્રતિષ્ઠામાં વધારો થાય છે.

- **રોકાયેલી મૂડી પરના વળતરના દરનું મહત્ત્વ (ફાયદા)**

1. ધંધાની સમગ્ર કાર્યક્ષમતાને માપી શકાય.
2. સરખામણી થઈ શકે છે.
3. કંપનીમાં આંતરવિભાગીય સરખામણી થઈ શકે છે.
4. બજેટ અને બજેટરી અંકુશ માટે ઉપયોગી.
5. મૂડીખર્ચની યોજનાઓની પસંદગીમાં મદદરૂપ બને છે.
6. નાણાકીય સંચાલન તેમજ નાણાકીય નિર્ણયોમાં મદદરૂપ બને છે.
7. ધંધાકીય એકમ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નીચેના ફાયદાઓ મેળવી આપે છે.
   (1) શેરહોલ્ડર્સને નિયમિત/સંતોષકારક ડિવિડન્ડ મળવાની ખાતરી મળે છે.
   (2) અનામતો અંગે માર્ગદર્શન મળે છે.
   (3) ઉછીનાં નાણાં પર ઓછો આધાર.
   (4) ધંધાકીય જોખમ/મુશ્કેલીઓ સામે રક્ષણ.
   (5) કંપનીની કાર્યક્ષમતા/નફાકારકતાનો ખ્યાલ મેળવી શકાય.
   (6) કંપની આર્થિક સદ્ધરતાની દિશામાં આગળ વધી શકે છે.

ધંધાકીય એકમની આર્થિક સદ્ધરતા માપવા માટે રોકાયેલ મૂડી પરના વળતરના દરને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. ધંધામાં કરેલ કુલ મૂડીરોકાણ સામે રોકાણકારને કેટલું વળતર પ્રાપ્ત થાય છે તે રોકાયેલી મૂડી પરના વળતરના દર પરથી જાણી શકાય તેમજ રોકાણ નિર્ણયો કરી શકાય.

**ઉદા. 5 : એક લેણદાર પક્ષ તરીકે તમે નીચે દર્શાવેલ માહિતીને આધારે ગુણોત્તર વિશ્લેષણ કરો.**

| વિગત | કંપનીના ગુણોત્તરો | આદર્શ ગુણોત્તરો |
|---|---|---|
| (1) માલિકી ગુણોત્તર | 60 % | 70 % |
| (2) કાયમી મિલકતોનો ચલનદર | 6 | 8 |
| (3) ચાલુ ગુણોત્તર | 2.5 | 4 |
| (4) પ્રવાહી ગુણોત્તર | 1.2 | 2 |
| (5) દેવાદાર ગુણોત્તર | 40 દિવસો | 30 દિવસો |
| (6) સ્ટોકનો ચલનદર | 12 | 10 |
| (7) લેણદાર ગુણોત્તર | 46 દિવસો | 40 દિવસો |
| (8) કાચા નફાનો ગુણોત્તર | 35 % | 35 % |
| (9) ચોખ્ખા નફાનો ગુણોત્તર | 7 % | 10 % |

- **ઉકેલ : નાણાકીય પરિસ્થિતિ અને નફાકારકતા ઉપર ટીકાત્મક વિશ્લેષણ :**

(1) **માલિકી ગુણોત્તર :** આ ગુણોત્તરની અપેક્ષા છે કે કંપની કુલ મિલકતોમાંથી 70 % મિલકતો માલિકી ભંડોળમાંથી ખરીદેલી હોવી જોઈએ. તેના સ્થાને કંપની 60 % મિલકતો માલિકી ભંડોળમાંથી ખરીદે છે. અપેક્ષા કરતાં માલિકી ભંડોળો ઓછાં છે.

(2) **કાયમી મિલકતનો ચલનદર :** એક વર્ષમાં કાયમી મિલકતોની કિંમતના 8 ગણું કે 8 વખત વેચાણ થવું જોઈએ તેવી અપેક્ષાની સામે 6 વખત વેચાણ થાય છે જે વેચાણનો નીચો ચલન દર કાયમી મિલકતોના સંદર્ભમાં દર્શાવે છે.

(3) **ચાલુ ગુણોત્તર :** આદર્શ ગુણોત્તરની સરખામણીએ કંપનીનો આ ગુણોત્તર 2.5 છે જે, 160 % ઓછો છે, જે નબળો ગણી શકાય. કંપની ચાલુ દેવાં ચૂકવવા પૂરતા પ્રમાણમાં ચાલુ મિલકતો ધરાવતી નથી.

(4) **પ્રવાહી ગુણોત્તર :** આ ગુણોત્તર આદર્શ ગુણોત્તરોની સરખામણીએ 60 % છે એટલે કે 40 % ઓછો છે જે નબળો ગણી શકાય. કંપની પ્રવાહી દેવાં ચૂકવવા પૂરતા પ્રમાણમાં પ્રવાહી મિલકતો ધરાવતી નથી.

(5) **દેવાદાર ગુણોત્તર :** દેવાદારો પાસેથી સરેરાશ 30 દિવસે ઉઘરાણી વસૂલ મળવી જોઈએ તેવી અપેક્ષા સામે કંપની 40 દિવસે ઉઘરાણી મેળવી શકે છે. જે ઉઘરાણી વસૂલાતની ઢીલી નીતિ દર્શાવે છે.

(6) **સ્ટોકનો ચલનદર :** એક વર્ષમાં 10 વખત સ્ટોકનો ઊથલો થવો જોઈએ તેની સામે ખરેખર ઊથલો 12 વખત થાય છે જે ઊથલાનો ઊંચો દર તથા વેચાણનું વધુ પ્રમાણ દર્શાવે છે.

(7) **લેણદાર ગુણોત્તર :** લેણદારોને કંપનીને સરેરાશ 40 દિવસે નાણાં ચૂકવી આપવાં જોઈએ તેને સ્થાને કંપની 46 દિવસે ચુકવણી કરે છે. જે ચુકવણીની વિલંબિત નીતિ દર્શાવે છે. તેને કારણે કંપનીની શાખામાં ઘટાડો થવાની શક્યતા રહે છે.

(8) **કાચા નફાનો ગુણોત્તર :** કંપની અપેક્ષિત દર 35 % એ કાચો નફો મેળવી શકે છે. જે સારી સ્થિતિ દર્શાવે છે.

(9) **ચોખ્ખા નફાનો ગુણોત્તર :** ચોખ્ખો નફો વેચાણના 10 % ના દરે હોવો જોઈએ. તેવી અપેક્ષાની સામે કંપની માત્ર 7 % ના દરે નફો મેળવી શકે છે, જે સંચાલન ખર્ચનું ઊંચું પ્રમાણ દર્શાવે છે.

એકંદરે કંપનીના 9 માંથી 7 ગુણોત્તરો નબળી તથા પ્રતિકૂળ પરિસ્થિતિ દર્શાવે છે કંપનીની ટૂંકા ગાળાની સદ્ધરતાની સ્થિતિ નબળી છે. દેવાદારો પાસેથી ઢીલી નીતિથી ઉઘરાણી વસૂલાતની કામગીરી થાય છે અને લેણદારોને વિલંબિત ચુકવણી કરાય છે. કંપનીમાં સંચાલન ખર્ચાનું પ્રમાણ ઊંચું છે.

કંપની વધુ વેચાણ કરી શકે છે, અપેક્ષિત દરે કાચો નફો મેળવી શકે છે, પરંતુ કાર્યક્ષમતાના અભાવને કારણે તે જાળવી શકતી નથી. એકંદરે કંપનીની સ્થિતિ ખૂબ સંતોષકારક ન હોવાથી સુધારાલક્ષી પગલાં લેવાં જરૂરી ગણાય.

**ઉદા. 6 : રાજન કંપનીની નીચે દર્શાવેલ વિગતો ધ્યાનમાં લઈને યોગ્ય ગુણોત્તરો ગણીને આદર્શ ગુણોત્તરો સાથે વિવેચન કરો.**

| | | | |
|---|---|---|---|
| **(અ) ભંડોળની પ્રાપ્તિ** | **₹** | ખરીદી ₹ | 3,65,000 |
| શેરમૂડી | 4,00,000 | વેચાણ રૂ. | 5,00,000 |
| અનામત અને નફો | 1,38,000 | ચોખ્ખો નફો ₹ | 1,00,000 |
| શેરહોલ્ડર્સનાં ભંડોળો | 5,38,000 | | |
| ડિબેન્ચર | 1,00,000 | | |
| બેંક લોન | 1,00,000 | | |
| રોકાયેલી મૂડી | 7,38,000 | | |

| | | |
|---|---|---|
| **(બ) ભંડોળનો ઉપયોગ** | | **₹** |
| કાયમી મિલકતો ઘસારા બાદ | | 3,00,000 |
| **ચાલુ મિલકતો :** દેવાદારો | 82,000 | |
| સ્ટોક | 3,18,000 | |
| બેંકમાં રોકડ | 1,00,000 | |
| લેણી હૂંડીઓ | 68,000 | 5,68,000 |
| **બાદ :** ચાલુ જવાબદારી : લેણદારો | 1,00,000 | |
| દેવી હૂંડીઓ | 20,000 | |
| કરવેરાની જોગવાઈ | 10,000 | 1,30,000 |
| | | 4,38,000 |
| ચોખ્ખી કાર્યશીલ મૂડી | | 7,38,000 |

- **નીચે આપેલ ગુણોત્તર શોધો તેમજ આ ઉદ્યોગમાં આદર્શ ગુણોત્તર દરેક ગુણોત્તરની સામે કૌંસમાં આપ્યા છે તેને આધારે કંપનીની પરિસ્થિતિ પર ટીકાત્મક ચર્ચા કરો.**

| | | |
|---|---|---|
| (1) | ચોખ્ખા નફાનો ગુણોત્તર | (15 %) |
| (2) | ચાલુ ગુણોત્તર | (2:1) |
| (3) | માલિકી ગુણોત્તર | (85 %) |
| (4) | પ્રવાહી ગુણોત્તર | (1:1) |
| (5) | રોકાયેલી મૂડી પર વળતરનો ગુણોત્તર | (10%) |
| (6) | દેવાદારોના ગુણોત્તર | (90 દિવસો) |
| (7) | લેણદારોના ગુણોત્તર | (100 દિવસો) |
| (8) | કાયમી મિલકત વેચાણ ગુણોત્તર | (1:2) |

વર્ષના 360 દિવસો ગણવા.

**(1) ચોખ્ખા નફાનો ગુણોત્તર** $= \dfrac{\text{ચોખ્ખા નફો}}{\text{વેચાણ}} \times 100$

$$= \frac{1,00,000}{5,00,000} \times 100 = 20\%$$

**(2) ચાલુ ગુણોત્તર** $= \dfrac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}} \times 100$

$$= \frac{5,68,000}{1,30,000} = 4.3692:1 = 4.37:1$$

**(3) માલિકી ગુણોત્તર** $= \dfrac{\text{કાયમી મિલકતો}}{\text{શેર હોલ્ડર્સનાં ભંડોળો}} \times 100$

$$= \frac{3,00,000}{5,38,000} \times 100 = 55.76\%$$

**(4) પ્રવાહી ગુણોત્તર** $= \dfrac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}} = \dfrac{\text{ચાલુ મિલકતો - આખર સ્ટોક}}{\text{પ્રવાહી દેવાં}}$

$$= \frac{5,68,000 - 3,18,000}{1,30,000} = \frac{2,50,000}{1,30,000} = 1.92:1$$

**(5) રોકાયેલી મૂડી ઉપર વળતરનો દર :**

$$= \frac{\text{ચોખ્ખા નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$$

$$= \frac{1,00,000}{7,38,000} \times 100 = 13.55\%$$

**(6) દેવાદાર ગુણોત્તર :**

**(i) સરેરાશ દૈનિક વેચાણ** $= \frac{\text{વેચાણ}}{\text{વર્ષના દિવસો}} = \frac{5,00,000}{360}$

**(ii) દેવાદાર ગુણોત્તર** $= \frac{\text{દેવાદાર ₹ લેણીહૂંડી}}{\text{સરેરાશ દૈનિક ખરીદી}}$

$$= \frac{82,000 + 68,000}{5,00,000 / 360}$$

$$= \frac{1,50,000}{5,00,000} \times 360 = 108 \text{ દિવસ}$$

**(7) લેણદાર ગુણોત્તર :**

**(i) સરેરાશ દૈનિક ખરીદી** $= \frac{\text{ખરીદી}}{\text{વર્ષના દિવસો}}$

$$= \frac{3,65,000}{360} = 1013.8$$

**(ii) લેણદાર ગુણોત્તર** $= \frac{\text{દેવાદાર ₹ લેણીહૂંડી}}{\text{સરેરાશ દૈનિક વેચાણ}}$

$$= \frac{1,00,000 + 20,000}{1013.8}$$

$$= 118.35616 = 118 \text{ દિવસ}$$

**(8) કાયમી મિલકત વેચાણ ગુણોત્તર** $= \frac{\text{કાયમી મિલકતો}}{\text{વેચાણ}}$

$$= \frac{3,00,000}{5,00,000} = 3:5 = 0.6:1$$

| ગુણોત્તર | આદર્શ પ્રમાણ | કંપનીનું પ્રમાણ | વિવેચન |
|---|---|---|---|
| (1) ચોખ્ખના નફાન ગુણોત્તર | 15 % | 20 % | ઊંચો દર – સારી નફાકારકતા અનુકૂળ |
| (2) ચાલુ ગુણોત્તર | 2.1 | 4.37:1 | ઊંચો દર – સદ્ધરતા દર્શાવે છે અનુકૂળ. |
| (3) માલિકી ગુણોત્તર | 85 % | 55.76 % | નીચો દર માલિકીની મૂડીનો પૂરતો ઉપયોગ થતો નથી. |
| (4) પ્રવાહી ગુણોત્તર | 1:1 | 1.92:1 | ઊંચો દર ટૂંકાગાળાની સંપૂર્ણ સદ્ધરતા. |
| (5) રોકાયેલી મૂડી પર વળતર | 10 % | 13.55 % | ઊંચો દર – સારી નફાકારકતાની સ્થિતિ |
| (6) દેવાદારો ગુણોત્તર | 90 દિવસો | 108 દિવસો | ઉઘરાણીની ઢીલી નીતિ દર્શાવે છે. |
| (7) લેણદારો ગુણોત્તર | 100 | 118 | ચુકવણીની વિલંબિત નીતિ દર્શાવે છે. |
| (8) કાયમી મિલકત વેચાણ ગુણોત્તર | 1:2 | 0.6:1 | ઊંચો દર વેચાણનું સારું પ્રમાણ દર્શાવે છે. |

અભિપ્રાય :- કંપની નફાકારક તથા સદ્ધર સ્થિતિમાં છે.

**ઉદા. 7 : હંસરાજ મેન્યુ. કંપની લિ. ની માહિતી નીચે મુજબ છે.**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 80,000 | પાઘડી | 2,20,000 |
| સામાન્ય અનામત | 16,000 | | |
| 8 % ગીરો લોન | 64,000 | સ્ટોક | 24,000 |
| લેણદારો | 90,000 | દેવાદારો | 28,000 |
| બેંક ઓવરડ્રાફટ | 10,000 | રોકાણો | 8,000 |
| કરવેરા : ચાલુ વર્ષના 8,000 | | હાથ પર રોકડ | <u>20,000</u> |
| ભવિષ્યના <u>8,000</u> | 16,000 | | |
| **નફા-નુકસાન ખાતું :** | | | |
| (ચાલુ વર્ષના કરવેરા અને લોન પર વ્યાજ પછીનું) 48,000 | | | |

| | | | |
|---|---|---|---|
| બાદ : | | | |
| સામાન્ય અનામત 16,000 | | | |
| ડિવિડન્ડ ખાતે 8,000 | | | |
| ચો. નફો 24,000 | 24,000 | | |
| | 3,00,000 | | 3,00,000 |

| વધારાની માહિતી : | વિગત | 1-4-21 | 31-3-22 |
|---|---|---|---|
| | સ્ટોક | 40,000 | - |
| | કુલ વેચાણ | - | 4,80,000 |
| | ઉધાર વેચાણ | - | 3,60,000 |
| | કાચો નફો | - | 1,60,000 |

- **ઉપરની વિગતો પરથી નીચે આપેલા ગુણોત્તર શોધો અને ટૂંકમાં તેના ઉપયોગ જણાવો.**

(1) કાચા નફાનો ગુણોત્તર

(2) ચાલુ ગુણોત્તર

(3) પ્રવાહી ગુણોત્તર

(4) રોકાયેલ મૂડી પર વળતરનો ગુણોત્તર

(5) ઊથલો ગુણોત્તર

(6) દેવાદારો ગુણોત્તર
(જરૂરી ગણતરી વર્ષના 360 દિવસો ધ્યાનમાં લઈ કરવાની છે.)

**ઉકેલ :** પ્રથમ ગુણોત્તરો શોધીશું, તે બાદ વિશ્લેષણ કરીશું.

**(1) કાચા નફાનો ગુણોત્તર** $= \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

$$= \frac{1,60,000}{4,80,000} \times 100 = 33\frac{1}{3}\%$$

**(2) ચાલુ ગુણોત્તર** $= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$

$$= \frac{80,000}{1,08,000} = 0.74:1$$

**(i) ચાલુ મિલકતો** = ચાલુ મિલકતો = સ્ટોક ₹ દેવાદારો ₹ રોકાણો ₹ હાથ પર રોકડ

= 24,000 ₹ 28,000 ₹ 8,000 ₹ 20,000

= 80,000

**(ii) ચાલુ દેવાં** = લેણદારો ₹ બેંક ઓવરડ્રાફ્ટ ₹ ચાલુ વર્ષના કરવેરા

= 90,000 ₹ 10,000 ₹ 8,000

= ₹ 1,08,000

(3) **પ્રવાહી ગુણોત્તર** $= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}} = \frac{\text{ચાલુ મિલકતો - આખર સ્ટોક}}{\text{ચાલુ દેવાં - બેંક ઓવરડ્રાફ્ટ}}$

$$= \frac{80,000 - 24,000}{1,08,000 - 10,000} = \frac{56,000}{98,000} = 0.57 : 1$$

(4) **રોકાયેલી મૂડી પર વળતરનો દર** $= \frac{\text{ચોખ્ખો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

$$= \frac{45,120}{1,60,000} \times 100 = 28.2\%$$

**(i) રોકાયેલી મૂડી**

= ઈક્વિટી શેરમૂડી ₹ સામાન્ય અનામત ₹ 8 % ની ગીરો લોન

= 80,000 ₹ 16,000 ₹ 64,000

= ₹ 1,60,000

**(ii) ચોખ્ખો નફો**

= ફાળવણી બાદનો ચોખ્ખો નફો ₹ કરવેરા ₹ ગીરો લોનનું ₹ ડિવિડન્ડ

= 24,000 ₹ 8,000 ₹ 5,120 ₹ 8,000 = ₹ 45,120

**નોંધ : વ્યાજ : 8 % ની ગીરો લોન ₹ 64,000 નું એક વર્ષનું ગણેલું છે.**

(5) ઊથલો ગુણોત્તર $= \frac{\text{વેચાણ પડતર}}{\text{સરેરાશ સ્ટોક}}$

$$= \frac{3,20,000}{32,000} = 10 \text{ વખત}$$

**(i) વેચાણ પડતર**

= વેચાણ − કાચો નફો = 4,80,000 − 1,60,000

= ₹ 3,20,000

**(ii) સરેરાશ સ્ટોક** $= \frac{\text{શરૂનો સ્ટોક ₹ આખર સ્ટોક}}{2}$

$$= \frac{40,000 + 24,000}{2} = \frac{64,000}{2}$$

= ₹ 32,000

**(6) દેવાદાર ગુણોત્તર** $= \dfrac{\text{દેવાદાર ₹ લેણી હૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times 360$

$= \dfrac{28,000 + 0}{3,60,000} \times 360$

= 28 દિવસ

- **ઉપરોક્ત ગુણોત્તરોના ઉપયોગો નીચે મુજબ છે :**

(1) કાચા નફાનો ગુણોત્તર : નફાકારકતા જાણવા તથા વેચાણ કિંમત નક્કી કરવા માટે.

(2) ચાલુ ગુણોત્તર : કાર્યશીલ મૂડીની માહિતી, પ્રવાહિતાની પરિસ્થિતિ તથા દેવાં ચુકવણીની ઝડપની જાણકારી માટે.

(3) પ્રવાહી ગુણોત્તર : પ્રવાહી પરિસ્થિતિની જાણકારી મેળવવા માટે

(4) રોકાયેલી મૂડી પર વળતર દર : ધંધાની નફાકારકતા જાણવા માટે તથા રોકાયેલી મૂડી પરનું વળતર જાણવાના હેતુસર.

(5) ઊથલો ગુણોત્તર : વેચાણની કાર્યક્ષમતાની જાણકારી તથા વર્ષ દરમિયાન કાચા માલની ખરીદી કેટલી વખત કરવામાં આવી તેની જાણકારી માટે.

(6) દેવાદાર ગુણોત્તર : ઉધાર વેચાણની ઉઘરાણીની વસૂલાત કેટલા દિવસોએ થાય છે તે જાણવા તથા ઉઘરાણી (શાખ) નીતિની કાર્યક્ષમતા જાણવા માટે.

આ રીતે દરેક ગુણોત્તરોનું અર્થઘટન કરી શકાય.

**ઉદા. 8 : એક કંપનીની નાણાકીય વિગતો નીચે મુજબ રજૂ થયેલ છે : આ કંપનીના સંચાલકો કંપનીની દેવું ચુકવી શકવાની તેમજ મૂડી મિલકત સ્થિતિ આધારિત નાણાકીય સદ્ધરતા વિશે તમારા અભિપ્રાય જાણવા ઈચ્છે છે, યોગ્ય ગુણોત્તરો શોધીને વિવેચન કરો.**

| | |
|---|---|
| ઈ. શેરમૂડી ₹ = 1,00,000 | દશ્ય કાયમી મિલકતો : |
| (શેરદીઠ ₹ 1 લેખે પુર્ણ ભરપાઈ) | જમીન મકાન = ₹ 1,70,000 |
| ન.નુ. ખાતું = ₹ 15,000 | યંત્રો = ₹ 65,000 |
| સામાન્ય અનામત = ₹ 20,000 | કમ્પ્યૂટર = ₹ 10,000 |
| વિકાસ વળતર અનામત = ₹ 10,000 | અન્ય મિલકતો : |
| બેંક ઓવરડ્રાફ્ટ = ₹ 2,00,000 | તૈયારમાલ સ્ટોક = ₹ 1,00,000 |
| વેપારી દેવા = ₹ 75,000 | વેપારી લેણાં = ₹ 60,000 |
| કામચલાઉ રોકાણો = ₹ 5,000 | |
| રોકડ બેંક = ₹ 10,000 | |

**ઉકેલ :**

અહીં કંપનીની નાણાકીય સદ્ધરતાને – કંપની ટૂંકાગાળાના દેવાં અને લાંબા ગાળાના દેવાં સરળતાથી ચૂકવી શકવાનું કેટલું સામર્થ્ય ધરાવે છે અને કંપનીના મૂડીમાળખાંની ગોઠવણીના સંદર્ભમાં તપાસીશું. આ અંગે નીચેના ગુણોત્તરો ધ્યાનમાં લેશું :

**(1) ચાલુ ગુણોત્તર :**

$$\text{ચાલુ ગુણોત્તર} = \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}}$$

$$= \frac{1,75,000}{2,75,000} = 0.64:1$$

**(2) પ્રવાહી ગુણોત્તર :**

$$\text{પ્રવાહી ગુણોત્તર} = \frac{\text{પ્રવાહી ચાલુ મિલકતો}}{\text{પ્રવાહી ચાલુ દેવાં}}$$

$$= \frac{75,000}{75,000} = 1:1$$

**(3) સ્થાયી મિલકતોમાં માલિકોનો ફાળો :**

$$\text{માલિકોનો મિલકતોમાં ફાળો} = \frac{\text{માલિકોની રકમ}}{\text{સ્થાયી મિલકતો}} = \frac{1,45,000}{2,45,000}$$

$$1.6896 : 1 = 0.59 : 1$$

❖ **નાણાકીય સદ્ધરતા પર વિવેચન : (અભિપ્રાય)**

(1) કંપનીનો ચાલુ ગુણોત્તર 0.64:1 છે. આ ગુણોત્તર મુજબ ₹ 1 નું ચાલુ દેવું ચૂકવવા માટે કંપની પાસે 64 પૈસા છે. આદર્શ ગુણોત્તર 2.1 ની દૃષ્ટિએ લેણદારો માટે ચાલુ મિલકતોનો સલામતી ગાળો ઋણ છે. આ દૃષ્ટિએ કંપનીની નાણાકીય સદ્ધરતા અત્યંત બગડેલી છે.

(2) કંપનીનો પ્રવાહી ગુણોત્તર 1:1 છે. જે આદર્શ ગુણોત્તર જેટલો જ છે, પરંતુ ચાલુ મિલકતો જ ચાલુ દેવાં માટે પૂરતી નથી. ત્યારે અપૂરતી ચાલુ મિલકતો સાથેની સશક્ત પ્રવાહિતા પોતે જ અપ્રસ્તુત બની રહે છે. તેથી સ્પષ્ટપણે કહી શકાય કે કંપની ટૂંકા ગાળાના દેવાં સહેલાઈથી ચૂકવી શકે તેમ નથી.

(3) કંપનીની સ્થાયી મિલકતોમાં માલિકોનો ફાળો 59 ₹ છે જ્યારે બાકીના ₹ 41 નો ફાળો કાર્યશીલ મૂડીમાંથી મેળવી સ્થાયી મિલકતોમાં રોકવામાં આવ્યો છે. પા.સ.માં આપેલ બેંક ઓવરડ્રાફટ ₹ 2,00,000 નો ઉપયોગ સ્થાયી મિલકતોમાં થયો હોવો જોઈએ. પરિણામે ભવિષ્યમાં બેંક ઓવરડ્રાફટની રકમ

ચૂકવવામાં કંપનીને મુશ્કેલી મળશે. કંપનીની પ્રવાહિતાની સ્થિતિ સારી નથી. તેથી આ દૃષ્ટિએ કંપનીની નાણાકીય સદ્ધરતા બિલકુલ સારી નથી.

(4) નાણાકીય સંચાલનની દૃષ્ટિએ કંપનીમાં અલ્પ મૂડીરોકાણ જોવા મળે છે. કંપનીએ પ્રવાહિતા અને અન્ય નાણાકીય પરિસ્થિતિમાં સધુારો કરવા માટે નવા શેર બહાર પાડીને અથવા સ્થાયી વ્યાજના બોજાવાળી જામીનગીરીઓ બહાર પાડવી જઈએ અને કંપનીને ઈક્વિટી પરનો વેપાર કરવો જોઈએ.

(5) કંપની પાસે લાંબા ગાળાના દેવાં (લાંબા ગાળાની ઉછીની મૂડી) નથી. આથી લાંબા ગાળાની લોન બહાર પાડીને કંપનીએ નાણાકીય સદ્ધરતા સુધારવી જોઈએ.

**ઉદા. 9 : સહજ કંપની લિ. ના છેલ્લા ત્રણ વર્ષના અમુક ગુણોત્તરો નીચે દર્શાવેલા છે.**

| વિગત | વર્ષ 1 | વર્ષ 2 | વર્ષ 3 |
|---|---|---|---|
| ચાલુ ગુણોત્તર | 2.:1 | 5:1 | 1.4:1 |
| પ્રવાહી ગુણોત્તર | 1.2:1 | 3.1:1 | 0.75:1 |
| દેવાં-ઈક્વિટી ગુણોત્તર | 15 % | 45 % | 55 % |
| સંચાલન ખર્ચ ગુણોત્તર | 22% | 24 % | 33 % |
| વ્યાજ આવરણ ગુણોત્તર | 6 | 6 | 1 |
| સ્ટોક ઊથલો | 5 | 4 | 3 |
| દેવાદાર ચલન દર | 13 | 10 | 6 |
| કુલ રોકાયેલા ભંડોળ પર વળતરનો દર | 15 % | 10 % | 5 % |

ઉપરોક્ત ગુણોત્તરમાંના કેટલાક ગુણોત્તરમાં પ્રથમ વર્ષની સરખામણીએ બીજા વર્ષમાં એન બીજા વર્ષની સરખામણીએ ત્રીજા વર્ષમાં ઉદ્ભવેલા સખત ફેરફારોમાં શક્ય ખુલાસાઓ દર્શાવો.

**ઉકેલ :**

ઉપરોક્ત તમામ ગુણોત્તરની સંયુક્ત અસરોને ધ્યાનમાં લઈ કેટલાક ગુણોત્તરમાં થયેલ સખત ફેરફારોના શક્ય ખુલાસાઓ રજૂ કરી શકાય :

કંપની બીજા વર્ષમાં લાંબા ગાળાની લોન અથવા ડિબેંચર દ્વારા ઉછીની મૂડી મેળવી હોય તેમ લાગે છે જેના પરિણામે બીજા વર્ષના દેવાં-ઈક્વિટી ગુણોત્તરમાં 300 ટકા જેટલો ઉછાળો આવ્યો છે. આ ઉછીની મૂડીનાં ભંડોળને (કાયમી મિલકતોની માહિતી નહીં હોવાથી) સ્ટોક પાછળ રોકવામાં આવ્યા હશે અથવા કંપનીની કાર્યશીલ મૂડીમાં અપ્રવૃત્ત રોકડ તરીકે રહેવા દેવામાં આવ્યા હશે. હવે આના પરિણામે બીજા વર્ષે ચાલુ ગુણોત્તર, પ્રવાહી ગુણોત્તર, દેવાં-ઈક્વિટી ગુણોત્તર ખૂબ વધ્યા છે. જ્યારે સ્ટોક ઊથલાની ઝડપમાં ઘટાડો થયો છે આનું એક શક્ય પરિણામ એ આવ્યું કે સ્ટોક ઊથલો નબળો થતાં કુલ રોકાયેલી મૂડીપર વળતર ઓછું થયું.

કંપનીના બીજા વર્ષની સરખામણીએ ત્રીજા વર્ષના અંતે આ પ્રકારના નાણાકીય સંચાલનના પરિણામે કંપનીની આર્થિક સ્થિતિ અત્યંત કથળેલી છે સ્ટોક ઊથલાની ઝડપ ઘટી જતાં કંપનીની નફાકારકતામાં ઘટાડો થયો છે, સંચાલન ખર્ચમાં વધારો થયો છે વ્યાજ આવરણ ગુણોત્તરમાં અત્યંત ઘટાડો થયો છે. પરિણામે કુલ રોકાયેલા ભંડોળ પરના વળતર દરમાં 100 % ઘટાડો નોંધાયો છે. સ્ટોકમાં થયેલ ભરાવાના પરિણામે પ્રવાહિતા ગુણોત્તરમાં ઘટાડો થયો છે. દેવાદાર ચલનદરમાં ઘટાડો થવાના પરિણામે કંપનીની પ્રવાહિતા ઘટી છે અને ઘાલખાધ પડવાની શક્યતા વધી છે.

**ઉદા. 10 : એક કંપનીની નીચે આપેલી માહિતી પરથી પાકા સરવૈયાને આધારે રોકાણકારના દૃષ્ટિબિંદુથી જુદા જુદા હિસાબી ગુણોત્તરોનો ઉપયોગ કરી કંપનીની ટીકાત્મક વિવેચન કરો.**

| **માહિતી** | **વર્ષ – 2021 (રૂા)** | | **વર્ષ – 2022 (રૂા)** | |
|---|---|---|---|---|
| વેચાણ | | 2,40,000 | | 4,20,000 |
| બાદ : વેચેલ માલની પડતર | | 1,60,000 | | 3,15,000 |
| કાચો નફો | | 80,000 | | 1,05,000 |
| બાદ : ઓફિસ ખર્ચા | 40,000 | | 45,000 | |
| વેચાણ વિતરણ ખર્ચા | 32,000 | | 40,000 | |
| કુલ ખર્ચા | | 72,000 | | 85,000 |
| નફો | | 8,000 | | 20,000 |

**પાકું સરવૈયું**

| **જવાબદારીઓ** | **વર્ષ 2021 ₹** | **વર્ષ 2022 ₹** | **મિલકતો** | **વર્ષ 2021 ₹** | **વર્ષ 2022 ₹** |
|---|---|---|---|---|---|
| શેરમૂડી : | | | સાંચા અને યંત્રો | 3,20,000 | 5,20,000 |
| ₹ 100 નો | | | સ્ટોક | 80,000 | 1,20,000 |
| એક એવા શેર | 2,00,000 | 4,00,000 | દેવાદારો | 60,000 | 76,000 |
| નફાનુકસાન | | | બેંક સિલક | 15,200 | 41,000 |
| ખાતું | 8,000 | 40,000 | અગાઉથી ચૂકવેલા ખર્ચા | 4,800 | 3,000 |
| સામાન્ય અનામત | 12,000 | 20,000 | | | |
| ડિબેન્ચરર્સ | 1,00,000 | 1,00,000 | | | |
| લેણદારો | 1,56,000 | 1,96,000 | | | |
| કરવેરા અનામત | 4,000 | 4,000 | | | |
| | 4,80,000 | 7,60,000 | | 4,80,000 | 7,60,000 |

**ઉકેલ : રોકાણકારોના દૃષ્ટિકોણથી નીચેના ગુણોત્તરો શોધી, વિવેચન કરવું.**

**(1) કાચા નફાનો ગુણોત્તર :** **વર્ષ-2021** **વર્ષ-2022**

$$= \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100 \qquad = \frac{80,000}{2,40,000} \times 100 \qquad = \frac{1,05,000}{4,20,000} \times 100$$

= 33 % = 25 %

**(2) ચોખ્ખા નફાનો ગુણોત્તર :**

$$= \frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100 \qquad = \frac{8,000}{2,40,000} \times 100 \qquad = \frac{20,000}{4,20,000} \times 100$$

= 3.3 % = 4.8 %

**(3) ચાલુ ગુણોત્તર :**

$$= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}} 100 \qquad = \frac{1,60,000}{1,60,000} \qquad = \frac{2,40,000}{2,00,000}$$

= 1:1 = 1.2 : 1

**(4) પ્રવાહી ગુણોત્તર :**

$$= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}} 100 \qquad = \frac{80,000}{1,60,000} \qquad = \frac{1,20,000}{2,00,000}$$

= 0.5:1 = 0.6 : 1

**(5) રોકેલી મૂડી પર વળતરનો દર :**

$$= \frac{\text{ચોખ્ખો નફો}}{\text{રોકેલી મૂડી}} \times 100 \qquad = \frac{8,000}{3,20,000} \times 100 \qquad = \frac{20,000}{5,20,000} \times 100$$

= 2.5 % = 3.8 %

❖ **વિવેચન :**

(1) **કાચો નફાનો ગુણોત્તર :** જે કંપનીની વેપારી કમાણીની કાર્યક્ષમતા સૂચવે છે. આ દર બંને વર્ષ દરમિયાન સંતોષકારક છે. પરંતુ પાછલા વર્ષની તુલનાએ ચાલુ વર્ષે વેચાણ વધ્યું હોવા છતાં કાચો નફો એ મુજબ વધ્યો નથી, એથી કાચો નફાનો દર આગલા વર્ષની તુલનાએ ઘટ્યો છે જે વધારવો જોઈએ.

(2) **ચોખ્ખા નફાનો ગુણોત્તર :** પાછલા વર્ષની તુલનાએ એમાં વધારો થયો છે, તેમ છતાં આ દર ખૂબ નીચો ગણાય જે વધારવા ખર્ચ નિયંત્રિત કરવા જરૂરી છે. રોકાણકાર માટે આ દર ઊંચો હોવો જોઈએ

(3) **ચાલુ ગુણોત્તર :** જે ચાલુ દેવા ચૂકવવાની ચાલુ મિલકતોની શક્તિ સમર્થતા દર્શાવે છે. આ ગુણોત્તર 2:1 હોવો જોઈએ. બંને વર્ષ ચાલુ દેવા સામે ચાલુ મિલકતોનું પ્રમાણ ઓછું છે. જે વધારવું જોઈએ.

(4) **પ્રવાહી ગુણોત્તર :** જે આદર્શ મુજબ 1:1 હોવો જોઈએ, એટલે કે, કંપનીના પ્રવાહી દેવાં ચૂકવી શકવા પ્રવાહી મિલકતોનું પ્રમાણ એટલું હોવું જોઈએ, જે અહિં જળવાતું નથી, રોકાણકારો માટે ડિવિડન્ડ મળવાની કંપનીની પ્રવાહિતા-ક્ષમતા નબળી ગણાય, જે અંગે રોકાણકારે વિચારવું જોઈએ.

(5) **રોકેલી મૂડી પર વળતરનો દર :** આ દર માલિકો સંચાલકોને મળતું વળતરની સ્થિતિ રજૂ કરે છે. અહીં આ ઘણો જ નીચો દર છે. એક રોકાણકારે આ બાબત પણ ખાસ ધ્યાનમાં લેવી જોઈએ. એકંદર અભિપ્રાય : રોકાણકારે સારી સ્થિતિ આવ્યે, ક્રમશઃ રોકાણ વધારવા નિર્ણય કરવો.

ઉદા. **10 : ઘનશ્યામ કંપનીની વર્ષ-૨૦૨૨ ને લગતી હિસાબી માહિતી નીચે મજુબ છે.**

**તા. 31-3-2022ના રોજ પૂરાં થતા વર્ષનું આવકપત્રક**

| વિગત | રકમ ₹ |
|---|---|
| **વેચાણ** | 16,00,000 |
| **બાદ :** વેચાણ માલ પડતર | 13,10,000 |
| કાચો નફો | 2,90,000 |
| **બાદ :** વેચાણ અને વહીવટી ખર્ચાઓ | 40,000 |
| ચોખ્ખી કાર્યકારી આવક | 2,50,000 |
| **બાદ :** વ્યાજનો ખર્ચ | 45,000 |
| કરવેરા પહેલાંની આવક | 2,05,000 |
| **બાદ :** કરવેરા ચૂકવ્યા | 82,000 |
| કરવેરા પછીની આવક | 1,23,000 |
| શેરદીઠ કમાણી | ₹ 3.075 |

**તા. 31-3-2022નું પાકું સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ₹ | મિલકત-લેણાં | રકમ ₹ |
|---|---|---|---|
| શેરમૂડી : 40,000 ઈક્વિટી | | ચોખ્ખી સ્થિર મિલકતો | 8,00,000 |
| શેર, દરેક ₹ 10ના | | રોકાણો | 75,000 |
| પૂરા ભરાયેલા | 4,00,000 | સ્ટોક | 4,00,000 |
| અનામત | 1,20,000 | દેવાદારો | 1,75,000 |
| ડિબેન્ચર્સ (5 %ના) | 7,00,000 | રોકડ | 50,000 |
| લેણદારો | 1,80,000 | | |
| દેવીહૂંડી | 20,000 | | |
| અન્ય ચાલુ જવાબદારી | 80,000 | | |
| | 15,00,000 | | 15,00,000 |

**ઉદ્યોગોના સરેરાશ ગુણોત્તરો :**

| | |
|---|---|
| ચાલુ ગુણોત્તર | 2.4 |
| પ્રવાહી ગુણોત્તર | 1.5 |
| વેચાણ/સ્ટોક ગુણોત્તર | 8.0 ગણો |
| સરેરાશ ઉઘરાણી સમય | 36 દિવસો |
| દેવાં/મિલકતો (કુલ દેવાં) | 40 % |
| નફાનો ગાળો | 7 % |
| કુલ મિલકતો પર વળતર | 11 % |
| વર્ષના દિવસો | 360 |

- **ઘનશ્યામ :** કંપની લિ. એક બેન્ક પાસેથી ₹ 5,00,000 એક વર્ષથી ઓછા સમય માટે નાણાં ઉછીના લેવા માંગે છે. **બેંકરના દૃષ્ટિકોણથી ગુણોત્તર નાણાકીય વિશ્લેષણ કરો.**

  (1) કંપનીની ચાલુ નાણાકીય સ્થિતિ બેંકને ધ્યાનમાં રાખીને ગુણોત્તરોની મદદથી તપાસો.

  (2) તમે કરેલા ગુણોત્તરના પૃથક્કરણથી કયા મુખ્ય પ્રશ્નો જોવા મળ્યા છે ? તેનાં મુખ્ય કારણો કયા છે ?

  (3) તમે માનો છો કે બેન્કે લોન મંજૂર કરવી જોઈએ ?

  બધી ગણતરી અંગેની નોંધો તમારા જવાબનો એક ભાગ ગણાશે.

**ઉકેલ :** બેન્કરના દૃષ્ટિબિંદુથી નાણાકીય પત્રકોનું વિશ્લેષણ :

**(અ) ગુણોત્તરોની ગણતરી :**

| (1) ચાલુ મિલકતો : | ₹ | (૨) ચાલુ/પ્રવાહી દેવાં | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક | 50,000 | લેણદારો | 1,80,000 |
| દેવાદારો | 1,75,000 | દેવીહૂંડી | 20,000 |
| = પ્રવાહી મિલકતો | 2,25,000 | અન્ય ચાલુ જવાબદારી | 80,000 |
| આખર સ્ટોક | 4,00,000 | | |
| = ચાલુ મિલકતો | 6,25,000 | ચાલુ દેવાં | 2,80,000 |

**(3) ચાલુ ગુણોત્તર** =

$$= \frac{\text{ચાલુ મિલકતો}}{\text{ચાલુ દેવાં}} = \frac{6,25,000}{2,80,000} = 2.23 : 1$$

**(4) પ્રવાહી ગુણોત્તર** =

$$= \frac{\text{પ્રવાહી મિલકતો}}{\text{પ્રવાહી દેવાં}} = \frac{2,25,000}{2,80,000} = 0.80 : 1$$

**(5) વેચાણ - અને સ્ટોક ગુણોત્તર** =

$$= \frac{\text{વેચાણ}}{\text{આખર સ્ટોક}} = \frac{16,00,000}{4,00,000} = 4 \text{ વખત.}$$

**(6) સરેરાશ દૈનિક વેચાણ** =

$$= \frac{\text{વેચાણ}}{\text{વર્ષના દિવસો}} = \frac{16,00,000}{360} = 4444.4444$$

**(7) દેવાદાર ગુણોત્તર** =

$$= \frac{\text{દેવાદારો}}{\text{સરેરાશ દૈનિક વેચાણ}} = \frac{1,75,000}{4444.4444} = 39 \text{ દિવસો લગભગ}$$

**(8) દેવાં-મિલકતોનો ગુણોત્તર** =

$$= \frac{\text{કુલ બાહ્ય દેવાં}}{\text{કુલ મિલકતો}} \times 100$$

$$= \frac{\text{ચાલુ દેવાં ₹ ડિબેન્ચર્સ}}{\text{કુલ મિલકતો}} \times 100$$

$$= \frac{2,80,000+7,00,000}{15,00,000} \times 100$$

$$= \frac{9,80,000}{15,00,000} \times 100$$

= 65.33% = 65% લગભગ

**(9) નફાનો ગાળો =**

$$= \frac{\text{કર બાદ ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{1,23,000}{16,00,000} \times 100$$

= 7.7 % લગભગ

**(10) કુલ મિલકતો પર વળતર દર =**

$$= \frac{\text{કર બાદ ચોખ્ખો નફો}}{\text{કુલ મિલકતો}} \times 100$$

$$= \frac{1,23,000}{15,00,000} \times 100$$

= 8.2 %

**(બ) કંપનીની ચાલુ નાણાકીય સ્થિતિની તપાસ બેંકના સંદર્ભમાં ઉપરોક્ત ગુણોત્તરોની મદદથી :**

**(I) પ્રવાહિતાની દૃષ્ટિએ**

(1) **ચાલુ ગુણોત્તર :** આદર્શ પ્રમાણ 2.4 ની સામે કંપનીઓ ગુણોત્તર 2.23નું નીચું પ્રમાણ દર્શાવે છે. કંપનીનો ગુણોત્તર આદર્શ પ્રમાણથી નીચા દરે છે. પરંતુ તેનું કારણ સ્ટોકમાં થયેલું મોટી રકમનું રોકાણ છે. ચાલુ મિલકતો પૂરતા પ્રમાણમાં નથી તેથી પરિસ્થિતિ નબળી છે તેમ કહી શકાય.

(2) **પ્રવાહી ગુણોત્તર :** આદર્શ પ્રમાણ 1.5 ની સામે કંપનીનો ગુણોત્તર 0.8 નું પ્રમાણ દર્શાવે છે. કંપનીનો ગુણોત્તર નીચા દરે છે પ્રવાહી મિલકતો પૂરતા પ્રમાણમાં નથી. પ્રવાહિતાની સ્થિતિ નબળી ગણી શકાય.

(3) **દેવાદારોનો ગુણોત્તર :** અપેક્ષા છે કે 36 દિવસે ઉઘરાણીની વસૂલાત થઈ જવી જોઈએ તેના સ્થાને ખરેખર વસૂલાત સરેરાશ 39 દિવસે થાય છે. એકંદર અપેક્ષિત દરની નજીક કંપની ઉઘરાણી વસૂલ કરી શકે છે. આ દરમાં સુધારા માટે કંપની પાસે અપેક્ષા રાખવી બેંક માટે જરૂર ગણાય.

**(II) નફાકારકતા દૃષ્ટિએ :**

(1) **કાચા નફાનો દર :** કાચો નફો ₹ 2,90,000 વેચાણ ₹ 16,00,000 ની સામે છે. જે વેચાણના 18.125 % ના દરે છે. આ દર અન્ય માહિતી પ્રાપ્ત નથી તેથી સામાન્ય ગણી શકાય.

(2) **નફાનો ગાળો :** ચોખ્ખા નફાનો ગાળો 7 % હોવો જોઈએ તેના સ્થાને કંપનીમાં 7.7% નો ગાળો રહે છે. એટલે કે કંપની અપેક્ષિત દરે કમાણી કરી શકે છે.

(3) **રોકાયેલી મૂડી પર વળતરનો દર :** રોકાયેલી મૂડી ₹ 12,20,000 ની સામે કંપની ₹ 1,23,000 નો ચોખ્ખો નફો મેળવે છે. તેથી વળતર દર 10 % (લગભગ) જેટલો છે. મૂડીના 10 % જેટલું કુલ વળતર કંપની મેળવી શકે છે.

(4) **શેરદીઠ કમાણી :** ₹ 3.075 છે જે શેરદીઠ 30.75 % ના દરે કમાણી દર્શાવે છે. આ દર નોંધપાત્ર રીતે ઊંચો છે.

એકંદરે કંપનીની નફાકારકતાની સ્થિતિ સારી અને સંતોષકારક ગણી શકાય.

**(III) નાણાકીય સદ્ધરતાની દૃષ્ટિએ :**

(1) **દેવાં-મિલકતોનો ગુણોત્તર :** આ ગુણોત્તરનું આદર્શ પ્રમાણ 40 % છે. તેની સામે કંપનીનો ખરેખર ગુણોત્તર 65 % છે. દેવાંનું પ્રમાણ અપેક્ષા કરતાં ઘણું ઊંચું છે. કંપની માલિકીની મૂડીનો ઓછો અને ઉછીની મૂડીનો વધુ ઉપયોગ કરીને ધંધો ચલાવે છે. કુલ મિલકતો પર વળતર દર 8.2 છે. જે બરાબર નથી.

(2) **સ્ટોકનો ચલન દર :** સ્ટોક ઊથલાનું આદર્શ પ્રમાણ 8 વખતનું છે. તેની સામે કંપની ખરેખર માત્ર 4 વખત જ ઊથલો કરી શકે છે જે ખૂબ જ નીચું પ્રમાણ દર્શાવે છે. કંપની સ્ટોકનો સંગ્રહ કરે છે, પરંતુ પૂરતા પ્રમાણમાં ઊથલો કરી શકતી નથી.

(ક) **ગુણોત્તર પૃથક્કરણથી જોવા મળતા મુખ્ય પ્રશ્નો અને તેના માટે જવાબદાર મુખ્ય કારણો :**

(1) **કંપનીના ચાલુ ગુણોત્તરનું નીચું પ્રમાણ :** ચાલુ મિલકતોમાં ઓછું રોકાણ અને સ્ટોક સિવાયની ચાલુ મિલકતોની સ્થિતિ પરત્વે ઉપેક્ષિત વલણ. આ માટે નબળી નાણાકીય સ્થિતિ પણ જવાબદાર ગણી શકાય.

(2) **કંપનીના પ્રવાહી ગુણોત્તરનું નીચું દબાણ :** પ્રવાહી મિલકતોમાં ઓછું રોકાણ અને ચાલુ જવાબદારીઓનું વધુ પ્રમાણ જવાબદાર છે. આ માટે રોકડ-બેંક સિલકની તંગી પણ જવાબદાર ગણાય.

(3) **સ્ટોક ઊથલાનો નીચો દર :** સ્ટોકમાં થયેલું વધુ પડતું રોકાણ અને વેચાણનું નીચું પ્રમાણ જવાબદાર ગણાય.

(4) **મિલકતોની સામે દેવાનું ઊંચું પ્રમાણ :** માલિકીની મૂડી કરતાં ઉછીની મૂડીનું વધુ પ્રમાણ જવાબદાર છે. કંપની ઈક્વિટી પરના વેપારનો લાભ લેતી હોય તેમ જણાય છે.

- **બેન્કરની દૃષ્ટિએ નીચેના પ્રશ્નો અને તેના ઉત્તરો જ વધુ મહત્ત્વના છે :**

(1) **કંપની નિયમિત વ્યાજ ભરપાઈ કરી શકશે કે નહિ ? :** ''હા'' કારણ કે કંપનીની સામાન્ય અપેક્ષિત દરે કમાણી કરી શકે છે અને વ્યાજ આવરણ દર 3 વખત છે.

(2) **કંપની લોનના નિયમિત હપતા પરત કરી શકશે કે નહિ ? :** ''હા'' કારણ કે કંપની સ્ટોકનું મૂડીરોકાણ ઘટાડી, વેચાણવૃદ્ધિ કરી કમાણી વધારી શકશે.

(3) **કંપની તેની ઉઘરાણી સમયસર વસૂલ કરી શકે કે નહિ ? :** ''હા'' અપેક્ષિત દરની નજીકના દિવસોમાં જ કંપની સરેરાશ ઉઘરાણીની વસૂલાત કરી શકે છે.

(4) **કંપનીનું સંચાલન કેવું છે ?** સારું, કાર્યક્ષમ અને કરકસરયુક્ત સંચાલન છે. વેચાણ અને વહીવટી ખર્ચા વેચાણના માત્ર 2.5 % ના નીચા દરે જ થાય છે.

(5) **તમે માનો છો કે બેંકે લોન મંજૂર કરવી જોઈએ ? :** ''હા'', કારણ કે બેંકરે કંપનીને માત્ર એક વર્ષના ટુંકા સમયગાળા માટે જ ₹ 5,00,000 લોન મંજુર કરવાની છે. કંપની તે એક વર્ષમાં પરત કરી દેશે અને બેંકર કંપનીને તીવ્ર નાણાકીય તંગીના સમયમાં મદદરૂપ બની શકે છે. જેનો લાભ બેંકર અને કંપની બંનેને છે.

- **બેંકર પોતાના લોન-ધિરાણની સલામતી માટે નીચેની બે કે ત્રણ શરતોને આધીન રહી લોન મંજૂર કરે તે ઈચ્છનીય છે.**

(i) કંપની સ્ટોકમાં તેનું બિનજરૂરી રોકાણ ઘટાડશે કારણ કે રોકાણ સામે ટર્નઓવરનો દર અત્યંત નીચો છે.

(ii) સ્ટોકમાંના રોકાણને ઘટાડીને તે રકમનો ઉપયોગ ટુંકા ગાળાના દેવાઓ ચુકવવા માટે કરી પ્રવાહિતાની સ્થિતિ સુધારવા બનતા પ્રયત્નો કરશે તેવી અપેક્ષા જરૂરી છે.

(iii) જરૂર જણાય તો લોન માટે સ્ટોકને ગીરો મિલકત તરીકે રાખવાનો આગ્રહ રાખવો જોઈએ.

❖ **ઉપસંહાર :**

નાણાકીય પત્રકો તૈયાર કરવાથી હિસાબો તૈયાર કરવાની કાર્યવાહી પૂરી થાય છે, પરંતુ તૈયાર થયેલા નાણાકીય પત્રકો જુદા જુદા પક્ષકારો જેવા કે શેરહોલ્ડરો, ભાવિ રોકાણકારો, લેણદારો, બેંકો વગેરેને તેમજ સંચાલકોને ખુદને ધંધાકીય સાહસની નફાકારકતા, સદ્ધરતા, નાણાકીય પરિસ્થિતિ અંગેનું વિશદ્ ચિત્ર વગેરે અંગે ખુલાસાદર્શક અને માર્ગદર્શક માહિતીઓ અત્યંત સીધી રીતે સહજ સ્વરૂપે પૂરી પાડી શકે નહિ. આ માટે નાણાકીય પત્રકોનું વિશ્લેષણ એટલે કે નાણાકીય વિશ્લેષણ આવશ્યક બને છે.

## 5.4 સ્વાધ્યાય

### 5.4.1 સૈદ્ધાંતિક પ્રશ્નો :

1. ગુણોત્તર વિશ્લેષણનો અર્થ સમજાવો અને હિસાબી ગુણોત્તરોનું વર્ગીકરણ કઈ રીતે થાય છે તે વિગતે જણાવો.
2. ગુણોત્તર વિશ્લેષણનો અર્થ અને મહત્ત્વ વિગતવાર સમજાવો.
3. ગુણોત્તર વિશ્લેષણનું સ્વરૂપ અને ઉપયોગિતા વિગતવાર સમજાવો.
4. કંપનીના નાણાકીય પત્રકોના વિશ્લેષણ માટે ગુણોત્તર વિશ્લેષણ એ પ્રાપ્ય પદ્ધતિઓમાં જ એક પદ્ધતિ છે. – આ વિધાનની ચર્ચા કરો.

### 5.4.2 હેતુલક્ષી અને બહુવિકલ્પવાળા પ્રશ્નો (MCQs) : (જવાબસહ)

1. ચાલુ ગુણોત્તર = 4.5:1 અને ઝડપી ગુણોત્તર = 3.1 હોય ત્યારે ઈન્વેન્ટરી (સ્ટોક) ₹ 36,000 હોય તો ચાલુ મિલકતો અને ચાલુ જવાબદારીની રકમો શોધો.

**ઉકેલ :** 1 : ધારો કે ચાલુ જવાબદારી = x તેથી ચાલુ મિલકતો = 4.50000 અને ઝડપી મિલકતો 3x ગણાય. તેના પરથી સ્ટોક = 4.5x – 3x = 1.5x મળશે. હવે સ્ટોક ₹ 36,000 આપેલ છે. તેથી 1.5x = 36,000 કરતાં x = 24,000 નક્કી થશે. x = ચાલુ જવાબદારી ₹ 24,000

ચાલુ મિલકતો = 4.5 × 24,000 = 1,08,000

2. એક કંપનીની કામગીરી અંગે હિસાબી વર્ષ 2003-2004 ને લગતી માહિતી નીચે મુજબ છે. તેના આધારે કંપનીની સ્થિતિ પર ટીકાત્મક ચર્ચા કરો.

| ગુણોત્તરો | કંપનીના ગુણોત્તરો | પ્રમાણ ગુણોત્તરો |
|---|---|---|
| (1) સ્ટોક ચલન દર | 6 વખત | 10 વખત |
| (2) દેવાદાર ગુણોત્તર | 30 દિવસ | 50 દિવસ |
| (3) લેણદાર ગુણોત્તર | 3૫ દિવસ | 60 દિવસ |

**ઉકેલ :**

**(1)** **સ્ટોક ચલનદર :** કંપનીનો ગુણોત્તર પ્રતિકૂળ સ્થિતિ દર્શાવે છે. પ્રમાણ ગુણોત્તરની તુલનામાં કંપનીમાં ઊથલાનો દર નીચો છે. કંપનીનું વેચાણનું પ્રમાણ ઓછું છે. તેથી નફાકારકતા પણ ઓછી હશે. વેચાણવૃદ્ધિ માટેનાં પગલાં જરૂરી ગણાય.

**(2)** **દેવાદાર ગુણોત્તર :** કંપનીનો ગુણોત્તર અનુકૂળ સ્થિતિ દર્શાવે છે. કંપની ઉઘરાણીની ઝડપી વસુલાત કરે છે જે તેમની કાર્યક્ષમતા દર્શાવે છે.

**(3)** **લેણદાર ગુણોત્તર :** કંપનીનો ગુણોત્તર અનુકૂળ સ્થિતિ દર્શાવે છે. કંપનીની નાણાં ચૂકવવાની ઝડપી શક્તિ દર્શાવે છે.કંપનીની નાણાં ચૂકવવાની ઝડપી શક્તિ દર્શાવે છે. ચુકવણી તંત્ર સંપૂર્ણ કાર્યક્ષમ છે. કંપની શાખની સગવડનો પૂરતો ઉપયોગ કરતી નથી. તેટલે અંશે કંપનીનો વ્યાજ બોજ વધી શકે છે.

**3.** ₹ 12,00,000 ના વેચાણ પર કાચા નફાનો દર 20 ટકા છે. શરૂઆતનો સ્ટોક ₹ 50,000 અને આખર સ્ટોક ₹ 1,00,000 હોય તો વર્ષ દરમિયાનની ખરીદી કેટલી હોય ?

**ઉકેલ :**

**વેપારખાતું બનાવવા ખરીદીની રકમ શોધી શકાય.**

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 50,000 | વેચાણ સ્ટોક | 12,00,000 |
| ખરીદી (?) | 10,10,000 | આખર સ્ટોક | 1,00,00 |
| કાચો નફો | 2,40,000 | | |
| | 13,00,000 | | 13,00,000 |

- **બહુવિકલ્પવાળા પ્રશ્નો (MCQs) (જવાબ સાથે)**

1. રોકાયેલી મૂડી પર વળતર દર માટેનું સૂત્રઃ

   (A) $\frac{\text{વેચાણ}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

   (B) $\frac{\text{નફો}}{\text{વેચાણ}} \times 100$

   (C) $\frac{\text{નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

   (D) $\frac{\text{વેચાણ}}{\text{નફો}} \times 100$

**જવાબ :** (C) $\frac{\text{નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$

2. કાર્યશીલ મૂડી એટલે :

   (A) કુલ ચાલુ મિલકતો બાદ કુલ ચાલુ દેવાં

   (B) કુલ ચાલુ મિકલતો

   (C) કુલ ચાલુ મિલકતો બાદ પ્રવાહી દેવાં

   (D) કાયમી મિલકતો - કાયમી દેવાં

**જવાબ :** (A) કુલ ચાલુ મિલકતો બાદ કુલ ચાલુ દેવાં

3. રોકાયેલી મૂડી નક્કી કરતી ખવતે પેટન્ટ અને ટ્રેડમાર્કની નીચે મુજબ કિંમત ઉમેરાય છે.

   (A) ચોપડે દર્શાવેલ કિંમત ₹ 50,000

   (B) અંદાજિત કિંમત ₹ 35000

   (C) હાલની ઉપજ કિંમત ₹ 10000

   (D) ન જ ઉમેરાય

**જવાબ :** (C) હાલની ઉપજ કિંમત ₹ 10000

4. એક કંપની ઈક્વિટી શેરમૂડી ₹ 4,00,000 છે, સામાન્ય અનામત ₹ 3,00,000 છે રોકાણ વધઘટ ફંડ ₹ 1,00,000 છે અને 15 % ની લાંબા ગાળાની લોન ₹ 4,00,000 છે. કંપનીની રોકાયેલી મૂડી કેટલી ?

   (A) ₹ 12,00,000

   (B) ₹ 7,00,000

   (C) ₹ 8,00,000

   (D) ₹ 5,00,000

**જવાબ :** (A) ₹ 12,00,000

5. એક કંપનીનું કુલ વાર્ષિક વેચાણ ₹ 2,75,000 અને વેચાણ પર ચોખ્ખો નફો 4 % છે અને ઉથલો 6 ગણો છે. રોકાયેલી મૂડી પર વળતર દર ગણો.

(A) 4 %

(B) 24 %

(C) 12 %

(D) 1.5 %

**જવાબ :** (B) 24 %

6. ઉથલાનો દર 8 હોય અને રોકાયેલી મૂડી ₹ 1,00,000 હોય તો વેચાણ કેટલું ?

(A) ₹ 8,00,000

(B) ₹ 4,00,000

(C) ₹ 1,25,000

(C) ₹ 6,00,000

**જવાબ :** (A) ₹ 8,00,000

7. વેચાણ ₹ 5,00,000 અને રોકાયેલી મૂડી ₹ 2,00,000. વેચાણ પર નફાનો દર 6 % રોકાયેલી મૂડી પર વળતરનો દર કેટલો ?

(A) 6 %

(B) 2.5 %

(C) 2.4 %

(D) 15 %

**જવાબ :** (D) 15 %

8. રોકાયેલી મૂડી – પદ નીચેની બાબત દર્શાવે છે.

(A) કુલ રોકાયેલી મૂડી

(B) ચોખ્ખી રોકાયેલી મૂડી

(C) સરેરાશ રોકાયેલી મૂડી

(D) ઉપરના બધા જ

**જવાબ :** (D) ઉપરના બધા જ

9. રોકાયેલી મૂડી ગણતી વખતે નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી.

(A) કાયમી મિલકતો

(B) ચાલુ મિલકતો

(C) ટ્રેડમાર્કસ

(D) એક પણ નહિ

**જવાબ :** (C) ટ્રેડમાર્કસ

10. આખરની રોકાયેલી મૂડી-1/2 ચોખ્ખી કમાણી =

(A) કુલ રોકાયેલી મૂડી

(B) ચોખ્ખી રોકાયેલી મૂડી

(C) સરેરાશ રોકાયેલી મૂડી

(D) ઉપરના બધા જ

**જવાબ :** (C) સરેરાશ રોકાયેલી મૂડી

11. નીચેનામાંથી ધંધાકીય રોકાણ કોને ગણાવી શકાય ?

(A) રિલાયન્સ કંપની લિ. ના ઈક્વિટી શેરમાં રોકાણ

(B) IDBI ના ડિબેંચર્સ

(C) દેનાબેંકમાં ફિક્સ ડિપોઝીટ

(D) ગૌણ કંપનીનાં શેરમાં રોકાણ

**જવાબ :** (D) ગૌણ કંપનીનાં શેરમાં રોકાણ

12. ROI એ સહાયરૂપ છે :

(A) કામગીરી મૂલ્યાંકનમાં

(B) વેચાણ વિશ્લેષણ માટે

(C) નફાનાં વિશ્લેષણમાં

(D) ઉપરમાંથી એકપણ નહિ

**જવાબ :** (A) કામગીરી મૂલ્યાંકનમાં

13. કાચા નફાનો ગુણોત્તર, ચોખ્ખા નફાનો ગુણોત્તર, ખર્ચ ગુણોત્તર તેમજ સંચાલન ગુણોત્તર નીચેના પૈકી કયા વર્ગના ગુણોત્તરો છે ?

(A) પાકા સરવૈયાના ગુણોત્તરો

(B) વેપાર ખાતાના ગુણોત્તરો

(C) વેપાર અને નફા-નુકસાન ખાતાના ગુણોત્તરો

(D) મિશ્ર અથવા સંયુક્ત ગુણોત્તરો

**જવાબ :** (C) વેપાર અને નફા-નુકસાન ખાતાના ગુણોત્તરો

14. ચાલુ ગુણોત્તર, મિલકત ગુણોત્તર, ગિયરીંગ ગુણોત્તર, દેવાં-ઈક્વિટી ગુણોત્તર તેમજ માલિકી ગુણોત્તર નીચેના પૈકી કયા વર્ગનાં ગુણોત્તરો છે ?

(A) ન.નુ. ખાતાને લગતા

(B) પાકા સરવૈયાને લગતા

(C) વેપાર ખાતા અને ન.નુ. ખાતાને

(D) મિશ્ર અથવા સંયુક્ત ગુણોત્તરો

**જવાબ :** (B) પાકા સરવૈયાને લગતા

15. શેરદીઠ કમાણીનો દર, વ્યાજ આવરણ ગુણોત્તર, રોકાયેલી મૂડી પર વળતરનો દર, દેવાદાર ચલનદર, લેણદાર ચલન દર આ દરેક ગુણોત્તરો નીચેના પૈકી કયા વર્ગમાં આવે છે ?

(A) પાકા સરવૈયાને લગતા ગુણોત્તરો

(B) ન.નુ. ખાતાને લગતા ગુણોત્તરો

(C) આવક પત્રકને લગતા ગુણોત્તરો

(D) મિશ્ર અથવા સંયુક્ત ગુણોત્તરો

**જવાબ :** (D) મિશ્ર અથવા સંયુક્ત ગુણોત્તરો

16. ચાલુ ગુણોત્તર અંગે સામાન્ય આદર્શ પ્રમાણમાપ નીચેનાં પૈકી કયું છે ?

(A) 4:1

(B) 3:2

(C) 2:1

(D) 1:1

**જવાબ :** (C) 2:1

17. એક પેઢીનો દેવાદાર ગુણોત્તર ગણતા 160 દિવસ મળે છે. ઉઘરાણીનીતિ અને કામગીરી અંગે આ ગુણોત્તર કેવો કહી શકાય ?

(A) સારો

(B) અનુકૂળ

(C) એકમદ ખરાબ

(D) ઠીક-ઠીક

**જવાબ :** (C) એકમદ ખરાબ

18. ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તર ક્યારે એકસમાન હોઈ શકે ?

(A) આખર સ્ટોક અને બેન્ક ઓવરડ્રાફ્ટ બંને ન હોય ત્યારે

(B) સ્ટોક અને બેંક ઓવરડ્રાફ્ટ ન હોય ત્યારે

(C) સ્ટોક હોય અને બેંક ઓવરડ્રાફ્ટ ન હોય ત્યારે

(D) બેંક ઓવરડ્રાફ્ટ હોય અને સ્ટોક ન હોય ત્યારે

**જવાબ :** (A) આખર સ્ટોક અને બ્રેક ઓવરડ્રાફ્ટ બંને ન હોય ત્યારે

19. વ્યાજ અને કરવેરા પહેલાંનો નફો ₹ 1,00,000, વ્યાજ ₹ 20,000 અને પ્રેફરન્સ ડિવિડન્ડ ₹ 30,000 અને કરવેરાનો દર હોય તો કરવેરાની રકમ કેટલી ?

(A) ₹ 50,000

(B) ₹ 40,000

(C) ₹ 25,000

(D) આમાંની એકપણ રકમ નહિ

**જવાબ :** (B) ₹ 40,000

20. દેવાદાર ગુણોત્તરનો જવાબ શું વિગત દર્શાવે છે ?

(A) દિવસો

(B) ટકાવારી

(C) રકમ ₹

(D) ઉઘરાણીનો સરેરાશ સમય

**જવાબ :** (D) ઉઘરાણીનો સરેરાશ સમય

21. રોકાણ પર વળતર અંગે અમેરિકાની એક જાણીતી કંપનીએ એક ચાર્ટ આપેલો છે. તેનું નામ . . . . . .

(A) વ્યુ પોન્ટ ચાર્ટ

(B) રોકાણ ચાર્ટ

(C) ગુણોત્તર ચાર્ટ

(D) ડુ પોન્ટ ચાર્ટ

**જવાબ :** (D) ડુ પોન્ટ ચાર્ટ

22. ડુ પોન્ટ ચાર્ટ મુજબ રોકાણ પર વળતરની ગણતરીમાં કુલ રોકાણ એટલે . . . . .

(A) કાર્યશીલ મૂડી ₹ કાયમી મિલકતો

(B) ચાલુ મિલકતો

(C) શેરમૂડીમાં રોકાણ

(D) અવાસ્તવિક મિલકતો

**જવાબ :** (A) કાર્યશીલ મૂડી ₹ કાયમી મિલકતો

23. કું ની ડિવિડન્ડ ચુકવણી શક્તિ માટેના અંદાજ માટે કયા હિસાબી ગુણોત્તરની સહાય લેવામાં આવે છે ?

(A) શેરદીઠ ડિવિડન્ડ

(B) શેરદીઠ કમાણી

(C) ચાલુ ગુણોત્તર

(D) નફાનો ગુણોત્તર

**જવાબ :** (A) શેરદીઠ ડિવિડન્ડ

24. સ્ટોક ટર્નઓવર ગુણોત્તર . . . . . .

(A) વેચાણ આંકડો દર્શાવે છે.

(B) સ્ટોકનો ઊથલો દર્શાવે છે.

(C) વેચાણનો ઊથલો દર્શાવે છે.

(D) સ્ટોકની કિંમત દર્શાવે છે.

**જવાબ :** (B) સ્ટોકનો ઊથલો દર્શાવે છે.

25. પ્રવાહી ગુણોત્તરનું આદર્શ પ્રમાણમાપ નીચે પૈકી કયું છે ?

(A) 2:1 (B) 3:15

(C) 4:1 (D) 1:1

**જવાબ :** (D) 1:1

26. દેવાદાર ગુણોત્તર 105 દિવસમાંથી ઘટીને 97 દિવસ થયો આ કઈ સ્થિતિ ગણાય ?

(A) સંતોષકારક (B) ખરાબ

(C) ખૂબ જ સારી (D) સુધારો સૂચવે છે.

**જવાબ :** (D) સુધારો સૂચવે છે.

27. ઝડપી ગુણોત્તર માટે ઝડપી મિલકતો એટલે,

(A) સ્ટોક સહિત ચાલુ મિલકતો

(B) ચાલુ મિલકતો

(C) દેવાદારો અને લેણીહૂંડી સિવાયની રોકડ-બેંક અને ટૂંકાગાળાના ઝડપી રોકાણો

(D) આમાંની એકપણ વિગત નહિ.

**જવાબ :** (C) દેવાદારો અને લેણીહૂંડી સિવાયની રોકડ-બેંક અને ટુંકાગાળાના ઝડપી રોકાણો

### 5.4.3 વ્યવહારુ પ્રશ્નો (માર્ગદર્શક જવાબો સહ)

**1. રાજગુરુ લિ. નું તા. 31-3-2022ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.**

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | ₹ | મિલકત-લેણા | ₹ | |
|---|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી દરેક ₹ | | યંત્રો | | 5,00,000 |
| 100 નો પૂર્ણ ભરાયેલ | 10,00,000 | પાઘડી | | 70,000 |
| સામાન્ય અનામત | 50,000 | ફર્નિચર | | 80,000 |
| નફાનુકસાન ખાતું | 50,000 | કારખાનું | | 7,00,000 |
| 5 ટકાના ડિબેંચર | 1,00,000 | રોકાણો | | 50,000 |
| લેણદારો | 60,000 | દેવાદારો | 52,000 | |
| દેવીહૂંડી | 40,000 | ઘાલખાધ અનામત | 2,000 | 50,000 |
| કરવેરાની જોગવાઈ | 1,50,000 | સ્ટોક | | 35,000 |
| સૂચિત ડિવિડન્ડ | 50,000 | રોકડ સિલક | | 5,000 |
| | | પ્રાથમિક ખર્ચ | | 10,000 |
| | 15,00,000 | | | 15,00,000 |

- **અન્ય વિગતો :**

(1) યંત્રોની પુનઃસ્થાપના કિંમત ₹ 8,00,000 છે અને પુનઃસ્થાપના કિંમતે ગણેલ એકંદર ઘસારો ₹ 1,50,000 થાય છે.

(2) વર્ષ દરમ્યાન યંત્રો પર ₹ 50,000 નો ઘસારો ગણ્યો હતો, જયારે પુનઃસ્થાપના કિંમતે ઘસારો ₹ 70,000 થાય છે.

(3) વર્ષનો ચોખ્ખો નફો ₹ 3,15,000 હતો.

(4) અંદરોઅંદરનાં રોકાણો ₹ 30,000 નાં છે.

(5) બહારના રોકાણો પર મળેલ વ્યાજ ₹ 10,000 હતું.

કુલ રોકાયેલી મૂડી અને ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો દર નક્કી કરો.

**જવાબ અને સમજૂતી :** કુલ રોકાયેલી મૂડી ₹ 15,50,000 જેમાં યંત્રો પુનઃસ્થાપના કિંમતે (ઘસારો ₹ 1,50,000 બાદ થતાં) ₹ 6,50,000. અંદરોઅંદરના રોકાણો ₹ 30,000 ધ્યાનમાં લેવા, બહારનાં રોકાણો (50,000 – 30,000) ₹ 20,000 ધ્યાનમાં ન લેવાય. દેવાદારો ઘાલખાધ અનામત બાદ પછીનાં ગણાશે.

ચોખ્ખી રોકાયેલી મૂડી ₹ 12,50,000 (કુલ રોકાયેલી મૂડી ₹ 15,50,000 – કુલ ચાલુ દેવા ₹ 3,00,000) ચાલુ દેવામાં લેણદારો, દેવીહૂંડી, કરવેરાની જોગવાઈ અને સૂચિત ડિવિડન્ડનો સમાવેશ થશે.

સંચાલકીય કાર્યક્ષમતા દર્શાવતો ચોખ્ખો નફો એટલે કે વળતર રૂા. 3,45,000.

કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર 20.32 % ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતરનો દર 25.2 %)

**2. સુપર ઓરિએન્ટલના વાર્ષિક હિસાબોમાંથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.**

| | ₹ |
|---|---|
| ₹ 10 નો એક એવા 2,000 ઈક્વિટી શેર | 20,000 |
| સામાન્ય અનામત | 15,000 |
| રોકાણ વધઘટ અનામત | 5,000 |
| 15 % ની લાંબા ગાળાની લોન | 30,000 |
| કરવેરા પહેલાં નો નફો | 14,000 |
| કરવેરા અનામત | 8,400 |
| ચૂકવવાપાત્ર ડિવિડન્ડ | 1,000 |

ઉપરોક્ત વિગત પરથી નીચેની ગણતરી કરો.

(1) રોકાયેલી મૂડી પર વળતર.

(2) શેર હોલ્ડરના ભંડોળ (મૂડી) પર વળતર.

**જવાબ અને સમજૂતી :** રોકાયેલી મૂડી ₹ 70,000, વળતર ₹ 18,500, શેરહોલ્ડરનું ભંડોળ ₹ 40,000, શેરહોલ્ડર માટે વળતર ₹ 5,600, રોકાયેલી મૂડી પર વળતર 26.4 % શેરહોલ્ડરના ભંડોળ પર વળતર 14%.

**3. અનુપમ લિ. નું નફા-નુકસાન ખાતું અને પાકુ સરવૈયું નીચે મુજબ છે :**

**તા. 31-3-2022 ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું**

| | | |
|---|---|---|
| ચોખ્ખું વેચાણ | | 30,000 |
| **બાદ :** વેચાણ પતર | | 25,800 |
| | | 4,200 |
| **બાદ :** કાર્યકારી ખર્ચા | | |
| વેચાણ | 220 | |
| સામાન્ય વહીવટી | 400 | |
| ઓફિસ ભાડું | 280 | 900 |
| કાચો નફો | | 3,300 |
| **બાદ :** ઘસારો | | 1,000 |
| કાર્યકારી નફો | | 2,300 |
| અન્ય આવક (સરકારી રોકાણ પર વ્યાજ) | | 150 |
| | | 2,450 |
| **બાદ :** અન્ય ખર્ચા | | |
| બેન્ક ઓવરડ્રાફટ પર વ્યાજ | 30 | |
| ડિબેન્ચર પર વ્યાજ | 420 | 450 |
| ચોખ્ખો નફો (કરવેરા પહેલાં) | | 2,000 |
| **બાદ :** કરવેરા 50 % લેખે | | 1,000 |
| ચોખ્ખો નફો (કરવેરા બાદ) | | 1,000 |

**તા. 31-3-2022 ના રોજનું પાકુ સરવૈયું**

| **મૂડી-દેવા** | | **₹** | **મિલકત-લેણા** | | **₹** |
|---|---|---|---|---|---|
| ₹ 10 નો એક એવા 4000 | | | સ્થિર મિલકત | | |
| ઈકિ. શેર (પૂરેપૂરા ભરપાઈ) | | 40,000 | મકાન | 30,000 | |
| સામાન્ય અનામત | | 18,000 | યંત્ર | 16,000 | 46,000 |
| ન.નુ.ખાતું | | 12,000 | ચાલુ મિલકત : | | |
| બેન્ક ઓવરડ્રાફટ | | 6,000 | સ્ટોક ઈન ટ્રેડ | 28,000 | |
| લેણદાર : | | | દેવાદારો | 14,000 | |
| ખર્ચ | 4,000 | | દેવીહૂડી | 2,000 | |
| અન્ય | 16,000 | 20,000 | બેન્ક સિલક | 6,000 | 50,000 |
| | | 96,000 | | | 96,000 |

(**જવાબ અને સમજૂતી :** વળતર ₹ 32,000, રોકાયેલી મૂડી ₹ 70,000, રોકાયેલી મૂડી પર વળતર દર 45.71 % )

**4. 31-3-2022ના રોજનું દીપેશ કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ છે**

| મૂડી-દેવા | ₹ | મિલકત-લેણા | ₹ |
|---|---|---|---|
| 10% ની પ્રેફરન્સ શેરમૂડી | 7,000 | કાયમી મિલકતો | 3,99,200 |
| પ્રેફ. શેર્સ, દરેક ₹ 100નો | 7,00,000 | ગૌણ કંપનીના શેર્સ | 1,60,000 |
| ઈક્વિટી શેરમૂડી, | 50000 | ગૌણ કંપની પાસે લેણાં | 8,00,000 |
| ઈક્વિટી શેર દરેક ₹ 10 નો | 5,00,000 | સરકારી જામીનગીરીમાં રોકાણ | 1,40,000 |
| યેરપ્રીમિયમ | 1,12,200 | સ્ટોક | 3,84,000 |
| નફાનુકસાન ખાતું | 5,24,000 | દેવાદારો | 12,00,000 |
| ડિવિડન્ડ સમીકરણ ભંડોળ | 2,80,000 | બેંક સિલક | 40,000 |
| 5 % ડિબેન્ચર | 56,000 | પ્રાથમિક ખર્ચા | 10,000 |
| લેણદારો | 7,64,000 | | |
| નહિ મંગાવેલ ડિવિડન્ડ | 1,000 | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | 20,000 | | |
| સુચિત ડિવિડન્ડ | 68,000 | | |
| દેવીહૂંડી | 1,08,000 | | |
| | 31,33,200 | | 31,33,200 |

- **નીચેની વધારાની માહિતી આપવામાં આવી છે.**

(1) મૂલ્યાંકનકારે કાયમી મિલકતોની પુનઃસ્થાપના કિંમત ₹ 7,27,000 નક્કી કરી છે.

(2) ગૌણ કંપનીના શેર્સની વર્તમાન કિંમત ₹ 2,00,000 છે.

(3) રોકાણોનું મૂલ્ય ₹ 1,56,000 ગણવામાં આવ્યું છે.

(4) દર વર્ષે અપ્રચલિત સ્ટોક માડી વાળવામાં આવે છે. ચાલુ વર્ષે આવો ₹ 2,000 નો સ્ટોક માંડી વાળવાનો છે.

(5) કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો ₹ 6,00,000 છે.

(6) પુનઃસ્થાપના કિંમતના આધારે કાયમી મિલકતો પર વધારાનો ઘસારો ₹ 22,800 માંડી વાળવાનો છે.

(7) ગયા વર્ષના ₹ 10,000 ચાલુ વર્ષના નફામાં સમાયેલ છે.

(8) ચાલુ વર્ષના નફાનુકસાન ખાતે ઉધારેલ યંત્ર વેચાણની ખોટ ₹ 1,000 છે.

(9) ચાલુ વર્ષનો નફો નક્કી કરતાં બેંક ઓવરડ્રાફ્ટ પર વ્યાજ ₹ 1,000 બાદ કરવામાં આવ્યું હતું.

- **સંચાલકો માટે નીચેની ગણતરી કરો :**
  (1) રોકાયેલી મૂડીપર વળતરનો દર.
  (2) રોકાયેલી ચોખ્ખી મૂડી પર વળતરનો દર
  (3) રોકાયેલી માલિકીની મૂડી પર વળતરનો દર.

  **બધી ગણતરીઓ દર્શાવો.**

- **જવાબ અને સમજૂતી :**
  (1) કુલ રોકાયેલી મૂડી ₹ 35,05,000
  (2) ચોખ્ખી રોકાયેલી મૂડી ₹ 24,88,000
  (3) માલિકીની રોકાયેલી મૂડી ₹ (21,16,200 – 10,000 ) 21,06,200.
  (4) નફો કે વળતર ₹ 5,69,200

  રોકાયેલી મૂડી પર વળતરનો દર 16.24 % રોકેલી ચોખ્ખી મૂડી પર વળતરનો દર 22.88% રોકેલી માલિકીની મૂડી પર વળતરનો દર 27%)

**5. એક કંપની કે જેની માલિકીની મૂડી ₹ 1,00,000 છે, તેની નીચેની માહિતી અને નમૂનાનો ઉપયોગ કરી પાકા સરવૈયાની વિગતોની ગણતરી કરો.**

| | |
|---|---|
| ચાલુ દેવું/કુલ દેવુ | 0.40 |
| કુલ દેવું /માલિકીની મૂડી | 0.60 |
| સ્થિર મિલકતો/માલિકીની મૂડી | 0.60 |
| કુલ મિલકતોનો ચલનદર | 2 વખત |
| સ્ટોકનો ચલનદર | 8 વખત |

**પાકું સરવૈયું**

| **મૂડી-દેવા** | **₹** | **મિલકત-લેણા** | **₹** |
|---|---|---|---|
| ચાલુ દેવાં | - | રોકડ | - |
| લાંબા ગાળાનું દેવું | - | સ્ટોક | - |
| માલિકીની મૂડી | - | સ્થિર મિલકતો | - |

- **જવાબ : પ્રથમ જુદી જુદી ગણતરીઓ કરો :**

  અહીં કુલ દેવું/માલિકીની મૂડી = 0.60 છે. માલિકીની મૂડી ₹ 1,00,000 છે. તેથી કુલ દેવું = 1,00,000 × 0.60 = 60,000 ચાલુ દેવું કુલ દેવાના 0.40 છે. તેથી ચાલુ દેવું = 60,000 × 0.40 = 24,000 અહીં કુલ દેવું = ચાલુ દેવાં ₹ લાંબા ગાળાનું દેવું કુલ દેવું ₹ 60,000 છે, ચાલુ દેવું ₹ 24,000 છે. ∴ લાંબા ગાળાનું દેવું = ₹ 36,000. આમ પા.સ.ની મૂડી દેવાં બાજુનો કુલ સરવાળો = 1,00,000 ₹ 36,000 ₹ 24,000 = ₹ 1,60,000. ∴ પાકા સરવૈયાની મિલકત લેણા બાજુનો કુલ સરવાળો ₹ 1,60,000. જેમાં સ્થિર મિલકતો માલિકીની મૂડીના 0.60 મુજબ ₹ (1,00,000

$(1,00,000 \times 0.60) =$ ₹ 60,000 ગણાશે.

હવે કુલ મિલકતોના ચલનદરને આધારે વેચાણ નક્કી કરો. કુલ મિલકતોનો

$$\text{ચલન દર} = \frac{\text{વેચાણ}}{\text{કુલ મિલકતો}}$$

$$\therefore 2 = \frac{?}{1,60,000} = 1,60,000 \times 2 = ₹\ 3,20,000 \text{ વેચાણ ગણાશે.}$$

હવે સ્ટોક ચલનદરના આધારે સ્ટોક નકકી થશે.

$$\text{અહીં સ્ટોક ચલનદર} = \frac{\text{વેચાણ}}{\text{સ્ટોક}}$$

$$\therefore 8 = \frac{3,20,000}{?} = \frac{3,20,000}{8}$$

= ₹ 40,000 સ્ટોક ગણાશે. કુલ મિલકતો ₹ 1,60,000 માં સ્ટોક ₹ 40,000 અને સ્થિર મિલકતો ₹ 60,000 છે. તેથી રોકડ ₹ 60,000 ગણાશે. આમ પા.સ.ની મૂડી દેવાં બાજુ ચાલુ દેવા ₹ 24,000, લાંબા ગાળાનું દેવું ₹ 36,000 અને માલિકીની મૂડી ₹ 1,00,000 દર્શાવો. મિલકત લેણાં બાજુ રોકડ ₹ 60,000, સ્ટોક ₹ 40,000 અને સ્થિર મિલકતો 60,000 દર્શાવો. પા.સ.નો સરવાળો ₹ 1,60,000

**6. માધવ લિ. એક પ્રોજેક્ટ માટે બેંકમાંથી લોન લેવા બેંકને કેટલીક માહિતી આપે છે, બેંક મેનેજર આ માટે કંપનીના ગુણોત્તરો આધારે કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરવા તમારી મદદ ઈચ્છે છે, તમારે,**

**નીચે આપેલા ગુણોત્તરો અને વધારાની માહિતી ઉપરથી માલવ લિ. નું વેપારખાતું, નફા-નુકસાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો.**

| | | |
|---|---|---|
| (1) | કાચો નફો | 25 % |
| (2) | ચોખ્ખો નફો/વેચાણ | 20 % |
| (3) | સ્ટોક ફેરબદલી દર | 10 વખત |
| (4) | ચોખ્ખો નફો / મૂડી | 1/5 |
| (5) | મૂડી/જવાબદારીઓ | 1/2 |
| (6) | કાયમી મિલકતો/કુલ ચાલુ મિલકતો | 5/7 |
| (7) | કાયમી મિલકતો/મૂડી | 5/4 |
| (8) | કાયમી મિલકતો | ₹ 10,00,000 |
| (9) | છેવટનો સ્ટોક | ₹ 1,00,000 |
| (10) | દેવાદારો | ₹ 5,00,000 |
| (11) | બેંક ઓવરડ્રાફટ | ₹ 2,00,000 |

**જવાબ અને સમજૂતી :**

(1) સ્ટોક ફેરબદલી દર અને છેવટનો સ્ટોક ₹ 1,00,000 ના આધારે માલની પડતર ગણો. વેચાયેલ માલની પડતર = 1,00,000 × 10 = ₹10,00,000.

(2) કાચો નફો વેચાણના 25 % છે. ∴ વે.કિં. ₹ 100 હોય તો વેચાયેલ માલની પડતર = 100 – 25 = ₹ 75.

$\therefore$ વેચાણ $= \frac{10,00,000 \times 100}{75} =$ ₹ 13,33,333.

(3) ચોખ્ખો નફો વેચાણના 20 % છે.

$\therefore$ ચોખ્ખો નફો $13,33,333 \times \frac{20}{100} =$ ₹ 2,66,667.

(4) કાચો નફો - ચોખ્ખો નફો = ન.નુ. ખાતે ઉધારેલ કુલ ખર્ચ આવશે.

કુલ ખર્ચ = 3,33,333 - 2,66,667 = ₹ 66,666.

(5) કાયમી મિલકતોની રકમ તથા કાયમી મિલકતો / કુલ ચાલુ મિલકતોના ગુણોત્તરને આધારે ચાલુ મિલકતો ગણો.

ચાલુ મિલકતો $= \frac{10,00,000 \times 7}{5} =$ ₹ 14,00,000.

(6) મૂડી $= \frac{10,00,000 \times 4}{5} =$ ₹ 8,00,000.

આ જ પ્રમાણે કુલ જવાબદારીઓ $= \frac{8,00,000 \times 2}{1}$ ₹ 16,00,000. વેપાર ખાતાની ઉધાર બાજુ, માત્ર વેચાયેલ માલની કુલ પડતર દર્શાવવામાં આવશે. પા.સ.નો સરવાળો ₹ 24,00,000.

**7. આદર્શ કંપની લિ. વિશે એક રોકાણકર્તા કંપનીને નીચેની માહિતી મળી છે. પરંતુ તેઓ એ કંપનીની આર્થિક પરિસ્થિતિ જાણવા કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરવું અને તે બાદ તેમા રોકાણનો નિર્ણય કરવા માંગે છે, આથી તમે એમને પાકું સરવૈયું તૈયાર કરી આપો.**

| | | |
|---|---|---|
| (1) | ચોખ્ખી કાર્યશીલ મૂડી | ₹ 6,00,000 |
| (2) | ચાલુ ગુણોત્તર | 2.5 |
| (3) | પ્રવાહી ગુણોત્તર | 1.5 |
| (4) | કાચા નફાનો ગુણોત્તર | 20 % |
| (5) | સ્ટોક ચલનદર (વેચેલ માલની પડતર / આખર માલ) | 6 વખત |
| (7) | સરેરાશ ઉઘરાણીની મુદત | 2 મહિના |
| (8) | કાયમી મિલકતો સાથે શેરહોલ્ડર્સના ભંડોળનું પ્રમાણ | 0.80 |
| (9) | અનામત અને વધારા સાથે મૂડીનું પ્રમાણ | 50 % |
| (10) | લાંબા ગાળાની લોન સાથે શેરહોલ્ડર્સના ભંડોળનું પ્રમાણ | 20 % |

**જવાબ અને સમજૂતી :** (1) ચાલુ મિલકતો ₹ 10,00,000, (2) ચાલુ દેવાં ₹ 4,00,000, (3) સ્ટોક (પ્રવાહી ગુણોત્તરને આધારે) ₹ 4,00,000, (4) વેચલ માલની પડતર (સ્ટોક ચલનદર ઉપરથી) ₹ 24,00,000 (5) કાચો નફો ₹ 6,00,000 (6) વેચાણ ₹ 30,00,000, (7) દેવાદારો ₹ 5,00,000, (8) અન્ય ચાલુ મિલકતો ₹ 1,00,000, (9) કાયમી મિલકતો (વેચેલ માલની પડતર પરથી) ₹ 12,00,000, (11) શેરહોલ્ડર્સ ભંડોળ ₹ 15,00,000, (12) અનામત અને વધારો ₹ 5,00,000, (13) લાંબા ગાળાની લોન ₹ 3,00,000, (14) પાકાસરવૈયાનો સરવાળો ₹ 22,00,000

**8. નીલકમલ લિ. એક નાણા ધિરાણે આપતી ઔદ્યોગિક વિકાસ બેંક પાસેથી ₹ 5,00,000 ની 8 % વ્યાજદરે ટૂંકી મુદતે લોન લેવા તે બેંકને નીચે મુજબની વિગતો રજૂ કરે છે.**

**માર્ચ-2022 ના રોજ પૂરાં થતાં વર્ષ માટેનું આવક પત્રક (રકમ ₹ હજારમાં)**

| | |
|---|---|
| વેચાણ | 1,600 |
| (-) વેચાણ માલ પડતર | 1,310 |
| કાચો નફો | 290 |
| (-) વેચાણ અને વહીવટી ખર્ચાઓ | 40 |
| ચોખ્ખી કાર્યકારી આવક | 250 |
| (-) વ્યાજનો ખર્ચ | 45 |
| કરવેરા પહેલાંની આવક | 205 |
| કરવેરા ચૂકવ્યા | 82 |
| કરવેરા પછીની ચોખ્ખી આવક | 123 |

શેરદીઠ કમાણી ₹ 3,075

**પાકુ સરવૈયું તા. 31-3-2022**

**(રૂપિયા હજારમાં)**

| | | | |
|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી 40,000 શેર | | ચોખ્ખી સ્થિર | |
| દરેક ₹ 10 પૂરા ભરાયેલ | 400 | મિલકતો | 800 |
| અનામત | 120 | રોકાણો | 75 |
| ડિબેંચર્સ (5 %ના) | 700 | સ્ટોક | 400 |
| લેણદારો | 180 | દેવાદારો | 175 |
| દેવીહૂંડી | 20 | રોકડ | 50 |
| અન્ય ચાલુ જવાબદારી | 80 | | |
| | 1500 | | 1500 |

**ઉદ્યોગના સરેરાશ ગુણોત્તરો :**

| | |
|---|---|
| ચાલુ ગુણોત્તરો | 2.4 |
| પ્રવાહી ગુણોત્તર | 1.5 |

| | |
|---|---|
| વેચાણ/સ્ટોક ગુણોત્તર | 8 ગણો |
| સરેરાશ ઉઘરાણી સમય | 36 દિવસ |
| નફાનો ગાળો | 7 ટકા |
| કુલ મિલકતો પર વળતર | 11 ટકા |

- **ગુણોત્તર વિશ્લેષણની મદદ વડે નીચેની બાબતો અંગે જરૂરી ગણતરી સહિત આપનો જવાબ જણાવો.**

(1) કંપનીની ચાલુ નાણાકીય સ્થિતિ, બેંકને ધ્યાનમં રાખીને ગુણોત્તરની મદદથી તપાસો.

(2) તમે કરેલા ગુણોત્તરના પૃથક્કરણથી કયા મુખ્ય પ્રશ્નો જોવા મળ્યા છે ? તેનાં મુખ્ય કારણો કયાં છે ?

(3) તમે માનો છો કે બેંકે લોન મંજૂર કરવી જોઈએ ? બધી ગણતરી અંગેની નોંધો તમારા જવાબનો એક ભાગ ગણાશે.

**જવાબ અને સમજૂતી :**

(1) ચાલુ ગુણોત્તર 3.23,

(2) પ્રવાહી ગુણોત્તર 0.8,

(3) વેચાણ સ્ટોક ગુણોત્તર 4 ગણો,

(4) સરેરાશ ઉઘરાણીનો ગાળો / દેવાદાર ગુણોત્તર 39 દિવસ

(5) દેવાં-મિલકત ગુણોત્તર 65 % લગભગ.

(6) નફાનો ગાળો 7.7 લગભગ.

(7) કુલ મિલકતો પર વળતરનો દર 8.2 % લગભગ. બેંકને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત ગુણોત્તર તપાસવા જોઈએ. મુખ્ય પ્રશ્નો આ મુજબ છે. ચાલુ ગુણોત્તર સંતોષકારક છે છતાં પ્રવાહિત ગુણોત્તર 1:5 ની સરખામણીએ 0.8 પ્રમાણમાં ઠીક ઠીક અસંતોષકારક છે. પ્રવાહી દેવાં ચૂકવવાની શક્તિ નબળી ગણાય. દેવાદારનો ગુણોત્તર 36 દિવસની સરખામણીએ 39 દિવસે ઉઘરાણીની વસુલાત સૂચવેછે. જે દેવાદારો પાસેથી રોકડપ્રવાહ મેળવવાની સરેરાશ કાર્યક્ષમતા સુચવે છ. કાચા નફાનો ગાળો કંગાળ કહી શકાય. જે 5.51 જેવો છે. રોકાયેલી મુડી પર વળતર 10 % અસંતોષકારક ગણી ન શકાય. કરવેરા પછી ચોખ્ખી આવક 1,23,000 છે. ડિવિડન્ડ કેટલું ચુકવાય છે તેની માહિતી નથી. શેરદીઠ ઊંચી કમાણી સારી છે છતાં, ડિવિડન્ડની કોઈ ચુકવણી નથી, માત્ર કાર્યક્ષમતાનું માપ છે. ધારો કે 10% ડિવિડન્ડ વહેંચવામાં આવે તો ડિવિડન્ડ = ₹ 40,000 ત્યાર પછી બેંક લોન ચુકવવા માટે વધતો વાર્ષિક નફો = 1,23,000 − 40,000 = ₹ 83,000 જે લોનનો વાર્ષિક હપ્તો ₹ વ્યાજ ચૂકવવા માટે પર્યાપ્ત ગણાય તો જ બેંક લોન મંજૂર કરવી જોઈએ. પરંતુ અમુક શરતોને આધીન આ નિર્ણય થઈ શકે.

એકમ 6

# ભંડોળ પ્રવાહ પત્રક

-: રૂપરેખા :-

**6.1 પ્રસ્તાવના (પરિચય)**

**6.2 ભંડોળનો અર્થ : 'ભંડોળ', 'ભંડોળપ્રવાહ' અને 'ભંડોળપ્રવાહ-પત્રક'**

**6.3 ભંડોળ પ્રવાહ પત્રકની ઉપયોગિતા**

**6.4 ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવાની રીત પ્રક્રિયા**

**6.5 સુધારેલ નફા-નુકસાન ખાતું**

**6.6 ભંડોળ પ્રવાહ પત્રક બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

**6.7 ઉદાહરણો**

**6.8 સ્વાધ્યાય**

## 6.1 પ્રસ્તાવના

ધંધાની નાણાકીય સ્થિતિમાં સમગ્ર નાણાકીય વર્ષ દરમિયાન કોઈ પણ પ્રકારના ફેરફાર થયા હોય તેનું પ્રતિબિંબ વર્ષના અંતે નાણાકીય પત્રકોમાં દશાવવામાં આવે છે. આમ નાણાકીય પત્રકોમાં પાકા સરવૈયા અને નફા-નુકસાન ખાતું આ બે સૌથી મહત્ત્વપૂર્ણ પત્રકોનો સમાવેશ થાય છે. પાકુ સરવૈયું ધંધાની આર્થિક પરિસ્થિતિ ચોક્કસ તારીખે કેવી છે તેનો નિર્દેશ કરે છે. જ્યારે નફા-નુક્સાન ખાતું કામગીરીની પરિસ્થિતિ દર્શાવે છે. પરંતુ આ પત્રકોની મર્યાદાઓ છે. જે ધંધાના ભંડોળપ્રવાહ વિશે કોઈ માહિતી આપતું નથી તેમજ નાણાકીય વર્ષ દરમિયાન સંપત્તિ અને જવાબદારીઓમાં થતા ફેરફારને જાહેર કરવામાં નિષ્ફળ જાય છે. નાણાકીય વર્ષ દરમિયાન ધંધાની કામગીરી, વિવિધ મિલકતો, જવાબદારીઓ અને મૂડી સંદર્ભે ફેરફારોમાંથી પસાર થાય છે. આવા ફેરફારો અને વ્યવસાયિક ફેરફારોના કારણોની જાણકારી કંપનીના સંચાલકો માટે અત્યંત ઉપયોગી બની શકે છે. દા.ત. કંપની દ્વારા મિલકત ખરીદવા માટે ડિબેન્ચરનું ભરણું કરીને ભંડોળ મેળવી શકે છે. તેથી બે વર્ષના પાકા-સરવૈયાની તારીખો વચ્ચે મિલકતો, જવાબદારીઓ અને માલિકીના ભંડોળમાં થતા ફેરફારો બતાવવા માટે એક વધારાનું પત્રક તૈયાર કરવું જોઈએ. આવા પત્રક 'નાણાકીય સ્થિતિમાં બદલાવનું નિવેદન' કે 'ભંડોળપ્રવાહ પત્રક' તરીકે જાણીતા છે.

## 6.2 ભંડોળનો અર્થ : 'ભંડોળ', 'ભંડોળપ્રવાહ' અને 'ભંડોળપ્રવાહ-પત્રક'

ભંડોળ શબ્દના વિવિધ અર્થઘટન અને અર્થ છે : બે છેડા પરના રોકડ અને તમામ નાણાકીય સાધનો વચ્ચે બદલાવ. આ શબ્દના મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી અભિગમ નીચે મુજબ હોઈ શકે :

- ભંડોળ શબ્દનો ટૂંકો અર્થ હાથ પર રોકડ કે બેંકમાં રોકડ એવો પણ થાય છે.
- ભંડોળ શબ્દનો વ્યાપકપણે અર્થ 'ચોખ્ખી કાર્યશીલ મૂડી' પણ થાય છે. જે 'ચોખ્ખી ચાલુ મિલકતો' તરીકે પણ ઓળખાય છે. જેને 'ચાલુ મિલકતો' અને 'ચાલુ જવાબદારીઓ' વચ્ચેના તફાવત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

કાર્યશીલ ભંડોળ = ચાલુ મિલકતો - ચાલુ દેવાં

- ભંડોળ શબ્દનો ખૂબ જ વ્યાપકપણે અર્થ તમામ નાણાકીય સંસાધનો કે કાર્યશીલ મૂડી એમ પણ થાય છે.

**6.2.1 પ્રવાહનો અર્થ :**

પ્રવાહ શબ્દનો અર્થ : એ ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગ અથવા ફેરફારો વિશેની ગતિનો ઉલ્લેખ કરે છે. તેથી ભંડોળના ફેરફારને ભંડોળના પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે.

**6.2.2 ભંડોળ પ્રવાહ પત્રક :**

ભંડોળપ્રવાહ પત્રક હિસાબી વર્ષ દરમિયાન થયેલાં વિવિધ મિલકતો, જવાબદારીઓ અને માલિકની મૂડી વચ્ચેના ભંડોળના પ્રવાહની જાણકારી આપવાનો પ્રયાસ કરે છે. સ્મિથ અને બ્રાઉનના શબ્દોમાં 'ભંડોળપ્રવાહ પત્રક એ બે જુદી જુદી તારીખો વચ્ચેની નાણાકીય સ્થિતિમાં થતા ફેરફારને સારાંશ સ્વરૂપમાં દર્શાવવા માટે તૈયાર કરવામાં આવે છે.'

રોબર્ટ એન્થોનીના જણાવ્યા અનુસાર, 'ભંડોળપ્રવાહ પત્રક એટલે જે સ્રોતોમાંથી વધારાનું ભંડોળ મેળવીએ અને ઉપયોગ કરવા આ ભંડોળને ક્યાં મૂકવામાં આવે છે તે જાણી શકાય તેવું પત્રક.'

આ પત્રકને બીજા નામથી પણ ઓળખવામાં આવે છે જેમકે 'ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગનું પત્રક'.

## 6.3 ભંડોળ પ્રવાહ પત્રકની ઉપયોગિતા

હાલનાં ઝડપી વિકસતાં ધંધાકીય વાતાવરણમાં જુની પરંપરાગત હિસાબી પદ્ધતિઓ ધંધાની ચોક્કસ નાણાકીય પરિસ્થિતિ દર્શાવવામાં નિષ્ફળ નીવડેલ છે. નાણાકીય સ્થિતિ અંગેની આ મર્યાદાના કારણે ભંડોળ પ્રવાહ, પત્રકનું મહત્ત્વ સમગ્ર ધ્યાનમાં આવેલ છે.

ભંડોળ પ્રવાહ પત્રકનું મહત્ત્વ (ઉપયોગિતા) નીચે મુજબ દર્શાવેલ છે :

**(1) નાણાકીય આયોજનમાં ઉપયોગી :**

ભંડોળ પ્રવાહ પત્રક નાણાકીય આયોજન ઘડતરમાં ખૂબ જ મહત્ત્વનું સાધન છે, વર્ષ દરમિયાન કયા સાધનો દ્વારા ભંડોળની પ્રાપ્તિ થશે અને કયાં સાધનો દ્વારા ભંડોળનો ઉપયોગ થશે તેની અસર વિગતવાર માહિતી ભંડોળ પ્રવાહ પત્રક પૂરી પાડે છે. ભાવિ આયોજન માટેની નિર્ણય પ્રક્રિયામાં ભંડોળ પ્રવાહ પત્રક ખૂબ જ ઉપયોગી છે.

**(2) ભંડોળ પ્રવાહનાં વિશ્લેષણ માટે ઉપયોગી :**

ભંડોળ પ્રવાહ પત્રકની મદદથી શેરહોલ્ડર, રોકાણકારો અને કંપની સંચાલકો ભંડોળ પ્રાપ્તિનાં સ્ત્રોત, તેનાં સાધનો વિશે જાણી શકે છે અને કયાં કારણોસર ભંડોળ પ્રવાહમાં રૂકાવટ આવી શકે તે કારણો પણ જાણી શકે છે, જેથી કરીને ભંડોળ પ્રવાહનું યોગ્ય વિશ્લેષણ કરી અગમચેતીનાં પગલાંઓ લઈ શકાય છે.

**(3) કાર્યશીલ મૂડીને સ્થિતિ સુધારવા માટે :**

કાર્યશીલ મૂડીની પરિસ્થિતિ કંપનીનો પરિસ્થિતિ માટે ખૂબ જ નિર્ણાયક પરિબળ છે, ભંડોળ પ્રવાહ પત્રક સંચાલનને નિયમિત નિરીક્ષણ, અંકુશ અને દેખરેખ રાખવા માટે તથા કાર્યશીલ મૂડીની પરિસ્થિતિ સુધારવા માટે મદદરૂપ બને છે.

**(4) મૂડી માળખા અંગે નિર્ણય લેવા માટે ઉપયોગી :**

ભંડોળ પ્રવાહ પત્રકની મદદ વડે ઉચ્ચ સંચાલન નવી શેર મૂડી બહાર પાડવા કે પ્રેફરન્સ શેર બહાર પાડવા અંગે નિર્ણય લેવા માટે ઉપયોગી થાય છે. આમ, ભંડોળ પ્રવાહ પત્રકની મદદ વડે મૂડી માળખા અંગે નિર્ણય લઈ શકાય છે.

**(5) બજેટ અંકુશનાં સાધન તરીકે :**

ભંડોળ પ્રવાહ પત્રક દ્વારા જુદા-જુદા બજેટ તૈયાર કરી શકાય છે, તેનો અમલ કરવા ઉપયોગી છે તથા વાસ્તવિક પરિસ્થિતિ અને આંકડા સાથે બનાવેલ અંદાજપત્રની સરખામણી કરીને મૂલ્યાંકન કરી શકાય છે.

**(6) સંચાલનની કાર્યક્ષમતાનાં મૂલ્યાંકન માટે :**

ભંડોળ પ્રવાહ પત્રક ધંધાકીય એકમનું એકદંર મૂલ્યાંકન કરે છે. સાથોસાથ રોજબરોજની પરિસ્થિતિ પર અંકુશ દેખરેખ રાખીને સંચાલનની સાચી કાર્યક્ષમતા દર્શાવે છે. આમ, સંચાલનની કાર્યક્ષમતાનું ખરું મૂલ્યાંકન ભંડોળ પ્રવાહ પત્રકની મદદ વડે કરી શકાય છે.

**(7) લોન મેળવવા આપવા તથા ક્રેડિટ ઉપયોગિતા માટે :**

ભંડોળ પ્રવાહ પત્રકની મદદ વડે ધંધાકીય એકમ ધંધાકીય જરૂરિયાતને પહોંચી વળવા માટે ઉછીનાં નાણાં લઈ શકે છે અને ક્રેડિટનો લાભ પણ મેળવી શકે છે. ધિરાણ એજન્સીઓ, બેન્ક, ક્રેડિટર વગેરે ધંધાકીય એકમને લોન કે ક્રેડિટ મંજુર કરતા પહેલા ભંડોળ પ્રવાહ પત્રકનો અભ્યાસ કરે છે ત્યારબાદ જ ભંડોળ પ્રવાહની સ્થિતિ મુજબ લોન ક્રેડિટ મંજુર કરવામાં આવે છે.

**(8) રોકાણકારો, ડિબેન્ચર હોલ્ડર્સ વગેરે માટે ઉપયોગી :**

ડિબેન્ચર હોલ્ડરો અને રોકાણકારો કંપનીની સારી નાણાકીય પરિસ્થિતિનાં આધારે એ નક્કી કરી શકે છે કે કંપની દેવું ચૂકવવા કે જવાબદારી લેવા માટે સક્ષમ છે કે કેમ ? ઉપરાંત કંપનીનાં ભંડોળને અસરકારક રીતે ઉપયોગ કરી શકાય છે કે કેમ ? આ અંગે ભંડોળ પ્રવાહ પત્રકનો અભ્યાસ રોકાણકારો અને ડિબેન્ચર હોલ્ડર્સ વગેરેને ઉપયોગી થઈ શકે છે.

**(9) વિસ્તરણ અને વિકાસ અંગેના નિર્ણયો લેવા માટે ઉપયોગી :**

કંપનીને વિકાસ તથા વધુ વિસ્તરણ કરવું કે કેમ તે અંગે ચોક્કસ નિર્ણય લેવા માટે ભંડોળ પ્રવાહ પત્રક ઉપયોગી છે.

**(10) પ્રવાહીતા - તરલતા વધારવા માટે :**

ધંધાકીય એકમની પ્રવાહીતા - તરલતા ભંડોળ પ્રવાહ પત્રકની મદદથી જાણી શકાય છે. ધંધાકીય એકમને વારંવાર મુશ્કેલીઓ ઊભી થતી હોય તો તેનાં કારણો જાણવા માટે ઉપયોગી થાય છે.

## 6.4 ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવાની પ્રક્રિયા

(1) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક

(2) સુધારેલ નફા-નુકસાનનું પત્રક/ખાતું

(3) ભંડોળ પ્રવાહ પત્રક

હિસાબી વર્ષનાં અંતે પાકા સરવૈયાનો વિગતો અને વધારાની હવાલાની માહિતી પરથી ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવામાં આવે છે. ભંડોળ પ્રવાહ પત્રક બનાવતી વખતે ભંડોળની પ્રાપ્તિ અને ભંડોળનાં ઉપયોગની ગણતરી કરવામાં આવે છે. જે મુજબ ભંડોળને પ્રાપ્તિનાં સાધનો અને ઉપયોગનાં કારણો મળી રહે છે. ભંડોળ પ્રવાહ પત્રક બનાવતાં પહેલાં નીચે દર્શાવેલ પગલાઓ જરૂરી છે.

(1) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક :

- કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો બાદ ચાલુ દેવાં
- કાર્યશીલ મૂડીમાં વધારો/ઘટાડો : શરૂઆતની કાર્યશીલ મૂડી - આખરની કાર્યશીલ મૂડી.
- કાર્યશીલ મૂડીમાં વધારો = ભંડોળનો ઉપયોગ
- કાર્યશીલ મૂડીમાં ઘટાડો = ભંડોળની પ્રાપ્તિ

ચાલુ મિલકતો : જે મિલકતોમાં તરલતાનું પ્રમાણ વધારે હોય તેવી ટૂંકાગાળાની મિલકતો ચાલુ મિલકતો કહેવાય છે.

ચાલુ દેવા : હિસાબી વર્ષ દરમિયાન ટૂંકી મુદ્દત માટે ઉદ્ભવતા કે ચૂકવવામાં આવતાં દેવાને ચાલુ દેવા કહેવાય છે.

- કાર્યશીલ મૂડી અંગે મળતાં દરેક ઘટક અંગે ફેરફારની માહિતી મળતાં કાર્યશીલ મૂડીનું યોગ્ય સંચાલન થઈ શકે છે.

કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક

| વિગત | શરૂઆતની બાકી | આખરની બાકી |
|---|---|---|
| ચાલુ મિલકતો : (A) | .... | .... |
| આખર સ્ટોક | .... | .... |
| દેવાદારો | .... | .... |
| લેણી હૂંડી | .... | .... |
| રોકડ સિલક | .... | .... |
| બેન્ક સિલક | .... | .... |
| અગાઉથી ચૂકવેલ ખર્ચા | .... | .... |
| નહી મળેલ આવકો | .... | .... |
| કામ ચલાઉ, ટૂંકાગાળાનાં રોકાણો | .... | .... |
| કુલ ચાલુ મિલકતો (A) | .... | .... |

| | | |
|---|---|---|
| બાદ : ચાલુ દેવા (B) | .... | .... |
| લેણદારો | .... | .... |
| લેણી હૂંડી | .... | .... |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | .... | .... |
| નહીં ચુકવેલ ખર્ચ | .... | .... |
| અગાઉથી મળેલ આવકો | .... | .... |
| કુલ ચાલુ દેવાં (B) | .... | .... |
| કાર્યશીલ મૂડી (A - B) | .... | .... |
| કાર્યશીલ મૂડીનો વધારો અથવા ઘટાડો | .... | .... |

(1) જરૂરી ખાતાઓ તૈયાર કરવાં : કરવેરાની જોગવાઈ અંગે હવાલો આપે તો ખાતું તૈયાર કરવું. હવાલો ન આપે તો કરવેરાની શરૂની બાકી વર્ષ દરમિયાન ચુકવાઈ ગઈ હશે તેમ માનીને ઉપયોગમાં વધારો અને આખરની બાકી જોગવાઈ તરીકે નફા-નુકસાન ઉધાર ખાતામાં આવશે.

- કરવેરા જોગવાઈનો હવાલો ન હોય તો ચાલુ દેવા તરીકે લખાય.
- કાર્યશીલ મૂડી ઘટે = ભંડોળની પ્રાપ્તિ, વધે તો ભંડોળનો ઉપયોગ.
- સૂચિત ડિવિડન્ડને પણ ઉપરની ત્રણ જોગવાઈ લાગુ પડે છે.

**કરવેરા જોગવાઈનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| બેન્ક ખાતે (ચુકવેલ) | ...... | શરૂઆતની બાકી | ...... |
| આખરની બાકી | ...... | ન.નુ. ખાતે (જોગવાઈ) | ...... |

(2) મિલકતોનાં ખાતાં : સૌપ્રથમ ખાતાની શરૂની અને આખરની બાકી લખવી, ઘસારો હોય તો નફા-નુકસાન ખાતે ઉધાર અને જે-તે ખાતે જમાં, ખાતાં બંધ કરતાં ઉધાર તફાવત ખરીદી કહેવાય. જે ઉપયોગમાં લખાય અને જમાં તફાવત વેચાણ કહેવાય જે ભંડોળનો પ્રાપ્તિ કહેવાય.

હવાલામાં જે અંગે માહિતી આપે તે મુજબનાં ખાતાં બનાવવા જેવાં કે રોકાણોનું ખાતું, સામાન્ય અનામતનું ખાતું, પ્રીમિયમનું ખાતું વગેરે બનાવાય છે.

(3) સુધારેલ નફા-નુકસાન ખાતું : મિલકતોનાં ખાતાં બનાવ્યાં બાદ સુધારેલ નફા-નુકસાન ખાતું બનાવવામાં આવે છે. (વિગત નં.-6.5 માં જોવું)

(4) ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવું : આ રીતે ઉપરોક્ત તમામ વિગતોને ધ્યાને લઈને ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવામાં આવે છે.

| ભંડોળની પ્રાપ્તિ | રકમ રૂ. | ભંડોળનો ઉપયોગ | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડીમાં વધારો | ...... | પ્રેફરન્સ શેર મૂડી પરત | ...... |
| પ્રેફરન્સ શેર મૂડીમાં વધારો | ...... | ડિબેન્ચર પરત | ...... |
| ડિબેન્ચર બહાર પાડવા | ...... | બેન્ક લોન પરત | ...... |
| કાયમી મિલકતોનું વેચાણ | ...... | કાયમી મિલકતોની ખરીદી | ...... |

| | | | |
|---|---|---|---|
| રોકાણોનું વેચાણ | …… | રોકાણોની ખરીદી | …… |
| કાર્યશીલ મૂડીમાં ઘટાડો | …… | કરવેરા ચુકવ્યાં | …… |
| સંચાલકીય નફો | …… | ડિવિડન્ડ ચૂકવ્યું | …… |
| | | કાર્યશીલ મૂડીમાં વધારો | …… |
| | | ધંધાકીય પ્રવૃત્તિલક્ષી નુકસાન | …… |
| | | સંચાલકીય નુકસાન (જો હોય તો) | …… |
| | …… | | …… |

## 6.5 સુધારેલ નફા-નુકસાન ખાતું

ઘણી વખત સંચાલકીય નફાની ગણતરી દર્શાવતાં પત્રકને બદલે કાર્યકારી નફો શોધવા માટે સુધારેલ નફા-નુકસાન ખાતું બનાવવામાં આવે છે.

આ ખાતાની જમા બાજુ નફા-નુકસાન ફાળવણી ખાતાનો શરૂઆતની બાકી અને બિન ધંધાકીય આવકો દર્શાવવામાં આવે છે અને આ ખાતાની ઉધાર બાજુ બિન રોકડ અને બિન-ધંધાકીય ખર્ચા દર્શાવવામાં આવે છે અને નફા-નુકસાન ફાળવણી ખાતાની આખરની બંધ સિલકની બાકી દર્શાવવામાં આવે છે. ત્યારબાદ તફાવતની જે રકમ જમા બાજુ પર આવે તેને કાર્યકારી નફો કહેવાશે. જે ભંડોળ પ્રવાહ પત્રકમાં ભંડોળની પ્રાપ્તિ તરીકે દર્શાવવામાં આવશે.

સુધારેલ નફા-નુકસાન ખાતું નીચે મુજબ તૈયાર કરી શકાય.

ઉધાર — સુધારેલ નફા-નુકસાન ખાતું — જમા

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| મિલકત વેચાણની ખોટ | …… | નફા-નુકસાન ફાળવણી ખાતાની શરૂઆતની બાકી | …… |
| રોકાણ વેચાણની ખોટ | …… | મિલકત વેચાણનો નફો | …… |
| કરવેરાની જોગવાઈ | …… | બિન ધંધાકીય આવકો | …… |
| વચગાળાની જોગવાઈ | …… | ધંધાકીય પ્રવૃત્તિલક્ષી કાર્યકારી નફો (સુધારેલ નફો કે સંચાલકીય નફો) | …… |
| આખરનું સૂચિત ડિવિડન્ડ | …… | | |
| અન્ય અનામતો ખાતે ફાળવણી | …… | | |
| ઘસારો | …… | | |
| માંડી વાળેલ પેટન્ટ-પાઘડી | …… | | |
| માંડી વાળેલ શેર વટાવ | …… | | |
| માંડી વાળેલ પ્રેફરન્સ શેર | …… | | |
| શેર પરત પ્રીમિયમ | | | |
| માંડી વાળેલ ડિબેન્ચર પરત પ્રીમિયમ | …… | | |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચા | …… | | |
| ન.નુ. ખાતાની ફાળવણી ખાતાની આખરની બાકી | …… | | |
| | …… | | …… |

## 6.6 ભંડોળ પ્રવાહ પત્રક બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

(1) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતાં પત્રકમાં, વધારો થાય તો ઉપયોગ તરીકે અને કાર્યશીલ મૂડીમાં ઘટાડો થાય તો ભંડોળની પ્રાપ્તિ તરીકે દર્શાવવામાં આવે છે.

(2) જરૂરી ખાતાઓ તૈયાર કર્યા બાદ ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગની રકમ લખવામાં આવે છે.

(3) ધંધાનાં કાર્યકારી નફામાંથી ભંડોળની પ્રવાહની રકમ મેળવવામાં આવે છે.

(4) પાકા સરવૈયાની બીજી માહિતી જેનો ઉપયોગ ઉપરોક્ત 1 થી 3 મુદ્દાઓ સમાવેશ નથી થયો તેની સરખામણી કરી ભંડોળની પ્રાપ્તિ અથવા ઉપયોગ શોધવા માટે કરવામાં આવે છે. જેના માટે નીચેની વિગતો ધ્યાનમાં લેવી જોઈએ.

- જ્યારે જમાં બાજુ જવાબદારીમાં દર્શાવેલ જમા બાકીમાં વધારો થાય ત્યારે ભંડોળની પ્રાપ્તિ હોય છે.
- જ્યારે જમાં બાજુ જવાબદારીમાં દર્શાવેલ જમા બાકીમાં ઘટાડો થાય ત્યારે ભંડોળનો ઉપયોગ થયો કહેવાય છે.
- જ્યારે મિલકત બાજુ ઉધાર બાકીમાં વધારો થાય તો ભંડોળનો ઉપયોગ કહેવાય.
- જ્યારે મિલકત બાજુ ઉધાર બાકીમાં ઘટાડો થાય તો ભંડોળની પ્રાપ્તિ કહેવાય છે.

● કેટલાક ધ્યાનમાં રાખવાનાં મુદ્દાઓ

(1) આ પત્રક પાકા સરવૈયામાંથી મેળવેલ નફા-નુકસાન ખાતાની શરૂની સિલક અને બંધ સિલકનાં તફાવતથી શરૂ થાય છે.

(2) ત્યારબાદ એ રકમમાં બિન-રોકડ અને બિન-વ્યવસાયિક ખર્ચ ઉમેરવામાં આવે છે.

(3) બિન-વ્યવસાયિક આવકને કપાત તરીકે બાદ કરવામાં આવે છે.

ભંડોળ પ્રવાહ પત્રક બનાવતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

(A) જો પ્રશ્નમાં ઈક્વિટી શેર મૂડી, પ્રેફરન્સ શેર મૂડી, ડિબેન્ચર અને લાંબાગાળાની લોનનાં વધારા અંગેની માહિતી આપવામાં ન આવેલી હોય તો તફાવતની રકમ ભંડોળની પ્રાપ્તિ તરીકે દર્શાવવી જોઈએ.

(B) જો સંબંધિત ખાતાઓમાં વધારા અંગેની માહિતી આપવામાં આવેલ હોય તો (A) મુજબ ગણતરી કરવી જોઈએ.

(C) જો કંપની દ્વારા શેરની પુનઃ ખરીદીનાં કારણે ઈક્વિટી શેર મૂડી, રિડીમેબલ પ્રેફરન્સ શેર અને ડિબેન્ચરમાં ઘટાડો થયો હોય તો તેને ભંડોળનાં ઉપયોગ તરીકે દર્શાવવા.

(D) જો ઉપરોક્ત બાબતનાં સંદર્ભમાં વધારાની માહિતી આપવામાં આવેલ હોય તો તેની અસર પહેલા સંબંધિત ખાતાઓમાં આપવી જોઈએ. ત્યારબાદ (C) માં દર્શાવ્યા પ્રમાણે ગણતરી કરવાની રહેશે.

(E) પાઘડી, પેટન્ટ, ટ્રેડ માર્ક, કોપી રાઈટ, શેર ડિસ્કાઉન્ટ, ડિબેન્ચર ડિસ્કાઉન્ટ અન્ડર રાઈટિંગ કમિશન, પ્રાથમિક ખર્ચ, વગેરેનાં સંદર્ભમાં કોઈ વધારાની માહિતી આપેલ

હોય તો તેની તફાવત રકમ ખર્ચ તરીકે ગણીને સુધારેલ નફા-નુકસાન ખાતામાં ઉધાર બાજુ દર્શાવવી જોઈએ.

(F) સ્થિર મિલકતો અને રોકાણનાં કિસ્સામાં પહેલા ખાતામાં એન્ટ્રી કરવી અને ત્યારબાદ જો ઉધાર બાજુ તફાવત મળે તો મિલકત કે રોકાણની ખરીદી ગણવામાં આવે છે અને ભંડોળનાં ઉપયોગ બાજુ દર્શાવવી. જ્યારે તફાવતની રકમ જમા બાજુ પર હોય તો તેને વેચાણ તરીકે ગણીને ભંડોળની પ્રાપ્તિ બાજુ દર્શાવવી જોઈએ.

(G) જે વ્યવહારો ભંડોળ પ્રવાહને અસર કરતા નથી તે વ્યવહારોની અસર જે-તે ખાતામાં કરવી જોઈએ પરંતુ ભંડોળ પ્રવાહ પત્રકમાં દર્શાવવામાં આવતાં નથી, દા.ત. બોનસ શેર, ડિબેન્ચર્સનું ઈક્વિટી શેરમાં રૂપાંતર.

(H) જ્યારે જવાબદારી/દેવાં બાજુથી સંબંધિત કોઈપણ ખાતું ખોલવામાં આવે છે ત્યારે ગયાં વર્ષની બાકી જમા બાજુ પર બાકી આગળ લાવ્યાં તરીકે દર્શાવવી જોઈએ અને ચાલુ વર્ષની બાકી ઉધાર બાજુ બાકી આગળ લઈ ગયાં તરીકે દર્શાવવી જોઈએ.

(I) જ્યારે મિલકત બાજુથી કોઈપણ ખાતું ખોલવામાં આવે છે ત્યારે ઉધાર બાજુ પર બાકી આગળ લાવ્યાં તરીકે દર્શાવવી અને ચાલુ વર્ષની બાકી જમા બાજુ બાકી આગળ લઈ ગયાં તરીકે દર્શાવવી જોઈએ.

(J) પાકા સરવૈયાની તારીખ અને વર્ષ કાળજીપૂર્વક ધ્યાનથી વાંચવું જોઈએ. ઘણી વખતે પહેલી હરોળમાં બંધ સિલક હોય છે અને ખુલતી સિલક બીજી હરોળમાં દર્શાવી હોય છે.

(K) કેટલીક વખત પાકા સરવૈયામાં રકમ સંક્ષિપ્ત રીતે આપવામાં આવે છે દા.ત. હજાર અથવા લાખમાં, આવા કિસ્સાઓમાં હવાલાની રકમ પૂરી આપવા આવેલ હોય ત્યારે આંકડા લખતી વખતે વધુ કાળજી લેવી જોઈએ.

## 6.7 ઉદાહરણો

ઉદા.-1 મનન લિમિટેડના 2013 અને 2014 ના વર્ષના પાસ નીચે મુજબ છે :

| જવાબદારી | 2013 | 2014 | મિલકતો | 2013 | 2014 |
|---|---|---|---|---|---|
| ઈ. શેર દરેક રૂ. 10 | | | પાઘડી | 1,00,000 | 80,000 |
| નો તેવા પૂર્ણ ભરપાઈ | 3,00,000 | 5,00,000 | યંત્રો | 3,50,000 | 4,50,000 |
| સામાન્ય અનામત | 1,50,000 | 1,00,000 | જમીન-મકાન | 3,00,000 | 2,70,000 |
| ન.નુ. ખાતું | 1,48,000 | 1,38,000 | રોકાણો | 80,000 | 75,000 |
| 9%ના ડિબેન્ચર | 1,00,000 | 1,40,000 | સ્ટોક | 40,000 | 80,000 |
| લેણદારો | 80,000 | 60,000 | રોકડ સિલક | - | 40,000 |
| દેવીહૂંડી | 75,000 | 95,000 | દેવાદારો | 75,000 | 90,000 |
| નહિ ચુકવેલ ખર્ચ | 10,000 | 5,000 | લેણી હૂંડી | 15,000 | 20,000 |
| કરવેરા જોગવાઈ | 60,000 | 80,000 | પ્રાથમિક ખર્ચા | 18,000 | 12,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 55,000 | - | ડિબેન્ચર વટાવ | - | 1,000 |
| | 9,78,000 | 11,18,000 | | 9,78,000 | 11,18,000 |

વધારાની માહિતી નીચે મુજબ છે :

(1) તા. 1-1-2014 ના રોજ સામાન્ય અનામતમાંથી દર ત્રણ શેર દીઠ એક શેર બોનસ તરીકે આપવામાં આવ્યો હતો.

(2) વર્ષ દરમિયાન ચુકવેલા કરવેરા અને ડિવિડન્ડ અનુક્રમે 55,000 અને 54,000 હતું.

(3) વર્ષ દરમિયાન 5% વટાવથી ડિબેન્ચર બહાર પાડ્યા હતા.

(4) કંપનીએ 20,000 ની મૂળ કિંમતના રોકાણો, વેચાણ કિંમત પર 20% નફો મળે એ રીતે વેચ્યા હતા.

(5) વર્ષ દરમિયાન માંડી વાળેલ ઘસારો

યંત્રો પર રૂ. 35,000

જમીન-મકાન પર રૂ. 30,000

(6) વર્ષ દરમિયાન 50,000 ની ચોપડે કિંમતના યંત્રો 20% ખોટથી વેચ્યા હતા.

ઉપરની વિગતો પરથી

(1) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક (2) સુધારેલ નફા-નુકસાન ખાતું (3) ભંડોળ પ્રવાહ પત્રક (જરૂરિયાત ગણતરી સાથે) તૈયાર કરો.

મનન લિમિટેડનું ભંડોળ પ્રવાહ પત્રક

| **ભંડોળની પ્રાપ્તિ** | **રૂ.** | **ભંડોળનો ઉપયોગ** | **રૂ.** |
|---|---|---|---|
| નવા ઈક્વિટી શેર બહાર | | કાર્યશીલ મૂડીનો વધારો | 1,60,000 |
| પાડવાથી મળેલ રકમ | 1,00,000 | ચૂકવેલા કરવેરા | 55,000 |
| નવા ડિબેન્ચર બહાર પાડ્યા | 38,000 | ચૂકવેલ ડિવિડન્ડ | 54,000 |
| રોકાણ વેચાણ | 25,000 | યંત્રોની ખરીદી | 1,85,000 |
| યંત્ર વેચાણ | 40,000 | રોકાણોની ખરીદી | 15,000 |
| ધંધાના સંચાલનમાંથી | | | |
| ઉદ્‌ભવતું ભંડોળ - (સુ. નફો) | 2,66,000 | | |
| | 4,69,000 | | 4,69,000 |

કાર્યશીલ મૂડીનું પત્રક

| વિગત | 2003 | 2004 |
|---|---|---|
| ચાલુ મિલકતો : | | |
| સ્ટોક | 40,000 | 80,000 |
| રોકડ સિલક | - | 40,000 |
| દેવાદારો | 75,000 | 90,000 |
| લેણી હૂંડી | 15,000 | 20,000 |
| કુલ ચાલુ મિલકતો (A) | 1,30,000 | 2,30,000 |

| | | |
|---|---|---|
| ચાલુ દેવા | | |
| લેણદારો | 80,000 | 60,000 |
| દેવી હૂંડી | 75,000 | 95,000 |
| નહિ ચૂકવેલ ખર્ચ | 10,000 | 5,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 55,000 | - |
| કુલ ચાલુ દેવા | 2,20,000 | 1,60,000 |
| કાર્યશીલ મૂડી = [(A) – (B)] | -90,000 | 70,000 |
| કાર્યશીલ મૂડીનો વધારો (?) [(–90,000) – 70,000] | 1,60,000 | - |
| | 70,000 | 70,000 |

સુધારેલ ન.નુ. ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| માંડી વાળેલ પાઘડી | 20,000 | ન.નુ. ફાળવણી ખાતાની | 1,48,000 |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | 6,000 | (બા.આ. લાવ્યા) | |
| સામાન્ય અનામત જોગવાઈ | 50,000 | રોકાણ વેચાણનો નફો | 5,000 |
| ચૂકવેલ ડિવિડન્ડ | 54,000 | ધંધાના સંચાલનમાંથી | |
| માંડી વાળેલ ડિબેન્ચર વટાવ | 1,000 | ઉદ્ભવેલું ભંડોળ | 2,66,000 |
| યંત્રોનો ઘસારો | 35,000 | | |
| જમીન-મકાનનો ઘસારો | 30,000 | | |
| યંત્ર વેચાણની ખોટ | 10,000 | | |
| ચાલુ વર્ષની કરવેરાની જોગવાઈ | 75,000 | | |
| આખરની બાકી આગળ લઈ ગયા | 1,38,000 | | |
| | 4,19,000 | | 4,19,000 |

**જરૂરી ખાતાઓ**

ઉ. ઈ. શેર મૂડી ખાતું જ.

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| | | બાકી આગળ લાવ્યા | 3,00,000 |
| | | સામાન્ય અનામત ખાતે | 1,00,000 |
| | | (ઈ. શેર બોનસ) | |
| | | રોકડ/બેન્ક ખાતે (?) | 1,00,000 |
| બાકી આગળ લઈ ગયા | 5,00,000 | (બહાર પાડેલ) | |
| | 5,00,000 | | 5,00,000 |

ઉ. સામાન્ય અનામત ખાતું જ.

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ઈ. શેર ખાતે (બોનસ ખાતે) | 1,00,000 | બા.આ. લાવ્યા | 1,50,000 |
| બા.આ. લઈ ગયા | 1,00,000 | ન.નુ. ખાતે (?) (જોગવાઈ) | 50,000 |
| | 2,00,000 | | 2,00,000 |

ઉ. કરવેરા જોગવાઈ ખાતું જ.

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બેન્ક ખાતે (ચૂકવેલ) | 55,000 | બા.આ. લાવ્યા | 60,000 |
| બા.આ. લઈ ગયા | 80,000 | ન.નુ. ખાતે (?) (જોગવાઈ) | 75,000 |
| | 1,35,000 | | 1,35,000 |

9% ના ડિબેન્ચરનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બાકી આગળ લઈ ગયા | 1,40,000 | બા.આ. લાવ્યા | 1,00,000 |
| | | ડિબે. વટાવ ખાતે | 2,000 |
| | | બેંક ખાતે | 38,000 |
| | 1,40,000 | | 1,40,000 |

ડિબેન્ચર વટાવ ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ. લઈ ગયા | - | ન.નુ. ખાતે (?) માંડી વાળેલ | 1,000 |
| ડિબેન્ચર ખાતે | 2,000 | બા.આ. લાવ્યા | 1,000 |
| | 2,000 | | 2,000 |

યંત્રો ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 3,50,000 | ઘસારો ખાતે | 35,000 |
| બેન્ક ખાતે | 1,85,000 | બેન્ક ખાતે | 40,000 |
| | | ન.નુ ખાતે (ખોટ) | 10,000 |
| | | બા.આ. લઈ ગયા | 45,000 |
| | 5,35,000 | | 5,35,000 |

જમીન-મકાન ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 3,00,000 | ઘસારો ખાતે | 30,000 |
| | | બા.આ. લઈ ગયા | 2,70,000 |
| | 3,00,000 | | 3,00,000 |

રોકાણોનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 80,000 | બેન્ક ખાતે (વેચાણ) | 25,000 |
| ન.નુ. ખાતે (નફો) | 5,000 | બા.આ. લઈ ગયા | 75,000 |
| બેન્ક ખાતે (ખરીદી) | 15,000 | | |
| | 1,00,000 | | 1,00,000 |

ઉદા.-2 હર્નિશ લિ.ની નીચેની માહિતી પરથી ભંડોળ પ્રવાહ પત્રક અને કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક તૈયાર કરો. બધી જ ગણતરી સ્પષ્ટ કરો.

હર્નિશ લિ. ના પાકા-સરવૈયા

| દેવાઓ | 31-3-22 | 31-3-21 | મિલકતો | 31-3-22 | 31-3-21 |
|---|---|---|---|---|---|
| દરેક રૂ. 10 નો તેવા | | | કાયમી મિલકતો | 22,00,000 | 10,00,000 |
| ઈ. શેર | 9,50,000 | 2,00,000 | 10% ના રોકાણો | - | 2,00,000 |
| રૂ. 10 નો 1 એવા | | | સ્ટોક | 4,00,000 | 5,40,000 |
| પ્રેફ. શેર જેના શેર | | | દેવાદારો | 6,00,000 | 4,60,000 |
| દીઠ રૂ. 8 ભરાયેલ | - | 2,00,000 | બેન્ક | 20,00,000 | - |
| (રિડિ. પ્રેફ. શેર) | | | ન.નુ. ખાતું | 40,000 | 4,00,000 |
| મૂડી અનામત | - | 2,00,000 | ડિબેન્ચર વટાવ | 10,000 | - |
| સામાન્ય અનામત | 6,00,000 | 6,00,000 | | | |
| મૂડી પરત અનામત | 1,00,000 | - | | | |
| 10% ના ડિબેન્ચર | 6,00,000 | 2,00,000 | | | |
| લેણદારો | 8,00,000 | 2,00,000 | | | |
| દેવી હૂંડી | 6,00,000 | 2,00,000 | | | |
| કરવેરા જોગવાઈ | 10,00,000 | 4,00,000 | | | |
| ઘસારા જોગવાઈ | 6,00,000 | 2,00,000 | | | |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | - | 2,00,000 | | | |
| | 52,50,000 | 26,00,000 | | 52,50,000 | 26,00,000 |

વધારાની માહિતી :

(1) આગળના વર્ષમાં સ્ટોકની કિંમત મૂળ કિંમત કરતાં 10% ઓછી આંકવામાં આવેલ હતી. હવે તે 2021-22 થી મૂળ કિંમતે દર્શાવતું નક્કી થયેલ છે. 31-3-2022 નો સ્ટોક મૂળ કિંમતે જ દર્શાવેલ છે.

(2) ચાલુ વર્ષ કંપનીની જોગવાઈનું પાલન કરી (કાયદા) રિડિ. પ્રેફરન્સ શેર 8% ના પ્રીમિયમથી પરત કરેલ છે. આ માટે સામાન્ય અનામતમાંથી જરૂરી રકમ મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવી છે.

(3) વર્ષની શરૂઆતમાં કંપનીએ બધી કાયમી મિલકતો 12,00,000 માં વેચી દીધી હતી અને નફો મૂડી અનામત ખાતે જમાં કર્યો હતો.

(4) મૂડી અનામતમાંથી કંપનીએ ઈ. શેર હોલ્ડરોને પૂરા ભરપાઈ થયેલા બોનસ શેર આપ્યા હતા.

(5) વર્ષ દરમિયાન કંપનીએ રોકાણો 2,50,000 માં વેચી દીધા હતા.

(6) 2021-22 ના વર્ષ દરમિયાન કંપનીએ રૂ. 1,00,000 વચગાળાના ડિવિડન્ડના ચૂકવ્યા હતા અને રૂ. 2,00,000 કરવેરાના ચૂકવ્યા હતા.

જવાબ :

સ્ટોકની ગણતરી :

| | | | |
|---|---|---|---|
| ધારો કે સ્ટોકની મૂ. કિં. | 100 | 90 આ. કિ. | 100 મૂ.કિં. |
| ઓછી | -10 | 5,40,000 આ.કિં. | (?) |
| આંકેલી કિંમત | 90 | | 6,00,000 |

કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક

| વિગત | 2001 | 2002 |
|---|---|---|
| ચાલુ મિલકતો : | | |
| સ્ટોક | 6,00,000 | 4,00,000 |
| દેવાદાર | 4,60,000 | 6,00,000 |
| બેન્ક સિલક | - | 20,00,000 |
| કુલ ચાલુ મિલકતો (A) | 10,60,000 | 30,00,000 |
| ચાલુ દેવા : | | |
| લેણદાર | 2,00,000 | 8,00,000 |
| દેવી હૂંડી | 2,00,000 | 6,00,000 |
| B.O.D. | 2,00,000 | - |
| કુલ ચાલુ દેવા (B) | 6,00,000 | 14,00,000 |
| કાર્યશીલ મૂડી (A – B) | 4,60,000 | 16,00,000 |
| કાર્યશીલ મૂડીમાં વધારો : (16,00,000 – 4,60,000) | | 11,40,000 |

સુધારેલ ન.નુ. ખાતું

| **વિગત** | **રૂ.** | **વિગત** | **રૂ.** |
|---|---|---|---|
| બા. આ. લાવ્યા | 4,00,000 | સ્ટોકની કિંમતમાં વધારો | 60,000 |
| કા.મિ. ઘસારા જોગવાઈ | 6,00,000 | રોકાણ નફો | 50,000 |
| સા. અનામત ખાતે | 1,00,000 | સંચાલકીય નફો | 18,70,000 |
| માંડી વાળેલ પ્રે. શેર | | (ભંડોળ પ્ર. પત્રક) | |
| પરત પ્રીમિયમ | 20,000 | બા આ. લઈ ગયા | 40,000 |
| કરવેરા જોગવાઈ | 8,00,000 | | |
| વચગાળા ડિવિડન્ડ | 1,00,000 | | |
| | 20,20,000 | | 20,20,000 |

ભંડોળ પ્રવાહ પત્રક

| પ્રાપ્તિ | રૂ. | ઉપયોગ | રૂ. |
|---|---|---|---|
| કા. મિલકત વેચાણ | 12,00,000 | કાર્યશીલ મૂડીનો વધારો | 11,40,000 |
| ઈ. મૂડી બહાર પાડી | 1,50,000 | કા. મિલકતની ખરીદી | 22,00,000 |
| રોકાણ વેચાણ | 2,50,000 | પ્રેફ શેરમૂડી પરત | 2,70,000 |
| બહાર પાડેલ ડિબેન્ચર | 3,90,000 | ચૂકવેલા કરવેરા | 2,00,000 |
| પ્રે. શેર બાકી હપ્તો | 50,000 | ચૂકવેલા વચગાળાનું | |
| સંચાલકીય નફો | | ડિવિડન્ડ | 1,00,000 |
| (ન.નુ. ખાતેથી) | 18,70,000 | | |
| | 39,10,000 | | 39,10,000 |

(1) ગણતરી : ઘસારા બાદ = મૂળકિંમત – ઘસારો

વે.કિં. = ઘસારા બાદ કિંમત + નફો   10,00,000 - 2,00,000 = 8,00,000

12,00,000 = 8,00,000 + નફો   8,00,000 નફો = 4,00,000

| વિગત | રકમ | રકમ |
|---|---|---|
| બેન્ક ખાતે 12,00,000 | | |
| તે કા. મિલકત ખાતે | | 12,00,000 |
| ઘસારા જો. ખાતે ઉ. | 2,00,000 | |
| તે. કા. મિલકત ખાતે | | 2,00,000 |
| કા. મિલકત ખાતે ઉ. | 4,00,000 | |
| તે મૂડી અનામત ખાતે (નફો) | | 4,00,000 |
| (2) મૂડી અનામત ખાતે ઉ. | 6,00,000 | |
| તે ઈ. શેર મૂડી ખાતે | | 6,00,000 |
| (3) બેન્ક ખાતે ઉ. | 2,50,000 | |
| તે રોકાણ ખાતે | | 2,50,000 |
| રોકાણ ખાતે ઉ. | 50,000 | |
| તે ન.નુ. ખાતે | | 50,000 |
| (4) (પ્રે. શેરની સંખ્યા = 2,00,000 / 8 = 25,000 × 2 બાકી હપ્તો) | | |
| (A) બેન્ક ખાતે ઉ. | 50,000 | |
| તે પ્રે. શેર મૂડી ખાતે | | 50,000 |
| (B) પ્રે. શેર મૂડી ખાતે ઉ. | 2,50,000 | |
| પ્રે. શેર પરત પ્રીમિ. ખાતે ઉ. | 20,000 | |
| તે બેન્ક ખાતે | | 2,70,000 |
| (C) સામાન્ય અનામત ખાતે ઉ. | 1,00,000 | |
| તે મૂડી પરત અનામત ખાતે | | 1,00,000 |
| (D) ન.નુ. ખાતે ઉ. | 20,000 | |
| તે પરત પ્રીમિ. ખાતે | | 20,000 |
| (E) કરવેરા ખાતે ઉ. | 2,00,000 | |
| તે બેન્ક ખાતે | | 2,00,000 |

જરૂરી ખાતાઓ :

(1) કાયમી મિલકતોનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | 10,00,000 | બેન્ક ખાતે | 12,00,000 |
| મૂડી અનામત ખાતે (નફો) | 4,00,000 | ઘસારા જોગવાઈ ખાતે | 2,00,000 |
| બેન્ક ખાતે (ખરીદી) | 22,00,000 | બા. આ. લઈ ગયા | 22,00,000 |
| | 36,00,000 | | 36,00,000 |

(2) ઘસારા જોગવાઈનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| કાયમી મિલકત ખાતે | 2,00,000 | બા. આ. લાવ્યા | 2,00,000 |
| બા.આ. લઈ ગયા | 6,00,000 | ન.નુ. ખાતે | 6,00,000 |
| | 8,00,000 | | 8,00,000 |

(3) મૂડી અનામતનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ઈ. શેર મૂડી ખાતે | 6,00,000 | બા.આ. લાવ્યા | 2,00,000 |
| બા.આ. લઈ ગયા | - | કાયમી મિલકત ખાતે | 4,00,000 |
| | 6,00,000 | | 6,00,000 |

(4) ઈક્વિટી મૂડીનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ. લઈ ગયા | 9,50,000 | બા.આ લાવ્યા | 2,00,000 |
| | | મૂડી અનામત ખાતે | 6,00,000 |
| | | બેન્ક ખાતે | 1,50,000 |
| | 9,50,000 | | 9,50,000 |

(5) રોકાણોનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ લાવ્યા | 2,00,000 | બેન્ક ખાતે | 2,50,000 |
| ન.નુ. ખાતે | 50,000 | બા.આ. લઈ ગયા | - |
| | 2,50,000 | | 2,50,000 |

(6) પ્રે. શેર મૂડી ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બેન્ક ખાતે | 2,50,000 | બા. આ. લાવ્યા | 2,00,000 |
| બા.આ. લઈ ગયા | - | બેન્ક ખાતે (હપ્તો) | 50,000 |
| | 2,50,000 | | 2,50,000 |

(7) પ્રે. શેર પરત પ્રીમિયમ ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---:|---|---:|
| બા.આ. લાવ્યા | - | ન.નુ. ખાતે | 20,000 |
| બેન્ક ખાતે | 20,000 | બા.આ. લઈ ગયા | - |
| | 20,000 | | 20,000 |

(8) સામાન્ય અનામત ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---:|---|---:|
| મૂડી પરત અનામત ખાતે | 1,00,000 | બા.આ. લાવ્યા | 6,00,000 |
| બા.આ. લઈ ગયા | 6,00,000 | ન.નુ. ખાતે | 1,00,000 |
| | 7,00,000 | | 7,00,000 |

(9) મૂડી પરત અનામત ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---:|---|---:|
| બા.આ. લઈ ગયા | 1,00,000 | બા.આ. લાવ્યા | - |
| | | સામાન્ય અનામત ખાતે | 1,00,000 |
| | 1,00,000 | | 1,00,000 |

(10) કરવેરા જોગવાઈ ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---:|---|---:|
| બેન્ક ખાતે | 2,00,000 | બા.આ. લાવ્યા | 4,00,000 |
| બા.આ. લઈ ગયા | 10,00,000 | ન.નુ. ખાતે | 8,00,000 |
| | 12,00,000 | | 12,00,000 |

ઉદા.-3 બાઈબલ કંપનીના પાકા-સરવૈયા નીચે મુજબ છે. તેના પરથી કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક અને ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરો :

| મૂડી-દેવા | 2012 | 2013 | મિલકતો | 2012 | 2013 |
|---|---:|---:|---|---:|---:|
| ઈ. શેર મૂડી (દરેક | | | પાઘડી | 62,000 | 50,000 |
| રૂ. 10નો) | 2,00,000 | 3,00,000 | જમીન-મકાન | 2,70,000 | 2,20,000 |
| રિડિ. પ્રેફ શેર | | | યંત્રો (મૂ.કિં.) | 30,000 | 2,00,000 |
| રૂ. 10 નો જેના પર | | | ફર્નિચર | 33,000 | 69,000 |
| રૂ. 8 ભરપાઈ | 80,000 | 4,000 | દેવાદારો | 45,000 | 60,000 |
| ન.નુ. ખાતું | 1,00,000 | 1,80,000 | લેણી હૂંડી | 30,000 | 40,000 |
| સામાન્ય અનામત | 80,000 | 1,05,000 | રોકડ બેન્ક | 42,000 | 1,20,000 |
| શેર પ્રીમિયમ | 9,500 | 250 | સ્ટોક | 40,000 | 1,00,000 |
| મૂડી અનામત | 2,000 | 20,000 | પ્રાથમિક ખર્ચા | 15,000 | 10,000 |
| મૂડી પરત અનામત | - | 45,000 | ડિબેન્ચર વટાવ | 6,000 | 1,000 |
| 15% ના ડિબેન્ચર | - | 50,000 | | | |
| 18% ની બેન્ક લોન | - | 40,000 | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કરવેરા જોગવાઈ | 40,000 | 52,000 | | | |
| લેણદારો | 15,000 | 20,000 | | | |
| દેવી હૂંડી | 4,500 | 18,000 | | | |
| મુ. બાકી ખર્ચા | 22,000 | 5,750 | | | |
| યંત્ર ઘસારા ફંડ | 20,000 | 30,000 | | | |
| | 5,73,000 | 8,70,000 | | 5,73,000 | 8,70,000 |

(1) વર્ષ દરમિયાન અનામતમાંથી 4:1 ના પ્રમાણમાં બોનસ શેર આપવામાં આવ્યા હતાં.

(2) 2013 વર્ષમાં ઈ. શેર પર 2012 ના વર્ષનું 18% લેખે ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

(3) વર્ષ દરમિયાન ડિબેન્ચરો 10% વટાવે બહાર પાડ્યા હતા.

(4) રિડિ. પ્રેફ. શેર પરત કરવાની નોટિસ આપી અને શેરનો બાકી હપ્તો મંગાવી લેવામાં આવ્યો પરંતુ 500 શેર સિવાય બાકીના શેર પર પૂરેપૂરા નાણા મળી ગયા. 30-6-2013 ના રોજ 15% પ્રીમિયમએ પ્રેફ. શેર પરત કર્યા. આ હેતુ માટે ઈ. શેરો 10% ના પ્રીમિયમથી બહાર પાડવામાં આવ્યા અને બાકીના નફામાંથી પરત કરવામાં આવ્યા.

(5) 2012 વર્ષની કરવેરાની આખાર જવાબદારી 30,000 નક્કી થઈ અને તે ચૂકવી દીધી. કરવેરા જોગવાઈનો વધારો સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવ્યો હતો.

(6) એક યંત્ર જેની મુ.કિં. 30,000 હતી જેના પર એકત્રિત ઘસારો 8,000 હતો તે 18,000 માં વેચવામાં આવ્યું હતું.

(7) જમીનનો એક ટુકડો વેચવામાં આવ્યો હતો. જેનો નફો મૂડી અનામત ખાતે જમા કરવામાં આવ્યો હતો. મૂડી અનામત ખાતે આ રકમ સિવાય કોઈ રકમ જમા થઈ ન હતી.

(8) તા. 1-1-13 ના રોજ બેન્કમાંથી 50,000 ની લોન લીધી હતી. જે દરેક વર્ષીય અંતે એક સરખા પાંચ હપ્તામાં પરત કરવાની હતી.

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક

| વિગત | 31-3-12 | 31-3-13 |
|---|---|---|
| ચાલુ મિલકતો : | | |
| દેવાદાર | 45,000 | 60,000 |
| લેણી હૂંડી | 30,000 | 40,000 |
| રોકડ બેન્ક | 42,000 | 1,20,000 |
| સ્ટોક | 40,000 | 1,00,000 |
| કુલ ચાલુ મિલકતો | 1,57,000 | 3,20,000 |
| ચાલુ દેવાં : | | |
| લેણદારો | 15,000 | 20,000 |
| દેવી હૂંડી | 4,500 | 18,000 |

| | | |
|---|---|---|
| મૂ. બાકી ખર્ચા | 22,000 | 5,750 |
| કુલ ચાલુ દેવાં | 41,500 | 43,750 |
| કાર્યશીલ મૂડી | 1,15,500 | 2,76,250 |
| કાર્યશીલ મૂડીમાં વધારો | 1,60,750 | |

સુધારેલ ન.નુ. ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| કરવેરા જોગવાઈ | 52,000 | બા.આ. લાવ્યા | 10,00,000 |
| ડિ. વટાવ માંડી વાળ્યો | 10,000 | સુધારેલ નફો (?) | 3,35,000 |
| સામાન્ય અનામત ખાતે | 65,000 | | |
| યંત્ર વેચાણની ખોટ | 4,000 | | |
| ઘસારા ફંડ ખાતે જોગવાઈ | 18,000 | | |
| માંડી વાળેલ પાઘડી | 12,000 | | |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | 5,000 | | |
| મૂડી પરત અનામત ખાતે | 45,000 | | |
| ઈ. શેર ડિવિડન્ડ | 36,000 | | |
| પ્રેફ. લઈ ગયા | 8,000 | | |
| બા.આ. લઈ ગયા | 1,80,000 | | |
| | 4,35,000 | | 4,35,000 |

ભંડોળ પ્રવાહ પત્રક

| પ્રાપ્તિ | રૂ. | ઉપયોગ | રૂ. |
|---|---|---|---|
| જમીન-વેચાણ | 68,000 | કાર્યશીલ મૂડીનો વધારો | 1,60,750 |
| યંત્ર વેચાણ | 18,000 | ચૂકવેલા કરવેરા | 30,000 |
| સંચાલકીય નફો | 3,35,000 | યંત્ર ખરીદી | 2,00,000 |
| ઈ.શેર બહાર પાડેલા | 50,000 | ફર્નિચરની ખરીદી | 36,000 |
| શેર પ્રીમિયમ | 5,000 | પ્રથમ હપ્તાની ચૂકવણી | 10,000 |
| રિડિ. પ્રેફ. શેરનો | | રિડિ. પ્રેફ. શેર પરત | 1,09,250 |
| બાકી હપ્તો | 19,000 | ઈક્વિટી ડિવિડન્ડ | 36,000 |
| ડિબેન્ચર બહાર પાડેલ | 45,000 | પ્રેફરન્સ ડિવિડન્ડ | 8,000 |
| બેન્ક લોન | 50,000 | | |
| | 5,90,000 | | 5,90,000 |

કરવેરાની જોગવાઈનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બેન્ક ખાતે (ચુકવણી) | 30,000 | બા.આ. લાવ્યા | 40,000 |
| સા. અના. ખાતે | 10,000 | ન.નુ. ખાતે (?) (જોગવાઈ) | 52,000 |
| બા. આ. લઈ ગયા | 52,000 | | |
| | 92,000 | | 92,000 |

ડિબેન્ચર વટાવ ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | 6,000 | ન.નુ. ખાતે (જોગવાઈ) | 10,000 |
| ડિબેન્ચર ખાતે | 5,000 | બા.આ. લઈ ગયા | 1,000 |
| | 11,000 | | 11,000 |

સામાન્ય અનામત ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ઈ. શેર ખાતે | 50,000 | બા.આ. લાવ્યા | 80,000 |
| બા.આ. લઈ ગયા | 1,05,000 | કરવેરા જોગવાઈ ખાતે | 10,000 |
| | | (ન.નુ. ખાતે) (?) | 65,000 |
| | 1,55,000 | | 1,55,000 |

જમીન-મકાન ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | 2,70,000 | બેન્ક ખાતે (વેચાણ) | 68,000 |
| મૂડી અનામત ખાતે (નફો) | 18,000 | બા.આ. લઈ ગયા | 2,20,000 |
| | 2,88,000 | | 2,88,000 |

યંત્ર ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | 30,000 | બેન્ક ખાતે વેચાણ | 18,000 |
| બેન્ક ખાતે ખરીદી (?) | 2,00,000 | ઘસારા ફંડ ખાતે | 8,000 |
| | | ન.નુ. ખાતે (ખોટ) | 4,000 |
| | | બા.આ. લઈ ગયા | 2,00,000 |
| | 2,30,000 | | 2,30,000 |

ઘસારા ફંડ ખાતું (યંત્ર)

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| યંત્ર ખાતે | 8,000 | બા.આ. લાવ્યા | 20,000 |
| બા.આ. લઈ ગયા | 30,000 | ન.નુ. ખાતે (?) | 18,000 |
| | 38,000 | | 38,000 |

## 6.8 સ્વાધ્યાય

**સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. 'ભંડોળ-પ્રવાહ પત્રક' એટલે શું ? તેની ઉપયોગિતા સમજાવો.
2. કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક નમૂનો જણાવો ?
3. ભંડોળ પ્રવાહની પ્રાપ્તિ અને ઉપયોગનાં સાધનો દર્શાવો.

**ટૂંક નોંધ લખો :**

1. ભંડોળ પ્રવાહ પત્રક
2. કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક
3. સુધારેલ નફા-નુકસાન ખાતું

**વ્યવહારિક પ્રશ્નો :**

નીચે લિ. ના પાકા-સરવૈયા તા. 31-3-21 અને 31-3-22 ના આપેલા છે.

દા.-1

| જવાબદારીઓ | 31-3-21 | 31-3-22 | મિલકતો | 31-3-21 | 31-3-22 |
|---|---|---|---|---|---|
| ઈ. શેર મૂડી | 3,00,000 | 4,00,000 | પાઘડી | 1,00,000 | 80,000 |
| (દરેક રૂ. 10 નો) | | | જમીન-મકાન | 2,50,000 | 6,60,000 |
| પ્રેફરન્સ શેર મૂડી | 2,00,000 | 5,00,000 | પેટન્ટ | 60,000 | 40,000 |
| સામાન્ય અનામત | 2,00,000 | 3,00,000 | પ્લાન્ટ યંત્રો | 2,50,000 | 5,20,000 |
| ન.નુ. ખાતું | 1,60,000 | 2,10,000 | ફર્નિચર | 25,000 | 30,000 |
| ડિબેન્ચર | - | 2,00,000 | રોકાણો | 1,35,000 | 1,65,000 |
| કરવેરા જોગવાઈ | 1,30,000 | 1,45,000 | સ્ટોક | 1,50,000 | 3,20,000 |
| લેણદારો | 70,000 | 80,000 | દેવાદારો | 2,70,000 | 90,000 |
| તારણવાળી લોન | 1,40,000 | 60,000 | બેન્ક | 60,000 | 59,000 |
| બેન્ક ઓવર ડ્રાફ્ટ | 79,000 | 1,10,000 | લાપ. ડિપોઝીટ | - | 60,000 |
| સૂચિત ડિવિડન્ડ | 41,000 | 45,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચ | 10,000 | 12,000 |
| | | | ડિબેન્ચર વટાવ | - | 6,000 |
| | | | પ્રાથમિક ખર્ચ | 10,000 | 8,000 |
| | 13,20,000 | 20,50,000 | | 13,20,000 | 20,50,000 |

વધારાની માહિતી

(1) 2021-22 ના વર્ષ દરમિયાન કંપનીએ સામાન્ય અનામતમાંથી દર ત્રણ શેરે એક શેર બોનસ તરીકે આપેલ હતો.

(2) વર્ષ દરમિયાન કંપનીએ 5% ના વટાવથી ડિબેન્ચર બહાર પાડ્યા.

(3) વર્ષ દરમિયાન ઘસારો - જમીન-મકાન પર 45,000
- પ્લાન્ટ - યંત્રો પર 70,000
- પેટન્ટ પર 20,000

(4) વર્ષ દરમિયાન 7,200 ની મૂ. કિં.ના રોકાણો 8,500 ની કિંમતે વેચવામાં આવ્યા અને નવા રોકાણો 9,500 ની કિંમતે ખરીદ્યા.

(5) વર્ષ દરમિયાન ચૂકવેલા કરવેરા 75,000 અને 66,000 ના યંત્રો 54,000 ની કિંમતે વેચ્યા હતા.

તમારે : (1) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક અને (2) ભંડોળ પ્રાપ્તિ અને ઉપયોગનું પત્રક તૈયાર કરવાના છે.

જવાબ :

(1) કાર્યશીલ મૂડીમાં વધારો = 10,000 (2) સા. અનામતની ફાળવણી 2,00,000 (3) કરવેરાની જોગવાઈ = 90,000 (4) યંત્ર વેચાણ ખોટ 12,000 (5) ડિબેન્ચર દ્વારા ભંડોળ મળેલ 1,90,000 (6) માંડી વાળેલ ડિબેન્ચર વટાવ એ પાઘડી અનુક્રમે 4000 અને 20,000 (7) પ્રે. શેર દ્વારા ભંડોળની પ્રાપ્તિ 3,00,000 (8) જમીન-મકાનની ખરીદી 45,000 (9) પ્લાન્ટ-યંત્રોની ખરીદી 7,000 (10) ગયા વર્ષના ડિવિડન્ડની ચૂકવણી 41,000 (11) રોકાણોની ખરીદી 9,500 + 27,700 = 37,200 અને રોકાણ વેચાણ નફો 1,300 (12) સંચાલકીય નફો 556700 (13) ભંડોળ પત્રકનો સરવાળો 11,09,200

દા.-2 માધવ લિ. ના 31-3-15 અને 31-3-16 ના રોજના પા.સ. નીચે મુજબ છે :

| જવાબદારીઓ | 31-3-15 | 31-3-16 | મિલકતો | 31-3-15 | 31-3-16 |
|---|---|---|---|---|---|
| ઈ. શેર મૂડી | 4,50,000 | 6,00,000 | સ્થિર મિલકતો | 12,00,000 | 14,55,000 |
| મૂડી અનામત | - | 15,000 | (પડતર કિંમત) | | |
| સામાન્ય અનામત | 2,55,000 | 3,00,000 | રોકાણો | 1,50,000 | 1,20,000 |
| ન.નુ. ખાતું | 90,000 | 1,12,500 | ચાલુ મિલકતો | 4,20,000 | 4,95,000 |
| 9% ડિબેન્ચર | 3,00,000 | 2,40,000 | પ્રાથમિક ખર્ચા | 30,000 | 15,000 |
| ચાલુ દેવા | 1,80,000 | 1,95,000 | | | |
| ઘસારા જોગવાઈ | 3,45,000 | 4,35,000 | | | |
| કરવેરા જોગવાઈ | 1,35,000 | 1,27,500 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 45,000 | 54,000 | | | |
| નહિ ચૂકવેલ ડિવિડન્ડ | - | 6,000 | | | |
| | 18,00,000 | 20,85,000 | | 18,00,000 | 20,85,000 |

વધારાની માહિતી :

(1) રૂ. 37,500 માં એક યંત્ર વેચવામાં આવ્યું. જેની પડતર કિંમત 75,000 હતી તેના પર એકત્રિત ઘસારો 31,500 હતો.

(2) ચાલુ વર્ષ 1,42,500 ઘસારાની જોગવાઈ કરવામાં આવેલી હતી.

(3) ડિબેન્ચર 5% પ્રીમિયમથી પરત કર્યા હતા.

(4) કેટલાક રોકાણો નફાથી વેચવામાં આવ્યા હતા. તેનો નફો મૂડી અનામત ખાતે જમાં કર્યા હતા.

(5) રૂ. 21,000 ની સ્થિર મિલકતો માંડી વાળી હતી. જેના પર પૂરેપૂરો ઘસારો ગણવામાં આવ્યો હતો.

(6) વર્ષ દરમિયાન 1,20,000 ના કરવેરા ચૂકવ્યા છે.

(7) અગાઉના વર્ષોમાં સ્ટોકની કિંમત મૂળ કિંમત કરતા 10% ઓછી કિંમતો આંકવામાં આવતી હતી. હવે તે મૂળ કિંમતે દર્શાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ રીતે તા. 31-3-15 ના રોજ સ્ટોકની કિંમત 81,000 હતી. જ્યારે તા. 31-3-16 ના રોજ સ્ટોકની કિંમત 1,12,500 દર્શાવવામાં આવેલી હતી.

ઉપર દર્શાવેલી માહિતી પરથી બધી જ જરૂરી ગણતરીઓ સાથે ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ :

(1) કાર્યશીલ મૂડીમાં વધારો 51,000 (2) સ્થિર મિલકતની ખરીદી 3,51,000 (3) ઘસારા જોગવાઈ 1,42,500 (4) કરવેરા જોગવાઈ 1,12,500 (5) સુધારેલ નફો 3,91,500 (6) ભંડોળ પત્રકનો સરવાળો 7,46,250

દા.-3 સલોની કંપની લિ. ના 31-3-14 અને 31-3-15 ના રોજના પાકા-સરવૈયા નીચે મુજબ છે :

| જવાબદારીઓ | 31-3-14 | 31-3-15 | મિલકતો | 31-3-14 | 31-3-15 |
|---|---|---|---|---|---|
| ઈ. શેર મૂડી દરેક | | | પ્લાન્ટ-યંત્રો | 1,60,000 | 2,00,000 |
| રૂ. 10 નો તેવા | 2,25,000 | 3,00,000 | પાઘડી | - | 10,000 |
| સામાન્ય અનામત | 80,000 | 90,000 | મકાન | 1,25,000 | 1,10,000 |
| ન.નુ. ખાતું | 30,000 | 35,000 | સ્ટોક | 1,20,000 | 1,20,000 |
| બેન્ક લોન | 80,000 | 10,000 | દેવાદારો | 70,000 | 55,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 15,000 | 22,000 | રોકડ સિલક | 10,000 | 20,000 |
| સૂચિત ડિવિડન્ડ | 9,000 | 15,000 | બેન્ક | - | 22,000 |
| લેણદારો | 26,000 | 33,000 | પ્રાથમિક ખર્ચાઓ | 5,000 | 3,000 |
| કરવેરા જોગવાઈ | 25,000 | 35,000 | | | |
| | 4,90,000 | 5,40,000 | | 4,90,000 | 5,40,000 |

વધારાની માહિતી : તા. 31-3-15 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન

(1) રૂ. 5,000 વચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું હતું.

(2) વર્ષ 2013-14 ની કરવેરાની જવાબદારી 20,000 નક્કી થઈ હતી. જે ચૂકવી દેવામાં આવી, કરવેરાની જોગવાઈનો વધારો સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવ્યો હતો.

(3) અન્ય કંપનીની મિલકતો 75,000 માં ખરીદવામાં આવી હતી. જેની ચૂકવણી પૂર્ણ ભરપાઈ ઈ. શેર દ્વારા કરવામાં આવી હતી. નીચેની મિલકતો ખરીદવામાં આવી હતી.

પ્લાન્ટ - યંત્રો 30,000

સ્ટોક 30,000

(4) રૂ. 35,000 ના યંત્રો રોકડેથી ખરીદ્યા હતા.

ઉપરોક્ત માહિતી પરથી સલોની કંપની લિ. ના ચોપડે ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ :

(1) કાર્યશીલ મૂડીમાં ઘટાડો - 27,000

(2) સુધારેલ ચોખ્ખો નફો - 1,04,000

(3) સા. અના. ની જોગવાઈ - 7,000

(4) ભંડોળ પત્રક સરવાળા - 1,39,000

દા.-4 નીચે આપેલ ઉન્મેષ લિ. ના પા.સ. અને અન્ય જરૂરી માહિતી પરથી ખાતાઓ અને ભંડોળ પ્રવાહ પત્રક બનાવો.

| દેવા | 31-3-20 | 31-3-21 | મિલકતો | 31-3-20 | 31-3-21 |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી | 3,00,000 | 4,00,000 | પાઘડી | 1,00,000 | 90,000 |
| સા. અનામત | 80,000 | 1,00,000 | પ્લાન્ટ-મશીનરી | 2,98,000 | 4,29,250 |
| ન.નુ. ખાતું | 30,000 | 50,000 | રોકાણો | 1,00,000 | 60,000 |
| 15% ડિબેન્ચર | 1,50,000 | 1,00,000 | સ્ટોક | 50,000 | 80,000 |
| કરવેરા જોગવાઈ | 50,000 | 40,000 | દેવાદારો | 1,60,000 | 1,10,000 |
| લેણદારો | 90,000 | 70,000 | રોકડ | 10,000 | 20,000 |
| સૂચિત ડિવિડન્ડ | 30,000 | 40,000 | અ.ચૂ. ખર્ચા | 4,000 | 5,750 |
| | | | ડિબેન્ચર વટાવ | 8,000 | 5,000 |
| | 7,30,000 | 8,00,000 | | 7,30,000 | 8,00,000 |

વધારાની માહિતી :

(1) રોકાણો વેચતા 10,000 નો નફો થયેલો છે.

(2) 15% ના ડિબેન્ચર 5% ના પ્રીમિયમ પરત કર્યા.

(3) વર્ષ દરમિયાન 45,000 આવકવેરો ચૂકવ્યો.

(4) 50,000 ની મૂળ કિંમતનું યંત્ર (જેની ઘસારાબાદ કિંમત 20,000) તેને 35,000 માં વેચ્યું.

(5) રૂ. 10,000 ની મૂ.કિં.નું યંત્ર (જેની ઘસારાબાદ કિંમત 3,000) કાઢી નાખવામાં આવ્યું.

(6) પ્લાન્ટ-મશીનરી ખાતામાં 15% ના દરે ઘસારો ગણવામાં આવ્યો છે.

જવાબ :

(1) ભંડોળ પત્રકનો સરવાળો - 3,38,200 (2) કાર્યશીલ મૂડીમાં વધારો 11,750 (3) સંચાલકીય નફો - 1,53,200 (4) રોકાણ વેચાણ - 50,000, યંત્ર વેચાણ - 35,000 શેર મૂડીમાં વધારો 1,00,000.

દા.-5 ગોપીનાથ લિ. ના તા. 31-3-2019 અને 31-3-2020 ના રોજ પા.સ. નીચે મુજબ છે :

| જવાબદારીઓ | 31-3-19 | 31-3-20 | મિલકતો | 31-3-19 | 31-3-20 |
|---|---|---|---|---|---|
| દરેક રૂ. 10 નો 1 | | | પાઘડી | 50,000 | 40,000 |
| એવા ઈ. શેર પૂરા | | | જમીન-મકાન | 1,60,000 | 2,40,000 |
| વસૂલ | 2,00,000 | 4,00,000 | સાચા યંત્રો | 1,90,000 | 3,00,000 |
| દરેક રૂ. 10 નો 1 | | | રોકાણો | 60,000 | - |
| એવા રિડિમેબલ | | | સ્ટોક | 25,000 | 32,000 |
| પ્રેફ. શેર જેના પર | | | દેવાદારો | 45,000 | 31,000 |
| રૂ. 7 વસૂલ | 70,000 | - | લેણી હૂંડી | 25,000 | 14,000 |
| સામાન્ય અનામત | 75,000 | 50,000 | બેન્ક સિલક | 90,000 | 40,000 |
| ન.નુ. ખાતું | 60,000 | 80,000 | પ્રાથમિક ખર્ચા | 15,000 | 5,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શેર પ્રીમિયમ | 25,000 | 20,000 | | | |
| 12% ડિબેન્ચર | 1,00,000 | - | | | |
| લેણદારો | 40,000 | 50,000 | | | |
| દેવી હૂંડી | 30,000 | 15,000 | | | |
| કરવેરા જોગવાઈ | 35,000 | 45,000 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 25,000 | 42,000 | | | |
| | 6,60,000 | 7,02,000 | | 6,60,000 | 7,02,000 |

વધારાની માહિતી :

(1) રોકાણો તેની વેચાણ કિંમત પર 20% નફો મળે તેમ વેચેલા છે.

(2) કંપનીએ જરૂરી કાયદાની જોગવાઈનું પાલન કરી પ્રેફ. શેર 5% ના પ્રીમિયમે પરત કરેલા છે. આ માટે સામાન્ય અનામતમાંથી રૂ. 1,00,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવાના છે.

(3) માંડી વાળેલ ઘસારો - જમીન મકાન રૂ. 30,000, સાચા યંત્રો રૂ. 45,000.

(4) વર્ષ દરમિયાન રૂ. 1,00,000 ની પડતર કિંમતનું યંત્ર જેના પર એકત્રિત ઘસારો 60,000 હતો તે રૂ. 45,000 ની કિંમતે વેચ્યું હતું.

(5) કંપનીએ મૂડી પરત અનામતમાંથી વર્તમાન શેરધારકોને 2:1 ના પ્રમાણમાં બોનસ શેર આપેલા છે.

(6) ડિબેન્ચર રૂ. 103 લેખે પરત કરેલા છે.

(7) ગઈ સાલના કરવેરાની રકમ રૂ. 30,000 ચૂકવેલ છે અને ગઈ ચાલનું સૂચિત ડિવિડન્ડ પણ ચૂકવેલ છે.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો : (1) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક (2) ભંડોળ પ્રવાહ પત્રક (પ્રાપ્તિ અને ઉપયોગ)

જવાબ :

(1) ભંડોળ પત્રક સરવાળો - 5,68,000 (2) કાર્યશીલ ઘટાડો - 63,000 (3) સંચાલકીય નફો - 2,55,000

એકમ 7

# રોકડ પ્રવાહનું પત્રક

## રૂપરેખા


7.1 પ્રસ્તાવના

7.2 રોકડપ્રવાહ પત્રક - અર્થ

7.3 રોકડપ્રવાહ પત્રકની પ્રવૃત્તિઓ અને અન્ય વિગતો

7.4 રોકડપ્રવાહ પત્રક અને ભંડોળપ્રવાહ પત્રક વચ્ચેનો તફાવત

7.5 રોકડપ્રવાહ પત્રકની ઉપયોગિતા

7.6 રોકડપ્રવાહ પત્રકની મર્યાદાઓ

7.7 રોકડપ્રવાહ પત્રકનો નમૂનો

- ઉદાહરણો

7.8 સ્વાધ્યાય


## 7.1 પ્રસ્તાવના :

ટૂંકાગાળાના આયોજન માટે રોકડપ્રવાહનું વિશ્લેષણ ખૂબ જ ઉપયોગી છે. ધંધાની સૌથી પ્રવાહી મિલકત જો કોઈ હોય તો તે રોકડ છે. કંપનીને નજીકના ભવિષ્યમાં થતાં દેવાંની ચૂકવણી કરવા, વ્યાજ અને અન્ય ખર્ચ ચૂકવવા, રોજબરોજના વ્યવહારો કરવા અને શેરહોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવવા માટે પૂરતી રોકડની જરૂર પડે છે. આમ કંપનીના સમગ્ર વ્યવહારો રોકડની આવક કે જાવકમાંથી થાય છે. આમ કંપનીમાં રોકડની ઉપલબ્ધતા નક્કી કરવા માટે નજીકના ભવિષ્ય માટે રોકડની આવક અને જાવકનો અંદાજ મૂકી શકાય જેથી કરીને જરૂરિયાત કરતા વધુ પ્રમાણમાં રોકડ હાથ પર ન રહી જાય અને તેની નકારાત્મક અસર ધંધાની નફાકારકતા પર ન પડે. આમ રોકડની બાકી તેના સમયગાળા દરમિયાન કંપનીની રોકડની જરૂરિયાત સાથે મેળ ખાય છે અને તે પ્રમાણે જો ખાધ હોય તો તેને પહોંચી વળવા અથવા વધુ હોય તો તેનું યોગ્ય રોકાણ કરવા માટે વ્યવસ્થા કરી શકાય છે.

આમ રોકડપ્રવાહ પત્રક પાછલા વર્ષ દરમિયાન રોકડની કેટલી આવક થઈ અને કેટલી જાવક થઈ તથા વર્ષના અંતે કેટલી રોકડ બાકી (હાથ પર) રહી હતી તે દર્શાવે છે. આમ પત્રકમાં શરૂઆતની રોકડ સિલકમાં કુલ આવક ઉમેરવામાં આવે છે અને જાવક બાદ કરવામાં આવતા તેની આખરની બાકી રકમ મળે છે.

## 7.2 રોકડ પ્રવાહ પત્રક :

રોકડપ્રવાહનો અર્થ એ છે કે રોકડની આવક અને જાવક. એટલે કે રોકડના પ્રવાહ (સ્રોત)ની આવક કુલ રોકડની ઉપલબ્ધિમાં વધારો કરે છે. જે કંપનીના ઉપયોગમાં લેવાય છે. જ્યારે રોકડની જાવક એટલે કે રોકડનો વપરાશ એટલે કે તેમાં ઘટાડો થાય છે.

રોકડની આવક અને જાવક વચ્ચેનો તફાવત ચોખ્ખા રોકડપ્રવાહ તરીકે ઓળખાય છે. જે ચોખ્ખી રોકડની આવક અથવા ચોખ્ખી રોકડ જાવક હોઈ શકે છે. આમ રોકડપ્રવાહ પત્રક

બનાવવાથી રોકડની પરિસ્થિતિનો ખ્યાલ મળે છે. કંપની ધંધાના આર્થિક વ્યવહારોને નિભાવવા માટે પૂરતા પ્રમાણમાં રોકડની વ્યવસ્થા છે કે કેમ એ જાણી શકે છે. જેથી જ્યારે જ્યારે ધંધાનાં દેવાં ચૂકવવાનાં થાય ત્યારે ચૂકવી શકાશે કે નહિ તે જાણી શકાય છે.

ઇન્ડિયન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા દ્વારા રોકડપ્રવાહ પત્રક માટે હિસાબી ધોરણ 3 (જૂનું) અને સુધારેલ ધોરણ Ind.As-7 મુજબ બધી જ કંપનીઓએ આનો ફરજિયાત અમલ કરવાનો થાય છે. આમ કંપનીઓએ તેમના વાર્ષિક અહેવાલમાં રોકડપ્રવાહ પત્રક દર્શાવવાનું રહે છે.

રોકડપ્રવાહ પત્રક નક્કી કરેલા ચોક્કસ સમયગાળા દરમિયાન ધંધાની કામગીરીની પ્રવૃત્તિ (Operating Activity), રોકાણ પ્રવૃત્તિમાંથી (Investing Activity) અને નાણાકીય પ્રવૃત્તિમાંથી (Financing Activity) ઉદ્‌ભવતા રોકડપ્રવાહની જાણ કરશે.

આ પત્રક પ્રવૃત્તિઓના વર્ગીકરણ દ્વારા કંપનીની નાણાકીય પ્રવૃત્તિઓમાં તેમજ રોકડ રકમ અને રોકડ સમકક્ષ પ્રવૃત્તિઓની અસરનું મૂલ્યાંકન કરવા દે છે. આ માહિતીનો ઉપયોગ તે પ્રવૃત્તિઓમાંના સંબંધોનું મૂલ્યાંકન કરવા માટે પણ થઈ શકે છે.

આમ, હિસાબી ધોરણ અનુસાર રોકડપ્રવાહને વર્ગીકરણ કરી નીચે પ્રમાણે ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

## રોકડપ્રવાહ પત્રકની પ્રવૃત્તિઓ

### 7.3 કામગીરીની પ્રવૃત્તિ (Operating Activities) :

કામગીરીની પ્રવૃત્તિઓને લીધે ઉદ્‌ભવતો રોકડપ્રવાહ એ ચાવીરૂપ પરિબળ છે. જેમાં ધંધાની કામગીરીમાંથી પૂરતી રોકડ ઉદ્‌ભવે જેનાથી ધંધાની કામગીરીની ક્ષમતા જાળવી રખાય, લોન પરત કરી શકાય, ડિવિડન્ડ ચૂકવી શકાય અને બાહ્ય સ્રોતોનો ઉપયોગ કર્યા વગર નવું રોકાણ કરી શકાય. આમ, ઐતિહાસિક કામગીરીને આધારે રોકડપ્રવાહના ચોક્કસ ઘટકો અંગેની માહિતીને આધારે ભવિષ્યનો રોકડપ્રવાહનો અંદાજ મેળવી શકાય.

ધંધાની કામગીરી અને પ્રવૃત્તિઓમાંથી મુખ્યત્વે તારવેલો રોકડપ્રવાહ ધંધાની મુખ્ય આવક ઉત્પાદન પ્રવૃત્તિઓમાંથી લેવામાં આવે છે. તેથી સામાન્ય રીતે નફો કે નુકસાન આવા વ્યવહારો અને અન્ય ઘટનાઓને આધારે પરિણમે છે.

કામગીરીની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતા રોકડપ્રવાહના ઉદાહરણો આ પ્રમાણે છે :

(1) માલના વેચાણ અને પૂરી પાડવામાં આવતી સેવાઓ દ્વારા મળતી રોકડ મુખ્ય આવક છે

(2) રોયલ્ટી, ફી, કમિશન અને અન્ય આવકોમાંથી મળતી રોકડ આવક.

(3) માલ અને સેવા પૂરા પાડતા સપ્લાયરોને ચૂકવવામાં આવતી રોકડ.

(4) કર્મચારીને ચૂકવવામાં આવતી રોકડ.

(5) વીમા કંપનીને મળતી રોકડ કે ચૂકવાતી રોકડ માટે પ્રીમિયમ તથા દાવાઓ માટે, એન્યુઇટી માટે અને પોલીસીના અન્ય લાભ માટે.

(6) ઇન્કમટેક્સ માટે રોકડ ચૂકવણી કે તેના રિફંડ માટે ખાસ કરીને તે નાણાકીય અને રોકાણ પ્રવૃત્તિઓ માટે હોઈ શકે છે.

**નોંધ :** (1) કામગીરીની પ્રવૃત્તિને અંતે જે ધંધાકીય નફો (ચોખ્ખો નફો) મળે છે તે રોકડપ્રવાહ દર્શાવે છે. પરંતુ જો તેમાં બિનરોકડ વિગતોનો સમાવેશ હોય તો તેની અસરને એમાંથી દૂર કરવાની રહે છે.

(2) જો કોઈપણ ચાલુ મિલકત કે ચાલુ દેવામાં ફેરફાર થાય તો તેનાથી રોકડપ્રવાહમાં ફેરફાર થાય છે. આમ ચાલુ મિલકતમાં વધારો થાય તો રો.પ્ર.માં ઘટાડો થાય જ્યારે ચાલુ મિલકતમાં ઘટાડો થાય ત્યારે રો.પ્ર.માં વધારો થાય. આમ ચાલુ દેવામાં વધારો થાય ત્યારે રો.પ્ર.માં વધારો થાય છે. જ્યારે ચાલુ દેવામાં ઘટાડો થાય ત્યારે રો.પ્ર.માં ઘટાડો થાય છે.

**રોકાણની પ્રવૃત્તિઓ (Investing Activity) :**

રોકાણ પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતો રોકડપ્રવાહ અલગ બતાવવો મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે એવી રોકડપ્રવાહની હદ દર્શાવે છે. જે હેતુના સંશાધનો માટે કરવામાં આવેલ ખર્ચમાંથી ભવિષ્યની આવક અને રોકડપ્રવાહ ઊભા કરે છે. પાકા સરવૈયામાં દર્શાવેલ મિલકત કે જે માત્ર ખર્ચના હેતુથી કરવામાં આવેલ હોય તેવા ખર્ચને રોકાણની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરી શકાય. રોકાણ પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડપ્રવાહનાં ઉદાહરણો નીચે મુજબ છે :

(1) મિલકતો, પ્લાન્ટ, યંત્રો, અદશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની સંપત્તિ મેળવવા માટે ચૂકવેલ રોકડ. આ ચૂકવણીમાં મૂડીકૃત વિકાસખર્ચ અને સ્વતઃ (જાતે) નિર્માણ કરેલ મિલકતો પણ સમાવેશ કરવામાં આવે છે.

(2) મિલકતો, પ્લાન્ટ, યંત્રો, અદશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની સંપત્તિના વેચાણમાંથી મળતી રોકડ.

(3) અન્ય કંપનીઓના શેર, ડિબેન્ચર કે ઋણ સાધનો ખરીદવા માટે કરેલ રોકડ ચૂકવણી.

(4) અન્ય કંપનીઓના ઇક.શેર, ડિબેન્ચર કે દેવાના સાધનોના વેચાણમાંથી મળેલ રોકડ આવક.

(5) અન્ય પક્ષોને આપવામાં આવેલ રોકડ ધિરાણ અને લોનની રકમ.

(6) અન્ય પક્ષોને આપવામાં આવેલ રોકડ ધિરાણ અને લોનની પરત મળતી રોકડ.

(7) ભવિષ્યના કરાર, વાયદાના કરાર, ઓપ્શન સોદાઓ અને ફેરબદલી (સ્વેપ) સોદાઓ માટે થતી રોકડની ચૂકવણી અથવા મળતી રોકડ.

**(3) નાણાકીય પ્રવૃત્તિઓ (Financing Activities) :**

નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થતો રોકડપ્રવાહ એટલા માટે અલગથી બતાવવો મહત્ત્વપૂર્ણ છે કારણ કે મૂડી પૂરી પાડનાર દ્વારા ભવિષ્યમાં ઉદ્‌ભવતાં રોકડપ્રવાહ પરના દાવાઓનું અનુમાન કરવામાં સરળતા રહે છે. નાણાની પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડપ્રવાહનાં ઉદાહરણો નીચે મુજબ છે.

(1) શેર અથવા અન્ય ઇક્વિટી સાધનો બહાર પાડવાથી મળતો રોકડપ્રવાહ.

(2) કંપનીના શેરને બાયબેક કરવા અથવા પરત કરવા માટે થતી રોકડ ચૂકવણી.

(3) ડિબેન્ચર, લોન, બોન્ડ્સ, ગીરોલોન અને અન્ય ટૂંકાગાળાના કે લાંબાગાળાના ઋણ દ્વારા ઊભો થતો રોકડપ્રવાહ.

(4) ઉછીના લેવાયેલા રકમની રોકડ ચૂકવણી.

(5) નાણાકીય પટ્ટાકરાર સંબંધિત જવાબદારીમાં ઘટાડો કરવા પટ્ટે લેનાર દ્વારા રોકડ ચૂકવણી.

## અન્ય વિગતો :

### વ્યાજ અને ડિવિડન્ડ :

કોઈપણ મળેલ અને ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડમાંથી થતાં રોકડપ્રવાહને અલગથી બતાવવો જોઈએ. નાણાકીય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડ મળેલ હોય તેમાંથી ઉદ્‌ભવતા રોકડપ્રવાહને તેની કામગીરીની પ્રવૃત્તિમાંથી થતાં રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. અન્ય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવેલ વ્યાજના રોકડપ્રવાહને નાણાકીય પ્રવૃત્તિઓના રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. જ્યારે મળેલ વ્યાજ અને ડિવિડન્ડથી થતાં રોકડપ્રવાહને રોકાણની પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. ચૂકવવામાં આવેલ ડિવિડન્ડ નાણાકીય પ્રવૃત્તિઓના રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ.

ચૂકવેલ વ્યાજ, મળેલ વ્યાજ અને ડિવિડન્ડને સામાન્ય રીતે નાણાકીય સંસ્થાઓ કામગીરીની પ્રવૃત્તિમાંથી થતાં રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેમ છતાં અન્ય કંપનીઓ માટે રોકડપ્રવાહના આ વર્ગીકરણ માટે સર્વસંમતિ નથી. કેટલીક દલીલો એવી છે કે ચૂકવેલ વ્યાજ અને મળેલ વ્યાજ અને ડિવિડન્ડ નફા-નુકસાન ખાતે લખાય છે, કારણ કે તે કામગીરીની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જોકે તે વધુ યોગ્ય છે કે તેમને નાણાકીય પ્રવૃત્તિ કે રોકાણ પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે કારણ કે તે નાણાકીય સાધનો મેળવવા અથવા રોકાણો પરની વળતરની કિંમત છે.

### આવક પરનો વેરો :

આવક પરના કરમાંથી ઉદ્‌ભવતો રોકડપ્રવાહ જુદો જાહેર કરવામાં આવશે અને કામગીરી પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે સિવાય કે આ રોકડપ્રવાહને નાણાકીય કે રોકાણ પ્રવૃત્તિઓ સાથે ખાસ કરીને ઓળખી શકાય.

જે વ્યવહારોમાં આવક પરના કરને લીધે રોકડપ્રવાહમાં વધારો થાય છે તે રોકડપ્રવાહના પત્રકમાં કામગીરી, રોકાણ અથવા નાણાકીય પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જ્યારે કરના રોકડપ્રવાહને એકથી વધુ વર્ગ પ્રવૃત્તિઓ પર ફાળવવામાં આવે છે ત્યારે ચૂકવેલી કરની કુલ રકમ જાહેર કરવામાં આવે છે.

### પેટા કંપનીઓ અને અન્ય ધંધાકીય એકમમાં માલિકી હિતમાં ફેરફાર :

ગૌણ કંપનીઓ અને અન્ય ધંધામાં નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાથી થતાં કુલ રોકડપ્રવાહ અલગ અલગ રજૂ કરવામાં આવે છે, રોકાણની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

આમ ગૌણ કંપનીઓ કે અન્ય ધંધામાં રોકડ કે રોકડ સમકક્ષ સંપત્તિ જેના પર અંકુશ મેળવ્યો હોય કે ગુમાવ્યો હોય તેને અલગ દર્શાવવો જોઈએ.

### બિનરોકડ વ્યવહારો :

રોકાણ અને નાણાકીય વ્યવહારો કે જેમાં રોકડ અથવા રોકડ સમકક્ષનો ઉપયોગ કરવાની જરૂર નથી તેને રોકડપ્રવાહ પત્રકમાંથી બાકાત રાખવામાં આવશે. આવા વ્યવહારો નાણાકીય પત્રકોમાં એવી રીતે જાહેર કરવામાં આવશે કે જેથી આવા રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓ વિશેની તમામ માહિતી આપી શકાય.

ઘણા રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓ વર્તમાન રોકડપ્રવાહને સીધી અસર કરતી નથી. તે કોઈ કંપનીની મૂડી અને સંપત્તિ માળખાને અસર કરે છે.

ઉદાહરણ :

(1) સંપત્તિની ખરીદી સીધી સંબંધિત જવાબદારીઓ અથવા નાણાપટ્ટાના માધ્યમથી થઈ શકે.

(2) ઈક્વિટી શેરના ઈશ્યૂ (ભરણા) દ્વારા એકમનું સંપાદન.

(3) દેવાનું ઈક્વિટીમાં રૂપાંતર.

**અન્ય બાબતો દર્શાવવી :**

કંપની દ્વારા નોંધપાત્ર રોકડ કે રોકડ સમકક્ષની પુરાંત રાખી મુકવામાં આવે છે પરંતુ તેના ઉપયોગ માટે તે રકમ ઉપલબ્ધ નથી, તેવી બાબત કંપનીએ સંચાલક મંડળ સાથે રહીને સમીક્ષા કરવી જોઈએ. કંપની દ્વારા જુદા જુદા સંજોગોમાં પણ રોકડ કે રોકડ સમકક્ષ પુરાંતને ઉપયોગ માટે ઉપલબ્ધ કરી શકાતી નથી.

## 7.4 રોકડ પ્રવાહ અને ભંડોળ પ્રવાહ પત્રકનો તફાવત :

આમ બંને પત્રકો વચ્ચેના તફાવતના મુદ્દાઓ નીચે મુજબ છે :

**(1) રોકડ અને કાર્યશીલ મૂડીની સ્થિતિ :** રોકડપ્રવાહ પત્રકમાં મુખ્યત્વે રોકડ સંબંધિત થયેલા ફેરફારો જ ધ્યાનમાં લેવામાં આવે છે જ્યારે ભંડોળપ્રવાહ પત્રકમાં કાર્યશીલ મૂડી સાથેના ફેરફારો સંબંધિત વિગતો ધ્યાનમાં લેવામાં આવે છે.

**(2) ટૂંકા ગાળાની નાણાકીય વિશ્લેષણમાં ઉપયોગિતા :** રોકડપ્રવાહ પત્રક ટૂંકા ગાળાના નાણાકીય વિશ્લેષણમાં ભંડોળપ્રવાહ પત્રક કરતા વધુ ઉપયોગી ગણવામાં આવે છે. જ્યારે ભંડોળપ્રવાહ પત્રક લાંબાગાળાની નાણાકીય પરિસ્થિતિનું અવલોકન કરવા માટે ઉપયોગી છે.

**(3) પત્રક તૈયાર કરવાની પદ્ધતિ :** રોકડપ્રવાહ પત્રક અને ભંડોળપ્રવાહ પત્રક તૈયાર કરવાની પદ્ધતિ અલગ છે. ભંડોળપ્રવાહ પત્રકમાં ચાલુ દેવામાં વધારો અથવા ચાલુ મિલકતોમાં ઘટાડો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં ઘટાડો દર્શાવે છે અને વિપરીત પરિસ્થિતિમાં વધારો દર્શાવે છે. પરંતુ રોકડપ્રવાહ પત્રકમાં ચાલુ દેવામાં વધારો અથવા ચાલુ મિલકતોમાં ઘટાડો રોકડપ્રવાહમાં વધારો દર્શાવે છે અને વિપરીત સ્થિતિમાં ઘટાડો દર્શાવે છે.

**(4) કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક :** ભંડોળપ્રવાહ પત્રક સામાન્ય રીતે કાર્યશીલ મૂડીમાં ફેરફારના પત્રક દ્વારા અનુસરવામાં આવે છે. જ્યારે રોકડપ્રવાહ પત્રક આવા કોઈ પત્રકને અનુસરતું નથી.

**(5) શરૂઆતની અને આખરની સિલક :** રોકડપ્રવાહ પત્રક બનાવતી વખતે રોકડની અને રોકડ સમકક્ષની શરૂઆતની અને આખરની સિલક ધ્યાનમાં લેવાય છે જ્યારે ભંડોળપ્રવાહ પત્રકમાં આવી કોઈ શરૂઆતની કે આખરની બાકી લેવાતી નથી.

**(6) કાનુની આવશ્યકતાઓ :** ભંડોળપ્રવાહ પત્રક તૈયાર કરવાની કોઈ કાનૂની જરૂરિયાત જણાતી નથી. જ્યારે (SEBI (સેબી) દ્વારા આવશ્યકતા મુજબ) રોકડપ્રવાહ પત્રક નોંધાયેલ કંપની દ્વારા Ind. AS-7 મુજબ બનાવવું આવશ્યક છે.

## 7.5 રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગિતા :

### (1) રોકડ આયોજનમાં ઉપયોગી :

રોકડપ્રવાહ પત્રક કંપનીનું રોકડભંડોળ પૂરું પાડવાની ક્ષમતાને આધારે સંચાલકો માટેની ઉપયોગિતા સાબિત કરે છે.

### (2) કામગીરી પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહનું મૂલ્યાંકન :

રોકડપ્રવાહ પત્રક કામગીરીની પ્રવૃત્તિમાંથી ઊભી થતી રોકડ વિશેની માહિતીનું પ્રદાન કરે છે. જે કામગીરી પ્રવૃત્તિમાંથી ઊભી થતી રોકડ અને ચોખ્ખા નફા વચ્ચેની તફાવતની સમજૂતી આપે છે.

### (3) ડિવિડન્ડ ચૂકવણી :

ડિવિડન્ડ ચૂકવવાનો નિર્ણય માત્ર ચોખ્ખા નફા પર આધારિત ન હોઈ શકે. ડિવિડન્ડ વિતરણ માટે રોકડના સ્વરૂપમાં નફો ઉપલબ્ધ હોવો પણ એટલો જ જરૂરી છે. આમ કામગીરી પ્રવૃત્તિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ રોકડ ડિવિડન્ડ જાહેર કરવા અંગે મહત્ત્વ ધરાવે છે.

### (4) રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ :

રોકડપ્રવાહ પત્રક માત્ર કામગીરી પ્રવૃત્તિઓ દ્વારા ઉદ્‌ભવતી રોકડનું મૂલ્યાંકન નહીં પરંતુ બિનકામગીરી પ્રવૃત્તિઓ જેવી કે રોકાણની પ્રવૃત્તિઓ અને નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા પણ રોકડપ્રવાહની માહિતી પ્રદાન કરે છે. આ એકંદરે કંપનીની પ્રવાહિતા, સ્થિતિ અને રોકડની જરૂરિયાતોને પહોંચી વળવાની તેની ક્ષમતાને જાણવામાં સહાય કરે છે.

### (5) રોકડની અધિશેષ (ફાજલ) અને ખેંચ (તંગી)માટેનાં કારણો :

એક વ્યવસાય નફો કરી શકે છે અને રોકડની તંગી પણ હજી ભોગવી રહ્યો છે, તેવી જ રીતે વ્યવસાયમાં નુકસાન થઈ શકે છે અને બેંકમાં પૂરતી રોકડ હોઈ શકે છે. આ વિરોધાભાષી પરિસ્થિતિ છે જે રોકડપ્રવાહના પત્રક દ્વારા રોકડ સંતુલન કરી વધારા અને ઘટાડા માટેનાં કારણો જાણી શકાય છે.

## 7.6 રોકડ પ્રવાહ પત્રકની મર્યાદાઓ :

### (1) સંપૂર્ણ પુરાવારૂપ નથી :

નાણાકીય પત્રક સંપૂર્ણરૂપે પૂર્ણ નથી કારણ કે નાણાકીય પત્રકો પરંપરાગત રીતે નફા-નુકસાન ખાતું અને પાકા સરવૈયા પર આધારિત છે.

### (2) નવી બાબતની રજૂઆત નથી :

આ કોઈપણ નવી અથવા મૂળ બાબતની રજૂઆત કરતું નથી કે જે ધંધાની નાણાકીય સ્થિતિને વધારી કે ઘટાડી શકે. તેનું કાર્ય માત્ર અન્યત્ર દેખાતા નાણાકીય માહિતીને ફરીથી ગોઠવવાનું છે.

### (3) ઐતિહાસિક

ફેરફારોનું પત્રક અન્ય નાણાકીય પત્રકોની જેમ સ્વાભાવિક રીતે ઐતિહાસિક છે, જે નજીકના ભવિષ્ય માટે ભંડોળના સ્રોતો અને ઉપયોગના અંદાજને મેળવી શકતો નથી.

**(4) સુસંગત નથી :**

રોકડમાં થતાં ફેરફારના અભ્યાસ કરતા ભંડોળમાં થતાં ફેરફારનો અભ્યાસ વધુ સુસંગત છે.

**(5) માળખાકીય ફેરફારોની જાહેરાત નથી :**

આ પત્રક દ્વારા માળખાકીય ફેરફારોમાં ધંધાના નાણાકીય સંબંધોમાં કે પછી ચાલુ મિલકતો અને ટૂંકાગાળાના રોકાણોમાં મહત્ત્વની નીતિ પરિવર્તન જાહેર થતું નથી.

## 7.7 રોકડ પ્રવાહ પત્રકનો નમૂનો

......કંપનીનું

તા.......ના રોજ પૂરા થતા વર્ષનું રોકડપ્રવાહ પત્રક

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| (1) કામગીરીની પ્રવૃત્તિઓમાંથી રોકડપ્રવાહ | | |
| કરવેરા અને અસાધારણ બાબતો પહેલાંનો ચોખ્ખો નફો | ---- | |
| હવાલાઓ : | | |
| → ઘસારો, વ્યાજ, ડિવિડન્ડ, વિદેશી વિનિયમમાં નુકસાન, અન્ય માંડી વાળેલ ખર્ચ | ---- | |
| | ---- | |
| → કાર્યશીલ મૂડીમાં થતા ફેરફારો : | | |
| (+) સ્ટોકમાં વધારો | ---- | |
| (+) લેણદારોમાં વધારો | ---- | |
| (–) દેવાદારોમાં ઘટાડો | ---- | |
| આવકવેરા પહેલાનો કામગીરીમાંથી મળતો રોકડપ્રવાહ | | ---- |
| → ચૂકવેલ આવકવેરો | | ---- |
| કામગીરીની પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (A) | | ---- |
| (2) રોકાણ પ્રવૃત્તિઓમાંથી રોકડપ્રવાહ : | | |
| → (–) કાયમી મિલકતો અને રોકાણોની ખરીદી | ---- | |
| → (+) કાયમી મિલકતો અને રોકાણોનું વેચાણ | ---- | |
| → (+) વ્યાજ અને ડિવિડન્ડની આવક | ---- | |
| રોકાણ પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (B) | | ---- |
| (3) નાણાકીય પ્રવૃત્તિમાંથી રોકડપ્રવાહ : | | |
| → (+) નવા શેર/ડિબેન્ચર બહાર પાડવાથી | ---- | |
| → (+) લાંબાગાળાની લોન લેવાથી | ---- | |
| → (–) લાંબાગાળાની લોન પરત કરવાથી | ---- | |
| → (–) ડિવિડન્ડ અને વ્યાજની ચૂકવણી | ---- | |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (C) | | ---- |
| ત્રણેય પ્રવૃત્તિઓમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (A+B+C) | | ----- |
| ઉમેરો : શરૂની રોકડ સિલક / બેંક સિલક | | ---- |
| આખરની રોકડ/બેંક સિલક | | ---- |

**રોકડપ્રવાહ પત્રક**

**ઉદાહરણ 1** નિમિષા લિ.ના તા.31-3-2018 અને 31-3-2019ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે.

| જવાબદારી | 31-3-2018 | 31-3-2019 | મિલકતો | 31-3-2018 | 31-3- 2019 |
|---|---|---|---|---|---|
| રૂ.100નો એક એવા ઈ.શેર | 2,00,000 | 3,00,000 | મકાન | 1,60,000 | 2,50,000 |
| રૂ.10નો પ્રે.શેર જેના પર | | | રોકાણ | 40,000 | – |
| રૂ.7 વસૂલ થયેલ | 70,000 | – | { શીનરી | 1,40,000 | 2,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 15,000 | 10,000 | દેવાદાર | 44,000 | 40,000 |
| સામાન્ય અનામત | 80,000 | 50,000 | લેણીહૂંડી | 10,000 | 10,000 |
| ન.નુ.ખાતુ | 35,000 | 75,000 | રોકડ | 10,000 | 51,000 |
| 4%ના ડિબેંચર્સ | - | 1,00,000 | આખર સ્ટોક | 30,000 | 50,000 |
| લેણદારો | 50,000 | 60,000 | પાઘડી | 80,000 | 60,000 |
| દેવીહૂંડી | 20,000 | - | | | |
| કરવેરા જોગવાઈ | 24,000 | 30,000 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 20,000 | 36,000 | | | |
| | 5,14,000 | 6,61,000 | | 5,14,000 | 6,61,000 |

97

## . રોકડ પ્રવાહનું પત્રક

ઉપરની માહિતી અને નીચેની વિગતોને ધ્યાનમાં લઈ Ind AS-7 મુજબનું રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

(1) રોકાણો વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે વેચવામાં આવેલા છે.

(2) કરવેરા રૂા.25,000 ચૂકવ્યા તેમજ પાછલા વર્ષનું સૂચિત ડિવિડન્ડ ચૂકવાયેલ છે.

(3) વર્ષ દરમિયાન મકાન અને મશીનરી પર અનુક્રમે 30,000 અને 25,000 ઘસારો ગણવાનો છે.

(4) રૂા. 1,00,000 ના ડિબેંચર્સ 5%ના વટાવે બહાર પાડેલા છે.

(5) નિમિષા લિ.એ કંપનીધારાની જોગવાઈનું પાલન કરી પ્રે.શેર્સ 5%ના પ્રીમિયમે પરત કરેલ છે. સામાન્ય અનામતમાંથી રૂા.1,00,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવ્યા છે.

(6) નિમિષા લિ.એ મૂડી પરત અનામતમાંથી વર્તમાન શેરહોલ્ડર્સને 2:1ના પ્રમાણમાં બોનસ શેર્સ આપેલા છે.

**જવાબ** ઉ. **મકાન ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,60,000 | ઘસારા ખાતે | 30,000 |
| બેંક ખાતે (?) (ખરીદી) | 1,20,000 | બાકી આગળ લઈ ગયા | 2,50,000 |
| | 2,80,000 | | 2,80,000 |

ઉ. **યંત્રનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,40,000 | ઘસારા ખાતે | 25,000 |
| બેંક ખાતે (?) (ખરીદી) | 85,000 | બાકી આગળ લઈ ગયા | 2,00,000 |
| | 2,25,000 | | 2,25,000 |

ઉ. **રોકાણનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 40,000 | બેંક ખાતે | 50,000 |
| ન.નુ. ખાતે | 10,000 | | |
| | 50,000 | | 50,000 |

રોકાણો વેચાણ પર 20% નફો મળે તે રીતે વેચવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ધારો કે વેચાણકિંમત | = | 100 | 80 પડતર હોય 20 નફો |
| − નફો | = | 20 | 40,000 (?) |
| પડતર કિંમત | = | 80 | $40,000 \times \frac{20}{80} = 10000$ નફો |

ઉ. **કરવેરા-જોગવાઈ ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે | 25,000 | બાકી આગળ લઈ ગયા | 24,000 |
| બાકી આગળ લાવ્યા | 30,000 | ન.નુ. ખાતે | 31,000 |
| | 55,000 | | 55,000 |

ઉ. **સામાન્ય અનામત ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| મૂડી પરત અનામત ખાતે | 1,00,000 | બાકી આગળ લાવ્યા | 80,000 |
| બાકી આગળ લઈ ગયા | 50,000 | ન.નુ. ખાતે | 70,000 |
| | 1,50,000 | | 1,50,000 |

ઉ. મૂડી-પરત અનામત ખાતું જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| શેર હો.ના બોનસ ખાતે | 1,00,000 | સા.અના. ખાતે | 1,00,000 |
| | 1,00,000 | | 1,00,000 |

ઉ. શેરમૂડી ખાતું જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લઈ ગયા | 3,00,000 | બાકી આગળ લાવ્યા | 2,00,000 |
| | | શેર હો.ના બોનસ ખાતે | 1,00,000 |
| | 3,00,000 | | 3,000,00 |

ઉ. શેર-હોલ્ડરોનું ખાતું જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે | 1,05,000 | પ્રે.શેર મૂડી ખાતે | 1,00,000 |
| | | પરત પ્રીમિ. ખાતે | 5,000 |
| | 1,05,000 | | 1,05,000 |

ઉ. પ્રે.શેરમૂડીનું ખાતું જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| શેર હો. ખાતે | 100000 | બાકી આગળ લાવ્યા | 70,000 |
| | | બેંક ખાતે | 30,000 |
| | 100000 | | 1,00,000 |

ઉ. જામીનગીરી-પ્રીમિયમ ખાતું જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| પરત-પ્રીમિયમ ખાતે | 5,000 | બાકી આગળ લાવ્યા | 15,000 |
| બાકી આગળ લઈ ગયા | 10,000 | | |
| | 15,000 | | 15,000 |

રોકડપ્રવાહ પત્રક

| વિગત | | |
|---|---|---|
| (1) ધંધાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ | | |
| ન.નુ. ખાતા મુજબનો નફો | 40,000 | |
| (આખર-શરૂ) (75,000–35,000) | | |
| + (ઉમેરો) | | |
| સૂચિત ડિવિડન્ડ | 36,000 | |
| કરવેરાની જોગવાઈ | 31,000 | |
| ઘસારો | 55,000 | |
| ડિબેંચર વટાવ | 5,000 | |
| માંડી વાળેલ પાઘડી | 20,000 | |
| સામાન્ય અનામત ખાતે | 70,000 | |
| – (બાદ) | | |
| રોકાણ વેચાણનો નફો | −10,000 | |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો રોકડપ્રવાહ | | 2,47,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર | | |
| – સ્ટોકમાં વધારો | −20,000 | |
| + દેવાદારમાં ઘટાડો | +4,000 | |
| + લેણદારમાં વધારો | +10,000 | |
| – દેવીહૂંડીમાં ઘટાડો | −20,000 | −26,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર બાદનો નફો | | 2,21,000 |
| −કરવેરા | | 25,000 |
| ધંધાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ (A) | | 1,96,000 |

**રોકડ પ્રવાહનું પત્રક**

| | | |
|---|---|---|
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડપ્રવાહ : | | |
| રોકાણનું વેચાણ | +50,000 | |
| મકાનની ખરીદી | −1,20,000 | |
| યંત્રોની ખરીદી | −85000 | |
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (B) | | −1,55,000 |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડપ્રવાહ | | |
| પ્રે.શેર પર મંગાવેલ હપ્તો | +30,000 | |
| ડિબેંચરની ઊપજ (1,00,000−5,000) | +95,000 | |
| પ્રે.શેર મૂડી પરત | −1,05,000 | |
| ડિવિડન્ડ ચૂકવણી | −20,000 | |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (C) | | |
| કુલ રોકડપ્રવાહ (A) + (B) + (C) | | 41,000 |
| + શરૂની રોકડ સિલક | | 10,000 |
| આખરની સિલક | | 51,000 |

**ઉદાહરણ 2** ચારૂ કંપનીના તા. 31-3-2017 અને 31-3-2018ના રોજના સરવૈયા નીચે મુજબ છે :

| જવાબદારીઓ | 31-3-17 | 31-3-18 | મિલકતો | 31-3-17 | 31-3-18 |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | 40,000 | 50,000 | જમીન અને મકાન | 40,000 | 38,000 |
| સા.અનામત | 10,000 | 12,000 | યંત્રો | 30,000 | 33,800 |
| ન.નુ.ખાતુ | 6,100 | 6,120 | સ્ટોક | 20,000 | 14,800 |
| બેન્ક લોન | | | દેવાદારો | 16,000 | 12,840 |
| (લાંબાગાળાની) | 14,000 | − | રોકડ | 100 | 120 |
| | | | બેન્ક | − | 16,00 |
| લેણદારો | 30,000 | 27,040 | પાઘડી | − | 1,000 |
| કરવેરા જોગવાઈ | 6,000 | 7,000 | | | |
| કુલ | 1,06,100 | 1,02,160 | કુલ | 1,06,100 | 1,02,160 |

તા. 31-3-2018ના રોજ પૂરા થતા વર્ષની વધારાની માહિતી નીચે મુજબ છે.

(1) રૂા.4600 ડિવિડન્ડના ચૂકવેલ છે.

(2) અન્ય કંપનીની મિલકતો રૂા.10000માં ખરીદેલ છે. જેના અવેજ પેટે શેર આપેલ છે. ખરીદેલી મિલકતોમાં નીચેનાનો સમાવેશ થાય છે. સ્ટોક-4000, યંત્રો રૂા.5000

(3) રૂા.1600ના વધારાના યંત્રોની ખરીદી કરેલ છે.

(4) યંત્રો ઉપર રૂા.2400નો ઘસારો ગણેલ છે.

(5) વર્ષ દરમિયાન કરવેરાની જોગવાઈ રૂા.6600

(6) યંત્ર વેચાણનું નુકસાન રૂા.40 સામાન્ય અનામત ખાતે ઉધારેલ છે.

ઉપરની વિગતો પરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

ઉ. **યંત્ર ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 30,000 | ઘસારા ખાતે | 2,400 |
| શેરમૂડી ખાતે | 5,000 | સા.અના. ખાતે | 40 |
| બેંકખાતે ખરીદી | 1,600 | બેંકખાતે (?) | 360 |
| | | બાકી આગળ લઈ ગયા | 33,800 |
| | 36,600 | | 36,600 |

ઉ. **કરવેરાની જોગવાઈનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે ચૂકવણી (?) | 5,600 | બાકી આગળ લાવ્યા | 6,000 |
| બાકી આગળ લઈ ગયા | 7,000 | ન.નુ. ખાતે જોગવાઈ | 6,600 |
| | 12,600 | | 12,600 |

ઉ. સામાન્ય અનામત ખાતું જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| યંત્ર ખાતે | 40 | બાકી આગળ લાવ્યા | 10,000 |
| બાકી આગળ લઈ ગયા | 12,000 | ન.નુ. ખાતે (?) | 2,040 |
| | 12,040 | | 12,040 |

ચારૂ કંપનીનું તા.31-3-2018ના રોજ પૂરા થતા વર્ષનું રોકડપ્રવાહ પત્રક

| | | |
|---|---|---|
| **ધંધાકીય કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ :** | | |
| ન.નુ. ખાતા મુજબ નફો | | |
| (6,120 − 1,600) = (આખર-શરૂ) | 20 | |
| + ઉમેરો | | |
| જમીન-મકાનનો ઘસારો | 2,000 | |
| યંત્રનો ઘસારો | 2,400 | |
| કરવેરાની જોગવાઈ | 6,600 | |
| સામાન્ય અનામત | 2,040 | |
| ડિવિડન્ડ | 4,600 | 17,660 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો રોકડપ્રવાહ | | 17,660 |
| કાર્યશીલ મૂડીમાં તફાવત | | |
| + સ્ટોકમાં ઘટાડો | +9,200 | |
| +દેવાદારોમાં ઘટાડો | +3,160 | |
| −લેણદારોમાં ઘટાડો | −2,960 | 9,400 |
| કાર્યશીલ મૂડી બાદનો રોકડપ્રવાહ | | 27,060 |
| − કરવેરા | | 5,600 |
| કામગીરીમાંથી ઉદ્ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (A) | | 21,460 |
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ : | | |
| યંત્રની વેચાણ | +360 | |
| યંત્રની ખરીદી | −1,600 | |
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (B) | | −1240 |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ | | |
| બેન્ક લોન પરત | −14,000 | |
| ડિવિડન્ડ ચૂકવ્યું | −4,600 | |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ (C) | | −18,600 |
| કુલ રોકડપ્રવાહ (A+B)+(C) | | 1,620 |
| +શરૂ સિલક | | 100 |
| આખર સિલક | | 1,720 |

**ઉદાહરણ 3** સંદિપ લિ.ના તા. 31-3-2018 અને 31-3-2019ના સરવૈયા નીચે મુજબ છે.

| જવાબદારીઓ | 31-3-18 | 31-3-19 | મિલકતો | 31-3-18 | 31-3-19 |
|---|---|---|---|---|---|
| ઈ.શેરમૂડી | 10,00,000 | 7,50,000 | સ્થિર મિલકતો | 13,00,000 | 14,80,000 |
| | | | રોકાણો | 1,50,000 | 1,20,000 |
| ન.નુ.ખાતું | 7,00,000 | 3,20,000 | સ્ટોક | 1,00,000 | 1,50,000 |
| 8% ડિબેન્ચર્સ | – | 5,00,000 | દેવાદારો | 1,50,000 | 3,50,000 |
| લેણદારો | 50,000 | 5,10,000 | રોકડા બેંક | 1,20,000 | 90,000 |
| કરવેરા જોગવાઈ | 1,50,000 | 1,70,000 | પ્રાથમિક ખર્ચા | 80,000 | 60,000 |
| | 19,00,000 | 22,50,000 | | 1,90,0000 | 22,50,000 |

## રોકડ પ્રવાહનું પત્રક

વધારાની માહિતી નીચે મુજબ છે.

(1) ઈ.શેરમૂડીના 25% બાયબેક કર્યા (મૂળકિંમતે)

(2) વર્ષ દરમિયાન 90,000 ડિવિડન્ડ ચૂકવ્યું હતું.

(3) કરવેરાના 1,40,000 ચૂકવ્યા.

(4) કાયમી મિલકતો પર રૂા.50,000 ઘસારાની જોગવાઈ કરી.

(5) રૂા.50,000ની પડતર કિંમતના રોકાણો રૂા.10,000ના નફાથી વેચ્યો. નફો ન.નુ. ખાતે જમા કરેલ છે.

ઉપરની માહિતી પરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : ઉ. **રોકાણોનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,50,000 | બેંકખાતે વેચાણ | 60,000 |
| ન.નુ. ખાતે (નફો) | 10,000 | બાકી આગળ લઈ ગયા | 1,20,000 |
| રોકાણની ખરીદી | 20,000 | | |
| | 1,80,000 | | 1,80,000 |

ઉ. **કરવેરા-જોગવાઈ ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| કરવેરા ચૂકવ્યા | 1,40,000 | બાકી આગળ લાવ્યા | 1,50,000 |
| બાકી આગળ લઈ ગયા | 1,70,000 | ન.નુ.ખાતે (જોગવાઈ) (?) | 1,60,000 |
| | 3,10,000 | | 3,10,000 |

ઉ. **કાયમી મિલકતોનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 13,00,000 | ઘસારા ખાતે | 50,000 |
| બેંક ખાતે (ખરીદી) (?) | 2,30,000 | બાકી આગળ લઈ ગયા | 14,80,000 |
| | 15,30,000 | | 15,30,000 |

**રોકડપ્રવાહ પત્રક**

| વિગત | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|
| ધંધાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ | | |
| ન.નુ. ખાતા મુજબ નફો | | |
| (આખરી બાકી - શરૂની બાકી) | –3,80,000 | |
| + ઉમેરો | | |
| ઘસારો | 50,000 | |
| પ્રાથમિક ખર્ચા માંડી વાળેલા | 20,000 | |
| કરવેરા જોગવાઈ | 1,60,000 | |
| ડિવિડન્ડ જોગવાઈ | 90,000 | |
| – બાદ | | |
| રોકાણ વેચાણ નફો | 10,000 | –70,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો રોકડપ્રવાહ | | –70,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર | | |
| – દેવાદારોમાં વધારો | –2,00,000 | |
| + લેણદારોમાં વધારો | +4,60,000 | |
| – સ્ટોકમાં વધારો | –50,000 | +2,10,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર બાદનો રોકડપ્રવાહ | | 1,40,000 |
| – કરવેરાની ચૂકવણી | | 14,0,000 |
| ધંધાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રો.પ્ર. (A) | | NIL |
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો નફો | | |
| રોકાણ વેચાણ | +60,000 | |
| કાયમી મિલકતની ખરીદી | –2,30,000 | |
| રોકાણ ખરીદી | –20,000 | |

| | | |
|---|---|---|
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રો.પ્ર. (B) | | −1,90,000 |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો નફો : | | |
| ઈ.શેરમૂડી પરત | −2,50,000 | |
| ડિબેંચર બહાર પાડ્યા | 5,00,000 | |
| ડિવિડન્ડ ચૂકવ્યું | 90,000 | +1,60,000 |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રો.પ્ર. (C) | | |
| કુલ રોકડપ્રવાહ (A)+(B)+(C) | | −30,000 |
| +શરૂની સિલક | | +1,20,000 |
| આખરની સિલક | | 90,000 |

**ઉદાહરણ 4** વત્સલ લિ.ના તા.31-12-16 અને 31-12-17ના રોજના સરવૈયા નીચે મુજબ છે.

| જવાબદારીઓ | 31-12-2017 | 31-12-2016 | મિલકતો | 31-12-2017 | 31-12-2016 |
|---|---|---|---|---|---|
| ઇ.શેરમૂડી | 6,00,000 | 4,00,000 | જમીન/મકાન | 4,00,000 | 1,75,000 |
| શેર પ્રીમિયમ | 32,000 | 21,000 | યંત્રો | 3,55,000 | 2,81,000 |
| સા.અનામત | 35,000 | 75,000 | પેટન્ટ્સ | 48,000 | 56,000 |
| ન.નુ.ખાતુ | 1,00,500 | 52,500 | ફર્નિચર | 28,350 | 31,500 |
| 12%ના ડિબેંચર્સ | 2,10,000 | 1,10,000 | દેવાદારો | 1,50,000 | 1,00,000 |
| લેણદારો | 84,000 | 63,000 | સ્ટોક | 80,000 | 1,00,000 |
| કરવેરા જોગવાઈ | 35,000 | 55,000 | રોકડ | 32,650 | 30,500 |
| | | | ડિબેંચર વટાવ | 2,500 | 2,500 |
| | 1096500 | 7,76,500 | | 10,96,500 | 7,76,500 |

**વધારાની માહિતી :**

(1) ઘસારો માંડી વાળો

(અ) જમીન મકાન : 17,500 (બ) યંત્રો 56,200 (ક) પેટન્ટ 8,000 (ડ) ફર્નિચર 3,150

(2) વર્ષ દરમિયાન 81,000નું યંત્ર 70,000માં વેચ્યું.

(3) વર્ષ દરમિયાન 31,000 કરવેરા ચૂકવ્યા અને 42,000 ડિવિડન્ડ ચૂકવ્યું

(4) સામાન્ય અનામત માંથી કંપનીએ ઇ.શેર હોલ્ડરોને 4:1ના પ્રમાણમાં બોનસ શેર આપ્યા.

(5) ડિબેંચર્સ 3% વટાવે બહાર પાડ્યા

ઉપરની માહિતી પરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો. ગણતરી જવાબના ભાગરૂપે દર્શાવવાની છે.

**જવાબ : ઉ. કરવેરા જોગવાઈ ખાતું જ.**

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે (ચૂકવણી) | 31,000 | બાકી આગળ લાવ્યા | 55000 |
| બાકી આગળ લઈ ગયા | 35,000 | ન.નુ. ખાતે જોગવાઈ | 11000 |
| | 66,000 | | 66000 |

**જવાબ : ઉ. સામાન્ય અનામત ખાતું જ.**

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ઇ. શેરખાતે (બોનસ) | 1,00,000 | બાકી આગળ લાવ્યા | 75,000 |
| બાકી આગળ લઈ ગયા | 35,000 | ન.નુ.ખાતે (?) | 60,000 |
| | 1,35,000 | | 1,35,000 |

**જવાબ : ઉ. જમીન-મકાન ખાતું જ.**

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,75,000 | ન.નુ.ખાતે (ઘસારો) | 17,500 |
| બેંકખાતે (ખરીદી) (?) | 2,42,500 | બાકી આગળ લાવ્યા | 4,00,000 |
| | 4,17,500 | | 4,17,500 |

## રોકડ પ્રવાહનું પત્રક

જવાબ : ઉ. **ઈ.શેરમૂડીનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 6,00,000 | બાકી આગળ લઈ ગયા | 4,00,000 |
| | | બોનસ શેર | 1,00,000 |
| | | બેંક ખાતે (?) | 1,00,000 |
| | 6,00,000 | | 6,00,000 |

જવાબ : ઉ. **12% ડિબેંચર્સનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| | | બાકી આગળ લાવ્યા | 1,10,000 |
| | | બેંક ખાતે | 97,000 |
| | | ડિબેન્ચર વટાવ ખાતે | 3,000 |
| બાકી આગળ લઈ ગયા | 2,10,000 | | |
| | 2,10,000 | | 2,10,000 |

**યંત્ર ખાતુ**

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 2,81,000 | બેંકખાતે (વેચાણ) | 70,000 |
| બેંકખાતે (ખરીદી) | 2,11,200 | ન.નુ.ખાતે (ખોટ) | 11,000 |
| | | ન.નુ.ખાતે (ઘસારો) | 56,200 |
| | | બાકી આગળ લઈ ગયા | 3,55,000 |
| | 4,92,200 | | 4,92,200 |

**ડિબેન્ચર વટાવ ખાતુ**

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 2,500 | ન.નુ.ખાતે (માંડી વાળેલ) | 3,000 |
| ડિબેન્ચર ખાતે | 3,000 | બાકી આગળ લઈ ગયા | 2,500 |
| | 5,500 | | 5,500 |

**શેર-પ્રીમિયમ ખાતુ**

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| | | બાકી આગળ લાવ્યા | 21,000 |
| | | બેંક ખાતે (પ્રીમિયમ) | 11,000 |
| બાકી આગળ લઈ ગયા | 32,000 | | |
| | 32,000 | | 32,000 |

**રોકડપ્રવાહ પત્રક**

| વિગત | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|
| (A) ધંધાકીય કામગીરીમાંથી ઉદ્ભવેલ રોકડપ્રવાહ | | |
| ન.નુ. ખાતા મુજબ નફો | | |
| (આખરી બાકી - શરૂની બાકી) | +48,000 | |
| + ઉમેરો | | |
| જમીન-મકાનનો ઘસારો | 17,500 | |
| પેટન્ટનો ઘસારો | 8,000 | |
| યંત્રોનો ઘસારો | 56,200 | |
| ફર્નિચરનો ઘસારો | 3,150 | |
| યંત્ર વેચાણ ખોટ | 11,000 | |
| ચાલુ વર્ષ કરવેરા જોગવાઈ | 11,000 | |
| ચૂકવેલ ડિવિડન્ડ | 42,000 | |

| | | |
|---|---|---|
| સા.અના.ની જોગવાઈ | 60,000 | |
| માંડી વાળેલ ડિબેન્ચર વટાવ | 3,000 | |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો રોકડપ્રવાહ | | 2,59,850 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર | | |
| દેવાદારોમાં વધારો | −50,000 | |
| સ્ટોકમાં ઘટાડો | +20,000 | |
| લેણદારોમાં વધારો | +21,000 | −9,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર બાદનો રોકડપ્રવાહ | | 2,50,850 |
| – કરવેરા ચૂકવ્યા | | −31,000 |
| કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ (A) : | | 2,19,850 |
| (B) રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવેલ રોકડપ્રવાહ : | | |
| યંત્રોનું વેચાણ | +70,000 | |
| જમીનની ખરીદી | −2,42,500 | |
| યંત્રોની ખરીદી | −2,11,200 | |
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (B) | | −3,83,700 |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવેલ રોકડપ્રવાહ | | |
| ડિવિડન્ડ ચૂકવ્યું | −42,000 | |
| નવા બહાર પાડેલ ઇ.શેર | +1,11,000 | |
| નવા બહાર પાડેલ ડિબેંચર | +97,000 | |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રો.પ્ર. (C) | | +1,66,000 |
| ચોખ્ખો રોકડપ્રવાહ | | 2,150 |
| + શરૂની રોકડ સિલક | | 30,500 |
| આખર સિલક | | 32,650 |

**ઉદાહરણ 6** ધી મારૂતિ કં.ના 31-3-17 અને 31-3-18ના પાકા સરવૈયા નીચે મુજબ છે. જેના ઉપરથી ધોરણ-3 મુજબ રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

| જવાબદારીઓ | 31-3-2017 | 31-3-2018 | મિલકતો | 31-3-2017 | 31-3-2018 |
|---|---|---|---|---|---|
| ઇ.શેરમૂડી | 4,00,000 | 6,00,000 | પાઘડી | 1,60,000 | 1,20,000 |
| પ્રે.શેરમૂડી દરેક રૂ.10 | | | મકાન | 3,20,000 | 5,00,000 |
| નો શેરદીઠ રૂ.7 ભરપાઈ | 1,40,000 | – | યંત્રો | 2,80,000 | 4,00,000 |
| જા.પ્રીમિયમ | 30,000 | 20,000 | રોકાણો | 80,000 | - |
| અનામતો | 1,60,000 | 1,00,000 | સ્ટોક | 60,000 | 1,00,000 |
| ન.નુ.ખાતુ | 70,000 | 1,50,000 | દેવાદારો | 88,000 | 80,000 |
| 4%ના ડિબેંચર્સ | – | 2,00,000 | લેણીહૂંડી | 20,000 | 20,000 |
| લેણદારો | 1,00,000 | 1,20,000 | રોકડ | 20,000 | 22,000 |
| દેવીહૂંડી | 40,000 | – | બેન્ક | – | 80,000 |
| કરવેરા જોગવાઈ | 48,000 | 60,000 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 40,000 | 72,000 | | | |
| | 1,028,000 | 13,22,000 | | 1,02,8000 | 13,22,000 |

**વધારાની માહિતી :**

(1) વર્ષ દરમિયાન ઘસારાની જોગવાઈ મકાન પર 60,000 અને યંત્રો પર 50,000 છે.

(2) પ્રે.શેર 5% પ્રીમિયમે પરત કરવાના છે. સા.અનામતમાંથી 2,00,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવાના છે.

(3) 2,00,000ના ડિબેન્ચર્સ 5% વટાવે બહાર પાડ્યા

(4) કંપની મૂડી પરત અનામતમાંથી 2:1 પ્રમાણમાં ઇ.શેર હોલ્ડર્સને બોનસ શેર આપ્યા.

(5) કરવેરા 50,000 ચૂકવ્યા જ્યારે પાછલા વર્ષનું સૂચિત ડિવિડન્ડ ચૂકવાઈ ગયેલ છે.

(6) રોકાણો વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે વેચેલો છે.

## . રોકડ પ્રવાહનું પત્રક

જવાબ : ઉ. **મકાન ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | 3,20,000 | ન.નુ.ખાતે ઘસારો | 60,000 |
| ખરીદી (?) | 2,40,000 | બા.આ. લઈ ગયા | 5,00,000 |
| | 5,60,000 | | 5,60,000 |

ઉ. **યંત્રોનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બા.આ.લાવ્યા | 2,80,000 | ન.નુ.ખાતે ઘસારો | 50,000 |
| ખરીદી (?) | 17,0000 | બા.આ. લઈ ગયા | 4,00,000 |
| | 4,50,000 | | 4,50,000 |

ઉ. **રોકાણોનું ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| બા.આ.લાવ્યા | 80,000 | બેંક ખાતે (વેચાણ) | 1,00,000 |
| ન.નુ.ખાતે નફો | 20,000 | | |
| | 1,00,000 | | 1,00,000 |

ઉ. **કરવેરા જોગવાઈ ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ચૂકવેલા વેરા | 50,000 | બા.આ. લાવ્યા | 48,000 |
| બા.આ. લઈ ગયા | 60,000 | ન.નુ.ખાતે (?) | 62,000 |
| | 1,10,000 | | 1,10,000 |

ઉ. **સામાન્ય અનામત ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| મૂડી પરત અનામત | 2,00,000 | બા.આ.લાવ્યા | 1,60,000 |
| બા.આ.લઈ ગયા | 1,00,000 | ન.નુ. ખાતે (?) | 1,40,000 |
| | 3,00,000 | | 3,00,000 |

ઉ. **મૂડીપરત અનામત ખાતું** જ.

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| શેર હો.ના બોનસ ખાતે | 2,00,000 | સા.અનામત ખાતે | 2,00,000 |
| | 2,00,000 | | 2,00,000 |

**રોકડપ્રવાહ પત્રક**

| વિગત | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|
| (A) ધંધાકીય કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ | | |
| ન.નુ. ખાતા મુજબ નફો (આખર-શરૂ) | 80,000 | |
| + ઉમેરો | | |
| માંડી વાળેલ પાઘડી | 40,000 | |
| સૂચિત ડિવિડન્ડ જોગવાઈ | 72,000 | |
| મકાન ઘસારો | 60,000 | |
| યંત્ર ઘસારો | 50,000 | |
| કરવેરા જોગવાઈ | 62,000 | |
| સા.અના. જોગવાઈ | 1,40,000 | |
| ડિ.વટાવ | 10,000 | |
| રોકાણ વેચાણ નફો | −20,000 | |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો રોકડપ્રવાહ | | +4,94,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર | | |
| સ્ટોકનો તફાવત | −40,000 | |
| દેવાદાર તફાવત | +8,000 | |

| | | |
|---|---|---|
| દેવીહૂંડીમાં ઘટાડો | −40,000 | |
| લેણદારોમાં વધારો | +20,000 | (−)52,000 |
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર બાદનો રોકડપ્રવાહ | | 4,42,000 |
| − કરવેરા ચૂકવ્યા | | −50,000 |
| ધંધાકીય કામગીરીમાંથી મળતો ચોખ્ખો રોકડપ્રવાહ (A) 3,92,000 | | |
| રોકાણ પ્રવૃત્તિમાંથી રોકડપ્રવાહ | | |
| મકાન ખરીદી | −2,40,000 | |
| યંત્ર ખરીદી | −1,70,000 | |
| રોકાણ વેચાણ | +1,00,000 | |
| રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (B) | | −3,20,000 |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી રોકડપ્રવાહ | | |
| પ્રે.શેર પર હપતો | +60,000 | |
| ડિ.બહાર પાડેલા | +1,90,000 | |
| ડિ. ચૂકવ્યું | −40,000 | |
| પ્રે.શેર પરત કર્યા | −2,10,000 | |
| નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડપ્રવાહ (C) | | - |
| ચોખ્ખો રોકડપ્રવાહ (A)+(B)+(C) | | 82,000 |
| + શરૂની રોકડ સિલક | | 20,000 |
| આખર બાકી | | 1,02,000 |

## 7.8 સ્વાધ્યાય

**સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. રોકડપ્રવાહ એટલે શું ? રોકડપ્રવાહની ઉપયોગિતા જણાવો.
2. રોકડપ્રવાહ અને ભંડોળપ્રવાહ વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.
3. રોકડપ્રવાહ પત્રકની મર્યાદાઓ જણાવો.
4. રોકડપ્રવાહ પત્રકનો નમૂનો આપો.
5. નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડપ્રવાહ સમજાવો.
6. રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતા રોકડપ્રવાહ વિશે ટૂંકનોંધ લખો.
7. કામગીરીની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડપ્રવાહ સમજાવો.

**બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ નાણાકીય પ્રવૃત્તિમાં આવે છે ?
   (અ) જમીનની ખરીદી (બ) ભાડાની આવક
   (ક) સામાન્ય અનામતની જોગવાઈ (ડ) લોન પર વ્યાજ ચૂકવવું
2. રોકડપ્રવાહ પત્રક કયા હિસાબી ધોરણ મુજબ તૈયાર કરવામાં આવે છે ?
   (અ) હિસાબી ધોરણ-1 (બ) હિસાબી ધોરણ-14
   (ક) હિસાબી ધોરણ-3 (નવું Ind AS-7) (ડ) હિસાબી ધોરણ-8
3. નીચેનામાંથી કયો વ્યવહાર બિનરોકડ વ્યવહાર છે ?
   (અ) ઘસારો (બ) માંડી વાળેલ અદૃશ્ય મિલકતો
   (ક) માત્ર (અ) (ડ) (અ) અને (બ) બંને
4. હિસાબી ધોરણ 3 મુજબ રોકડપ્રવાહ પત્રકને કેટલા ભાગમાં વહેંચીને બનાવવામાં આવે છે ?
   (અ) ત્રણ (બ) બે
   (ક) એક (ડ) ચાર
5. નીચેનામાંથી કયો વ્યવહાર રોકાણની પ્રવૃત્તિનો છે ?
   (અ) ઇક્વિટી શેર બહાર પાડવા (બ) પાઘડી માંડી વાળવી
   (ક) મળેલ ડિવિડન્ડ (ડ) ચૂકવેલ ડિવિડન્ડ

6. નીચેનામાંથી કયો વ્યવહાર કામગીરીની પ્રવૃત્તિનો છે ?
(અ) સ્ટોકમાં ઘટાડો (બ) માંડી વાળેલ પાઘડી
(ક) કરવેરાની જોગવાઈ (ડ) ઉપરનાં બધા

7. ગયા વર્ષના સૂચિત ડિવિડન્ડને કઈ પ્રવૃત્તિમાં ધ્યાનમાં લેવામાં આવશે ?
(અ) કામગીરીની પ્રવૃત્તિ (બ) નાણાકીય પ્રવૃત્તિ
(ક) રોકાણની પ્રવૃત્તિ (ડ) બિનરોકડ વ્યવહાર

8. તા.31-3-2011ના રોજનાં પાકા સરવૈયામાં યંત્રો પર ઘસારાની જોગવાઈ રૂા.2,80,000 છે અને 31-3-19ના રોજના પાકા સરવૈયામાં ઘસારાની જોગવાઈ રૂ.3,00,000 છે. વર્ષ દરમ્યાન રૂ.1,00,000ની મૂળકિંમતનું એક યંત્ર કે જેના પર ભેગો થયેલો ઘસારો રૂ.60,000 છે તે રૂા.20,000ની કિંમતે વેચી કાઢવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે કેટલો ઘસારો નફા-નુકસાન ખાતે ઉધાર્યો છે ?
(અ) 80,000 (બ) 20,000
(ક) 40,000 (ડ) 60,000

9. એક કંપનીમાં રોકાણોની શરૂની બાકી રૂા. 25000 અને આખર બાકી રૂા.30000 હતી. વર્ષ દરમિયાન અમુક રોકાણો રૂા.4250ની કિંમતે વેચ્યા હતા અને નવા રૂા.9,000ના રોકાણો ખરીદ્યા હતા, તો વર્ષ દરમિયાન રોકાણો વેચતા કેટલો નફો થયો હશે ?
(અ) રૂા.500 (બ) રૂા.250
(ક) રૂા.1000 (ડ) રૂા.750

10. તા.31-3-2018ના રોજ પા.સ.માં મકાન પર ઘસારાની જોગવાઈ રૂા.2,80,000 છે. વર્ષ દરમિયાન રૂા.1,00,000ની મૂ.કિં.નું મકાન જેના પર ભેગો થયેલો ઘસારો રૂા.60,000 છે તે રૂા.20,000ની કિંમતે વેચી નાખવામાં આવ્યું હતું. રૂા.80,000 ઘસારો ચાલુ વર્ષ દરમિયાન ન.નુ. ખાતે ઉધાર્યો છે. તો તા.31-3-2019ના રોજ પા.સ.માં મકાન પર ઘસારાની જોગવાઈ ખાતે કેટલી રકમ હશે ?
(અ) રૂા.2,00,000 (બ) રૂા.4,00,000
(ક) રૂા. 3,00,000 (ડ) રૂા.5,00,000

11. ભંડોળપ્રવાહ પત્રક અને રોકડપ્રવાહ પત્રક કોના સમક્ષ રજૂ કરવામાં આવે છે ?
(અ) ફોરમેન (બ) વેચાણ સંચાલક
(ક) ઉત્પાદન સંચાલક (ડ) ઉચ્ચ સંચાલકો

12. નીચેનામાંથી કયો રોકડપ્રવાહ રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ છે ?
(અ) યંત્રની ઊપજ (બ) કરવેરાની ચૂકવણી
(ક) ડિવિડન્ડની ચૂકવણી (ડ) ડિબેન્ચર પરત

13. 31-3-2012ના રોજ કરવેરાની જોગવાઈની બાકી રૂા.48,000 અને 31-3-2019ના રોજ કરવેરાની જોગવાઈ બાકી રૂા.56,000 હતી. વર્ષ દરમિયાન ચૂકવેલ કરવેરા રૂા.42,000 હતા, તો ચાલુ વર્ષે નફામાંથી કરવેરાની જોગવાઈ કેટલી કરવી પડશે ?
(અ) રૂા.45,000 (બ) રૂા.48,000
(ક) રૂા.50,000 (ડ) રૂા.56,000

14. એક કંપનીમાં રોકાણોની શરૂની બાકી રૂા.3,00,000 અને આખરની બાકી રૂા.3,60,000 હતી. વર્ષ દરમિયાન અમુક રોકાણો રૂા.40,000માં વેચ્યા અને નવા રોકાણો રૂા.1,20,000માં ખરીદ્યા હતા. તો વર્ષ દરમિયાન રોકાણો વેચતા કેટલી ખોટ ગઈ હશે ?
(અ) રૂા.20,000 (બ) રૂા.40,000
(ક) રૂા.50,000 (ડ) રૂા.60,000

15. તા.31-3-2018ના રોજ કરવેરાની જોગવાઈની બાકી રૂા.9000 અને 31-3-2011ના રોજ કરવેરાની જોગવાઈની બાકી રૂા.6,000 હતી. વર્ષ દરમિયાન ચૂકવેલ કરવેરા રૂા.5000 હતા. તો ચાલુ વર્ષે નફામાંથી કરવેરાની જોગવાઈ કેટલી કરવી પડશે ?
(અ) રૂા.2,000 (બ) રૂા.5,000
(ક) રૂા.6,000 (ડ) રૂા.9,000

(ગુ.યુનિ.ટી.વાય., નવે.-2016)

**જવાબ :** (1) (ડ), (2) (ક), (3) (ડ), (4) (અ), (5) (ક), (6) (ડ), (7) (બ), (8) (અ), (9) (બ), (10) (ક), (11) (ડ), (12) (અ), (13) (ક), (14) (અ), (15)

**દાખલા 1** એક કંપનીમાં 31મી માર્ચ, 2012 અને 31મી માર્ચ, 2013ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ હતા.

**પાકું સરવૈયું**

| દેવાં | 31-3-12 (રૂ.) | 31-3-13 (રૂ.) | મિલકતો | 31-3-12 (રૂ.) | 31-3-13 (રૂ.) |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | 2,00,000 | 2,50,000 | જમીન-મકાન | 2,00,000 | 1,90,000 |
| સામાન્ય અનામત | 50,000 | 60,000 | યંત્રો | 1,50,000 | 1,69,000 |
| નફાનુકસાન ખાતું | 30,500 | 30,600 | સ્ટોક | 1,00,000 | 74,000 |
| લેણદારો | 1,50,000 | 1,35,200 | દેવાદારો | 80,000 | 64,200 |
| બેંક લોન | 70,000 | - | રોકડ | 500 | 600 |
| કરવેરાની જોગવાઈ | 30,000 | 35,000 | બેંકસિલક | - | 8,000 |
| | | | પાઘડી | - | 5,000 |
| | 5,30,500 | 5,10,800 | | 5,30,500 | 5,10,800 |

**વધારાની માહિતી :**

તા.31-3-2013 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન કંપનીએ

(1) રૂા.23,000 ડિવિડન્ડ ચૂકવ્યું હતું.

(2) એક અન્ય કંપનીની મિલકતો ખરીદી હતી જે સામે રૂા.50,000ના શેર આપ્યા હતા. નીચેની મિલકતો ખરીદી હતી.
સ્ટોક રૂા.20,000, યંત્રો રૂા.25,000

(3) રૂા.8,000નાં નવા યંત્રો ખરીદ્યાં હતાં.

(4) યંત્રો પર રૂા.12,000 ઘસારો માંડી વાળવામાં આવ્યો હતો. જ્યારે જમીન અને મકાન પર રૂા.10,000 ઘસારો માંડી વાળવામાં આવ્યો હતો.

(5) વર્ષ દરમિયાન રૂા.33,000 કરવેરાની જોગવાઈ કરવામાં આવી હતી.

(6) યંત્રના વેચાણનું નુકસાન રૂા.200 સામાન્ય અનામત ખાતે માંડી વાળવામાં આવ્યું હતું.

(**જવાબ :** કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ રૂા.1,07,300,
રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ (રૂા.6,200),
નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ (રૂા.93,000)
રોકડ કે રોકડ સમાનમાં વધારો રૂા.8,100

**દાખલા 2** નિધિ લિ.ના તા.31મી માર્ચ-2010 અને 2011ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે.

| જવાબદારીઓ | 31-3-12 (રૂ.) | 31-3-13 (રૂ.) | મિલકતો | 31-3-12 (રૂ.) | 31-3-13 (રૂ.) |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી દરેક | | | સ્થિર મિલકતો | 1,30,000 | 1,48,000 |
| રૂા.10ના ભરપાઈ શેર | 1,00,000 | 75,000 | રોકાણો | 15,000 | 12,000 |
| નફા-નુકસાન ખાતું | 70,000 | 32,000 | સ્ટોક | 10,000 | 15,000 |
| 8%ના ડિબેન્ચર્સ | - | 50,000 | દેવાદારો | 15,000 | 35,000 |
| લેણદારો | 5,000 | 51,000 | રોકડ/બેંક | 12,000 | 9,000 |
| કરવેરાની જોગવાઈ | 15,000 | 17,000 | પ્રાથમિક ખર્ચા | 8,000 | 6,000 |
| | 1,90,000 | 2,25,000 | | 1,90,000 | 22,500 |

**વધારાની માહિતી નીચે મુજબ છે :**

(1) કંપનીધારાની કલમ-77 મુજબ કંપનીએ પોતાની ઈક્વિટી શેરમૂડીના 25% જેટલી મૂડી ભાવોભાવ બાયબેક કરી છે.

(2)વર્ષ દરમિયાન રૂા.9,000 વચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું છે.
(3)વર્ષ દરમિયાન રૂા.14,000નો આવકવેરો ચૂકવ્યો છે.
(4)સ્થિર મિલકતો પર રૂા.5,000 ઘસારાની જોગવાઈ કરી છે.
(5)રૂા.5000ની પડતર કિંમતના રોકાણો રૂા.1,000ના નફામાંથી વેચ્યાં છે અને નફો નફા-નુકસાન ખાતે જમા કરેલ છે.

નિધિ લિ.નું વર્ષ 2012-2013ના વર્ષ માટેનું રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

(સૌ.યુનિ., ટી.વાય., એપ્રિલ-2017)

**જવાબ :**કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાની ખોટ (રૂા.7,000)
કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ : શૂન્ય
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ (રૂા.19,000)
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા.16,000
રોકડ અને રોકડ સમાનમાં ઘટાડો (રૂા.3,000)

**દાખલા 3** કુંદન લિમિટેડનાં તા.31-3-12 અને તા.31-3-13ના રોજનાં પાકા સરવૈયા નીચે મુજબ છે.

| જવાબદારીઓ | 31-3-12 (રૂા.) | 31-3-13 (રૂા.) | મિલકતો | 31-3-12 (રૂા.) | 31-3-13 (રૂા.) |
|---|---|---|---|---|---|
| દરેક રૂા.10નો તેવા | | | પાઘડી | 80,000 | 60,000 |
| 10% રિડી.પ્રેફ. શેર | | | જમીન-મકાન | 16,000 | 2,50,000 |
| શેરદીઠ રૂા.7 વસૂલ | 70,000 | - | સાચાં-યંત્રો | 1,40,000 | 2,00,000 |
| દરેક રૂા.10નો તેવા ઈક્વિટી | | | રોકાણો | 40,000 | - |
| શેર પૂરા વસૂલ | 2,00,000 | 3,00,000 | સ્ટોક | 30,000 | 50,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 15,000 | 10,000 | દેવાદારો | 44,000 | 40,000 |
| સામાન્ય અનામત | 80,000 | 50,000 | લેણીહૂંડીઓ | 10,000 | 10,000 |
| નફા-નુકસાન ખાતું | 35,000 | 75,000 | રોકડ | 10,000 | 11,000 |
| 12%ના ડિબેન્ચર્સ | - | 1,00,000 | બેન્ક સિલક | - | 40,000 |
| બેન્ક ઓફ ડ્રાફ્ટ | 20,000 | - | | | |
| લેણદારો | 50,000 | 60,000 | | | |
| કરવેરાની જોગવાઈ | 24,000 | 30,000 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 20,000 | 36,000 | | | |
| | 5,14,000 | 6,61,000 | | 514000 | 661000 |

**વધારાની માહિતી :**

તા.31મી માર્ચ, 2013ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન

(1) રોકાણો તેની વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે વેચેલા છે.
(2) માંડી વાળેલ ઘસારો : જમીન-મકાન રૂા.30,000, સાચા યંત્રો રૂા.25,000
(3) કંપનીએ જરૂરી કાયદા જોગવાઈઓનું પાલન કરી રિડીમેબલ પ્રેફરન્સ શેર 5%ના પ્રીમિયમે પરત કરેલ છે. પ્રેફરન્સ શેર પરત કરવા માટે સામાન્ય અનામતમાંથી રૂા.1,00,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવેલ છે.
(4) કંપનીએ મૂડી પરત અનામતમાંથી વર્તમાન શેરધારકોને 2 શેરદીઠ 1 શેર ના પ્રમાણમાં બોનસ શેર આપેલ છે.
(5) 5% વટાવે ડિબેન્ચરો બહાર પાડવામાં આવ્યા હતા.
(6) ગઈ સાલના કરવેરાની રકમ રૂા.25,000 ચૂકવેલ છે અને ગઈ સાલનું સૂચિત ડિવિડન્ડ પણ ચૂકવવામાં આવેલ છે.

ઉપરની માહિતી પરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

**જવાબ :** કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો રૂા.2,47,000
કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા.2,16,000
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ (રૂા.1,55,000)
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ શૂન્ય
રોકડ અને રોકડ સમાનમાં વધારો કે ઘટાડો રૂા.61,000

**દાખલા 4** મીતા લિમિટેડના તા.31-3-2017 અને 31-3-2018ના વર્ષનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | 31-3-17 (રૂા.) | 31-3-18 (રૂા.) | મિલકતો | 31-3-17 (રૂા.) | 31-3-18 (રૂા.) |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 2,00,000 | 3,00,000 | પાઘડી | 30,000 | 2,0000 |
| 12%ની પ્રેફરન્સ શેરમૂડી | 1,50,000 | 50,000 | જમીન-મકાન | 1,25,000 | 1,00,000 |
| નફા-નુકસાન ખાતું | 50,000 | 75,000 | પ્લાન્ટ (ઘસારા બાદ) | 2,00,000 | 3,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 8,000 | - | દેવાદારો | 50,000 | 60,000 |
| મૂડી અનામત | 30,000 | - | સ્ટોક | 30,000 | 17,000 |
| 15% ડિબેન્ચર | 50,000 | 1,00,000 | લેણીહૂંડીઓ | 25,000 | 30,000 |
| લેણદારો | 30,000 | 40,000 | રોકડ-બેન્ક સિલક | 78,000 | 50,000 |
| દેવીહૂંડીઓ | 20,000 | 15,000 | ડિબેન્ચર વટાવ | - | 3,000 |
| | 5,38,000 | 5,80,000 | | 5,38,000 | 5,80,000 |

**અન્ય વિગતો :**

(1) વર્ષ દરમિયાન 12%ના રિડીમેબલ પ્રેફરન્સ શેર 10% પ્રીમિયમે પરત કર્યા હતા.

(2) વર્ષ દરમિયાન જમીનનો એક ટુકડો જેની કિંમત રૂા. 25,000 હતી. તે રૂા.40,000માં વેચવામાં આવ્યો હતો, તેનો નફો મૂડી અનામત ખાતે લઈ જવામાં આવ્યો હતો.

(3) વર્ષ દરમિયાન 15%ના ડિબેન્ચરો 8%ના વટાવે બહાર પાડ્યા હતા.

(4) વર્ષ દરમિયાન કંપની મૂડી અનામતની રકમનો ઉપયોગ ઈક્વિટી શેરહોલ્ડરોને બોનસ આપવામાં કર્યો હતો.

(5) પ્લાન્ટ પર એકત્રિત થયેલો ઘસારો નીચે મુજબ હતો.
તા. 31-3-2017ના રોજ રૂા.50,000, તા.31-3-18ના રોજ રૂા.70,000 વર્ષ દરમિયાન રૂા.15,000નો પ્લાન્ટ જેના પર એકત્રિત થયેલો ઘસારો રૂા.5,000 હતો. તે રૂા.13,000માં વેચ્યો હતો.

ઉપરની વિગતો પરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

**જવાબ :**કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો રૂા. 60,000
કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 63,000
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. (82,000)
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. (9,000)
રોકડ અને રોકડ સમાનમાં ઘટાડો રૂા. (28,000)

**દાખલા 5** વૈદેહી લિ.નાં 31મી માર્ચનાં રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે.

| જવાબદારીઓ | 31-3-16 (રૂા.) | 31-3-17 (રૂા.) | મિલકતો | 31-3-16 (રૂા.) | 31-3-17 (રૂા.) |
|---|---|---|---|---|---|
| દરેક રૂા.100નો તેવા | | | પાઘડી | 60,000 | 40,000 |
| ઈક્વિટી શેર | 2,00,000 | 5,00,000 | જમીન-મકાન | 2,00,000 | 5,00,000 |
| 10%ના પ્રેફ.શેર દરેક | | | યંત્રો | 4,00,000 | 4,00,000 |
| રૂા.100નો શેરદીઠ | | | રોકાણો | 60,000 | 1,00,000 |
| રૂા.80 ભરપાઈ | 80,000 | 50,000 | સ્ટોક | 90,000 | 4,00,000 |
| સામાન્ય અનામત | 1,00,000 | 2,00,000 | દેવાદારો | 1,10,000 | 1,00,000 |
| નફા-નુકસાન ખાતું | 50,000 | 1,00,000 | લેણીહૂંડી | 30,000 | 40,000 |
| 12%ના ડિબેન્ચર | 1,00,000 | 2,00,000 | રોકડ અને બેંક | 20,000 | 15,000 |
| સ્થિર મિલકત પર | | | ડિબેન્ચર વટાવ | - | 5,000 |
| ઘસારાની જોગવાઈ | 40,000 | 60,000 | | | |
| લેણદારો | 2,00,000 | 3,00,000 | | | |
| કામદાર નફાભાગ ભંડોળ | 50,000 | 25,000 | | | |
| કરવેરાની જોગવાઈ | 90,000 | 1,00,000 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 50,000 | 60,000 | | | |
| નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ | - | 5,000 | | | |
| | 9,60,000 | 16,00,000 | | 9,60,000 | 1,60,0000 |

## રોકડ પ્રવાહનું પત્રક

વધારાની માહિતી :

(1) એક યંત્ર રૂા.50,000માં વેચેલું હતું. જેની પડતર કિંમત રૂા.75,000 હતી અને તેના પર રૂા.15,000 ઘસારો ગણવામાં આવેલો હતો. વળી રૂા.25,000નું એક યંત્ર માંડી વાળવાનું છે. (જેના પર પૂરો ઘસારો ગણવામાં આવેલ છે.)

(2) જમીન-મકાન પર રૂા.10,000 અને યંત્રો પર રૂા.50,000 ઘસારો ગણેલ હતો.

(3) વર્ષ દરમિયાન ડિબેન્ચર્સ 10% વટાવથી બહાર પાડવામાં આવ્યા હતા.

(4) તા.31-3-2016નો આખર સ્ટોક પડતર કિંમત કરતા 10% ઓછી કિંમતે દર્શાવેલ છે. જ્યારે તા.31-3-2017નો આખર સ્ટોક પડતર કિંમતે દર્શાવેલ છે.

(5) કંપનીધારાની જોગવાઈઓનું પાલન કરી પ્રેફરન્સ શેર 10% પ્રીમિયમે પરત કરેલ છે. તે માટે સામાન્ય અનામતમાંથી મૂડી પરત અનામત ઊભું કરવામાં આવ્યું હતું.

(6) તા.1-4-16ના રોજ કંપનીએ બે ઇક્વિટી શેરદીઠ એક બોનસ શેર વહેંચેલ છે. જે અંગે મૂડી પરત અનામત અને બાકીની રકમનો સામાન્ય અનામતમાંથી ઉપયોગ કર્યો છે.

(7) વર્ષ દરમિયાન રૂા.80,000 આવકવેરો ચૂકવવામાં આવ્યો હતો તથા વર્ષ દરમિયાન રૂા.20,000 વચગાળાનું ડિવિડન્ડ તેમજ ગયા વર્ષનું ડિવિડન્ડ પણ ચૂકવવામાં આવ્યું હતું.

(8) રૂા.50,000ની પડતર કિંમતના રોકાણો 20% નફાથી વેચવામાં આવ્યા હતા.

(ઉ.ગુ.યુનિ., ટી.વાય., નવે.2017)

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો રૂા. 4,90,000
કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 1,85,000
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ (રૂા. 3,80,000)
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ (રૂા.1,90,000)
રોકડ અને રોકડ સમાનમાં ઘટાડો (રૂા. 5,000)

**દાખલા 6** આન્શી લિ.નાં પાકાં સરવૈયા નીચે મુજબ છે તેના પરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

| જવાબદારીઓ | 31-3-18 (રૂા.) | 31-3-17 (રૂા.) | મિલકતો | 31-3-18 (રૂા.) | 31-3-17 (રૂા.) |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 8,00,000 | 6,00,000 | કાયમી મિલકત | | |
| મૂડી અનામત | 20,000 | - | (મૂળકિંમતે) | 19,00,000 | 16,00,000 |
| સામાન્ય અનામત | 4,00,000 | 3,40,000 | બાદ : ઘસારો | 5,80,000 | 4,60,000 |
| નફા-નુકસાન ખાતું | 1,50,000 | 1,20,000 | | 13,20,000 | 11,40,000 |
| ડિબેન્ચર | 2,80,000 | 4,00,000 | રોકાણો | 1,60,000 | 2,00,000 |
| ચાલુ જવાબદારી | 2,60,000 | 2,40,000 | ચાલુ મિલકતો | 6,60,000 | 5,60,000 |
| કરવેરાની જોગવાઈ | 1,70,000 | 1,80,000 | પ્રાથમિક ખર્ચ | 20,000 | 40,000 |
| સૂચિત ડિવિડન્ડ | 72,000 | 60,000 | | | |
| નહિ ચૂકવેલ ડિવિડન્ડ | 8,000 | - | | | |
| | 21,60,000 | 19,40,000 | | 21,60,000 | 19,40,000 |

**વધારાની માહિતી :**

(1) એક યંત્ર રૂા. 50,000માં વેચેલ હતું. જેની મૂળકિંમત 1,00,000 હતી અને તેના પર રૂા. 42,000 ઘસારો કાપવામાં આવેલ હતો.

(2) રૂા. 1,90,000 ઘસારો ગણેલ છે.

(3) ડિબેન્ચર્સ રૂા. 103 લેખે પરત કરેલા હતા.

(4) થોડા રોકાણો નફાથી વેચવામાં આવ્યાં હતાં. આ નફો મૂડી અનામત ખાતે જમા કરેલ છે.

(5) રૂા. 28,000ની કાયમી મિલકતો માંડી વાળવાની છે (જેના પર પૂરો ઘસારો કપાયેલ છે.)

(6) આવકવેરો રૂા. 1,60,000 ચૂકવ્યો હતો.

**જવાબ :** કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો રૂા. 5,33,600
કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 2,93,600
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 3,18,000
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 24,400
રોકડ અને રોકડ સમાન વધારો શૂન્ય

**દાખલા 7** ઉર્વિ લિ.ના તા. 31-3-2004 અને 31-3-2005 એમ બે વર્ષનાં પાકા સરવૈયાં નીચે મુજબ છે.

| **જવાબદારીઓ** | **31-3-04** (રૂા.) | **31-3-05** (રૂા.) | **મિલકતો** | **31-3-04** (રૂા.) | **31-3-05** (રૂા.) |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેર દરેક રૂા. 10નો | 2,00,000 | 3,50,000 | પાઘડી | 50,000 | 47,000 |
| | | | જમીન-મકાન | 2,05,000 | 1,40,000 |
| સામાન્ય અનામત | 1,40,000 | 90,000 | સાચા-યંત્રો | 60,000 | 1,30,000 |
| મૂડી અનામત | - | 10,000 | રોકાણો | 20,000 | 50,000 |
| નફા-નુકસાન ખાતું | 60,000 | 75,000 | સ્ટોક | 70,000 | 1,75,000 |
| 15%ના ડિબેન્ચર | - | 1,00,000 | દેવાદારો | 80,000 | 1,58,000 |
| લેણદારો | 45,000 | 60,000 | લેણીહૂંડીઓ | 13,000 | 42,000 |
| દેવીહૂંડીઓ | 40,000 | 18,000 | બેન્ક અને રોકડ | 60,000 | 56,000 |
| સૂચિત ડિવિડન્ડ | 35,000 | 50,000 | પ્રાથમિક ખર્ચા | 7,000 | 5,000 |
| કરવેરાની જોગવાઈ | 40,000 | 46,000 | ડિબેન્ચર વટાવ | - | 6,000 |
| સ્ટાફ પેન્શન ફંડ | 5,000 | 10,000 | | | |
| | 5,65,000 | 8,09,000 | | 5,65,000 | 8,09,000 |

**વધારાની માહિતી :**

(1) રૂા. 85,000ની કિંમતનું એક યંત્ર ખરીદવામાં આવ્યું હતું.

(2) રૂા. 70,000ની મૂળ કિંમતના જમીન-મકાન જેની ઘસારા બાદ કિંમત રૂા.50,000 હતી તે રૂા. 80,000માં વેચવામાં આવેલ. વેચાણ ઉપર થયેલ નફા પૈકી મૂડી નફો અનામત ખાતે અને મહેસૂલી નફો નફા-નુકસાન ખાતે જમા કરવામાં આવેલ.

(3) કંપનીએ સામાન્ય અનામતમાંથી જરૂરી રકમનું મૂડીકરણ કરીને વર્તમાન શેરધારકોને 5:2 ના પ્રમાણમાં બોનસ શેર આપ્યા.

(4) 10% વટાવે ડિબેન્ચરો બહાર પાડવામાં આવ્યા હતા.

(5) ગઈ સાલનું સૂચિત ડિવિડન્ડ ચૂકવવામાં આવેલ છે. તે ઉપરાંત રૂા. 12,000 વચગાળાનું ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું હતું.

(6) ગઈ સાલના કરવેરાની રૂા. 36,000ની રકમ ચૂકવવામાં આવેલ છે.

ઉપરની માહિતી ઉપરથી રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો રૂા.1,68,000
કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ રૂા.82,000
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા.35000
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા.1,13,000 રોકડ અને રોકડ સમાનમાં ઘટાડો રૂા.4,000

**દાખલા 8** અયાન લિ.ની માહિતી નીચે મુજબ છે. તેના આધારે રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

### ા રોકડ પ્રવાહનું પત્રક

| જવાબદારીઓ | 31-3-2016 (રૂા.) | 31-3-2017 (રૂા.) | મિલકતો | 2016 (રૂા.) | 2017 (રૂા.) |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | | પાઘડી | 6,72,000 | 5,04,000 |
| રૂા.10નો શેર | 16,80,000 | 25,20,000 | મકાન | 13,44,000 | 21,00,000 |
| પ્રેફ.શેરમૂડી રૂા.10નો | | | યંત્રો | 11,76,000 | 16,80,000 |
| શેર રૂા.7 ભરપાઈ | 5,88,000 | - | રોકાણો | 3,36,000 | - |
| નફા-નુકસાન ખાતું | 2,94,000 | 6,30,000 | સ્ટોક | 2,52,000 | 4,20,000 |
| સામાન્ય અનામત | 6,72,000 | 4,20,000 | દેવાદારો | 3,69,600 | 3,36,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 1,26,000 | 84,000 | લેણીહૂંડી | 84,000 | 84,000 |
| 12%ના ડિબેન્ચર | - | 8,40,000 | રોકડ | 84,000 | 92,400 |
| દેવીહૂંડી | 1,68,000 | - | બેન્ક | - | 3,36,000 |
| લેણદારો | 4,20,000 | 5,04,000 | | | |
| કરવેરા જોગવાઈ | 2,01,600 | 2,52,000 | | | |
| સૂચિત ડિવિડન્ડ | 1,68,000 | 3,02,400 | | | |
| | 43,17,600 | 55,52,400 | | 43,17,600 | 55,52,400 |

વધારાની માહિતી :

(1) કંપનીધારાની જોગવાઈનું પાલન કરીને પ્રેફરન્સ શેર 5% પ્રીમિયમ પરત કર્યા. સામાન્ય અનામતમાંથી રૂા. 8,40,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવ્યા છે.

(2) વર્ષ દરમિયાન ઘસારાની જોગવાઈ મકાન રૂા. 2,52,000 અને યંત્રો રૂા. 2,10,000.

(3) 31-3-2017ના રૂા. 8,40,000ના ડિબેન્ચર્સ 5% વટાવે બહાર પાડ્યા હતા.

(4) કંપનીએ મૂડીપરત અનામતમાંથી વર્તમાન શેરધારકોને 2:1ના પ્રમાણમાં બોનસ શેર આપેલા છે.

(5) વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે રોકાણો વેચેલાં છે.

(6) કરવેરાના રૂા. 2,10,000 ચૂકવ્યા છે અને પાછલા વર્ષનું ડિવિડન્ડ પણ ચૂકવ્યું છે.

(ગુ.યુનિ., ટી.વાય., નવે.-2017)

**જવાબ :** કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો રૂા. 20,74,800
કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 16,4,6400
રોકાણ પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. (13,02,000)
નાણાકીય પ્રવૃત્તિમાંથી મળતો રોકડપ્રવાહ રૂા. 3,44,400

એકમ 8

# અંદાજપત્ર અને અંદાજપત્રીય અંકુશ : 1

**રૂપરેખા :**

8.1 પરિચય

8.2 અંદાજપત્રનો અર્થ અને લક્ષણો

8.3 અંદાજપત્રીય અંકુશનો અર્થ અને તેના હેતુઓ

8.4 અંદાજપત્રીય અંકુશના ફાયદા અને મર્યાદાઓ

8.5 અંદાજપત્રના પ્રકારો અને અંદાજપત્ર તૈયાર કરવાની કાર્યવાહી

❖ સ્વાધ્યાય

## 8.1 પરિચય :

કોઈ પણ પ્રવૃત્તિ ધંધાકીય હોય કે બિનધંધાકીય યોગ્ય આયોજન વિના વ્યવસ્થિત રીતે પાર પાડી શકાતી નથી, વર્તમાન સંજોગોમાં ધંધાનું કદ અને ધંધાના વ્યવહારો એટલાં વધ્યાં છે કે તેની દરેક પ્રવૃત્તિ માટે યોગ્ય આયોજનની જરૂર છે. કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં સામાન્ય રીતે તે પ્રવૃત્તિ માટે કેટલો ખર્ચ થશે કે તેમાંથી કેટલી આવક થશે તેનો અંદાજ મુકવામાં આવે છે. આથી, દરેક પ્રવૃત્તિને સફળતાપૂર્વક આયોજન કરીને પાર પાડવા માટે યોગ્ય સંચાલનની જરૂર હોય છે. સંચાલનનું મહત્વનું કાર્ય ધંધાની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું તેમ જ બધી જ પ્રવૃત્તિઓનું સંકલન કરીને તેના પર અંકુશ રાખીને જે તે પ્રવૃત્તિ તેમ જ ધંધાની સિદ્ધિઓ પૂરી કરવી.

હવે ધંધાકીય વ્યક્તિઓ તેમ જ સંચાલનમાં કામ કરતાં લોકો કોઈ પણ પ્રવૃત્તિ માટે અગાઉથી આયોજન કરવાનું મહત્ત્વ સમજી ચૂક્યા છે. તેથી જે તે પ્રવૃત્તિના ખચઓ, આવકો, તેમ જ અન્ય કાર્યો પર આયોજન કરવા, સંકલન કરવા અને અંકુશ રાખવા માટે જરૂરી અંદાજપત્ર (બજેટ) તૈયાર કરવામાં આવે છે.

## 8.2 અંદાજપત્રનો અર્થ અને લક્ષણો :

### ❖ અંદાજપત્રની જુદી જુદી વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

(i) "અંદાજપત્ર એ અમુક ચોક્કસ મુદત પહેલાં તૈયાર કરેલ અને તે મુદત દરમિયાન જેનો નક્કી કરેલ ધ્યેયસિદ્ધિના હેતુ માટે અમલ કરવાનો હોય છે એવી નીતિની નાણાંકીય કે પરિણાત્મક રજૂઆત છે."

(ii) "'બજેટ એ સર્વગ્રાહી યોજના છે, જેમાં સંચાલન અંદાજીત વેચાણ અને આવકને આધારે ભવિષ્યની કામગીરી માટે પડતર અને ખર્ચની છૂટ નક્કી કરે છે, કાળજીપૂર્વક નક્કી કરેલ ધ્યેય તરફ પ્રવૃત્તિઓને લઈ જાય છે અને તેનું અસરકારક સંકલન કરે છે.

## ❖ અંદાજપત્રના લક્ષણો :

(1) **સર્વગ્રાહી યોજના છે :** ધંધાની સમગ્ર પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને એક સર્વગ્રાહી અંદાજપત્ર કે વિસ્તૃત અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ અંદાજપત્રને આધારે ધંધાની અલગ અલગ પ્રવૃત્તિઓ માટે જુદાં-જુદાં કાર્યો તેમજ જુદાં જુદાં ખાતાંઓ માટે વિવિધ અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.

(2) **ભવિષ્યની નિશ્ચિત મુદત માટે તૈયાર કરવામાં આવે છે :** સામાન્ય રીતે અંદાજપત્ર કોઈ એક ચોક્કસ મુદતમાં જરૂરી લક્ષ્યાંક પૂરો પાડવામાં માટે બનાવવામાં આવે છે. તે જે તે પ્રવૃત્તિ કે કાર્યોને આધારે ભવિષ્યની નિશ્ચિત મુદત માટે જેવી કે અઠવાડિક, માસિક, અંદાજપત્ર, અંદાજપત્રીય અને રોકડ અંદાજપત્ર ત્રણ મહિના માટે, છ મહિના માટે કે સમગ્ર વર્ષ દરમિયાનનું તૈયાર કરવામાં આવે છે. આમ, અંદાજપત્ર લાંબાગાળાના તેમ જ ટૂંકા ગાળાના બનાવવામાં આવે છે.

(3) **નાણાંકીય સ્વરૂપે કે આંકડાનાં સ્વરૂપે રજૂ કરવામાં આવે છે :** અંદાજપત્ર બનાવતી વખતે કેટલીક વાર ફક્ત ભૌતિક સ્વરૂપમાં જ તેને તૈયાર કરવામાં આવે છે ત્યારે, અંદાજપત્રમાં ફક્ત આંકડા કે રકમ દર્શાવામાં આવે છે. જેમ કે વસ્તુની ખરીદીના આંકડા (કિલોગ્રામમાં, લીટરમાં, નંગમાં વગેરે), વેચાણમાં આંકડા વસ્તુના આધારે, કામદારોના કલાકો, વીજળીનો વપરાશ વગેરે અહીં નાણાંકીય રકમ ધ્યાનમાં લેવાતી  નથી.

જ્યારે કેટલીક વાર અંદાજપત્રની તમામ વિગતો નાણાંકીય રકમમાં દર્શાવવામાં આવે છે. જેમ કે માલસામાનની ખરીદીની કિંમત, વસ્તુની વેચાણ કિંમત, ઉત્પાદનના ખર્ચા, ઓફિસનાં ખર્ચા, વેચાણ કે વિતરણનાં ખર્ચા વગેરે.

(4) **અંદાજપત્રએ એક સંકલિત યોજના છે :** ધંધામાં સર્વગાહી કે વિસ્તૃત અંદાજપત્ર તૈયાર કર્યા બાદ ધંધાની વિવિધ પ્રવૃત્તિઓ, ખાતાંઓ, વિભાગો અને લક્ષ્યાંકોના આધારે અધિકારીઓ દ્વારા વિવિધ અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ વિવિધ અંદાજપત્રો દ્વારા દશવિલા વિવિધ આંકડાઓને સંકલિત કરીને સર્વગ્રાહી અંદાજપત્ર સાથે સરખાવવામાં આવે છે. આમ, બધાં જ અંદાજપત્રો ધંધાની જરૂરિયાત લક્ષમાં રાખીને એકરૂપ તૈયાર કરવામાં આવે તો બધાં જ અંદાજપત્રોનું મહત્ત્વ રહેશે અને ધંધાને તેના લક્ષ્યાંકો પૂરા પાડવામાં મદદરૂપ થશે.

(5) **તે ધંધાની વિવિધ પ્રવૃત્તિઓ તથા તેમાં વપરાતાં સાધનોના આયોજનની પ્રવૃત્તિ છે :** ધંધામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અને તે પ્રવૃત્તિમાં વપરાતાં સાધનો દ્વારા થતાં ખચ, આવકો, સમય તેમ જ નાણાંનો વપરાશ વગેરે અંદાજપત્ર બનાવતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. દા.ત. એક ઉત્પાદન વિભાગમાં કેટલો માલસામાન ખર્ચ થશે ? કેટલો મજૂરી ખર્ચ થશે ? કેટલો પરોક્ષ ખર્ચ થશે ? કેટલી અને કયા પ્રકારની મશીનરીનો ઉપયોગ થશે ? કેટલાં નાણાંની જરૂર પડશે ? વગેરે.

**(6) તે અંકુશનું એક સાધન છે :** જયારે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે ત્યારે તેનાં વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. અંદાજપત્રમાં જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા હોય તે પૂરા કરવાં માટે જરૂરી અધિકારી કે કર્મચારીને જવાબદારી સોંપવામાં આવે છે. તેથી સમયાંતરે જે તે અધિકારી કે કર્મચારી તેમને સોંપેલા કાર્યો લક્ષ્યાંક (અંદાજપત્ર પ્રમાણે) કરે છે કે નહિ તે ઉપરી અધિકારી તેમ જ સંચાલકો દ્વારા સતત ધ્યાન રાખવામાં આવે છે.

આમ, અંદાજપત્ર એ આયોજન અને અંકુશ બંને માટે સંચાલકોનું ઉપયોગી સાધન છે.

**(7) તે સતત પ્રક્રિયા છે :** એક વાર મુખ્ય અંદાજપત્ર કે સર્વગ્રાહી અંદાજપત્ર તૈયાર થઈ ગયા પછી તેના આધારે વિવિધ અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે. આ વિવિધ અંદાજપત્રો સમયાંતરે ખરેખર લક્ષ્યાંકો સાથે સરખાવવામાં આવે છે. જો તેનાં લક્ષ્યાંકોમાં ફેરફાર હોય કે ખરેખર થયેલ રકમ સાથે સરખાવતાં અગાઉનાં અંદાજપત્રમાં ફેરફાર કરવો જરૂરી હોય તો આવા ફેરફારો કરી વર્ષના અંતે ધંધાનાં લક્ષ્યાંકો કે સિદ્ધિ પૂરી પાડવી જરૂરી છે. આ માટે, અંદાજપત્ર તૈયાર થઈ ગયા પછી પણ સતત તેના પર ધ્યાન રાખવામાં આવે છે.

## 8.3 કેડ અંદાજપત્રીય અંકુશનો અર્થ અને તેના હેતુઓ :

❖ **અંદાજપત્રીય અંકુશનો અર્થ અને વ્યાખ્યાઓ નીચે મુજબ છે.**

(i) "'પ્રવૃત્તિઓના નિયંત્રણ માટેના સાધન તરીકે અંદાજપત્રનો ઉપયોગ કરવો તેનું નામ જ અંદાજપત્રીય અંકુશ."

(ii) "નીતિની જરૂરિયાત પ્રમાણે પેઢીમાં વહોવટી અ! 1ની જવાબદારીને લગતાં બજેટો નક્કી કરવાં અને ખરેખર પરિણામ સાથે સતત સરખાવતાં રહેવું કે જેથી વ્યક્તિગત પગલાં દ્વારા તે નીતિનું ધ્યેય સિદ્ધ થઈ શકે અથવા તેની ફેરવિચારણા કરવાનો આધાર પ્રાપ્ત થઈ શકે.

(iii) અંદાજપત્રીય અંકુશ એટલે (1) ખાતાવાર (બજેટ) અંદાજપત્ર નક્કી કરવાં (2) બધા જ અંદાજપત્રોતું સંકલન કરવું કે જેથી ધંધાની બધી જ પ્રવૃત્તિઓનું સંકલન થઈ શકે. (3) ખરેખર પરિણામને અંદાજપત્રનાં આંકડા સાથે સરખાવતા રહેવું અને જો કોઈ તફાવત હોય તો તે શોધી શકાય અને જરૂરી સુધારા કે પગલાં લઈ શકાય.

❖ **અંદાજપત્રીય અંકુશના હેતુઓ (પૂર્વ શરતો) :**

અંદાજપત્રીય અંકુશના હેતુઓની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે છે :

**(1) પેઢીના ધ્યેયની યોગ્ય રીતે રજૂઆત :** દરેક પેઢી સૌ પ્રથમ પોતાનાં લાંબા ગાળાનાં ધ્યેય નક્કી કરે છે અને તે સિદ્ધ કરવા માટે ટૂંકા ગાળાની યોજનાઓ પણ ઘડે છે. આ ટૂંકા ગાળાની યોજનાઓ સિદ્ધ કરવા માટે જુદા જુદા અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે. અને આ અંદાજપત્રોમાં વિસ્તારપૂર્વક તેમ જ યોગ્ય રીતે ધ્યેય સિદ્ધ કરવા માટે મદદરૂપ થાય તેવી વિગતો આપવામાં આવે છે. આ વિગતો જે તે અધિકારી માટે કે કર્મચારી માટે માર્ગદર્શક, પ્રોત્સાહક, અને લક્ષ્યાંકો

પૂરા પાડવાં માટે ઉપયોગી બને છે. જેના દ્વારા દરેક અધિકારી કે કર્મચારીનું સતત મૂલ્યાંકન થાય છે.

(2) **પેઢીના ધ્યેયની દરેક કર્મચારીને જાણ કરવી :** પેઢીના માલિકો કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા પેઢીના લક્ષ્યાંકો કે સિદ્ધિઓ નક્કી કર્યા બાદ તેની સંબંધિત પક્ષકારોને જાણ કરવી જરૂરી છે. જેથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓની ફરજ એ છે કે તેમના નીચે કામ કરતાં સંબંધિત અધિકારીઓને માહિતી આપે કે તેમની પાસેથી પેઢી કેટલી અપેક્ષા રાખે છે કે તેમને કેટલાં લક્ષ્યાંક પૂરા કરવાના છે. આમ થવાથી પેઢીના દરેક અધિકારીઓ તેમને સોંપેલ કામ કે લક્ષ્યાંકો યોગ્ય રીતે સમજી શકે તેમ જ લક્ષ્યાંકો પૂરા કરવામાં પેઢીને મદદરૂપ થઈ શકે.

(3) **ધ્યેય નક્કી કર્યા બાદ તેની યોજના તૈયાર કરવી :** પેઢીનાં લાંબા ગાળાના તેમ જ ટૂંકા ગાળામાં લક્ષ્યાંકો તૈયાર કર્યા બાદ તે સિદ્ધ કરવા માટે યોજનાઓ તૈયાર કરવામાં આવે છે. આ યોજનાઓને નાણાંકીય સ્વરૂપમાં દર્શાવવા માટે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. અંદાજપત્ર દ્વારા જે તે વિભાગ, અધિકારી, ખાતાં કે સમુહને કયાં કાર્યો કરવાનાં છે ? કોની જવાબદારી રહેશે ? કોણ કોને માહિતી આપશે ? વગેરે પ્રશ્નોમાં માર્ગદર્શન મળી રહે છે. દરેક કાર્ય કેટલા સમયમાં અને કેવી રીતે પૂરાં કરવાનાં છે તેનો ખ્યાલ પણ અંદાજપત્ર દ્વારા મેળવી શકાય છે.

(4) સર્વગ્રાહી અંદાજપત્રની સફળતા માટે પ્રવૃત્તિઓનું સંકલન : સર્વગ્રાહી કે લાંબાગાળાના અંદાજપત્રની સફળતા પાછળ ટૂંકા ગાળાનાં અંદાજપત્રનું ખૂબ જ મહત્ત્વ છે. જયારે ટૂંકાગાળાનાં અંદાજપત્ર વિવિધ વિભાગો માટે બનાવવામાં આવે ત્યારે વિવિધ વિભાગો વચ્ચે સંકલન હોવું જરૂરી છે. દા.ત. વેચાણ વિભાગ કેટલું વેચાણ કરી શકશે, તેના પરથી કેટલું ઉત્પાદન જરૂરી છે, તે જ રીતે જરૂરી ઉત્પાદન માટે કેટલા માલસામાનની જરૂર છે અને આ બધા જ કાર્યો માટે કેટલાં નાણાંની જરૂર પડશે, આ બધા જ પ્રશ્નોના ઉકેલ માટે દરેકે દરેક વિભાગનાં અંદાજપત્રો કે પ્રવૃત્તિઓ વચ્ચે સંકલન હોવું જરૂરી છે. જેના દ્વારા એક અંકુશ પણ રાખી શકાય.

(5) **અંકુશ માટે મૂલ્યાંકનની જરૂરિયાત :** દરેક વિભાગ કે અધિકારીઓને અંદાજપત્ર દ્વારા લક્ષ્યાંકો જણાવ્યા બાદ સમયાંતરે અંદાજપત્રના લક્ષ્યાંકો અને ખરેખર આંકડા (વિગતો) સાથે મેળવણી કરવી જરૂરી છે. આમ કરવાથી જો કોઈ વિભાગ કે કર્મચારીના કાર્યમાં લક્ષ્યાંકો કરતાં ખરેખર આંકડાંમાં મોટો તફાવત આવે તો તરત જ પગલાં લઈ શકાય.

આમ, મૂલ્યાંકન પદ્ધતિ અંદાજપત્રીય અંકુશનો એક મુખ્ય હેતુ છે. જ્યારે અંદાજપત્ર મુજબનાં લક્ષ્યાંકોના આંકડાને ખરેખર આંકડા સાથે સરખાવતાં કે તેનું મૂલ્યાંકન કરતાં જે ફેરફારો આવે તેના માટે જરૂરી કારણો શોધી તેમાં યોગ્ય ફેરફાર કે પગલાં લઈને ભવિષ્યમાં લક્ષ્યાંક પ્રમાણે કાર્ય થાય તે જરૂરી છે. આંવાં કારણો આંતરિક કે બાહ્ય પણ હોઈ શકે છે.

આમ, જ્યારે અંદાજપત્રો તૈયાર કરવામાં આવે ત્યારે જે તે અંદાજપત્રોમાં દર્શાવેલા લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે ઉપર દર્શાવેલી પૂર્વશરતો (કે હેતુઓ)નો યોગ્ય અમલ થવો જરૂરી છે.

## 8.4 અંદાજપત્રીય અંકુશના ફાયદા અને મર્યાદાઓ :

અંદાજપત્ર દ્વારા સંચાલકો તેમની પેઢીનું યોગ્ય આયોજન કરીને જુદાં જુદાં ખાતાં અને વ્યક્તિઓને તેમની કામગીરી કે લક્ષ્યાંકો (સિદ્ધિઓ)ની જાણ કરે છે. તેમ જ સમયાંતરે આ કામગીરીનું મૂલ્યાંકન કરીને તેમની ઉપર અંકુશ પણ રાખી શકે છે.

❖ **અંદાજપત્રીય અંકુશના ફાયદાઓ નીચે પ્રમાણે છે :**

(1) **આયોજન :** અંદાજપત્ર દ્વારા સંચાલકો તેમની પેઢીનું અસરકારક રીતે આયોજન કરી શકે છે. સમય આધારિત, વિભાગ કે ખાતાં આધારિત, અધિકારીઓ કે કર્મચારીઓ આધારિત, વસ્તુ કે સેવા આધારિત જેવી વિવિધ પ્રવૃત્તિઓનું અંદાજપત્ર તૈયાર કરીને ભવિષ્યમાં લક્ષ્યાંકો કે અંદાજો સાથે સરખામણી કરીને તેમજ જરૂરી મૂલ્યાંકન કરીને પેઢીનું આયોજન શક્ય બને છે.

(2) **વિકેન્દ્રીકરણ :** અંદાજપત્ર દ્વારા પેઢીની વિવિધ પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે છે. જેથી જુદા જુદા વિભાગોને તેમનાં લક્ષ્યાંક અને જવાબદારીઓ નક્કી કરવામાં આવે છે. દરેક વિભાગ તેમને સોંપેલા લક્ષ્યાંકોનાં આધારે જરૂરી અંદાજપત્રો તૈયાર કરીને તે લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં પ્રયત્નો કરવામાં આવે છે.

(3) **કાર્યક્ષમતામાં વધારો :** જે તે વિભાગ તેમ જ કર્મચારીઓને તેમનાં લક્ષ્યાંકો પહેલાંથી ખબર હોવાથી તે લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા જરૂરી કાર્યક્ષમતાએ કામ કરશે. આમ કરવાથી તેમના કાર્યક્ષમતામાં વધારો થશે. જો તે લક્ષ્યાંક પ્રમાણે ખરેખર કાર્ય કરી શકશે નહિ તો તેને ઉપરી અધિકારી કે સંચાલકોને તેનો ખુલાસો કરવો પડશે.

(4) **કર્મચારીઓના જુસ્સાથી ઉત્પાદકતામાં કે વેચાણમાં વધારો :** કર્મચારીઓ અને અધિકારીઓ અંદાજપત્રના આધારે યોગ્ય કાર્યક્રમ તૈયાર કરીને પેઢીના લક્ષ્યાંકો પૂરા પાડવામાં મદદરૂપ થાય છે. કર્મચારીઓ અને અધિકારીઓ તેમનાં નક્કી કરેલાં લક્ષ્યાંકો પૂરા કરવા જરૂરી કાર્યક્ષમતાથી કામ કરે છે. જેના કારણે પેઢીને તેના ઉત્પાદન કે વેચાણમાં વધારો પણ જોવા મળે છે.

(5) **સાધનોનો મહત્તમ ઉપયોગ :** અંદાજપત્રથી ધંધાના ભૌત્તિક અને માનવીય સાહસોનો મહત્તમ અને કરકસરયુક્ત ઉપયોગ થઈ શકે છે. દરેક સાધનો તેમ જ માનવ શક્તિનો લક્ષ્યાંકોને આધારે કામમાં લેવાના હોવાથી તેનો મહત્તમ ઉપયોગ થાય છે.

(6) **માહિતી સંચારની વ્યવસ્થા કાર્યક્ષમ બને છે :** અંદાજપત્ર તૈયાર કર્યા પહેલાં જરૂરી માહિતી વિવિધ અધિકારીઓ પાસેથી લેવામાં આવે છે જેથી લક્ષ્યાંકો તૈયાર કરવામાં કોઈ ગરબડ થાય નહિ. અંદાજપત્ર તૈયાર કર્યા બાદ તેના અમલના એક ભાગરૂપે દરેક વિભાગ, અધિકારીઓ કે કર્મચારીઓને લેખિતમાં ધંધાના ધ્યેય, યોજના, લક્ષ્યાંકો, તેમની જવાબદારી વગેરે આપવામાં આવે છે. નક્કી કરેલ સમયે ખરેખર થયેલ કામના આંકડા (વિગતો) મેળવવામાં આવે છે.

(7) **સંકલન :** જુદાં જુદાં વિભાગો કે કાર્યો માટે અલગ અલગ અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે. આ બધા જ અંદાજપત્રોનું સંકલન કરીને ધંધાના નક્કી કરેલાં ધ્યેયની દિશામાં બધા જ અંદાજપત્રો લક્ષ્યાંકો મુજબ કામ થાય છે કે નહિ તે

તરત જ શોધી શકાય છે. જરૂર લાગે તો અગાઉના કે ભવિષ્યના અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરીને ધંધાના લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકાય છે.

(8) **અંકુશ :** અંદાજપત્ર દ્વારા સંચાલકો જરૂરી વિભાગ કે અધિકારીઓ પર અંકુશ રાખી શકે છે. અંદાજપત્રમાં દર્શાવેલ લક્ષ્યાંકોને ખરેખર પરિણામ સાથે સરખાવવામાં આવે છે. જો ખરેખર પરિણામ નક્કી કરેલાં લક્ષ્યાંકોથી ઓછું હોય તો જે તે વિભાગ કે કર્મચારીઓના ખુલાસા દ્વારા તેમના પર અંકુશ રાખી શકાય છે.

(9) **સહકાર દ્વારા સફળતા :** અંદાજપત્ર તૈયાર કરતાં પહેલાં તેમ જ અંદાજપત્ર તૈયાર થયા પછી જુદાં જુદાં વિભાગોનાં અધિકારીઓએ દરેક તબક્કે ચર્ચાવિચારણા કરવાની હોય છે. જેના પરિણામે બધા જ અધિકારીઓ એકબીજાના પ્રશ્નો સમજે અને આ પ્રશ્નો સહકારની ઉકેલવાનો સંનિષ્ઠ પ્રયાસ કરે. આ રીતે સહકારથી કામ થતાં ધંધાના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સફળતા મળે.

(10) **અપવાદ વગર સંચાલન :** અંદાજપત્ર તૈયાર થઈ ગયા બાદ દરેક વિભાગ કે ખાતાને કે અધિકારીઓને તેમના અંદાજપત્ર સોંપી દેવામાં આવે છે. જેથી તેમને પણ ખ્યાલ રહે કે ભવિષ્યમાં કઈ રીતે કાર્ય કરવાનું છે. જેના કારણે ઉપરી અધિકારીઓ સાથે કોઈ પણ અપવાદ વગર તેઓ કામ કરી શકે. સંચાલકો દ્વારા પણ અંદાજપત્રને આધારે દરેક વિભાગ કે અધિકારીઓને જરૂરી જવાબદારી અને સત્તા સોંપવામાં આવે છે. જ્યારે લક્ષ્યાંક કે અંદાજપત્ર પ્રમાણે કામ ના થાય ત્યારે જ સંચાલકો કે ઉપરી અધિકારીઓએ ધ્યાન આપવાનું રહે છે.

(11) **લોન મેળવવામાં સરળતા :** અંદાજપત્રમાં દર્શાવેલ લક્ષ્યાંકો તેમ જ તે લક્ષ્યાંકો પ્રા કરવા માટે જરૂરી અંકુશની પદ્ધતિના આધારે બેક્ર તેમ જ નાણાંકીય સંસ્થાઓ પાસેથી ધંધા માટે નાણાંકીય લોન મેળવવામાં સરળતા રહે છે.

## ❖ અંદાજપત્રીય અંકુશની મર્યાદાઓ :

અંદાજપત્ર દ્વારા અંકુશ રાખવાથી ધંધાને તેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે. પરંતુ અંદાજપત્રના આધારે અંકુશ રાખવાની પ્રક્રિયામાં જો કોઈ ભૂલ થઈ જાય તો ધંધામાં સફળતાના બદલે નિષ્ફળતા મળે છે. અંદાજપત્રીય અંકુશની કેટલીક મુખ્ય મયર્દિઓ નીચે પ્રમાણે છે.

(1) **અંદાજની ગણતરીમાં ચોકસાઈ :** લાંબા ગાળાના તેમજ ટૂંકા ગાળાના અંદાજપત્ર બનાવતી વખતે જે અંદાજ માટેનાં આંકડા મૂકવવામાં આવે છે તે ખૂબ જ ગણતરીપૂર્વક, બુદ્ધિપૂર્વક અને અનુભવના આધારે તૈયાર કરવા જરૂરી છે. જો આ અંદાજ વર્તમાન પરિસ્થિતિને (આંતરિક તેમ જ બ્રાહ્ય પરિસ્થિતિ) ધ્યાનમાં લીધા સિવાય તૈયાર કરવામાં આવશે તો અધિકારીઓને તેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં સફળતા મળશે નહિ. આમ, કોઈ પણ અંદાજપત્રના સફળતાનો આધાર તેના અંદાજો પર રહેલો છે.

(2) **ઊંચા લક્ષ્યાંકોની નિરાશા :** જો ધંધાના સંચાલકો વર્તમાન પરિસ્થિતિ તેમ જ અધિકારીઓ અને કર્મચારીઓને વિશ્વાસમાં લીધા વગર ઊંચા લક્ષ્યાંકોવાળું અંદાજપત્ર બનાવે તો તે લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનું અધિકારીઓ અને કર્મચારીઓ માટે અશક્ય બને છે. જેનાથી તેઓમાં નિરાશા જોવા મળે છે.

(3) **સતત મૂલ્યાંકનની ખામી :** સમયાંતરે ઉચ્ચ અધિકારીઓએ અંદાજપત્રના લક્ષ્યાંકો અને ખરેખર પરિણામ સાથે સતત મૂલ્યાંકન કરવું જોઈએ. જો તેમાં ફેરફાર હોય તો જરૂરી પગલાં લઈને ભવિષ્યમાં કઈ પદ્ધતિ અપનાવી જોઈએ તેનું જે તે અધિકારી કે વિભાગ સાથે ચર્ચા-વિચારણા કરીને યોગ્ય ઉકેલ લાવવો જોઈએ. જો સંચાલકો કે ઉપરી અધિકારીઓ સતત મૂલ્યાંકનમાં રસ ના લે કે તે માટે યોગ્ય ચર્ચા-વિચારણા ના કરે તો લાંબાગાળે તે લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં સફળતા મળશે નહિ.

(4) **પરિવર્તનશીલતાનો અભાવ :** એક વાર અંદાજપત્રના લક્ષ્યાંકો તૈયાર થઈ ગયા પછી પણ તેને વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને જરૂરી ફેરફાર કરવી જરૂરી છે. જો અંદાજપત્રના લક્ષ્યાંકો વધારે પડતાં ઊંચા કે નીચા લેવામાં આવ્યાં હોય તો તે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમાં ફેરફાર કરવા જરૂરી છે. વધારે પડતાં ઊંચા લક્ષ્યાંકો રાખવાથી અધિકારીઓ કે કર્મચારીઓમાં હતાશા ઊભી થઈ છે. જેથી જો અંદાજપત્રમાં વખતોવખત યોગ્ય ફેરફાર કરવામાં ના આવે તો અંદાજપત્ર દ્વારા લક્ષ્યાંકો મેળવવામાં નિષ્ફળતા મળે છે.

(5) **સહકારનો અભાવ :** ધંધાના વિવિધ વિભાગો, અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે યોગ્ય સહકાર જોવા ના મળે તો અંદાજપત્રના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં મુશ્કેલી પડે છે. જો કોઈ એક વિભાગ તેના અંદાજપત્ર મુજબ ના કામ કરે તો તેની અસર બીજા વિભાગો પર પણ પડે છે દા.ત. માલસામાનની ખરીદીની અસર ઉત્પાદન વિભાગ પર તેમ જ વેચાણવિભાગ પર પણ પડે છે.

આથી, દરેક વિભાગો, ખાતાંઓ , અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે યોગ્ય સહકાર જરૂરી છે જેથી ચચ-વિચારણા દ્વારા જો કોઈ પ્રશ્ન હોય તો તેનો યોગ્ય ઉકેલ લાવી શકાય.

(6) **અંદાજપત્ર એટલે એક અંકુશનું સાધન :** કેટલીકવાર ઉચ્ચ અધિકારીઓ દ્વારા અંદાજપત્રમાં દશવિલ લક્ષ્યાંકોને આધારે નીચેના અધિકારીઓ કે કર્મચારીઓ પર ફરજિયાતપણે તે લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે દબાણ કરવામાં આવે છે. જો નીચેના અધિકારીઓ કે કર્મચારીઓ સાથે ચર્ચા વિચારણા કર્યા સિવાય અંદાજપત્રને જ ધ્યાનમાં લઈને કામ કરવામાં આવે ત્યારે અંદાજપત્ર એ સંચાલકો માટે એક અંકુશનું સાધન બની રહે છે. ‘જે લાંબાગાળે ધંધાને નુકસાન કરે છે.

(7) **કેટલીકવાર અંદાજપત્ર ખર્ચાળ સાબિત થાય છે :** અંદાજપત્રો તૈયાર કરવામાં અને તેનો અમલ કરવા માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવામાં મોટો ખર્ચ થાય છે. જો અંદાજપત્ર બનાવતી વખતે નિષ્ણાંતો સાથે તેમ જ ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા વિના તૈયાર કરવામાં આવે તો ધંધાને ફાયદો થવા કરતાં નુકસાન થાય છે.

(8) **ટૂંકા ગાળાની અપેક્ષા સંચાલકોમાં નિરાશા ઊભી કરે છે :** સામાન્ય રીતે અંદાજપત્ર દ્વારા ધંધાના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે લાંબા ગાળાનો સમય જોઈએ. જો સંચાલકો કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ટૂંકા ગાળામાં કે ઝડપથી લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો કેટલીક વાર નિરાશા ઊભી કરે છે. જે ધંધા માટે નુક્સાનકારક સાબિત થઈ શકે છે.

## 8.5 અંદાજપત્રના પ્રકારો અને અંદાજપત્ર તૈયાર કરવાની કાર્યવાહી :

પત્ર તૈયાર કરતી વખતે ધંધાનાં આંતરિક અને બ્રાહ્ય પરિબળો ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. ધંધાનો પ્રકાર, માલસામાનની પ્રાપ્તિનો સમય કે માલસામાન મળવાની શક્યતા, કારીગરોની કુશળતા, ઉત્પાદનની શક્તિ, વેચાણની શક્યતા, નફાની શક્યતા, નાણાં મેળવાની શક્યતા જેવા વિવિધ પ્રકારનાં પ્રશ્નોને ધ્યાનમાં રાખીને અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આમ, ધંધાના પ્રકારના આધારે અંદાજપત્ર તૈયાર કરવાની બે પદ્ધતિઓનો ઉપયોગ પ્રચલિત છે : સામાયિક અંદાજપત્ર (Periodic Budgeting) અને સતત અંદાજપત્ર (Continuous Budgeting)

સામાયિક અંદાજપત્ર સામાન્ય રીતે એક વર્ષ માટે તૈયાર કરવામાં આવે છે. ધંધામાં જયારે સમગ્ર વર્ષના ઉત્પાદનના, વેચાણના, આવકના કે ખર્ચના આંકડાઓ ને લક્ષ્યાંક નક્કી કરી શકાતા હોય ત્યારે સામયિક અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. પરંતુ જયારે સમગ્ર વર્ષના લક્ષ્યાંકો કે તે માટેના જરૂરી આંકડા નક્કી કરવામાં મુશ્કેલી પડતી હોય ત્યારે બે-ત્રણ મહિના માટેનું જ અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે અને તેના ઉપર સતત દેખરેખ રાખીને અગાઉના અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ પદ્ધતિને સતત અંદાજપત્ર કહેવામાં આવે છે.

અંદાજપત્રનું વર્ગીકરણ મુખ્યત્વે ચાર રીતે કરવામાં આવે છે. અંદાજપત્રના જુદાં જુદાં પ્રકારો નીચે આપેલ ચાર્ટ દ્વારા સમજીએ :

**અંદાજપત્રના પ્રકારો (Types of Budget)**

**સમય પમાણે**

(અ) લાંબાગાળાનું અંદાજપત્ર

(બ) ટૂંકા ગાળાનું અંદાજપત્ર

**હેતુના આધારે**

(અ) માલની પડતરનું અંદાજપત્ર

(બ) અંકુશ અંદાજપત્ર કે જવાબદારીઅંદાજપત્ર

(ક) પૂર્વાનુમાન અંદાજપત્ર

**પરિવર્તનશીલતાનો આધારે**

(અ) સ્થિર અંદાજપત્ર

(બ) પરિવર્તનશીલ અંદાજપત્ર

**કાર્યાનુસાર અંદાજપત્ર**

(અ) વેચાણ અંદાજપત્ર

(બ) ઉત્પાદન અંદાજપત્ર

- (i) માલસામાન અંદાજપત્ર
- (ii) પ્રત્યક્ષ મજુરી ખર્ચનું અંદાજપત્ર
- (iii) કારખાનાના પરોક્ષ ખર્ચનું અંદાજપત્ર
- (iv) સેવા વિભાગના ખર્ચનું અંદાજપત્ર

(ક) વહીવટી કે ઓફિસના પરોક્ષ ખર્ચનું અંદાજપત્ર

(ડ) વેચાણ-વિતરણના પરોક્ષ ખર્ચનું અંદાજપત્ર

ઉપર દર્શાવિલ અંદાજપત્રના પ્રકારોને સંક્ષિપ્તમાં સમજીએ.

## (A) સમયને અનુલક્ષીને અંદાજપત્રનું વર્ગીકરણ

**(અ) લાંબા ગાળાનું અંદાજપત્ર :** ધંધામાં લાંબા ગાળાનું અંદાજપત્ર ધંધાના ભવિષ્યમાં લક્ષ્યાંકો કે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે તૈયાર કરવામાં આવે છે. ભવિષ્યમાં કેટલું વેચાણ વધારવું ? વેચાણને આધારે કેટલું ઉત્પાદન વધારવું ? ઉત્પાદન વધારવા માટે કેટલા માલસામાનની ખરીદી કરવી ? કેટલી વધારાની મશીનરી ખરીદવી પડશે ? નાણાં ક્યાંથી લાવવા અને કયાં વાપરવા? જેવાં વિવિધ પ્રશ્નો માટે ધંધામાં એક લાંબા ગાળાના આયોજન માટે લાંબા ગાળાનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે આ બજેટ બે વર્ષનું, પાંચ વર્ષનું કે 10 વર્ષ માટેનું બનાવવામાં આવે છે.

**(બ) ટૂંકા ગાળાનું અંદાજપત્ર :** લાંબા ગાળાના આયોજન માટે લાંબી ગાળાનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ લાંબા ગાળાના અંદાજપત્રના લક્ષ્યાંકો ભાગ પાડીને ટૂંકા ગાળાના અંદજપત્ર બનાવવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્રકારના બજેટ માસિક, ત્રિમાસિક, અર્ધ-વાર્ષિક કે વાર્ષિક સમયગાળા માટે બનાવવામાં આવે.

## (B) હેતુને આધારે અંદાજપત્ર :

**(અ) માલની પડતરનું અંદાજપત્ર :** જ્યારે ધંધામાં કોઈ વસ્તુનું ઉત્પાદન થતું હોય ત્યારે તે વસ્તુની પડતર નક્કી કરવા તે વસ્તુમાં વપરાતા માલની પડતર નક્કી કરવામાં આવે છે અને માલની પડતરમાં જુદા જુદા પ્રકારના પરોક્ષ ખર્ચની વસુલાતનો દર નક્કી કરી તેની અંદાજિત કુલ પડતર શોધવામાં આવે છે. આ રીતે શોધેલ કુલ પડતરને ખરેખર પડતર સાથે સરખાવવામાં આવે છે. આમ કરવાથી વસ્તુની પડતર નક્કી કરતી વખતે માલની અંદાજીત પડતર અંકુશના સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. જો તેમાં કોઈ ફેરફાર જોવા મળે તો અલગ અલગ ખચી સરખામણી કરીને જરૂરી વિચલનો (તફાવતો) શોધી તેમાં સુધારા માટે જરૂરી પગલાં લેવામાં આવે છે. અહીં કોઈ એક ખાતાનાં ખર્ચ પર અંકુશ રાખવા માટે નહિ પરંતુ કુલ પડતર પર અંકુશ રાખવા માટે આ અંદાજપત્રનો ઉપયોગ થાય છે.

**(બ) અંકુશ અંદાજપત્ર કે જવાબદારી અંદાજપત્ર :** કોઈ એક વિભાગ કે ખાતાં પર અંકુશ રાખવા માટે આ પ્રકારનાં અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. જે તે વિભાગની અંદાજીત ખર્ચની, અંદાજીત આવકની અને તેમાં કામ કરતાં અધિકારીઓની જવાબદારી આ અંદાજપત્રમાં જણાવવામાં આવે છે. જે તે વિભાગ કે ખાતાંને પોતાના જ અંદાજપત્રને ખરેખર પરિણામો સાથે સરખાવવામાં આવે છે. જેથી ખાતાં માટે નક્કી કરેલાં લક્ષ્યાંકો સિદ્ધ થયા છે કે નહિ તે જાણી શકાય.

**(ક) પૂર્વાનુમાન અંદાજપત્ર :** સામાન્ય રીતે અંદાજપત્ર દ્વારા ભવિષ્યના લક્ષ્યાંકો કેવી રીતે મેળવી શકાય અને તે માટે કયાં પગલાં લેવાં તે દર્શાવવામાં આવે છે. પૂર્વાનુમાન અંદાજપત્ર ધંધાની વિવિધ પ્રવૃત્તિઓને એક સર્વગ્રાહી યોજના દ્વારા સંકલિત કરે છે. ધંધામાં ભવિષ્યમાં કઈ રીતે આયોજન કરીને લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકાય તે માટે જે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે તેને આયોજન અંદાજપત્ર કે પૂર્વાનુમાન અંદાજપત્ર કહે છે.

**(C) પરિવર્તનશીલતાના આધારે અંદાજપત્ર :**

**(અ) સ્થિર અંદાજપત્ર :** જ્યારે સંચાલકો કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા અંદાજપત્ર બનાવતી વખતે કેટલીક પ્રવૃત્તિઓના આંકડા ચોક્કસ અનુમાનથી નક્કી કરવામાં આવે તો તેવાં આંકડાઓ પરથી તૈયાર થતા અંદાજપત્રને સ્થિર અંદાજપત્ર કહેવામાં આવે છે. દા.ત. વેચાણનો અંદાજ, ઉત્પાદનનો અંદાજ, માલની ખરીદીનો અંદાજ વગેરે અગાઉથી જ નક્કી હોય તો તેના આધારે તૈયાર થયેલ અંદાજપત્ર સ્થિર અંદાજપત્ર કહેવાય છે.

**(બ) પરિવર્તનશીલ અંદાજપત્ર :** જ્યારે આવક, ખર્ચ, ઉત્પાદન, વેચાણ વગેરેના ચોક્કસ અંદાજો મુકવાનું કામ મુશ્કેલ હોય ત્યારે તેમજ ઉત્પાદનની સપાટી સ્થિર રહી શકે તેમ ન હોય ત્યારે સંચાલકો પરિવર્તનશીલ અંદાજપત્ર પદ્ધતિનો ઉપયોગ કરે છે.

**(D) કાર્ય અનુસાર અંદાજપત્ર :**

ધંધાના મુખ્ય કાર્યોને અનુલક્ષીને અંદાજપત્રનું વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તેવા અંદાજપત્રને કાર્ય અનુસાર અંદાજપત્ર કહેવાય છે. આવાં અંદાજપત્રો નીચે પ્રમાણે છે.

**(અ) વેચાણ અંદાજપત્ર :** ધંધાનાં મોટા ભાગનાં અંદાજપત્રો વેચાણ અંદાજપત્રના આધારે ધ્યાનપૂર્વક તૈયાર કરવામાં આવે છે. જેથી આ અંદાજપત્ર તૈયાર કરવાનું કામ ખૂબ ધ્યાનપૂર્વક કરવું પડે છે. ભવિષ્યના કોઈ ચોક્કસ મુદત માટે વેઃ ત્ર તૈયાર કરવામાં આવે છે જેમાં કુલ વેચાણ એકમમાં તેમ જ રકમમાં દર્શાવાય છે તે ઉપરાંત વસ્તુનો પ્રકાર, ધંધાનું કદ, હરીફાઈની શક્યતા વેચાણ-વિતરણની પદ્ધતિ વગેરે મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે છે. સામાન્ય રીતે નીચે મુજબની પદ્ધતિઓનો ઉપયોગ કરી વેચાણનો અંદાજ મુકવામાં આવે છે.

(1) વેચાણકાર્ય સાથે સંકળાયેલ બધી વ્યક્તિઓનો અભિપ્રાય મેળવવો અને જરૂરી માહિતી ભેગી કરવી.

(2) ધંધાની સામાન્ય પરિસ્થિતિ, આંતરિક તેમ જ બાહ્ય પરિબળો, વસ્તુના પ્રકાર, વસ્તુની કિંમત, હરીફોની વિગતો, વેચાણમિશ્રણ, ગ્રાહકોની અભિરૂચિ જેવા વિવિધ પરિબળો ધ્યાનમાં રાખીને વેચાણનાં છેવટનાં આંકડા નક્કી કરવા.

(3) એક વાર કુલ અંદાજીત વેચાણના આંકડા તૈયાર થઈ ગયા પછી વસ્તુના પ્રકાર મુજબ, વેચાણનાં વિવિધ ખાતાંઓ મુજબ, પ્રદેશવાર વેચાણ, વેચાણ અધિકારીઓ મુજબ તથા મોસમ પ્રમાણે વેચાણની ફાળવણી કરવામાં આવે છે.

(4) વેચાણ અંદાજપત્ર બનાવતી વખતે કોઈ એક ચોક્કસ સમય, વિસ્તાર કે અધિકારીઓ મુજબ તેના ભાગ પાડવામાં આવે છે. દા.ત. ત્રણ મહિનાનું, અર્ધ-વાર્ષિક કે વાર્ષિક અંદાજપત્ર.

(5) જવાબદારીની વહેંચણી પણ વેચાણ અંદાજપત્રમાં કરવામાં આવે છે જેથી દરેક લક્ષ્યાંક માટે કોણ જવાબદાર છે તે નક્કી કરી શકાય.

(બ) **ઉત્પાદન અંદાજપત્ર :** સામાન્ય રીતે વેચાણ અંદાજપત્રને આધારે જ ઉત્પાદન અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. વેચાણ અંદાજપત્રના આધારે કેટલાક એકમો બનાવી તૈયાર રાખવાપડશે તેજાણી શકાય છે. તૈયાર એકમો સમયસર બનાવવા માટે ઉચ્ચ અધિકારીઓ કે સંચાલકો દ્વારા ઉત્પાદન અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.

ઉત્પાદન અંદાજપત્ર તૈયાર કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાકવામાં આવે છેઃ

(1) તૈયાર માલનો સ્ટોક દરેક મુદતે કેટલો જોશે તેની નીતિ નક્કી કરવી.

(2) તૈયાર માલના સ્ટોકની જરૂરિયાત મુજબ કેટલા એકમોનું ચોક્કસ મુદતમાં ઉત્પાદન કરવું.

(3) દરરોજ, દર અઠવાડિયે, દર મહિને કે દર બે-ત્રણ મહિને કેટલું ઉત્પાદન થવું જોઈએ તેનું સમયપત્રક.

(4) ઉત્પાદન અંકુશની કાર્યવાહી નક્કી કરવી. જો ઉત્પાદન સમયપત્રક પ્રમાણે ના થાય તો કોની જવાબદારી રહેશે.

ઉત્પાદન અંદાજપત્ર તૈયાર કરવું એ ખૂબ જ અગત્યનું છે . કારણ કે તેને આધારે જ ઉત્પાદન અને વેચાણ પ્રવૃત્તિ વચ્ચે સંકલન થઈ શકે છે. ઉત્પાદન અંદાજપત્રના આધારે નીચેના અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે :

(i) પ્રત્યક્ષ માલસમાન અંદાજપત્ર

(ii) ખરીદી અંદાજપત્ર

(iii) પ્રત્યક્ષ મજૂરી અંદાજપત્ર

(iv) કારખાનાના પરોક્ષ ખર્ચનું અંદાજપત્ર

(v) સેવા વિભાગનાં અંદાજપત્ર

(ક) **વહીવટી ખર્ચનું અંદાજપત્ર :** ધંધો ચલાવવ! માટે ઉત્પાદન વિભાગ અને વેચાણ વિભાગન ખર્ચા સિવાય બીજા કેટલાક વ યચાની પણ જરૂર છે. આવા વહીવટી તે કારણે જ ધંધાની આંતરિક તેમ જ બાહ્ય પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. વહીવટી સામાન્ય રીતે વહીવટી કર્મચારીઓનો પગાર, ઓડિટ ફી, ભાડુ, કર અને વીમો, તાર-ટપાલ ખર્ચ, સ્ટેશનરી ખર્ચ, મુસાફરી ખર્ચ, ઓફિસ મશીનનો ઘસારો વગેરેનો સમાવેશ થાય છે. આવાં ખચઓ સામાન્ય રીતે સ્થિરખર્ચ હોય છે પરંતુ કેટલીક વાર તે ચલિત કે અર્ધ ચલિત ખર્ચ હોય છે. વહીવટી ખર્ચાઓ દર મહિને, દર ત્રણ મહિને કે વાર્ષિક કેટલા થશે તેના અંદાજના આધારે વહીવટી પરોક્ષ ખર્ચાઓનું અંદાજપત્ર બનાવવામાં આવે છે.

(ડ) **વેચાણ-વિતરણ ખર્ચનું અંદાજપત્ર :** જે ધંધામાં માલનું ઉત્પાદન કરીને કે માલની ખરીદી કરીને વેચાણ કરવામાં આવતું હોય તેવા ધંધામાં વેચાણ-વિતરણના ખર્ચાઓ અંગે આ અંદાજપત્ર બનાવવામાં આવે છે. કેટલીકવાર વેચાણના પરોક્ષ ખર્ચા કે જેમાં સ્થિર વેચાણનાં પરોક્ષ ખર્ચા અને ચલિત વેચાણના પરોક્ષ ખર્ચાઓ માટે અલગ અલગ અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. વેચાણ પરોક્ષ ખર્ચના અંદાજપત્રમાં વેચાણ ઓફિસનાં ખર્ચા, સેલ્સમેનોનાં પગાર-ભથ્થાં, સેલ્સમેનનું

કમિશન, જાહેરાત ખર્ચ, સ્ટેશનરી ખર્ચ જેવાં વગેરે ખચઓ દર્શાવવામાં આવે છે.

જયારે વિતરણ પરોક્ષ ખર્ચમાં સ્થિર અને ચલિત ખચઓને ધ્યાનમાં રાખીને અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. વિતરણ ખર્ચામાં વાહન વ્યવહાર ખર્ચ, માલની ડિલીવરીવાનનો ખર્ચ, માલસંગ્રહ ખર્ચ (ગોડાઉન ખર્ચ) વગેરેનો સમાવેશ થાય છે.

આ બંને પ્રકારના અંદાજપત્રથી દરેક મુદતે કેટલો ખર્ચ થશે તેનો અંદાજ અગાઉથી જાણી શકાય છે. ખરેખર થયેલ ખર્ચ સાથે સરખામણી કરીને સંચાલકો દ્વારા કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા જરૂરી પગલાં લઈ શકે છે.

વિદ્યાર્થીમિત્રો, આપણે આ પ્રકરણમાં વિવિધ પ્રકારનાં અંદાજપત્રોની શું જરૂર છે તેની સિદ્ધાંત સમજુતી જોઈ. ધંધાના કદ અને સ્વરૂપના આધારે વિવિધ પ્રકારનાં અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે દરેક અંદાજપત્ર આંકડા સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે છે. કોઈ પણ ધંધાકીય એકમમાં કાર્યક્ષમ નાણાંકીય વ્યવસ્થા હોય તો જ દરેક કાર્ય સરળતાથી પૂર્ણ થાય છે. જો રોકડની પૂરતી કાળજી રાખવામાં ન આવે તો ધંધામા મુશ્કેલીમાં મુકાઈ જવાય છે.

હવે પછીના પ્રકરણમાં રોકડની વ્યવસ્થા માટે રોકડ અંદાજપત્ર કેવી રીતે તૈયાર કરવું તેની ચર્ચા કરેલ છે.

## ❖ સ્વાધ્યાય

(A) સૈદ્ધાંતિક પ્રશ્નો

1. અંદાજપત્રની વ્યાખ્યા આપી તેનાં લક્ષણો જણાવો.
2. અંદાજપત્રીય અંકુશનો અર્થ સમજાવી તેના હેતુઓ જણાવો.
3. અંદાજપત્રીય અંકુશના ફાયદા અને મર્યાદાઓ જણાવો.
4. અંદાજપત્રના જુદા જુદા પ્રકારો વર્ણવો.
5. ટૂંકમાં સમજાવો :
   (1) અસરકારક અંદાજપત્ર માટેની આવશ્યક શરતો
   (2) અંદાજપત્રની મર્યાદાઓ
   (3) ઉત્પાદન અંદાજપત્ર
   (4) વેચાણ અંદાજપત્ર
   (5) પરિવર્તનશીલતાના આધારે અંદાજપત્ર

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

તૃતીય વર્ષ બી.કોમ.

**BCMACN303**

# સંચાલકીય હિસાબી પદ્ધતિ



## બ્લોક-૩

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,<br>શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| | શ્રી પંકજ રાવલ | એસોસિયેટ પ્રોફેસર,<br>એચ.એ.કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ. |
| | ડૉ. શંકરસિંહ સોઢા | એસોસિયેટ પ્રોફેસર,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. જયેન્દ્રસિંહ જાદવ | એસોસિયેટ પ્રોફેસર,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. સંદીપ મુંગરા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી જી.કે & સી.કે. બોસમીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર,<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,<br>શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| પરામર્શક(ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | શ્રી ધ્વનિલ પારેખ | સહ પ્રાધ્યાપક,<br>મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |


| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ-2022) | |
| ISBN : | 978-93-5598-205-6 | |



**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

*તૃતીય વર્ષ બી.કોમ.*

**BCMACN303**

*સંચાલકીય હિસાબી પદ્ધતિ*

ભાગ : **03**

## *સંચાલકીય હિસાબી પદ્ધતિ*


*એકમ :* 9
*અંદાજપત્ર અને અંદાજપત્રીય અંકુશ-* **II** **01-09**

*એકમ :* 10
*રોકડ અંદાજપત્ર* **10-42**

*એકમ :* 11
*પરિવર્તનશીલ અંદાજપત્ર* **43-75**

*એકમ* **:** 12
*પ્રમાણ પડતર પદ્ધતિ* **-I** **76-83**

*એકમ* **:** 13
*પ્રમાણ પડતર પદ્ધતિ-* **II** **84-145**

*એકમ* **:** 14
*સીમાંત પડતર પદ્ધતિ* **146-186**

એકમ 9

# અંદાજપત્ર અને અંદાજપત્રીય અંકુશ : II

રૂપરેખા :-


**9.1 અસરકારક અંદાજપત્ર માટે જરૂરી નિયંત્રણ**

**9.2 અંદાજપત્રના કાર્ય અને ભૂમિકા**

**9.3 અંદાજપત્રીય અંકુશ માટેની રચના / તંત્ર-વ્યવસ્થા**

**9.4 અંદાજપત્ર તૈયાર કરતી વખતે જરૂરી તકનીકો – મુખ્ય પરિબળો**

**9.5 કાર્યાનુસાર અંદાજપત્ર**

**9.6 બજેટ રિપોર્ટ**

**9.7 સ્વાધ્યાય**


વિદ્યાર્થી મિત્રો, આપણા આગળના પ્રકરણમાં અંદાજપત્ર અને અંદાજપત્રીય અંકુશ વિશે વિગતવાર ચર્ચા કરી. આ પ્રકરણમાં આપણે અંદાજપત્ર અને અંદાજપત્રીય અંકુશ વિશે અન્ય બાબતોની ચર્ચા કરીશું.

## 9.1 અસરકારક અંદાજપત્ર (બજેટ) માટે જરૂરી નિયંત્રણ (Essentials of Effective Budgeting) :

કોઈ પણ ધંધામાં અંદાજપત્રીય અંકુશની પદ્ધતિ ત્યારે જ સરળ થશે જ્યારે કેટલીક શરતો અને વલણ ધંધામાં નક્કી કરવામાં આવે, અંદાજપત્ર પદ્ધતિની મુખ્યત્વે સફળતા માટે તેની ગેરહાજરી નકારી શકાય નહિ. અસરકારક બજેટ માટે જરૂરી શરતો અને વલણો નીચે પ્રમાણે છે :

**(i) ઉચ્ચ સંચાલન પર આધાર :**

ઉચ્ચ સંચાલનના દરેક સભ્યો દ્વારા સંપૂર્ણ મદદ કરવામાં આવે તો જ અંદાજપત્ર (બજેટ) પદ્ધતિ સફળ થશે, આ માટે જરૂરી પ્રેરણા અને દોરવણી સૌથી ઉચ્ચ સંચાલન તરફથી મળવી જોઈએ. જ્યાં સુધી ઉચ્ચ સંચાલન દ્વારા સંસ્થામાં (ધંધામાં) અંદાજપત્ર પદ્ધતિનું મહત્ત્વ વિશેની સમજ (ખાતરી) ના અપાય તો અંકુશ પદ્ધતિની કોઈ અસર રહેશે નહિ. તેથી ઉચ્ચ સંચાલન દ્વારા અંદાજપત્ર અંગેના વિચારો, તેના સિદ્ધાંતો, નીતિઓ અને તેની જરૂરિયાતો પૂરી કરવા માટેની તૈયારી હોવી જોઈએ.

**(ii) જવાબદાર અધિકારીઓની ભાગીદારી :**

જે લોકને અંદાજપત્રની કામગીરી સોંપવામાં આવી છે તે લોકોએ અંદાજપત્રના લક્ષ્યાંકો માટેની રકમો નક્કી કરવાની પ્રક્રિયામાં ચોક્કસ ભાગ લેવો જોઈએ. અંદાજપત્રના કાર્યક્રમના યોગ્ય અમલીકરણ માટે આ ખૂબ જરૂરી છે.

**(iii) વાજબી લક્ષ્યાંકો :**

અંદાજપત્રના આંકડાઓ વાસ્તવિક હોવા જોઈએ. આ લક્ષ્યાંકો વાજબી રીતે પૂરા કરી શકાય તેવા હોવા જોઈએ. જવાબદાર અધિકારીઓ સંમત હોવા જોઈએ કે અંદાજપત્રના

લક્ષ્યાંકો વાજબી અને પ્રાપ્ત કરવા માટેનો પ્રયાસ કરી શકાય તેવા છે.

**(iv) વ્યવસ્થા સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત હોવી જોઈએ :**

અંદાજપત્ર પદ્ધતિનો મહત્તમ લાભ મેળવવા માટે સંસ્થામાં જવાબદારીનું કેન્દ્ર સ્પષ્ટ રીતે વ્યાખ્યાયીત અને નક્કી કરેલું હોવું જોઈએ. દરેક જવાબદારી કેન્દ્રનો અંકુશ ખર્ચ અલગથી દર્શાવો જોઈએ.

**(v) અંદાજપત્રનો અભ્યાસ :**

જવાબદાર અધિકારીઓ સક્રિય રીતે અંદાજપત્રમાં રસ ધરાવે તે માટે અંદાજપત્રના હેતુઓ, સંભવિત પરિણામો અને તેની તકનીકો વિશે અંદાજપત્રનો સતત અભ્યાસ થતો રહે તે જરૂરી છે. જે પરિપૂર્ણ કરવા માટે અંદાજપત્ર તૈયાર કરતી વખતે તેમ જ ખરેખર પરિણામો મળ્યા બાદ, લેખિત વિગતો (પુસ્તિકાઓ), મિટિંગ્સ વિગેરે દ્વારા તેના પર ચર્ચા થવી જોઈએ.

**(vi) યોગ્ય હિસાબી પદ્ધતિ :**

અંદાજપત્ર અને હિસાબી પદ્ધતિ વચ્ચે ખૂબ જ નજીકનો સંબંધ છે. અંદાજપત્ર તૈયાર કરતી વખતે, ઘણા બધા અંદાજો માટે પ્રાથમિક રકમો નક્કી કરવા માટે હિસાબી વિભાગ દ્વારા તૈયાર કરેલા આંકડાઓ તૈયાર કરવામાં આવે છે કે જેથી હિસાબો તૈયાર કરતી વખતે સંચાલકોની જવાબદારીઓનો સમાવેશ થઈ જાય. બીજા શબ્દોમાં કહીએ તો, અંદાજપત્રના અંકુશની સફળતા માટે જવાબદારીવાળી હિસાબી પદ્ધતિ જરૂરી છે.

**(vii) સતત તકેદારી :**

અંદાજપત્ર (બજેટ) અને ખરેખર પરિણામોની સરખામણીના રિપોર્ટ ઝડપથી તૈયાર કરવા જોઈએ અને અંદાજીત તેમ જ ખરેખર આંકડાઓમાં જ્યાં મહત્ત્વનો તફાવત આવતો હોય ત્યાં ખાસ ધ્યાન આપવું જોઈએ. સતત તકેદારી રાખવાથી બજેટ અને ખરેખર આંકડાઓમાં ફેરફાર આવે તો તરત જ તેના માટે યોગ્ય પગલાં લઈ શકાય.

**(viii) મહત્તમ નફો :**

મહત્તમ નફો મેળવવાના અંતિમ ધ્યેયને સૌથી વધુ મહત્ત્વ આપવું જોઈએ.

**(ix) પદ્ધતિ માટેનો ખર્ચ :**

અંદાજપત્ર પદ્ધતિનો ખર્ચ તેના દ્વારા પ્રાપ્ત થતા મૂલ્યથી (કિંમતથી) વધુ ના થવો જોઈએ જો કે, અંદાજપત્ર પદ્ધતિની ઉપયોગિતા કે મૂલ્યની ખરેખર ગણતરી કરવી અવ્યવહારૂ છે, એ ફક્ત અંદાજપત્ર પદ્ધતિના અમલીકરણ વખતે વધારે પડતા ખર્ચ ના થાય તે માટે એક ચેતવણી રૂપ છે.

**(x) પ્રમાણ પડતર પદ્ધતિ સાથે સંકલિત :**

જ્યાં પ્રમાણ પડતર પદ્ધતિનો પણ ઉપયોગ થાય છે, ત્યાં ખાસ કરીને બજેટ તૈયાર કરવામાં અને વિચલનોના વિશ્લેષણ માટે પ્રમાણ પડતર પદ્ધતિ એ બજેટ કાર્યક્રમ સાથે સંપૂર્ણ સંકલિત હોવી જોઈએ.

## 9.2 અંદાજપત્રના કાર્ય અને ભૂમિકા : (Role of Budget) :

કોઈ પણ સંસ્થાનું કાર્ય અને હેતુઓની સફળતા માટે સતત દેખરેખ જરૂરી છે, સંચાલકો

દ્વારા સંસ્થાના દરેકે દરેક કાર્યની દેખરેખ તેમજ તે પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા માટે તેના પરિણામોનું સતત મૂલ્યાંકન કરવું જરૂરી છે. સંસ્થાની પ્રવૃત્તિઓના મૂલ્યાંકન માટે કોઈ યોગ્ય આંકડાઓ સાથે સરખામણી થવી જોઈએ. આ યોગ્ય આંકડાઓ તૈયાર કરવા એટલે જ અંદાજપત્ર (બજેટ).

અંદાજપત્ર તૈયાર કરતી વખતે ખૂબ જ તકેદારી રાખવી પડે છે. વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ જે તે પ્રવૃત્તિઓ અંગે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. કોઈપણ ધંધાના ખરેખર આંકડાઓ અંદાજપત્રના આંકડાઓથી અલગ જોવા મળે તો તરત જ તેના માટે જરૂરી પગલાં લેવામાં આવે છે.

અંદાજપત્ર દરેક સંસ્થાના કાર્યોને આધારે તૈયાર કરવામાં આવે છે. જેમ કે નાણાંકીય અંદાજપત્ર, ઉત્પાદન અંદાજપત્ર, માલસામાન (ખરીદી) અંદાજપત્ર, વેચાણ અંદાજપત્ર, વિભાગ પ્રમાણે અંદાજપત્ર, ખર્ચ પ્રમાણેના અંદાજપત્ર, માલસામાન અંદાજપત્ર, મજૂરી ખર્ચ, અંદાજપત્ર વિગેરે.

આપણે આગળ જોયું તેમ દરેક અંદાજપત્ર (બજેટ) તૈયાર કરતી વખતે નિષ્ણાતો દ્વારા ધંધા કે સંસ્થાના કદ/વિસ્તાર તેમજ કાર્યોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. બજેટ તૈયાર કર્યા પછી તે મુજબનું આયોજન કરવું, સંકલન ઊભું કરવું, માહિતીની આપ-લે કરવી, સમયાંતરે મૂલ્યાંકન કરવું, કર્મચારીઓને અંદાજપત્ર મુજબ કાર્ય કરવા પ્રેરણા આપવી, જરૂર હોય ત્યાં અંકુશ રાખવો, ખરેખર પરિણામોની અંદાજપત્ર સાથે સમીક્ષા કરવી વિગેરે. આમ, બજેટ એ સંસ્થામાં કે ધંધામાં ખૂબ જ ઉપયોગી થાય છે. એક વ્યવસ્થિત વ્યવસ્થાતંત્ર ઊભું કરી શકાય છે અને નકકી કરેલા આયોજન અને પરિણામો મેળવવા તરફ જઈ શકાય છે.

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, મ્યુનિસિપાલિટીઓ, નગર તેમજ ગ્રામ પંચાયતો વિગેરે જુદા જુદા વિભાગો (કાર્યો) માટે બજેટ તૈયાર કરે છે. જેથી સમયાંતરે જાણી શકાય કે વર્તમાન પરિસ્થિતિ અંદાજપત્ર મુજબ ચાલે છે કે નહિ. જો કોઈ મોટા તફાવત/ફેરફાર દેખાય તો તરત જ યોગ્ય વ્યવસ્થા ગોઠવીને અંદાજપત્રના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરી શકાય. આ ઉપરાંત, નફાના હેતુથી રચાયેલ સંસ્થાઓ કે નફાના હેતુ સિવાય એટલે કે સેવા માટે રચાયેલી સંસ્થાઓમાં પણ બજેટ તૈયાર કરવું અનિવાર્ય છે.

ધંધામાં તૈયાર કરવામાં આવતું બજેટ ધંધાની આવકો અને ખર્ચાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. બજેટ દ્વારા ધંધાની મૂડીની ઉપલબ્ધતા, અંદાજીત ખર્ચા અને અંદાજીત આવકોની શક્યતાઓ જાણી શકાય છે, બજેટ ધંધાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં તેમજ નાણાકીય ધ્યેય નક્કી કરવામાં એક માપદંડ તરીકે મદદરૂપ છે બજેટના કાર્યમાં આયોજન, અભીપ્રેરણા, મૂલ્યાંકન, સંકલન અને અભ્યાસનું ખૂબ જ મહત્ત્વ છે.

વર્તમાન સંજોગોમાં વિશ્વના બધા જ દેશોની સરકારો, બેંકો, નાણાકીય સંસ્થાઓ, તમામ ધંધાકીય અને બિન ધંધાકીય એકમો તેમના નાનાથી મોટા પ્રસંગો કે આયોજન વિગેરેમાં બજેટ તૈયાર કરવું સૌથી મહત્ત્વનું છે.

## 9.3 અંદાજપત્રીય અંકુશ માટેની રચના અથવા તંત્ર-વ્યવસ્થા (Arrangement or Organisation for Budgetory Control) :

અંદાજપત્રની સફળતા માટે યોગ્ય વ્યવસ્થાતંત્રમાં હોવું જરૂરી છે. વ્યવસ્થાતંત્રમાં વ્યવસ્થાનું આયોજન દર્શાવતો ચાર્ટ બનાવવો જરૂરી છે. સંચાલનના દરેક સભ્યને તેમની સત્તા, જવાબદારી અને અન્ય કર્મચારીઓ સાથે સંબંધો અંગે સ્પષ્ટ રીતે જાણવી જરૂરી છે. આ હેતુ

માટે, વ્યવસ્થાતંત્રનો ચાર્ટ અને જરૂરી પૂરક લખાણની નકલ સંકળાયેલ દરેક લોકોને આપવી જોઈએ. વ્યવસ્થાતંત્રનો ચાર્ટ કંપનીના સ્વરૂપ અને વિસ્તાર પર આધારિત હોય શકે છે. વ્યવસ્થાતંત્રના ચાર્ટનો નમૂનો નીચે આપેલ છે :

**મેનેજિંગ ડિરેક્ટર (બોર્ડ ઑફ ડિરેક્ટરર્સ)**

↓

**બજેટ કમિટી (અંદાજપત્રની સમિતિ)**

↓

**અંદાજપત્રના ડિરેક્ટર**

↓

| વેચાણ મૅનેજર | ખરીદી મૅનેજર | ઉત્પાદન મૅનેજર | વ્યક્તિઓ માટે (કર્મચારીઓ માટે) મૅનેજર | મુખ્ય હિસાબનીશ | સંશોધન અને વિકાસ મૅનેજર |
|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ● વેચાણ અંદાજપત્ર<br>● વેચાણ ખર્ચ અંદાજપત્ર<br>● વિતરણ ખર્ચ અંદાજપત્ર<br>● જાહેરાત અંદાજપત્ર | ● ખરીદી અંદાજપત્ર | ● ઉત્પાદન અંદાજપત્ર<br>● પ્લાન્ટની ઉપયોગિતા અંગેનું અંદાજપત્ર | ● મજૂરી ખર્ચ અંદાજપત્ર | ● રોકડ અંદાજપત્ર<br>● મૂડી ખર્ચ અંદાજપત્ર<br>● મુખ્ય અંદાજપત્ર | ● સંશોધન અને વિકાસ અંદાજપત્ર |

## 9.4 બજેટ તૈયાર કરતી વખતે જરૂરી પ્રયુક્તિઓ – મુખ્ય પરિબળો (Necessary Techniques Required to Prepare Budget - Main Factors) :

કોઈ પણ બજેટની સફળતા માટે સંસ્થામાં અગાઉથી આયોજન કરવું અને અમુક જરૂરિયાતો કે માંગણીઓ પ્રમાણે રચના કરવી જરૂરી છે. આ અંગે જરૂરી પ્રયુક્તિઓ વિશે સમજીએ :

**(i) અંદાજપત્ર કેન્દ્ર માળખું ગોઠવવું :**

બજેટ (અંદાજપત્ર) કેન્દ્ર એ સંસ્થાનો એક અલગ વિભાગ છે, જે જુદા જુદા બજેટ બનાવે છે. બજેટ કેન્દ્ર એ ક્યાં તો અલગ વિભાગ હોય છે અથવા કોઈ વિભાગનો ભાગ. બજેટ કેન્દ્ર સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત હોવું જોઈએ. કારણ કે જુદા જુદા દરેક વિભાગ માટે જે તે વિભાગના મુખ્ય વ્યક્તિ સાથે સંકલિત કરીને બજેટ તૈયાર કરવામાં આવે છે. દાખલા તરીકે, ખરીદી બજેટ તૈયાર કરતી વખતે ખરીદ મૅનેજર સાથે ચર્ચા કરીને બજેટ તૈયાર કરવું, એ જ રીતે, મજૂર ખર્ચ બજેટ બનાવતી વખતે કર્મચારી મૅનેજર ચોક્કસ મદદરૂપ થાય.

**(ii) જરૂરી યોગ્ય હિસાબી નોંધો :**

હિસાબી પદ્ધતિ એ રીતે ગોઠવવાવી જોઈએ કે જેથી જરૂરી માહિતીની નોંધો અને વિશ્લેષણ થઈ શકે. હિસાબી વિભાગની તેમ જ અંદાજપત્રની પ્રક્રિયા વખતે આવકો અને ખર્ચાઓનું વર્ગીકરણ દર્શાવવું જોઈએ. જો વર્ગીકરણ બરાબર ના થયું હોય તો સરખામણી કરવી શક્ય નથી. બજેટ કેન્દ્ર અને હિસાબી વિભાગ વચ્ચે પત્રવ્યવહાર / લેખનકાર્ય તેમ જ માહિતીની આપ-લે નો નિભાવ થવો જોઈએ.

**(iii) સંસ્થા કે વ્યવસ્થાતંત્રનો ચાર્ટ તૈયાર કરવો :**

અંદાજપત્રના વહીવટી રચના માટે સંસ્થા કે વ્યવસ્થાતંત્રએ તેમના અધિકારીઓની સત્તા, જવાબદારીઓ અને તેમનું સ્થાન દર્શાવતો ચાર્ટ તૈયાર કરવો જોઈએ, જેની ચર્ચા આપણે મુદ્દા નંબર 3 માં કરેલ છે.

**(iv) અંદાજપત્ર કમિટીઓની સ્થાપના કરવી :**

સામાન્ય રીતે બજેટ કમિટીનું સંચાલન બજેટ ડિરેક્ટર અથવા નાણાકીય કન્ટ્રોલર (નિયંત્રક) દ્વારા કરવામાં આવે છે. મોટા એકમોમાં બજેટ અંગેની દોરવણી અને તેનું અમલીકરણ બજેટ કમિટી દ્વારા કરવામાં આવે છે, જેનો રીપોર્ટ બજેટ કમિટીએ સીધો જ ઉચ્ચ સંચાલકોને કરવાનો હોય છે. સામાન્ય રીતે નાણાંકીય નિયંત્રણ કે બજેટ ડીરેક્ટર તરીકે કામ કરવાનું હય છે. બજેટની માહિતીઓ અંગેનું મૅન્યુઅલ તૈયાર કરવા માટે અને રીપોર્ટીંગ માટે બજેટના અને ખરેખર પ્રવૃત્તિનાં આંકડાઓ ભેગા કરવા માટે ઈન્ચાર્જ તરીકે બજેટ ડિરેક્ટરે કાર્ય કરવાનું હોય છે. બજેટ કમિટીના બીજા સભ્યો અલગ અલગ વિભાગના મુખ્ય વ્યક્તિઓ જેવાં કે ખરીદી મૅનેજર, વેચાણ મૅનેજર, ઉત્પાદન મૅનેજર, હિસાબી મૅનેજર વિગેરે સાથે સંકલન કરવાનું રહે છે. દરેક મુખ્ય વ્યક્તિ તેમના વિભાગનું બજેટ તૈયાર કરશે જે બજેટમાંથી કમિટી દ્વારા તેનું સંકલન થાય તે જોવાનું રહે છે.

- **અંદાજપત્ર કમિટીના મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે :**

(a) અંદાજની ગણતરી કરવા માટે દરેક વિભાગના મુખ્ય વ્યક્તિને ભૂતકાળના આંકડાઓ અને વિગતો પૂરી પાડવી.

(b) અંદાજપત્ર (બજેટ) અંગેની વિગતો ક્યારે પુરી પાડવી અને તેની જરૂરિયાત અંગેની માહિતી દરેક વિભાગને મોકલી આપવી.

(c) બજેટ પદ્ધતિ અને સંચાલનની સામાન્ય નીતિઓ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવો જોઈએ.

(d) વિચારણા અને સમીક્ષા માટે દરેક વિભાગ પાસેથી અંદાજપત્ર માટેના અંદાજના આંકડાઓ મેળવી લેવા જોઈએ.

(e) વિભાગની મુખ્ય વ્યક્તિ સાથે કોઈ તકલીફો કે મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવી જોઈએ, તેમ જ શક્ય હોય ત્યાં જરૂરી પુનરાવર્તન સૂચવવા જોઈએ.

(f) અંતિમ બજેટ તૈયાર કરતાં પહેલા અંદાજિત આંકડાઓનું મૂલ્યાંકન અને જરૂરી ફેરફારો કરી લેવા જોઈએ.

(g) જ્યારે વિભાગો વચ્ચે બજેટ અંગે કોઈ પ્રશ્ન કે વિવાદ હોય તો જરૂરી ભલામણો કરીને પ્રશ્ન ઉકેલવામાં મદદ કરવી. અંદાજપત્રીય આંકડાઓ સાથે ખરેખર વાસ્તવિક આંકડાઓ સરખાવવા જોઈએ.

(h) બજેટનો સારાંશ તૈયાર કરવો.

(i) કાર્ય અનુસાર બજેટ મંજૂર થઈ ગયા બાદ માસ્ટર બજેટ તૈયાર કરવું.

(j) કમિટી દ્વારા કોઈ વિભાગના બજેટમાં કોઈ ફેરફાર કે પરિવર્તન કરેલ હોય તો વિભાગની મુખ્ય વ્યક્તિને તરત જ જાણ કરવી.

(k) બજેટના બધા જ કાર્યોનું સંકલન કરવું.

(l) જ્યારે જરૂર પડે ત્યાં, વિચલનોનું વિશ્લેષણ અને યોગ્ય પગલાંઓ સૂચવવા જોઈએ.

**(v) બજેટ મૅન્યુઅલ તૈયાર કરવું :**

બજેટ મૅન્યુઅલ એ બજેટની પોલીસી (નીતીઓ) અને પ્રક્રિયા દર્શાવતું એક દસ્તાવેજી પત્રક છે. આ એક એવો દસ્તાવેજ (પત્રક) છે કે જેમાં બજેટના નિયમિત કાર્યમાં દરેક વ્યક્તિની કેટલી જવાબદારીઓ રહેશે અને અંદાજપત્રીય અંકુશ માટેની જરૂરી નોંધો કેવી રીતે નોંધાશે તેની વિગતો દર્શાવવામાં આવે છે. ટૂંકમાં, બજેટ મૅનયુઅલ એટલે બજેટની નીતીઓનું પત્રક. બજેટની વિવિધ પ્રવૃત્તિઓ માટેની પ્રક્રિયાઓ અને કાર્યક્રમોને વિસ્તારપૂર્વક દર્શાવવી અને તે માટે સંસ્થાના માળખાને ધ્યાનમાં રાખીને બજેટ કમિટી, બજેટ ડિરેક્ટર અને સંસ્થાના અધિકારીઓની ફરજો અને જવાબદારીઓ નક્કી કરવી.

- **બજેટ મૅન્યુઅલમાં સામાન્ય રીતે નીચેની વિગતો તૈયાર કરવામાં આવે છે.**

(a) બજેટ પદ્ધતિની વિગતવાર વિગતો અને તેના હેતુઓ

(b) બજેટ તૈયાર કરવા માટેની જરૂરી પ્રક્રિયા અને ફોર્મ્સ.

(c) બજેટ કમિટી, બજેટ ડિરેક્ટર અને કાર્યમાં સંકળાળયેલ અધિકારીઓની જવાબદારીઓ.

(d) બજેટના દરેક વિભાગને તેમના કાર્યો પૂરા કરવા માટેની નિશ્ચિત તારીખો અને તેમના રિપોર્ટ મોકલવા અંગેની તારીખો સાથેનું બજેટ કૅલેન્ડર તૈયાર કરવું.

(e) હિસાબો અંગેની પદ્ધતિ અને હિસાબ સંહિતાનો ઉપયોગ

(f) સ્વીકારેલ સંચાલન પદ્ધતિની પ્રક્રિયા.

(g) બજેટની કાર્યપ્રવૃત્તિને આગળ ધપાવવા અંગે.

**(vi) બજેટ સમય :**

બજેટની પ્રકૃતિ કે કાર્ય પ્રમાણે બજેટના સમય અલગ અલગ હોય છે. બજેટ સમય એટલે કે બજેટ તૈયાર કરવા માટે અને તેનું સંચાલન કરવા માટેનો સમયગાળો, બજેટનો સમય ટૂંકાગાળાનો કે લાંબા ગાળાનો હોય છે. બધા જ બજેટ માટે કોઈ નિશ્ચિત સમયગાળો નક્કી કરી શકાય નહિ. સંસ્થાઓ અને ઉદ્યોગોમાં તેમના અલગ અલગ કાર્યો પ્રમાણે બજેટનો સમયગાળો જુદો જુદો હોય છે.

સામાન્ય રીતે બજેટ હિસાબી વર્ષને ધ્યાનમાં રાખીને એક વર્ષ માટે તૈયાર કરવામાં આવે છે. જે પછીમાં ત્રિમાસિક સમયગાળા વિભાજીત કરવામાં આવે છે, અને ત્યારબાદ ત્રિમાસિક બજેટને પણ જુદા જુદા મહિનાઓમાં વિભાજીત કરીને પેટા-બજેટ તૈયાર કરવામાં આવે છે. જ્યારે કોઈ ધંધામાં મોસમ કે ઋતુ પ્રમાણે કાર્ય થતું હોય તો બજેટ

ઋતુ ચક્ર પ્રમાણે તૈયાર કરવામાં આવ છે જો સીઝન (ઋતુ) નો સમયગાળો બે કે ત્રણ વર્ષના હોય ત આ સમયગાળાનો સમાવેશ કરતું લાંબા ગાળાનું બજેટ તૈયાર કરવામાં આવે છે. આ લાંબાગાળાના બજેટને સમય પ્રમાણે ભાગ પાડીને ટૂંકાગાળાના બજેટ તૈયાર કરવાંમા આવે છે.

મૂડી ખર્ચને લગતા અંદાજપત્રો સામાન્ય રીતે લાંબા ગાળાના હોય છે. દાખલા તરીકે વીજળી (ઈલેક્ટ્રીસિટી) કંપનીમાં ખૂબ જ મોટા મૂડી ખર્ચ હોય છે. જેમાં 5 થી 10 વર્ષના સમયગાળો લાગે છે. આવા સ્તરે લાંબા ગાળાના અંદાજપત્ર પરથી ટૂંકાગાળા માટેના અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે.

**(viii) મુખ્ય પરિબળ અંગેનું બજેટ અથવા ચાવીરૂપ પરિબળ માટેનું બજેટ તૈયાર કરવું.**

અંદાજપત્ર બનાવતી વખતે બજેટનું મુખ્ય કાર્ય સૌથી શરૂઆતનો મુદ્દો છે. ચાવી રૂપ,પરિબળ અંકુશ મુખ્ય પરિબળ એટલે કેજે પરીબળ ઉત્પાદનમાં કે કોઈ કાર્યમાં તે મેળવવાની સપાટી મર્યાદિત હોય. જે મર્યાદિત પરિબળ અથવા અગત્યના પરિબળ તરીકે પણ ઓળખાય છે.કાર્યનુસાર બજેટના લક્ષ્યાંકો સારી રીતે પૂરા થાય તે માટે ચાવીરૂપ પરિબળને એ રીતે તપાસવામાં આવે છે કે જેથી તેની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને ક્રમાનુસાર પૂરા કરી શકાય. આવા પરિબળોનું ખૂબ જ મહત્ત્વ હોય છે. અને તે બધા જ બજેટને કોઈને કોઈ રીતે અસર કરે છે.

બજેટ તૈયાર કરતી વખતે ચાવીરૂપ પરિબળ અગત્યનો શરૂઆતનો મુદ્દો છે. ઉદાહરણ રૂપે જે વેચાણ મર્યાદિત હોય તો, વેચાણ ચાવીરૂપ પરિબળ છે તેથી વેચાણ બજેટ સૌ પ્રથમ તૈયાર કરવું જોઈએ. ઉત્પાદન બજેટ અને અન્ય બજેટ વેચાણ બજેટને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. ચાવીરૂપ પરિબળને ધ્યાનમાં રાખીને કાર્યનુસાર બજેટની પ્રાથમિકતા નક્કી કરવામાં આવે છે. જુદા જુદા ચાવીરૂપ પરિબળો અલગ અલગ બજેટ તૈયાર કરવામાં અસર કરે છે જે નીચે મુજબ છે :

| | | ચાવીરૂપ પરિબળો |
|---|---|---|
| (a) | વેચાણ બજેટ | (i) ઓછી બજાર માંગ |
| | | (ii) અનુભવી સેલ્સમેનની અછત |
| (b) | માલસામાન બજેટ | (i) માલસામાનનીસામાન્ય ઘટ અથવા મોસમી ઘર |
| | | (ii) માલસામાન મેળવવા માટે લાયસન્સ, કવૉટા વિગેરેને કારણે અછત |
| (c) | મજૂરી બજેટ | (i) સામાન્ય મજૂરોની અછત |
| | | (ii) ચોક્કસ પ્રક્રિયા માટે વિશિષ્ટ કામદારોની અછત |
| (d) | પ્લાન્ટ બજેટ | (i) પ્લાન્ટની મર્યાદીત ક્ષમતા |
| | | (ii) કેટલીક મહત્ત્વની પ્રક્રિયાઓમાં અડચણો |
| (e) | સંચાલન બજેટ | (i) અનુભવી નિષ્ણાતો (અધિકારીઓ) ની અછત |
| | | (ii) તકનીકી જાણકારીની તંગી |

વર્તમાન હરીફાઈમાં, મોટા ભાગે, ઉદ્યોગોમાં વેચાણ ચાવીરૂપ પરિબળ છે.

એવું શક્ય છે કે એક જ સમયે એક કરતાં વધારે ચાવીરૂપ પરિબળ કાર્ય કરતા હોય છે. આવા સંજોગોમાં, બજેટ તૈયાર કરતી વખતે આવા પરિબળોના કારણે થતી અસરો ધ્યાનમાં લેવામાં આવે છે. ચાવીરૂપ પરિબળ હંમેશા કાયમ માટે ચાવીરૂપ પરિબળ હોય એ જરૂરી નથી. ચાવીરૂપ પરિબળોના કારણે થતી મર્યાદાઓ દૂર કરવામાં સંચાલકો દ્વારા જરૂરી પગલાં લઈને તેની અસરો દૂર કરવાની કે ઓછી કરવાની તકો રહેલી છે. દાખલા તરીકે, ઉત્પાદન વધારવામાં પ્લાન્ટની મર્યાદા હોય તો જરૂરી નાણાંકીય વ્યવસ્થા કરીને નવા પ્લાન્ટ દ્વારા ઉત્પાદનની ક્ષમતા વધારી શકાય.

## 9.5 કાર્યનુસાર અંદાજપત્ર (Functional Budget) :

ધંધાના કાર્યને ધ્યાનમાં રાખીને કાર્યનુસાર અંદાજપત્ર, ઉત્પાદન અંદાજપત્ર, ખરીદી અંદાજપત્ર, ઉત્પાદન ખર્ચ અંદાજપત્ર વિગેરે. આ માસ્ટર બજેટના જુદા જુદા ઘટકો છે. અલગ અલગ સંસ્થાઓમાં તેમના ધંધા અનુસાર ચોક્કસ કાર્ય માટેના બજેટ તૈયાર કરવામાં આવે છે. ઉત્પાદન એકમોમાં નીચે મુજબના કાર્યનુસાર બજેટ તૈયાર કરવામાં આવે છે :

- વેચાણ બજેટ
- ઉત્પાદન બજેટ
- ઉત્પાદન ખર્ચ બજેટ
- માલસામાન બજેટ
- ખરીદી બજેટ
- મજૂરી બજેટ
- સ્થિર અને ચલિત બજેટ
- કામગીરી મૂલ્યાંકનનું બજેટ
- ઉત્પાદન પરોક્ષ ખર્ચા બજેટ
- વહીવટી ખર્ચ બજેટ
- વેચાણ-વિતરણ ખર્ચ બજેટ
- મૂડી ખર્ચ બજેટ
- રોકડ બજેટ
- માસ્ટર બજેટ

## 9.6 બજેટ રીપોર્ટ (અંદાજપત્ર અહેવાલ) (Budget Report) :

ખરેખર અને બજેટના આંકડાઓ વચ્ચેની સરખામણી કરતો રીપોર્ટ જો સતત તૈયાર કરવામાં આવતો ના હોય તો બજેટની સ્થાપના કે અસરકારકતાનો ઉપયોગ રહેતો નથી. ખરેખર અને બજેટના આંકડાઓ વચ્ચેના તફાવત અંગેના કારણો દર્શાવતો બજેટ રીપોર્ટ સમયાંતરે (દર મહિને, દર પખવાડિયે) તૈયાર કરવો જોઈએ. રીપોર્ટ (અહેવાલ) એ રીતે તૈયાર કરવો જોઈએ કે જેથી ખરેખર અને બજેટના આંકડાઓ વચ્ચે જોવા મળતાં તફાવતો કે વિચલનો અંગે જવાબદારી નક્કી થાય. અહેવાલમાં અનુકૂળ અથવા પ્રતિકુળ વિચલન હોય કે અથવા બિન અંકુશિય વિચલન હોય તો પણ સ્પષ્ટ દર્શાવવા જોઈએ. બજેટ રીપોર્ટની વિગતો સંચાલકીય કક્ષાએ તેમની જરૂરિયાતના આધારે જુદી જુદી હોઈ શકે છે. દા.ત. નીચેની કક્ષાના સંચાલનને સામાન્ય રીતે પ્રવૃત્તિને લગતો વિગતવાર રીપોર્ટ જેમાં મૅનેજર સીધી રીતે સંકળાયેલા હોય છે, જેથી કાર્યદર્શક તેના પોતાના વિભાગ સાથે સંકળાયેલ રીપોર્ટ સાથે સંબંધિત હોય છે. જેમ જેમ સંચાલનની ઉપરની કક્ષાએ જઈશું તેમ તેમ આંકડાની વિગતોની રજૂઆત ઓછી પરંતુ રીપોર્ટમાં વિસ્તારપૂર્વક બધી વિગતોને આવરી લેવામાં આવે છે.

- **બજેટ રિપોર્ટની આવશ્યકતાઓ :** બજેટ રિપોર્ટ તૈયાર કરતી વખતે નીચેની આવશ્યકતાઓને ધ્યાનમાં લેવી જોઈએ :

(a) બજેટ રીપોર્ટ સરળ હોવો જોઈએ અને તે ઉપયોગકર્તા માટે સમજી શકાય તે કક્ષાનો હોવો જોઈએ.

(b) રિપોર્ટ તરત જ દર્શાવી શકાય તેવો હોવો જોઈએ.

(c) શક્ય હોય ત્યાં, અપવાદના સિદ્ધાંતોનો અમલ થવો જોઈએ.

(d) ઉપયોગિકર્તાની જરૂરિયાત મુજબ રિપોર્ટમાં ફક્ત અગત્યની અને જરૂરી માહિતી હોવી જોઈએ.

બજેટ રિપોર્ટ નાણાંકીય પત્રકના સ્વરૂપમાં કે રેખાકૃતિ (ડાયાગ્રામ) ના સ્વરૂપમાં પણ રજૂ કરી શકાય.

## 9.7 સ્વાધ્યાય :

(1) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

(i) માસ્ટર બનેટ બધા જ કાર્યનુસાર બજેટનો સારાંશ છે.

(ii) સ્થિર બજેટ એ સ્થિર ખર્ચ માટે સૌથી વધુ યોગ્ય છે.

(iii) બધા જ કાર્યનુસાર બજેટ, વેચાણ બજેટ સાથે સંબંધિત છે કારણ કે વેચાણ બજેટ હંમેશા સૌપ્રથમ તૈયાર કરવામાં આવ છે.

(iv) રોકડ અંદાજપત્રમાં પહેલાં તૈયાર કરવામાં આવે છે ત્યારબાદ બાકીના અંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે.

(v) સંસ્થામાં જ્યારે પ્રમાણ પડતર પદ્ધતિનો ઉપયોગ થતો હોય તો પણ અંદાજપત્રીય અંકુશ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ છે.

(vi) બજેટ ભવિષ્યના ખર્ચાઓની આગાહી છે.

(vii) મુખ્ય બજેટનું પરિબળ એ જ ચાવીરૂપ પરિબળ છે.

(viii) બજેટ એ વિવિધ વિભાગોની પ્રવત્તિઓનું સંકલન છે.

(ix) બજેટ કેન્દ્ર એ સંસ્થાનો એક ભાગ છે જેના પરથી અલગ અલગ બજેટ તૈયાર કરવામાં આવે છે.

**જવાબો :** વિધાન નંબર (i), (ii), (v), (vii), (viii) અને (ix) સાચાં છે વિધાન નંબર (iii), (iv) અને (vi) ખોટાં વિધાન છે.

- **સૈદ્ધાંતિક પ્રશ્નો :**

(1) અસરકારક બજેટ માટેના જરૂરી નિયંત્રણો વિસ્તારથી જણાવો.

(2) બજેટના કાર્યો અથવા બજટની ભૂમિકા સમજાવો.

(3) અંદાજપત્રીય અંકુશ માટેની તંત્ર-વ્યવસ્થા સમજાવો.

(4) બજેટ તૈયાર કરતી વખતે જરૂરી તકનીકો/મુદ્દાઓ વિસ્તારથી જણાવો.

(5) બજેટ કમિટીના મુખ્ય કાર્યો જણાવો.

(6) મુખ્ય બજેટ પરિબળ /ચાવીરૂપ પરિબળ બજેટ એટલે શું ?

(7) બજેટ રિપોર્ટની આવશ્યકતાઓ જણાવો.

એકમ 10

# રોકડ અંદાજપત્ર

રૂપરેખા

**10.1** પરિચય

**10.2** રોકડ અંદાજપત્રનો અર્થ

**10.3** રોકડ અંદાજપત્રની જરૂરિયાત (મહત્ત્વ) અને મર્યાદાઓ

**10.4** રોકડ અંદાજપત્ર તૈયાર કરવાની રીત

**10.5** ઉદાહરણો

**10.6** સ્વાધ્યાય

## 10.1 પરિચય :

કોઈ પણ ધંધાકીય પ્રવૃત્તિમાં રોકડની (નાણાં)ની મુખ્ય જરૂરિયાત હોય છે. ધંધાના દૈનિક, અઠવાડિક, માસિક, ત્રિ-માસિક, અર્ધ-વાર્ષિક કે વાર્ષિક વ્યવહારોમાં રોકડની આવ-જા રહેતી હોય છે. વિવિધ પ્રકારની ચૂકવણીઓ કરતાં રોકડ ક્યાંથી લાવીશું ?, કેવી રીતે લાવીશું ?, તેનો કઈ જગ્યાએ ઉપયોગ કરીશું ? રોકડની કેટલી જરૂર પડશે ? જેવા વિવિધ પ્રશ્નોના આયોજન માટે તેમજ રોકડની બધી જ પ્રવૃત્તિઓ પર એક અંકુશના સાધન તરીકે રોકડનું અંદાજપત્ર બનાવવું જરૂરી છે.

## 10.2 રોકડ અંદાજપત્રનો અર્થ :

અંદાજપત્રની જુદી જુદી મુદતમાં રોકડની પરિસ્થિતિ કેવી હશે તેનો અંદાજ આપતી યોજના એટલે રોકડ અંદાજપત્ર, ભવિષ્યની કોઈ નિશ્ચિત મુદત માટે ધંધાનાં અલગ અલગ સાધનોમાંથી મળતી રોકડ અને તેની સામે ધંધાની અલગ અલગ પ્રવૃત્તિઓ માટે ચૂકવાતી રોકડ બાદ કરી રોકડની આખરની બાકી શોધવી એટલે રોકડ અંદાજપત્ર.

## 10.3 રોકડ અંદાજપત્રની જરૂરિયાત (મહત્ત્વ) અને મર્યાદાઓ :

રોકડ અંદાજપત્ર બનાવવાથી નીચે મુજબનાં લાભો જોવા મળે છે.

**(1) નાણાંનો વ્યવસ્થિત ઉપયોગ :** અંદાજપત્ર દ્વારા ભવિષ્યમાં ક્યાંથી અને કેટલાં નાણાં ધંધામાં આવશે તેનો એક અંદાજ હોય તો ધંધામાં આ નાણાં કઈ પ્રવૃત્તિઓ (કયા ખર્ચાઓ) પેટે ચૂકવીશું અને જો વધારે નાણાં બચે તો તેનો ક્યાં ઉપયોગ કરવો તેની વ્યવસ્થિત ગોઠવણી કરી શકાય.

**(2) નાણાં મેળવવા અંગે વ્યવસ્થા :** રોકડ અંદાજપત્ર લાંબાગાળા તેમ જ ટૂંકા ગાળા માટે રોકડની કેટલી જરૂર પડશે તે મુજ રોકડ ધંધામાં પ્રવૃત્તિથી અંદાજ મુજબ રોકડ પૂરેપૂરી પ્રાપ્ત ના થાય તો ખૂટતી રકમ બહારથી લાવવામાં સરળતા રહે છે.

**(3) મૂડી ખર્ચ અને નાણાંની જોગવાઈ :** ભવિષ્યમાં ધંધાના વિકાસ માટે કોઈ મૂડી ખર્ચ કરવાની સંચાલકો ઇચ્છા ધરાવતા હોય તો તેના માટે નાણાંની વ્યવસ્થા રોકડ અંદાજપત્ર કરી શકાય છે.

**(4) દેવાંની સમયસર ચૂકવણી :** અંદાજપત્ર બનાવવાથી કયા દેવાં ક્યારે ચૂકવવાના છે તેનો અંદાજ હોવાથી તેના નાણાં સમયસર ઊભા કરવાથી તે દેવાં સમયસર ચૂકવી શકાય છે. જેનાથી ધંધાની પ્રતિષ્ઠા વધે છે.

**(5) સંકલન માટે ઉપયોગી :** રોકડ અંદાજપત્ર બધા જ અંદાજપત્રો વચ્ચે સંકલનનું કાર્ય કરે છે. વેચાણ અંદાજપત્ર કે દેવાદારોના અંદાજપત્ર દ્વારા નાણાં ક્યારે મળશે તેના અંદાજ પરથી ખરીદીનું અંદાજપત્ર, ઉત્પાદન અંદાજપત્ર, મજૂરી અંદાજપત્રના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે.

**(6) અંકુશ માટે ઉપયોગી :** અંદાજપત્રના કારણે રોકડની બધી જ પ્રવૃત્તિઓ પર એક અંકુશ રહે છે. રોકડની આવક-જાવકનો અંદાજમાં ફેરફાર થાય કે આવક કરતાં જાવક વધી જાય તો સંચાલકો કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા જરૂરી પગલાં લઈ તેના પરિણામોની ચકાસણી કરવામાં આવે છે. અને જ્યાં જરૂર પડે ત્યાં જરૂરી પગલાં લઈ પ્રશ્ન ઉકેલવામાં આવે છે.

**(7) ધંધાની નફામાં વહેંચણી :** ધંધામાં જો નફો થાય તો સંચાલકોને અને જો કંપની હોય તો તેના શેર હોલ્ડરોને નફો કેવી રીતે વહેંચવો તેનો નિર્ણય પણ રોકડ અંદાજપત્ર દ્વારા લઈ શકાય છે. નાણાંની કાર્યશીલ મૂડીની જરૂરિયાત, ભવિષ્યના મૂડી ખર્ચની જરૂરિયાત, આકસ્મિક ખર્ચાઓ માટેની વ્યવસ્થા વગેરે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નફાની વહેંચણી કરી શકાય છે.

**(8) લેણાં-દેવાંની નીતિ ઘડવામાં મદદરૂપ :** જ્યારે માલનું ઉધાર વેચાણ કરવામાં આવે તો દેવાદારો પાસેથી રકમ મેળવવા શાખની મુદત કઈ રાખવી તેમ જ જ્યારે ઉધાર ખરીદી કરવામાં આવે ત્યારે લેણદારો પાસેથી શાખની કેટલી મુદત લેવી અથવા લેણદારોને કેટલા સમય બાદ નાણાં ચૂકવી શકાશે વગેરે પ્રશ્નો રોકડ અંદાજપત્ર દ્વારા જાણી શકાય છે.

**મર્યાદાઓ :** રોકડ અંદાજપત્ર બનાવતી વખતે કેટલીક મર્યાદાઓને કારણે મુશ્કેલીઓ ઊભી થાય છે.

**(1) અંદાજો નક્કી કરવા મુશ્કેલ :** ધંધો કેટલીક અનિશ્ચિતાઓ પર આધારિત છે. ભવિષ્યમાં રોકડની આવક-જાવક કેટલી રહેશે તેનો ચોક્કસ અંદાજ કાઢવો મુશ્કેલ છે. ટૂંકા ગાળા માટે કદાચ શક્ય છે પરંતુ લાંબા ગાળા માટે ઘણું અઘરુ છે. જો ચોક્કસ અંદાજ શોધી ન શકાય તો રોકડ અંદાજપત્રમાં નક્કી કરેલા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા મુશ્કેલ બને છે.

**(2) અમલ કરવામાં બેદરકારી :** જો રોકડ અંદાજપત્ર તૈયાર કર્યા બાદ તેના ઉપર સતત ધ્યાન રાખીને અમલ કરવામાં આવે તો જ તેના ધાર્યા પરિણામ મેળવી શકાય. પરંતુ જો અમલ કરવામાં બેદરકારી કે બેકાળજી રાખવામાં આવે તો સારા પરિણામ મળી શકે નહિ.

**(3) ખર્ચાળ :** રોકડ અંદાજપત્ર બનાવવામાં અનુભવી તેમ જ વિશિષ્ટ જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે. જેના માટે કેટલાંક ગાણિતિક મોડેલ પણ તૈયાર કરવામાં આવે છે જે કેટલીકવાર ધંધા માટે ખર્ચાળ સાબીત થાય છે.

**(4) પરિવર્તનશીલતાનો અભાવ :** રોકડ અંદાજપત્ર સંજોગો મુજબ તેમાં ફેરફાર કરવામાં ના આવે અને જડતા પૂર્વક તેનો અમલ કરવામાં આવે તો કેટલીકવાર અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે, ઉચ્ચ અધિકારી અને નાના અધિકારીઓ વચ્ચે, અધિકારીઓ અને બહારની વ્યક્તિઓ જેવી કે દેવાદારો, લેણદારો, બેંક વગેરે વચ્ચે ઘર્ષણ ઊભું થાય છે.

## 10.4 રોકડ અંદાજપત્ર તૈયાર કરવાની પદ્ધતિ :

રોકડ અંદાજપત્ર તૈયાર કરવાની ત્રણ-ચાર પદ્ધતિ છે. પરંતુ સૌથી ઉપયોગી અને પ્રચલિત રોકડ આવક અને ચુકવણી પદ્ધતિ (Cash Receipts and Disbursment Method) છે.

આ પદ્ધતિમાં અઠવાડિક, માસિક, ત્રિ-માસિક, કે વાર્ષિક અંદાજો મુકવવામાં આવે છે. સામાન્ય રીતે જે ધંધામાં વેચાણ અસ્થિર હોય, મૌસમી હોય અથવા જેની રોકડ સિલક પ્રમાણમાં ઓછી હોય તેને માટે આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે. અમુક મુદતના અંતે અંદાજીત રોકડ આવકમાંથી અંદાજીત રોકડ જાવક બાદ કરી આખરની રોકડ સિલક શોધવામાં આવે છે. આ આખરની રોકડ સિલક તે પછીની મુદત માટે શરૂઆતની રોકડ સિલક તરીકે લખાય છે.

ધંધાની અપેક્ષિત રોકડ આવક શોધી કુલ આવક શોધવામાં આવે છે તે જ રીતે ધંધાની અપેક્ષિત રોકડ ચૂકવણી (જાવક) શોધી કુલ જાવક શોધવામાં આવે છે.

નીચે આપેલ રોકડ અંદાજપત્રના નમુના પરથી સામાન્યરીતે જ કંઈ રોકડ આવકો અને પત્રકમાં ઉપરની બાજુ નીચેની બાજુ કઈ રોકડ જાવકો દર્શાવાય છે, તે જોઈએ.

રોકડઅંદાજપત્ર જુદા જુદા મહિનાઓ માટે બનાવવામાં આવે છે. દા.ત. ત્રણ મહિનાનું, ચાર મહિનાનું વગેરે.

જાન્યુઆરી, 2018થી માર્ચ, 2018 સુધીનું રોકડ અંદાજપત્ર

| વિગત | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|
| શરૂઆતની રોકડ સિલક : | ------- | ------ | ------- |
| ઉમેરો : રોકડ આવકો | | | |
| 1. રોકડ વેચાણ | | | |
| 2. દેવાદારો પાસેથી મળેલ રોકડ (ઉઘરાણી વસુલાત) | | | |
| 3. લેણીહૂંડીના મળ્યા. | | | |
| 4. કાયમી મિલકતોના વેચાણની ઊપજ | | | |
| 5. રોકાણના વેચાણની ઊપજ | | | |
| 6. વ્યાજ અને ડિવિડન્ડની આવક | | | |
| 7. નવા શૅર કે ડિબેન્ચર બહાર પાડ્યા. | | | |
| 8. બેંક, નાણાંકીય સંસ્થાઓ કે અન્ય પાસેથી લીધેલ લોન | | | |
| 9. અન્ય આવકો | | | |
| કુલ રોકડ આવકો (A) | | | |
| બાદ : રોકડ જાવકો (ચૂકવણી) : | | | |
| 1. રોકડ ખરીદી | | | |

| | | | |
|---|---|---|---|
| 2. લેણદારોને ચૂકવવાના<br>3. મજૂરી અને પગાર<br>4. મહેસૂલી ખર્ચાઓ<br>5. જાહેરાત ખર્ચાઓ<br>6. મિલકતો કે રોકાણોની ખરીદી<br>7. લોનની ચૂકવણી<br>8. ડિબેન્ચર પરત<br>9. આવકવેરાની ચૂકવણી<br>10. અન્ય જાવકો | | | |
| કુલ જાવકો રોકડ (B) | | | |
| અંદાજીત રોકડની આખર સિલક (A) - (B) | ..... | ..... | ..... |

વિદ્યાર્થીમિત્રો, જુદા જુદા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રોકડ અંદાજપત્ર કેવી રીતે તૈયાર કરવું તેનો અભ્યાસ કરીએ. સામાન્ય રીતે નીચે મુજબના મુદ્દાઓ દાખલાની ગણતરીમાં જોવા મળે છે : (1) રોકડ વેચાણની રકમ શોધવી. (2) ઉધાર વેચાણ પરથી તેમ જ શાખની મુદત પરથી દેવાદારો પાસેથી કેટલી રકમ મળશે તેની ગણતરી. (3) રોકડ ખરીદીની રકમ શોધવી. (4) ઉધાર ખરીદી પરથી તેમ જ લેણદારો આપેલ શાખની મુદત પરથી લેણદારોને ક્યારે અને કેટલી રકમ ચૂકવવી? (5) પગાર, મજૂરી, કારખાના પરોક્ષ ખર્ચ કે અન્ય ખર્ચાઓને આપેલ સમયગાળા પરથી કેવી રીતે રકમ શોધવી.

ઉપર મુજબના મુદ્દાઓ દાખલામાં (પ્રશ્નમાં) હોય ત્યારે તેની અલગ ગણતરીની નોંધ કરી જરૂરી રકમ શોધી રોકડ અંદાજપત્રમાં દર્શાવવું.

## 10.5 ઉદાહરણો :

**ઉદાહરણ-1** : નીચેની વિગતો પરથી **ગ્રીષ્મ કંપનીનું** તા. 1લી એપ્રિલ થી 30મી સપ્ટેમ્બર, 2018 સુધીનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો. તા. 1લી એપ્રિલ, 2018ના રોજ રોકડ સિલક 1,50,000 કરો.

| મહિનો (2018) | વેચાણ (₹) | કાચા માલની ખરીદી (₹) | મજૂરી (₹) | કારખાનાના પરોક્ષ ખર્ચા (₹) | વહીવટી પરોક્ષ ખર્ચા (₹) | વેચાણ વિતરણના પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|---|---|
| ફેબ્રુ | 60,000 | 270,000 | 54,000 | 36,000 | 21,000 | 24,000 |
| માર્ચ | 540,000 | 285,000 | 60,000 | 42,000 | 24,000 | 27,000 |
| એપ્રિલ | 630,000 | 282,000 | 57,000 | 30,000 | 21,000 | 24,000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મે | 510,000 | 282,000 | 45,000 | 39,000 | 15,000 | 25500 |
| જૂન | 525,000 | 255,000 | 66,000 | 43,500 | 19,500 | 25,800 |
| જુલાઈ | 660,000 | 216,000 | 54,000 | 33,000 | 21,600 | 27900 |
| ઓગસ્ટ | 636,000 | 225,000 | 63,000 | 28,500 | 22,500 | 23,400 |
| સપ્ટેમ્બર | 75,000 | 195,000 | 60,000 | 30,000 | 22,200 | 19,500 |

**વધારાની માહિતી નીચે મુજબ છે :**

(1) વેપારીઓ પાસેથી નાણાં ચૂકવવા 1 માસની મુદત મળે છે. ગ્રાહકોને પણ આપણે 1 માસની મુદત આપીએ છીએ.

(2) મજૂરી અઠવાડિયા બાદ ચૂકવાય છે, જ્યારે કારખાના ખર્ચા, વહીવટી ખર્ચા અને વેચાણ-વિતરણ ખર્ચા જે મહિનામાં થાય ત્યારપછી એક મહિનાબાદ ચૂકવવાના હોય છે.

(3) વેચાણ પર  લેખે કમિશન વેચાણ પછી બે મહિના બાદ ચૂકવાય છે.

(4) એપ્રિલમાં  180,000નું યંત્ર ખરીદાશે અને તેનાં નાણાં તરત જ ચૂકવવા પડશે.

(5) મે-2018માં જે યંત્રો  540,000 ની કિંમતે ખરીદવાનાં છે તેનાં નાણાંની ચૂકવણી જુન અને જુલાઈમાં સરખે હપતે ચૂકવવાનાં છે.

જવાબ :

અહીં રોકડ અંદાજ પત્ર એપ્રિલ-2018થી સપ્ટેમ્બર-2018 સુધીનું એટલે કે 6 મહિનાનું બનાવવાનું છે.

તા. 1-4-2018 થી 30-9-2018 સુધીનું રોકડ અંદાજપત્ર

| વિગત | એપ્રિલ (₹) | મે (₹) | જુન (₹) | જુલાઈ (₹) | ઓગસ્ટ (₹) | સપ્ટેમ્બર (₹) |
|---|---|---|---|---|---|---|
| શરૂઆતની રોકડ સિલક<br>ઉમેરો :<br>રોકડ આવકો<br>ઉધાર વેચાણના | 150,000 | 59,250 | 270,750 | 72750 | -85800 | 201,825 |
| ગ્રાહકો પાસેથી ઉઘરાણી | 540,000 | 6,30,000 | 510,000 | 525,000 | 660,000 | 6,36,000 |
| કુલ રોકડ આવક (A) | 690,000 | 689,250 | 780,750 | 597,750 | 574,200 | 8,37,825 |
| બાદ : રોકડ જાવકો<br>કાચા માલની ખરીદી (વેપારીઓને ચૂકવણી) | 285,000 | 282,000 | 282,000 | 255,000 | 216,000 | 225,000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મંજૂરી | 57750 | 48,000 | 60,750 | 57,000 | 60,750 | 60,750 |
| કારખાના ખર્ચ | 42,000 | 30,000 | 39000 | 43500 | 33,000 | 28500 |
| વહીવટી ખર્ચ | 24000 | 21000 | 15000 | 19500 | 21600 | 22500 |
| વેચાણ ખર્ચ | 27000 | 24000 | 25,500 | 25800 | 25800 | 27900 |
| વેચાણ પર કમિશન | 15,000 | 135000 | 15750 | 13750 | 13125 | 16500 |
| યંત્રની ખરીદી (મૂડી ખર્ચ) | 180,000 | - | 270,000 | 270,000 | - | - |
| કુલ રોકડ જાવક (B) | 630,750 | 4,18,500 | 7,08,000 | 683,550 | 3,72,375 | 3,76650 |
| આખરની સિલક(A)-(B) | 59,250 | 270,750 | 72750 | -85,800 | 201,825 | 461,175 |

**નોંધ :**

(1) ગ્રાહકો પાસેથી ઉઘરાણી એક માસની શાખની મુદત હોવાથી ફેબ્રુઆરી, 2018ના માસ દરમિયાન કરેલ વેચાણની રકમ માર્ચ, 2018માં મળશે. તે જ રીતે માર્ચ-2018માં કરેલ ઉધાર વેચાણની રકમ ગ્રાહકો પાસેથી એપ્રિલ-2018માં મળશે. આમ, રોકડ અંદાજપત્રમાં માર્ચ-2018ના વેચાણની રકમ એપ્રિલ, 2018માં દર્શાવાશે. એપ્રિલની રકમ મે મહિનામાં, મે મહિનાની રકમ જુનમાં....

(2) વેપારીઓને ચૂકવણી (ઉધાર ખરીદી) 1 માસની મુદત પછી કરવાની છે. તેથી માર્ચ-2018ની ખરીદીની ચૂકવણી એપ્રિલમાં દર્શાવીશું. તે જ રીતે એપ્રિલની ચૂકવણી મેં મહિનામાં, મે મહિનાની ચૂકવણી જુનમાં........

(3) કારખાના ખર્ચ, વહીવટી ખર્ચ અને વેચાણ-વિતરણખર્ચમાં ચૂકવણીનો સમયગાળો 1 માસનો છે. માટે માર્ચ મહિનાનો ખર્ચ એપ્રિલમાં, એપ્રિલ મહિનાનો ખર્ચ મેમાં, મે મહિનાનો ખર્ચ જુનમાં.........

(4) વેચાણ પર કમિશન બે મહિના બાદ ચૂકવાય છે. માટે ફેબ્રુઆરી, 2018માં થયેલ કુલ ઉધાર વેચાણ પરનું કમિશન એપ્રિલ, 2018માં ચૂકવાશે. ફેબ્રુઆરી, 2018નું વેચાણ 600,000 છે. તેના પર લેખે કમિશન 15,000 થશે જે એપ્રિલ, 2018માં ચૂકવાશે. માર્ચ, 2018માં થયેલ કુલ વેચાણ 540,000 હોય તો તેના પર કમિશન 13,500 થશે. (540000 2.5% = 13,500) . જે બે મહિના બાદ એટલે કે મે-2018માં ચૂકવાશે. આ જ રીતે આગળ ગણતરી કરવી.

(5) મજૂરી અઠવાડિયા બાદ ચૂકવાય છે. એટલે કે માર્ચ-2018ના પહેલાં અઠવાડિયાની મજુરીની ચૂકવણી તે જ મહિનાના બીજા અઠવાડિયામાં ચૂકવાશે. બીજા અઠવાડિયાની મજૂરીની ચૂકવણી તે જ મહિનાના ત્રીજા અઠવાડિયામાં ચૂકવાશે. તે જ મહિનાના ત્રીજા અઠવાડિયામાં ચૂકવાશે. તે જ રીતે ત્રીજા અઠવાડિયાની મજૂરીની ચૂકવણી તે જ મહિનાના ચોથા અઠવાડિયામાં ચૂકવાશે.

ચૂકવાશે. તે જ રીતે ત્રીજા અઠવાડિયાની મજૂરીની ચૂકવણી તે જ મહિનાના ચોથા અઠવાડિયામાં ચૂકવાશે.

પરંતુ ચોથા અઠવાડિયાની મજૂરી રકમ તે પછીના મહિનાના પહેલાં અઠવાડિયામાં ચૂકવાશે.

આનો મતલબ એવો થાય કે દર મહિનાના ચોથા અઠવાડિયાની (25% રકમ) રકમ તે પછીના મહિનામાં ચૂકવાશે.

નીચેની ગણતરીથી દર મહિને કેટલી રકમ મજૂરી પેટે ચૂકવાશે તે શોધીએ.

| | મજૂરી ખર્ચ | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર |
|---|---|---|---|---|---|---|---|---|
| માર્ચ | 60,000 | 45,000 | 15,000 | - | - | - | - | - |
| એપ્રિલ | 57,000 | - | 42,750 | 14,250 | - | - | - | - |
| મે | 45,000 | - | - | 33,750 | 11,250 | - | - | - |
| જુન | 66,000 | - | - | - | 49,500 | 16,500 | - | - |
| જુલાઈ | 54,000 | - | - | - | - | 40,500 | 13,500 | - |
| ઓગસ્ટ | 63,000 | - | - | - | - | - | 47,250 | 15,750 |
| સપ્ટેમ્બર | 60,000 | - | - | - | - | - | 45,000 | |
| | | | 57,750 | 48000 | 60750 | 57,000 | 60750 | 60,750 |

**ઉદાહરણ-2 :** શીતલ લિ.ની આપેલી વિગતો પરથી એપ્રિલથી જુન, 2018 સુધીનું ત્રણ માસનું રોકડ અંદાજપત્ર બનાવો.

(1) તા. 1-4-2018ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 180,000 છે.

(2)

| માસ | કુલ વેચાણ (₹) | ખરીદી (₹) | મજૂરી (₹) | પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 18,00,000 | 9,00,000 | 3,60,000 | 3,37,500 |
| માર્ચ | 13,50,000 | 8,10,000 | 3,24,000 | 2,92,500 |
| એપ્રિલ | 19,50,000 | 9,90,000 | 4,32,000 | 3,82,500 |
| મે | 27,00,000 | 14,40,000 | 4,50,000 | 4,27,500 |
| જૂન | 15,00,000 | 7,20,000 | 3,78,000 | 3,37,750 |

(3) કુલ વેચાણના 40% રોકડ વેચાણ અને 60% ઉધાર વેચાણ ધારો.

(4) ઉધાર વેચાણના 50% વેચાણ પછીના મહિનામાં અને બાકીના 50% વેચાણ પછીના બીજા મહિનામાં વસૂલ મળે છે.

(5) મજૂરી ચૂકવવાનો સમયગાળો 1 મહિનો અને પરોક્ષ ખર્ચા ચૂકવવાનો સમયગાળો $\frac{1}{2}$ માસનો છે.

(6) વેપારીઓએ આપેલ શાખનો ગાળો 1 મહિનાનો છે.

(7) પરોક્ષ ખર્ચમાં સ્થિર મિલકતના ઘસારાના માસિક ₹ 67,500 લેખેનો સમાવેશ થાય છે.

(8) જૂન, 2018માં ડિબેન્ચર પર વ્યાજ પેટે ₹ 1,12,500 ચૂકવવાનું છે.

જવાબ : તા. 1-4-2018 થી 30-6-2018 સુધીનું

| વિગત | | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|
| શરૂઆતની રોકડ/બેન્ક સિલક | | 1,80,000 | 50,1000 | 8,11,500 |
| ઉમેરો : રોકડ આવકો | | | | |
| વેચાણ | (નોંધ-1) મુજબ | 17,25,000 | 20,70,000 | 19,95,000 |
| | કુલ રોકડ આવક (A) | 19,05,000 | 25,71,000 | 280,65000 |
| બાદ : રોકડ જાવકો | | | | |
| ખરીદી | (નોંધ-2 મુજબ) | 8,10,000 | 99,0000 | 14,40,000 |
| મજૂરી | (નોંધ-3) | 324,000 | 432,000 | 4,50,000 |
| પરોક્ષ ખર્ચા | (નોંધ-4) | 27,0000 | 3,37,500 | 3,15,000 |
| ડિબેન્ચર પર વ્યાજ | - | - | 1,12,500 | |
| | કુલ રોકડ આવક (B) | 14,04,000 | 17,59,500 | 23,17,500 |
| | આખરની બાકી (A-B) | 501,000 | 8,11,500 | 4,89,000 |

નોંધ-1 વેચાણ (અંગે)

| માસ | કુલ વેચાણ | 40% (રોકડ) | 60% ઉધાર |
|---|---|---|---|
| ફેબ્રુઆરી | 18,00000 | 7,20,000 | 10,80,000 |
| માર્ચ | 13,50,000 | 5,40,000 | 8,10,000 |
| એપ્રિલ | 19,50,000 | 7,80,000 | 11,70,000 |
| મે | 27,00,000 | 10,80,000 | 16,20,000 |
| જૂન | 15,00,000 | 6,00,000 | 9,00,000 |

ઉધાર વેચાણના રકમની વસૂલાત

| માસ | ઉધાર વેચાણ | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 10,80,000 | - | 540,000 | 540,000 | - | - |
| માર્ચ | 8,10,000 | - | - | 405000 | 4,05,000 | - |
| એપ્રિલ | 11,70,000 | - | - | - | 585000 | 5,85,000 |
| મે | 16,20,000 | - | - | - | - | 810,000 |
| જૂન | 900,000 | - | - | - | - | - |
| | | | | 945,000 | 9,90,0000 | 13,95000 |

ફેબ્રુઆરીના ઉધાર વેચાણની 50% વસૂલાત માર્ચમાં અને બાકીના 50%ની વસૂલાત એપ્રિલમાં થશે. તે જ રીતે માર્ચના ઉધાર વેચાણી 50% વસુલાત એપ્રિલમાં અને બાકીના 50%ની વસૂલાત મે મહિનામાં થશે. ઉપરના ટેબલમાં ઉધાર વેચાણની વસૂલાત કયા મહિનામાં થશે તેની ગણતરી દર્શાવેલ છે.

ઉપરની ગણતરી દ્વારા એપ્રિલ, મે અને જૂન મહિનામાં ઉધાર-વેચાણ પેટે કેટલી રકમ મળશે તે જાણી શકાય.

. રોકડ અંદાજપત્ર

| મળેલ રકમ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| રોકડ વેચાણ પેટે | 7,80,000 | 10,80,000 | 6,00,000 |
| ઉધાર વેચાણ પેટે | 9,45,000 | 9,90,000 | 13,95,000 |
| વેચાણ પેટે | | | |
| મળેલ કુલ રકમ | 17,25,000 | 20,70000 | 19,95,000 |

**નોંધ-૨ (ખરીદી)**

વેપારીઓ (લેણદારો) પાસથી માલ ખરીદતા તેઓએ આપણને રકમ ચૂકવવા માટે 1 માસનો સમય આપ્યો છે. એટલે કે ફેબ્રુઆરી માસમાં કરેલ માલની ખરીદીની રકમ માર્ચમાં ચૂકવાશે, માર્ચમાં કરેલ માલની ખરીદીની રકમ એપ્રિલમાં ચૂકવાશે. આ રીતે બાકીની ગણતરી કરીશું.

**નોંધ-૩ (મજૂરી)**

મજૂરી પેટે ચૂકવવાની રકમની ગણતરી નોંધ-2 પ્રમાણે જ થશે. કારણ કે મજૂરી ચૂકવવાનો સમયગાળો પણ 1 મહિનાનો જ છે.

**નોંધ-૪ (પરોક્ષ ખર્ચા) :**

સૌ પ્રથમ દરેક મહિનાના પરોક્ષ ખર્ચામાંથી સ્થિર મિલકતના ઘસારાની રકમ બાદ કરીશું કારણ કે ઘસારાની ગણતરીમાં રોકડ ઉપર કોઈ અસર થતી નથી. ત્યારબાદ પરોક્ષ ખર્ચા ચૂકવવાનો સમયગાળો $\frac{1}{2}$ માસનો હોવાથી દરેક મહિનામાં પરોક્ષ ખર્ચની અડધી રકમ જે તે મહિનામાં ચૂકવાશે જ્યારે બાકીની અડધી રકમ તે પછીના મહિનામાં ચૂકવાશે. જે નીચેની ગણતરી દ્વારા સમજીએ.

| માસ | પરોક્ષ ખર્ચા | બાદ : ઘસારો | ઘસાર બાદ પરોક્ષ ખર્ચા | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|---|---|---|
| ફેબ્રુ | 3,37,500 | 67,500 | 270,000 | 1,35,000 | 1,35,000 | - | - | - |
| માર્ચ | 292500 | 67500 | 225,000 | - | 112500 | 112500 | - | - |
| એપ્રિલ | 382500 | 67500 | 315,000 | - | - | 157500 | 157,500 | - |
| મે | 427500 | 67500 | 360,000 | - | - | - | 1,80,000 | 1,80,000 |
| જૂન | 3,37,500 | 67,500 | 270,000 | - | - | - | - | 13,5000 |
| કુલ | | | | | | 270,000 | 3,37,500 | 3,15,000 |

★ એપ્રિલ, મે અને જૂનની રકમો જ રોકડ અંદાજપત્રમાં મૂકીશું.

**ઉદાહરણ-3 :** સમીર લિમિટેડની નીચે આપેલ માહિતી પરથી તા. 31મી ડિસેમ્બર, 2018ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

(1) તા. 1-10-2018ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 80,000

(2)

| માસ | વેચાણ (₹) | ઉત્પાદન ખર્ચા (₹) | પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|
| જુલાઈ | 16,00,000 | 4,00,000 | 4,80,000 |
| ઓગસ્ટ | 24,00,000 | 4,80,000 | 5,60,000 |
| સપ્ટેમ્બર | 32,00,000 | 560,000 | 6,40,000 |
| ઑક્ટોબર | 40,00,000 | 4,80,000 | 5,60,000 |
| નવેમ્બર | 56,00,000 | 6,40,000 | 7,20,000 |
| ડિસેમ્બર | 6,400,000 | 7,20,000 | 800,000 |
| જાન્યુઆરી | 7200( 0 | 800,000 | 9,60,000 |

(3) ઉત્પાદન ખર્ચા ચૂકવવાનો સમયગાળો $\frac{1}{4}$ માસ અને પરોક્ષ ખર્ચા ચૂકવવાનો $\frac{1}{2}$ માસનો છે.

(4) ઓક્ટોબર, 2018માં એક નવું યંત્ર ₹ 32,00,000માં ખરીદવામાં આવશે, જેની ચૂકવણી નવેમ્બરથી માસિક ચાર સરખા હપતામાં કરવાની છે.

(5) કુલ વેચાણના 20% રોકડ વેચાણ ધારો.

(6) ઉધાર વેચાણના 60% નાણાં વેચાણ પછીનાં મહિનામાં, 30% નાણાં વેચાણ પછીના બીજા મહિને અને 10% નાણાં વેચાણ પછીના ત્રીજા મહિને મળે છે.

(7) વેચાણ કિંમતના 30% લેખે માલસામગ્રીની ખરીદીની જરૂરિયાત રહે છે. દરેક મહિનાના અંદાજી વેચાણ અંગે જરૂરી માલસામગ્રીની ખરીદી તેના અગાઉના મહિનામાં કરવામાં આવે છે. ખરીદી રોકડેથી કરવામાં આવે છે.

(8) વર્ષ 2018-19 માટે વચગાળાનું ડિવિડન્ડ ₹ 400,000 ડિસેમ્બર 2018માં ચૂકવવાનું છે.

જવાબ :

તા. 1-10-2018 થી 31-12-2018ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર

| **વિગત** | | **ઓક્ટોબર** | **નવેમ્બર** | **ડિસેમ્બર** |
|---|---|---|---|---|
| શરૂઆતની રોકડ સિલક | | 80,000 | 3,40,000 | 3,80,000 |
| ઉમેરો : રોકડ આવક | | | | |
| વેચાણ : | રોકડ (20%) | 800,000 | 11,20,000 | 12,80,000 |
| | ઉધાર વેચાણ પેટે નોંધ-1 | 22,40,000 | 28,80,000 | 39,04,000 |
| | કુલ રોકડ આવક (A) | 31,20,000 | 43,40,000 | 55,64000 |
| બાદ : રોકડ જાવક | | | | |
| માલ સામગ્રીની ખરીદી (નોંધ-2) | | 16,80,000 | 19,20,000 | 21,60,000 |
| ઉત્પાદનના ખર્ચા (નોંધ-3) | | 5,00,000 | 600,000 | 700,000 |
| પરોક્ષ ખર્ચા (નોંધ-4) | | | | |
| | | 6,00,000 | 640,000 | 760,000 |
| યંત્રની ખરીદી (3200,000 ÷ 4 હપતા) | - | | 800,000 | 800,000 |
| વચગાળાની ડિવિડન્ડની ચૂકવણી | - | - | | 4,00,000 |
| | કુલ રોકડ આવક (B) | 27,80,000 | 39,60,000 | 48,20,000 |
| આખરની રોકડ (સિલક (A-B) | | 3,40,000 | 3,80,000 | 7,44,000 |

રોકડ અંદાજપત્ર

**ગણતરી :**

નોંધ-1 (રોકડ વેચાણ તેમ જ ઉધાર વેચાણ પેટે દેવાદારો (ગ્રાહકો) પાસેથી મળેલ રકમની ગણતરી.

| | કુલ વેચાણ | રોકડ 20% | ઉધાર 80% | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવે. | ડિસે. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓગષ્ટ | 24,00,000 | 480,000 | 19,20,000 | - | - | 1152,000 | 5,76,000 | 192,000 | - |
| સપ્ટે. | 32,00,000 | 640,000 | 25,60,000 | - | - | - | 15,36,000 | 768,000 | 256000 |
| ઓક્ટો. | 40,00,000 | 800,000 | 32,00,000 | - | - | - | - | 19,20,000 | 960,000 |
| નવે. | 56,00,000 | 11,20,000 | 44,80,000 | - | - | - | - | - | 26,8800 |
| ડિસે. | 64,00,000 | 12,80,000 | 51,20,000 | - | - | - | - | - | - |
| | | | | | | | 22,40,000 | 28,80,000 | 39,04000 |

જુલાઈ મહિનાના ઉધાર વેચાણની રકમ ₹ 12,80,000ની ઉઘરાણી પેટે 60% રકમ ઓગસ્ટમાં, 30% રકમ સપ્ટેમ્બરમાં અને 10% રકમ ઓક્ટોબરમાં મળશે.

આ રીતે દરેક મહિનાની ગણતરી કરીશું.

નોંધ-2 (ખરીદી અંગે) :

| માસ | કુલ વેચાણ | 30% ખરીદીની રકમ | માલ સામગ્રીની ખરીદી |
|---|---|---|---|
| ઓક્ટો | 40,00,000 | 12,00,000 | (ખરીદી સપ્ટેમ્બરમાં) |
| નવે. | 56,00,000 | 16,80,000 | (ખરીદી ઓક્ટોબરમાં) |
| ડિસે. | 64,00,000 | 19,20,000 | (ખરીદી નવેમ્બરમાં) |
| જાન્યુ. | 72,00,000 | 2160000 | (ખરીદી ડિસેમ્બરમાં) |

કુલ વેચાણ કિંમત 30% રકમ ગણતાં માલ સામગ્રીની ખરીદીની રકમ મળશે. જે તે મહિનાની ખરીદી અગાઉના મહિનામાં રોકડેથી કરવામાં આવે છે. અહીં ઓક્ટોબર મહિનાની માલસામગ્રીની ખરીદી સપ્ટેમ્બરમાં, નવેમ્બર મહિનાની માલસામગ્રીની ખરીદી સપ્ટેમ્બરમાં, નવેમ્બર મહિનાની માલસામગ્રીની ખરીદી ઓક્ટોબરમાં તે જ રીતે આગળ ગણતરી કરીશું.

નોંધ-3 (ઉત્પાદનના ખર્ચા અંગે) (સમયગાળો $\frac{1}{4}$ માસ)

| માસ | ઉત્પાદનના ખર્ચા | સપ્ટે. | ઓક્ટો. | નવે. | ડિસે. |
|---|---|---|---|---|---|
| સપ્ટે. | 560,000 | 4,20,000 | 1,40,000 | - | - |
| ઓક્ટો. | 4,80,000 | - | 3,60,000 | 120,000 | - |
| નવે. | 640,000 | - | - | 480,000 | 160,000 |
| ડિસે. | 720,000 | - | - | - | 540,000 |
| | | | 500,000 | 600,000 | 70,000 |

સપ્ટેમ્બરના કુલ ઉત્પાદનના ખર્ચના $\frac{1}{4}$ રકમ સપ્ટેમ્બરમાં જ્યારે $\frac{3}{4}$ રકમ ઓક્ટોબરમાં ચૂકવવામાં આવશે.

આ જ રીતે બાકીના મહિનામાં પણ ચૂકવણી કરવામાં આવશે.

નોંધ-4 (પરોક્ષ ખર્ચા અંગે) (સમયગાળો $\frac{1}{2}$ માસ)

| માસ | પરોક્ષ ખર્ચા | સપ્ટે. | ઓક્ટો. | નવે. | ડિસે. |
|---|---|---|---|---|---|
| સપ્ટે. | 640,000 | 320,000 | 320,000 | - | - |
| ઓક્ટો | 560,000 | - | 2,00,000 | 2,80,000 | - |
| નવે. | 720,000 | - | - | 3,60,000 | 360,000 |
| ડિસે. | 800,000 | - | - | - | 400,000 |
| | | | 6,00,000 | 6,40,000 | 7,60,000 |

અહીં સપ્ટેમ્બર મહિનાનો કુલ પરોક્ષ ખર્ચની $\frac{1}{2}$ (50%) રકમ સપ્ટેમ્બરમાં જ્યારે બાકીની $\frac{1}{2}$ (50%) રકમ ઓક્ટોબરમાં ચૂકવાશે.

આ જ રીતે બાકીના મહિનામાં પણ ચૂકવણી કરવામાં આવશે.

ઉદાહરણ-4 : નુપુર કંપની લિ.ની નીચેની વિગતો ઉપરથી જાન્યુઆરી, 2019 થી માર્ચ, 2019 સુધીનું ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

| માસ | વેચાણ | આખર સ્ટોક | કુલ પરોક્ષ ખર્ચા |
|---|---|---|---|
| નવેમ્બર, 2018 | 4,00,000 | 50,000 | 60,000 |
| ડિસેમ્બર, 2018 | 5,00,000 | 75,000 | 75,000 |
| જાન્યુઆરી, 2019 | 6,00,000 | 1,25,000 | 1,00,000 |
| ફેબ્રુઆરી, 2019 | 8,00,000 | 1,50,000 | 90,000 |
| માર્ચ, 2019 | 7,00,000 | 1,37,500 | 100,000 |
| એપ્રિલ, 2019 | 7,50,000 | 1,25,000 | 75,000 |

**વધારાની માહિતી :**

(1) મૂળકિંમત પર $33\frac{1}{3}\%$ નફો મળે એ રીતે માલનું વેચાણ કરવામાં આવે છે.

(2) કુલ વેચાણના 60% ઉધાર વેચાણ છે. ઉધાર વેચાણના 50% વેચાણ થયા પછીના માસમાં અને બાકીના 50% વેચાણ થયા પછીના બીજા માસમાં મળે છે.

(3) માલની ખરીદી રોકડેથી કરવામાં આવે છે.

(4) કુલ પરોક્ષ ખર્ચમાં માસિક ₹ 25,000 સ્થિર પરોક્ષ ખર્ચનો સમાવેશ કરેલ છે, જેની ચૂકવણી જે તે માસમાં થાય છે. ચલિત પરોક્ષ ખર્ચની ચુકવણીનો સમયગાળો 1 માસનો છે.

(5) ફેબ્રુઆરી, 2019માં એક જૂનું યંત્ર ₹ 1,50,000માં વેચવામાં આવશે.

(6) ફેબ્રુઆરી, 2019માં એક નવું યંત્ર ₹ 2,50,000માં ખરીદવામાં આવશે, જેની ચૂકવણી ફેબ્રુઆરીમાં યંત્રની કિંમતના 80% જેટલી કરવાની છે અને બાકીની રકમ માર્ચમાં ચૂકવવાની છે.

(7) તા. 31-12-2018ના રોજ આખરની બેન્ક સિલક ₹ 2,50,000 હતી.

. રોકડ અંદાજપત્ર

જવાબ :

જાન્યુઆરી 2019 થી માર્ચ, 2019 સુધીનું રોકડ અંદાજપત્ર

| વિગત | | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|
| શરૂઆતની રોકડ સિલક | | 2,50,000 | 1,85,000 | 60,000 |
| ઉમેરો : રોકડ આવક | | | | |
| રોકડ વેચાણ | | 2,40,000 | 3,20,000 | 2,80,000 |
| દેવાદારો પાસેથી વસૂલાત | | | | |
| (ઉધાર વેચાણ) (નોંધ-1) | | 2,70,000 | 3,30,000 | 4,20,000 |
| યંત્રના વેચાણના | | - | 1,50,000 | - |
| | કુલ રોકડ આવક (A) | 7,60,000 | 9,85,000 | 7,60,000 |
| બાદ : રોકડ જાવક | | | | |
| રોકડ ખરીદી (નોંધ-2) | | 5,00,000 | 6,25,000 | 5,12,500 |
| પરોક્ષ ખર્ચા : | | | | |
| સ્થિર | | 25,000 | 25,000 | 25,000 |
| ચલિત (નોંધ-3) | | 50,000 | 75,000 | 65,000 |
| નવા યંત્રની ખરીદી | - | 2,00,000 | 2,50,000 | 50,000 |
| | કુલ રોકડ આવક (B) | 5,75,000 | 9,25,000 | 6,52,500 |
| આખરની રોકડ સિલક (A-B) | | 1,85,000 | 60,000 | 107,500 |

ગણતરી :

નોંધ-1) (રોકડ વેચાણ અને દેવાદારો પાસેથી વસૂલાત)

| માસ | કુલ વેચાણ | રોકડ (40%) | ઉધાર (60%) | ડિસે. | જાન્યુ. | ફેબ્રુ. | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| નવે. | 4,00,000 | 1,60,000 | 2,40,000 | 1,20,000 | 1,20,000 | - | - |
| ડિસે. | 5,00,000 | 2,00,000 | 3,00,000 | - | 1,50,000 | 1,50,000 | - |
| જાન્યુ. | 6,00,000 | 2,40,000 | 3,60,000 | - | - | 1,80,000 | 1,80,000 |
| ફેબ્રુ. | 8,00,000 | 3,20,000 | 4,80,000 | - | - | - | 2,40,000 |
| માર્ચ | 7,00,000 | 2,80,000 | 4,20,000 | - | - | - | - |
| | | | | | 270,000 | 330,000 | 4,20,000 |

**નોંધ-૨ (ખરીદીની રકમ શોધવાની ગણતરી)**

વિદ્યાર્થીમિત્રો, જ્યારે પ્રશ્નમાં (દાખલામાં) વેચાણની રકમ, ખરીદીની રકમ, શરૂઆતનો સ્ટોક કે આખરના સ્ટોકની રકમમાંથી કોઈ એકની રકમ આપેલ હોય ત્યારે નીચેના સૂત્રનો ચોક્કસ ઉપયોગ કરવો જેનાથી જરૂરી રકમ શોધી શકાશે.

શરૂ. સ્ટોક + ખરીદી (માલ સામાન) - આખર સ્ટોક = વેચેલ માલની પડતર

અથવા

વેચેલ માલની પડતર + આખર સ્ટોક - શરૂ. સ્ટોક = ખરીદી

આ પ્રશ્નમાં ખરીદીની રકમ આપેલ નથી જેથી ઉપરના સૂત્ર દ્વારા ખરીદીની રકમ શોધીશું. સૂત્ર માટે આખર સ્ટોકની રકમ આપેલ છે. જે તે મહિનાનો આખર સ્ટોક બીજા મહિનાનો શરૂઆતનો

સ્ટોક થશે. વેચેલ માલની પડતર શોધવા વેચાણની રકમમાંથી નફો બાદ કરીશું. ત્યારબાદ ખરીદીની રકમ શોધીશું.

મૂળ કિંમત પર $33\frac{1}{3}\%$ નફો ચઢાવીને વેચાણકિંમત નક્કી કરવામાં આવી છે. એટલે કે

જો મૂળકિંમત 100 હોય તો નફો $33\frac{1}{3}\%$ થાય અને વેચાણકિંમત $33\frac{1}{3}\%$ થાય.

માટે વેચાણકિંમત $33\frac{1}{3}\%$ હોય અને નફો $33\frac{1}{3}\%$ હોય તો વેચાણકિંમત કેટલા ટકા નફો ગણાય ?

$33\frac{1}{3}\% \rightarrow 33\frac{1}{3}\%$

તો 100 $\rightarrow$ ?

એટલે કે વેચાણકિંમત ઉપર નફાનો દર 25% ગણાશે.

વેચાણકિંમત બાદ નફો (25%) = વેચેલ માલની પડતર

| માસ | કુલ વેચાણ | બાદ : નફો | વેચેલ માલની પડતર |
|---|---|---|---|
| નવે. | 4,00,000 | 1,00,000 | = 300,000 |
| ડિસે. | 5,00,000 | 1,25,000 | = 3,75,000 |
| જાન્યુ. | 6,00,000 | 1,50,000 | = 4,50,000 |
| ફેબ્રુ. | 8,00,000 | 2,00,000 | = 6,00,000 |
| માર્ચ | 7,00,000 | 1,75,000 | = 5,25,000 |

| માસ | વેચેલ માલની પડતર (₹) | + | આખર સ્ટોક (₹) | - | શરૂ સ્ટોક (₹) | = | ખરીદી (₹) |
|---|---|---|---|---|---|---|---|
| ડિસે. | 3,75,000 | + | 75000 | - | 50,000 | = | 4,00,000 |
| જાન્યુ. | 4,50,000 | + | 1,25,000 | - | 75000 | = | 5,00,000 |
| ફેબ્રુ. | 600,000 | + | 1,50,000 | - | 12,5000 | = | 6,2,5000 |
| માર્ચ | 5,25,000 | + | 1,37,500 | - | 1,50,000 | = | 5,1,2500 |

નોંધ-3 સ્થિર અને ચલિત પરોક્ષ ખર્ચાની ગણતરી

| માસ | કુલ પરોક્ષ ખર્ચા (₹) | | સ્થિર ખર્ચા (₹) | | = ચલિત પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|---|
| ડિસે. | 75,000 | = | 25,000 | + | 50,000 |
| જાન્યુ. | 100,000 | = | 25,000 | + | 75,000 |
| ફેબ્રુ. | 90,000 | = | 25,000 | + | 65,000 |
| માર્ચ | 100,000 | = | 25,000 | + | 75,000 |
| | | | જે તે મહિને ચૂકવાશે | | સમયગાળાનો 1 માસનો છે. |

**રોકડ અંદાજપત્ર**

**ઉદાહરણ-5 : હિતેષી લિમિટેડ**ની નીચેની માહિતી ઉપરથી એપ્રિલ થી જુન, 2019ના સમયનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

(1) તા. 1-4-2019ના રોજ રોકડ અને બેન્ક-સિલક ₹ 1,20,000

(2) પડતર પર કાચા નફાનો દર 50% લેખે ગણેલ છે.

(3) 60% ખરીદી અને વેચાણ શાખ પર થાય છે. રોકડ ખરીદી અને રોકડ વેચાણ બંને પર રોકડ વટાવનો દર 5% છે.

(4) જો, 2019માં એક નવું મશીન ₹ 4,80,000માં ખરીદવાનું છે, જેની ચૂકવણી ડિલિવરી વખતે 50% કરવાની છે. અને બાકીની રકમ પછીના મહિનામાં ચૂકવવાની છે.

(5) મે, 2019માં 4 એરકન્ડિશનર ₹ 200,000ની કિંમતે હપતા પદ્ધતિથી ખરીદવાના છે. કરાર વખતે 20% રકમ ચૂકવવાની છે અને બાકીની રકમ ચાર સરખા માસિક હપતાઓમાં વાર્ષિક 12% વ્યાજ સાથે ચૂકવવાની છે.

(6) અન્ય માહિતી :

| **માસ** | **ખરીદી (₹)** | **શરૂનો સ્ટોક (₹)** | **શિરોપરી ખર્ચા (₹)** |
|---|---|---|---|
| માર્ચ | 4,80,000 | 40,000 | 80,000 |
| એપ્રિલ | 5,60,000 | 60,000 | 100,000 |
| મે | 6,40,000 | 100,000 | 1,20,000 |
| જૂન | 7,20,000 | 1,20,000 | 1,40,000 |
| જુલાઈ | 8,00,000 | 1,10,000 | 1,60,000 |

(7) સમયગાળો : ઉધારે વેચાણ 1 માસ

ઉધાર ખરીદી $\frac{1}{2}$ માસ

શિરોપરી ખર્ચા $\frac{1}{4}$ માસ

(8) કાયમી મિલકતો પરના માસિક ઘસારો ₹ 20,000નો સમાવેશ શિરોપરી ખર્ચામાં થયેલ છે.

જવાબ : હિતેષી લિમિટેડના ચોપડામાં

એપ્રિલથી જુન, 2019 સુધીનું રોકડ અંદાજપત્ર

| **વિગત** | **એપ્રિલ (₹)** | **મે (₹)** | **જુન (₹)** |
|---|---|---|---|
| શરૂઆતની રોકડ અને બેન્ક સિલક | 1,20,000 | 2,30,600 | 73,800 |
| રોકડ આવક : | | | |
| રોકડ વેચાણ (વટાવ બાદ) | 2,96,400 | 3,53,400 | 416,100 |
| દેવાદારો પાસેથી વસૂલાત (ઉધાર વેચાણ પેટે) (નોંધ-1) | 4,14,000 | 4,68,000 | 5,58,000 |
| કુલ રોકડ આવક (A) | 8,30,400 | 10,52,000 | 10,47,800 |
| રોકડ જાવક : | | | |
| રોકડ ખરીદી 212,800 | 2,4,3,200 | 2,73,600 | |
| લેણદારો ચૂકવણી (ઉધારી ખરીદી પેટે) (નોંધ-2) | 3,12,000 | 3,60,000 | 408000 |

| | | | |
|---|---|---|---|
| શિરોપરી ખર્ચા (નોંધ-3) | 75000 | 95000 | 11,5,000 |
| નવા મશીનની ખરીદી | - | 2,40,000 | 2,40,000 |
| એરકન્ડિશનરની ખરીદી (નોંધ-4) - | | 40,000 | 41,600 |
| કુલ રોકડ જાવદ (B) | 5,99,800 | 97,82,00 | 10,78,200 |
| આખરની રોકડ અને બેન્ક સિલક (A-B) | 2,30,600 | 73,800 | (-) 30,300 |

ગણતરી :

નોંધ-1 (રોકડ અને ઉધાર વેચાણ અંગે)

આ પ્રશ્નમાં વેચાણની રકમ આપેલ નથી. જેથી જરૂરી સૂત્રનો ઉપયોગ કરીને વેચેલ માલની પડતર રકમ શોધીશું ત્યારબાદ રોકડ વેચાણ પેટે વટાવ બાદની રકમ અને ઉધાર વેચાણ દ્વારા દેવાદારો (ગ્રાહકો) પાસેથી એપ્રિલ, મે અને જૂન મહિનામાં કેટલી રકમ વસૂલાત થશે તે પણ શોધીશું.

વેચેલ માલની પડતર = શરૂ સ્ટોક + ખરીદી - આખર સ્ટોક

વેચેલ માલની પડતર + કાચો નફો = વેચાણની રકમ

| **માસ** | **શરૂ સ્ટોક** | **+** | **ખરીદી** | **-** | **આખર સ્ટોક** | **=** | **વેચેલ માલની પડતર** | **+** | **નફો (50%)** | **=** | **વેચાણ (₹)** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માર્ચ | 40,000 | + | 4,80,000 | - | 60,000 | = | 4,60,000 | + | 2,30,000 | = | 6,90,000 |
| એપ્રિલ | 60,000 | + | 5,60,000 | - | 100,000 | = | 5,20,000 | + | 2,60,000 | = | 7,80,000 |
| મે | 100,000 | + | 6,40,000 | - | 120,000 | = | 6,20,000 | + | 3,10,000 | = | 9,30,000 |
| જુન | 1,20,000 | + | 7,20,000 | - | 1,10,000 | = | 7,30,000 | + | 3,65,000 | = | 10,95,000 |

★ જે તે મહિનાનો શરૂઆતનો સ્ટોક પાછલા મહિનાનો આખર સ્ટોક ગણાશે.

| **માસ** | **કુલ વેચાણ (₹)** | **રોકડ વેચાણ (40%)** | **બાદ : વટાવ (5%)** | **વટાવ બાદ રોકડ વેચાણ** | **ઉધાર વેચાણ (60%)** |
|---|---|---|---|---|---|
| માર્ચ | 6,90,000 | 2,76,000 | 13,800 | 2,62,200 | 4,14,000 |
| એપ્રિલ | 7,80,000 | 3,12,000 | 15,600 | 2,96,400 | 4,68,000 |
| મે | 9,30,000 | 3,72,000 | 18,600 | 3,53,400 | 55,8,000 |
| જુન | 10,95,000 | 4,38,000 | 21,900 | 416100 | 6,57,000 |

ઉધાર વેચાણનો સમયગાળો 1 માસનો છે. તેથી માર્ચના ઉધાર વેચાણની રકમ દેવાદારો પાસેથી એપ્રિલમાં મળશે. તે જ રીતે બાકીના મહિનાઓની ગણતરી થશે.

નોંધ-2 (રોકડ અને ઉધાર ખરીદી અંગે)

| **માસ** | **કુલ ખરીદી** | **રોકડ ખરીદી (40%)** | **બાદ વટાવ** | **વટાવ બાદ રોકડ ખરીદી** | **ઉધાર ખરીદી (60%)** | **માર્ચ** | **એપ્રિલ** | **મે** | **જુન** |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માર્ચ | 4,80,000 | 1,92,000 | 9,600 | 1,82,400 | 28,8000 | 1,44,000 | 1,44,000 | - | - |
| એપ્રિલ | 5,60,000 | 2,24,000 | 11,200 | 21,2800 | 3,36,000 | - | 1,68,000 | 1,68,000 | |
| મે | 6,40,000 | 25,6000 | 12,800 | 2,43,200 | 3,84,000 | - | - | 1,92,000 | 1,92,000 |
| જુન | 7,20,000 | 288000 | 14,400 | 2,73,600 | 4,32000 | - | - | - | 2,16,000 |
| લેણદારો (વેપારીઓ) ચૂકવવાની રકમ | | | | | | | 3,12,000 | 360,000 | 4,08,000 |

**રોકડ અંદાજપત્ર**

(સમયગાળો 1/2 માસ)

નોંધ-3 (શિરોપરી ખર્ચા અંગે)

| માસ | શિરોપરી ખર્ચા | બાદ : ઘસારાની રકમ | ઘસારા બાદ શિરોપરી ખર્ચા | માર્ચ | એપ્રિલ | મે | જુન |
|---|---|---|---|---|---|---|---|
| માર્ચ | 80,000 | 20,000 | 60,000 | 45,000 | 15000 | - | - |
| એપ્રિલ | 100,000 | 20,000 | 80,000 | - | 60,000 | 20,000 | - |
| મે | 1,20,000 | 20,000 | 100,000 | - | - | 75000 | 25,000 |
| જુન | 1,40,000 | 20,000 | 1,20,000 | - | - | - | 90,000 |
| શિરોપરિ ખર્ચ પેટે ચૂકવવાની થતી રકમ | | | | | 75,000 | 95,000 | 1,15,000 |

(સમયગાળો $\frac{1}{4}$ માસ)

★ ઘસારાના કારણે રોકડમાં કોઈ ફેરફાર થાય નહિ તેથી ઘસારાની રકમ શિરોપરી ખર્ચમાંથી બાદ કરેલ છે. સમયગાળો $\frac{1}{4}$ હોવાથી જે તે મહિનાનો શિરોપરી ખર્ચની $\frac{3}{4}$ રકમ તે જ મહિનામાં ચૂકવાશે જ્યારે $\frac{1}{4}$ રકમ તે પછીના મહિનામાં ચૂકવાશે.

**ઉદાહરણ-6 : શૈલજા લિ.**ની નીચેની માહિતી પરથી એપ્રિલ, 2019 થી જુન, 2019 સુધીના ત્રણ મહિના માટેનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

(1) તા. 1-4-2019ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 4,50,000 છે.

(2) લઘુત્તમ રોકડ સિલક દર માસના અંતે ₹ 2,25,000 રાખવાની છે. જે માટે જરૂર જણાય ત્યારે ₹ 500ના ગુણાકમાં માસિક ધોરણે વાર્ષિક 12%ના વ્યાજે લોન લઈ શકાય છે અને જ્યારે શક્ય બને ત્યારે વ્યાજ સાથે લોન પરત કરવાની છે.

(3) આવકવેરા પેટે ₹ 45,000 જૂન માસમાં તથા કર્મચારીઓના બોનસ પેટે ₹ 1,21,500 એપ્રિલ માસમાં ચૂકવવાના છે.

(4) મે મહિનામાં ફિક્સ ડિપોઝિટ પાકતાં ₹ 2,16,000 મળશે.

(5) અન્ય માહિતી :

| માસ | વેચાણ (₹) | આખર સ્ટોક (₹) | મજૂરી (₹) | શિરોપરી ખર્ચા (₹) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 6,75,000 | 11,2,500 | 67,500 | 1,35,000 |
| માર્ચ | 900,000 | 67,500 | 90,000 | 1,57500 |
| એપ્રિલ | 11,25,000 | 67,500 | 108,000 | 1,80,000 |
| મે | 13,50,000 | 112,500 | 126,000 | 202,500 |
| જૂન | 13,50000 | 1,57,500 | 1,44,000 | 2,25,000 |

(6) પડતર પર 25% નફો ઉમેરીને માલનું વેચાણ થાય છે.

(7) કુલ વેચાણના 60% ઉધાર વેચાણ ધારો. 10% રોકડ વટાવે બધો માલ રોકડેથી ખરીદવામાં આવે છે.

(8) માસિક સ્થિર ખર્ચા ₹ 45,000 અને માસિક ઘસારો ₹ 22,500 શિરોપરી ખર્ચામાં સમાયેલ છે.

(9) સમયગાળો : ઉધાર વેચાણ : 1.5 માસ

મજૂરી : 1/4 માસ

સ્થિર પરોક્ષ ખર્ચા : જે તે માસમાં

અન્ય શિરોપરી ખર્ચા :1 માસ

જવાબ : શૈલજા લિ.ના ચોપડામાં એપ્રિલ થી જૂન, 2019 સુધીના ત્રણ મહિના માટેનું રોકડ અંદાજપત્ર

| વિગત | એપ્રિલ | મે | જુન |
|---|---|---|---|
| શરૂઆતની રોકડ સિલક | 4,50,000 | 2,25,000 | 2,74,275 |
| રોકડ આવક : | | | |
| રોકડ વેચાણ | 4,50,000 | 5,40,000 | 5,40,000 |
| ગ્રાહકો પાસેથી મળવાની રકમ | | | |
| (ઉધાર વેચાણ) (નોંધ-1) | 4,72,500 | 6,07,500 | 7,42,500 |
| ફિક્સ ડિપોઝિટ પેટે | - | 2,16,000 | - |
| લીધેલ લોન | 22,500 | - | 67,500 |
| કુલ રોકડ આવક (A) | 13,95,000 | 15,88,500 | 1,62,4275 |
| રોકડ જાવક : | | | |
| રોકડ ખરીદી (નોંધ-2) | 8,10,000 | 10,12,500 | 10,12,500 |
| મજૂરી (નોંધ-3) | 10,35,00 | 1,21,500 | 1,39,500 |
| શિરોપરી ખર્ચા (સ્થિર) | 45,000 | 45,000 | 45,000 |
| શિરોપરી ખર્ચા (ચલિત) | 90,000 | 1,12,500 | 1,35,000 |
| (નોંધ-4) | | | |
| આવકવેરા પેટે | - | - | 45,000 |
| કર્મચારીઓના બોનસ પેટે | 1,21,500 | - | - |
| લોન પરત (વ્યાજ સાથે) | - | 22,725 | - |
| કુલ રોકડ જાવદ (B) | 11,70,000 | 13,14,225 | 13,77,7000 |
| આખરની રોકડ સિલક (A-B) | 2,25,000 | 2,74,275 | 2,47,275 |

ગણતરી :

નોંધ-1 (રોકડ વેચાણ અને ઉધાર વેચાણ અંગે)

| માસ | કુલ વેચાણ | રોકડ વેચાણ | ઉધાર વેચાણ | માર્ચ | એપ્રિલ | મે | જુન |
|---|---|---|---|---|---|---|---|
| ફેબ્રુ | 6,75,000 | 2,70,000 | 4,05,000 | 20,2500 | 2,02,500 | - | - |
| માર્ચ | 900,000 | 3,60,000 | 5,40,000 | - | 2,70,000 | 2,70,000 | - |
| એપ્રિલ | 11,25,000 | 450,000 | 6,75,000 | - | - | 3,37,500 | 3,37,500 |
| મે | 13,50,000 | 540,000 | 810,000 | - | - | - | 4,0,5,000 |
| જુન | 13,50,000 | 5,40,000 | 8,10,000 | | | | |
| | | | | | 4,72,5000 | 607500 | 742500 |

**રોકડ અંદાજપત્ર**

★ ઉધાર વેચાણનો સમયગાળો 1.5 માસનો છે. એટલે કે ફેબ્રુઆરી માસનું કુલ ઉધાર વેચાણ ₹ 40,5000માં પ્રથમ 14 દિવસમાં 50% વેચાણ ₹ 20,2500 થાય જે 1.5 માસના સમયગાળા પ્રમાણે માર્ચના અંતમાં ગ્રાહકો પાસેથી આ રકમ મળશે. જ્યારે ફેબ્રુઆરી માસના પછીના 14 દિવસમાં કરેલ વેચાણ 50% લેખે ₹ 202,500ની રકમ ગ્રાહકો પાસેથી એપ્રિલના પ્રથમ 15 દિવસમાં મળશે. આ જ રીતે બાકીના મહિનાની ગણતરી દ્વારા ગ્રાહકો પાસેથી મળવાની રકમ ઉપર મુજબ શોધવામાં આવી છે.

નોંધ-2 (રોકડ ખરીદી અંગે)

અહીં ખરીદીની રકમ આપેલ નથી. તેથી સૌ પ્રથમ વેચાણમાંથી નફાની રકમ બાદ કરી વેચેલ માલની પડતર શોધીશું. ત્યારબાદ સૂત્રનો ઉપયોગ કરી ખરીદીની રકમ શોધીશું.

પડતર પર 25% નફો. ઉમેરીને માલનું વેચાણ થાય છે. જો પડતર ₹ 100 હોય તો નફો ₹ 25 થાય. અને વેચાણ કિંમત ₹ 125 થાય.

વેચાણ કિંમત પર નફાની ટકાવારી :

125 (વે.કિ.) → 25 (નફો0

તો 100 → ? = 20%

| માસ | કુલ વેચાણ | | બાદ : નફો (20%) | = | વેચેલ માલની પડતર |
|---|---|---|---|---|---|
| ફેબ્રુ. | 6,75,000 | - | 1,35,000 | = | 5,40,000 |
| માર્ચ | 900,000 | - | 1,80,000 | = | 7,20,000 |
| એપ્રિલ | 11,25000 | - | 2,25,000 | = | 9,00,000 |
| મે | 13,50,000 | - | 270,000 | = | 10,80,000 |
| જુન | 13,50,000 | - | 270,000 | = | 10,80,000 |

| માસ | વેચેલ માલની પડતર | + | આખર સ્ટોક | - - | શરૂ સ્ટોક | = | ખરીદી | બાદ : વટાવ | ચોખ્ખી ખરીદી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માર્ચ | 7,20,000 | + | 67,500 | - | 112,500 | = | 6,75,000 | 67,500 | 6,07,50 |
| એપ્રિલ | 900,000 | + | 67,500 | - | 67,500 | = | 11,25,000 | 1,12,500 | 10,12,500 |
| મે | 10,80,000 | + | 112500 | - | 67,500 | = | 11,25,000 | 1,12,500 | 10,12,500 |
| જુન | 10,80,000 | + | 157500 | - | 112560 | = | 11,25,000 | 1,12,500 | 10,12,500 |

નોંધ-3 (મજૂરી અંગે) (સમયગાળો $\frac{1}{4}$ માસ)

| માસ | મજૂરી (₹) | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| માર્ચ | 90,000 | 67,500 | 22,500 | - | - |
| એપ્રિલ | 108,000 | - | 81,000 | 27000 | - |
| મે | 1,26,000 | - | - | 94,500 | 31500 |
| જુન | 1,44,000 | - | - | - | 10,8000 |
| | ચૂકવવાની રકમ | | 103,500 | 121,500 | 1,39,500 |

નોંધ-4 (શિરોપરી / પરોક્ષ ખર્ચા અંગે)

| માસ | કુલ શિરોપરી ખર્ચા | બાદ : ઘસારો | બાદ : સ્થિર ખર્ચા | | ચલિત ખર્ચા (સમયગાળો 1 માસ) |
|---|---|---|---|---|---|
| ફેબ્રુ. | 1,35,000 | 22,500 | 45,000 | = | 67,500 |
| માર્ચ | 1,57,500 | 22,500 | 45,000 | = | 90,000 |
| એપ્રિલ | 1,80,000 | 22,500 | 45,000 | = | 1,12,500 |
| મે | 2,02,500 | 22,500 | 45,000 | = | 1,35,000 |
| જુન | 2,25000 | 22,500 | 45,000 | = | 1,57,500 |

## સ્વાધ્યાય

(અ) સૈદ્ધાંતિક

1. રોકડ અંદાજપત્રનો અર્થ સમજાવી તેની ઉપયોગિતા વર્ણવો.
2. રોકડ અંદાજપત્રની મર્યાદાઓ જણાવો.
3. રોકડ અંદાજપત્રનો નમૂનો આપો.
4. રોકડ અંદાજપત્ર તૈયાર કરવાની રીત સમજાવો.

(બ) નીચે આપેલ પેટા પ્રશ્નોમાં એક કરતાં વધુ જવાબો આપેલા છે. તે પૈકી સાચો જવાબ નક્કી કરો.

(1) રોકડ અંદાજપત્રની મર્યાદાના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(i) મૂડી ખર્ચની યોજના નક્કી કરવા માટે તે બિલકુલ ઉપયોગી નથી.

(ii) રોકડની આવક જાવકનો અંદાજ મૂકવાનું કાર્ય મુશ્કેલ નથી.

(iii) તેને કારણે રોકડની વ્યવસ્થા ક્યારે કરવી તે નક્કી થઈ શકતું નથી.

(iv) તે ખર્ચાળ હોવાથી નાની પેઢીઓ તે અપનાવી શકતી નથી.

(2) રોકડ અંદાજપત્ર બનાવવાથી નીચેનામાંથી કઈ બાબત (હેતુ)ને અસર થતી નથી?

(i) દેવાંની સમયસર ચૂકવણી

(ii) મિલકતો પર ઘસારાની ગણતરી

(iii) નાણાં મેળવવા અંગે વ્યવસ્થા

(iv) મૂડી ખર્ચ અંગે નાણાંની જોગવાઈ

(3) નીચેનામાંથી કયો વ્યવહારથી રોકડની આવક તરીકે દર્શાવવામાં આવતો નથી ?

(i) વ્યાજ અને ડિવિડન્ડની આવક

(ii) નવા શૅર બહાર પાડ્યા

(iii) લોનની ચૂકવણી કરી તેના

(iv) બેંક પાસેથી લોન લીધી તેના

(4) એક કંપનીના 2018-19ના પ્રથમ ચાર માસની માહિતી નીચે મુજબ છે :

| | એપ્રિલ | મે | જુન | જુલાઈ |
|---|---|---|---|---|
| વેચાણ | 3,60,000 | 4,20,000 | 4,00,000 | 5,00,000 |

વેચાણ રોકડમાં 20% અને ઉધાર 80% છે. ઉધાર વેચાણના 60% વેચાણ પછીના મહિનામાં વસૂલ થાય છે અને 40% વેચાણ પછીના બીજે મહિને વસૂલ થાય છે.

જુન અને જુલાઈ મહિનામાં રોકડ વેચાણ કેટલું હશે ?

(i) ₹ 80,000 અને ₹ 100,000

(ii) ₹ 84,000 અને ₹ 80,000

(iii) ₹ 72,000 અને ₹ 84,000

(iv) ₹ 84,0000 અને ₹ 100000

(5) ઉપરના પ્રશ્ના (4) માં માસ જુન અને જુલાઈમાં ઉધાર વેચાણ પેટે કેટલી રકમની ઉઘરાણી થઈ હશે ?

(i) ₹ 3,74,400 અને ₹ 2,49,600

(ii) ₹ 3,16,800 અને ₹ 3,26,400

(iii) ₹ 3,74,400 અને ₹ 3,93,600

(iv) ₹ 3,16,800 અને ₹ 3,93,600

(6) જુદા જુદા મહિનાઓનું ઉત્પાદનના એકમો અને તૈયાર માલના સ્ટોકના એકમો નીચે મુજબ છે.

| માસ | ઉત્પાદન (એકમોમાં) | તૈયાર માલનો સ્ટોક (એકમો) |
|---|---|---|
| માર્ચ | 8000 | 2000 |
| એપ્રિલ | 7000 | 1000 |
| મે | 9000 | 3000 |

એકમદીઠ વેચાણકિંમત ₹ 200 છે.

એપ્રિલ મહિનાનું કુલ વેચાણની રકમ જણાવો.

(i) ₹ 1200,000 (ii) ₹ 1400000

(iii) ₹ 1800,000 (iv) ₹ 1600,000

(જવાબો : (1) (iv), (2) (ii), (3) (iii), (4) (i), (5) (ii), (6) (iv)

**દા-1.** નીચેની વિગતો પરથી એક કંપનીનું તા. 1લી ઓક્ટોબરથી 31મી માર્ચ,2019 સુધીનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો. તા. 1-10-2019ના રોજ રોકડસિલક ₹ 2,50,000 છે.

| માસ | વેચાણ (₹) | માલની ખરીદી (₹) | મજૂરી (₹) | કારખાનાના પરોક્ષ ખર્ચા (₹) | વહીવટી અને વેચાણ પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|---|
| ઓગષ્ટ | 10,00,000 | 4,50,000 | 90,000 | 60,000 | 75,000 |
| સપ્ટેમ્બર | 900,00 | 4,75,000 | 1,00,000 | 70,000 | 85,000 |
| ઓક્ટોબર | 10,50,000 | 4,70,00 | 95,000 | 50,000 | 75,000 |
| નવેમ્બર | 8,50,000 | 4,70,000 | 75,000 | 65,000 | 67,500 |
| ડિસેમ્બર | 8,75,000 | 4,25,000 | 110,000 | 72,500 | 75,500 |
| જાન્યુઆરી | 11,00,000 | 3,60,000 | 90,000 | 55,000 | 82,500 |
| ફેબ્રુઆરી | 10,60,000 | 3,75,000 | 105,000 | 47,500 | 76,500 |
| માર્ચ | 12,50,000 | 3,25,000 | 100,000 | 50,000 | 69,500 |

**વધારાની માહિતી નીચે મુજબ છે :**

(1) વેપારીઓ પાસે નાણાં ચૂકવવા 1 માસની મુદત મળે છે. ગ્રાહકો પાસેથી નાણાંની વસૂલાત માટે 1 માસની મુદત આપેલ છે.

(2) મજૂરી અઠવાડિયા બાદ ચૂકવાય છે, જ્યારે કારખાના ખર્ચ, તેમજ વહીવટી અને વેચાણ પરોક્ષ ખર્ચા જે મહિનામાં થાય ત્યાર પછી એક મહિના બાદ ચૂકવવાના હોયછે.

(3) વેચાણ પર $2\frac{1}{2}\%$ લેખે કમિશન વેચાણ પછી બે મહિના બાદ ચૂકવાય છે.

(4) 1લી ઓક્ટોબરમાં જે યંત્ર ખરીદાશે તેનાં નાણાં ₹ 300,00 તરત જ ચૂકવવાં પડશે.

(5) નવેમ્બરમાં ₹ 900,000નું એક યંત્ર ખરીદવાનું છે, જેનાં નાણાં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં સરખે હપતે ચૂકવવાનાં છે.

(જવાબ : આખરની સિલક ઓક્ટોબરમાં ₹ 98,750; નવેમ્બરમાં ₹ 4,51,250; ડિસેમ્બરમાં ₹ 1,21,250; જાન્યુઆરીમાં ₹ (-) 14,3000; ફેબ્રુઆરીમાં ₹ 3,36,375; માર્ચમાં ₹ 7,68,625 ગ્રાહકો પાસેથી ઉઘરાણી ઓક્ટોબરમાં ₹ 900,000; નવેમ્બરમાં ₹ 10,50,000; ડિસેમ્બરમાં ₹ 850,000; જાન્યુઆરીમાં ₹ 8,75,000; ફેબ્રુઆરીમાં ₹ 11,00,000; માર્ચમાં ₹ 10,60,000 વેપારીઓને ચૂકવણી પેટે ઓક્ટોબરમાં ₹ 4,75,000; નવેમ્બરમાં ₹ 4,70,00; ડિસેમ્બરમાં ₹ 4,70,000; જાન્યુઆરીમાં ₹ 4,25,000; ફેબ્રુઆરીમાં ₹ 3,60,000 અને માર્ચમાં ₹ 3,75,000)

**દા-2.** નીચે આપેલ વિગતો પરથી ઓક્ટોરથી ડિસેમ્બર, 2018નું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

(1) રોકડ અને બેન્ક સિલક તા. 1-10-2018 ₹ 25,000

(2) ખરેખર અને અંદાજેલ વેચાણ :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જૂન | ₹ | 75,000 (ખરેખર) | ઓક્ટોબર | ₹ | 1,00,000 | (અંદાજિત) |
| જુલાઈ | ₹ | 81,250 (ખરેખર) | નવેમ્બર | ₹ | 1,02,500 | (અંદાજિત) |
| ઓગસ્ટ | ₹ | 87,500 (ખરેખર) | ડિસેમ્બર | ₹ | 1,11,250 | (અંદાજિત) |
| સપ્ટેમ્બર | ₹ | 93,500 (ખરેખર) | | | | |

**દા-3.** ખરેખર અને અંદાજિત ખરીદી :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જૂન | ₹ | 45,000 (ખરેખર) | ઓક્ટોબર | ₹ | 60,000 | (અંદાજિત) |
| જુલાઈ | ₹ | 50,000 (ખરેખર) | નવેમ્બર | ₹ | 50,000 | (અંદાજિત) |
| ઓગષ્ટ | ₹ | 60,000 (ખરેખર) | ડિસેમ્બર | ₹ | 62,500 | (અંદાજિત) |
| સપ્ટેમ્બર | ₹ | 56,250 (ખરેખર) | | | | |

(4) મજૂરી અને અન્ય ખર્ચા ખરેખર અને અંદાજિત :

| | **મજૂરી (₹)** | **અન્ય ખર્ચા (₹)** |
|---|---|---|
| ઓગષ્ટ (ખરેખર) | 18,750 | 6,250 |
| સપ્ટેમ્બર (ખરેખર) | 18,750 | 7,500 |
| ઑક્ટોબર (અંદાજેલ) | 22,500 | 7,500 |
| નવેમ્બર (અંદાજેલ) | 22,500 | 10,000 |
| ડિસેમ્બર (અંદાજેલ) | 25,000 | 10,000 |

(5) અગાઉથી ભરવાનો આવકવેરો ₹ 6250 નવેમ્બરમાં અને યંત્રની ખરીદીના ₹ 12,500 ઑક્ટોબરમાં ચૂકવવાના થશે.

(6) વાહનોમાં પાર્કિંગ માટે ₹ 375 નું માસિક ભાડું દર મહિને અગાઉથી આપવાનું હોય છે.

(7) કુલ ખરીદી અને કુલ વેચાણમાં 10% રોકડેથી થાય છે.

(8) **સમયગાળો :** ઉધાર વેચાણ-2 મહિના; ઉધાર ખરીદી-1 મહિનો; મજૂરી $\frac{1}{2}$ મહિનો; અન્ય ખર્ચા $\frac{1}{4}$ મહિનો.

(જવાબ : આખરની રોકડ સિલક : ઑક્ટોબરમાં ₹ 16,125, નવેમ્બરમાં ₹ 13,250, ડિસેમ્બરમાં ₹ 29,000, ઉધાર વેચાણની ઉઘરાણી પેટે : ઑક્ટોબરમાં ₹ 78,750, નવેમ્બરમાં ₹ 84,375, ડિસેમ્બરમાં ₹ 90,000, ઉધાર ખરીદી પેટે ચૂકવણીના; ઑક્ટોબરમાં ₹ 50,625; નવેમ્બરમાં ₹ 54,000; ડિસેમ્બરમાં ₹ 45,000)

Q-3. ABC લિ.ની નીચે આપેલ વિગતો પરથી એપ્રિલથી જૂન, 2019 સુધીના ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

(1)

| **માસ** | **કુલ વેચાણ** (₹) | **ખરીદી** (₹) | **મજૂરી** (₹) | **પરોક્ષ ખર્ચા** (₹) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 1,200,000 | 6,00,000 | 2,40,000 | 2,25,000 |
| માર્ચ | 9,00,000 | 5,40,000 | 2,16,000 | 1,95,000 |
| એપ્રિલ | 1,300,000 | 6,60,000 | 2,88,000 | 2,55,000 |
| મે | 18,00,000 | 9,60,000 | 3,00,000 | 2,85,000 |
| જૂન | 10,00,000 | 4,80,000 | 2,52,000 | 2,25,000 |

(2) કુલ વેચાણના 40% રોકડ વેચાણ અને 60% ઉધાર વેચાણ ધારો.

(3) ઉધાર વેચાણના 40% વેચાણ પછીના મહિનામાં અને બાકીના 60% વેચાણ પછીના બીજા મહિનામાં વસૂલ મળે છે.

(4) વેપારીઓએ આપેલ શાખનો ગાળો 2 મહિનાનો છે.

(5) પરોક્ષ ખર્ચમાં સ્થિર મિલકતના ઘસારાના માસિક ₹ 45,000 લેખે સમાવેશ થયેલ છે.

(6) મજૂરી ચૂકવવાનો સમયગાળો 1 મહિનાનો અને પરોક્ષ ખર્ચા ચૂકવવાનો સમયગાળો $\frac{1}{2}$ માસનો છે.

(7) દર મહિને લોન પર વ્યાજ પેટે ₹ 25,000 ચૂકવવાના છે.

(8) તા. 1-4-2019ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 1,20,000 છે.

(જવાબ : આખરની રોકડ સિલક : એપ્રિલ ₹ 2,67,000; મે ₹ 5,45,000; જૂનમાં ₹ 6,50,000, ઉધાર વેચાણની ઉઘરાણી પેટે : એપ્રિલમાં ₹ 6,48,000; મેમાં ₹ 6,36,000 અને જૂનમાં ₹ 9,00,000. પરોક્ષ ખર્ચા પેટે : એપ્રિલમાં ₹ 1,80,000; મે માં ₹ 22,25,0000 અને જૂનમાં ₹ 2,10,000)

**દા-4.** અમદાવાદ કંપની લિ.ની નીચેની વિગતો ઉપરથી માર્ચ, 2019 થી મે, 2019ના સમય માટેનું રોકડ બજેટ તૈયાર કરો.

| માસ | વેચેલ માલની પડતર (₹) | આખર માલનો સ્ટૉક (₹) | મજૂરી (₹) | કુલ પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|
| જાન્યુઆરી | 1,35,000 | 22,500 | 11,200 | 38,250 |
| ફેબ્રુઆરી | 1,68,750 | 33,750 | 12,300 | 54000 |
| માર્ચ | 2,02,500 | 56,250 | 13,500 | 45,000 |
| એપ્રિલ | 2,70,000 | 67,500 | 15,700 | 40,500 |
| મે | 2,36,250 | 61,875 | 16,800 | 45,000 |
| જૂન | 2,53,125 | 56,250 | 15,750 | 33,750 |

**વધારાની માહિતી :**

(1) તા. 1-3-2019ના રોજ રોકડ અને બૅન્ક સિલક ₹ 1,59,100.

(2) ડિસેમ્બર, 2018ના અંતે માલનો સ્ટૉક નથી.

(3) મૂળકિંમત ઉપર $33\frac{1}{3}\%$ નફો મળે એ રીતે માલ વેચવામાં આવે છે.

(4) ખરીદી રોકડેથી કરવામાં આવે છે.

(5) કુલ વેચાણના 40% રોકડ વેચાણ છે, ઉધાર વેચાણના 50% વેચાણ થયા પછીના માસમાં અને બાકીના 50% વેચાણ થયા પછીના બીજા માસમાં મળે છે.

(6) મજૂરી ચુકવણીનો સમયગાળો $\frac{1}{4}$ માસ છે.

(7) કુલ પરોક્ષ ખર્ચમાં, સ્થિર પરોક્ષ ખર્ચ માસિક ₹ 9000નો સમાવેશ થાય છે, જેની ચુકવણી પછીના માસમાં થાય છે.

(8) એપ્રિલ, 2019માં એક જૂનું યંત્ર ₹ 11,250માં વેચવામાં આવશે. જ્યારે એક નવું યંત્ર ₹ 56,250માં ખરીદવામાં આવશે. જેની ચુકવણી ડિલિવરી વખતે 60% જેટલી કરવાની છે અને બાકીની રકમ પછીના માસમાં ચૂકવવાની છે.

(9) ₹ 11,250 આવકવેરાના માર્ચ, 2019માં ચૂકવવાના છે.

(જવાબ : રોકડ અને બૅન્ક સિલક : માર્ચના અંતે ₹ 85,150; એપ્રિલના અંતે ₹ 13,750 અને મે ના અંતે ₹ 18,600 વેચેલ માલની પડતર પર $33\frac{1}{3}\%$ લેખે નફો ઉમેરતાં વેચાણની રકમ મળશે. ખરીદીની રકમ શોધવા વેચેલ માલની પડતર + આખર સ્ટોકના સૂત્રનો ઉપયોગ કરીશું.)

**દા-5.** રાજકોટ લિમિટેડની નીચે આપેલ માહિતી પરથી તા. 30મી જૂન, 2019ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો. તા. 1લી એપ્રિલ, 2019ના રોજ રોકડ અને બૅન્ક સિલક ₹ 30,000 વેચાણકિંમત પરથી વસ્તુની પડતર નીચે મુજબ ટકાવારી દર્શાવે છે :

| | |
|---|---|
| માલસામગ્રી | 30% |
| મજૂરી | 20% |
| કારખાનાના પરોક્ષ ખર્ચા | 25% |

જુદા જુદા મહિનાઓનું ઉત્પાદન (એકમમાં) અને તૈયાર માલનો આખર સ્ટોક (એકમમાં) નીચે મુજબ છે :

રોકડ અંદાજપત્ર

| માસ | ઉત્પાદન (એકમોમાં) | તૈયાર માલનો આખર સ્ટોક (એકમોમાં) |
|---|---|---|
| ફેબ્રુઆરી | 6,000 | 1,000 |
| માર્ચ | 8,000 | 3,000 |
| એપ્રિલ | 7,000 | 2,000 |
| મે | 9,000 | 1,000 |
| જૂન | 12,500 | 2,500 |
| જુલાઈ | 9,500 | 2,000 |

(1) એકમદીઠ વેચાણકિંમત ₹ 300 છે.

(2) કુલ વેચાણના 40% રોકડ વેચાણ ધારો.

(3) ઉધાર વેચાણમાં 50% વેચાણ થયા પછીના મહિનામાં અને બાકીના 50% વેચાણ થયા પછીના બીજા મહિનામાં વસૂલાત મળે છે.

(4) દરેક મહિનાના અંદાજી વેચાણ માટે જરૂરી માલસામગ્રીની ખરીદી તેના અગાઉના મહિનામાં કરવામાં આવે છે. ખરીદી રોકડેથી કરવામાં આવે છે.

(5) મંજૂરી ચુકવણીનો સમયગાળો $\frac{1}{4}$ માસનો છે અ" કારખાનાના પરોક્ષ ખર્ચા ચૂકવવાનો સમયગાળો એક માસનો છે.

(6) જો, 2019માં એક નવું યંત્ર ₹ 9,00,000માં ખરીદવામાં આવશે, જેની ચુકવણી ડિલિવરી તારીખથી માસિક ત્રણ સરખા હપતામાં કરવાની છે.

(જવાબ : રોકડની આખર બાકી : એપ્રિલમાં ₹ 1,80,000; મે માં ₹ 4,80,000; જૂનમાં ₹ 8,25,000

નીચે મુજબની ગણતરી કરી જરૂરી રકમો શોધી રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

| માસ | તૈયાર માલનો શરૂ સ્ટોક (એકમમાં) | + | ઉત્પાદન (એકમમાં) | તૈયાર માલનો આખર સ્ટોક (એકમમાં) | = | વેચાણ (એકમો) | × | વેચાણ કિંમત (એકમદીઠ) |
|---|---|---|---|---|---|---|---|---|
| ફેબ્રુ | - | + | 6000 | 1000 | = | 5000 | × | 300 |
| માર્ચ | 1000 | + | 8000 | 3000 | = | 6000 | × | 300 |
| એપ્રિલ | 3000 | + | 7000 | 2000 | = | 8000 | × | 300 |
| મે | 2000 | + | 9000 | 1000 | = | 10,000 | × | 300 |
| જૂન | 1000 | + | 12,500 | 2500 | = | 11,000 | × | 300 |
| જુલાઈ | 2500 | + | 9500 | 2000 | = | 10000 | × | 300 |

| માસ | વેચાણ (રૂપિયામાં) (₹) | માલસામગ્રી (ખરીદી) (30%) | મજૂરી (20%) | કારખાનાના પરોક્ષ ખર્ચા (25%) |
|---|---|---|---|---|
| ફેબ્રુ. | 1500,000 | 4,50,000 | 3,00,000 | 3,75,000 |
| માર્ચ | 18,00,000 | 5,40,000 | 3,60,000 | 4,50,000 |
| એપ્રિલ | 2400,000 | 7,20,000 | 4,80,000 | 6,00,000 |
| મે | 30,00,000 | 9,00,000 | 6,00,000 | 7,50,000 |
| જૂન | 33,00,000 | 9,90,000 | 6,60,000 | 8,25,000 |
| જુલાઈ | 30,00,000 | 9,00,000 | 6,00,000 | 7,50,000 |

મજૂરી ચૂકવણી : એપ્રિલમાં ₹ 4,50,000; મે માં ₹ 5,70,000; અને જૂનમાં ₹ 6,45,000
કારખાના પરોક્ષ ખર્ચા : એપ્રિલ ₹ 4,50,000, મે ₹ 6,00,000 અને જૂન ₹ 7,50,000

**દા-6.** નીચેની માહિતી પરથી 31મી ડિસેમ્બર, 2018ના રોજ પૂરા થતા 3 માસ માટેનું મહેસાણા લિ.નું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

| માસ | કુલ વેચાણ (₹) | ઉધાર ખરીદી (₹) | મજૂરી પરોક્ષ ખર્ચા (₹) | કારખાનાના (₹) | વેચાણ વિતરણ પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|---|
| ઓગસ્ટ | 120,000 | 1,20,000 | 24,000 | 19,200 | 4,800 |
| સપ્ટેમ્બર | 1,32,000 | 84,000 | 26,400 | 19,800 | 5,400 |
| ઑક્ટોબર | 1,68,000 | 84,000 | 27,600 | 20,000 | 9,600 |
| નવેમ્બર | 2,16,000 | 1,32,000 | 27,600 | 20,200 | 7,800 |
| ડિસેમ્બર | 180,000 | 1,20,000 | 24,000 | 19,200 | 5,400 |

**વધારાની માહિતી :**

(1) 1લી ઑક્ટોબર, 2018ના રોજ રોકડસિલક ₹ 70,000 ધારો

(2) કુલ વેચાણના 50% રોકડ વેચાણ ધારો.

(3) કુલ વેચાણ પર 5% લેખે કમિશન જે તે માસમાં ચૂકવવાનું છે.

(4) શૅર પરના બીજા હપતાના ₹ 640,000 તથા શેર પ્રીમિયમના ₹ 12,000 ઑક્ટોબર માસમાં મળશે.

(5) 1લી નવેમ્બરના રોજ ₹ 180,000ની કિંમતનું એક યંત્ર ભાડે ખરીદ કરારથી ખરીદવાનું છે. યંત્રની કિંમત વગર વ્યાજે નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુઆરી માસના અંતે સરખા હપતામાં ચૂકવવાના છે.

(6) જાહેરાત ખર્ચ ₹ 11,200 ડિસેમ્બર માસમાં ચૂકવાશે.

(7) સમયગાળો :

(i) ઉધાર ખરીદી - 2 માસ

(ii) ઉધાર વેચાણ અને પરોક્ષ ખર્ચા - 1 માસ

(iii) મજૂરી $\frac{1}{2}$ માસ.

(જવાબ : રોકડની આખર સિલક : ઑક્ટોબર ₹ 1,15,400, નવેમ્બર ₹ 95,400 અને ડિસેમ્બર ₹ 75,400 ઉધાર વેચાણની ઉઘરાણી : ઑક્ટોબર ₹ 66,000, નવેમ્બર ₹ 84,000 અને ડિસેમ્બર ₹ 1,08,000, લેણદારોને ચુકવણી : ઑક્ટોબર ₹ 1,20,000, નવેમ્બર ₹ 84,000 અને ડિસેમ્બર ₹ 84,000 મજૂરી પેટે ચુકવણી : ઑક્ટોબર ₹ 27,000, નવેમ્બર ₹ 27,600 અને ડિસેમ્બર ₹ 25,800)

**દા-7.** વલસાડ લિમિટેડની નીચેની વિગતોને આધારે 30-6-2019ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

રોકડ અંદાજપત્ર

| મહિનો | ખરીદી (₹) | શરૂ સ્ટૉક (₹) | પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|
| માર્ચ | 3,00,000 | 25,000 | 50,000 |
| એપ્રિલ | 3,50,000 | 37,500 | 62,500 |
| મે | 4,00,000 | 62,500 | 75,000 |
| જૂન | 4,50,000 | 75,000 | 87,500 |
| જુલાઈ | 50,000 | 68,750 | 1,00,000 |

**વધારાની માહિતી :**

(1) તા.1-4-2019ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 1,00,000.

(2) વેચાણ પર કાચા નફાનો દર $33\frac{1}{3}\%$ છે.

(3) 60% ખરીદી અને વેચાણ શાખ ઉપર થાય છે. રોકડ ખરીદી અને રોકડ વેચાણ પર રોકડ વટાવનો દર 5% છે.

(4) સમયગાળો : ઉધાર ખરીદી $\frac{1}{2}$ માસ, પરોક્ષ ખર્ચા $\frac{1}{4}$ માસ.

(5) ઉધાર વેચાણનાં 60% નાણાં વેચાણ પછીના મહિને, 30% નાણાંમાં વેચાણ પછીના બીજે મહિને અને બાકીનાં નાણાં ત્રીજે મહિને મળે છે.

(6) કાયમી મિલકતનો માસિક ઘસારો ₹ 15,000 છે, જેનો સમાવેશ પરોક્ષ ખર્ચામાં થયેલો છે.

(7) ₹ 3,00,000ના 10%ના ડિબેન્ચર પર ત્રિમાસિક વ્યાજ એપ્રિલ અને જુલાઈમાં ચૂકવવાનું થશે.

(8) માસિક પગાર ₹ 1,00,000 જે પછીના માસની 7મી તારીખે ચૂકવાય છે. માર્ચ માસથી પગારમાં 10%નો વધારો આપવાનો છે.

(જવાબ : રોકડ અને બૅન્ક સિલક : એપ્રિલના અંત ₹ 49,625, મે માસના અંતે ₹ 78,750 અને જૂનના અંતે ₹ 1,55,313 ઉઘરાણી પેટે (ઉધાર વેચાણના) : એપ્રિલ ₹ 1,55,250, મે ₹ 2,53,125 અને જૂન ₹ 3,22,875. લેણદારોને ચૂકવવાના (ઉધાર ખરીદી) : એપ્રિલ ₹ 1,95,000, મે ₹ 2,25,000 અને જૂન ₹ 2,55,000 પરોક્ષ ખર્ચા પેટે : એપ્રિલ ₹ 44,375, મે ₹ 56,875 અને જૂન ₹ 69,375)

**દા-8.** ભાવનગરની પ્રણવ લિ. ની નીચેની માહિતી પરથી એપ્રિલ થી જૂન, 2019 સુધીના ત્રણ માસ માટેનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

(1) તા. 1-4-2019ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 1,00,000 છે.

(2)

| માસ | વેચાણ (₹) | આખર સ્ટૉક (₹) | મજૂરી (₹) | પરોક્ષ ખર્ચા (₹) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 1,50,000 | 25,000 | 15,000 | 30,000 |
| માર્ચ | 2,00,000 | 15,000 | 20,000 | 35,000 |
| એપ્રિલ | 2,50,000 | 15,000 | 24,000 | 40,000 |
| મે | 3,00,000 | 25,000 | 28,000 | 45,000 |
| જૂન | 3,00,000 | 35,000 | 32,000 | 50,000 |

(3) પડતર પર 25% નફાથી માલનું વેચાણ થાય છે.

(4) 10% રોકડ વટાવે બધો માલ રોકડેથી ખરીદવામાં આવે છે. કુલ વેચાણના 40% રોકડ વેચાણ ધારો.

(5) માસિક સ્થિર ખર્ચા ₹ 10,000 અને અર્ધ વાર્ષિક લેખે ₹ 30,000 નો ઘસારો પરોક્ષ ખર્ચામાં સમાયેલ છે.

(6) ઈન્ટમટેક્ષ ₹ 10,000 જૂન માસમાં તથા સ્ટાફને બોનસ પેટે ₹ 27,000 એપ્રિલ માસમાં ચૂકવાશે.

(7) મે માસમાં ₹ 48,000ની આવક મળશે.

(8) સમયગાળો : ઉધાર વેચાણ : 1.5 માસ

મંજૂરી : $\frac{1}{4}$ માસ

સ્થિર પરોક્ષ ખર્ચા : એ જ માસમાં

અન્ય ખર્ચા : 1 માસ

(9) લઘુતમ રોકડ સિલક ₹ 50,000 રાખવાની છે. જે માટે જરૂર જણાય તો ₹ 5000ના ગુણાંકમાં માસિક ધોરણે વાર્ષિક 12%ના વ્યાજે લોન લઈ શકાય છે અને જ્યારે શક્ય બને ત્યાર વ્યાજ સાથે લોન પરત કરવાની છે.

(જવાબ : રોકડ અને બેન્ક સિલકના આખર બાકી : એપ્રિલ ₹ 50,000, મે ₹ 60,950 અને જૂન ₹ 54,950 લીધેલ લોન એપ્રિલમાં ₹ 5000 અને જૂમાં ₹ 15,000 મે માસમાં લોન પરત (વ્યાજ સાથે) ₹ 5050. ઉઘરાણી પેટે : એપ્રિલ ₹ 1,05,000, મે ₹ 1,35,000 અને જૂન ₹ 1,65,000 રોકડ ખરીદી : એપ્રિલમાં ₹ 1,80,000, મે માં ₹ 2,25,000 અને જૂનમાં ₹ 2,25,000)

**દા-9.** નીચેની માહિતી પરથી પાલનપુરની બનાસકાંઠા લિ.નું જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ, 2019ના મહિનાઓ માટે રોકડ અંદાજપત્ર તૈયાર કરો.

| **વિગત** | **વેચાણ (₹)** | **ખરીદી (₹)** | **મજૂરી (₹)** | **શિરોપરી ખર્ચા (₹)** |
|---|---|---|---|---|
| નવેમ્બર | 7,20,000 | 504,000 | 60,000 | 57,000 |
| ડિસેમ્બર | 840000 | 600,000 | 72,000 | 69,000 |
| જાન્યુઆરી | 4,80,000 | 6,60,000 | 48,000 | 51,000 |
| ફેબ્રુઆરી | 6,48,000 | 5,40,000 | 84,000 | 87,000 |
| માર્ચ | 5,40,000 | 4,80,00 | 60,000 | 54,000 |

અન્ય માહિતી :

(1) તા. 1-1-2019ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 60,000

(2) ખરીદી અને વેચાણના 75% ઉધાર થાય છે.

(3) રોકડ વેચાણ અને રોકડ ખરીદી પર રોકડ વટાવનો દર 5% છે.

(4) ઉધાર વેચાણના 60% વેચાણ પછીના મહિનામાં અને બાકીના 40% વેચાણ પછીના બીજા મહિનામાં વસૂલ થાય છે.

(5) સમયગાળો : ઉધાર ખરીદી $\frac{1}{2}$ માસ

મજૂર $\frac{1}{4}$ માસ શિરોપરી ખર્ચા 1 માસ

(6) કાયમી મિલકતોના ઘસારાના માસિક ₹ 15,000 લેખેનો સમાવેશ શિરોપરી ખર્ચમાં થયેલ છે.

(7) 8%ના ₹ 1200,000ના ડિબેંચર પર ત્રિમાસિક વ્યાજ જાન્યુઆરી, 2019માં ચૂકવવાનું છે.

(8) ₹ 600,000નાં રોકાણો પર વાર્ષિક 10% લેખે અર્ધ વાર્ષિક વ્યાજ માર્ચ, 2019માં મળવાપાત્ર છે.

(જવાબ :

| | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|
| કુલ રોકડ આવક (₹) | 7,68,000 | 6,28,650 | 5,33,250 |
| કુલ રોકડ જાવક (₹) | 7,81,250 | 6,89,250 | 6,34,500 |
| રોકડ આખરની બાકી (₹) | 67500 | (-) 60,600 | (-) 101,250 |
| ઉઘરાણી પેટે (₹) | 5,94,000 | 4,68,000 | 4,35,600 |
| લેણદારોને ચૂકવ્યા (₹) | 4,72,500 | 4,50,000 | 3,82,500 |

ડિબેન્ચરનું વ્યાજ જાન્યુઆરીમાં ₹ 24000 ચૂકવાશે. રોકાણો પર વ્યાજ ₹ 30,000 માર્ચ માસમાં મળશે.)

**દા-10.** નીચેની માહિતી પરથી ગાંધીનગરની પરમ લિ.નું એપ્રિલ, મે અને જૂન, 2019ના મહિનાઓ માટે રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

| માસ | વેચાણ (₹) | ખરીદી (₹) | મજૂરી (₹) | અન્ય ખર્ચા (₹) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 3,50,000 | 2,50,000 | 30,000 | 32,000 |
| માર્ચ | 400,000 | 3,00,000 | 35,000 | 24,000 |
| એપ્રિલ | 2,50,000 | 3,25,000 | 25,000 | 20,000 |
| મે | 3,25,000 | 350,000 | 40,000 | 36,000 |
| જૂન | 2,75,000 | 1,50,000 | 20,000 | 16,000 |

**અન્ય માહિતી :**

(1) ખરીદી અને વેચાણના 80% ઉધાર થાય છે.

(2) રોકડ ખરીદી અને રોકડ વેચાણ પર રોકડ વટાવનો દર 5% છે.

(3) ઉધાર વેચાણની રકમ વેચાણ પછીના બે મહિનામાં સરખે હિસ્સે વસૂલ થાય છે.

(4) ઉધાર ખરીદીની રકમ પછીના મહિનામાં ચૂકવવામાં આવે છે.

(5) મજૂરીના 60% એ જ મહિનામાં ચૂકવવામાં આવે છે અને બાકીની રકમ પછીના મહિનામાં ચૂકવાય છે.

(6) અન્ય ખર્ચા ચૂકવવાનો સમયગાળો $\frac{1}{4}$ માસ છે.

(7) તા. 1-4-2019ના રોજ ₹ 200,000 ના 10%ના ડિબેંચર બહાર પાડવાના છે અને ડિબેંચર પર પ્રથમ ત્રિમાસિક વ્યાજ 30મી જૂન, 2019ના રોજ ચૂકવવાપાત્ર થશે.

(8) તા. 1-4-2019ના રોજ રોકડ અને બેન્ક સિલક ₹ 15,000 છે.

| (જવાબ : | કુલ આવક | કુલ જાવક | આખરની રોકડ સિલક |
|---|---|---|---|
| એપ્રિલ | 5,62,500 | 3,51,750 | 2,10,750 |
| મે | 5,32,500 | 3,92,500 | 1,40,000 |
| જૂન | 4,22,250 | 3,62,500 | 59,750 |

ઉઘરાણી પેટે મળેલ રકમ : એપ્રિલ ₹ 300,000, મે ₹ 2,60,000, જૂન ₹ 2,30,000
લેણદારોને ચૂકવણી : એપ્રિલ ₹ 2,40,000, મે ₹ 2,60,000, જૂન ₹ 2,80,000)

# એકમ 11 પરિવર્તનશીલ અંદાજપત્ર

**રૂપરેખા**

**11.1** પ્રસ્તાવના

**11.2** અંદાજપત્રનાં પ્રકારો

**11.3** પરિવર્તનશીલ અંદાજપત્રની વ્યાખ્યા

**11.4** પડતર ખર્ચનું વર્ગીકરણ

**11.5** પરિવર્તનશીલ અંદાજપત્રના ફાયદા

**11.6** અંદાજપત્ર તૈયાર કરવાની રીતો

**11.7** વ્યવહારૂ ઉદાહરણો

**11.8** સ્વાધ્યાય

સૈદ્ધાંતિક પ્રશ્નો

વ્યવહારૂ દાખલા

## 11.1 પ્રસ્તાવના :

અંદાજપત્ર એટલે ભવિષ્યના ચોક્કસ સમય માટે આવક, ખર્ચ, ઉત્પાદન અને વેચાણ વગેરેનું અનુમાન દર્શાવતું પત્રક.

આજના સમયમાં ઉદ્યોગ-ધંધા માટે આયોજન કરવું ખુબ જ જરૂરી છે. આયોજનના એકભાગ તરીક સંચાલકો દ્વારા અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. સંચાલકો દ્વારા આવતા વર્ષે કેટલું ઉત્પાદન કરવું ? કેટલું વેચાણ કરવું ? કેટલો ખર્ચ થશે ? વગેરે વિશેનો અંદાજ કરવામાં આવે છે. આવા અંદાજીત આંકડાઓ માટે સંચાલકો દ્વારા અદાંજપત્ર તૈયાર કરવામાં આવે છે. અંદાજપત્ર દ્વારા સંચાલકો વિવિધ પ્રવૃત્તિના આયોજન કરવામાં સરળતા રહે છે. આમ, અંદાજપત્ર એ ભવિષ્યના ચોક્કસ સમય માટે આવક,ખર્ચ, વેચાણ અને ઉત્પાદન વગેરે પ્રવૃત્તિઓનું અનુમાન દર્શાવતું પત્રક છે. અંદાજપત્ર દ્વારા તૈયાર કરવામાં આવતા અંદાજોની માહિતી વધુ સચોટ મળે છે. જેના વડે સંચાલકો ભવિષ્યમાં કરવાની પ્રવૃત્તિઓનું સચોટ આયોજન કરી શકે છે. અંદાજપત્ર દ્વારા ખર્ચ અને આવકની યોજના બનાવવામાં આવે છે. અંદાજપત્ર તૈયાર કરવાથી ખર્ચ અને આવક ઉપર સંચાલકો નજર રાખી શકે છે. અંદાજપત્ર ધંધાની ચોક્કસ પ્રવૃત્તિને આધારે તૈયાર કરવામાં આવતા હોય છે.

દા. ત. પેઢીનું વેચાણ આગામી વર્ષ દરમિયાન 50,000 એકમોનું કરવામાં આવશે. આમ, વેચાણના અંદાજોને ખરેખર થયેલા વેચાણ સાથે સરખાવવામાં આવશે અને સંચાલકો

તેમણે નક્કી કરેલા અંદાજો મુજબ વેચાણ થયેલ છે કે નહિ અને જો નક્કી થયેલા વેચાણના અંદાજ મુજબનું વેચાણ થયેલું ન હોય તો તેને લગતા સુધારાલક્ષી પગલાં લઈ શકાય છે.

## 11.2 અંદાજપત્રના પ્રકારો :

અંદાજપત્રના પ્રકારોમાં મુખ્યત્વે બે પ્રકારના અંદાજપત્રોનો સમાવેશ થાય છે.

(1) સ્થિર અંદાજપત્ર

(2) પરિવર્તનશીલ અંદાજપત્ર

### (1) સ્થિર અંદાજપત્ર

જ્યારે વેચાણ આવક અને ખર્ચ અંગેના આંકડાઓ નિશ્ચિત ઉપલબ્ધ હોય ત્યારે સ્થિર અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. સ્થિર અંદાજપત્ર તૈયાર કરતી વખતે ઉત્પાદનની કોઈ એક સપાટીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી એટલે કે સ્થિર અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે ત્યારની રકમ અને મંજુર કરવામાં આવેલ રકમ સ્થિર રહે છે. તેમાં કોઈ પરિવર્તન કરવામાં આવતું નથી. આમ, સ્થિર અદાજપત્રમાં પરિવર્તન જોવા મળતું ન હોવાથી સ્થિર રહે છે.

### (2) પરિવર્તનશીલ અંદાજપત્ર

જ્યારે વેચાણ, આવક અને ખર્ચના આંકડાઓ અંગેના અંદાજો કરવા મુશ્કેલ હોય ત્યારે ઉત્પાદનની સપાટી સ્થિર રહી શકે તેમ ન હોય વગેરે જેવા કારણોને લીધે સંચાલકો દ્વારા પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરવામાં આવતું હોય છે. પરિવર્તનશીલ અંદાજપત્ર સ્થિર અંદાજપત્ર કરતાં વધુ પ્રમાણમાં વ્યવહારુ અને ઉપયોગી અંદાજપત્ર છે. પરિવર્તનશીલ અંદાજપત્રમાં સ્થિરખર્ચ, ચલિત ખર્ચ અને અર્ધચલિત ખર્ચના તફાવત પર આધારિત છે. પરિવર્તનશીલ અંદાજપત્ર વાસ્તવમાં પ્રાપ્ત થયેલા પ્રવૃત્તિના સ્તર અનુસાર બદલાવવા માટે રચાયેલ છે.

જેથી તે ઉત્પાદિત જથ્થાના ફેરફારો સાથે સંકળાયેલા ખર્ચાઓમાં થતા ફેરફારોની મંજુરી આપે છે.

પરિવર્તનશીલ અંદાજપત્ર એ એક એવું અંદાજપત્ર છે કે જેમાં પ્રવૃત્તિના સ્તરમાં સરખા ફેરફાર થાય ત્યારે કેટલી માત્રામાં વધારો થશે અથવા ઘટાડો થશે તે દર્શાવે છે.

## 11.3 પરિવર્તનશીલ અંદાજપત્રની વ્યાખ્યા :

ઇંગ્લેન્ડની ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટસે તેની વ્યાખ્યા નીચે મુજબ આપી છે.

'જે અંદાજપત્ર સ્થિર, અસ્થિર અને ચલિત ખર્ચના તફાવતને ધ્યાનમાં રાખીને ઉત્પાદનની ખરેખર પ્રાપ્ત થયેલા સપાટીના સંદર્ભમાં બદલાય એ રીતે બનાવાય છે, તે પરિવર્તનશીલ અંદાજપત્ર છે.''

આમ, વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્પાદનની જે સપાટી ખરેખર પ્રાપ્ત થાય છે તે પ્રમાણે તે બદલાય છે. જો ઉત્પાદનની નક્કી કરેલી સપાટીના 70% ઉત્પાદન થાય તો પરિસ્થિતિ કેવી રહેશે તથા 50%, 75% અને 90% ઉત્પાદન થાય તો કુલ પડતર કેટલી થશે તેની માહિતી પરિવર્તનશીલ અંદાજપત્ર પરથી મળી શકે છે.

## 11.4 પડતર ખર્ચનું વર્ગીકરણ :

પરિવર્તનશીલ અંદાજપત્રમાં ખર્ચને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

(1) સ્થિર ખર્ચ

(2) ચલિત ખર્ચ

(3) અર્ધ - ચલિત ખર્ચા

ઉપરોક્ત ખર્ચની વિગતવાર ચર્ચા નીચે મુજબ છે.

### (1) સ્થિર ખર્ચ

સ્થિર ખર્ચ એટલે એવો ખર્ચ કે જે ઉત્પાદનમાં વધારો થતા કે ઘટાડો થતા બદલાતો નથી. આમ, ઉત્પાદનની સપાટીમાં ફરફાર થતાં ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી. દા.ત. : કારખાનાનું માસિક ભાડું રૂા. 1,00,000 જ ચૂકવવાનું છે અને ઉત્પાદન 5,000 એકમોનું થાય તો પણ ભાડું રૂ. 1,00,000 જ ચૂકવવાનું થશે. અને જો ઉત્પાદન શૂન્ય થાય તો પણ કારખાનાનું ભાડું રૂા. 1,00,000 તો ચૂકવવું જ પડશે. આમ, ઉત્પાદનમાં વધારો કે ઘટાડો થાય તો પણ કુલ સ્થિર ખર્ચ એક સરખો જ રહે છે. પરંતુ, એકમદીઠ સ્થિર ખર્ચમાં વધઘટ થાય છે. જેમ કે 2,000 એકમોના ઉત્પાદન ભાડું રૂા. 1,00,000 હતું જે એકમદીઠ રૂ. 50 થશે અને 5,000 એકમોના ઉત્પાદને એકમદીઠ ભાડું રૂ. 20 થશે.

આમ, કુલ સ્થિર ખર્ચ કુલ સ્થિર રહે છે. જ્યારે ઉત્પાદનમાં વધારો-ઘટાડો થતા એકમદીઠ સ્થિર ખર્ચમાં ફેરફાર જોવા મળે છે.

### (2) ચલિત ખર્ચ

ચલિત ખર્ચ ઉત્પાદનના જથ્થાના પ્રમાણ સાથે સંકળાયેલ હોય છે. ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થતાં કુલ ચલિત ખર્ચમાં પણ ફેરફાર થાય છે. ચલિત ખર્ચા જેવા કે પ્રત્યક્ષ માલસામાન, પ્રત્યક્ષ મજૂરી વગેરેમાં ઉત્પાદનમાં ફેરફાર થવાને કારણે ચલિત ખર્ચમાં પણ ફેરફાર થાય છે. એટલે કે ઉત્પાદનમાં ઘટાડો થતા કુલ ચલિતખર્ચમાં ઘટાડો થાય છે. દા.ત. એકમદીઠ મજૂરી 50 હોય અને 5,000 એકમોનું ઉત્પાદન થાય તો કુલ મજૂરી ખર્ચ 25,000 થશે અને જો ઉત્પાદન 10,000 એકમોનું થાય તો કુલ મજૂરી ખર્ચ 50,000 થશે અને જો ઉત્પાદન શૂન્ય થાય તો મજૂરી ખર્ચ પણ શૂન્ય થાય છે.

આમ, ઉત્પાદનમાં વધારો કે ઘટાડો થતા કુલ ચલિતખર્ચમાં પણ વધારો થાય છે. પરંતુ એકમદીઠ તે સ્થિર રહે છે.

### (3) અર્ધ - ચલિત ખર્ચ

અર્ધ ચલિત ખર્ચ એટલે એવો ખર્ચ કે જે ઉત્પાદનની અમુક સપાટી સુધી તે સ્થિર રહે છે અને ત્યાર બાદ તેમાં ફેરફાર થતો જોવા મળે છે. આમ, ચલિત ખર્ચમાં સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચનું મિશ્રણ જોવા મળે છે. દા.ત. વિજળીબિલ જેમાં દર માસે વપરાશ થાય કે ન થાય અમુક વિજળી ખર્ચ તો ચૂકવવું જ પડે છે અને જો વપરાશ ચાલુ હોય તો તે પ્રમાણે વિજળી ખર્ચ ચૂકવવું પડે છે. અન્ય ખર્ચાઓ કે ટેલિફોન ખર્ચ, યંત્રોનો ઘસારો, સમારકામ ખર્ચ વગેરે અર્ધચલિત ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે.

## 11.5 પરિવર્તનશીલ અંદાજપત્રના ફાયદા / ઉપયોગિતા :

પરિવર્તનશીલ અંદાજપત્રના ફાયદા કે ઉપયોગો નીચે મુજબ છે.

1. પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા ઉત્પાદન કે વેચાણની વિવિધ સપાટીએ તૈયાર કરવામાં આવેલા હોવાને લીધે ખરેખર પ્રાપ્ત થયેલ ઉત્પાદનો વેચાણના આંકડાઓ સાથે સરખામણી સરળતાથી કરી શકાય છે.
2. પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા સંચાલકોની કામગીરીનું પણ મૂલ્યાંકન થઈ શકે છે.
3. પરિવર્તનશીલ અંદાજપત્રનો ઉપયોગ બજેટને સરળતાથી સુધારવા માટે પણ કરી શકાય છે.
4. જ્યારે ધંધામાં ઉત્પાદન કે વેચાણના આંકડા નિશ્ચિત મળવા મુશ્કેલ હોય ત્યારે પરિવર્તનશીલ અંદાજપત્ર ઉપયોગી નિવડે છે.
5. પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા અન્ય અંદાજપત્રો તૈયાર કરી શકાય છે અને તે માટે વિવિધ આંકડાકીય માહિતી મેળવી શકાય છે. જેમ કે આવક-ખર્ચ સંબંધિત માહિતી કે આંકડાઓ.
6. પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા અંદાજપત્રના વિવિધ ખ્યાલ દ્વારા વાસ્તવિક ખર્ચ વગેરે સાથેની તુલના માટે મહત્વપૂર્ણ આંકડાકીય માહિતી પૂરી પાડે છે.

અંદાજપત્રીય અંકુશ માટે પરિવર્તનશીલ અંદાજપત્ર ખૂબ જ ઉપયોગી રહે છે.

## 11.6 અંદાજપત્ર તૈયાર કરવાની રીતો :

અંદાજપત્ર તૈયાર કરવાની મુખ્ય ત્રણ રીત છે જે નીચે મુજબ છે.

(1) આલેખ પદ્ધતિ

(2) ગુણોત્તર પદ્ધતિ

(3) કોષ્ટક પદ્ધતિ

### (1) આલેખ પદ્ધતિ

આ પદ્ધતિમાં ખર્ચને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવે છે. જેવા કે સ્થિર ખર્ચ, ચલિત ખર્ચ અને અર્ધ ચલિત ખર્ચ. આ ખર્ચ અને ઉત્પાદનની જુદી-જુદી સપાટીને આધારે

આલેખ તૈયાર કરવામાં આવે છે. આલેખ તૈયાર કરતી વખતે આલેખપત્ર પર X અક્ષ પ્રવૃત્તિની જુદી જુદી સપાટી દર્શાવવામાં આવે છે. અને Y અક્ષ પર જુદા જુદા ખર્ચાઓને દર્શાવવામાં આવે છે. આલેખપત્ર પર ઉત્પાદન અને ખર્ચની માહિતી દર્શાવી આલેખ દ્વારા અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

### (2) ગુણોત્તર પદ્ધતિ

આ પદ્ધતિ હેઠળ અપેક્ષિત સામાન્ય સ્તરની પ્રવૃત્તિ માટે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે અને તેને આધારે જુદી-જુદી પ્રવૃત્તિનો ખર્ચનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. આ પદ્ધતિ માટે ખર્ચ અને આવકોનું જુદા જુદા ગુણોત્તરોની ગણતરી કરીને તેને આધારે કોઈ પણ સપાટી માટે ખર્ચ અને આવકની માહિતી મેળવી શકાય છે.

દા.ત. ચલિત ખર્ચા 50% સપાટીએ રૂા. 1,00,000 હોય તો 1% સપાટીએ રૂા. 2,000 ચલિત ખર્ચ ગણાય. આમ આ પદ્ધતિ દ્વારા જુદી જુદી સપાટી માટેના ખર્ચના ગુણોત્તરો મેળવી શકાય અને તેને આધારે જુદી જુદી સપાટી માટેના અંદાજો મેળવી શકાય છે.

ઉદાહરણ તરીકે સામાન્ય સપાટીએ 50% પ્રવૃત્તિ માટે પરોક્ષખર્ચનું અંદાજપત્ર 1,00,000 છે. ધારો કે ખર્ચમાં સ્થિર ખર્ચ 50000 અને ચલિતખર્ચ રૂા. 50,000 છે. તેથી ચલિત ખર્ચ 1% પ્રવૃત્તિ  એ રૂ. 1,000 થશે (50,000/50) હવે ધારો કે વાસ્તવિક પ્રવૃત્તિ 80% છે, તે ખર્ચનું અંદાજ પત્ર નીચે મુજબ છે.

સ્થિર ખર્ચ = 50,000

ચલિત ખર્ચ $(80 \times 1000) = 80,000$

કુલ પડતર 1,30,000

### (3) કોષ્ટક પદ્ધતિ અથવા બહુ પ્રવૃત્તિ પદ્ધતિ

આ પદ્ધતિમાં ઉત્પાદનની જુદી જુદી સપાટીને કોલમમાં (આડી લીટી) દર્શાવીને તેને અનુરૂપ ખર્ચમાં આંકડાઓને રો (ઊભી લીટી)માં દર્શાવવામાં આવે છે. આમ ઊભી લીટીમાં ઉત્પાદનની જુદી જુદી સપાટીએ આડી લીટીમાં તેને અનુરૂપ ખર્ચાઓ દર્શાવવાની રીતને કોષ્ટક પદ્ધતિ કહે છે.

**ઉદાહરણ :** એક કંપની તેની 100% ઉત્પાદન ક્ષમતાએ 50000 એકમોનું ઉત્પાદન કરી શકે છે. તેના સ્થિર ખર્ચાઓ 1,20,000 છે. ચલિત ખર્ચ એકમદીઠ રૂા. 20 છે. અને અર્ધ ચલિત ખર્ચ એકમદીઠ રૂા. 10 છે. જેમાં 40% સ્થિર ખર્ચ છે. આ માહિતીને આધારે 50%, 75% અને 80% સપાટીનું પરિવર્તનશીલ પૂર્ણ ક્ષમતાએ અંદાજપત્ર તૈયાર કરો.

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

| **વિગત** | **ઉત્પાદન સપાટી** | | |
|---|---|---|---|
| | **50% ટકા સપાટી (25,000 એકમ)** | **75% સપાટી (37,500 એકમ)** | **80% સપાટી (40,000 એકમ)** |
| સ્થિર ખર્ચા | 1,20,000 | 1,20,000 | 1,20,000 |
| ચલિત ખર્ચા | 5,00,000 | 7,50,000 | 8,00,000 |
| **અર્ધ ચલિત ખર્ચા :** | | | |
| સ્થિર ખર્ચ | 2,00,000 | 2,00,000 | 2,00,000 |
| ચલિત ખર્ચ | 1,50,000 | 2,25,000 | 2,40,000 |
| કુલ પડતર | 9,70,000 | 12,95,000 | 13,60,000 |

ઉત્પાદન એકમો જરૂરી ગણતરી

50% સપાટીએ = 50,000 × 50/100 = 25,000

75% સપાટીએ = 50,000 × 75/10 = 37,500

80% સપાટીએ = 50,000/ 80/100 = 40,000

અર્ધચલિત ખર્ચ

સ્થિર = 10 × 40/100 = 4 × 50,000 = 2,00,000

ચલિત

50% એ = 25,000 × 6 = 1,50,000

75% એ = 37,500 × 6 = 2,25,000

80% એ 40,000 × 6 = 2,40,000

## 5.7 વ્યવહારુ ઉદાહરણો

**ઉદાહરણ-1 :** નીચેની માહિતી પરથી 50% 75% અને 90% સપાટી માટેનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

| **વિગત** | **રકમ રૂા.** |
|---|---|
| **સ્થિર ખર્ચા :** | |
| પગાર | 50,000 |
| ઘસારો | 30,000 |
| વિમો | 15,000 |
| **ચલિત ખર્ચા** (50% ઉત્પાદન સપાટી) | |
| પ્રત્યક્ષ માલસામાન | 80,000 |
| પ્રત્યક્ષ મજુરી | 50,000 |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | 12,500 |
| **અર્ધચલિત ખર્ચા** (50% ઉત્પાદન સપાટીએ) : | |
| સમારકામ ખર્ચ | 25,000 |
| વહીવટી ખર્ચ | 15,000 |

**વધારાની માહિતી :**

(1) સ્થિર ખર્ચા દરેક સપાટીએ સ્થિર રહેશે.

(2) અર્ધચલિત ખર્ચમાં નીચે મુજબ વધારો થશે.

60%થી 75% ઉત્પાદન સપાટીએ અર્ધચલિત ખર્ચમાં 10%નો વધારો કરવો

76%થી 90% ઉત્પાદન સપાટીએ અર્ધચલિત ખર્ચમાં 15%નો વધારો કરવો.

## પરિવર્તનશીલ અંદાજપત્ર

| વિગત | 50% સપાટી | 75% સપાટી | 90% સપાટી |
|---|---|---|---|
| **સ્થિર ખર્ચા :** | | | |
| પગાર | 50,000 | 50,000 | 50,000 |
| ઘસારો | 30,000 | 30,000 | 30,000 |
| વિમો | 15,000 | 15,000 | 15,000 |
| કુલ સ્થિર ખર્ચ | 95,000 | 95,000 | 95,000 |
| **ચલિત ખર્ચા :** | | | |
| પ્રત્યક્ષ માલસામાન | 80,000 | 1,20,000 | 1,44,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 50,000 | 75,000 | 90,000 |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | 12,500 | 18,750 | 22,500 |
| કુલ ચલિત ખર્ચા | 1,42,500 | 2,13,750 | 2,56,500 |
| **અર્ધચલિત ખર્ચા :** | | | |
| સમારકામ ખર્ચ | 25,000 | 27,500 | 28,750 |
| વહીવટી ખર્ચ | 15,000 | 16,500 | 17,250 |
| કુલ અર્ધચલિત ખર્ચા | 40,000 | 44,000 | 46,000 |
| કુલ પડતર | 2,77,500 | 3,52,750 | 3,97,500 |
| (સ્થિર + ચલિત + અર્ધ ચલિત) | | | |

**નોંધ :**

- સ્થિર ખર્ચા ઉત્પાદન સાથે સંબંધિત હોતા નથી તેથી દરેક સપાટીએ સ્થિર રહેશે.
- ચલિત ખર્ચા ઉત્પાદન સાથે સંબંધિત હોવાથી ઉત્પાદન વધતા ખર્ચ વધશે અને ઉત્પાદન ઘટતા સ્થિર ખર્ચ ઘટશે.
- અર્ધચલિતખર્ચ એટલે કુલખર્ચનો અમુકભાગ સ્થિર રહે જ્યારે બાકીનો ભાગ ચલિત હોય. આવા ખર્ચને સંયુક્ત ખર્ચ પણ કહી શકાય છે. તેમાં ચલિત ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે. જ્યારે સ્થિર બદલાતા નથી હવાલામાં સૂચના હોય તે મુજબ વધારો કે ઘટાડો કરવો.

ચલિત ખર્ચની ગણતરી નીચે મુજબ કરી શકાય

**(1) પ્રત્યક્ષ માલસામાનની ગણતરી**

50% સપાટીએ 80,000 માલસામન ખર્ચ થાય છે. તેથી ઉત્પાદન સપાટી વધે તો ખર્ચમાં પણ વધારો થશે.

તેથી ત્રીરાશીના ઉપયોગીથી ચલિતખર્ચ મેળવી શકાય.

| | |
|---|---|
| 50% સપાટી | 80,000 માલસામાન ખર્ચ |
| 75% સપાટી | (?) = 1,20,000 માલ સામાન ખર્ચ |
| 90% સપાટી | (?) = 1,44,000 માલસામાન ખર્ચ |

**(2) પ્રત્યક્ષ મજૂરી**

| સપાટી | પ્રત્યક્ષ મજૂરી |
|---|---|
| 50% | 50,000 |
| 75% | (?) = 75,000 |
| 90% | (?) = 90,000 |

**(3) અન્ય પ્રત્યક્ષ ખર્ચા**

| | |
|---|---|
| 50% સપાટી | 12,500 માલસામાન ખર્ચ |
| 75% સપાટી | (?) = 18,750 માલસામાન ખર્ચ |
| 90% સપાટી | (?) = 22,500 માલસામાન ખર્ચ |

**અર્ધ ચલિત ખર્ચ :**

(1) સમારકામ ખર્ચ :

75% સપાટીએ તેમાં 10%નો વધારો

∴ 25,000 + 2,500 = 27,500

90% સપાટીએ ખર્ચ = 25,000 +3,750 = 28,750 (15%નો વધારો)

(2) વહીવટી ખર્ચ 75% એ 10%નો વધારો અને 90% 15% ટકાનો વધારો

75% સપાટી = 15,000 + 1,500 = 16,500

90% સપાટી = 15,000 + 2,250 = 17,250

**ઉદાહરણ-2 :** જ્યારે વેચાણ આપેલ હોય / નફો કે નુકસાન શોધવાનું હોય ત્યારે :

ઓરીજનલ મેટર મોકલો

**નોંધ :** અર્ધચલિત ખર્ચ સીધા સપાટીની કોલમમાં ( ) કૌંસમાં દર્શાવી જવાબ આપી શકાય.

**જવાબ :**

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

| વિગત | 50% સપાટી | 75% સપાટી | 100% સપાટી |
|---|---|---|---|
| સ્થિર ખર્ચા | | | |
| ભાડું અને કરવેરા | 45,000 | 45,000 | 45,000 |
| પગાર | 27,000 | 27,000 | 27,000 |
| કુલ સ્થિર ખર્ચા | 72,000 | 72,000 | 72,000 |
| ચલિત ખર્ચા | | | |
| પ્રત્યક્ષ માલસામાન ખર્ચ | 75,000 | 1,12,500 | 1,50,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 50,000 | 75,000 | 1,00,000 |
| કુલ ચલિત ખર્ચા | 1,25,000 | 1,87,500 | 2,50,000 |
| અર્ધચલિત ખર્ચા | (0%) | (20%) | (25%) |
| નિભાવખર્ચ | 35,000 | 42,000 | 43,750 |
| પાવરખર્ચ | 25,000 | 30,000 | 31,250 |
| વેચાણ-પરોક્ષ ખર્ચ | 15,000 | 18,000 | 18,750 |
| કુલ અર્ધચલિત ખર્ચા | 75,000 | 90,000 | 93,750 |
| કુલ પડતર | 2,72,000 | 3,49,500 | 4,15,750 |
| + નફો | 2,28,000 | 4,00,500 | 5,84,250 |
| વેચાણ | 5,00,000 | 7,50,000 | 10,00,000 |

**જરૂરી ગણતરી**

**(1) પ્રત્યક્ષ માલસામાન**

| | |
|---|---|
| 50% સપાટી | 75,000 માલસામાન ખર્ચ |

$$= \frac{75 \times 75000}{50} = 112500$$

| | |
|---|---|
| 75% સપાટી | (?) = 1,12,500 |
| 50% સપાટી | 75,000 માલસામાન ખર્ચ |
| 100% સપાટી | (?) = 1,50,000 |

**(2) પ્રત્યક્ષ મજૂરી :**

| | |
|---|---|
| 50% સપાટી | 50,000 મજૂરી |
| 75% સપાટી | 75,000 મજૂરી |
| 50% સપાટી | 50,000 મજૂરી |
| 100% સપાટી | 1,00,000 મજૂરી |

**અર્ધચલિત ખર્ચ**

**નિભાવ ખર્ચ**

| | | |
|---|---|---|
| 50% સપાટીએ | 35,000 (બદલાશે નહિ) | |
| 75% સપાટીએ | 35,000 + 7,000 = 42,000 | (20% વધારો) |
| 100% સપાટીએ | 35,000 + 8,750 = 43,750 | (25% વધારો) |

**પાવર ખર્ચ**

| | | |
|---|---|---|
| 50% સપાટીએ | 25,000 (સ્થિર) | |
| 75% સપાટીએ | 55,000 + 5,000 = 30,000 | (20% વધારો) |
| 100% સપાટીએ | 25,000 + 6,250 = 31,250 | (25% વધારો) |

**વેચાણ પરોક્ષ ખર્ચ**

| | | |
|---|---|---|
| 50% સપાટીએ | 15,000 (સ્થિર) | |
| 75% સપાટીએ | 15,000 + 3,000 = 18,000 | (20% વધારો) |
| 100% સપાટીએ | 15,000 + 3,750 = 18,750 | (25% વધારો) |

વેચાણ શોધવા માટે ઉત્પાદનના એકમો સૌપ્રથમ મેળવીશું

| | |
|---|---|
| 50% સપાટીએ | 5,000 એકમ ઉત્પાદન |
| તો 75% સપાટીએ | (?) |

$$= \frac{75 \times 5000}{50} = 7500 \text{ એકમ}$$

| | | |
|---|---|---|
| એમ જ 100% સપાટીએ = | 50% સપાટી | 5000 એકમ |
| | 100% સપાટી | (?) 10,000 એકમ |

**વેચાણ**

50% સપાટીએ = 5,000 × 100 = 5,00,000

75% સપાટીએ = 7,500 × 100 = 7,50,000

100% સપાટીએ = 10,000 × 100 = 10,00,000

### ★ અર્ધચલિત ખર્ચમાં સ્થિર અને ચલિત આપેલા હોય, સ્થિર ખર્ચમાં વધારો હોય, નફો કે નુકસાન શોધવાનું હોય.

**ઉદાહરણ-3 :** પ્રિયા લિમિટેડ 50% ઉત્પાદન સપાટીએ 10,000 એકમોનું ઉત્પાદન કરે છે. નીચેના ખર્ચા અને વધારાની માહિતીને ધ્યાનાં રાખી 60% સપાટી, 80% સપાટી, 100% અને 120% સપાટીનું પરીવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

| 50% ઉત્પાદન સપાટીની વિગતો | | રકમ રૂા. |
|---|---|---|
| **સ્થિર ખર્ચા :** | | |
| પગાર | | 75,000 |
| ભાડું | | 35,000 |
| વિમો | | 25,000 |
| **ચલિત ખર્ચા :** | | |
| પ્રત્યક્ષ માલસામાન | | 2,00,000 |
| પ્રત્યક્ષ મજૂરી | | 1,50,000 |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | | 1,00,000 |
| **અર્ધચલિત ખર્ચા :** | | |
| વેચાણ-વિતરણ ખર્ચ | (25% સ્થિર) | 50,000 |
| સમારકામ ખર્ચ | (25% ચલિત) | 75,000 |

**વધારાની માહિતી**

(1) સ્થિર ખર્ચા 100% સપાટી સુધી સ્થિર રહેશે જ્યારે 100% સપાટીએ વધારે ઉત્પાદન થાય તેમાં 10%નો વધારો કરવો.

(2) વર્તમાન ઉત્પાદન વર્તમાન 50% ઉત્પાદન સપાટીએ 10,000 એકમોનું ઉત્પાદન થાય છે. 100% સપાટી સુધી એકમદીઠ વેચાણ કિંમત રૂ. 100 રાખવી. જ્યારે 100% થી વધુ ઉત્પાદન થાય ત્યારે વેચાણ કિંમતમાં (એકમદીઠ) રૂ. 10 ઘટાડવી.

**જવાબ :**

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

| વિગત | 60% સપાટી | 80% સપાટી | 100% સપાટી | 120% સપાટી |
|---|---|---|---|---|
| **સ્થિર ખર્ચ :** | | | | |
| પગાર | 75,000 | 75,000 | 75,000 | 82,500 |
| ભાડું | 35,000 | 35,000 | 35,000 | 38,500 |
| વિમો | 25,000 | 25,000 | 25,000 | 27,500 |
| કુલ સ્થિર ખર્ચા | 1,35,000 | 1,35,000 | 1,35,000 | 1,48,500 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ચલિત ખર્ચા :** | | | | | |
| પ્રત્યક્ષ માલસામાન | | 2,40,000 | 3,20,000 | 4,00,000 | 4,80,000 |
| પ્રત્યક્ષ મજૂરી | | 1,80,000 | 2,40,000 | 3,00,000 | 3,60,000 |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | | 1,20,000 | 1,60,000 | 2,00,000 | 2,40,000 |
| | કુલ ચલિત ખર્ચા | 5,40,000 | 7,20,000 | 9,00,000 | 10,80,000 |
| **અર્ધચલિત ખર્ચા :** | | | | | |
| વેચાણ વિતરણ ખર્ચ | સ્થિર | 12,500 | 12,500 | 12,500 | 13,750 |
| | ચલિત | 45,000 | 60,000 | 75,000 | 90,000 |
| સમારકામ ખર્ચ | સ્થિર | 56,250 | 56,250 | 56,250 | 61,875 |
| | ચલિત | 22,500 | 30,000 | 37,500 | 45,000 |
| | કુલ અર્ધચલિત ખર્ચા | 1,36,250 | 1,58,750 | 1,81,250 | 2,10,625 |
| કુલ પડતર | | 8,11,250 | 10,13,750 | 12,16,250 | 14,39,125 |
| + નફો | | 3,88,750 | 5,86,250 | 7,83,750 | 7,20,875 |
| | કુલ વેચાણ | 12,00,000 | 16,00,000 | 20,00,000 | 21,60,000 |

**જરૂરી ગણતરી :**

(1) સ્થિર ખર્ચા 120% સપાટીએ 10%નો વધારો

પગાર = 75,000 + 7,500 = 82,500

ભાડું = 35,000 + 3,500 = 38,500

વિમો = 25,000 + 2,500 = 27,500

**(2) પ્રત્યક્ષ માલસામાન ખર્ચા**

50% સપાટી 2,00,000 ખર્ચ

$$= \frac{60 \times 2,00,000}{50} = 2,40,000$$

60% સપાટી (?) = 2,40,000

50% સપાટી 2,00,000 ખર્ચ

80% સપાટી (?) = 3,20,000 ખર્ચ

50% સપાટી 2,00,000 ખર્ચ

100% સપાટી (?) = 4,00,000 ખર્ચ

50% સપાટી 2,00,000 ખર્ચ

120% સપાટી (?) = 4,80,000 ખર્ચ

**(3) પ્રત્યક્ષ મજૂરી ખર્ચા**

50% સપાટી 1,50,000 ખર્ચ

60% સપાટી (?) = 1,80,000 ખર્ચ

| | |
|---|---|
| 50% સપાટી | 1,50,000 ખર્ચ |
| 80% સપાટી | (?) 2,40,000 ખર્ચ |
| | |
| 50% સપાટી | 1,50,000 ખર્ચ |
| 100% સપાટી | (?) = 3,00,000 ખર્ચ |
| | |
| 50% સપાટી | 1,50,000 ખર્ચ |
| 120% સપાટી | (?) = 3,60,000 ખર્ચ |

**(4) અન્ય પ્રત્યક્ષ ખર્ચા**

| | |
|---|---|
| 50% સપાટી | 1,00,000 ખર્ચ |
| 60% સપાટી | (?) = 1,20,000 ખર્ચ |
| | |
| 50% સપાટી | 1,00,000 ખર્ચ |
| 80% સપાટી | (?) = 1,60,000 ખર્ચ |
| | |
| 50% સપાટી | 1,00,000 ખર્ચ |
| 100% સપાટી | (?) = 2,00,000 ખર્ચ |
| | |
| 50% સપાટી | 1,00,000 ખર્ચ |
| 120% સપાટી | (?) = 2,40,000 ખર્ચ |

★ અર્ધચલિત ખર્ચમાં 25% સ્થિર આપેલ હોય એનો અર્થ કે બાકી 75% ખર્ચ ચલિત ખર્ચ બનશે.

**(5) વેચાણ વિતરણ ખર્ચા**

50% સપાટીએ 50,000 (25% સ્થિર)

5000 × 25/100 = 12,500 (દરેક સપાટીએ સમાન પરંતુ 120% એ 10%નો વધારો કરવો)

∴ 120% એ 13,750

5000 × 75/100 = 37,500 (ઉત્પાદન સપાટી મુજબ)

**ચલિત ખર્ચા**

| | |
|---|---|
| 50% સપાટી | 37,500 |
| 60% સપાટી | (?) = 45,000 |
| | |
| 50% સપાટી | 37,500 |
| 80% સપાટી | (?) = 60,000 |
| | |
| 50% સપાટી | 37,500 |
| 100% સપાટી | (?) = 75,000 |

| | |
|---|---|
| 50% સપાટી | 37,500 |
| 120% સપાટી | (?) = 90,000 |

**(6) સમારકામ ખર્ચ**

50% સપાટીએ 75,000 (25% ચલિત મતલબ 75% સ્થિર)

સ્થિર = 75,000 75/100 = 56,250 (માત્ર 120% સપાટીએ 10% વધારો)

ચલિત = 75,000 25/100 = 18,750

**ચલિત ખર્ચ**

| | |
|---|---|
| 50% સપાટી | 18,750 |
| 60% સપાટી | (?) = 22,500 |

| | |
|---|---|
| 50% સપાટી | 18,750 |
| 80% સપાટી | (?) = 30,000 |

| | |
|---|---|
| 50% સપાટી | 18,750 |
| 100% સપાટી | (?) = 37,500 |

| | |
|---|---|
| 50% સપાટી | 18,750 |
| 120% સપાટી | (?) = 45,000 |

**(7) વેચાણ**

વેચાણ માટે સૌપ્રથમ દરેક સપાટીના એકમો શોધીશું.

| | |
|---|---|
| 50% સપાટી | 10,000 એકમ |
| 60% સપાટી | (?) = 12,000 એકમ |

| | |
|---|---|
| 50% સપાટી | 10,000 એકમ |
| 80% સપાટી | = 16,000 એકમ |

| | |
|---|---|
| 50% સપાટી | 10,000 એકમ |
| 100% સપાટી | = 20,000 એકમ |

| | |
|---|---|
| 50% સપાટી | 10,000 એકમ |
| 120% સપાટી | = 24,000 એકમ |

કુલ વેચાણ

60% સપાટી = 12,000 એકમો × 100 એકદીઠ કિંમત = 12,00,000

80% સપાટી = 16,000 એકમો × 100 એકદીઠ કિંમત = 16,00,000

100% સપાટી = 20,000 એકમો × 100 એકદીઠ કિંમત = 20,00,000

120% સપાટી = 24,000 એકમો × 90 એકદીઠ કિંમત = 21,60,000

**ખર્ચાઓ એકમદીઠ આપેલા હોય :**

**ઉદાહરણ-4 :** અંકિત પ્રાઈવેટ લિમિટેડની એકમ દીઠ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| માલસામાન | રૂા. 50 |
| મજૂરી | રૂ. 15 |
| કારખાના પરોક્ષ ખર્ચ | રૂા. 15 (રૂા. 6 સ્થિર) |
| વિતરણ પરોક્ષ ખર્ચ | રૂા. 10 (રૂા. 5 સ્થિર) |

**વધારાની માહિતી :**

- કંપનીની હાલની ઉત્પાદન સપાટી 50% છે. ત્યારે 5000 એકમોનું ઉત્પાદન થાય છે. એકમદીઠ પડતર કિંમત રૂ. 90 છે, જે ઉપર મુજબ છે.
- એકમદીઠ વેચાણ કિમત 150 છે.
- જો કંપની 60% શક્તિએ ઉત્પાદન કરશે તો એકમદીઠ માલસામાન પડતરમાં 2%નો વધારો થશે અને એકમદીઠ વેચાણ કિંમતમાં પણ 2% ઘટાડો થશે. જો કંપની 80% શક્તિએ ઉત્પાદન કરશે તો એકમદીઠ માલસામાન પડતરમાં 5%નો વધારો થશે અને એકમદીઠ વેચાણ કિંમતમાં પણ 2%નો ઘટાડો થશે.

ઉપરોક્ત વિગતો પરથી અંકિત પ્રાઈવેટ લિમિટેડનું 60% સપાટી અને 80% સપાટીનું અંદાજપત્ર તૈયાર કરો અને નફો કે ખોટ શોધો.

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

**જવાબ :**

| વિગત | | 60% સપાટી | 80% સપાટી |
|---|---|---|---|
| સ્થિર ખર્ચા | | | |
| **ચલિત ખર્ચા :** | | | |
| માલસામાન | | 3,06,000 | 4,20,000 |
| મજૂરી | | 90,000 | 1,20,000 |
| | કુલ ચલિત ખર્ચા | 3,96,000 | 5,40,000 |
| **અર્ધચલિત ખર્ચા :** | | | |
| કારખાના પરોક્ષ ખર્ચ | સ્થિર | 30,000 | 30,000 |
| | ચલિત | 54,000 | 72,000 |
| વિતરણ પરોક્ષ ખર્ચ | સ્થિર | 25,000 | 25,000 |
| | ચલિત | 30,000 | 40,000 |
| | કુલ પડતર | 5,35,000 | 7,07,000 |
| | + નફો | 3,47,000 | 4,33,000 |
| | વેચાણ | 8,82,000 | 11,40,000 |

**જરૂરી ગણતરી :**

**(1) માલસામાન એકમદીઠ 50**

∴ 50% સપાટી એ ઉત્પાદન 5000 એકમ

તો 60% સપાટી એ ઉત્પાદન (?) = 6,000 એકમ

$$= \frac{60 \times 5,000}{50} = 6,000$$

80% સપાટીએ ઉત્પાદન એકમ $= \frac{80 \times 5,000}{50} = 8,000$ એકમ

★ પ્રથમ રીત (એકમદીઠ ફેરફાર)

50% સપાટી = 5,000 × 50 = 2,50,000

60% સપાટી = 6,000 × 51 = 3,06,000 (50% માલસામાનમાં 2% વધારો)

80% સપાટી = 8,000 × 52.5 = 4,20,000 (50% માલસામાનમાં 5% વધારો)

★ બીજી રીત (કુલ ખર્ચ મુજબ)

| | |
|---|---|
| 50% સપાટી | 25,000 માલસામાન ખર્ચ |
| 60% સપાટી | (?) = 3,00,000 + 6000 (2% વધારો) 3,00,000 × |
| 2/100 | |
| | = 3,06,000 |
| 50% સપાટીએ | 25,000 માલસામાન ખર્ચ |
| 80% સપાટી | (?) = 4,00,000 + 2,000 (5% વધારો) 4,00,000 |
| × 5/100 | |
| | = 4,20,000 |

ઉપરોક્ત બંને રીતમાંથી કોઈપણ ઉપયોગમાં લઈ શકાય. જ્યારે એકમદીઠ ખર્ચમાં વધારો કે ઘટાડો થતો હોય.

**(2) મજૂરી**

50% સપાટી = 5,000 એકમ × 15 = 75,000

60% સપાટી = 6,000 એકમ × 15 = 90,000

80% સપાટી = 8,000 એકમ × 15 = 1,20,000

**(3) કારખાના પરોક્ષ ખર્ચ કુલ એકમદીઠ ખર્ચ = 15 (6 સ્થિર) = 9 ચલિત**

સ્થિર ખર્ચ 50% =5,000 × 6 = 30,000 દરેક સપાટીએ સ્થિર

**ચલિત ખર્ચ**

50% સપાટી = 5,000 એકમ × 9 = 45,000 (ત્રીરાશીવાળી રીતથી પણ શોધી શકાય જવાબ એક જ રહેશે)

60% સપાટી = 6,000 એકમ × 9 = 54,000

80% સપાટી = 8,000 એકમ × 9 = 72,000

| | |
|---|---|
| ∴ 50% સપાટીએ | 45,000 ચલિત ખર્ચ |
| તો 80% સપાટી | (?) 54,000 ચલિત ખર્ચ |

$$= \frac{60 \times 45{,}000}{50} = 54{,}000$$

∴ 50% સપાટીએ 45,000 ખર્ચ

80% સપાટી (?) 72,000 ખર્ચ

**(4) વિતરણ પરોક્ષ ખર્ચા કુલ = 10 જેમાં 5 સ્થિર અને 5 ચલિત**

સ્થિર ખર્ચ = 50% સપાટી 5,000 એકમ × 6 = 25,000

**ચલિતખર્ચ**

50% સપાટી = 5,000 × 5 = 25,000

60% સપાટી = 6,000 × 5 = 30,000

80% સપાટી = 8,000 × 5 = 40,000

**(5) વેચાણ**

| | | | |
|---|---|---|---|
| 60% સપાટી | = 6,000 × 150 | = | 9,00,000 |
| | – ઘટાડો (2%) | = | 18,000 |
| | ચોખ્ખું વેચાણ | = | 8,82,000 |
| 80% સપાટી | = 8,000 × 150 | = | 1,20,0000 |
| | – ઘટાડો (5%) | = | 60,000 |
| | ચોખ્ખું વેચાણ | = | 11,40,000 |

★ **જ્યારે ખર્ચાઓ સ્થિર ચલિત કે અર્ધચલિત છે તેવી માહિતી આપેલા ન હોય :**

★ ઉત્પાદનના એકમો આપેલા છે પણ વેચાણ કિંમત નથી આપેલી તેથી કુલ પડતર જ મળશે. નફો કે ખોટ મળશે નહિ.

**ઉદાહરણ-5 :** નીચેની માહિતી દક્ષા લિ.ના ચોપડામાંથી ઉપલબ્ધ થાય છે. તેને આધારે 70% સપાટી અને 90% સપાટી માટેનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો. 100% સપાટીએ 5000 એકમોનું ઉત્પાદન થાય છે.

| વિગત | 60% સપાટી | 100% સપાટી |
|---|---|---|
| માલસામાન ખર્ચ (પ્રત્યક્ષ) | 60,000 | 1,00,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 45,000 | 75,000 |
| પરોક્ષ મજૂરી | 30,000 | 50,000 |
| નિભાવ અને સમારકામ ખર્ચ | 32,500 | 47,500 |
| પાવર અને બળતણ ખર્ચ | 18,750 | 28,750 |
| ભાડું | 70,000 | 70,000 |
| ઘસારો | 65,000 | 65,000 |
| વિમો | 37,500 | 37,500 |
| વહીવટી પરોક્ષ ખર્ચા | 50,000 | 70,000 |
| વેચાણ - વિતરણખર્ચા | 30,000 | 40,000 |

**જવાબ :**

નોંધ - જયારે ખર્ચ સ્થિર, ચલિત કે અર્ધ ચલિત છે એમ આપેલ ન હોય ત્યારે નચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા.

(1) જે ખર્ચ ઉત્પાદનની દરેક સપાટીએ સમાન હોય તે સ્થિર ખર્ચ બનશે. ઉપરોક્ત ઉદાહરણમાં ભાડું, ઘસારો અને વિમો ઉત્પાદનની 60% સપાટી અને 100% સપાટી બન્ને સમાન છે. તેથી તે સ્થિર ખર્ચા કહી શકાય.

(2) જે ખર્ચ ઉત્પાદનની સપાટી સાથે સંબંધિત હોય અર્થાત્ ઉત્પાદન વધે તો ખર્ચા પણ વધે અને ઉત્પાદન ઘટે તો ખર્ચા પણ ઘટે તેવા ખર્ચને ચલિત ખર્ચ કહેવાય.

ત્રીરાશીના ઉપયોગથી નક્કી કરી શકાય કે ખર્ચ ચલિત છે કે અર્ધચલિત

60% સપાટીએ 6,000 માલસામાન ખર્ચ હોય

100% સપાટીએ કેટલા (?)

રકમમાં પણ 100% સપાટીએ 1,00,000 આપેલા તેથી તે ચલિત ખર્ચ બનશે.

(3) જયારે મુદ્દા નં. 2 નો ઉપયોગ કરી પ્રશ્™{ ાં આપેલ રકમ ન આવે તો આવા ખર્ચ અર્ધચલિત બનશે.

દા. ત. નિભાવ અને સમારકામ ખર્ચ

60% સપાટીએ 32,500 નિભાવ ખર્ચ

100% સપાટીએ (?)

$= \frac{100 \times 32,500}{60} = 54,166.67$ આવે પરંતુ પ્રશ્™માં 100% સપાટીએ 47,500 આપેલા છે, ત્રીરાશી અને આપેલો જવાબ સમાન નથી તેથી તે અર્ધચલિત ગણાશે

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

| વિગત | | 70% સપાટી | 90% સપાટી |
|---|---|---|---|
| **સ્થિર ખર્ચા :** | | | |
| ભાડું | | 70,000 | 70,000 |
| ઘસારો | | 65,000 | 65,000 |
| વિમો | | 37,500 | 37,500 |
| | કુલ સ્થિર ખર્ચા | 1,72,500 | 1,72,500 |
| **ચલિત ખર્ચા :** | | | |
| પ્રત્યક્ષ માલસામાન | | 70,000 | 90,000 |
| પ્રત્યક્ષ મજૂરી | | 52,500 | 67,500 |
| પરોક્ષ મજૂરી | | 35,000 | 45,000 |
| | કુલ ચલિત ખર્ચા | 1,57,500 | 2,02,500 |
| **અર્ધચલિત ખર્ચા :** | | | |
| નિભાવ અને સમારકામ ખર્ચ | સ્થિર | 10,000 | 10,000 |
| | ચલિત | 26,250 | 33,750 |

| | | | |
|---|---|---|---|
| પાવર અને બળતણખર્ચ | સ્થિર | 3,750 | 3,750 |
| | ચલિત | 17,500 | 22,500 |
| વહિવટી પરોક્ષ ખર્ચ | સ્થિર | 20,000 | 20,000 |
| | ચલિત | 35,000 | 45,000 |
| વેચાણ વિતરણ ખર્ચા | સ્થિર | 15,000 | 15,000 |
| | ચલિત | 17,500 | 22,500 |
| | કુલ અર્ધચલિત ખર્ચ | 1,45,000 | 1,72,500 |
| | કુલ પડતર | 4,75,000 | 5,47,500 |

**જરૂરી ગણતરી :**

**(1) પ્રત્યક્ષ માલસામાન ખર્ચ**

50% સપાટી 60,000 ખર્ચ

100% સપાટી (?) = 1,00,000 ખર્ચ

પ્રશ™{ i પણ 100% સપાટીએ માલસામાન ખર્ચ 1,00,000 છે તેથી તે ચલિત ખર્ચ કહેવાય.

60% સપાટી 60,000 ખર્ચ

70% સપાટી (?) = 70,000 ખર્ચ

90% સપાટી માટેનો ખર્ચ

60% સપાટી 60,000 ખર્ચ

90% સપાટી (?) = 90,000 ખર્ચ

**(2) મજૂરી પ્રત્યક્ષ**

60% સપાટીએ 45,000 મજૂરી

100% સપાટી (?) = 75,000 મજૂરી

પ્રશ™{ i પણ 100% સપાટીએ 75,000 મજૂરી આપેલ છે તેથી તે ચલિત ખર્ચ બનશે.

60% સપાટી 45,000 મજૂરી

70% સપાટી 52,500 મજૂરી

60% સપાટી 45,000 મજૂરી

90% સપાટી 67,500 મજૂરી

**(3) પરોક્ષ મજૂરી**

60% સપાટીએ 30,000 ખર્ચ

100% સપાટી (?) 50,000 ખર્ચ (∴ ચલિત ખર્ચ)

60% સપાટી 30,000 ખર્ચ

70% સપાટી 35,000 ખર્ચ

60% સપાટી 30,000 ખર્ચ

90% સપાટી 45,000 ખર્ચ

**(4) નિભાવ અને સમારકામ ખર્ચ**

સૌ પ્રથમ નક્કી કરો કે ખર્ચ ચલિત છે કે અર્ધચલિત

60% સપાટીએ 32,500 ખર્ચ

100% સપાટી (?) 54,166.67 ખર્ચ

પ્રશ™{ i 100% સપાટીએ 47500 નિભાવ ખર્ચ આપેલ છે તેથી જવાબ સરખા નથી તો આ ખર્ચ અર્ધચલિત બનશે તેની ગણતરી નીચે મુજબ થશે.

સોપ્રથમ મોટી સપાટીમાંથી નાની સપાટી બાદ કરવી.

100% સપાટી 47,500 નિભાવ ખર્ચ

– <u>60% સપાટી</u> <u>32,500 નિભાવ ખર્ચ</u>

40% સપાટી 15,000 ચલિત નિભાવ ખર્ચ

40% સપાટી માટે 15000 ચલિત ખર્ચ બનશે. મળેલ જવાબનો ત્રીરાશીમાં ઉપયોગ કરો.

40% સપાટી 15,000 ચલિત ખર્ચ

100% સપાટી (?) = 37,500 ચલિત ખર્ચ

★ કોઈ પણ સપાટીનો ખર્ચ શોધી શકાય 100% કે 60%

તમે જાણો છો કે

કુલ ખર્ચ = સ્થિર ખર્ચ + ચલિત ખર્ચ

100% સપાટીનો કુલ ખર્ચ = 47500 છે.

<u>– ચલિત ખર્ચ</u> <u>= 37,500</u> (ઉપર દર્શાવ્યા મુજબ)

સ્થિર ખર્ચ કહેવાય 10,000

સ્થિર ખર્ચ રૂા. 10,000 દરેક સપાટીએ સમાન રહેશે. જ્યારે પરિવર્તનશીલ બદલશે ચલિત ખર્ચ નીચે મુજબ ગણાશે

40% સપાટી 15,000 ચલિત ખર્ચ

70% સપાટી (?) = 26,250 ચલિત ખર્ચ

40% સપાટી 15,000 ચલિત ખર્ચ

90% સપાટી (?) 33,750 ચલિત ખર્ચ

**(5) પાવર અને બળતણ ખર્ચ**

(ખર્ચ ચલિત છે કે અર્ધચલિત તે જાણવું)

60% સપાટીએ 18,750 ખર્ચ

100% સપાટી (?) = 31,250 ખર્ચ

પ્રશ™{ i 100% સપાટીએ 18,750 આપેલ છે અને ગણતરી કરતા 31,259 જવાબ મળે છે. તેથી આ ખર્ચ અર્ધચલિત બનશે.

100% સપાટી 28,750 ખર્ચ

– <u>60% સપાટી</u> <u>18,750 ખર્ચ</u>

40% સપાટી 10,000 ચલિત ખર્ચ બનશે.

40% સપાટી 10,000 ચલિત ખર્ચ

100% સપાટી (?) 25,000 ચલિત ખર્ચ

100% સપાટીનો કુલ ખર્ચ 28,750 ખર્ચ

− 100% નો ચલિત ખર્ચ 25,000 ખર્ચ
સ્થિર ખર્ચ 3,750
સ્થિર ખર્ચ બન્ને સપાટીઓ માટે 3,750
ચલિત ખર્ચની ગણતરી
40% સપાટી 10,000 ચલિત ખર્ચ
70% સપાટી (?) = 17,500

40% સપાટી 10,000 ચલિત ખર્ચ
90% સપાટી (?) = 22,500

**(6) વહીવટી પરોક્ષ ખર્ચ**

60% સપાટીએ 50,000 ખર્ચ
100% સપાટી (?) = 83,333.33
પ્રશ્™{ i 100% સપાટીએ 70,000 ખર્ચ આપેલ છે તેથી આ ખર્ચ અર્ધચલિત બનશે.
100% સપાટી 70,000 ખર્ચ
− 60% સપાટી 50,000 ખર્ચ
40% સપાટી 20,000 ચલિત ખર્ચ

40% સપાટી 20,000 ચલિત ખર્ચ
100% સપાટી (?) = 50,000 ચલિત ખર્ચ

100% સપાટીનો કુલ ખર્ચ 70,000 ખર્ચ
− 100% નો ચલિત ખર્ચ 50,000 ખર્ચ
સ્થિર ખર્ચ 20,000
સ્થિર ખર્ચ દરેક સપાટીએ 20,000
**ચલિત ખર્ચ**
40% સપાટી 20,000 ચલિત ખર્ચ
70% સપાટી (?) = 35,000

40% સપાટી 20,000 ચલિત ખર્ચ
90% સપાટી (?) = 45,000

**(7) વેચાણ વિતરણ ખર્ચ**

60% સપાટીએ 30,000 ખર્ચ
100% સપાટી (?) = 50,000 ખર્ચ
પ્રશ્™{ i 100% સપાટીએ 40,000 ખર્ચ આપેલ છે તેથી આ ખર્ચ અર્ધચલિત બનશે.
100% સપાટી 40,000 ખર્ચ
− 60% સપાટી 30,000 ખર્ચ

| | |
|---|---|
| 40% સપાટી | 10,000 ચલિત ખર્ચ |

| | |
|---|---|
| 40% સપાટી | 10,000 ચલિત ખર્ચ |
| 60% સપાટી | 15,000 ચલિત ખર્ચ (100% સપાટી પણ લઈ શકાય) |

| | |
|---|---|
| 60% સપાટીનો કુલ ખર્ચ | = 30,000 – 15,000 ચલિત ખર્ચ = 15,000 સ્થિર |
| 40% સપાટી | 10,000 ખર્ચ |
| 70% સપાટી | (?) = 17,500 ચલિત ખર્ચ |
| 40% સપાટી | 10,000 ખર્ચ |
| 90% સપાટી | (?) = 22,500 |

**ઉદાહરણ-6 :** કંપનીની 100% ઉત્પાદન સપાટીની માહિતી નીચે મુજબ છે. 100% સપાટીએ 10,000 એકમોનું ઉત્પાદન થાય છે.

| **વિગત** | **એકમદીઠ રકમ** |
|---|---|
| માલસામાન | 70 |
| મજૂરી | 25 |
| પરોક્ષ ખર્ચ (ચલિત) | 20 |
| પરોક્ષ ખર્ચ (સ્થિર) | 10 |
| પ્રત્યક્ષ ચલિત ખર્ચા | 05 |
| વેચાણ ખર્ચ (10% સ્થિર) | 13 |
| વિતરણ ખર્ચ (20% સ્થિર) | 07 |
| વહીવટી ખર્ચ (રૂા. 50,000) | 05 |

ઉપરની માહિતી પરથી 6000 એકમ અને 8,000 એકમ માટેનું પરિવર્તનશીલ અંદાજપત્ર બનાવો, વહીવટી ખર્ચ સ્થિર છે.

**જવાબ : જરૂરી ગણતરી :**

**(1) સૌપ્રથમ 6,000 એકમ અને 8,000 એકમોની ઉત્પાદન સપાટી શોધીશું.**

| | |
|---|---|
| 10,000 એકમો એ | 100% ઉત્પાદન સપાટી હોય |
| તો 6000 એકમો એ | 60% ઉત્પાદન સપાટી |

$$= \frac{6000 \times 100}{10,000} = 60\%$$

| | |
|---|---|
| 10,000 એકમો | 100% ઉત્પાદન સપાટી |
| 6000 એકમો | (?) 60% ઉત્પાદન સપાટી |

પરોક્ષ ખર્ચ (સ્થિર) દરેક સપાટીએ સ્થિર રહેશે. 100% સપાટીએ 1,00,000 થશે તેટલો જ ખર્ચ 60% સપાટીએ થશે.

વેચાણ ખર્ચ અને વિતરણ ખર્ચમાં સ્થિરખર્ચ દરેક સપાટીએ રહેશે જ્યારે ચલિત ખર્ચ ઉત્પાદન સાથે પરિવર્તન પામશે.

100% સપાટી માટેનું અંદાજપત્ર બનાવવું ફરજિયાત નથી એકમદીઠ ખર્ચની કોલમ સિવાય પણ દાખલો તૈયાર કરી શકાય

## પરિવર્તનશીલ અંદાજપત્ર

| વિગત | 100% સપાટી | | 80% સપાટી | | 60% સપાટી | |
|---|---|---|---|---|---|---|
| | એકમ દીઠ | કુલ ખર્ચ | એકમ દીઠ | કુલ ખર્ચ | એકમ દીઠ | કુલ ખર્ચ |
| પ્રત્યક્ષ માલસામાન | 70 | 7,00,000 | 70 | 5,60,000 | 70 | 4,20,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 25 | 2,50,000 | 25 | 2,00,000 | 25 | 1,50,000 |
| પરોક્ષ ખર્ચ (ચલિત) | 20 | 2,00,000 | 20 | 1,60,000 | 20 | 1,20,000 |
| પ્રત્યક્ષ ખર્ચ | 05 | 50,000 | 05 | 30,000 | 05 | 30,000 |
| પરોક્ષ ખર્ચ (સ્થિર) | 10 | 1,00,000 | - | 1,00,000 | - | 1,00,000 |
| વહીવટી ખર્ચ (સ્થિર) | 05 | 50,000 | - | 50,000 | - | 50,000 |
| **વેચાણ ખર્ચ** | | | | | | |
| સ્થિર | 1.3 | 13,000 | - | 13,000 | - | 13,000 |
| ચલિત | 11.70 | 1,17,000 | 11.70 | 93,600 | 11.70 | 70,200 |
| **વિતરણ ખર્ચ** | | | | | | |
| સ્થિર | 1.4 | 14,000 | - | 14,000 | - | 14,000 |
| ચલિત | 5.6 | 56,000 | 5.6 | 44,800 | 11.70 | 33,600 |
| કુલ પડતર | - | 15,50,000 | - | 12,75,000 | - | 1000,800 |

વેચાણ ખર્ચ એકમદીઠ રૂ. 13 છે જેમાં 10% સ્થિર = 13 × 10/100 = 1.3 સ્થિર
બાકીનો ખર્ચ ચલિત = 13 × 90/100 = 11.70 ચલિત

વિતરણ ખર્ચ એકમદીઠ = 7 છે જેમાં 20% સ્થિર = 7 × 10/100 = 1.4 સ્થિર
બાકી રહેલો ખર્ચ ચલિત = 7 × 80/100 = 5.6 ચલિત

વહિવટી ખર્ચ સ્થિર હોવાથી જેટલો ખર્ચ 100% સપાટીએ થશે તેટલો જ ખર્ચ ઉત્પાદનની 60% અને 80% સપાટીએ થશે.

**ઉદાહરણ-7** xyz કંપનીની કુલ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 40,000 એકમો છે 40% અને 60% ઉત્પાદન ક્ષમતાની માહિતી નીચે મુજબ છે.

| વિગતો | 40% સપાટી | 60% સપાટી |
|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | 4,00,000 | 6,00,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 2,40,000 | 3,60,000 |
| પ્રત્યક્ષ ખર્ચા | 1,60,000 | 2,40,000 |
| **અર્ધચલિત ખર્ચા :** | | |
| કારખાના ખર્ચા | 7,00,000 | 8,00,000 |
| વહીવટી ખર્ચા | 5,20,000 | 5,80,000 |
| વેચાણ ખર્ચ | 2,80,000 | 3,20,000 |
| કુલ સ્થિર ખર્ચા | 6,00,000 | 6,00,000 |
| નફો (નુકશાન) | (1,00,000) | 7,00,000 |

ઉપરની માહિતી પરથી 50%, 75% અને 90% ઉત્પાદન સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો અને દરેક સપાટીનો નફો શોધો.

**જવાબ : નોંધ** : ઉદા.5 મુજબ ગણતરી કરી શકાય અને બીજી રીતે પણ જવાબ મેળવી શકાય જે નીચે મુજબ છે. કોઈપણ રીતનો અમલ કરી શકાય.

**જરૂરી ગણતરી :**

**(1) પ્રત્યક્ષ માલાસામન ખર્ચની ગણતરી :**

| | |
|---|---|
| 40% સપાટી | 4,00,000 ખર્ચ |
| 1% | (?) = 10,000 ખર્ચ |
| 60% સપાટી | 6,00,000 ખર્ચ |
| 1% | (?) = 10,000 ખર્ચ |

બન્ને સપાટી માટે 1% સમાન ખર્ચ છે તેથી ચલિત ખર્ચ થશે.

| | |
|---|---|
| 1% સપાટી | 10,000 ખર્ચ |
| 50% | (?) = 5,00,000 ખર્ચ |
| તેજ રીતે 75% સપાટીએ | 7,50,000 |
| 90% સપાટીએ | 9,00,000 |

**(2) પ્રત્યક્ષ મજૂરી**

| | |
|---|---|
| 40% સપાટી | 2,40,000 ખર્ચ |
| 1% | (?) = 6,000 ખર્ચ |
| 60% સપાટી | 3,60,000 ખર્ચ |
| 1% | (?) = 6,000 ખર્ચ |

બન્ને સપાટીનો 1% એ ખર્ચ સમાન છે. તેથી તે ચલિત ખર્ચ છે.

| | | |
|---|---|---|
| 40% સપાટી | 2,40,000 ખર્ચ | 1% એ 6000 |
| 1% | (?) = 6,000 ખર્ચ | 50% (?) = 3,00,000 આ |

રીતે પણ જવાબ મળી શકે

તેજ રીતે

| | |
|---|---|
| 1% | 600 ખર્ચ |
| 75% | (?) = 4,50,000 |
| 90% | (?) = 5,40,000 |

**(3) કારખાના ખર્ચની ગણતરી : (અર્ધ ચલિત ખર્ચની ગણતરી)**

$$= \frac{\text{કારખાના ખર્ચમાં ફેરફાર}}{\text{સપાટીમાં ફેરફાર}}$$

$$= \frac{8,00,000 - 7,00,000}{60 - 40}$$

$= \frac{1,00,000}{20} = 5,000$ એ 1%નો ચલિત ખર્ચ બનશે.

| | |
|---|---|
| કુલ કારખાના ખર્ચ 40% | = 7,00,000 |
| – ચલિત ખર્ચ 40 × 5000 | = <u>2,00,000</u> (1% એ 5000) |
| સ્થિર કારખાના ખર્ચ | = 5,00,000 |

સ્થિર ખર્ચ દરેક સપાટીએ સમાન રહેશે જ્યારે ચલિત ખર્ચ ઉત્પાદન સાથે બદલાશે.

1% 5000 છે તો 50% = 50 × 5,000 = 2,50,000

75% = 75 × 5,000 = 3,75,000

90% = 90 × 5,000 = 4,50,000

**(4) વહીવટી ખર્ચની ગણતરી**

$= \frac{\text{વહીવટી ખર્ચમાં ફેરફાર}}{\text{સપાટીમાંફેરફાર}}$

$= \frac{5,80,000 - 5,20,000}{60 - 40}$

$= 60,000/20$ = 3000 એ 1%નો ચલિત ખર્ચ બનશે.

| | | |
|---|---|---|
| કુલ વહીવટી ખર્ચ 40% | = | 5,20,000 |
| (60% પણ લઈ શકાય.) | | |
| ચલિત ખર્ચ 40 × 3000 | = | 1,20,000 |
| સ્થિર વહીવટી ખર્ચ | | 4,00,000 |

જે દરેક સપાટીએ સમાન રહેશે.

ચલિત ખર્ચ નીચે મુજબ

50% = 50 × 3,000 = 1,50,000 1% એ 3,000 ચલિત ખર્ચ

75% = 75 × 3,000 = 2,25,000

90% = 90 × 3,000 = 2,70,000

**(5) વેચાણ ખર્ચની ગણતરી**

$= \frac{\text{વેચાણ ખર્ચમાં ફેરફાર}}{\text{સપાટીમાં ફેરફાર}}$

$= \frac{3,20,000 - 2,80,000}{60 - 40}$

$= 40,000/20 = 2,000$ = 2000 એ 1%નો ચલિતખર્ચ

| | | |
|---|---|---|
| કુલ વેચાણખર્ચ = 40% સપાટી | = | 2,80,000 |
| - ચલિતખર્ચ 40 × 2,000 | = | 80,000 |
| સ્થિર વેચાણ ખર્ચ | = | 200000 |

ચલિત ખર્ચ 1% એ 2,000 છે.

| | | |
|---|---|---|
| 50% = 50 × 2,000 | = | 1,00,000 |
| 75% = 75 × 2,000 | = | 1,50,000 |
| 90% = 90 × 2,000 | = | 1,80,000 |

**(6) વેચાણની ગણતરી :**

વેચાણ

| | | |
|---|---|---|
| 40%નો કુલ ખર્ચ | = | 29,00,000 |
| - નુકશાન | = | 1,00,000 |
| વેચાણ= | 28,00,000 | |

40% એ 2,80,0000 વેચાણ

50% એ $= 50 \times 28,00,000/40 = 35,00,000$ વેચાણ

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

$$75\% \text{ એ } = 75 \times {}^{28,00,000}\!\!/_{40} = 52,50,000 \text{ વેચાણ}$$

$$90\% = \; = 90 \times {}^{28,00,000}\!\!/_{40} = 63,00,000 \text{ વેચાણ}$$

**પરિવર્તનશીલ અંદાજપત્ર**

| **વિગત** | | | **50% સપાટી** | **75% સપાટી** | **90% સપાટી** |
|---|---|---|---|---|---|
| સ્થિર ખર્ચા | | | 6,00,000 | 6,00,000 | 6,00,000 |
| | | કુલ સ્થિર ખર્ચા | 6,00,000 | 6,00,000 | 6,00,000 |
| ચલિત ખર્ચા | | | | | |
| પ્રત્યક્ષ માલસામાન | | | 5,00,000 | 7,50,000 | 90,0000 |
| પ્રત્યક્ષ મજૂરી | | | 3,00,000 | 4,50,000 | 5,40,000 |
| પ્રત્યક્ષ ખર્ચા | | | 2,00,000 | 3,00,000 | 3,60,000 |
| | | કુલ ચલિત ખર્ચા | 10,00,000 | 1,500,000 | 1,800,000 |
| અર્ધ ચલિત ખર્ચા | | | | | |
| કારખાના ખર્ચ | - સ્થિર | | 5,00,000 | 5,00,000 | 50,0000 |
| | ચલિત | | 2,50,000 | 3,75,000 | 4,50,000 |
| વહીવટી ખર્ચ | - સ્થિર | | 4,00,000 | 4,00,000 | 4,00,000 |
| | ચલિત | | 1,50,000 | 2,25,000 | 2,70,000 |
| વેચાણ ખર્ચ | - સ્થિર | | 2,00,000 | 2,00,000 | 2,00,000 |
| | ચલિત | | 1,00,000 | 1,50,000 | 1,80,000 |
| | | કુલ અર્ધચલિત ખર્ચા | 16,00,000 | 18,50,000 | 20,00,000 |
| કુલ પડતર | - | | 3,20,0000 | 3,95,0000 | 4,40,0000 |
| | + નફો | | 3,00,000 | 13,00,000 | 19,00,000 |
| | વેચાણ | | 3500000 | 5250000 | 6300000 |

## સ્વાધ્યાય

**(a) સૈદ્ધાંતિક પ્રશ્નો**

(1) ચલિત અને સ્થિર અંદાજપત્રનો તફાવત સમજાવો.

(2) સરખાવો : સ્થિર અને પરિવર્તનશીલ અંદાજપત્ર

(3) તફાવત સ્પષ્ટ કરો :- સ્થિર અને પરિવર્તનશીલ અંદાજપત્ર

(4) ટૂંકનોંધ લખો : પરિવર્તનશીલ અંદાજપત્ર

(5) પરિવર્તનશીલ અંદાજપત્રના ફાયદા જણાવો.

**(b) વિકલ્પો**

(1) જે ખર્ચ ઉત્પાદન સાથે સંબંધિત ન હોય તેવા ખર્ચને કેવો ખર્ચ કહે છે.

**(અ) સ્થિર** (બ) ચલિત (ક) અર્ધચલિત (ડ) આપેલ તમામ

(2) કયો ખર્ચ એકમદીઠ સ્થિર રહે છે ?

(અ) સ્થિર **(બ) ચલિત** (ક) અર્ધચલિત (ડ) એકપણ નહિ

(3) કારખાના મેનેજરનો વાર્ષિક પગાર ₹ 2,00,000 છે તો તે ........... ખર્ચ કહેવાય.

(અ) ચલિત ખર્ચ (બ) અર્ધ-ચલિત ખર્ચ **(ક) સ્થિર ખર્ચ** (ડ) નિયમિત ખર્ચ

(4) જો 50% સપાટી 50,000, 60% સપાટી 60,000 ખર્ચ અને 80% સપાટી એ 80,000 ખર્ચ હોય તો તે ........ ખર્ચ કહેવાય.

(અ) સ્થિરખર્ચ **(બ) ચલિત** (ક) અર્ધ-ચલિતખર્ચ (ડ) એકપણ નહિ

(5) નીચેનો કયો ખર્ચ સ્થિર છે ?

**(અ) ઘસારો** (બ) પેકિંગ ખર્ચ (ક) પ્રત્યક્ષ માલ સામાન (ડ) પ્રત્યક્ષ મજુરી

(6) સ્થિર બજેટ કરતાં પરિવર્તનશીલ બજેટ સંચાલન માટે ......... છે.

(અ) બિન ઉપયોગી (બ) ગૂંચવાડાભર્યું **(ક) વધુ ઉપયોગી** (ડ) એકપણ નહિ

(7) જો કોઈપણ ખર્ચ એકમદીઠ સમાન કે સરખું હોય તો તે .......... ખર્ચ ગણાય.

(અ) નિયમિત ખર્ચ (બ) સ્થિર ખર્ચ **(ક) ચલિત ખર્ચ** (ડ) અર્ધ ચલિત ખર્ચ

(8) નીચેનામાંથી કયો ખર્ચ સ્થિર ખર્ચ નથી ?

(અ) ભાડું (બ) ઘસારો (ક) પગાર **(ડ) પ્રત્યક્ષ ખર્ચ**

(9) એક એકમની 50% સપાટીએ 5,000 એકમોનું ઉત્પાદન થાય છે. ત્યારે પ્રત્યક્ષ માલસામાન ખર્ચ ₹ 1,00,000 થાય છે જો ઉત્પાદન સપાટી 70% કરવામાં આવે તો પ્રત્યક્ષ માલસામાન ખર્ચ કેટલો થશે ?

(અ) 1,00,000 (બ) 1,50,000 (ક) **1,40,000** (ડ) 1,20,000

(10) જે ખર્ચમાં અમુક ભાગ સ્થિર હોય અને અમુક ભાગ ચલિત હોય તો તેવા ખર્ચ ને ........... ખર્ચ કહેવાય.

(અ) ચલિત ખર્ચ (બ) અસામાન્ય ખર્ચ **(ક) અર્ધચલિત ખર્ચ** (ડ) સ્થિર ખર્ચ

(11) કારખાનાનું ભાડું ₹ 1,40,000 દર મહિને ચૂકવવામાં આવે છે. તો ભાડું કેવો ખર્ચ કહી શકાય.

(અ) અર્ધચલિત ખર્ચ (બ) ચલિતખર્ચ **(ક) સ્થિરખર્ચ** (ડ) એકપણ નહિ

(12) પ્રત્યક્ષ મજુરી 60% ક્ષમતાએ 60,000 હોય અને 70% ક્ષમતાએ 70000 હોય તો મજુરી .......... ખર્ચ કહેવાય.

(અ) સ્થિરખર્ચ **(બ) ચલિતખર્ચ** (ક) અર્ધચલિતખર્ચ (ડ) એકપણ નહિ

(13) સમારકામખર્ચ 50% સપાટીએ 1,20,000 હોય અને 75% સપાટીએ 1,50,000 હોય તો આ ખર્ચ .......... ખર્ચ ગણાય.

(અ) સ્થિરખર્ચ **(બ) અર્ધચલિતખર્ચ** (ક) ચલિતખર્ચ (ડ) અસામાન્ય ખર્ચ

(14) ઉત્પાદન ક્ષમતા 75% એ 7,80,000 વેચાણ છે જો ઉત્પાદન ક્ષમતા 100% થી વધે તો વેચાણ કિંમતમાં 2% ઘટાડો થાય. તો 110% સપાટીનું વેચાણ શોધો.

**(અ) 11,21,120** (બ) 11,20,000 (ક) 12,12,000 (ડ) 11,44,000

(15) એક કારખાનામાં 50% ક્ષમતાએ અર્ધચલિતખર્ચ ₹ 30,000 છે અર્ધચલિત ખર્ચ 40% થી 70% વચ્ચે સરખો રહે છે. 71% થી 85% ઉત્પાદન શક્તિ વચ્ચે ઉપર જણાવેલ આંકડાઓના 10% વધે છે. 80% ઉત્પાદન સપાટીએ અર્ધચલિત ખર્ચ કેટલો થશે ?

(અ) 55,000 (બ) 75,000 (ક) **33,000** (ડ) 30,000

(16) જયદિપ લિ.ની માહિતી :

| | | |
|---|---|---|
| ઉત્પાદન શક્તિ | 60% | 90% |
| શીરોપરી ખર્ચ (₹) | 60,000 | 75,000 |

100% ઉત્પાદનશક્તિએ શિરોપરી ખર્ચ કેટલા થશે ?

**(અ) 80,000** (બ) 75,000 (ક) 1,0,5000 (ડ) 90,000

(17) 60% અને 100% ઉત્પાદન શક્તિએ શિરોપરી ખર્ચ અનુક્રમે ₹ 1,80,000 અને ₹ 2,40,000 છે. 70% ઉત્પાદન શક્તિએ શીરોપરી ખર્ચની ગણતરી કરો.

(અ) ₹ 90,000 (બ) ₹ 1,80,000 **(ક) ₹ 1,95,000** (ડ) ₹ 2,85,000

(18) 20% સપાટીએ 2000 એકમોનું ઉત્પાદન થાય છે. 50% શક્તિએ ઘસારો એકમદીઠ ₹ 6 છે. જ્યારે 75% શક્તિએ એકમદીઠ ₹ 4 છે તો ઘસારો કયાં પ્રકારનો ખર્ચ થાય.

(અ) ચલિત (બ) અર્ધચલિત (ક) સીધો **(ડ) સ્થિર**

(19) વર્તમાન ઉત્પાદન 6,000 એકમો છે. કારખાનાખર્ચ એકમદીઠ ₹ 4 છે, જે 50% સ્થિર છે. તો 12,000 એકમોને કારખાનાખર્ચ.

(અ) ₹ 12,000 (બ) ₹ 24,000 **(ક) ₹ 36,000** (ડ) ₹ 48,000

(20) નીચેના પૈકી કયો ખર્ચ પરિવર્તનશીલ અંદાજપત્રથી સંબંધિત નથી.

(અ) સ્થિરખર્ચ **(બ) તફાવત પડતર** (ક) ચલિત ખર્ચ (ડ) કુલ ખર્ચ

**(c) વ્યવહારુ દાખલા :**

**દાખલા-1** નીચેની માહિતી તરંગ (પ્રા) લી.ને લગતી છે. તેને આધારે તમારે 75% સપાટી અને 90% સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

| વિગત | રકમ ₹ |
|---|---|
| **સ્થિર ખર્ચા :** | |
| કરવેરા / ભાડુ | 2,50,000 |
| વીમો | 1,35,000 |
| **ચલિત ખર્ચા :** (50% સપાટી) | |
| પ્રત્યક્ષ માલસામાન | 2,50,000 |
| પ્રત્યક્ષ મજુરી | 1,75,000 |
| **અર્ધચલિત ખર્ચા :** | |
| કારખાના પરોક્ષ (20% સ્થિર) | 1,00,000 |
| વેચાણ - વિતરણ ખર્ચ (40% સ્થિર) | 1,50,000 |

**વધારાની માહિતી :**

(1) સ્થિર ખર્ચા નિયમોનુસાર બદલશે નહિ.

(2) 50% સપાટીએ 5,000 એકમોનું ઉત્પાદન થાય છે.

(3) કુલ પડતર શોધો.

| | | |
|---|---|---|
| **જવાબ :** (ઉત્પાદનની સપાટી | 75% | 90% |
| કુલ પડતર | 13,57,500 | 14,85,000) |

**દાખલા-2** નીચેની માહિતી કવિતા લિ.ના ચોપડામાંથી ઉપલબ્ધ છે.

| **વિગત** | **રકમ ₹** |
|---|---|
| **સ્થિર ખર્ચા :** | |
| ઘસારો | 85,000 |
| પગાર | 73,500 |
| કરવેરા | 61,500 |
| **ચલિત ખર્ચા :** (50% સપાટી) | |
| પ્રત્યક્ષ માલસામાન | 500,000 |
| પ્રત્યક્ષ મજુરી | 2,50,000 |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | 1,25,000 |
| **અર્ધચલિત ખર્ચા :** | |
| કારખાના પરોક્ષખર્ચ | 300,000 |
| પાવર ખર્ચ | 1,50,000 |
| સમારકામ ખર્ચ | 75,000 |

વધારાની માહિતી

(1) સ્થિરખર્ચા 100% સપાટી સુધી સ્થિર રહેશે. 100% થી ઉત્પાદન વધે ત્યારે તેમાં 10%નો વધારો કરવો.

(2) અર્ધચલિત ખર્ચા 40% થી 60% ઉત્પાદન સપાટી વચ્ચે સ્થિર રહેશે. 60 થી 80% સપાટીએ તેમાં 10%નો વધારો થશે. 80% થી 100% સપાટીએ 20%નો વધારો થશે. જ્યારે ઉત્પાદન 100%થી વધે ત્યારે 25%નો વધારો થશે.

(3) 50% સપાટીએ 10,000 એકમોનું ઉત્પાદન થાય છે. એકમદીઠ વેચાણ કિંમત 150 ₹ છે.

(4) ઉપરની માહિતી પરથી 50%, 75%, 100% અને 125% સપાટી માટેનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

(**જવાબ :**

| ઉત્પાદનની સપાટી | 50% | 75% | 100% | 125% |
|---|---|---|---|---|
| કુલ પડતર | 16,20,000 | 21,10,000 | 26,00,000 | 30,85,750 |
| નફો (નુકસાન) | (1,20,000) | 1,40,000 | 4,00,000 | 6,64,250 |
| વેચાણ1,500,000 | 22,50,000 | 30,00,000 | 37,50,000) | |

***દાખલા-3*** પ્રપોઝલ લી. 100% સપાટીએ 5000 એકમોનું ઉત્પાદન કરે છે. તેમના ચોપડામાંથી નીચેની વિગતો મળે છે.

| **વિગત** | **જાન્યુ-2018 70% સપાટી** | **ફેબ્રુ-2018 90% સપાટી** |
|---|---|---|
| ઉત્પાદીત એકમો | 3,500 | 4,500 |
| | રકમ ₹ | રકમ ₹ |
| પ્રત્યક્ષ માલસામાન | 35,000 | 45,000 |
| પ્રત્યક્ષ મજુરી કલાકદીઠ દર | 50 | 50 |
| નિભાવ અને સમારકામ ખર્ચ | 8,000 | 9,000 |

| | | |
|---|---|---|
| પ્રત્યક્ષ ખર્ચા | 10,500 | 13,500 |
| સ્ટોર્સ | 3,500 | 4,500 |
| પગાર | 20,000 | 20,000 |
| ચકાસણી ખર્ચ | 3,000 | 3,600 |
| ઘસારો | 6,000 | 6,000 |
| પાવર | 4,000 | 4,800 |

ઉત્પાદનનો દર કલાકદીઠ 10 એકમ છે. તમારે કુલ પડતર અને કુલ પડતર કલાકદીઠ શોધવાની છે. 60%, 80% અને 100% સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો. તમારી ગણતરી જવાબના ભાગરૂપે દર્શાવો.

(**જવાબ :**

| ઉત્પાદનની સપાટી | 60% | 80% | 100% |
|---|---|---|---|
| કુલ પડતર | 96,300 | 1,18,700 | 1,41,100) |

**દાખલા-4** નીચેની માહિતી નીતા ફૂડ્સ કાં. ના ચોપડામાંથી ઉપલબ્ધ છે.

| **વિગત** | **50% સપાટી** | **70% સપાટી** |
|---|---|---|
| ઘસારો | 1,20,000 | 1,20,000 |
| પ્રત્યક્ષ માલસામાન | 2,50,000 | 3,50,000 |
| સમારકામ ખર્ચ | 1,00,000 | 1,10,000 |
| પગાર | 1,00,000 | 1,00,000 |
| ભાડું | 85,000 | 8,5000 |
| પ્રત્યક્ષ મજુરી | 2,00,000 | 2,80,000 |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | 50,000 | 70,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા | 1,50,000 | 2,00,000 |
| વેચાણ-વિતરણ ખર્ચા | 50,000 | 60,000 |
| ઉત્પાદન (એકમો) | 10,000 | 14,000 |
| એકમદીઠ વેચાણ કિંમત (120 દરેક સપાટી) | 120 | 120 |

ઉપરની માહિતી પરથી 60%, 80% અને 100% સપાટી માટેનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો. અને નફો કે નુકશાન પણ શોધો તમારે ગણતરી જવાબના ભાગરૂપે દર્શાવવાની છે.

(જવાબ : ઘસારો, પગાર, ભાડું, ઉત્પાદનની બંને સપાટીએ સમાન છે તેથી સ્થિર ખર્ચ કહેવાય.

| ઉત્પાદનની સપાટી | 60% | 80% | 100% |
|---|---|---|---|
| કુલ પડતર | 12,40,000 | 15,10,000 | 17,80,000 |
| નફો | 2,00,000 | 4,10,000 | 6,20,000 |
| વેચાણ | 14,40,000 | 19,20,000 | 24,00,000) |

**દાખલા-5** એકમ કારખાનું 60% ઉત્પાદન શક્તિએ 600 એકમોનું ઉત્પાદન અને વેચાણ કરે છે. 60% ઉત્પાદન શક્તિએ એકમદીઠ પડતર ₹ 220 નીચે મુજબ છે.

| **વિગત** | **રકમ ₹** | |
|---|---|---|
| કાચોમાલ એકમદીઠ | 100 | |
| મજુરી એકમદીઠ | 20 | |
| કારખાના પરોક્ષ ખર્ચા | 50 | (60% સ્થિર) |
| વહીવટી પરોક્ષ ખર્ચા | 50 | (60% સ્થિર) |
| | 220 | |

આ ઉત્પાદન એકમદીઠ ₹ 250ના ભાવે વેચવામાં આવે છે.

80% ઉત્પાદન શક્તિએ કાચામાલના ખર્ચમાં 5% વધારો થાય છે. અને વેચાણ કિંમતમાં 2%નો ઘટાડો થાય છે.

90% ઉત્પાદન શક્તિએ કાચામાલના ખર્ચમાં 10%નો વધારો થાય છે. અને વેચાણ કિંમતમાં 4%નો ઘટાડો થાય છે.

સ્થિરખર્ચા 50%થી 70% ક્ષમતા વચ્ચે સ્થિર રહે છે. પરંતુ 70% થી 85% વચ્ચે ઉપરની રકમના 10% વધે છે. જ્યારે 85% થી 100% ક્ષમતા વચ્ચે સ્થિર ખર્ચા ઉપરની રકમના 20% વધે છે.

ઉપરની વિગતો પરથી 80% અને 90% ઉત્પાદન શક્તિએ કેટલો નફો થશે તે દર્શાવતું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

(**જવાબ :**

| **ઉત્પાદન સપાટી** | **80%** | **90%** |
|---|---|---|
| કુલ પડતર | 1,70,200 | 1,94,400 |
| નફો | 25,800 | 21,600 |
| વેચાણ | 1,96,00 | 2,16,000) |

**દાખલા-6** નીચેની માહિતી ભાવિન પેપર મિલ્સના ચોપડામાંથી ઉપલબ્ધ થઈ છે. 50% ક્ષમતા એ 7500 એકમોનું ઉત્પાદન થાય છે. એકમદીઠ પડતર ₹ ખર્ચનો સરવાળો 340 થાય છે ? જે નીચે મુજબ છે.

| **વિગત** | **રકમ ₹** |
|---|---|
| માલસામાન | 200 |
| મજુરી | 60 |
| કારખાના પરોક્ષ ખર્ચા | 60 (₹ 24 સ્થિર) |
| વહીવટી પરોક્ષ ખર્ચ | 20 (₹ 10 સ્થિર) |

એકમદીઠ વેચાણ કિંમત ₹ 400 છે.

જો મિલ્સ 75% સપાટીએ ઉત્પાદન કરે તો માલસામાનની કિંમતમાં 5%નો વધારો થશે તેમજ વેચાણ કિંમતમાં 2%નો ઘટાડો થશે.

જો મિલ્સ 100% સપાટીએ ઉત્પાદન કરે તો માલસામાનની કિંમતમાં 10%નો વધારો થશે તેમજ વેચાણ કિંમતમાં 5%નો ઘટાડો થશે.

તમારે ઉપરથી માહિતી પરથી 75% સપાટી અને 100% સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

(જવાબ :

| **ઉત્પાદન સપાટી** | **75%** | **100%** |
|---|---|---|
| કુલ પડતર | 35,85,000 | 45,45,000 |
| નફો | 8,25,000 | 11,55,000 |
| વેચાણ | 44,10,000 | 57,00,000) |

**દાખલા-7** નીચેની માહિતી પરથી નિમિષા પ્લાસ્ટિક મેકર્સ માટે 50% માહિતી પરથી તમે 75%, 100% અને 125% ઉત્પાદન સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

| **વિગત**<br>**વર્તમાન 50 સપાટીએ 12,500 એકમ ઉત્પાદન** | **રકમ ₹**<br>**25% સપાટી** | **રકમ ₹**<br>**50% સપાટી** |
|---|---|---|
| માલસામાન | 2,50,000 | 5,00,000 |
| મજુરી | 2,00,000 | 4,00,000 |
| અન્ય ખર્ચ | 1,50,000 | 3,00,000 |
| પગાર | 2,10,000 | 2,10,000 |
| વિમો | 1,15,000 | 1,15,000 |
| સમારકામ નિભાવખર્ચ | 2,10,000 | 2,50,000 |
| કારખાના પરોક્ષ ખર્ચ | 1,75,000 | 2,60,000 |
| ભાડુ | 85,000 | 85,000 |

વધારાની માહિતી

(1) સ્થિરખર્ચા 100% સપાટી સુધી સમાન રહેશે ત્યારબાદ તેમાં 5%નો વધારો થશે.

(2) માલસામાન 100% સપાટી સુધી એકમદીઠ સ્થિર રહેશે. ત્યારબાદ 2%નો ઘટાડો થશે.

(3) એકમદીઠ વેચાણ કિંમત છે. ₹ 180 પરંતુ 100% થી ઉત્પાદન વધે ત્યારે તેમાં 5%નો ઘટાડો થશે.

(4) 75%, 100% અને 125% સપાટીનો નફો પણ શોધો.

(જવાબ :

| ઉત્પાદનની સપાટી | 75% | 100% | 125% |
|---|---|---|---|
| કુલ પડતર | 28,45,000 | 35,70,000 | 43,03,500 |
| નફો | 5,30,000 | 9,30,000 | 10,40,250 |
| વેચાણ33,75,000 | 45,00,000 | 53,43,750) | |

**દાખલા-8** F કંપની લિ. 5,000 એકમોનું ઉત્પાદનનું અંદાજપત્ર નીચે મુજબ છે.

| **વિગત** | **એકમદીઠ (₹)** |
|---|---|
| કાચો-માલસામાન | 150 |
| પ્રત્યક્ષ મજુરી | 75 |
| પ્રત્યક્ષ ખર્ચા | 20 |
| ઉત્પાદનના પરોક્ષ ખર્ચા (60% સ્થિર) | 80 |
| વહીવટી પરોક્ષ ખર્ચા (80% સ્થિર) | 40 |
| વેચાણ અને વિતરણ ખર્ચ (50% સ્થિર) | 20 |

ઉત્પાદનનો માસિક અંદાજ 6,000 એકમો અથવા 7,000 એકમોનો છે.

ઉપરની માહિતી પરથી 6,000 અને 7,000 એકમનું અંદાજપત્ર તૈયાર કરો.

**જવાબ :**

| | | |
|---|---|---|
| ઉત્પાદનની સપાટી | 6,000 એકમ | 7,000 એકમ |
| કુલ પડતર | 22,20,000 | 25,12,000 |

**દાખલા-9** કોપર કંપનીનું વાર્ષિક પરિવર્તનશીલ અંદાજપત્ર નીચે મુજબ છે.

| વિગત | 60% | 80% | 100% |
|---|---|---|---|
| પ્રત્યક્ષ સામાન | 1,80,000 | 2,40,000 | 3,00,000 |
| પ્રત્યક્ષ મજુરી | 2,40,000 | 3,20,000 | 4,00,000 |
| કારખાના પરોક્ષ ખર્ચ | 1,40,000 | 160000 | 180000 |
| ઑફિસ શીરોપરી ખર્ચ | 60,000 | -70,000 | 80,000 |
| વેચાણ વિતરણ શીરોપરી ખર્ચ | 1,00,000 | 1,16,000 | 1,32,000 |

કંપની વર્તમાન સપાટી 50% એ ઉત્પાદન કરે છે. વેચાણનો આંકડો વર્તમાન કિંમતે ₹ 6,40,000 છે. જો વેચાણ કિંમતમાં 5%નો ઘટાડો કરવામાં આવે તો 75% ક્ષમતાએ કંપની ઉત્પાદન કરી શકે છે. જો વેચાણ કિંમતમાં 8%નો ઘટાડો કરવામાં આવે તો ઉત્પાદન ક્ષમતા 90% સુધી વધારી શકાય છે.

ઉપરની માહિતી પરથી 50%, 75% અને 90% સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો અને નફો શોધી તમારો અભિપ્રાય સંચાલનને આપો.

**જવાબ :**

| **ઉત્પાદનની સપાટી** | 50% | 75% | 90% |
|---|---|---|---|
| પ્રાથમિક પડતર | 3,50,000 | 5,25,000 | 6,30,000 |
| કારખાના પડતર | 4,80,000 | 6,80,000 | 8,00,000 |
| ઉત્પાદન પડતર | 5,35,000 | 7,47,000 | 8,75,000 |
| વેચાણ પડતર | 6,27,000 | 8,59,500 | 9,99,000 |
| અંદાજિત વેચાણ | 6,40,000 | 9,12,000 | 10,60,000 |
| નફો | 13,000 | 52,500 | 61,000 |

**દાખલા-10** નીચેની માહિતી પરથી 70%, 80% અને 90% સપાટીનું પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો. અને કલાકદીઠ મજુરીદર શોધો.

| વિગત | 70% | 80% | 90% |
|---|---|---|---|
| ***ચલિત ખર્ચા :*** | | | |
| પરોક્ષ ખર્ચા | - | 12,000 | - |
| સ્ટોર્સ ખર્ચા | - | 4,000 | - |
| **અર્ધ-ચલિત ખર્ચા :** | | | |
| પાવર (30% સ્થિર) | - | 20,000 | - |
| સમારકામ અને નિભાવખર્ચ (40% ચલિત) | - | 2,000 | - |
| **સ્થિરખર્ચા :** | | | |
| ઘસારો | - | 11,000 | - |
| વિમો | | 3,000 | - |
| પગાર | | 10,000 | - |
| પ્રત્યક્ષ મજુર કલાકો | - | 1,24,000 કલાક | - |

| **જવાબ :** | સપાટી ક્ષમતા | 70% | 80% | 90% |
|---|---|---|---|---|
| | કુલ પડતર | 58,150 | 62,000 | 65,850 |
| | મજુર કલાકદર | ₹ 10.536 | ₹ 0.50 | ₹ 0.472 |

મજુર કલાકો

80% ક્ષમતા = 1,24,000

70% ક્ષમતા = 10,8,500

90% ક્ષમતા = 1,39,500

**દાખલા-11** પ્રશાંત લિ. 100% કાર્યક્ષમતાએ ચોક્કસ વસ્તુના 4,000 એકમોનું ઉત્પાદન કરે છે. હિસાબી ચોપડામાંથી નીચેની માહિતી મેળવવામાં આવી છે.

| **વિગત** | **વર્ષ-2018** | |
|---|---|---|
| | **ફેબ્રુઆરી** | **માર્ચ** |
| ઉત્પાદન | 2,800 એકમ | 3,600 એકમ |
| માલસામાન | 28,000 | 36,000 |
| પ્રત્યક્ષ મજુરી (કલાકદીઠ) | 50 | 50 |
| મરામત-જાળવણી | 6,400 | 7,200 |
| પ્રત્યક્ષ-ખર્ચા | 8400 | 10,800 |
| વપરાશી સ્ટોર્સ | 20000 | 3,600 |
| પગાર | 29000 | 20,000 |
| તપાસ | 2,400 | 2,880 |
| ઘસારો | 5,000 | 5,000 |
| પાવર | 3,200 | 3,840 |

ઉત્પાદનનો દર પ્રત્યેક કલાકે 10 એકમ છે. પરિવર્તનશીલ અંદાજપત્ર હેઠળ 60%, 80%, અને 100% ક્ષમતાએ ઉત્પાદનની પડતર તથા કલાકદીઠ પડતરની ગણતરી કરો. તમારી કાર્યનોંધ દર્શાવો.

**જવાબ :**

| **વિગત** | **60% સપાટી** | **80% સપાટી** | **100% સપાટી** |
|---|---|---|---|
| કુલ પડતર | 81,640 | 98,760 | 1,15,880 |
| કલાકદીઠ પડતર | 340.17 | 308.62 | 289.70 |

# એકમ 12
# પ્રમાણ પડતર પદ્ધતિ-1

**રૂપરેખા**

**12.1 પરિચય**
**12.2 પ્રમાણ પડતર અને પ્રમાણ પડતર પદ્ધતિનો અર્થ અને પરિચય**
**12.3 પ્રમાણના પ્રકારો**
**12.4 પ્રમાણ પડતર નિર્ધારણ સમિતિ**
**12.5 પ્રમાણ પડતર પદ્ધતિના ફાયદા અને મર્યાદા**
**12.6 વિચલન અને વિચલન વિશ્લેષણનો અર્થ**
**12.7 સ્વાધ્યાય**

## 12.1 પરિચય :

ઐતિહાસિક પડતર પદ્ધતિમાં વસ્તુનું ઉત્પાદન થઈ ગયા પછી તેની પાછળ કરવામાં આવેલા ખર્ચ પરથી વસ્તુની પડતર શું તે નક્કી કરવામાં આવે છે. એટલે કે ઐતિહાસિક પડતર પદ્ધતિમાં વસ્તુની પડતર નક્કી કરવા માટે વસ્તુનું ઉત્પાદન થઈ જાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. ઐતિહાસિક પડતર પદ્ધતિથી ફક્ત એટલી જ જાણકારી પ્રાપ્ત થઈ શકે છે કે થયેલ ઉત્પાદિત વસ્તુની પડતર કેટલી આવી. આજના આધુનિક ગળાકાપ હરીફાઈના યુગમાં આ પદ્ધતિ હવે વાજબી ગણી શકાય નહીં.

આજના હરીફાઈના યુગમાં ટકી રહેવા ઉત્પાદકે એ જાણવું જરૂરી બની રહે છે કે ઉત્પાદન થયા પહેલાં ઉત્પાદનની પડતર કેટલી હોવી જોઈએ ? એટલે કે ઉત્પાદકે ઉત્પાદન થયા પહેલા વસ્તુની પડતર અંગેના ધોરણો નક્કી કરવા પડે છે અને જ્યારે ખરેખર ઉત્પાદન થાય ત્યારે તેને નક્કી કરેલા ધોરણો સાથે સરખાવી ઉદ્ભવેલા તફાવતોને આધારે અંકુશની કાર્યવાહી કરવામાં આવે છે અને કાર્યક્ષમતામાં સુધારો લાવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. આ રીતે નક્કી કરવામાં આવેલ આયોજિત પડતર પદ્ધતિને ''પ્રમાણ પડતર પદ્ધતિ'' તરીકે ઓળખવામાં આવે છે.

ઐતિહાસિક પડતર પદ્ધતિ એ પડતર અંકુશ રાખવા મદદરૂપ નીવડતી નથી તથા સંચાલકો માટે જરૂરી નીતિ-નિર્ણયોમાં પણ ઉપયોગી નથી. આ ઉપરાંત ટેન્ડર કિંમત નક્કી કરવા માટે કે ઉત્પાદન આયોજન કરવા માટે પણ ઐતિહાસિક પડતર પદ્ધતિ બિનઉપયોગી છે. ઐતિહાસિક પડતર પદ્ધતિની આ મર્યાદાઓને કારણે પ્રમાણ પડતર પદ્ધતિનો વિકાસ થયો. જેમાં પડતરના અગાઉથી યોગ્ય ધોરણો નક્કી કરવામાં આવે છે અને જ્યારે ખરેખર ઉત્પાદન થાય ત્યારે તેને પ્રમાણ સાથે સરખાવવામાં આવે છે. આ સરખામણી પરથી જે તફાવતો ઉદ્ભવે તેને આધારે પડતર નિયંત્રણના પગલાં હાથ ધરવામાં આવે છે.

## 12.2 પ્રમાણ પડતર અને પ્રમાણ પડતર પદ્ધતિનો અર્થ અને પરિચય :

- સામાન્ય અર્થમાં કહીએ તો, ''વસ્તુના ભાવિ ઉત્પાદન માટે અગાઉથી ધોરણો નક્કી કરી વૈજ્ઞાનિક રીતે નક્કી કરેલી પડતર એટલે પ્રમાણ પડતર.''

- ચાર્ટર્ડ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સએ આપેલ વ્યાખ્યા મુજબ, ''પ્રમાણ પડતર એ ચોક્કસ સમયગાળા માટેની વસ્તુ કે સેવાની આયોજિત ઉત્પાદન પડતર છે કે જે નિર્ણય ઘડતર, અંકુશ, સ્ટોકનું મૂલ્યાંકન, વેચાણ કિંમત નક્કી કરવી વગેરેમાં સહાયભૂત નિવડે છે.''
- શ્રી ડીકીના મંતવ્ય મુજબ, ''પ્રમાણ પડતર એટલે વસ્તુ કે સેવા ખાતે ઉધારવાની માલસામાન, મજૂરી અને પરોક્ષ ખર્ચાઓની વૈજ્ઞાનિક રીતે અગાઉથી નક્કી કરેલી પડતર.''
- ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાએ આપેલી વ્યાખ્યા અનુસાર, ''પ્રમાણ પડતર એ પૂર્વનિર્ધારિત પડતર છે કે જે કાર્યક્ષમતા અને આનુષાંગિક જરૂરી ખર્ચા અંગેના ધોરણો નક્કી કરે છે અને જે વિચલન વિશ્લેષણ દ્વારા કિંમત નક્કી કરવામાં અને પડતર અંકુશ માટે ઉપયોગી બને છે.

Standard cost is defined, "As a pre-determined cost which is calculated form management's standard of efficient operation and the relevant necessary expenditure. It may be used as a basis for price fixing and for cost control through variance analysis."

ઉપરોક્ત વ્યાખ્યાના અનુસંધાનમાં પ્રમાણ પડતર પદ્ધતિના મુખ્ય ત્રણ તત્ત્વો નીચે મુજબ રજૂ કરી શકાય.

(1) આ એક એવી પડતર કે જે અગાઉથી ધોરણો નક્કી કરે છે.

(2) ખરેખર કામગીરીનું મૂલ્યાંકન કરે છે.

(3) પ્રમાણ અને ખરેખર કામગીરીના વિચલનો દ્વારા માપન થાય છે.

### પ્રમાણ પડતર પદ્ધતિનાં લક્ષણો :

પ્રમાણ પડતર પદ્ધતિની ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે નીચે મુજબના લક્ષણો દર્શાવી શકાય :

(1) પૂર્વનિર્ધારિત પડતર, (2) પડતર પર અંકુશ, (3) વેચાણકિંમત નક્કી કરવાનો આધાર, (4) પડતરની સરખામણી, (5) વિચલનોની ગણતરી, (6) સુધારાત્મક પગલાં.

**(1) પૂર્વનિર્ધારિત પડતર :** પ્રમાણ પડતર પદ્ધતિમાં વસ્તુ કે સેવાનું ઉત્પાદન થયા પહેલાં તેની પડતર કેટલી હશે તે અગાઉથી નક્કી કરવામાં આવે છે, એટલે કે પ્રમાણ પડતર પદ્ધતિનું ઉત્પાદન પહેલા અગાઉથી જ નિર્ધારણ થાય છે. ટૂંકમાં, પ્રમાણ પડતર પદ્ધતિ એ પૂર્વનિર્ધારિત પડતર છે.

**(2) પડતર પર અંકુશ :** પ્રમાણ પડતર પદ્ધતિ એ પડતર પર અંકુશ રાખવાના સાધન તરીકે ઉપયોગી છે, જેમાં પડતરનાં નક્કી કરેલા ધોરણોને ખરેખર પડતર સાથે સરખાવીને શોધવામાં આવે છે અને તેને આધારે પડતર પર અંકુશ રાખવામાં આવે છે.

**(3) વેચાણકિંમત નક્કી કરવાનો આધાર :** પ્રમાણ પડતર એ પૂર્વનિર્ધારિત પડતર છે. વસ્તુ કે સેવાના ઉત્પાદન પહેલાં જ તેના ઉત્પાદન અંગેના પ્રમાણો નક્કી કરવામાં આવે છે જેથી ટેન્ડર કિંમત નક્કી કરવા તથા ગ્રાહકના ઓર્ડરના અનુસંધાનમાં વેચાણકિંમત કરી શકાય છે.

**(4) પડતરની સરખામણી :** પ્રમાણ પડતર પદ્ધતિમાં અગાઉથી નક્કી કરેલ પ્રમાણ પડતરને વસ્તુ કે સેવાની ખરેખર થયેલ પડતર સાથે સરખાવવામાં આવે છે અને પ્રમાણ પડતર તથા ખરેખર પડતર વચ્ચે થયેલા તફાવતો નક્કી કરવામાં આવે છે.

**(5) વિચલનોની ગણતરી :** પ્રમાણ પડતર અને ખરેખર પડતરને આધારે પડતરના જુદાં જુદાં તત્ત્વો જેવા કે માલસામાન, મજૂરી, પરોક્ષ ખર્ચાને લગતાં જરૂરી વિચલનોની ગણતરી કરવામાં આવે છે. આ ઉપરાંત વેચાણગાળાને લગતાં તથા વેચાણકિંમતના વિચલનોની પણ ગણતરી કરવામાં આવે છે. આમ, વિચલનોની ગણતરી એ પડતર પદ્ધતિનો મુખ્ય ભાગ ગણાય છે. કારણ કે વિચલનોને આધારે જ પડતર અંકુશ અંગેનો નિર્ણય લેવામાં આવે છે.

**(6) સુધારાત્મક પગલાં :** પ્રમાણ પડતર પદ્ધતિમાં વિચલનોની ગણતરી દ્વારા પ્રમાણ પડતર વચ્ચે થયેલા તફાવતોનાં મૂળ કારણો શોધવામાં આવે છે અને આ કારણો પરથી ભવિષ્ય માટે સુધારાત્મક પગલાં હાથ ધરવામાં આવે છે.

### પ્રમાણ પડતર અને અંદાજી પડતરની તુલના :

પ્રમાણ પડતર અને અંદાજી પડતરને મોટાભાગે પર્યાય શબ્દો તરીકે પ્રયોજવામાં આવે છે. જોકે બંને અગાઉથી નક્કી કરવામાં આવતી પડતર છે, પરંતુ બંનેમાં નીચે મુજબના તફાવતો જોવા મળે છે.

| તફાવતના મુદ્દા | પ્રમાણ પડતર | અંદાજી પડતર |
|---|---|---|
| **1. અર્થ :** | પ્રમાણ પડતર એટલે વસ્તુ કે સેવાની વૈજ્ઞાનિક રીતે અગાઉથી નક્કી કરેલી તેના ઉત્પાદનની પડતર | અંદાજી પડતર એટલે ભૂતકાળના અનુભવો અને ભવિષ્યમાં થનાર ફેરફારોને ધ્યાનમાં લઈને નક્કી કરવામાં આવતી પડતર |
| **2. ક્યાં ઉપયોગી ?** | જે એકમોમાં ખાસ કરીને પ્રમાણ પડતર પદ્ધતિ અપનાવાયેલી હોય ત્યાં પ્રમાણ પડતરનો ઉપયોગ કરવામાં આવે છે. | જ્યારે કોઈ પણ ધંધામાં, ગમે તે ક્ષેત્રમાં કે ગમે તે પરિસ્થિતિમાં અંદાજી પડતરનો ઉપયોગ થઈ શકે છે. |
| **3. શા માટે ?** | પ્રમાણ પડતર ખાસ કરીને વિચલન વિશ્લેષણના ઉપયોગ દ્વારા પડતર પર અંકુશ રાખવા માટે ઉપયોગી છે. | અંદાજી પડતર સંચાલકોને નીતિ ઘડતરમાં કિંમત નિર્ધારણમાં તથા અંદાજી કિંમત નક્કી કરવા ઉપયોગી છે. |
| **4. પ્રમાણો** | પ્રમાણ પડતરના દરેક તત્ત્વ (માલસામાન, મજૂરી પરોક્ષ ખર્ચા) માટે અગાઉથી વૈજ્ઞાનિક ધોરણે પ્રમાણો નક્કી કરવામાં આવે છે. | અંદાજી પડતર ધંધાના સામાન્ય (Common) બાબતો માટે ઉપયોગી હોવાથી પડતરના દરેક તત્ત્વો માટેના પ્રમાણો નક્કી કરવામાં આવતાં નથી. |
| **5. કઈ બાબત પર ભાર** | પ્રમાણ પડતર નજીકના ભવિષ્યમાં વસ્તુ કે સેવાની પડતર કેટલી હોવી જોઈએ તેના પર ભાર મૂકે છે | અંદાજી પડતર વસ્તુ કે સેવાની નક્કી કરેલ પડતર તેની મર્યાદાથી વધે નહીં તેની પર ભાર મૂકે છે. |

## 12.3 પ્રમાણના પ્રકારો :

સફળ પ્રમાણ પડતર પદ્ધતિ દાખલ કરવાનો મુખ્ય આધાર કયા પ્રકારનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે તેના પર રહેલો છે. સંજોગો અને પરિસ્થિતિ બદલાતાં પ્રમાણમાં ફેરફાર કરવો જરૂરી બનતો હોય છે. જુદા જુદા સંજોગો અનુસાર જુદા જુદા પ્રમાણ નક્કી કરવામાં આવે છે. પ્રમાણ પડતર પદ્ધતિમાં મુખ્ય ચાર પ્રકારના પ્રમાણો નક્કી કરવામાં આવતા હોય છે જેની ચર્ચા નીચે મુજબ કરવામાં આવી છે :

(1) આદર્શ પ્રમાણ (2) સામાન્ય પ્રમાણ (3) મૂળ પ્રમાણ
(4) ચાલુ પ્રમાણ
(Ideal Standard) (Normal Standard) (Basic Standard)
(Current Standard)

**(1) આદર્શ પ્રમાણ :** જ્યારે માલસામાન અને મજૂરીના ભાવો ખૂબ જ અનુકૂળ હોય,

જ્યારે ઉત્પાદનના સાધનોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરીને ઉચ્ચ ઉત્પાદન મેળવી શકાતું હોય, જ્યારે ઓછામાં ઓછાં ખર્ચે વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકાતું હોય ત્યારે આ સંજોગોમાં જે પ્રમાણો સિદ્ધ કરી શકાતા હોય તેવા પ્રમાણોને આદર્શ પ્રમાણો કહેવાય. ટૂંકમાં, ઉત્પાદન અંગે શ્રેષ્ઠતમ કામગીરીની પરિસ્થિતિમાં જે પ્રમાણો મેળવી શકાતાં હોય તેવાં પ્રમાણોને આદર્શ પ્રમાણ કહેવામાં આવે છે. ધંધાકીય એકમમાં ઉત્પાદન અંગે શ્રેષ્ઠ કામગીરી ઉદ્ભવવાનો અવકાશ ઘણો જ ઓછો હોય છે. પરિણામ નક્કી કરેલા આવા આદર્શ પ્રમાણોને લીધે કોઈ વિચલન ઉદ્ભવે તો તેમાં કોઈ માનવીય દોષ હોવાની સંભાવના હોય છે. ધંધાની આ તમામ પ્રકારની ચાલુ પરિસ્થિતિના ફેરફારોને ધ્યાનમાં લઈને સંજોગોવસાત ચાલુ પ્રમાણમાં જરૂરી ફેરફારો કરવામાં આવતાં હોય છે.

**પ્રમાણો નક્કી કરવા :**

પ્રમાણ પડતર પદ્ધતિમાં પડતરનાં દરેક તત્ત્વો અંગે પ્રમાણો નક્કી કરવામાં આવે છે. આ પ્રમાણો નીચે મુજબ છે :

**(1) પ્રત્યક્ષ માલસામાન અંગેના પ્રમાણો :** પ્રત્યક્ષ માલસામાન માટે અગાઉથી નીચે મુજબના પ્રમાણો નક્કી કરવામાં આવે છે :

(i) માલસામાનની એકમદીઠ કિંમત
(ii) ઉત્પાદન દરમિયાન માલસામાનનો વપરાશ
(iii) બગાડનું પ્રમાણ
(iv) બગાડની ઊપજી શકે તેવી કિંમત
(v) વિવિધ પ્રકારના માલસામાનના મિશ્રણ અંગેનું પ્રમાણ

**(2) પ્રત્યક્ષ મજૂરી અંગેના પ્રમાણો :** પ્રત્યક્ષ મજૂરી અંગે અગાઉથી નીચે મુજબના પ્રમાણો નક્કી કરવામાં આવે છે.

(i) કામદારોની સંખ્યાનું પ્રમાણ
(ii) કામદારને ચૂકવવાની મજૂરીનો દર (કલાકદીઠ કે દિવસદીઠ)
(iii) ઉત્પાદન દરમિયાનના કામદાર કલાકો
(iv) યંત્રદીઠ કામદારોની સંખ્યાનું પ્રમાણ

**(3) ચલિત પરોક્ષ ખર્ચ અંગેના પ્રમાણો :** ચલિત પરોક્ષ ખર્ચ અંગે નીચે મુજબ પ્રમાણો નક્કી કરવામાં આવે છે.

(i) ચલિત પરોક્ષ ખર્ચનો દર (કલાકદીઠ કે એકમદીઠ)
(ii) કામદાર કલાકોનું પ્રમાણ
(iii) ઉત્પાદિત એકમોનું પ્રમાણ

**(4) સ્થિર પરોક્ષ ખર્ચ અંગેના પ્રમાણો :** સ્થિર પરોક્ષ ખર્ચ અંગે નીચે મુજબ પ્રમાણો નક્કી કરવામાં આવે છે.

(i) સ્થિર પરોક્ષ ખર્ચના દર (કલાકદીઠ કે એકમદીઠ)

(ii) કામદાર કલાકોનું પ્રમાણ

(iii) ઉત્પાદિત એકમોનું પ્રમાણ

**પ્રમાણ પડતર કાર્ડ : (Standard Cost Card)**

પ્રમાણ પડતરમાં પડતરના વિવિધ તત્ત્વો જેમ કે માલસામાન, મજૂરી અને પરોક્ષ ખર્ચની કિંમતો દર્શાવવામાં આવે છે જેને પ્રમાણ ઉત્પાદન એકમો વડે ગુણી કુલ પ્રમાણ પડતર દર્શાવવામાં આવે છે. ટૂંકમાં, પ્રમાણ પડતર કાર્ડમાં તત્ત્વોદીઠ તેની એકમદીઠ કિંમત, ઉત્પાદનનો જથ્થો અને કુલ પ્રમાણ પડતર દર્શાવવામાં આવે છે.

પ્રમાણ પડતર કાર્ડ તૈયાર કરવાના મુખ્ય બે ઉદ્દેશો છે :

(1) વસ્તુ કે સેવાની પ્રમાણ પડતર નક્કી કરવી.

(2) જ્યારે ખરેખર પડતર મળે ત્યારે વિચલન વિશ્લેષણ માટેનો આધાર પૂરો પાડવો.

પ્રમાણ પડતર કાર્ડમાં દર્શાવેલ એકમોની સંખ્યા અને તેની પ્રમાણ પડતર દર્શાવવામાં આવે છે.

## પ્રમાણ પડતર કાર્ડનો નમૂનો

નંબર...........

તારીખ...........

પ્રમાણ નક્કી કરનાર અધિકારીનું નામ...........

| વિગત | એકમો-કલાકો | ભાવ રૂ | કુલ પ્રમાણ પડતર રૂ. |
|---|---|---|---|
| (1) પ્રત્યક્ષ માલસામાન | 20 કિગ્રા | રૂ.2 | રૂ.40 |
| (2) પ્રત્યક્ષ મજૂરી | 30 કલાક | રૂ.1.50 | રૂ.45 |
| (3) ચલિત પરોક્ષ ખર્ચા | 30 કલાક | રૂ.1 | રૂ.30 |
| (4) સ્થિર પરોક્ષ ખર્ચા | 50 એકમો | રૂ.1 | રૂ.50 |
| કુલ પ્રમાણ પડતર | | | રૂ.165 |
| પ્રમાણ નફો | 50 એકમો | રૂ.2 | રૂ.100 |
| પ્રમાણ વેચાણ કિંમત | 50 એકમો | 5.30 | રૂ.265 |

સહી.........

### 12.4 પ્રમાણ પડતર નિર્ધારણ સમિતિ :

પ્રમાણ પડતર પદ્ધતિ અને બજેટ દ્વારા અંકુશની પદ્ધતિ બંને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલ છે. જ્યારે પ્રમાણ પડતર પદ્ધતિનો અમલ થતો હોય અને જુદાં જુદાં પ્રમાણો નક્કી કરવામાં આવ્યાં હોય ત્યારે ઉત્પાદનની પડતર તથા વેચાણ અંગેનાં બજેટો બનાવવાનું કામ પ્રમાણમાં સરળ છે. તેથી ઊલટું, જો પ્રમાણ પડતર પદ્ધતિનો અમલ કરવો હોય તે બજેટમાં ઉત્પાદનની સપાટી નક્કી કરવામાં આવે તો કાર્ય સરળ બને છે. તેને આધારે સમાવેશી પ્રમાણ પડતર પદ્ધતિમાં સ્થિર પરોક્ષ ખર્ચની વસૂલાતનો દર નક્કી થઈ શકે છે. બંને વચ્ચે ઘણી સમાનતાના મુદ્દા છે. બંનેમાં અગાઉથી ખર્ચા અને આવકો નક્કી કરવામાં આવે છે. તે અંગેના કામગીરી અહેવાલો દર મહિને તૈયાર કરવામાં આવે છે અને ખરેખર થયેલી કામગીરી કે પરિણામને પૂર્વનિર્ધારિત રકમો સાથે સરખાવવામાં આવે છે. તફાવત આવે તો સુધારાનાં પગલાં લેવામાં આવે છે. આ તમામ કાર્યોનાં અમલીકરણ માટે પ્રમાણ પડતર નિર્ધારણ સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિનું મુખ્ય કાર્ય પડતર અંકુશનું છે. આ સમિતિ દ્વારા પ્રમાણ પડતર

અને ખરેખર પડતર વચ્ચેની સતત સરખામણી કરવામાં આવે છે. સરખામણી દ્વારા પડતરનું સતત આકલન કરવામાં આવે છે.

## 12.5 પ્રમાણ પડતર પદ્ધતિના ફાયદા અને મર્યાદા :

### પ્રમાણ પડતર પદ્ધતિનાં ફાયદા :

વસ્તુ કે સેવાની પડતર પર યોગ્ય રીતે અંકુશ રાખવા માટે પ્રમાણ પડતર પદ્ધતિ મહત્ત્વનું સાધન પુરવાર થઈ છે. મોટાભાગના ઔદ્યોગિક એકમો પ્રમાણ પડતર પદ્ધતિના યોગ્ય ઉપયોગથી સફળતાના શિખરો સર કરી ચૂક્યા છે. પ્રમાણ પડતર પદ્ધતિના યોગ્ય અને વાજબી ઉપયોગથી નીચે મુજબના ફાયદા મેળવી શકાય છે.

**(1) કાર્યક્ષમતાનું પ્રમાણ જાણી શકાય :** પ્રમાણ પડતર પદ્ધતિમાં વસ્તુ કે સેવાના પડતર અંગેના દરેક તત્ત્વોનું પ્રમાણ અગાઉથી નક્કી કરવામાં આવે છે જેને ખરેખર પડતર સાથે સરખાવવામાં આવે છે. આ સરખામણીને કારણે નક્કી કરેલ પ્રમાણો ખરેખર કેટલે અંશે સફળ થયા છે તેની જાણકારી મેળવી શકાય છે અને ધંધાકીય એકમની કાર્યક્ષમતાનું પ્રમાણ જાણી શકાય છે.

**(2) સુધારાલક્ષી પગલાં :** પ્રમાણ પડતર પદ્ધતિમાં પડતર અંગેના પ્રમાણો કે ધોરણો નક્કી કરતાં પહેલાં ઉત્પાદન પદ્ધતિમાં કામદારોનું પ્રમાણ, કાર્યવિધિ વગેરે બાબતો અંગે વિગતવાર માહિતી મેળવવી પડે છે. માહિતી મેળવ્યા બાદ તેનો અભ્યાસ પણ કરવામાં આવે છે અને જરૂર જણાય ત્યાં સુધારાત્મક પગલાંઓ પણ લઈ શકાય છે. આ ઉપરાંત નક્કી કરેલાં પ્રમાણો અને ખરેખર પડતરમાં તફાવત ઊભો હોય તો તે અંગે પણ સુધારાલક્ષી પગલાં લેવામાં આવે છે.

**(3) પડતર અને અંકુશ :** પ્રમાણ પડતર પદ્ધતિમાં વિચલન વિશ્લેષણ દ્વારા પ્રતિકૂળ વિચલનો અંગે જરૂરી તપાસ કરવામાં આવે છે અને નક્કી કરેલ પ્રમાણ કરતાં વધુ થયેલ ખરેખર ખર્ચ પર અંકુશ રાખવા માટે જરૂરી પગલાં લેવામાં આવે છે.

**(4) બગાડમાં ઘટાડો** : પ્રમાણ પડતર પદ્ધતિને કારણે એકમમાં કામ કરતાં કામદારો, કર્મચારીઓ, સંચાલકો વગેરેમાં પડતર અંગે સભાનતા વધે છે. જેને કારણે માલસમાનનો યોગ્ય સંગ્રહ, ખરીદી અને વપરાશ શક્ય બને છે. ઉપરાંત કામદારોને યોગ્ય કાર્ય વહેંચણીથી સમયનો બગાડ અટકાવી શકાય છે. પ્રમાણ પડતર પદ્ધતિને કારણે અમલ પહેલાં જ સુધારાત્મક પદ્ધતિ અપનાવી શકાય છે.

**(5) વેચાણકિંમત નક્કી કરી શકાય :** પ્રમાણ પડતર પદ્ધતિ દ્વારા પડતરનું વિશ્વાસપાત્ર અને આધારભૂત માળખું તૈયાર થઈ શકે છે અને તેને આધારે વેચાણકિંમત નક્કી કરી શકાય છે.

**(6) ટેન્ડર તપાસ થઈ શકે :** પ્રમાણ પડતર પદ્ધતિમાં વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યમાં થનાર ફેરફારોનો અંદાજ મૂકીને ભાવિ ઉત્પાદન અંગે પડતરનું સ્પષ્ટ માળખું તૈયાર કરી શકાય છે જેને આધારે ટેન્ડર તૈયાર થઈ શકે છે.

**(7) કારકુની કાર્યમાં ઘટાડો :** ઐતિહાસિક પડતર પદ્ધતિમાં જુદા જુદા પત્રકો તૈયાર કરવામાં આવતા હોય છે જે કારકુની બોજમાં વધારો કરે છે. જ્યારે પ્રમાણ પડતર પદ્ધતિમાં શરૂઆતના સંજોગોમાં એકવાર જરૂરી પ્રમાણો નક્કી કર્યા પછી કાર્યમાં ઘટાડો થાય છે. આમ, પ્રમાણ પડતર પદ્ધતિ એ કારકુની કાર્યમાં ઘટાડો કરે છે.

**(8) જવાબદાર કેન્દ્ર નક્કી કરી શકાય :** પ્રમાણ પડતર પદ્ધતિમાં પડતર અંગેના પ્રમાણો કે ધોરણો ઉચ્ચ નિષ્ણાત સંચાલકો દ્વારા નક્કી કરવામાં આવતા હોય છે, જ્યારે કામગીરી તો છેવટે કામદારોએ જ કરવાની હોય છે. આ સંજોગોમાં વિચલનમાં કોઈ પ્રતિકૂળતા ઉત્પન્ન થાય તો તેમાં વૈકલ્પિક પડતર અભિગમ દ્વારા આયોજકોની ખામી છે કે કામગીરીની ખામી છે તે નક્કી કરી શકાય છે. આમ, પ્રમાણ પડતર પદ્ધતિમાં જવાબદાર કેન્દ્ર નક્કી કરી શકાય છે.

**(9) કર્મચારીઓ પર અંકુશ :** પ્રમાણ પડતર પદ્ધતિમાં જરૂરી પ્રમાણો કે ધોરણો નક્કી કરીને આ પ્રમાણોને આધારે જ કામગીરી કરવાની હોવાથી કયા કર્મચારીને કયું કાર્ય સોંપવું તે સરળતાથી નક્કી કરી શકાય છે અને કર્મચારીઓ પર સીધો અને સરળતાથી અંકુશ રાખી શકાય છે.

## પ્રમાણ પડતર પદ્ધતિની મર્યાદાઓ :

પ્રમાણ પડતર પદ્ધતિની મર્યાદાઓ નીચે મુજબ છે :

(1) પ્રમાણ પડતર પદ્ધતિ ગમે તેટલી સફળતાપૂર્વક મૂકવામાં આવી હોય આમ છતાં ખરેખર કામગીરી માટેના હિસાબો તો તૈયાર કરવા જ પડતાં હોય છે, તેથી નાના એકમો માટે આ પદ્ધતિ ખર્ચાળ નીવડી શકે છે.

(2) જે ઉદ્યોગોમાં સ્થિરતાનું પ્રમાણ નહિવત હોય ત્યાં પ્રમાણ નક્કી કરવા મુશ્કેલ છે, જેમ કે કાચા માલના ભાવોમાં સતત ફેરફારો થતા હોય, મજૂરી દર પરિવર્તનશીલ હોય વગેરે કારણોસર પડતર અંગેના સ્થિર પ્રમાણો નક્કી કરવા મુશ્કેલ બને છે.

(3) પ્રમાણ પડતર પદ્ધતિમાં પ્રમાણો નક્કી કરનારા આયોજન વિભાગ અને પ્રમાણોને આધારે ખરેખર કામગીરી કરનાર કામગીરી વિભાગ વચ્ચે સંકલન અને સહકાર હોવો જરૂરી છે. જો આ વિભાગો વચ્ચે યોગ્ય સંકલન અને સહકાર ન હોય તો પ્રમાણ પડતર પદ્ધતિ નિષ્ફળ નીવડી શકે છે.

(4) પ્રમાણ પડતર પદ્ધતિની મુખ્ય ખામી એ છે કે ગમે તેટલી ચોકસાઈ અને ચીવટપૂર્વક પ્રમાણો નક્કી કરવામાં આવ્યા હોય આમ છતાં જ્યારે ખરેખર કામગીરી થાય ત્યારે તેમાં તફાવત તો રહેવાનો જ, એટલે કે વિશ્વાસપાત્ર પ્રમાણોનો અભાવ જોવા મળે છે.

(5) કેટલીક વાર વાસ્તવિક પરિસ્થિતિ કરતાં વધુ પડતાં ઊંચા પ્રમાણો નક્કી કરવામાં આવ્યા હોય તો સ્વાભાવિક રીતે જ કર્મચારીઓ આ પ્રમાણો સિદ્ધ કરી શકતાં નથી, તેથી તેઓમાં હતાશા જન્મે છે. પરિણામે કર્મચારીઓ પર પ્રમાણ પડતર પદ્ધતિની વિપરિત અસર પેદા થાય છે.

(6) કેટલીકવાર પરિસ્થિતિ અને સંજોગોમાં ફેરફાર થાય તેના અનુસંધાનમાં પ્રમાણોમાં ફેરફાર કરવામાં ન આવે તો પ્રમાણ પડતર પદ્ધતિની સફળતા જોખમાય છે.

ઉપરોક્ત દર્શાવેલી પ્રમાણ પડતર પદ્ધતિની મર્યાદાઓને ધ્યાનમાં લઈને તેનો યોગ્ય અને વાજબી ઉપયોગ કરવામાં આવે તો પ્રમાણ પડતર પદ્ધતિ પડતર પર અંકુશ રાખવા તથા નિર્ણય ઘડતરમાં સહાયભૂત નીવડે છે.

## 12.6 વિચલન અને વિચલન વિશ્લેષણનો અર્થ :

આપણે અગાઉ જોઈ ગયા તે મુજબ પ્રમાણ પડતર પદ્ધતિમાં અગાઉથી ઉત્પાદનની પડતર માટેના પ્રમાણો નક્કી કરવામાં આવે છે અને તેને ઉત્પાદનની ખરેખર પડતર સાથે સરખાવવામાં આવે છે. આ સરખામણી કરતાં જે તફાવત મળે તેને વિચલનો કહેવામાં આવે છે. આવા વિચલનો બે પ્રકારના જોવા મળે છે.

(અ) અનુકૂળ વિચલન (Favourable Variance)

(બ) પ્રતિકૂળ વિચલન (Adverse Variance)

જો પ્રમાણ પડતર કરતાં ખરેખર પડતર કે ખર્ચ ઓછો આવે તો તેનાથી ઉદ્ભવતાં વિચલનને અનુકૂળ કે લાભકારક વિચલન કહેવાય. તે જ રીતે જો પ્રમાણ પડતર કરતાં ખરેખર પડતર કે ખર્ચ વધુ આવે તો તેનાથી ઉદ્ભવતાં વિચલનને પ્રતિકૂળ કે બિનનફાકારક વિચલન કહેવાય છે.

પડતરનાં જુદાં જુદાં તત્ત્વોને લગતાં વિચલનોને મુખ્ય પાંચ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે જે નીચે મુજબ છે :

(A) માલસામાન ખર્ચને લગતા વિચલનો

(B) પ્રત્યક્ષ મજૂરી ખર્ચને લગતા વિચલનો

(C) ચલિત પરોક્ષ ખર્ચને લગતાં વિચલનો

(D) સ્થિર પરોક્ષ ખર્ચને લગતાં વિચલનો

(E) વેચાણને લગતાં વિચલનો

## 12.7 સ્વાધ્યાય

**(અ) સૈદ્ધાંતિક (થિયરી)**

(1) પ્રમાણ પડતર પદ્ધતિ એટલે શું ? તેની વ્યાખ્યા આપી પ્રમાણ પડતર પદ્ધતિના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરો.

(2) 'પ્રમાણ પડતર પદ્ધતિ' અને 'અંદાજી પડતર પદ્ધતિ' વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(3) વિચલનો એટલે શું ? માલસામાનને લગતાં વિવિધ વિચલનો સૂત્રો સાથે સમજાવો.

(4) પ્રમાણ પડતર પદ્ધતિનાં લક્ષણો જણાવો.

(5) પ્રમાણ પડતર પદ્ધતિમાં પડતરના જુદાં જુદાં તત્ત્વો અંગે કેવાં પ્રમાણ નક્કી કરવામાં આવે છે તે સમજાવો.

(6) પ્રમાણ પડતર પદ્ધતિમાં નક્કી કરવામાં આવતા જુદા જુદા પ્રમાણો સમજાવો.

(7) પ્રમાણ પડતર કાર્ડ એટલે શું ?

- **ટૂંકનોંધ લખો :**

(1) પ્રમાણ પડતર પદ્ધતિ

(2) પ્રમાણ પડતર પદ્ધતિનાં ફાયદા-મર્યાદા

(3) પ્રમાણ પડતર પદ્ધતિનાં લક્ષણો

(4) પ્રમાણો નક્કી કરવા

(5) પ્રમાણોનાં પ્રકારો

(6) પ્રમાણ પડતર કાર્ડ

એકમ 13

# પ્રમાણ પડતર પદ્ધતિ-2
## (માલસામાન અને મજૂરી અંગેનાં વિચલનો)

-: રૂપરેખા :-

**13.1 પ્રસ્તાવના**

**13.2 માલસામાન અંગેનાં વિચલનોઃ (અર્થ-પ્રકારો-સૂત્રો-ઉદાહરણો)**

- **13.2.1 માલસામાન પડતર-ખર્ચ વિચલન**
- **13.2.2 માલસામાન ભાવ વિચલન**
- **13.2.3 માલસામાન જથ્થા-વપરાશ વિચલન**
- **13.2.4 માલસામાન મિશ્રણ વિચલન**
- **13.2.5 માલસામાન પેટા-વપરાશ વિચલન**
- **13.2.6 માલસામાન ઊપજ વિચલન**

**13.3 મજૂરી અંગેનાં વિચલનો : (અર્થ-પ્રકારો-સૂત્રો-ઉદાહરણો)**

- **13.3.1 મજૂરી પડતર-ખર્ચ વિચલન**
- **13.3.2 મજૂરી દર વિચલન**
- **13.3.3 મજૂરી કાર્યક્ષમતા વિચલન**
- **13.3.4 મજૂર મિશ્રણ વિચલન**
- **13.3.5 મજૂર પેટા-કાર્યક્ષમતા વિચલન**
- **13.3.6 મજૂર ઊપજ વિચલન**
- **13.3.7 બિન-ઉત્પાદક(નિષ્ક્રિય) સ્સમય વિચલન**

❖ **સ્વાધ્યાય**

- **સૈદ્ધાંતિક પ્રશ્નો -ટૂંકનોંધ લખો/ સમજાવો.**
- **વ્યાવહારિક પ્રશ્નો(ટૂંકા જવાબસહ)- MCQs -(હેતુલક્ષી)પ્રશ્નો**

### 13.1 પ્રસ્તાવના

ઔદ્યોગિક એકમોમાં વિવિધ પ્રવૃત્તિઓની હારમાળા ઘણી લાંબી હોય છે. પ્રવૃત્તિઓ અનેકવિધ અને સતત હોય છે. આ દરેક પ્રવૃત્તિ પાછળ જે કાંઈ ખર્ચ થાય તે દરેકનાં વિચલનો શોધવાના પ્રયાસો કરવામાં આવે તો તે કામગીરી વધુ સમય માંગી લે, ગૂંચવણો વધે. ઉપરાંત કામગીરી ખર્ચાળ પણ નીવડે કારણ કે ઘણી વખત દરેક પ્રવૃત્તિ સંબંધી પ્રમાણો નક્કી પણ ત થયાં હોય, વળી તે અંગે વિચલનો મેળવવાનું મહત્ત્વનું પણ ન હોય. આથી જ પ્રમાણ પડતર તંત્ર સૌ પ્રથમ પડતરનાં આવશ્યક તત્ત્વો મુજબ જ પડતર સંબંધી પ્રમાણો નક્કી કરવાની વૈજ્ઞાનિક વ્યવસ્થા ઉપર ભાર મૂકે છે. આ કામગીરી સંદર્ભનો વહીવટ સીમિત રાખી શકાય, પડતર તેમજ ખર્ચ પર અંકુશ અને આવક તેમજ વેચાણ પ્રવૃત્તિની કાર્યદક્ષતા સુધારવા માટે ઉત્પાદકીય અને બિનઉત્પાદકીય કામગીરી સંદર્ભ કુલ કામગીરીનાં નફાનાં વિચલનો જાણવાના રહ છે.

આ એકમમાં આપણે માલસામાન અંગેના તેમજ મજૂરી અંગેના દરેક વિચલનોનો અભ્યાસ કરીશું.

પ્રથમ પ્રત્યક્ષ માલસામાન અંગેના દરેક વિચલનોના નામ-સમજૂતીઓ- સૂત્રો અને ગણતરીઓ -ઉદાહરણો સહિત ચર્ચા નીચે મુજબ દર્શાવેલા છે. તે બાદ પ્રત્યક્ષ મજૂરીના વિચલનો વિશે નામ-સમજૂતીઓ- સૂત્રો અને ગણતરીઓ -ઉદાહરણો સહિત ચર્ચા કરી છે.

## 13.2 માલસામાનને લગતાં વિચલનો(અર્થ-પ્રકારો-સૂત્રો-ઉદાહરણો):

પ્રમાણ પડતર પદ્ધતિમાં માલસમાનની એકમદીઠ પ્રમાણ કિંમતને પ્રમાણ જથ્થા વડે ગુણી તેના પ્રમાણ ખર્ચનું ધોરણ નક્કી કરવામાં આવે છે. હવે જયારે ખરખર ખર્ચ પ્રમાણ ખર્ચ કરતાં વધુ કે ઓછો આવે ત્યારે ''માલસામાન ખર્ચ વિચલન'' મળે છે.

માલસામાન ખર્ચ વિચલનને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે :

(1) માલસામાન ભાવ વિચલન

(2) માલસામાન વપરાશ વિચલન

જો ઉત્પાદિત વસ્તુમાં એક કરતાં વધુ પ્રકારના માલસામાનનો વપરાશ થતો હોય ત્યારે માલસામાનના વપરાશ વિચલનના નીચે મુજબ ત્રણ વિભાગ પાડવામાં આવે છે :

(1) માલસામાન મિશ્રણ વિચલન

(2) માલસામાન પેટા વપરાશ વિચલન

(3) માલસામાન ઊપજ વિચલન

આમ, માલસામાન ખર્ચને લગતાં વિચલનોને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય :

(1) માલસામાન ખર્ચ વિચલન (Material Cost Variance)

(2) માલસામાન ભાવ વિચલન ( Materia1 Price Variance)

(3) માલસામાન વપરાશ વિચલન (Material Usage Variance)

(4) માલસામાન મિશ્ર વિચલન (Material Mix Variance)

(5) માલસામાન પેટા વપરાશ વિચલન (Materia1 Sub Vsage Variance)

(6) માલસામાન ઊપજ વિચલન (Matcrial Yie1d Variance)

નોંધ : ઉપરોક્ત દશવિલા માલસામાનને લગતાં કુલ છ વિચલનો પૈકી એકસાથે પાંચ વિચલનોની ગણતરી કરી શકાય. જયારે ઉત્પાદન દરમિયાન બગાડ હોય ત્યારે માલસામાન ઊપજ વિચલન આવે અને માલસામાન પેટા વપરાશ વિચલન આવે. આમ, માલસામાન ઊપજ વિચલન અને માલસામાન પેટા વપરાશ વિચલન એકસાથે ઉદ્ભવે એવું બની શકે.

### 13.2.1 માલસામાન ખર્ચ વિચલન :

માલસામાન ખર્ચ અંગે નક્કી કરેલ પ્રમાણ કરતાં ખરેખર માલસામાન ખર્ચમાં તફાવત જોવા મળે તો માલસામાન ખર્ચ વિચલન ઉદ્ભવે છે. જો માલસામાનના પ્રમાણ ખર્ચા કરતાં માલસામાનનો ખરેખર ખર્ચ ઓછો હોય ત્યારે માલસામાન ખર્ચનું અનુકૂળ વિચલન મળે છે અને જયારે માલસામાનના પ્રમાણ ખર્ચ કરતાં ખરેખર ખર્ચ વધુ હોય ત્યારે માલસામાન ખર્ચનું પ્રતિકુળ વિચલન મળે.

માલસામાન ખર્ચ વિચલનનું સૂત્ર નીચે મુજબ છે :

માલસામાન ખર્ચ વિચલન = પ્રમાણ ખર્ચ - ખરેખર ખર્ચ

Material Cost Variance = Standard Cost - Actual Cost

અથવા

માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ) - (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

Material Cost Variance = (Standard Quantity × Standard Price)

- (Actual Quantity × Actual Price) = (SQ × SP) - (AQ × AP)

દા.ત. કોઈ એક વસ્તુના ઉત્પાદન માટે 500 કિલોગ્રામ માલસામાન, કિલોગ્રામ દીઠ ₹10 ના ભાવે ઉપયોગમાં લેવામાં આવશે એવું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું અને ખરેખર માલસામાન 480 કિલોગ્રામ ₹12ના ભાવે વપરાયો હોય તો માલસામાન ખર્ચ વિચલન નીચે પ્રમાણે શોધી શકાય.

માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણભાવ) - (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (500 × 10) - (480 × 12)

= 5000 - 5760

= ₹ 760 (પ્રતિકુળ)

અહીં, માલસામાન ખર્ચ વિચલન ₹760 (પ્રતિકુળ) મળે છે. તેથી એમ કહી શકાય કે માલસામાનના પ્રમાણ ખર્ચ કરતાં ખરેખર ખર્ચ ₹760 વધુ થયો છે.

### 13.2.2 માલસામાન ભાવ વિચલન :

જ્યારે માલસામાનના નક્કી કરેલ ભાવ કરતાં ખરેખર ભાવમાં તફાવત જોવા મળે ત્યારે માલસામાન ભાવ વિચલન ઉદ્‌ભવે છે.

માલસામાન ભાવ વિચલનનું સૂત્ર નીચે મુજબ છે.

માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો × (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

Material Price Variance = Actual Quantity × (Standard Price - Actual Price)

= AQ × (SP - AP)

ઉપર દર્શાવેલા ઉદાહરણમાં માલસામાન ભાવ વિચલન નીચે મુજબ શોધી શકાય.

માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 480 × (10-12)

= 480 × (-2)

= ₹960 (પ્રતિકૂળ)

**13.2.3 માલસામાન વપરાશ વિચલન :**

જ્યારે માલસામાનના નક્કી કરેલ જથ્થાના વપરાશ કરતાં ખરેખર વપરાયેલ જથ્થામાં તફાવત જોવા મળે તો માલસામાન વપરાશ વિચલન ઉદ્ભવે છે.

માલસામાન વપરાશ વિચલનનું સૂત્ર નીચે મુજબ છે.

માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

Material Usage Variance = Standard Price (Standard Quantity - Actual Quantity)

= SP (SQ - AQ)

ઉપર દર્શાવેલ ઉદાહરણમાં માલસામાન વપરાશ વિચલન નીચે મુજબ શોધી શકાય.

માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 10 (500-480)

= 10 (20)

= ₹200 (અનુકૂળ)

માલસામાન ખર્ચ વિચલન એ માલસામાન ભાવ વિચલન અને માલસામાન વપરાશ વિચલનનો તાળો છે.

$\therefore$ માલસામાન ખર્ચ વિચલન = માલસામાન ભાવ વિચલન + માલસામાન વપરાશ વિચલન

માલસામાન ખર્ચ વિચલન

₹760 (પ્રતિકૂળ)

| | |
|---|---|
| માલસામાન ભાવ વિચલન | માલસામાન વપરાશ વિચલન |
| ₹960 (પ્રતિકૂળ) | ₹200 (અનુકૂળ) |

-760 = -960-200

**ઉદાહરણ-1 :** એક કારખાનામાં માલસામાનને લગતી નીચેની માહિતી પ્રાપ્ત થઈ છે.

પ્રમાણ જથ્થો 600 કિગ્રા

પ્રમાણ ભાવ 3 ₹

ખરેખર જથ્થો 630 કિગ્રા

ખરેખર ભાવ 2.80 ₹

માલસામાન ખર્ચ વિચલન, ભાવ વિચલન અને વપરાશ વિચલન શોધો.

**જવાબ :**

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ) - (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

ખર્ચ વિચલન

= (600×3) - (630×2.80)

= 1800-1764

= ₹36 (અનુકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ×ખરેખર ભાવ)

= 630 (3-2.80)

= 630 (0.20)

= ₹126 (અનુકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો×ખરેખર જથ્થો)

= 3 (600-630)

= 3(-30)

= -90 ₹(પ્રતિકૂળ)

**ઉદાહરણ-2 :** એક કારખાનામાં 5000 એકમોના ઉત્પાદન માટે 30,000 કિલોગ્રામ માલસામાન કીલોદીઠ ₹8ના ભાવે ઉપયોગમાં લેવાશે એવું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું હતું. ખરેખર જ્યારે 5,000 એકમોનું ઉત્પાદન થયું ત્યારે 34,000 ક્લિોગ્રામ માલસામાન દરેક કિલોગ્રામના ₹8.30ના ભાવે વપરાયો હતો.

માલસામાનને લગતાં જરૂરી વિચલનોની ગણતરી કરો.

**જવાબ :**

પ્રમાણ જથ્થો 30,000 કિલોગ્રામ

પ્રમાણભાવ ક્લિાગ્રામ દીઠ ₹8

ખરેખર જથ્થો 34,000 ક્લિગ્રામ

ખરેખર ભાવ કિલોગ્રામદીઠ ₹8.30

(1)માલસામાન ખર્ચ વિચલન-(પ્રમાણ જથ્થો×પ્રમાણ ભાવ)-(ખરેખર જથ્થો×ખરેખર ભાવ)

ખર્ચ વિચલન

= (30,000×8) - (34,000×8.30)

= 2,40,000-2,82,200

= -42,200 ₹ (પ્રતિકુળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 34,000 (8-8.30)

= 34,000 (-0.30)

= ₹ 10,200 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 8(30,000 - 34,000)

= 8(-4,000)

= ₹ 32,000 પ્રતિકૂળ)

**ઉદાહરણ-3 :** કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં 10 એકમોના ઉત્પાદન માટે 250 કિલોગ્રામ માલસામાન વપરાશે એવું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું હતું. માલસામાનની પ્રમાણ કિંમત કિલોગ્રામદીઠ ₹4 નક્કી કરવામાં આવી હતી.

ખરેખર ઉત્પાદન અંગે નીચે મુજબ માહિતી પ્રાપ્ત થઈ.

ખરેખર ઉત્પાદન 400 એકમો

માલસામાનનો વપરાશ 9,800 કિલોગ્રામ

માલસામાનનો કિલોગ્રામદીઠ ભાવ ₹3.75

શોધ : (1) માલસામાન ખર્ચ વિચલન, (2) માલસામાન ભાવ વિચલન, (3) માલસામાન વપરાશ વિચલન

**જવાબ :** પ્રમાણ જથ્થો 10 એકમોના 250 કિગ્રા

જ્યારે ખરેખર ઉત્પાદન 400 એકમો

ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો = $\frac{400 \times 250}{10}$ = 10,000

અહીં, પ્રમાણ જથ્થો = ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો.

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો×પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (10,000×4) - (9,800×3.75)

= 40,000 - 36,750

= રૂ 3,250 (અનુકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 9,800 (4-3.75)

= 9,800 (0.25)

= રૂ 2,450 (અનુકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 4(10,000 - 9,800)

= 4(200)

= ₹ 800 (અનુકૂળ)

**ઉદાહરણ-4 :** નીચે આપેલી માહિતી પરથી માલસામાન ખર્ચ વિચલન, માલસામાન ભાવ વિચલન અને માલસામાન વપરાશ વિચલન શોધો.

એક એકમના ઉત્પાદન માટે માલસામાનનું પ્રમાણ 40 કિલોગ્રામ

માલસમાનનો શરૂનો સ્ટોક 1,200 કિલોગ્રામ

માલસામાનની ખરીદી 11,600 કિલોગ્રામ

ખરેખર ઉત્પાદન 240 એકમો

માલસામાનની પ્રમાણ કિંમત (કિગ્રાદીઠ) 5 ₹

માલસામાનની ખરેખર કિંમત (કિગ્રાદીઠ) ₹4.80

**જવાબ : જરૂરી ગણતરી :**

માલસામાનનો પ્રમાણ જથ્થો એક એકમના 40 ક્લિોગ્રામ

ખરેખર ઉત્પાદન 240 એકમો

ખરેખર ઉત્પાદન પ્રમાણ જથ્થો = 240 × 40 = 9600 કિલોગ્રામ

અહીં, પ્રમાણ જથ્થો = ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો

ખરેખર જથ્થો (વપરાયેલ માલસામાન)

| | ક્લિોગ્રામ |
|---|---|
| માલસામાનનો શરૂનો સ્ટોક | 1,200 |
| માલસામાનની ખરીદી | 11,600 |
| | 12,800 |
| બાદ : માલસામાનનો આખર સ્ટોક | 2,500 |
| ખરેખર વપરાયેલ માલસામાન | 10,300 |

(1) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ) - (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (9,600 × 5) - (10,300×4.80)

= 48,000 - 49,440

= - 1440 (પ્રતિકૂળ)

(2) માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 10,300(5-4.80)

= 10,300(0.20)

= ₹2,060 (અનુકૂળ)

(3) માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 5 (9,600 - 10,300)

= 5(-700)

= - ₹ 3,500 (પ્રતિકૂળ)

**13.3.4 માલસામાન મિશ્રણ વિચલન :**

જ્યારે મુખ્ય વસ્તુના ઉત્પાદનમાં એકથી વધુ પ્રકારના માલસામાનનો ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે માલસામાન મિશ્રણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. માલસામાન મિશ્રણના સંજોગોમાં વસ્તુમાં ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ પ્રકારના માલસામાનનું પ્રમાણ નક્કી હોય છે. જેને આધારે પ્રમાણ મિશ્રણ નક્કી કરવામાં આવે છે. હવે જયારે ખરેખર ઉત્પાદનના અંતે પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણમાં તફાવત ઊભો થાય ત્યારે માલસામાન મિશ્રણ વિચલન ઉદ્દભવે છે.

માલસામાન મિશ્રણ વિચલન નક્કી કરવા માટે બે સંજોગો ઉપસ્થિત થાય છે :

**(એ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો એક સરખા હોય ત્યારે :**

**આ સંજોગોમાં માલસામાન મિશ્રણ વિચલનનું સૂત્ર માલસામાન વપરાશ વિચલનના સૂત્ર જેવું હોય છે.**

**માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)**

Material Mix Variance = Standard Price (Standard Quantity - Actual Quantity) = SP (SQ-AQ)

**ઉદાહરણ-5 :** નીચે આપેલી માહિતી પરથી માલસામાન મિશ્રણ વિચલન શોધો.

પ્રમાણ માહિતી :

| માલસામાન | કિલોગ્રામ | કિલોગ્રામ દીઠ ભાવ ₹ | કુલ પડતર ₹ |
|---|---|---|---|
| A | 100 | 2 | 200 |
| B | 60 | 3 | 180 |
| C | 40 | 1 | 40 |
| કુલ | 200 | | 420 |

ખરેખર માહિતી

| માલસામાન | કિલોગ્રામ | કિલોગ્રામ દીઠ ભાવ ₹ | કુલ પડતર ₹ |
|---|---|---|---|
| A | 90 | 1.80 | 162 |
| B | 80 | 3.20 | 256 |
| C | 30 | 0.80 | 24 |
| | 200 | | 442 |

કુલ પ્રમાણ મિશ્રણ = 200 કુલ ખરેખર મિશ્રણ = 200

**જવાબ :**

માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

માલસામાન-A = 2(100-90)

= 2(10)

= ₹ 20 (અનુકૂળ)

માલસામાન-B = 3(60-80)

= 2(-20)

= ₹60 (પ્રતિકૂળ)

માલસામાન-C = 1 (40-30)

= 1(10)

= ₹(10)

= ₹10 (અનુકૂળ)

**ઉદાહરણ-6 :** એક કંપનીમાં વસ્તુ એક્સના ઉત્પાદન માટે ત્રણ પ્રકારના કાચા માલ A, B અને C ઉપયોગમાં લેવામાં આવે છે જેની માહિતી નીચે મુજબ છે.

**પ્રમાણ મિશ્રણ :**

A 200 કિગ્રા., કિગ્રાદીઠ ₹6ના ભાવ

B 300 કિગ્રા., કિગ્રાદીઠ ₹5ના ભાવ

C <u>400 કિગ્રા., કિગ્રાદીઠ ₹4ના ભાવે</u>

કુલ 900 કિગ્રા

ખરેખર મિશ્રણ : નીચે મુજબ હતું

A 220 કિગ્રા, કિગ્રાદીઠ ₹5.70ના ભાવ

B 320 કિગ્રા, કિગ્રાદીઠ ₹5.20ના ભાવ

C <u>360 કિગ્રા, કિગ્રાદીઠ ₹4.20ના ભાવે</u>

કુલ 900 કિગ્રા

માલસામાનને લગતાં જરૂરી વિચલનોની ગણતરી કરો.

કુલ પ્રમાણ મિશ્રણ જથ્થો 900 =

કુલ ખરેખર મિશ્રણ જથ્થો પણ 900 બન્ને સમાન હોય ત્યારે,

(1) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો×પ્રમાણ ભાવ) - (ખરેખર જથ્થો×ખરેખર ભાવ)

A = (200×6) - (220×5.70)

= 1200 - 1254

= ₹54 (અનુકૂળ)

B = (300×5) - (320×5.20)

= 1,500 - 1,664

= ₹164 (પ્રતિકૂળ)

C = (400×4) - (360 × 4.20)

= 1600 - 1512

= ₹88 (અનુકૂળ)

= ₹22 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ×ખરેખર ભાવ)

A = 220(6-5.70)

=220(0.30)

= ₹66 (અનુકૂળ)

B =320(5-5.20)

=320(-0.20)

= ₹64

C =360(4-4.20)

=360(-0.20) = ₹ 72 (પ્રતિકૂળ)

= ₹72 : ₹70 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો × ખરેખર જથ્થો)

A =6(200-220)

=6(-20)

= ₹120 (પ્રતિકૂળ)

B =5(300-320)

=5(-20)

= ₹ 100 (પ્રતિકૂળ)

C =4(400-360)

=4(40)

= ₹160 (અનુકૂળ)

= -₹60 (પ્રતિકૂળ)

(નોંધ : જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો સરખા હોય ત્યારે માલસામાન વપરાશ વિચલન ઉદ્‌ભવે નહીં.)

**(બ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો જુદા હોય ત્યારે :**

આ સંજોગોમાં માલસામાન, મિશ્રણ વિચલનમાં પ્રમાણ જથ્થાની જગ્યાએ સુધારેલ પ્રમાણ જથ્થો લેવામાં આવે છે, એટલે કે જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણના આધારે સુધારવામાં આવે છે, જ્યાં માલસામાન મિશ્રણ વિચલનનું સૂત્ર નીચે મુજબ બને છે.

માલસામાન મિશ્રણ વિચલન=પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો-ખરેખર જથ્થો)

Material Mix Variance = Standard Price (Revised Standard Quantity - Actual Quantity)

= SP(RSQ - AQ)

જ્યાં સુધારેલ પ્રમાણ જથ્થો = એક વસ્તુનો પ્રમાણ જથ્થો $\times \frac{\text{કુલ ખરેખર જથ્થો}}{\text{કુલ પ્રમાણ જથ્થો}}$

**ઉદાહરણ-7 :** નીચે આપેલી માહિતી એક કારખાનાના ઉત્પાદનને લગતી છે.

| માલસામાન | પ્રમાણ જથ્થો (કિગ્રા) | કિગ્રાદીઠ ભાવ ₹ | ખરેખર જથ્થો (કિગ્રા) | કિગ્રાદીઠ ભાવ ₹ |
|---|---|---|---|---|
| અ | 700 | 5 | 750 | 5.50 |
| બ | 800 | 3 | 900 | 2.50 |
| ક | 500 | 4 | 650 | 3.50 |
| કુલ | 2000 | | 2300 | |

માલસમાનના નીચેનાં વિચલનો ગણો.

(1)માલસમાન ખર્ચ વિચલન

(2)માલસામાન ભાવ વિચલન

(3)માલસામાન વપરાશ વિચલન

(4)માલસામાન મિશ્રણ વિચલન

**જવાબ :**

કુલ પ્રમાણ મિશ્રણ જથ્થો = 2000 સામે

કુલ ખરેખર મિશ્રણ જથ્થો = 2300, બંને અસમાન હોય

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

(1) માલસામાન ખર્ચ વિચલન = (પ્ર.જથ્થો × પ્ર.ભાવ)

(ખ.જથ્થો × ખ.ભાવ)

અ = (700 × 5) - (750 × 5.50) = 3500 - 4125 = 625 (પ્રતિ)

બ = (800 × 3) - (900 × 2.50) = 2400 - 2250

= 150 (અનુ.)

ક = (500 × 4) - (650 × 3.50) = 2000 - 2275 = - 275 (પ્રતિ)

- 750 (પ્રતિકૂળ)

(2) માલસામાન ભાવ વિચલન = ખ.જથ્થો (પ્ર.ભાવ - ખ.ભાવ)

| | |
|---|---|
| અ = 750 (5 - 5.50) | = - 375 (પ્રતિ) |
| બ = 900 (3 - 2.50) | = 450 (અનુ.) |
| ક = 650 (4 - 3.50) | = 325 (અનુ.) |
| | 400 (અનુ.) |

(3) માલસામાન વાચશ વિચલન = પ્ર.ભાવ (પ્ર.જથ્થો - ખ.જથ્થો)

| | |
|---|---|
| અ = 5 (700 - 750) | = - 250 (પ્રતિ.) |
| બ = 3 (800 - 900) | = - 300 (પ્રતિ.) |
| ક = 4 (500 - 650) | = - 600 (પ્રતિ.) |
| | - 1150 (પ્રતિ.) |

(4) માલસામાન મિશ્રણ વિચલન = પ્ર.ભાવ (સુ.પ્ર.મિશ્રણ - ખ.મિશ્રણ)

| | |
|---|---|
| અ = 5 (805 - 750) | = 275 (અનુ.) |
| બ = 3 (920 - 900) | = 60 (અનુ.) |
| ક = 4 (575 - 650) | = - 300 (પ્રતિ.) |
| | 35 (અનુ.) |

સુધારેલ પ્રમાણ જથ્થો - એક વસ્તુનો પ્રમાણ જથ્થો × $\frac{\text{કુલ ખરેખર જથ્થો}}{\text{કુલ પ્રમાણ જથ્થો}}$

અ=700× $\frac{2,300}{2,000}$ = 805 કિગ્રા.

બ=800× $\frac{2,300}{2,000}$ = 920 કિગ્રા.

ક=500× $\frac{2,300}{2,000}$ = 575 કિગ્રા.

(5) માલસામાન પેટા વપરાશ વિચલન = પ્રમાણ ભાવ પ્રમાણ જથ્થો-સુધારેલ પ્રમાણ જથ્થો)

અ = 5(700-805)

= 5(-105)

= -₹525 (પ્રતિકૂળ)

બ = 3(800-920)

= 3(-120)

= ₹360 (પ્રતિકૂળ)

ક = 4(500-575)

= 4(-75)

= -₹300 (પ્રતિકૂળ)

= -₹1,185 (પ્રતિકૂળ)

તાળો :

માલસામાન ખર્ચ વિચલન (-₹750)

માલસામાન ભાવ વિચલન (₹400) માલસામાન વપરાશ વિચલન (-₹1,150)

માલસામાન મિશ્રણ વિચલન (₹35) માલસામાન પેટા વપરાશ વિચલન (-₹1185)

**(6) માલસામાન ઊપજ વિચલન :**

જ્યારે ઉત્પાદન અંગે દાખલ કરેલ માલસામાનમાંથી કેટલી ઊપજ મળી શકશે તેનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું હોય અને ખરેખર મળતી ઊપજમાં તફાવત જોવા મળે તો માલસામાન ઊપજ વિચલન ઉદ્ભવે છે. સામાન્ય રીતે જ્યારે ઉત્પાદન દરમિયાન બગાડ ઉત્પન્ન થતો હોય ત્યારે માલસામાન ઊપજ વિચલન ઉદ્ભવતું હોય છે.

માલસામાન ઊપજ વિચલન શાધવા નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

**(અ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો સરખા હોય ત્યારે**

માલસામાન ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઉત્પાદન - પ્રમાણ ઉત્પાદન)

Material Yield Variance = Standard Cost Per Unit (Actual Production - Standard Production)

= SC (AP - SP)

જ્યાં, એકમદીઠ પ્રમાણ પડતર $= \dfrac{\text{કુલ પ્રમાણ પડતર}}{\text{પ્રમાણ ઉત્પાદન}}$

**(બ) જયારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો જુદા હોય ત્યારે**

માલસામાન ઊપજ વિચલન : એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઉત્પાદન - પ્રમાણ ઉત્પાદન)

Material Yield Variance = Standard Cost Per Unit (Actual Production - Standard Production)

= SP (AP - RSP)

જ્યાં, સુધારેલા પ્રમાણ ઉત્પાદન = ખરેખર જથ્થો - પ્રમાણ દરે બગાડ

**ઉદાહરણ-8 :** એક કારખાનામાં એક વસ્તુના ઉત્પાદનને લગતી માહિતી નીચે મુજબ છે :

| માલસામાન | પ્રમાણ | | ખરેખર | |
|---|---|---|---|---|
| | જથ્થો (કિગ્રા) | ભાવ ₹ | જથ્થો (કિગ્રા) | ભાવ ₹ |
| અ | 300 | 10 | 320 | 9 |
| બ | 200 | 30 | 230 | 32 |
| | 500 | | 550 | |

માલસામાન ઊપજ વિચલન શોધો.

બગાડનું પ્રમાણ 10 ટકા છે જયારે ખરેખર ઉત્પાદન 440 કિગ્રા થયુ હતું.

**જવાબ :**

પ્રમાણ ઉત્પાદન પડતરની ગણતરી :

| માલસામાન | જથ્થો ₹ | ભાવ ₹ | કુલ પડતર રૂ |
|---|---|---|---|
| અ | 300 | 10 | 3,000 |
| બ | 200 | 30 | 6,000 |
| કૂલ | 500 | | 9,000 |

બાદ : બગાડ 10 ટકા = 50

પ્રમાણ ઉત્પાદન 550 કુલ પ્રમાણ પડતર 9,000

$$\text{એકમદીઠ પ્રમાણ પડતર} = \frac{\text{કુલ પ્રમાણ પડતર}}{\text{પ્રમાણ ઉત્પાદન}}$$

$$= \frac{9,000}{450}$$

= ₹20

સુધારેલ પ્રમાણ ઉત્પાદન = ખરેખર જથ્થો - પ્રમાણ દરે બગાડ (10 ટકા)

= 550 કિગ્રા - 55 (10 ટકા લેખે)

= 495 કિગ્રા

હવે,

માલસામાન ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= 20 (440-495)

= 20 (-55)

= -₹ 1,100 (પ્રતિકૂળ)

**માલસામાનને લગતાં વિચલનો : ( સૂત્રો)**

(1)માલસામાન ખર્ચ વિચલન

= (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ) - (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (SQ×SP) - (AQ×AP)

(2)માલસામાન ભાવ વિચલન

= ખરેખર જથ્થો (પ્રમાણભાવ - ખરેખર ભાવ)

= AQ(SP-AP)

(3)માલસામાન વપરાશ વિચલન

= પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= SP(SQ-AQ)

(4)માલસામાન વપરાશ વિચલન

(અ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો સરખાં હોય :

=-પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= SP (SQ×AQ)

(બ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો જુદા હોય :

= પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= SP(RSQ-AQ)

જ્યાં, સુધારેલ પ્રમાણ જથ્થો = એક વસ્તુનો પ્રમાણ જથ્થો × $\frac{\text{કુલ ખરેખર જથ્થો}}{\text{કુલ પ્રમાણ જથ્થો}}$

(5)માલસામાન પેટા વપરાશ વિચલન

= પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - સુધારેલ પ્રમાણ જથ્થો)

SP(SQ-RSQ)

**નોંધ :** જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો જુદા હોય ત્યારે જ આ વિચલન શોધી શકાય.

(6)માલસામાન ઊપજ વિચલન

(અ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો સરખા હોય :

= એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઉત્પાદન - પ્રમાણ ઉત્પાદન)

= SC(AP-SP)

(બ) જ્યારે પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો જુદા હોય :

= એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= SPC(AP-RSP)

જ્યાં, એકમદીઠ પ્રમાણ પડતર = $\frac{\text{કુલ પ્રમાણ પડતર}}{\text{પ્રમાણ ઉત્પાદન}}$

સુધારેલ પ્રમાણ ઉત્પાદન = ખરેખર જથ્થો - પ્રમાણ દરે બગાડ

**ઉદાહરણ-9 :** નીચેની માહિતી પરથી માલસામાનના વિચલનો શોધો.

| માલસામાન | પ્રમાણ જથ્થો (કિગ્રા) | ભાવ ₹ (કિગ્રા દીઠ) | કુલ ₹ | ખરેખર જથ્થો (કિગ્રા) | ભાવ ₹ (કિગ્રાદીઠ) | કુલ ₹ |
|---|---|---|---|---|---|---|
| ઉ | 5,000 | 5 | 25,000 | 6,000 | 6 | 36,000 |
| 4 | 4,000 | 6 | 24,000 | 5,000 | 5 | 25,000 |
| 7 | 3,000 | 7 | 21,000 | 4,000 | 8 | 32,000 |
| કુલ | 12,000 | | 70,000 | 15,000 | | 93,000 |

**જવાબ :**

(અહીં બગાડ આપેલ નથી તથા પ્રમાણ મિશ્રણ જથ્થો અને ખરેખર મિશ્રણ જથ્થો જુદા છે, તેથી માલસામાન પેટા વપરાશ વિચલનની ગણતરી થશે. વળી, બગાડ આપેલ ન હોય માલસામાન ઊપજ વિચલનની ગણતરી થશે નહીં.)

જરૂરી ગણતરી :

સુધારેલ પ્રમાણ જથ્થો - એક વસ્તુનો પ્રમાણ જથ્થો × $\frac{\text{કુલ ખરેખર જથ્થો}}{\text{કુલ પ્રમાણ જથ્થો}}$

$X = 5,000 \times \frac{15,000}{12,000} = 6,250$ કિગ્રા.

$Y = 4,000 \times = \frac{15,000}{12,000} = 5,000$ કિગ્રા.

$Y = 3,000 \times = \frac{15,000}{12,000} = 3,750$ કિગ્રા.

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

ખર્ચ વિચલન

X = (5,000 × 5) - (6,000×6)

= (25,000 - 36,000)

= - ₹11,000 (પ્રતિકૂળ)

Y = (4,000 × 6) - (5,000 × 5)

= (24,000 - 25,000)

= - ₹1,000 (પ્રતિકૂળ)

Z = (3,000 × 7) - (4,000 × 8)

= (21,000 - 32,000)

= - ₹11,000 (પ્રતિકૂળ)

= - ₹23,000 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

X = 6,000 (5-6)

= ₹ 6,000(-1)

= -₹6,000 (પ્રતિકૂળ)

Y = 5,000(6-5)

= 5000(1)

= ₹ 5,000 (પ્રતિકૂળ)

Z = 4,000(7-8)

= 4,000(-1)

= - ₹ 4,000 (પ્રતિકૂળ)

= -₹5,000 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

X = 5(5,000 - 6,000)

= 5(-1,000)

= - ₹ 5,000 (પ્રતિકૂળ)

Y = 6(4,000 - 5,000)

= 6(-1,000)

= - ₹ 6,000 (પ્રતિકૂળ)

Z = 7(3,000 - 4,000)

= 7(-1,000)

= -₹7,000 (પ્રતિકૂળ)

= ₹18,000 (પ્રતિકૂળ)

(4)માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

X = 5(6,250 - 6,000)

= 5(250)

= ₹1,250 (અનુકૂળ)

Y = 6(5,000-5,000)

= 6(0)

= શૂન્ય

Z = 7(3,750 - 4,000)

= 7(-250)

= ₹1,750 (પ્રતિકૂળ)

= ₹500 (પ્રતિકૂળ)

(5)માલસામાન પેટા વપરાશ વિચલન = પ્રમાણ ભાવ

(પ્રમાણ જથ્થો - સુધારેલ પ્રમાણ જથ્થો)

X = 5(5,000 - 6,250)

= 5(-1,250)

= - ₹6,250 (પ્રતિકૂળ)

Y = 6(4,000 - 5,000)

= 6(-1,000)

= ₹ 6,000 (પ્રતિકૂળ)

Z = 7(3,000 - 3,750)

= 7(-750)

= -₹ 5,250 (પ્રતિકૂળ)

= 17,500 (પ્રતિકૂળ)

**તાળો :** ખર્ચ વિચલન - ભાવ વિચલન + વપરાશ વિચલન

-23,000 = - 5,000 - 18,000

વપરાશ વિચલન - મિશ્રણ વિચલન + પેટા વપરાશ વિચલન

-18,000 = -500 - 17,500

**ઉદાહરણ-10** : એક કંપની ત્રણ પ્રકારના કાચા માલનું મિશ્રણ કરીને એક તૈયાર વસ્તુનું ઉત્પાદન કરે છે. જે અંગે નીચેની પ્રમાણ માહિતી પૂરી પાડવામાં આવી છે.

| માલસામાન | મિશ્રણ | કિલોદીઠ પ્રમાણ ભાવ ₹ |
|---|---|---|
| A | 50 ટકા | 4.20 |
| B | 30 ટકા | 4 |
| C | 20 ટકા | 6 |

સામાન્ય બગાડનું પ્રમાણ 10 ટકા છે. તે સમયગાળા દરમિયાન 18,000 કિલોગ્રામનું ખરેખર ઉત્પાદન થયું હતું. ખરેખર માહિતી નીચે મુજબ છે.

| માલસામાન | કિલોગ્રામ | કિલોદીઠ ભાવ ₹ | કુલ પડતર ₹ |
|---|---|---|---|
| A | 10,800 | 4 | 43,200 |
| B | 6,600 | 3.50 | 23,100 |
| C | 4,600 | 7.50 | 34,500 |

માલસામાન અંગે નીચેનાં વિચલનોની ગણતરી કરો.

(1) ખર્ચ વિચલન (2) ભાવ વિચલન (1) વપરાશ વિચલન
(4) મિશ્રણ વિચલન (5) ઊપજ વિચલન

**જવાબ :** જરૂરી ગણતરી :

ધારો કે દાખલ કરેલ પ્રમાણ માલસામાન 100 કિગ્રા.

બાદ : સામાન્વ બગાડ 10 ટકાદ=10 કિગ્રા

ખરેખર ઉત્પાદન 90 કિગ્રા

ખરેખર ઉત્પાદન 18,000 કિગ્રા છે.

દાખલ કરેલ પ્રમાણ માલસામાન

= 18,000 × 100/90 = 20,000 કિગ્રા

જે ત્રણેય પ્રકારના માલસામાન વચ્ચે તેમની પ્રમાણ ટકાવારી પ્રમાણમાં વહેચાશે.

| માલસામાન | જથ્થો (કિગ્રા) | કિગ્રાદીઠ ભાવ | ₹ કુલ પડતર ₹ |
|---|---|---|---|
| A | 20,000×50 ટકા = 10,000 | 4.20 | 42,000 |
| B | 20,000×30 ટકા = 6,000 | 4 | 24,000 |
| C | 20,000×20 ટકા = 4,000 | 6 | 24,000 |
| કુલ | 20,000 કિગ્રા | | 90,000 |

બાદ : બગાડ 10 ટકા 20,000 કિગ્રાના

પ્રમાણ ઉત્પાદન 18,000 કિગ્રા કુલ પ્રમાણ પડતર 90,000

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

$$\text{એકમદીઠ પ્રમાણ પડતર} = \frac{\text{કુલ પ્રમાણ પડતર}}{\text{પ્રમાણ ઉત્પાદન}}$$

$$= \frac{90,000}{18,000}$$

= ₹ 5

ખરેખર ઉત્પાદન પડતરની ગણતરી :

| **માલસામાન** | **જથ્થો (કિગ્રા)** | **કિગ્રાદીઠ ભાવ ₹** | **કુલ ઘડતર ₹** |
|---|---|---|---|
| A | 10,800 | 4 | 43,200 |
| B | 6,600 | 3.50 | 23,100 |
| C | 4,600 | 7.50 | 34,500 |
| | 22,000 | | 1,00,800 |

પ્રમાણ બગાડ 10 % 2,200

સુધારેલ પ્રમાણ ઉત્પાદન 19,800

$$\text{સુધારેલ પ્રમાણ જથ્થો} = \text{એક વસ્તુનો પ્રમાણ જથ્થો} \times \frac{\text{કુલ ખરેખર જથ્થો}}{\text{કુલ પ્રમાણ જથ્થો}}$$

$$A = 10,000 \times \frac{22,000}{20,000} = 11,000 \text{ કિગ્રા}$$

$$B = 6,000 \times \frac{22,000}{20,000} = 6,600 \text{ કિગ્રા}$$

$$C = 4,000 \times \frac{22,000}{20,000} = 4,400 \text{ કિગ્રા}$$

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

A = 42,000 - 43,200

= - 1,200 (પ્રતિકૂળ)

B = 24,000 - 23,100

= + 900 (અનુકૂળ)

C = 24,000 -34,500

= ₹ 10,500 (પ્રતિકૂળ)

= ₹ 10,800 (પ્રતિકૂળ)

ટૂંકમાં, 90,000 - 1,00,800 = ₹ 10,800 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

A = 10,800(4.20-4)

= 10,800(0.20)

= ₹2,160 (અનુકૂળ)

B = 6,600(4-3.50)

= 6,600(0.50)

= ₹3,300 (અનુકૂળ)

C = 4,600(6 -7.50)

= 4,600(-1.50)

= -₹ 6,900 (પ્રતિકૂળ)

= - રૂા.1,440 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

A = 4.20(10,000 -10,800)

= 4.20(-800)

= ₹3,360 (પ્રતિકૂળ)

B = 4(6,000 - 6,600)

= 4(-600)

= ₹2,400 (પ્રતિકૂળ)

C = 6(4,000 -4,600)

= 6(-600)

= ₹3,600

= -₹ 9,360 (પ્રતિકૂળ)

(4)માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

A = 4.20(11,000-10,800)

= 4.20(200)

= ₹ 840 (અનુકૂળ)

B = 4(6,600-6,600)

= 4(0)

= શૂન્ય

C = 6(4,400-4,600)

= 6(-200)

= ₹ 1,200 (પ્રતિકૂળ)

= -₹ 360 (પ્રતિકૂળ)

(5)માલસામાન ઊપજ વિચલન - એકમદીઠ (ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન પ્રમાણ પડતર

= 5(18,000-19,800)

= 5(-1,800)

= -₹ 9,000 (પ્રતિકૂળ)

**તાળો :** ખર્ચ વિચલન = ભાવ વિચલન + વપરાશ વિચલન

-10,800 = -1,440-9,360

વપરાશ વિચલન = મિશ્રણ વિચલન + પેટા વપરાશ વિચલન

- 9,360 = - 360 - 9,000

## 13.3 મજૂરીને લગતાં વિચલનો :(અર્થ-પ્રકારો- સૂત્રો-ઉદાહરણો)

પ્રમાણ પડતર પદ્ધતિમાં પ્રત્યક્ષ મજૂરીનો કલાક દીઠ કે દિવસદીઠ પ્રમાણ દરને પ્રમાણ કલાકો કે પ્રમાણ દિવસો વડે ગુણી તેના પ્રમાણ મજૂરી ખર્ચનું ધોરણ નકકી કરવામાં આવે છે. હવે, જયારે ખરેખર મજૂરી ખર્ચ, પ્રમાણ મજૂરી ખર્ચ કરતાં વધુ કે ઓછો આવે ત્યારે મજૂરી ખર્ચ વિચલન ઉદ્‌ભવે છે.

મજૂરી ખર્ચ વિચલનને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે.

(1)મજૂરી દર વિચલન

(2)મજૂરી કાર્યક્ષમતા વિચલન

જો એક કરતા વધુ પ્રકારના કામદારો ઉપયોગમાં લેવામાં આવતા હોય ત્યારે નીચે મુજબનાં વિચલનો મળે છે.

(1)કામદાર મિશ્રણ વિચલન

(2)સુધારેલ કાર્યક્ષમતા વિચલન

(3)મજૂરી ઊપજ વિચલન

જયારે ઉત્પાદન દરમિયાન નિષ્ક્રિય સમય હોય ત્યારે નિષ્ક્રિય સમય વિચલન પણ ઉદ્‌ભવે છે

**મજૂરીને લગતાં વિચલનો : પ્રકારો**

મજૂરી ખર્ચને લગતા વિચલનોને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.

મજૂરી ખર્ચ વિચલન (Labour Cost Variance)

| | |
|---|---|
| મજૂરી દર વિચલન | મજૂરી કાર્યક્ષમતા વિચલન |
| (Labour Rate Variance) | (Labour Efficiency Variance) |

કામદાર મિશ્રણ વિચલન નિષ્ક્રિય સમય વિચલન મજૂરી ઊપજ વિચલન

(Labour Mix Variance) (Labour Idle Time Variance) (Labour Yield Variance)

(મજૂરી ખર્ચ વિચલનનાં સૂત્રો માલસામાન ખર્ચ વિચલનના સૂત્રો જેવાં જ છે. જેમાં માલસામાનનાં વિચલનમાં ભાવને બદલે દર અને જથ્થાને બદલે કલાકો લખવામાં આવે છે.)

**(1) મજૂરી ખર્ચ વિચલન :**

મજૂરી ખર્ચ અંગે નક્કી કરેલ પ્રમાણ કરતાં ખરેખર મજૂરી ખર્ચમાં તફાવત જોવા મળે તો મજૂરી ખર્ચ વિચલન ઉદ્‌ભવે છે. જો મજૂરીના પ્રમાણ ખર્ચ કરતાં ખરેખર મજૂરી ખર્ચ ઓછો હોય ત્યારે મજૂરી ખર્ચનું અનુકૂળ વિચલન મળે અને જ્યારે મજૂરીના પ્રમાણ ખર્ચ કરતા ખરેખર ખર્ચ વધુ હોય ત્યારે મજૂરી ખર્ચનું પ્રતિકૂળ વિચલન મળે.

મજૂરી ખર્ચ વિચલનનું સૂત્ર નીચે મુજબ છે.

મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર) - (ખરેખર કલાકો×ખરેખર દર)

Labour Cost Variance = (Standard Hours × Standard Rate)

- (Actual Hours × Actual Rate)

= (SH × SR) - (AH × AR)

દા.ત. કોઈ એક વસ્તુના ઉત્પાદન માટે 200 કામદાર કલાકો જેનો પ્રમાણ મજૂરી દર કલાકના ₹4 લેખે નક્કી કરવામાં આવી છે. ખરેખર ઉત્પાદનના અંતે 210 કામદાર કલાકો થયા હતા જેમને કલાકદીઠ ₹3.80 લેખે મજૂરી ચૂકવવામાં આવી હતી. આ સંજોગોમાં મજૂરી ખર્ચ વિચલન નીચે પ્રમાણે શોધી શકાય.

મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર)

- (ખરેખર કલાકો × ખરેખર દર)

= (200×4) -(210×3.80)

= 800 - 798

= ₹2 (અનુકૂળ)

અહીં, મજૂરી ખર્ચ વિચલન ₹2 (અનુકૂળ) મળે છે તેથી એમ કહી શકાય કે પ્રમાણ મજૂરી ખર્ચ કરતાં ખરેખર મજૂરી ખર્ચ ₹2 ઓછો થયો છે.

**(2) મજૂરી દર વિચલન :**

જયારે મજૂરી નક્કી કરેલા કલાકદીઠ દર કરતાં ખરેખર ચૂકવેલ દરમાં તફાવત જોવા મળે ત્યારે મજૂરી દર વિચલન ઉદ્‌ભવે છે.

મજૂરી દર વિચલનનું સૂત્ર નીચે મુજબ છે.

માલસામાન દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

Labour Rate Variance = Actual Hours (Standard Rate - Actual Rate)

= AH (SR- AR)

ઉપરોક્ત ઉદાહરણમાં મજૂરી દર વિચલન નીચે મુજબ શોધી શકાય.

મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= 210(4-3.80)

= 210(0.20)

= ₹42 (અનુકૂળ)

**(3) મજૂરી કાર્યક્ષમતા વિચલન :**

કામદારોને કાર્ય કરવા માટે જે નક્કી કરેલ સમય આપવામાં આવ્યો હોય અને કામદારોએ ખરેખર કાર્ય દરમિયાન વધુ કે ઓછો સમય લીધો હોય ત્યારે મજૂર કાર્યક્ષમતા વિચલન ઉદ્‌ભવે છે. મજૂર કાર્યક્ષમતા વિચલન શોધવા માટેના બે સંજોગો છે.

(અ) જ્યારે પ્રમાણ મિશ્રણ-સમય અને ખરેખર મિશ્રણ-સમય સરખા હોય :

મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

Labour Efficiency Variance = Standard Rate

(Standard Hours - Actual hours) = SR (SH-AH)

(નોંધ : જો નિષ્ક્રિય સમય આપેલ હોય ત્યારે ઉપરોક્ત સૂત્રમાં ખરેખર ક્લાકોમાંથી નિષ્ક્રિય સમય બાદ કર્યા પછીના ચોખ્ખા ખરેખર કલાકો ધ્યાનમાં લેવા.)

ઉપરોક્ત ઉદાહરણમાં મજૂર કાર્યક્ષમતા વિચલન નીચે મુજબ શોધી શકાય.

મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ ક્લાકો - ખરેખર ક્લાકો)

= 4(200-210)

= 4(-10)

= -₹ 40(પ્રતિકૂળ)

(બ) જ્યારે પ્રમાણ મિશ્રણ-સમય અને ખરેખર મિશ્રણ-સમય જુદા હોય :

મજૂર કાર્યક્ષમતા વિચલન - પ્રમાણ દર (પ્રમાણ કલાકો - સુધારેલ પ્રમાણ કલાકો)

Labour Efficiency Variance = Standard Rate

(Standard Hours - Reviesd Standurd hours) = SR (SH-RSH)

જ્યાં, સુધારેલ પ્રમાણ કલાકો = એક વસ્તુના પ્રમાણ કલાક × $\frac{\text{કુલ ખરેખર કલાકો}}{\text{કુલ પ્રમાણ કલાકો}}$

**ઉદાહરણ-11 :** એક કારખાનામાં મજૂરી ખર્ચ અંગે નીચેની માહિતી મેળવવામાં આવી છે.

પ્રમાણ કલાકો : 8,000 કલાકો

પ્રમાણ દર (કલાકદીઠ) : ₹3.50

ખરેખર કલાકો : 8,500 કલાકો

ખરેખર ચૂકવેલ મજૂરી : ₹27,200

શોધો : (1) મજૂરી ખર્ચ વિચલન (2) મજૂરી દર વિચલન (1) મજૂર કાર્યક્ષમતા વિચલન

**જવાબ :**

સૌપ્રથમ ખરેખર દર શોધીએ.

$$\text{ખરેખર દર} = \frac{\text{ખરેખર ચૂકવેલ મજૂરી}}{\text{ખરેખર કલાકો}}$$

$$= \frac{27,200}{8,500}$$

= ₹ 3.20

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો×પ્રમાણ દર)
- (ખરેખર કલાકો × ખરેખર દર)

= (8,000×3.50) - (4,500×3.20)

= 28,000 - 27,200

= ₹800 (અનુકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= 8,500(3.50 - 3.20)

= 8,500(0.30)

= ₹ 2,550 (અનુકૂળ)

(3)મજુર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

= 3.50(8,000 -- 8,500)

= 3.50(−500)

= (₹ -1,750 પ્રિતિકૂળ)

**તાળો :** ખર્ચ વિચલન = દર વિચલન + કાર્યક્ષમતા વિચલન

800 = 2,550 + 1,750

**(4) નિષ્ક્રિય (અનુત્પાદક) સમય વિચલન :**

કેટલીક વાર ઉત્પાદન કાર્ય દરમિયાન કોઈ કારણોસર ઉત્પાદન કાર્ય થતું નથી એટલે કે કામદારોને જે સમય આપવામાં આવે છે તે પૂરેપૂરા સમય માટે કાર્ય કરી શકતાં નથી, જે સમય દરમિયાન ઉત્પાદન કાર્ય થતું નથી જેને અનુત્પાદક સમયકે નિષ્ક્રિય સમય કહેવામાં આવે છે. પ્રમાણ પડતર પદ્ધતિમાં આવા નિષ્ક્રિય સમયનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે અને ખરેખર ઉત્પાદન કાર્ય દરમિયાન થયેલા નિષ્ક્રિય સમય સાથે સરખાવતા જે તફાવત ઊભો થાય તે નિષ્ક્રિય સમય વિચલન છે

નિષ્ક્રિય સમય વિચલન શોધવા નીચેનાં સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

નિષ્ક્રિય (અનુત્પાદક) સમય વિચલન = નિષ્ક્રિય સમય × પ્રમાણ દર

Idle time Uariance = Idle time hours XSR

નોંધ : નિષ્ક્રિય સમય એ નુક્સાન છે, તેથી તેનાથી ઉદ્‌ભવતું વિચલન હંમેશા પ્રતિકૂળ હોય.

**ઉદાહરણ-12 :** એક કારખાનામાં કોઈ એક વસ્તુના ઉત્પાદન માટે મજૂરી અંગેની માહિતી નીચે મુજબ છે

પ્રમાણ ક્લાકો 4,500 કલાકો

પ્રમાણ મજૂરી દર કલાકદીઠ ₹2.80

ખરેખર ચૂક્વેલી મજૂરી ₹13,640

ખરેખર મજૂરી દર ક્લાકદીઠ ₹3.10

નિષ્ક્રિય સમય 150 ક્લાકો

મજૂરી ખર્ચને લગતાં જરૂરી વિચલનોની ગણતરી કરો.

**જવાબ :**

અહીં ખરેખર કલાકો આપેલ નથી જે શોધીએ.

$$\text{ખરેખર કલાકો} = \frac{\text{ખરેખર ચૂકવેલ મજૂરી}}{\text{ખરેખર મજૂરી દર}}$$

$$= \frac{13,640}{3.10}$$

= ₹ 4,400 કલાકો

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર)

- (ખરેખર કલાકો × ખરેખર દર)

= (4500 × 2.80) -- (4,400×3.10)

= 12,600 -13,640

= ₹1,040 (પ્રતિકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= 4,400(2.80 - 3.10)

= 4,400(0.30)

= -₹1,320 (પ્રતિકૂળ)

(3)મજૂરી કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

= 2.80(4,500 - 4,250)

= 2.80(250)

= ₹700 (અનુકૂળ)

(4)નિષ્ક્રિય સમય વિચલન = નિષ્ક્રિય કલાકો × પ્રમાણ દર

= (-150) × 2.80

= રૂા. -420 (પ્રતિકૂળ)

(**તાળો :** ખર્ચ વિચલન = દર વિચલન + કાર્યક્ષમતા વિચલન + નિષ્ક્રિય સમય વિચલન)

-1,040 = (-1,320) + 700 + (-420)

**(5) કામદાર મિશ્રણ વિચલન**

જયારે ઉત્પાદન કાર્યમાં એકથી વધુ પ્રકારના કામદારોનું મિશ્રણ હોય જેમકે સ્રી, પૂરુષ, બાળક, કુશળ, બિનકુશળ, અર્ધકુશળ વગેરે પ્રકારના કામદારોનાં મિશ્રણ અંગેનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું હોય અને ખરેખર ઉત્પાદન સમયે મિશ્રણમાં તફાવત ઊભો થાય ત્યારે કામદાર મિશ્રણ વિચલન ઉદ્ભવે છે.

કામદાર મિશ્રણ વિચલન શોધવાના બે સંજોગો છે.

(અ) જયારે પ્રમાણ મિશ્રણ કલાકો અને ખરેખર મિશ્રણ કલાકો સરખા હોય :

કામદાર મિશ્રણ વિચલન = પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

Labour Mix Variance = Standard Rate (Standard Hours - Actual hours)
= SR (SH- AH)

(બ) જયારે પ્રમાણ મિશ્રણ કલાકો અને ખરેખર મિશ્રણ કલાકો જુદા જુદા હોય :

કામદાર મિશ્રણ વિચલન = પ્રમાણ દર (સુધારેલ પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

Labour Mix Variance = Standard Rate (Revised Standard Hours - Actual hours)
= SR(RSH- AH)

**ઉદાહરણ-13 :** કોઈ વસ્તુના એક એકમના ઉત્પાદન માટે કામદાર મિશ્રણનું પ્રમાણ નીચે મુજબ નક્કી કરવામા આવ્યું છે.

| **કામદાર** | **કલાકો** | **કલાકદીઠ દર ₹** | **કુલ મજૂરી ખર્ચ₹** |
|---|---|---|---|
| કુશળ | 20 | 4 | 80 |
| બિનકુશળ | 10 | 5 | 50 |
| અર્ધકુશળ | 15 | 6 | 90 |
| **કુલ** | 45 કલાકો | | 220 |

ખરેખર ઉત્પાદન 100 એકમોનું થયું હતું જેની માહિતી નીચે મુજબ છે.

| **કામદાર** | **કલાકો** | **કલાકદીઠ દર ₹** | **કુલ મજૂરી ખર્ચ ₹** |
|---|---|---|---|
| કુશળ | 2,200 | 4.20 | 9,240 |
| બિનકુશળ | 900 | 5.20 | 4,680 |
| અર્ધકુશળ | 1400 | 5.80 | 8,120 |
| **કુલ** | 4,500 કલાકો | | 22,040 |

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

નીચેનાં વિચલનોની ગણતરી દર્શાવો :

(1) મજૂરી ખર્ચ વિચલન (2) મજૂરી દર વિચલન (3) મજૂર મિશ્રણ વિચલન

**જવાબ :** અહીં, પ્રમાણ મિશ્રણ 1 એકમોનું આપેલ છે, જયારે ખરેખર ઉત્પાદન 100 એકમોનું થયું છે, તેથી પ્રમાણ મિશ્રણને ખરેખર ઉત્પાદન મુજબ ફેરવવું પડશે.

| **કામદાર** | **કલાકો** | **કલાકદીઠ દર ₹** | **કુલ મજૂરી ખર્ચ ₹** |
|---|---|---|---|
| કુશળ | 2,000 | 4 | 8,000 |
| બિનકુશળ | 1,000 | 5 | 5,000 |
| અર્ધકુશળ | 1,500 | 6 | 9,000 |
| **કુલ** | 4,500 કલાકો | | 22,000 |

અહીં, પ્રમાણ મિશ્રણ કલાકો અને ખરેખર મિશ્રણ કલાકો સરખા છે.

(1) મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો×પ્રમાણ દર)

- (ખરેખર કલાકો × ખરેખર દર)

કુશળ = 8,000 - 9,240 = -₹ 1,240 (પ્રતિકૂળ)

બિનકુશળ = 5,000 - 4,680 = ₹320 (અનુકૂળ)

અર્ધકુશળ = 9,000 - 8,120 = ₹880 (અનુકૂળ)

= -₹40 (પ્રતિકૂળ)

(2) મજૂરી વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

કુશળ = 2,200(4-4.20)

=2,200(-0.20)

= ₹-440 (પ્રતિકૂળ)

બિનકુશળ = 900(5-5.20)

=900(-0.20)

= ₹-180 (પ્રતિકૂળ)

અર્ધકુશળ = 1,400(6-5.80)

= 1,400(0.20)

= ₹280

= -₹340 (પ્રતિકૂળ)

(3) મજૂર મિશ્રણ વિચલન = પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

કુશળ = 4(2,000 - 2,200)

= 4 (-200)

= -₹ 800 (પ્રતિકૂળ)

બિનકુશળ = 5(1,000 - 900)

= 5(100)

= ₹ 500 (અનુકૂળ)

અર્ધકુશળ = 6(1,500 - 1,400)

= 6(100)

= ₹ 600 (અનુકૂળ)

= ₹ 300 (અનુકૂળ)

**તાળો :** ખર્ચ વિચલન = દર વિચલન + કાર્યક્ષમતા વિચલન

-40 =-340 + 300

**ઉદાહરણ-14 :** એક કારખાનામાં કોઈ વસ્તુના 10 એકમના ઉત્પાદન માટેનું પ્રમાણ મિશ્રણ નીચે મુજબ હતું.

| **કામદારો** | **પ્રમાણ કલાકો** | **પ્રમાણ દર ₹** |
|---|---|---|
| પુરુષો | 150 | 2 |
| સ્રીઓ | 100 | 1.50 |
| છોકરા | 80 | 1 |
| **કુલ** | 330 | |

ખરેખર ઉત્પાદન 100 એકમોનું થયું હતું, જેની વિગતો નીચે પ્રમાણે છે.

| **કામદારો** | **ખરેખર કલાકો** | **ખરેખર દર ₹** |
|---|---|---|
| પુરુષો | 1,640 | 1.80 |
| સ્રીઓ | 1,120 | 1.40 |
| છોકરા | 1,200 | 1.20 |
| **કુલ** | 3,960 | |

**જવાબ :** અહીં, પ્રમાણ 10 એકમના ઉત્પાદનનું છે, જયારે ખરેખર 100 એકમનું ઉત્પાદન થયું છે, તેથી પ્રમાણ મિશ્રણને 100 એકમના ઉત્પાદનમાં ફેરવતાં.

| **કામદારો** | **પ્રમાણ કલાકો** | **પ્રમાણ દર ₹** | **કુલ ખર્ચ ₹** |
|---|---|---|---|
| પુરુષો | 1,500 | 2 | 3,000 |
| સ્રીઓ | 1,000 | 1.50 | 1,500 |
| છોકરા | 800 | 1 | 800 |
| **કુલ** | 3,300 | | 5,300 |

કુલ પ્રમાણ મિશ્રણ કલાકો અને ખરેખર મિશ્રણ કલાકો જુદા છે, તેથી સુધારેલ પ્રમાણ કલાકો શોધવા પડશે.

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

$$\text{સુધારેલ પ્રમાણ કલાકો} = \text{એક વર્ગના પ્રમાણ કલાકો} \times \frac{\text{કુલ ખરેખર કલાકો}}{\text{કુલ પ્રમાણ કલાકો}}$$

$$\text{પુરુષો} = 1500\times\frac{3,960}{3,300} = 1,800 \text{ કલાકો}$$

$$\text{સ્ત્રીઓ} = 1000\times\frac{3,960}{3,300} = 1,200 \text{ કલાકો}$$

$$\text{છોકરા} = 800\times\frac{3,960}{3,300} = 960 \text{ કલાકો}$$

(1) મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર)

- (ખરેખર કલાકો × ખરેખર દર)

પુરુષો = (1.500×2) - (1,640×1.80)

=3,000- 2,952

= ₹48 (અનુકૂળ)

સ્ત્રીઓ = (1,000×1.50) -(1,120×1.40)

=1,500-1,568

= -₹68 (પ્રતિકૂળ)

છોકરા = (800×1) -(1,200×1.20)

= 800-1,440

= -₹640 (પ્રતિકૂળ)

= -₹660 (પ્રતિકૂળ)

(2) મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

પુરુષો = 1,640(2-1.80)

= 1, 640(0.20)

= ₹328 (અનુકૂળ)

સ્ત્રીઓ = 1,120(1.50-1.40)

= 1,120(0.10)

= ₹112 (અનુકૂળ)

છોકરા = 1,200(1-1.20)

= 1,200(-0.20)

= -₹240

(328+112-240)

= ₹200 (અનુકૂળ)

(3) મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

પુરુષો = 2(1,500 -1,640)

=2(-140)

= -₹280 (પ્રતિકૂળ)

સ્રીઓ = 1.50(1,000-1,120)

= 1.50(-120)

= -180 (પ્રતિકૂળ)

છોકરા = 1(800-1200)

= 1(-400)

= -400 (પ્રતિકૂળ)

= -₹860 (પ્રતિકૂળ)

(4) મજૂર મિશ્રણ વિચલન = પ્રમાણદર (સુધારેલ પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

પુરુષો = 2(1,800-1,640)

= 2(160)

= ₹320 (અનુકૂળ)

સ્રીઓ = 1.50(1,200-1,120)

= 1.50(80)

= ₹120 (અનુકૂળ)

છોકરા = 1(960-1,200)

= 1(-240)

= -₹240 (પ્રતિકૂળ)

= ₹200 (અનુકૂળ)

સુધારેલ મજુર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ મજુરી દર
(પ્રમાણ કલાક - સુધારેલ પ્રમાણ કલાક)

| | | |
|---|---|---|
| પુરૂષ માટે | = | 2(1,500 - 1,800) = 2(-300) = -600 પ્રતિકૂળ |
| સ્ત્રીઓ માટે | = | 1.5(1,000 - 1,200) = 1.5(-200) = -300 પ્રતિકૂળ |
| છોકરાઓ માટે | = | 1(800 - 960) = 1(-160) = -160 પ્રતિકૂળ |
| | કુલ વિચલન | - 1060 પ્રતિકુળ |

**તાળો :** મજુરી ખર્ચ વિચલન = મજુરી દર વિચલન + મજુર કાર્યક્ષમતા વિચલન
-600 પ્રતિકુલ = + 200 અનુકુલ + (-860) પ્રતિકુળ

**તાળો :** મજુરી કાર્યક્ષમતા વિચલન = મજુરી મિશ્રણ વિચલન + સુધારેલ મજુર
-860 પ્રતિકુલ = + 200 અનુકુલ + (-1,060) પ્રતિકુળ

**(6) મજૂરી ઊપજ વિચલન :**

પ્રમાણ પડતર પદ્ધતિમાં કામદારો દ્વારા કેટલી ઊપજ થશે તેનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે અને જ્યારે ખરેખર ઉત્પાદન સમયે કામદારો દ્વારા મળતી ઊપજમાં તફાવત જોવા મળે ત્યારે મજૂરી ઊપજ વિચલન ઉદ્ભવે છે.

મજૂરી ઊપજ વિચલનનું સૂત્ર નીચે મુજબ છે.

મજૂરી ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ મજૂરી દર (ખરેખર ઉત્પાદન - પ્રમાણ ઉત્પાદન)

Labour Yield Variance = Standard Labour Rate per Unit (Actual Production - Standard Production)

= SR (AP-SP)

- **મજૂરીને લગતાં વિચલનોનાં સૂત્રો :**

(1)મજૂરી ખર્ચ વિચલન

= (પ્રમાણ ક્લાકો × પ્રમાણ દર) - (ખરેખર ક્લાકો × ખરેખર દર)

= (SH×SR) - (AH×AR)

(2)મજૂરી દર વિચલન

= ખરેખર ક્લાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= AH (SR-AR)

(3) મજૂર કાર્યક્ષમતા વિચલન

(અ) જ્યારે પ્રમાણ મિશ્રણ ક્લાકો અને ખરેખર મિશ્રણ ક્લાકો સરખાં હોય :

= પ્રમાણ દર (પ્રમાણ ક્લાકો - ખરેખર કલાકો)

= SR (SH-AH)

ખરેખર કલાકો = કુલ ખરેખર ક્લાકો - નિષ્ક્રિય ક્લાકો

(બ) જ્યારે પ્રમાણ મિશ્રણ ક્લાકો અને ખરેખર મિશ્રણ ક્લાકો જુદાં હોય :

= પ્રમાણ દર (પ્રમાણ કલાકો - સુધારેલ પ્રમાણ ક્લાકો)

= SR (SH-RSH)

ખરેખર કલાકો = કુલ ખરેખર ક્લાકો - નિષ્ક્રિય કલાકો

(4) મજૂર મિશ્રણ વિચલન

(એ) જ્યારે પ્રમાણ મિશ્રણ ક્લાકો અને ખરેખર મિશ્રણ ક્લાકો સરખાં હોય :

= પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર ક્લાકો)

= SR (SH-AH)

(બ) જ્યારે પ્રમાણ મિશ્રણ કલાકો અને ખરેખર મિશ્રણ કલાકો જુદાં હોય :

= પ્રમાણ દર (પ્રમાણ કલાકો - સુધારેલ પ્રમાણ કલાકો)

= SR (RSH-AH)

(5) નિષ્ક્રિય સમય વિચલન

= નિષ્ક્રિય સમય × પ્રમાણ દર

= IT×SR

(6) મજૂરી ઊપજ વિચલન

= એકમદીઠ પ્રમાણ મજૂરી દર (ખરેખર ઉત્પાદન - પ્રમાણ ઉત્પાદન)

= SR (AP-SP)

## 4. માલસામાન અને મજૂરીને લગતા સંયુક્ત વિચલનો : (ઉદાહરણો):

**ઉદાહરણ-15 :** નીચેની માહિતી પરથી માલસામાનના અને મજૂરીના જરૂરી વિચલનો ગણો.

એકમદીઠ પ્રમાણ પડતર :

માલસામાન : 10 કિલો ₹100

મજૂરી ખર્ચ : 50 કલાકો ₹ 100

200 એકમોના ખરેખર ઉત્પાદન માટે ₹20,475ની કિંમતનો 1.95 મેટ્રિક ટન માલસામાન વપરાયો હતો અને 10,500 કલાકો માટે ₹19,950 મજૂરી ચૂકવી હતી, જેમાં યંત્ર ખોટવાઈ જવાથી 50 કલાકો નિષ્ક્રિય રહ્યા હતા તેનો સમાવેશ થાય છે.

**જવાબ :**

માલસામાનને લગતાં વિચલનો :

એકમદીઠ પ્રમાણ માલસામાન 10 કિલો

ખરેખર ઉત્પાદન 200 એકમો.

ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો = 10 કિલો × 200 એકમો = 2000 કિલો

પ્રમાણભાવ કિલોદીઠ = $\frac{100}{10 \text{ કિલો}}$ = ₹ 10

ખરેખર ભાવ = $\frac{20,475}{1950 \text{ કિલો}}$

= ₹10.50 (1.95 ટન = 1950 કિલો)

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

પ્રથમ માલસામાન અંગેના વિચલનો ગણીશું તે બાદ મજૂરી અંગેના વિચલનો ગણીશું

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (2,000×10) -(1,950×10.50)

= 20,000-20,475

= -475 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

=1950(10-10.50)

= 1,950(-0.50)

= -₹975 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 10(2,000-1,950)

= 10(50)

= ₹500 (અનુકૂળ)

- મજૂરીને લગતાં વિચલનો :

ખરેખર ઉત્પાદનના પ્રમાણ કલાકો = 200 એકમો × 50 કલાકો

= 10,000 કલાકો

પ્રમાણદર (કલાકદીઠ) = $\frac{100}{50 \text{ કલાકો}}$ = ₹ 2

ખરેખર દર = $\frac{19,950}{10,500}$

= ₹1.90

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર)

- (ખરેખર કલાકો × ખરેખર દર)

= (10,000×2) -(10,500×1.90)

= 20,000-19,950

= ₹50 (અનુકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= 10,500 (2-1.90)

= 10,500 (0.10)

= -₹ 10,500 (અનુકૂળ)

(3)મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

= 2(10,000 - 10,450)

= 2(-450)

= -₹900 (પ્રતિકૂળ)

અહીં, ખરેખર કલાકો = (10,500 - 50 નિષ્ક્રિય કલાકો = 10,450 કલાકો)

(4)નિષ્ક્રિય સમય વિચલન = નિષ્ક્રિય સમય × પ્રમાણ દર

= 50 × 2 ₹

= - ₹ 100 (પ્રતિકૂળ)

ઉદાહરણ-16 : એક કંપની પ્રમાણ પડતર પદ્ધતિનો ઉપયોગ કરે છે જે અંગે નીચેની માહિતી મળેલ છે.

(1)વિગત એકમદીઠ પ્રમાણ પડતર ₹

માલસામાન (2 કિલો, કીલોદીઠ ₹10 લેખે) 20

પ્રત્યક્ષ મજૂરી (2 કલાક, કલાકદીઠ ₹3 લેખે) 6

(2)બજેટ મુજબ ઉત્પાદન અને વેચાણ 10,000 એકમો.

(3)ખરેખર માહિતી : ₹.........

માલસામાનનો વપરાશ (16,500 કિલો, કિલોદીઠ ₹9.60 લેખે) 1,58,400 પ્રત્યક્ષ મજૂરી (15,000 કલાકો, કલાકદીઠ ₹3.60 લેખે) 54,000

(4)ખરેખર ઉત્પાદન અને વેચાણ 8000 એકમો.

ઉપરની માહિતી પરથી (1) માલસામાન અને (2) પ્રત્યક્ષ મજૂરી અંગેના સંબંધિત વિચલનોની ગણતરી કરો.

**જવાબ :**

માલસામાનને લગતાં વિચલનો :

અહીં, ખરેખર ઉત્પાદન અને પ્રમાણ ઉત્પાદન અલગ અલગ આપેલ હોવાથી ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો ધ્યાનમાં લેવાશે.

ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો = ખરેખર ઉત્પાદન × પ્રમાણ જથ્થો

= 8,000 એકમો × 2 કિલો

= 16,000 કિલો

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્ર.ભાવ)

- (ખરેખર જથ્થો × ખ.ભાવ)

= (16,000 × 10) - (16,500 × 9.60)

= 1,60,000 - 1,58,400

= ₹1,600 (અનુકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 16,500 (10 - 9.60)

= 16,500 (0.40)

= ₹ 6,600 અનુકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 10 (16,000 - 16,500)

= 10(-500)

= ₹ -5,000 (પ્રતિકૂળ)

નોંધ : (અહીં, પ્રમાણ જથ્થો = ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો લેવો.)

મજૂરીને લગતાં વિચલનો :

ખરેખર ઉત્પાદન પ્રમાણ = ખરેખર ઉત્પાદન × પ્રમાણ ક્લાકો

= 8,000 એકમો × 2 કલાકો

= 16,000 ક્લાકો

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર)

= (ખરેખર કલાકો × ખરેખર દર)

= (16,000 × 3) - (15,000 × 3.60)

= 48,000 - 54,000

= -₹6,000 (પ્રતિકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= 15,000 (3-3.60)

= 15,000 (-0.60)

= - ₹ 9,000 (પ્રતિકૂળ)

(3)મજૂરી કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

= 3 (16,000 - 15,000)

= 3(1,000)

= ₹3,000 (અનુકૂળ)

(નોંધ : અહીં, પ્રમાણ ક્લાકો = ખરેખર ઉત્પાદનના પ્રમાણ કલાકો લેવા)

**(13) અગત્યનાં ઉદાહરણો :**

**ઉદાહરણ-17 :** અખિલેશ મેન્યુફેક્ચરિંગ કંપની બે વસ્તુઓ X અને Yનું ઉત્પાદન કરે છે. માલસામાનની ઉત્પાદનની માહિતી નીચે મુજબ છે.

| **વસ્તુ** X | **વસ્તુ** Y |
|---|---|
| માલસામાન-A 60 ટકા ક્લિોદીઠ ₹33 | માલસામાન-C 20 ટકા ક્લિોદીઠ ₹80 |
| માલસામાન-B 40 ટકા ક્લિોદીઠ ₹18 | માલસામાન-D 80 ટકા ક્લિોદીઠ ₹30 |

સામાન્ય બગાડ : ઉત્પાદનના દાખલ કુલ જથ્થાના

| | |
|---|---|
| વસ્તુ-X | 10 ટકા |
| વસ્તુ-Y | 20 ટકા |

માહિતી દરમિયાન ખરેખર ઉત્પાદન નીચે મુજબ છે.

**વસ્તુ X**

માલસામાન-A 650 કિલોદીઠ ₹30 લેખે

માલસામાન-B 350 કિલોદીઠ ₹20 લેખે

કુલ જથ્થો = 1000 કિલો

બાદ : બગાડ 80 કિલો

ખરેખર ઉત્પાદન 920 કિલો

**વસ્તુ Y**

માલસામાન-C 250 કિલોદીઠ ₹75 લેખે

માલસામાન-D 750 ક્લોદીઠ ₹35 લેખે

1000 કિલો = કુલ જથ્થો

બાદ : બગાડ 220 કિલો

ખરેખર ઉત્પાદન 780 કિલો

ઉપરની વિગત પરથી વસ્તુ X અને વસ્તુ Y માટે વપરાયેલ માલસામાનના નીચેનાં વિચલનો શોધો.

(1) માલસામાન ખર્ચ વિચલન (2) માલસામાન ભાવ વિચલન

(3) માલસામાન મિશ્રણ વિચલન (4) માલસામાન ઊપજ વિચલન

**જવાબ :** બન્ને વસ્તુઓ માટે અલગ અલગ ગણતરી

વસ્તુ X-માટે માલસામાનનાં વિચલનો :

ઉત્પાદન મિશ્રણ 1000 કિલો છે જેને માલસામાન A અને B વચ્ચે 60 ટકા અને 40 ટકા મુજબ વહેંચતા -

પ્રમાણ ઉત્પાદન પડતરની ગણતરી

| માલસામાન | પ્રમાણ મિશ્રણ ક્લો | કિલોદીઠ ભાવ ₹ | કુલ પડતર ₹ |
|---|---|---|---|
| A | 600 | 33 | 19,800 |
| B | 400 | 18 | 7,200 |
| | 1,000 કિલો | | 27,000 |

બાદ : પ્રમાણ બગાડ (10 ટકા) 100 કિલો

પ્રમાણ ઉત્પાદન 900 કિલો

$$\text{એકમદીઠ પ્રમાણ પડતર} = \frac{27,000}{900} = ₹\ 30$$

સુધારેલ પ્રમાણ ઉત્પાદન = કુલ ખરેખર ઉત્પાદન - પ્રમાણ દરે બગાડ (10 ટકા)

= 1,000 -100 = 900 કિલો

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)
- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

A = (600×33) - (650×830)

=19,800-19,500

= ₹300 (અનુકૂળ)

B =(400×18) -(350×20)

= 7,200-7,000

= ₹200 (અનુકૂળ)

= ₹500 (અનુકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

A = 650(33-30)

= 650(3)

= ₹1,950 (અનુકૂળ)

B = 350(18-20)

= 350(-2)

= -₹700 (પ્રતિકૂળ)

= ₹1,250 (અનુકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

A = 33(600 -650)

= 33 (-50)

= -₹1,650 (પ્રતિકૂળ)

B = 18(400-350)

= 18(50)

= ₹900 (અનુકૂળ)

= -₹700 (પ્રતિકૂળ)

(4)માલસામાન ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ પડતર

(ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= 30 (920 - 900)

= 30(20)

= ₹600 (અનુકૂળ)

વસ્તુ Y માટે માલસામાનનાં વિચલનો :

ઉત્પાદન મિશ્રણ 1000 કિલો છે જેને માલસામાન C અને D વચ્ચે 20 ટકા અને 80 ટકા મુજબ વહેંચતા -

પ્રમાણ ઉત્પાદન પડતરની ગણતરી :

| માલસામાન | પ્રમાણ મિશ્રણ (કિલ) | કિલોદીઠ ભાવ ₹ | કુલ પડતર ₹ |
|---|---|---|---|
| C | 200 | 80 | 16,000 |
| D | 800 | 30 | 24,000 |
| | 1,000 કિલો | પ્રમાણ પડતર | 40,000 |

બાદ : પ્રમાણ બગાડ (20 ટકા) 200 ક્લિો

પ્રમાણ ઉત્પાદન 800 ક્લિો પડતર

એકમદીઠ પડતર = $\frac{40,000}{800}$ = ₹ 50

સુધારેલ પ્રમાણ ઉત્પાદન = કુલ ખરેખર જથ્થો - પ્રમાણ દરે બગાડ (20 ટકા)

= 1,000 - 200 = 800 ક્લિો

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

C = (200×80) -(250×75)

= 16,000-18,750

= ₹2,750 (પ્રતિકૂળ)

D =(800×30)-(750×35)

= 24,000 - 26,250

= ₹2,250 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

C = 250(80 -75)

= 250(5)

= ₹ 1,250 (અનુકૂળ)

D = 750(30-35)

= 750(-5)

= -₹3,750 (પ્રતિકૂળ)

= -₹2,500 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

C = 80(200-250)

= 80(-50)

= -₹4,000 (પ્રતિકૂળ)

D = 30(800-750)

= 30(50)

= ₹1,500 (અનુકૂળ)

= -₹2,500 (પ્રતિકૂળ)

(4)માલસામાન ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ પડતર

(ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= 50 (780 - 800)

= 50(-20)

= -₹1,000 (પ્રતિકૂળ)

**ઉદાહરણ-18 :** એક કંપનીની કોઈ એક માસ દરમિયાનની માહિતી નીચે મુજબ છે.

| **વિગત** | **પ્રમાણે** | **ખરેખર** |
|---|---|---|
| ઉત્પાદિત એકમો | 10,000 | 12,000 |
| કામદારોની સંખ્યા | 125 | 100 |
| કામકાજના દિવસો | 25 | 24 |
| કામદારદીઠ માસિક મજૂરી | ₹ 500 | 600 |

ગણતરી કરો :

(1)મજૂરી ખર્ચ વિચલન

(2)મજૂરી દર વિચલન

(3)મજૂર કાર્યક્ષમતા વિચલન

**જવાબ :** અહીં, કલાકોને બદલે દિવસો આપ્યા છે, તેથી કામદાર દિવસોને આધારે ગણતરી થશે.

પ્રમાણ દર (દિવસદીઠ) $= \frac{500\text{રૂ.}}{25\,\text{દિવસો}} =$ ₹ 20

ખરેખર દર (દિવસદીઠ) $= \frac{600\text{રૂ.}}{24\,\text{દિવસો}} =$ ₹ 25

પ્રમાણ કામદાર દિવસો = 125 દિવસો × 25 દિવસ

= 3125 કામદાર દિવસ

અહીં, પ્રમાણ ઉત્યાદન અને ખરેખર ઉત્પાદન અલગ અલગ આપેલાં હોવાથી ખરેખર ઉત્પાદનના પ્રમાણ દિવસો શોધવા પડશે.

પ્રમાણ એકમો 10,000 = પ્રમાણ દિવસો 3125

ખરખર એકમો 12,000 =

ખરેખર ઉત્પાદન પ્રથમ દિવસો $= \frac{12,000 \times 3,125}{10,000}$

= ₹3,750 દિવસો

ખરેખર દિવસો = 100 કામદારો × 24 દિવસ

= 2400 દિવસો

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ દિવસો × પ્રમાણ દર)

- (ખરેખર દિવસો × ખરેખર દર)

(નોંધ : અહીં, પ્રમાણ દિવસો = ખરેખર ઉત્પાદનના પ્રમાણ દિવસો લેવા)

= (3750×20) - (2400×25)

= 75,000 - 60,000

= ₹ 15,000 (અનુકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર દિવસો (પ્રમાણ દર - ખરેખર દર)

= 2,400(20-25)

= 2,400(-5)

= ₹12,000 (પ્રતિકૂળ)

(3)મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ દિવસો - ખરેખર દિવસો)

=20 (3,750 - 2,400)

= 20(1,350)

= ₹27,000 (અનુકૂળ)

**ઉદાહરણ-19 :** કનુ લિ.ના ઉત્પાદનને લગતી નીચેની માહિતી આપવામાં આવી છે તેના પરથી માલસામાનને લગતાં અને મજૂરીને લગતાં જરૂરી વિચલનોની ગણતરી કરો.

200 કિલોગ્રામ માલસામાનનો વપરાશ કરવાથી 50 એકમોનું પ્રમાણ ઉત્પાદન નક્કી કરવામાં આવ્યું છે.

માલસમાનનો ખરેખર વપરાયેલો જથ્થો 25,000 કિલોગ્રામ

ખરેખર ઉત્પાદન 5,500 એકમો

માલસામાનનો પ્રમાણભાવ કિલોગ્રામદીઠ ₹12

માલસામાનની ખરેખર કિંમત કિલોગ્રામદીઠ ₹11

કામદારોની સંખ્યા 100 કામદારો

કામદારદીઠ પ્રમાણ દૈનિક ઉત્પાદન 2 એકમો

કામકાજના દિવસો 28

અનુત્પાદક સમય 1 દિવસ

કામદારદીઠ પ્રમાણ દૈનિક વેતન ₹20

ખરેખર દૈનિક વેતન ₹22

**જવાબ :**

માલસામાનને લગતાં વિચલનો :

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

જરૂરી ગણતરી :

50 એકમોના પ્રમાણ ઉત્પાદન માટે 200 કિગ્રા. માલસામાન વપરાય છે. આપી,

5,500 એકમોના ઉત્પાદન માટે =

ખરેખર ઉત્પાદનનો માલસામાનનો પ્રમાણ જથ્થો = $\frac{5,500 \times 200}{50}$

= 22,000 કિગ્રા.

(1)માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (22,000×12) -(25,000×11)

= 2,64,000 - 2,75,000

= ₹ 11,000 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 25,000(12-11)

= 25,000 (1)

= ₹ 25,000 (અનુકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 12(22,000 - 25,000)

= 12(-3,000)

= ₹ 36,000 (પ્રતિકૂળ)

નોંધ : (અહીં, પ્રમાણ જથ્થો = ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો લેવો.)

**મજૂરીને લગતાં વિચલનો :**

અહીં, કલાકોને બદલે દિવસો આપ્યા હોવાથી મજૂરીનાં વિચલનો કામદાર દિવસોને આધારે ગણાશે.

કામદારદીઠ પ્રમાણ દૈનિક ઉત્પાદન 2 એકમો છે.

જ્યારે ખરેખર ઉત્પાદન 5,500 એકમો છે.

2 એકમોના ઉત્પાદને 1 કામદાર દિવસ તો,

5,500 એકમોના ઉત્પાદ =

= 5,500 × 1/2

= 2,750 પ્રમાણ કામદાર દિવસો

ખરેખર કામદાર દિવસો = 100 કામદારો × 28 દિવસો

= 2,800 કામદાર દિવસો

અનુત્પાદન સમય 1 દિવસ છે.

કુલ અનુત્પાદક (નિષ્ક્રિય) સમય = 100 કામદારો × 1 દિવસ

= 100 દિવસ

(1)મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ દિવસો × પ્રમાણ ખરેખર દિવસો×ખરેખર દર)

= (2,750×20) - (2,800×22)

= 55,000-61,600

= ₹ 6,600 (પ્રતિકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર દિવસો (પ્રમાણ દર - ખરેખર દર)

= 2,800(20-22)

= 2,800(-2)

= ₹ 5,600 (પ્રતિકૂળ)

(3)મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (પ્રમાણ દિવસો × ખરેખર દિવસો)

= 20 (2,750 - 2,700)

= 20(150)

= ₹1,000 (અનુકુળ)

(નોંધ : અહીં, ખરેખર દિવસો = કુલ ખરેખર દિવસો 2,800 - નિષ્ક્રિય સમય 100 દિવસો)

= 2700 દિવસો)

(4)નિષ્ક્રિય સમય વિચલન = નિષ્ક્રિય સમય × પ્રમાણ દર

= 1000 × 20

= ₹ 2,000 (પ્રતિકૂળ)

❖ **સ્વાધ્યાય**

**(અ) સૈદ્ધાંતિક (થિયરી) પ્રશ્નો :**

(1)માલસામાન અંગેના વિચલનોની યાદી આપો, દરેકના અર્થ સમજાવો.

(2)મજૂરી અંગેના વિચલનોની યાદી આપો, દરેકના અર્થ સમજાવો.

(3)માલસામાન અંગેના વિચલનોની યાદી આપો, દરેકનાં સૂત્રો સમજાવો.

(4)મજૂરી અંગેના વિચલનોની યાદી આપો, દરેકનાં સૂત્રો સમજાવો.

(5)માલસામાન અંગેના વિચલનોની યાદી આપો, દરેકનાં ઉદાહરણ આપો.

(6)મજૂરી અંગેના વિચલનોની યાદી આપો, દરેકનાં ઉદાહરણ આપો.

(7)નિષ્ક્રિય સમય વિચલનનો અર્થ, સૂત્રો અને ઉદાહરણ દર્શાવો.

**(બ) ટૂંકનોંધ લખો./ સમજાવો.**

(1)માલસમાન ખર્ચ વિચલન

(2)માલસામાન ભાવ વિચલન

(3)માલસામાન વપરાશ વિચલન

(4)માલસામાન મિશ્રણ વિચલન

(5)માલસામાન પેટા વપરાશ વિચલન

(6)માલસામાન ઊપજ વિચલન

**(ક) ટૂંકનોધ લખો./સમજાવો**

(1)મજૂરી ખર્ચ વિચલન

(2)મજૂરી દર વિચલન

(3)મજૂર (કામદાર) કાર્યક્ષમતા વિચલન

(4)મજૂરી મિશ્રણ વિચલન

(5)નિષ્ક્રિય સમય વિચલન

(6)મજૂરી ઊપજ વિચલન

**(ડ) વ્યાવહારિક ઉદાહરણોઃ (માર્ગદર્શક અંતિમ જવાબસહ)**

**દાખલા-14 કેમિકલ Xના એક ટન માટે પ્રમાણિત મિશ્રણ અંગેની વિગતો નીચે મુજબ છે :**

| કેમિક્લ | વપરાશ કિગ્રા. | કિલોદીઠ પડતર ₹ |
|---|---|---|
| A | 240 | 6 |
| B | 400 | 12 |
| C | 640 | 10 |

એક માસ દરમિયાન 6.25 ટનનું ઉત્પાદન થયેલ છે જેની માહિતી નીચે પ્રમાણે છે :

| કેમિક્લ | વપરાશ (ટનમાં) | કુલ પડતર ₹ |
|---|---|---|
| A | 1.6 | 11,200 |
| B | 2.4 | 30,000 |
| C | 4.5 | 47,250 |

**નીચેના વિચલનોની ગણતરી કરો.**

(1) માલસામાન ખર્ચ વિચલન, (2) માલસામાન ભાવ વિચલન (3) માલસામાન વપરાશ વિચલન (4) માલસામાન મિશ્રણ વિચલન (5) માલસાલાન પેટા-વપરાશ વિચલન

(**જવાબ :** અહીં પ્રમાણ માહિતી ક્લિોગ્રામમાં આપેલ છે.જયારે ખરેખર માહિતી ટનમાં આપેલ છે, જયાં દરેક માહિતી ક્લિોગ્રામમાં ફેરવતા 1 ટન = 1000 ક્લિોગ્રામ. ખરેખર ઉત્પાદન 6.25 ટન = 6,250 ક્લિોગ્રામ, ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો : A 1,500

કિગ્રા (240 કિગ્રા × 6.25 ટન), B 2500 કિગ્રા. (400 કિગ્રા × 6.25 ટન) C 4000 કિગ્રા (640 કિગ્રા × 6.25 ટન), (1) માલસામાન ખર્ચ વિચલન ₹ 9,450 (પ્રતિકૂળ) (A ₹ 2,200 (પ્રતિકૂળ) + B શૂન્ય + C ₹ 7,250 (પ્રતિકૂળ) (2) માલસામાન ભાવ વિચલન ₹ 5,050 (પ્રતિકૂળ) (₹ 1,600 (પ્રતિકૂળ) + B ₹ 1,200 (પ્રતિકૂળ) + C ₹ 2,250 (પ્રતિકૂળ) (3) માલસામાન વપરાશ વિચલન ₹ 4,400 (પ્રતિકૂળ) (A ₹ 600 (પ્રતિકૂળ) + B ₹ 1,200 (અનુકૂળ) + C ₹ 5,000 (પ્રતિકૂળ) (4) સુધારેલ પ્રમાણ જથ્થો : A 1,593,75 કિલો, B 2,656.25 કિલો અને C 4,250 કિલો (5) માલસામાન મિશ્રણ વિચલન ₹ 537.50 (અનુકૂળ) (A ₹37.50 (પ્રતિકૂળ) + B ₹3,075 (અનુકૂળ) + C ₹2,500 (પ્રતિકૂળ) (6) માલસામાન પેટા-વપરાશ વિચલન ₹ 4,937.50 (પ્રતિકૂળ) (A ₹ 562.50 (પ્રતિકૂળ) + B ₹ 1,875 (પ્રતિકૂળ) + C ₹2,500 (પ્રતિકૂળ)

**દાખલા-15 પ્રોડક્ટ A-135નું પ્રમાણ મિશ્રણ નીચે પ્રમાણે છે :**

| માલસામાન | ક્લિો | ક્લિોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| A | 50 | 5 |
| B | 20 | 4 |
| C | 30 | 10 |

દાખલ કરેલ માલના 10 ટકા બગાડ અંદાજવામાં આવે છે. બગાડની કોઈ ઊપજ નથી. એક મહિનામાં A-135ના 7,200 કિલોનું ઉત્પાદન થયું હતું. ખરેખર ખરીદી અને વપરાશ નીચે મુજબ હતા.

| માલસામાન | ક્લિો | ક્લિોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| A | 4160 | 5.50 |
| B | 1680 | 3.75 |
| C | 2560 | 9.50 |

**નીચેના વિચલનો ગણો.**

(1) માલસામાન ખર્ચ વિચલન, (2) માલસામાન ભાવ વિચલન, (3) માલસામાન મિશ્રણ વિચલન, (5) માલસામાન ઊપજ વિચલન.

(જવાબ : ખરેખર ઉત્પાદન 7,200 કિલો છે જે 10 ટકા બગાડ બાદનું હશે, તેથી દાખલ કરેલ પ્રમાણ જથ્થો 8,000 કિલો (7,200 × 100/90) જે 5-2-3 મુજબ વહેંચતા A 4,000 ક્લિો, B 1,600 ક્લો, C 2,400 ક્લિો. (1) માલસામાન ખર્ચ વિચલન ₹ 3,100 (પ્રતિકૂળ) (A ₹ 2,880 (પ્રતિકૂળ) + B ₹100 (અનુકૂળ) + C (પ્રતિકૂળ) રૂા.-320 (2) માલસામાન ભાવ વિચલન ₹380 પ્રતિકૂળ (A ₹ 2,080 (પ્રતિકૂળ) + B ₹420 (અનુકૂળ) + C ₹1,280 (અનુકૂળ) (3) સુધારેલ પ્રમાણ જથ્થો : A 4,200 કિલો (1 ,600 × 8,400/8,000) C 2,520 ક્લિો (2,400 × 8,400/8000) (4) માલસામાન મિશ્રણ વિચલન ₹200 (પ્રતિકૂળ) (A ₹200 (અનુકૂળ) + B શૂન્ય + C ₹400 (પ્રતિકૂળ) (5) માલસામાન ઊપજ વિચલન ₹2,520 (પ્રતિકૂળ) એકમદીઠ પ્રમાણ પડતર ₹7 (₹50,40% 7,200 કિલો) સુધારેલ પ્રમાણ ઊપજ 7,560 કિલો (કુલ ખરેખર જથ્થો 8,400 કિલા - 10 ટકા લેખે બગાડ 840 કિલો.)

**દાખલા-16 વસ્તુ અ ના ઉત્પાદન માટેના પ્રમાણનું મિશ્રણ નીચે પ્રમાણે છે :**

| માલસામાન | કિલો | કિલોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| ક્ષ | 20 | 17 |
| ય | 12 | 18 |
| ઝ | 8 | 13 |

સામાન્ય બગાડનું પ્રમાણ દાખલ કરેલ એકમના 10 ટકા જેટલું ખરેખર ઉત્પાદન 540 કિલો થયું છે. ખરેખર માલસામાનની વપરાશ અને પડતર નીચે મુજબ છે :

| માલસામાન | કિલો | કિલોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| ક્ષ | 320 | 6400 |
| ય | 120 | 1800 |
| ઝ | 200 | 1800 |

**નીચેના વિચલનો ગુણો :**

(1) માલસામાન ખર્ચ વિચલન, (2) માલસામાન ભાવ વિચલન, (3) માલસામાન વપરાશ વિચલન, (4) માલસામાન મિશ્રણ વિચલન, (5) માલસામાન ઊપજ વિચલન

(**જવાબ :** ખરેખર ઉત્પાદન 540 કિલો જે 10 ટકા બગાડ બાદનું છે. તેથી દાખલ કરેલ પ્રમાણ જથ્થો 600 કિલો (540 × 100/90) જે 20-12-8ના પ્રમાણમાં વહેંચતા. ક્ષ 300 કિલો, ય 180 કિલો અને ઝ 120 કિલો) (1) માલસામાન ખર્ચ વિચલન ₹ 100 (પ્રતિકૂળ) (ક્ષ ₹1,300 પ્રતિકૂળ) + ય ₹1,440 (અનુકૂળ) + ઝ ₹240 (પ્રતિકૂળ) (2) માલસામાન ભાવ વિચલન ₹200 (અનુકૂળ) (ક્ષ ₹960 (પ્રતિકૂળ) + ય ₹360 (અનુકૂળ) + ઝ ₹800 (અનુકૂળ) (3) માલસામાન વપરાશ વિચલન ₹ 300 (પ્રતિકૂળ) (ક્ષ ₹340 (પ્રતિકૂળ) + ય ₹1,080 (અનુકૂળ) + ઝ ₹1,040 (પ્રતિકૂળ) (4) સુધારેલ પ્રમાણ જથ્થો : ક્ષ 320 કિલો (300×640/600), ય 192 કિલો (180×640/600) અને ઝ 128 કિલો (120×640/600), (5) માલસામાન મિશ્રણ વિચલન ₹360 (અનુકૂળ) (ક્ષ શુન્ય + ય ₹1,296 (અનુકૂળ) + ઝ ₹936 (પ્રતિકૂળ) (6) માલસામાન ઊપજ વિચલન ₹660 (પ્રતિકૂળ) એકમદીઠ પ્રમાણ પડતર ₹18.33 (₹9,900 - 540 કિલો). સુધારેલ પ્રમાણ ઉત્પાદન 576 કિલો (કુલ ખરેખર જથ્થો 640 કિલો - 10 ટકા બગાડ 64 કિલો)

**દાખલા-17 પૂજા મેન્યુફેક્ચર બે વસ્તુ A અને Bનું ઉત્પાદન કરે છે.**

પ્રત્યક્ષ માલસામાનની ઉત્પાદનની માહિતી નીચે મુજબ છે.

| **વસ્તુ A** | **વસ્તુ B** |
|---|---|
| માલસામાન-C 60 ટકા કિલોદીઠ ₹30 | માલસામાન E 30 ટકા કિલોદીઠ ₹40 |
| માલસામાન-D 40 ટકા કિલોદીઠ ₹20 | માલસામાન F 70 કિલોદીઠ ₹30 |

સામાન્ય બગાડ ઉત્પાદન માટે દાખ જથ્થાના

વસ્તુ A 10 ટકા

વસ્તુ B 20 ટકા

મહિના દરમિયાનની ખરેખર વિગત નીચે મુજબ છે.

| **વસ્તુ A** | **વસ્તુ B** |
|---|---|
| માલસામાન-C 320 કિલોદીઠ ₹25 લેખે | માલસામાન E 140 કિલો ₹45 લેખે |
| માલસામાન-D 180 કિલોદીઠ ₹30 લેખે | માલસામાન-F 360 કિલો ₹17 લેખે |
| 500 કુલ | 500 કુલ |
| બાદ : બગાડ 40 કિલો | બાદ : બગાડ 110 કિલો |
| ખરેખર ઉત્પાદન 460 કિલો | ખરેખર ઉત્પાદન 390 કિલો |

ઉપરની વિગતો પરથી વસ્તુ A અને વસ્તુ Bના નીચેના વિચલનો શોધો.

(1) માલસામાન ભાવ વિચલન, (2) માલસામાન મિશ્રણ વિચલન

(3) માલસામાન ઊપજ વિચલન.

**(જવાબ :** (અ) વસ્તુ માટે : ઉત્પાદન મિશ્રણ 500 કિલો છે જે 60 ટકા અને 40 ટકા મુજબ વહેંચતા પ્રમાણ જથ્થો C 300 કિલો અને D 200 કિલો. (1) માલસામાન ભાવ વિચલન ₹200 (પ્રતિકૂળ) (C ₹1600 (અનુકૂળ) + D ₹18,000 (પ્રતિકૂળ) (2) માલસામાન મિશ્રણ વિચલન ₹ 200 (પ્રતિકૂળ) (C ₹600 પ્રતિકૂળ) D ₹400 (અનુકૂળ) માલસામાન ઊપજ વિચલન ₹ 289 (અનુકૂળ) એકમદીઠ પ્રમાણ પડતર ₹28.89 (₹ 13,000 ÷ 450 કિલો). ખરેખર ઉત્પાદન 460 કિલો અને સુધારેલ પ્રમાણ ઉત્પાદન 450 કિલો. (કુલ ખરેખર જથ્થો 500 કિલો - પ્રમાણ દરે બગાડ 10 ટકા 50 કિલો).

(બ) વસ્તુ B માટે ઉત્પાદન મિશ્રણ 500 કિલો છે જે 30 ટકા અને 70 ટકા મુજબ વહેંચતા, પ્રમાણ જથ્થો E 150 કિલો અને F 350 કિલો. (1) માલસામાન ભાવ વિચલન ₹ 3,980 (અનુકૂળ) (E ₹700 (પ્રતિકૂળ) + F ₹4,680 (અનુકૂળ) (2) માલસામાન મિશ્રણ વિચલન ₹100 (અનુકૂળ) (E ₹400 (અનુકૂળ) + F ₹300 (પ્રતિકૂળ) (3) માલસામાન ઊપજ વિચલન ₹412.50 (પ્રતિકૂળ) એકમદીઠ પ્રમાણ પડતર ₹41.25 (₹16,500 ÷ 400 કિલો). ખરેખર ઉત્પાદન 390 કિલો અને સુધારેલ પ્રમાણ ઉત્પાદન 400 કિલો. (કુલ ખરેખર જથ્થો 500 કિલો - પ્રમાણ દરે બગાડ 10 ટકા 100 કિલો.)

**દાખલા-18 અનુરાગ વર્કસ લિમિટેડ P વસ્તુનું ઉત્પાદન કરે છે. પ્રમાણિત પડતર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. P વસ્તુના ઉત્પાદન માટેનું પ્રમાણ મિશ્રણ નીચે પ્રમાણે છે.**

| માલસામાન | પ્રમાણિત મિશ્રણ | પ્રમાણિત કિલોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| અ | 40 ટકા | ₹4 |
| બ | 60 ટકા | ₹3 |

સામાન્ય બગાડ પ્રમાણ દાખલ કરેલ એકમોનાં 15 ટકા છે. વસ્તુ P નું ખરેખર ઉત્પાદન 1,700 કિલો થયું છે.

ખરેખર માલસામાનની વપરાશ અને પડતરની માહિતી નીચે મુજબ છે.

| માલસામાન | ખરેખર મિશ્રણ (કિલોમાં) | ખરેખર કિંમત (10 કિલો દીઠ) | કુલ ખર્ચ ₹ |
|---|---|---|---|
| અ | 840 | 42.50 | 3570 |
| બ | 1180 | 25.00 | 2950 |
| કુલ | 2020 | | -6520 |

**ઉપરોક્ત માહિતી ઉપરથી નીચેનાં વિચલનો શોધો.**

(1) માલસામાન ખર્ચ વિચલન, (2) માલસામાન ભાવ વિચલન, (3) માલસામાન વપરાશ વિચલન (4) માલસામાન મિશ્રણ વિચલન (5) ઊપજ વિચલન

(**જવાબ :** ખરેખર ઉત્પાદન 1,700 કિલો છે જે 15 ટકા સામાન્ય બગાડ બાદનું છે. તેથી દાખલ કરેલ પ્રમાણ જથ્થો 2,000 કિલો (1,700 × 100/85) જે 40 ટકા અ 60 ટકા મુજબ વહેંચતા અ 800 ક્લિો અને બ 1,200 કિલો (1) માલસામાન ખર્ચ વિચલન ₹280 (અનુકૂળ) (અ ₹370 (પ્રતિકૂળ), બ ₹650 (અનુકૂળ) (2) માલસામાન ભાવ વિચલન ₹380 (અનુકૂળ) (અ ₹210 (પ્રતિકૂળ) બ ₹590 (અનુકૂળ) (3) માલસામાન વપરાશ વિચલન ₹100 (પ્રતિકૂળ) (અ ₹160 (પ્રતિકૂળ) બ 60 (અનુકૂળ) (4) સુધારેલ પ્રમાણ જથ્થો અ 808 કિલો (800 × 2020/2000) અને બ 1212 કિલો (1200 × 2020/2000 (5) માલસામાન મિશ્રણ વિચલન ₹32 (પ્રતિકૂળ) (અ ₹128 પ્રતિકૂળ) બ ₹96 (અનુકૂળ) (6) ઊપજ વિચલન ₹68 (પ્રતિકૂળ) એકમદીઠ પ્રમાણ પડતર ₹4 (6,800÷1,700 કિલો). સુધારેલ પ્રમાણ ઉત્પાદન 1,717. કુલ ખરેખર જથ્થો 2020 કિલો - પ્રમાણ બગાડ 15 ટકા લેખે 303 કિલો).

**દાખલા-19 નીચે આપેલી માહિતી ઉપરથી ગણતરી કરો.**

(1)માલસામાન ખર્ચ વિચલન,

(2)માલસામાન ભાવ વિચલન,

(3)માલસામાન વપરાશ વિચલન,

(4)માલસામાન મિશ્રણ વિચલન,

(5)ઊપજ વિચલન

| માલસામાન | પ્રમાણ | પ્રમાણ કિલોદીઠ કિંમત | ખરેખર જથ્થો | ખરેખર કિલોદીઠ કિંમત |
|---|---|---|---|---|
| A | 60 ટકા | ₹ 20 | 88 કિલો | ₹ 25 |
| B | 40 ટકા | ₹ 10 | 132 કિલો | ₹ 5 |

ઉત્પાદન પ્રક્રિયાનો પ્રમાણ બગાડ : 10 ટકા

ખરેખર ઉત્પાદન : 180 કિલો.

(**જવાબ :** ખરેખર ઉત્પાદન 180 કિલો છે, જે પ્રમાણ બગાડ 10 ટકા પછીનું છે, તેથી દાખલ કરેલ પ્રમાણ જથ્થો 200 કિલો (180 × 10/90). જે 60 ટકા અને 40 ટકા

મુજબ વહેંચતા A 120 કિલો અને B 80 કિલો. (1) માલસામાન ખર્ચ વિચલન ₹340 (અનુકૂળ) (A ₹ 200 અનુકૂળ + B ₹140 અનુકૂળ) (2) માલસામાન ભાવ વિચલન ₹ 226 (અનુકુળ) (A ₹ 440 (પ્રતિકૂળ) + B ₹ 660 (અનુકૂળ) (3) માલસામાન વપરાશ વિચલન ₹ 120 (અનુકૂળ) (A ₹ 640 અનુકૂળ) + B ₹ 520 (પ્રતિકૂળ) (4) સુધારેલ પ્રમાણ જથ્થો : A 132 કિલો (120×220/200 અને B 88 કિલો) (80×220/200) (5) માલસામાન મિશ્રણ વિચલન ₹440 (અનુકૂળ) (A ₹ 880 અનુકૂળ) + B ₹ 440 (પ્રતિકૃળ) (6) માલસામાન ઊપજ વિચલન ₹ 320 (પ્રતિકૂળ) (એકમદીઠ પ્રમાણ પડતર ₹17.78 (₹3,206 × 180 કિલો). સુધારેલ પ્રમાણ ઉત્પાદન 198 કિલો (કુલ ખરેખર જથ્થો 220 કિલો - પ્રમાણ બગાડ 10 ટકા 22 કિલો)

**દાખલા-20 નીચેની માહિતી પરથી જરૂરી વિચલનો શોધો.**

એકમદીઠ પ્રમાણ પડતર :

માલસામાન : 5 કિલો ₹50

મજૂરી ખર્ચ : 20 ક્લાક ₹20

500 એકમોના ખરેખર ઉત્પાદન માટે ₹25,650ની કિંમતનો 2.7 મેટ્રિક ટન માલ વપરાયો હતો અને 11,000 કલાકો માટે ₹12,100 મજૂરી ચૂકવી હતી, જેમાં યંત્રની ખરાબીને કારણે 10 કલાકો નિષ્ક્રિય રહ્યા હતા તેનો સમાવેશ થાય છે.

(**જવાબ :** (અ) માલસામાનને લગતાં વિચલનો : ખરેખર ઉત્પાદનનો જથ્થો 2,500 કિલો (ખરેખર ઉત્પાદન 500 એકમો × 5 કિલો) ખરેખર ભાવ કિલોદીઠ ₹10 (₹50÷5 કિલો) ખરેખર જથ્થો 2.7 ટન = 2,700 કિલો. ખરેખર ભાવ ₹9.50 (₹ 25,650 ÷ 2,700 કિલો). (1) માલસામાન ખર્ચ વિચલન ₹650 (પ્રતિકૂળ) (2) માલસામાન ભાવ વિચલન ₹ 1,350 (અનુકૂળ) (3) માલસામાન વપરાશ વિચલન ₹ 2,000 (પ્રતિકૂળ) (બ) મજૂરીને લગતાં વિચલનો : ખરેખર ઉત્પાદનના પ્રમાણ કલાકો 10,000 કલાકો (ખરેખર ઉત્પાદન 500 એકમો × 20 કલાકો). ક્લાકદીઠ પ્રમાણ દર ₹ 1 (₹ 20 ÷20 કલાકો) ખરેખર દર ₹ 1.10 (₹ 12,100 ÷ 11,000 કલાકો). (1) મજૂરી ખર્ચ વિચલન ₹ 2,100 (પ્રતિકૂળ) (2) મજૂરી દર વિચલન ₹ 1,100 (પ્રતિકૂળ) (3) મજૂર કાર્યક્ષમતા વિચલન ₹ 990 (પ્રતિકૂળ) (4) નિષ્ક્રિય સમય વિચલન ₹ 10 (પ્રતિકૂળ)

**દાખલા-21** ધી આદર્શ લિમિટેડની પ્રોડક્ટ-1008નું પ્રમાણ મિશ્રણ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| X | 60 | 6 |
| Y | 40 | 10 |

દાખલ કરેલ માલના 10 ટકા બગાડ અંદાજવામાં આવે છે. બગાડની કોઈ ઊપજ નથી. આ મહિનામાં પ્રોડક્ટ-1008નું ઉત્પાદન 9,000 કિલો થયું હતું. ખરેખર ખરીદી અને વપરાશ નીચે મુજબ છે.

| વિગત | ખરેખર મિશ્રણ કિલો | ક્વિન્ટલ દીઠ ખરેખર ભાવ |
|---|---|---|
| X | 6500 | 650 |
| Y | 4000 | 990 |

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

ગણતરી કરો.

(1) માલસામાન ખર્ચ વિચલન (2) માલસામાન મિશ્રણ વિચલન

(3) માલસામાન ઊપજ વિચલન

**જવાબ :** ખરેખર ઉત્પાદન 9000 કિલો છે.

જે 10 ટકા બગાડ બાદનું છે.

જેથી દાખલ કરેલ પ્રમાણ જથ્થો

9000 × 100/90 = 10,000 કિલો

જે 60-40ના પ્રમાણમાં વહેચતા -

પ્રમાણ ઉત્પાદન પડતર :

| **માલસામાન પ્રમાણ** | **મિશ્રણ** | **કિલોદીઠ ભાવ ₹** | **કુલ પડતર ₹** |
|---|---|---|---|
| X | 6000 | 6 | 36,000 |
| Y | 4000 | 10 | 40,000 |
| | 10,000 કિલો | | 76,000 |
| બાદ : બગાડ (10 ટકા) | 1,000 કિલો | | - |
| | 9000 કિલો | | 76,000 |

એકમદીઠ પ્રમાણ પડતર = 76,000/9,000 = 8.44 (એકમદીઠ પ્રમાણ પડતર)

| માલસામાન | પ્રમાણ મિશ્રણ | કિલોદીઠ ભાવ ₹ | કુલ પડતર ₹ |
|---|---|---|---|
| X | 6,500 | 6.50 | 42.250 |
| Y | 4000 | 9 | 36,000 |
| | 10,500 કિલો | | 78,250 |

બાદ : બગાડ (10 ટકા) 1050 કિલો

9,450 કિલો 78,250

સુધારેલ પ્રમાણ જથ્થો :

માલસામાન X 6000 ×10,500/10,000 = 6,300 કિલો

માલસામાન Y 4000 × 10,500/10,000 = 4,200 કિલો

(1) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો ખરેખર ભાવ)

X = 36,000 - 42,250 = 6250 ₹ (પ્રતિકૂળ)

Y = 40,000 - 36,000 = 4,000 ₹ (અનુકૂળ) = 2250 (પ્રતિકૂળ)

(2) માલસામાન મિશ્રણ વિચલન : પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

X = 6(6,300 - 6,500)

= 6(-200)

= - ₹1200 (પ્રતિકૂળ)

Y 10(4,200 - 4,000)

10(200)

₹2,000 (અનુકૂળ)

₹800 (અનુકૂળ)

(3) માલસામાન ઊપજ વિચલન : એકમદીઠ પ્રમાણ પડતર

(ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

8.44 (9,000 - 9,450)

8.44 (-450)

= - ₹3798 (પ્રતિકૂળ)

**દાખલા-22 જાન્યુઆરી 2013 દરમિયાન ધી એબીસી લિમિટેડની માહિતી નીચે મુજબ છે.**

| **વિગત** | **પ્રમાણ** | **ખરેખર** |
|---|---|---|
| રોકેલ કામદારોની સંખ્યા | 250 | 200 |
| પ્રત્યેક કામદારની સરેરાશ માસિક મજૂરી | ₹500 | ₹600 |
| મહિના દરમિયાન કામના દિવસો | 25 | 24 |
| મહિના દરમિયાન ઉત્પાદિત એકમો | 20,000 | 24,000 |

ગણતરી કરો :

(1) મજૂરી ખર્ચ વિચલન, (2) મજૂરી દર વિચલન, (3) મજૂર કાર્યક્ષમતાના વિચલન

**જવાબ :** અહીં, કલાકોને બદલે દિવસો આપ્યા છે, તેથી કામદાર દિવસોને આધારે મજૂરીના વિચલનો શોધવામાં આવશે.

પ્રમાણ કામદાર દિવસો = પ્રમાણ કામદાર × પ્રમાણ દિવસો

= 250 × 25 = 6,250

અહીં, પ્રમાણ ઉત્પાદન અનને ખરેખર ઉત્પાદન અલગ અલગ આપેલ હોવાથી પ્રમાણ કામદાર દિવસોને બદલે ખરેખર ઉત્પાદનના પ્રમાણ કામદાર દિવસો ધ્યાનમાં લેવાશે.

ખરેખર ઉત્પાદનના પ્રમાણ દિવસો $6{,}250 \times \frac{24{,}000}{20{,}000}$

= 7,500 દિવસો

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

પ્રમાણ મજૂરીદર (દિવસ દીઠ) = $\frac{500}{25}$

₹ 20

ખરેખર મજૂરીદર (દિવસદીઠ) = $\frac{600}{24}$ = ₹ 25

(1)મજૂરી ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદનના પ્રમાણ દિવસો × પ્રમાણ દર)

- (ખરેખર દિવસો × ખરેખર દર)

= (7,500 × 20) - (4,800 × 25)

= 1,50, 000 -1, 20, 000

= ₹30,000 (અનુકૂળ)

(2)મજૂરી દર વિચલન = ખરેખર દિવસો (પ્રમાણ દર - ખરેખર દર)

= 4,800(20-25)

= 4800(-5)

= ₹ 24,000 (પ્રતિકૂળ)

(3)મજુર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર

(ખરેખર ઉત્પાદનના પ્રમાણ દિવસો - ખરેખર દિવસો)

20(7,500-4, 800)

20(2,700)

₹54,000 (અનુકૂળ)

**દાખલા-23** ઇન્દુ કં.લી.ના 100 કિલો માટે, પ્રમાણિત માલસામાન નીચે મુજબ છે.

કિલોગ્રામ 50 માલસામાન એચ, કિલોદીઠ ₹1 લેખે

કિલોગ્રામ 35 માલસામાન કે કિલોદીઠ ₹2 લેખે

કિલોગ્રામ 25 માલસામાન ડી કિલોદીઠ ₹3.20 લેખે

કુલ મિશ્રણ 110

-10 સામાન્ય બગાડ

100 પ્રમાણ ઉત્પાદન

ખરેખર ઉત્પાદન અંગેની માહિતી :

ઇન્દુ કું.લી.નું 1,000 કિલોનું ઉત્પાદન અને ખરેખર મિશ્રણ માલસામાન નીચે મુજબ છે.

| કિલો | ₹ |
|---|---|
| 550 માલસામાન એચ | કિલોદીઠ ₹0.90 લેખે 495.00 |
| 325 માલસામાન કે | કિલોદીઠ ₹2.25 લેખે 731.25 |
| 280 માલસામાન ડી | કિલોદીઠ ₹3.25 લેખે 910.00 |
| 1,155 | 2,136.25 |

ગણતરી કરો :

(1) માલસામાન ખર્ચ વિચલન (2) માલસામાન ભાવ વિચલન

(3) માલસામાન વપરાશ વિચલન (4) માલસામાન મિશ્રણ વિચલન

(5) માલસામાન ઊપજ વિચલન

**જવાબ :** પ્રમાણ મિશ્રણ 100 કિલોનું છે, જયારે ઉત્પાદન 1000 કિલોનું આપેલ છે, જેથી પ્રમાણ મિશ્રણ ખરેખર ઉત્પાદન મુજબ ફેરવતાં.

પ્રમાણ ઉત્પાદન પડતર :

| માલસામાન | કિલો | ભાવ ₹ | કુલ ₹ |
|---|---|---|---|
| એચ | 500 | 1 | 500 |
| કે | 350 | 2 | 700 |
| ડી | 250 | 3.20 | 800 |
| | 1100 | | 2000 |
| સામાન્ય બગાડ | -100 | | |
| | 1,000 | | 2,000 |

એકમદીઠ પ્રમાણ પડતર = $\frac{2000}{1000}$ ₹ 2

સુધારેલ પ્રમાણ જથ્થો

માલસામાન એચ = $500 \times \frac{1155}{1100} = 525$ કિલો

માલસામાન કે = $350 \times \frac{1155}{1100} = 367.50$ કિલો

માલસામાન ડી = $250 \times \frac{1155}{1100} = 262.50$ કિલો

પ્રમાણ દરે બગાડ

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમાણ જથ્થો | 1100 | $\rightarrow$ | બગાડ | 100 |
| $\therefore$ ખરેખર કુલ જથ્થો | 1155 | $\rightarrow$ | | |

$\frac{1,155 \times 100}{1,100}$ 105

સુધારેલ પ્રમાણ ઉત્પાદન = ખરેખર ઉત્પાદન - બગાડ

= 1,155 - 105

= 1,050

(1) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

(ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

એચ = (500 - 495) = ₹5 (અનુકૂળ)

કે = 700-731.25 = ₹31.25 (પ્રતિકૂળ)

ડી = 800-910 = ₹110 (પ્રતિકૂળ)

= ₹136.25 (પ્રતિકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

એચ = 550 (1-0.90)

= 550(.10)

= ₹55 (અનુકૂળ)

કે = 325(2-2.25)

= 325(-0.25)

= ₹81.25 (પ્રતિકૂળ)

ડી = 280(3.20-3.25)

= 280(-0.05)

= -₹14 (પ્રતિકૂળ)

કુલ = ₹ 40.25 (પ્રતિકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન : પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

એચ = 1(500-550)

= 1(-50)

= ₹-50 (પ્રતિકૂળ)

કે = 2(350-325)

= 2(25)

= ₹50 (અનુકૂળ)

ડી = 3.20(250-280)

= 3.20 (-30)

= ₹ -96 (પ્રતિકૂળ)

= ₹ -96 (પ્રતિકૂળ)

(4)માલસામાન મિશ્રણ વિચલન : પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

એચ = 1(525-550)

= 1(-25)

= -₹25 (પ્રતિકૂળ)

કે = 2(367.50-325)

= 2(42.50)

= ₹85 (અનુકૂળ)

ડી = 3.20(262.50-280)

= ₹3.20(-17.50)

= ₹56 (પ્રતિકૂળ)

કુલ = ₹4 (અનુકૂળ)

(5)માલસામાન ઊપજ વિચલન : એકમદીઠ પ્રમાણ પડતર

(ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= 2(1000-1050)

= 2(-50)

= ₹100 (પ્રતિકૂળ)

**દાખલા-24** વસ્તુ ક્ષના ઉત્પાદન માટેનું પ્રમાણ મિશ્રણ નીચે મુજબ છે.

| માલસામાન | કિલો | કિલોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| અ | 70 ટકા | 5 |
| બ | 30 ટકા | 2 |

બગાડનું સામાન્ય પ્રમાણ દાખલ કરેલ એકમોના 5 ટકા જેટલું છે, તેની કોઈ ભંગાર કિંમત ઊપજતી નથી.

વસ્તુ ક્ષનું ખરેખર ઉત્પાદન 5,700 કિલો થયું છે. ખરેખર માલસામાનની વપરાશ અને પડતર નીચે મુજબ હતાં.

| માલસામાન | કિલો | કિલોદીઠ ભાવ ₹ |
|---|---|---|
| અ | 4,400 | 4.5 |
| બ | 2,000 | 2.25 |

**પ્રમાણ પડતર પધ્ધતિ-2 (માલસામાન અને મજૂરી અંગેના વિચલનો)**

તમારે નીચે મુજબના વિચલનો શોધવાના છે.

(1) માલસામાન ભાવ વિચલન

(2) માલસામાન મિશ્રણ વિચલન

(3) માલસામાન ઊપજ વિચલન

(4) માલસામાન વપરાશ વિચલન

(5) માલસામાન ખર્ચ વિચલન

જવાબ : ખરેખર ઉત્પાદન 5,700 કિલોનું છે. 5 ટકા બગાડ બાદનું છે.

દાખલ કરેલ પ્રમાણ જથ્થો = $5,700 \times \frac{100}{95}$

= 6,000 કિલો

જે 70 ટકા અને 30 ટકા મુજબ વહેંચતા,

પ્રમાણ પડતર ઉત્પાદન પડતર :

| માલસામાન | કિલો | કિલોદીઠ કિંમત ₹ | કુલ ₹ |
|---|---|---|---|
| અ | 4,200 | 5 | 21,000 |
| બ | 1,800 | 2 | 3,600 |
| બાદ : સામાન્ય બગાડ (5 ટકા) 300 કિલો | | | |
| | 5,700 કિલો | | 24,600 |

એકમદીઠ પ્રમાણ પડતર = = ₹4.32

સુધારેલ પ્રમાણ ઉત્પાદન :

કિલો

કુલ ખરેખર જથ્થો (4,400 + 2,000) = 6,400

બાદ : પ્રમાણ દરે બગાડ (5 ટકા) 320

6,080

સુધારેલ પ્રમાણ જથ્થો :

અ = 4,200 × 6,400/6,000 = 4,480 કિલો

બ = 1,800 × 6,400/6,000 = 1,920 કિલો

(1) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

અ = (4,200 × 5) - (4,400 × 4.5)

= 21,000 - 19,800

= ₹1,200 (અનુકૂળ)

બ = (1,800 × 2) - (2,000 × 2.25)

= 3.600 - 4,500

= -₹900 (પ્રતિકૂળ)

= ₹300 (અનુકૂળ)

(2)માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

અ = 4,400 (5-4.50)

= 4,400 (0.50)

= ₹2,200 (અનુકૂળ)

બ = 2,000 (2-2.25)

= 2000(-0.25)

= ₹500 (પ્રતિકૂળ)

= ₹1,700 (અનુકૂળ)

(3)માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

અ = 5(4,200-4,400)

= 5(-200)

= -1,000 (પ્રતિકૂળ)

બ = 2(1,800-2,000)

= 2(-200)

= -400 (પ્રતિકૂળ)

= ₹1,400 (પ્રતિકૂળ

(4)માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

અ = 5(4,480 - 4,400)

= 5(80)

= ₹400

બ = 2(1,920-2,000)

= 2(-80)

= -160 (પ્રતિકૂળ)

= ₹240 (અનુકૂળ)

(5)માલસામાન ઉપજ વિચલન : એકમદીઠ પ્રમાણ પડતર

(ખરેખર ઉત્પાદન - સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= 4.32(5,700-6,080)

= 4.32(-380)

= -₹1,640 (પ્રતિકૂળ)

**(ઈ) MCQS-બહુવિકલ્પી હેતુલક્ષી પ્રશ્નો**

(નીચે દર્શાવેલા હેતુલક્ષી પ્રશ્નો નાના દાખલાઓ તરીકે પૂછી શકાય)

સાચો વિકલ્પ (ગણતરી સાથે) પસંદ કરીને લખો :

(1)એક પેઢીની એક પેદાશ માટે એકમદીઠ પ્રમાણ માલસામાન પડતર નીચે મુજબ ગણવામાં આવી છે.

(લિટરદીઠ ભાવ ₹2.50, ખરેખર ઉત્પાદન માટે 12,000 લિટરનો માલસામાન વપરાયો, જેની કિમત પ્રમાણ ભાવ કરતાં 4 ટકા વધુ ચૂકવવામાં આવી. માલસામાનનો શરૂનો કે આખરનો સ્ટોક ન હતો.)

ઉપરની વિગતોના આધારે નક્કી કરો કે માલસામાન ભાવ વિચલન કેટલું હશે.

(અ) ₹1,000 (બ) -₹1,260 (ક) -₹1,200 (ડ) -₹1,212

**જવાબ :** (ક) -₹1,200

ગણતરી :

ખરેખર જથ્થો 12,000 લિટર

પ્રમાણ ભાવ ₹2.50

ખરેખર ભાવ 2.50 + 4 ટકા (0.10) = ₹2.60

(પ્રમાણભાવ કરતાં 4 ટકા વધુ)

માલસામાન ભાવ વિચલન : ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 12,000(2.50-2.60)

= 12,000(-0.10)

= -₹1,200 (પ્રતિકૂળ)

(2)હેમાંગ લિ.ની માહિતી નીચે મુજબ છે.

ચૂકવેલ પ્રત્યક્ષ મજૂરી ₹90,200

પ્રમાણ કલાકો 8,000

ખરેખર ચૂકવેલ કલાકો 8,200

ખરેખર કામના કલાકો 8,100

કલાકદીઠ ખરેખર મજૂરીનો દર ₹11

કલાકદીઠ પ્રમાણ મજૂરીનો દર ₹12

નિષ્ક્રિય સમય વિચલન નીચે મુજબ થશે :

(અ) 1,100 (અનુકૂળ) (બ) 1,200 (અનુકૂળ)

(ક) 1,200 (પ્રતિકૂળ) (ડ) 1,100 (પ્રતિકૂળ)

**જવાબ :** (ક) 1,200 (પ્રતિકૂળ)

ગણતરી :

નિષ્ક્રિય સમય - ખરેખર ચૂકવેલ કલાકો - ખરેખર કામના કલાકો

= 8200 - 8100 = 100 કલાકો

નિષ્ક્રિય સમય વિચલન = નિષ્ક્રિય સમય × પ્રમાણ મજૂરી દર

= 100 × 12 = ₹1,200 (પ્રતિકૂળ)

(3)કોઈ એક વસ્તુના ઉત્પાદનના એક એકમ માટે 5 કિલો માલસમાનના ઉપયોગનું પ્રમાણ નક્કી કરેલ છે. માલસામાનનો પ્રમાણ ભાવ કિલોદીઠ ₹20 છે, તો 100 એકમોનું ઉત્પાદન કરવાથી માલસામાનની કુલ પ્રમાણ પડતર કેટલી હોઈ શકે ?

(અ) ₹20,000 (બ) ₹10,000 (ક) ₹12,000 (ડ) ₹5,000

**જવાબ :** (બ) ₹10,000

ગણતરી :

એક એકમ માટે વપરાતો માલસામાન 5 કિલો

જયારે માલસામાનનો કિલોદીઠ ભાવ ₹20 થાય.

એક્મદીઠ માલસામાનની પડતર = 5 કિલો × ₹20 = ₹100

જયારે 100 એકમોની કુલ પ્રમાણ પડતર = 100 એકમો × ₹10

= ₹10,000

(4)માલસામાનનો પ્રમાણ ભાવ કિલોદીઠ ₹20

એક્મદીઠ માલસામાનનો પ્રમાણ વપરાશ 5 કિલો

100 એકમોના ઉત્પાદને માલસામાનનો ખરેખર વપરાશ 520 કિલો

માલસામાનની ખરીદ કિંમત ₹22 કિલોદીઠ

માલસામાન ભાવ વિચલન શોધો.

(અ) ₹1,040 (પ્રતિકૂળ) (બ) ₹1,040 (અનુકૂળ)

(ક) ₹2,000 (ડ) ₹2,000 (અનુકૂળ)

**જવાબ :** (અ) ₹1,040 (પ્રતિકૂળ)

ગણતરી

માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

= 520 (20-22)

= 520 (-2)

= ₹1,040 (પ્રતિકૂળ)

(5)ઉપરોક્ત પ્રશ્ન નં. (4)માં માલસામાન વપરાશ વિચલન શું હશે?

(અ) ₹400 (અનુકૂળ) (બ) ₹400 (પ્રતિકૂળ)

(ક) ₹440 (અનુકૂળ) (ડ) ₹440 (પ્રતિકૂળ)

**જવાબ :** (બ) ₹400 (પ્રતિકૂળ)

ગણતરી :

એકમદીઠ માલસામાનનો પ્રમાણ વપરાશ 5 કિલો

ખરેખર ઉત્પાદન 100 એકમો

તેથી ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો = 100 એકમો × 5 કિલો = 500 કિલો

માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ

(ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 20(500-520)

= 20(-20)

= ₹ 400 (પ્રતિકૂળ)

(6)ઉપરોક્ત પ્રશ્ન નં. (4)માં માલસામાન ખર્ચ વિચલન શું હશે ?

(અ) ₹600 (અનુકૂળ) (બ) ₹600 પ્રતિકૂળ)

(ક) ₹1,440 (અનુકૂળ) (ડ) ₹1,440 (પ્રતિકૂળ)

જવાબ : (ડ) ₹1,440 (પ્રતિકૂળ)

ગણતરી :

માલસામાન ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદનનો પ્રમાણ જથ્થો × પ્રમાણ ભાવ)

- (ખરેખર જથ્થો × ખરેખર ભાવ)

= (500× 20) - (520× 22)

= 10, 000 - 11, 440

= ₹ -1,440 (પ્રતિકૂળ)

(7)એકમદીઠ પ્રમાણ કલાકો 5 કલાક

પ્રમાણ મજૂરી દર કલાકદીઠ ₹2.80

ખરેખર ઉત્પાદન 900 એકમો

ખરેખર ચૂકવેલી મજૂરી ₹13,640

ખરેખર કલાકો 4,400 કલાકો

નિષ્ક્રિય સમય 150 કલાકો

મજૂરી દર વિચલન શોધો.

(અ) ₹1,320 (પ્રતિકૂળ) (બ) ₹1,040 (અનુકૂળ)

(ક) ₹1,040 (પ્રતિકૂળ) (ડ) ₹1,320 (અનુકૂળ)

જવાબ : (અ) ₹1,320 (પ્રતિકૂળ)

ગણતરી : પ્રથમ ખરેખર ભાવ નીચે મુજબ શોધો.

$$\text{ખરેખર ભાવ} = \frac{\text{ખરેખર ચૂકવેલ મજૂરી}}{\text{ખરેખર કલાકો}}$$

$$= \frac{13,640}{4,400}$$

= ₹3.10

મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ દર - ખરેખર દર)

= 4,400 (2.80-3.10)

= 4,400(-0.30)

= -₹1,320 (પ્રતિકૂળ)

(8)ઉપરોક્ત પ્રશ્ન નં. (7)માં મજૂર કાર્યક્ષમતા વિચલન મેળવો.

(અ) ₹700 (પ્રતિકૂળ) (બ) ₹280 (અનુકૂળ)

(ક) ₹700 (અનુકૂળ) (ડ) ₹280 (પ્રાતિકૂળ)

જવાબ : (ક) ₹700 (અનુકૂળ)

ગણતરી :

ખરેખર ઉત્પાદનના કલાકો = ખરેખર ઉત્પાદન 900 એકમો × પ્રમાણ કલાકો 5

= 4,500 કલાકો

કાર્યક્ષમતા વિચલન માટે ખરેખર કલાકો 4,400 - નિષ્ક્રિય સમય

150 કલાકો = 4,250 કલાકો

મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ દર (ખરેખર ઉત્પાદનના પ્રમાણ કલાકો - ખરેખર કલાકો)

= 2.80 (4,500-4,250)

= 2.80 (250)

= ₹700 (અનુકૂળ)

(9)ઉપરોક્ત પ્રશ્ન નં.(7)માં મજૂરી ખર્ચ વિચલન શું હશે ?

(અ) ₹1,320 (પ્રતિકૂળ) (બ) ₹1,040 (અનુકૂળ)

(ક) ₹1,040 (પ્રતિકૂળ) (ડ) ₹1,320 (અનુકૂળ)

જવાબ : (ક) ₹1,040 (પ્રતિકૂળ)

ગણતરી :

મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ કલાકો × પ્રમાણ દર) - (ખરેખર કલાકો × ખરેખર દર)

= (4,500×2.80) - (4,400 × 3.10)

= 12,600-13,640

= ₹1,040 (પ્રતિકૂળ)

(10) ઉપરોક્ત પ્રશ્ન નં. (7)માં નિષ્ક્રિય સમય વિચલન શું હશે.

(અ) ₹420 (પ્રતિકૂળ) (બ) ₹420 (અનુકૂળ)

(ક) ₹465 (પ્રતિકૂળ) (ડ) ₹465 (અનુકૂળ)

**જવાબ :** ₹420 (પ્રતિકૂળ)

નિષ્ક્રિય સમય વિચલન = નિષ્ક્રિય સમય × પ્રમાણ મજૂરી દર

= 150 × 2.80

= -₹420 (પ્રતિકૂળ)

નોંધ : નિષ્ક્રિય સમય નુકસાન હોવાથી તેનું વિચલન હંમેશાં પ્રતિકૂળ જ મળે.

નિષ્ક્રિય સમય વિચલન ₹420 (પ્રતિકૂળ)

એકમ 14

# સીમાંત પડતર પદ્ધતિ

**રૂપરેખા**

**14.1 પરિચય**
**14.2 સીમાંત પડતર અને સીમાંત પડતર પદ્ધતિનો અર્થ**
**14.3 સીમાંત પડતર અને સમાવેશી પડતરનો તફાવત**
**14.4 સીમાંત પડતર પદ્ધતિના લક્ષણો અને ધારણાઓ**
**14.5 પારિભાષિક શબ્દો**
  **13.5.1 ચલિત ખર્ચ**
  **14.5.2 સ્થિર ખર્ચ**
  **14.5.3 ફાળો**
  **14.5.4 નફા-જથ્થાનો ગુણોત્તર**
  **14.5.5 સમતૂટ બિંદુ**
  **14.5.6 સલામતી ગાળો**
**14.6 સમતૂટ વિશ્લેષણ - અર્થ, ઉપયોગિતા અને મર્યાદાઓ**
**14.7 સમતૂટ આલેખ**
**14.8 ચાવીરૂપ/મર્યાદિત પરિબળો**
**14.9 સીમાંત પડતર પદ્ધતિના ફાયદા અને મર્યાદા**
**14.10 ઉદાહરણો**
**14.11 સ્વાધ્યાય**

## 14.1 પરિચય :

વસ્તુનાં ઉત્પાદનમાં સ્થિર ખર્ચા અને ચલિત ખર્ચા કરવામાં આવે છે. સીમાંત પડતરમાં વસ્તુનાં ઉત્પાદન અંગે કરવામાં આવતા ચલિત ખર્ચાને ધ્યાનમાં લેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે સ્થિર ખર્ચા પર ઉત્પાદનનાં વધારા-ઘટાડાની કોઈ અસર થતી નથી. સીમાંત પડતરમાં વસ્તુ અંગેના ચલિત ખર્ચાઓને ધ્યાનમાં લેવાતા હોવાથી તેને ચલિત-સીમાંત પડતર કહે છે. સીમાંત પડતર પદ્ધતિનો ઉપયોગ 20મી સદીમાં થયો અને તેની ઉપયોગિતાને લીધે તે હાલ ઔદ્યોગિક એકમોમાં ઝડપથી લોકપ્રિય બનેલ છે.

સીમાંત પડતર પદ્ધતિ (Technique) છે. જે ઉત્પાદનનાં વધારા-ઘટાડાનો તેની પડતર પર થતી અસરનો અભ્યાસ કરે છે. ઉત્પાદનની કુલ પડતરમાં અમુક સમય પછી માત્ર ચલિત ખર્ચા જ ચૂકવવા પડે છે, કારણ કે સ્થિર ખર્ચા ઉત્પાદનનાં અમુક એકમો બાદ વસૂલ થઈ જાય છે. આ બાબત એક ઉદાહરણથી સમજીએ.

ધારો કે એક કંપનીની વસ્તુની એકમદીઠ વેચાણ કિંમત રૂા.10, ચલિત ખર્ચ એકમદીઠ રૂા.4 અને સ્થિર ખર્ચ રૂા.6,000 છે. આ સંજોગોમાં આ કંપની 1000 એકમોનું ઉત્પાદન અને વેચાણ કરે તો તેની કુલ પડતર અને વેચાણ કિંમત એક સરખી થશે.

| | |
|---|---|
| કુલ વેચાણ કિંમત = રૂા.10 × 1000 એકમો | = રૂા.10,000 |
| કુલ પડતર = ચલિત ખર્ચ રૂા.4 × 1000 એકમો | = 4,000 |
| કુલ સ્થિર ખર્ચ 6,000 | = 6,000 |
| કુલ પડતર | = રૂા.10,000 |

1000 એકમોનાં ઉત્પાદને કુલ વેચાણ કિંમત અને કુલ પડતર એક સરખી છે. હવે એક એકમના ઉત્પાદનના વધારાથી તેની કુલ પડતરમાં માત્ર એકમદીઠ ચલિત ખર્ચ જેટલો રૂા.4 વધારો થશે, કારણ કે 1000 એકમોના ઉત્પાદનથી સ્થિર ખર્ચ પૂરેપૂરો વસૂલ થઈ ગયો છે.

કુલ પડતર :

| | | |
|---|---|---|
| ચલિત ખર્ચ રૂા.4 × 1001 એકમો | = | 4,004 |
| કુલ સ્થિર ખર્ચા | | 6,000 |
| કુલ પડતર | | 10,004 |

આમ ઉત્પાદનનાં 1000 એકમો (નહીં નફો-નહીં નુકસાન) પછી વસ્તુની પડતરમાં માત્ર ચલિત ખર્ચ જ થાય છે. આ પદ્ધતિ આધારિત ધંધામાં વેચાણ કિંમત, પડતર, વધારાનાં ઓર્ડર, ખરીદવું કે બનાવવું વગેરે નિર્ણયો લઈ શકાય છે.

ટૂંકમાં, 'ઉત્પાદનના અમુક એકમો પછી એક એકમનાં વધારા કે ઘટાડાથી કુલ પડતરમાં થતો ફેરફાર એટલે સીમાંત પડતર'

## 14.2 સીમાંત પડતર અને સીમાંત પડતર પદ્ધતિનો અર્થ :

### (A) અર્થ

ઈંગ્લેન્ડની કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ સંસ્થાએ આપેલ વ્યાખ્યા સીમાંત પડતર એટલે,

'ઉત્પાદનની અમુક સપાટી બાદ જો ઉત્પાદનમાં એક એકમનો વધારો અથવા ઘટાડો કરવામાં આવે તો કુલ પડતરમાં થતો ફેરફાર.'

ચાર્ટડ ઈન્સ્ટિટયુટ ઑફ મેનેજમેન્ટ એકાઉન્ટ England (CIMA) :

'સીમાંત પડતર પદ્ધતિ એ સીમાંત પડતર નક્કી કરવાની રીત છે. ઉત્પાદનના જથ્થા કે પ્રમાણમાં થતો ફેરફારની નફા પર થતી અસરને સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચ જુદા કરવાની પદ્ધતિ છે.'

'સીમાંત પડતર એવી પદ્ધતિ છે જેમાં સ્થિર ખર્ચાને કુલ ફાળા (Contribution) અને ચલિત ખર્ચાને એકમો ખાતે માંડી વાળવામાં આવે છે.'

ટૂંકમાં ઉત્પાદનના એકમોની અમુક સપાટી બાદ સ્થિર ખર્ચા પૂરેપૂરા વસૂલ થઈ જાય છે અને ઉત્પાદન પડતરમાં માત્ર ચલિત ખર્ચા ને આધારે પડતર અને નફાની અસરોનો અભ્યાસ કરવામાં આવે છે.

## 14.3 સીમાંત પડતર અને સમાવેશી પડતરનો તફાવત :

| ક્રમ | સીમાંત પડતર પદ્ધતિ | સમાવેશી પડતર પદ્ધતિ |
|---|---|---|
| 1. | આ પદ્ધતિમાં પ્રમાણપડતર નક્કી કરતાં સ્થિર પરોક્ષ ખર્ચ ધ્યાનમાં લેવાતો નથી, ફક્ત ચલિત ખર્ચનાં પ્રમાણો જ નક્કી થાય છે. | આ પદ્ધતિમાં સ્થિર ખર્ચ સહિત બધા પ્રકારના ખર્ચ સમાવી કુલ પ્રમાણ પડતર નક્કી કરવામાં આવે છે. |
| 2. | આ પદ્ધતિમાં સ્થિર પરોક્ષ ખર્ચ સમાવવાનો નહિ હોવાથી તેની વસૂલાતનો દર નક્કી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | અહીં પ્રમાણ પડતર નક્કી કરતાં સ્થિર પરોક્ષ ખર્ચની વસૂલાત માટેનો દર અગાઉથી નક્કી કરવામાં આવે |
| 3. | વિચલનોમાં ફક્ત ચલિત ખર્ચનાં જ વિચલનો ગણાય છે. સ્થિર પરોક્ષ ખર્ચનાં વિચલનો ગણવામાં આવતાં નથી. | વિચલનો ગણતાં સ્થિર પરોક્ષ ખર્ચ વિચલનો ઉદ્ભવે છે. જેવાં જે જથ્થા વિચલન, કાર્યક્ષમતા વિચલન વગેરે. |
| 4. | નફો શોધવા માટે પ્રથમ પ્રમાણ વેચાણ ઊપજમાંથી પ્રમાણ ચલિત પડતર બાદ કરી ફાળો શોધાય છે અને ફાળામાંથી કુલ સ્થિર ખર્ચ બાદ કરી નફો શોધાય છે. | નફો શોધવા માટે કુલ પ્રમાણ વેચાણ ઊપજમાંથી કુલ પ્રમાણ પડતર બાદ કરવામાં આવે છે. |

## 14.4 સીમાંત પડતર પદ્ધતિના લક્ષણો અને ધારણાઓ (અનુમાનો) :

સંચાલકોને નિર્ણય લેવા માટે સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી બને છે આમ છતાં આ પદ્ધતિ નીચેની ધારણાઓ પર આધાર રાખે છે.

(1) આ પદ્ધતિની એવી ધારણા છે કે પડતરનાં બધા જ ખર્ચાનું સ્થિર ખર્ચા અને ચલિત ખર્ચા એમ બે વિભાગોમાં વર્ગીકરણ થઈ શકે છે.

(2) એવું માનવામાં આવે છે કે ચલિત ખર્ચા ઉત્પાદનમાં એકમોનાં વધારા-ઘટાડા સામે વધે અને ઘટે છે. એટલે કે ઉત્પાદન વધે તો કુલ ચલિત ખર્ચમાં પણ વધારો થાય છે પરંતુ એકમ દીઠ ચલિત ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી.

(3) એવું માનવામાં આવે છે કે સ્થિર ખર્ચા ઉત્પાદનના એકમોના વધારા-ઘટાડા સામે એક સરખા રહે છે. એટલે કે ઉત્પાદન વધે કે ઘટે કુલ સ્થિર ખર્ચમાં ફેરફાર થતો નથી. પરંતુ એકમદીઠ સ્થિર ખર્ચમાં ફેરફાર થાય છે.

(4) ઉત્પાદનમાં ફેરફાર થાય કે બજારની પરિસ્થિતિ બદલાય છતાં વેચાણકિંમતમાં કોઈ ફેરફાર થતો નથી.

(5) આ પદ્ધતિમાં એવી ધારણા કરવામાં આવે છે કે વસ્તુની પડતરમાં માત્ર ચલિત ખર્ચ જ ધ્યાનમાં લેવાય છે જ્યારે સ્થિર ખર્ચા ફાળા (નફા-નુકસાન)માંથી વસૂલ કરવામાં આવે છે.

(6) આ પદ્ધતિ એવી ધારણા કરે છે કે અન્ય બધી જ પરિસ્થિતિમાં ફેરફાર થતો નથી જેવી કે માલસામાન, મજૂરીની કિંમત, તેની કાર્યક્ષમતા, બગાડ, ઘટ, સંચાલકીય નીતિ, હરીફાઈનું પ્રમાણ વગેરે.

આમ છતાં નીચેની બાબતો પણ ધ્યાનમાં લેવી પડે.

(1) સ્થિર ખર્ચા અને ચલિત ખર્ચાને બે સ્પષ્ટ ભાગોમાં વર્ગીકરણ કરી શકાતા નથી.

(2) ચલિત ખર્ચામાં અમુક સંજોગોમાં ફેરફાર થાય છે. જેમ કે માલસામાન, મજૂરની કિંમત, કાર્યક્ષમતા વગેરે.

(3) સ્થિરખર્ચામાં પણ અમુક ઉત્પાદનમાં જથ્થા બાદ ફેરફાર થાય છે.

(4) અમુક પરિબળોને કારણે વેચાણ કિંમતમાં પણ ફેરફાર થઈ શકે છે.

## 14.5 પારિભાષિક શબ્દો :

### 14.5.1 ચલિત ખર્ચ

ચલિત ખર્ચ એ ઉત્પાદન ખર્ચ છે જે ઉત્પાદન આઉટપુટના પ્રમાણમાં બદલાય છે. કંપનીના ઉત્પાદન જથ્થાના આધારે ચલિત ખર્ચમાં વધારો અથવા ઘટાડો થાય છે. ઉત્પાદન વધે છે તેમ ઉત્પાદનમાં વધારો થાય છે અને ઘટાડો થાય છે તેમ તેઓ વધે છે. ચલિત ખર્ચના ઉદાહરણોમાં કાચા માલસામાન અને પેકેજિંગના ખર્ચનો સમાવેશ થાય છે.

ચલિત ખર્ચ ઉત્પાદન ખર્ચ છે જે ઉત્પાદન જથ્થા સાથેના પ્રમાણમાં બદલાવો કરે છે.

ચલિત ખર્ચ ઉત્પાદન જથ્થા પર આધારિત છે.

ચલિત ખર્ચ અનેક પરિબળોને આધારે વધારો અથવા ઘટાડો કરી શકે છે, એક સમયે અથવા સતત એક નિયત કિંમતથી વિરુદ્ધ.

### 14.5.2 સ્થિર ખર્ચ

સ્થિર ખર્ચ એ ખર્ચ છે જે ઉત્પાદિત અથવા વેચાયેલી વસ્તુઓ અથવા સેવાઓની સંખ્યામાં વધારા અથવા ઘટાડા સાથે બદલાતો નથી. સ્થિર ખર્ચ એ એવા ખર્ચ છે જે કોઈ કંપની દ્વારા ચૂકવવામાં આવે છે, જે કોઈપણ વ્યવસાયિક પ્રવૃત્તિથી સ્વતંત્ર હોય છે. તે વ્યવસાય ચલાવવાની કુલ કિંમતના બે ઘટકોમાંનું એક છે, જ્યારે બીજું ચલિત ખર્ચ છે.

### 14.5.3 ફાળો

ફાળો = વેચાણ કિંમત - ચલિત ખર્ચ

Contribition = Selling price - Variable Cost

### 14.5.4 નફા-જથ્થાનો ગુણોત્તર

**નફા જથ્થા ગુણોત્તર** $= \frac{\text{ફાળો}}{\text{વેચાણ કિંમત}} \times 100$

$$\text{Profit Volume Ration} = \frac{Contribition}{Selling\ price}\ x\ 100$$

$$\text{P.V.R} = \frac{C}{S}\ x\ 100$$

નોંધ :

(1) ફાળો હંમેશાં રૂપિયામાં હોય.

(2) નફા-જથ્થા ગુણોત્તર ટકાવારીમાં હોય. ફાળાને ટકાવારીમાં દર્શાવતા જે મળે તે નફા ગુણોત્તર કહેવાય.

(3) નફા જથ્થા ગુણોત્તર કરતા વિરુદ્ધ ટકાવારી ચલિત ખર્ચાના ગણાય. દા.ત. નફા જથ્થા ગુણોત્તર 40% હોય તો ચલિત ખર્ચા 60% ગણાય.

### 14.5.5 સમતૂટ બિંદુ

સમતૂટ બિંદુ (BEP)

$$\text{(એ) સમતૂટ બિંદુ} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ ફાળો}}$$

BEP (In Units)

$$\text{(બી) સમતૂટ બિંદુ (રૂપિયામાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{નફા જથ્થાનો ગુણોત્તર}}$$

નોંધ :

(1) સમતૂટ બિંદુ એકમોમાં શોધવા માટે છેદમાં એકમદીઠ ફાળો લખાય અને રૂપિયામાં શોધવા માટે છેદમાં નફા-જથ્થો ગુણોત્તર લખાય.

(2) સમતૂટ બિંદુ એકમોમાં હોય તો તેને એકમદીઠ વેચાણ કિંમત વડે ગુણતા સમતૂટ બિંદમાં મળે.

### 14.5.6 સલામતી ગાળો

(એ) સલામતી ગાળો (એકમો અને રૂપિયામાં) = ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ

નોંધ :

(1) સલામતીનો ગાળો એટલે સમતૂટ બિંદુ કરતા વધારાનું વેચાણ. આ સંજોગોમાં પેઢી હંમેશાં નફો જ કરતી હોય એટલે કે પેઢી સલામત ગણાય.

સલામતીગાળામાં અન્ય સૂત્રો :

(બી) સલામતી ગાળો (એકમોમાં) = નફો/એકમદીઠ ફાળો.

$$\text{(સી) સલામથી ગાળો (રૂપિયામાં)} = \frac{\text{નફો}}{\text{નફા-જથ્થાનો ગુણોત્તર}}$$

**નોંધ :**

(1) સલામતીનો ગાળો એકમોમાં શોધવા છેદમાં એકમદીઠ ફાળો લખાય છે અને રૂપિયામાં શોધવા છેદમાં નફા-જથ્થો ગુણોત્તર લખાય.

(2) સલામતીનો ગાળો એકમોમાં હોય તો તેને એમમદીઠ વેચાણ કિંમત વડે ગુણતા સલામતીગાળો રૂપિયામાં મળે.

(એ) અપેક્ષિત વેચાણ (એકમોમાં) $= \frac{\text{સ્થિર ખર્ચ + નફો}}{\text{એકમદીઠ ફાળો}}$

(બી) અપેક્ષિત વેચાણ રૂપિયામાં $= \frac{\text{સ્થિરખર્ચ + નફો}}{\text{નફા- જથ્થાનો ગુણોત્તર}}$

નોંધ :

(1) અપેક્ષિત વેચાણ અકમો શોધવા છેદમાં એકમદીઠ ફાળો લખાય છે અને રૂપિયામાં શોધતા છેદમાં નફા-જથ્થા ગુણોત્તર લખાય.

(2) અપેક્ષિત વેચાણ એકમોમાં હોય તો તેને એકમદીઠ વેચાણ કિંમત વડે ગુણતા અપેક્ષિત વેચાણ રૂપિયામાં મળે.

નફો

વેચાણ

બાદ : ચલિત ખર્ચા

ફાળો

બાદ : સ્થિર ખર્ચા

નફો/નુકસાન/સમતૂટ બિંદ

નફાનાં અન્ય સૂત્રો :

(એ) નફો = સલામતીનો ગાળો (એકમો) × એકમદીઠ ફાળો

(બી) નફો = સલામતીનો ગાળો (રૂ) × નફા-જથ્થા ગુણોત્તર

## 14.6 સમતૂટ વિશ્લેષણ - અર્થ, ઉપયોગિતા અને મર્યાદાઓ :

સમતૂટ વિશ્લેષણ

(A) અર્થ : સમતૂટ વિશ્લેષણ એ ઉત્પાદન પડતર ઉત્પાદન એકમો અને નફાનાં સંબંધોનું વિશ્લેષણ કરે છે. આ વિશ્લેષણ નફા-જથ્થાને અસર કરતા પરિબળોનો અભ્યાસ કરે છે.

સમતૂટ વિશ્લેષણ એટલે, નહીં નફો કે નહીં નુકસાન, (સમતૂટ બિંદુ) માટે ઉત્પાદન કરવાના એકમો નક્કી કરવાની પદ્ધતિ. જેમાં નફો, ફાળો, વેચાણ મિશ્રણ, ચાવીરૂપ પરિબળ, વેચાણ કિંમત વગેરે બાબતોને આધારે સમતૂટ વિશ્લેષણ કરવામાં આવે છે.

(B) ધારણાઓ (અનુમાનો) - સમતૂટ વિશ્લેષણ નીચે આપવામાં આવેલ અનુમાનો પર આધાર રાખે છે.

(1) ઉત્પાદન પડતરનાં ખર્ચાઓનું ચલિત ખર્ચા અને સ્થિર ખર્ચા એમ બે વિભાગોમાં વિભાજન કરી શકાય છે.

(2) સ્થિર ખર્ચા સ્થિર જ રહે છે. ઉત્પાદનના જથ્થાનો વધારો કે ઘટાડો તેને અસર કરતો નથી.

(3) ચલિત ખર્ચા ઉત્પાદન જથ્થાના વધારા કે ઘટાડા સાથે વધે અથવા ઘટે છે. એટલે કે ઉત્પાદન વધતા ચલિત ખર્ચા વધે છે અને ઉત્પાદન ઘટતા ચલિત ખર્ચ ઘટે છે.

(4) વેચાણ કિંમત સ્થિર રહે છે.

(5) જેટલું ઉત્પાદન કરવામાં આવે છે તે બધાનું વેચાણ થાય છે.

(6) જે ધંધામાં એક કરતા વધારે પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન-વેચાણ થતું હોય ત્યાં વેચાણ મિશ્રણ બદલાતું નથી.

**(C) મહત્તમ (ઉપયોગિતા)**

(1) નફાકારકતા, (2) ચલિત ખર્ચની જાણકારી, (3) સમતૂટ બિંદુ, (4) ઈષ્ટતમ વેચાણ મિશ્ર, (5) પડતરમાં ફેરફારની અસર, (6) આંતરપેઢી સરખામણી, (7) નિર્ણય-ઘડતર માટે, (8) વેચાણ કિંમત નક્કી કરવા.

(1) નફાકારકતા : સમતૂટ વિશ્લેષણ દ્વારા ધંધામાં જુદા જુદા એકમોના ઉત્પાદન કે વેચાણ એકમોએ નફાકારકતા જાણી શકાય છે. પેઢીનાં તેજીનાં સમયમાં મહત્તમ નફો અને મંદીના સમયમાં લઘુત્તમ નફાની માહિતી મળી શકે છે.

(2) ચલિત ખર્ચની જાણકારી : સમતૂટ વિશ્લેષણ પરથી ધંધાના ચલિત ખર્ચા સહેલાઈથી જાણી શકાય છે.

(3) સમતૂટ બિંદુ : સમતૂટ બિંદુ એટલે નહીં નફો - નહીં નુકસાનની પરિસ્થિતિ. પેઢી પોતાના ઉત્પાદન જથ્થાનું સમતૂટ બિંદુ નિર્ધારિત કરી શકે છે.

(4) ઈષ્ટતમ વેચાણ મિશ્ર : જે પેઢી વિવિધ પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કાર્યમાં રોકાયેલ હોય ત્યાં દરેક વસ્તુ પર મળતા ફાળાની અલગ ગણતરી કરીને ઈષ્ટતમ વેચાણ મિશ્ર જાણી શકાય છે.

(5) પડતરમાં ફેરફારની અસર : ઉત્પાદન એકમોની જુદી જુદી સપાટીઓએ પડતરની ગણતરી થઈ શકે છે અને તેને આધારે એકમોની પડતર અને નફાની માહિતી મળી શકે છે.

(6) આંતરપેઢી સરખામણી : સમતૂટ વિશ્લેષણને કારણે આ જ પ્રકારનો ધંધો કરતી અન્ય પેઢીના ફાળા, નફા, સમતૂટ બિંદુની સરખામણી કરીને કાર્યક્ષમતાની માહિતી મેળવી શકાય છે.

(7) નિર્ણય-ઘડતર માટે : સમતૂટ વિશ્લેષણ સંચાલકોને નિર્ણય-ઘડતર માટે ઉપયોગી બને છે, જેમાં વિદેશી ઓર્ડર સ્વીકારવો, વેચાણ મિશ્ર નક્કી કરવું, ઉત્પાદન ચાલુ રાખવું કે બંધ કરવું, ચાવીરૂપ પરિબળ આધારિત ઈષ્ટતમ ઉત્પાદન મિશ્ર નક્કી કરવું વગેરેનો સમાવેશ થાય છે.

(8) વેચાણ કિંમત નક્કી કરવા : અપેક્ષિત નફો મેળવવા માટે કેટલી કિંમત રાખવી તે સમતૂટ વિશ્લેષણ દ્વારા જાણી શકાય છે.

**(D) મર્યાદાઓ :**

(1) ખર્ચ વિભાજન અશક્ય, (2) સ્થિર ખર્ચ બદલાય, (3) એકમદીઠ ચલિત ખર્ચ બદલાય, (4) અન્ય પરિબળોની અસર

(1) ખર્ચ વિભાજન અશક્ય : સમતૂટ વિશ્લેષણની પ્રથમ ધારણ પ્રમાણે પડતરમાં રહેલા ખર્ચાનું ચલિત ખર્ચા અને સ્થિર ખર્ચા એમ બે ભાગોમાં વિભાજન થઈ શકે છે, પરંતુ ખરેખર ઉત્પાદન પડતરનાં બે ખર્ચાનું સ્પષ્ટ રીતે વિભાજન થઈ શકતું નથી, કારણ કે અમુક સ્થિર ખર્ચા લાંબા સમયમાં ફેરફારપાત્ર હોય છે.

(2) સ્થિર ખર્ચ બદલાય : સમતૂટ વિશ્લેષણ પરથી ધંધાના ચલિત ખર્ચા સહેલાઈથી જાણી શકાય છે.

(3) એકમદીઠ ચલિત ખર્ચ બદલાય : સમતૂટ વિશ્લેષણનાં અનુમાન પ્રમાણે એકમદીઠ ચલિત ખર્ચમાં ફેરફાર થતો નથી, પરંતુ વ્યવહારમાં અમુક ઉત્પાદન જથ્થાથી એકમદીઠ ચલિત ખર્ચમાં પણ ફેરફાર થાય છે.

(4) અન્ય પરિબળોની અસર : સમતૂટ વિશ્લેષણની ધારણાઓને આધારે ચલિત ખર્ચા, સ્થિર ખર્ચા, વેચાણ કિંમત વગેરે ગાબડું પરંતુ વાસ્તવમાં આ શક્ય નથી. માલસામાનના ભાવમાં વધારો ઘટાડો, મજૂરી ખર્ચમાં વધારો ઘટાડો, બગાડ, ઘટ, સરકારી અંકુશો, હરીફાઈનું પ્રમાણ જેવા અનેક પરિબળો અસર કરે છે.

## 14.7 સમતૂટ આલેખઃ

સમતૂટ બિંદુ એટલે 'નહીં નફો - નહીં નુકસાન'નું સ્થાન. સમતૂટ બિંદુ શોધવા માટે સૂત્રની રીતનો આપણે અભ્યાસ કર્યો. સમતૂટ બિંદુ શોધવા માટે આલેખ પદ્ધતિનો પણ ઉપયોગ થઈ શકે છે. સમાન્ય રીતે સમતૂટ બિંદુ શોધવા માટે નીચેની ત્રણ બાબતોની જરૂર પડે છે.

(એ) વેચાણ (બી) સ્થિર ખર્ચા, (સી) કુલ ખર્ચા (સ્થિર અને ચલિત ખર્ચ)

સમતૂટ આલેખની રીતે સમતૂટ બિંદુ શોધવા માટે ત્રણ રેખાઓ દોરવી પડે.

(એ) વેચાણરેખા, (બી) સ્થિર ખર્ચ રેખા, (સી) કુલ ખર્ચરેખા

ઉપરની રેખાઓમાં સ્થિર ખર્ચમાં કોઈ ફેરફાર થતો ન હોવાથી તે રેખા સીધી લીટીમાં દોરવામાં આવશે.

વેચાણરેખા અને કુલ ખર્ચરેખા ઉત્પાદનના વધારા સાથે વધતી હોવાથી તે રેખા ઉપર તરફ જતી દોરવામાં આવે છે.

જ્યાં વેચાણરેખા અને કુલ ખર્ચરેખા ઉત્પાદનના વધારા સાથે વધતી હોવાથી તે રેખા ઉપર તરફ જતી દોરવામાં આવે છે.

જ્યાં વેચાણરેખા અને કુલ ખર્ચરેખા એકબીજાને છેદે તે બિંદુને સમતૂટ બિંદુ કહેવાય.

આપાતકોણ :

જ્યાં વેચાણરેખા અને કુલ ખર્ચરેખા એકબીજાને છેદે તે બિંદુ સમતૂટ બિંદુ ગણાય અને તેની નીચેનો ત્રિકોણ ભાગ ખોટ દર્શાવે છે અને ઉપરનો સમતૂટ બિંદુ ઉપર ત્રિકોણ ભાગ નફો દર્શાવે છે. આ વિસ્તાર આપાતકોણ તરીકે ઓળખાય છે.

સ્થિર ખર્ચરેખા સીધી લીટીમાં છે, કારણ કે સ્થિર ખર્ચમાં ફેરફાર થતો નથી. કુલ ખર્ચરેખા સ્થિર ખર્ચરેખાની ઉપરથી શરૂ થાય છે, કારણ કે સ્થિર ખર્ચ તો થવાનો જ છે. નફો સમતૂટ બિંદુથી ઉપરનો ભાગ છે, જેને આપાતકોણ તરીકે ઓળખવામાં આવે છે.

## 14.8 ચાવીરૂપ/મર્યાદિત પરિબળો :

ચાવીરૂપ પરિબળ

કેટલીક વાર ઉત્પાદક કંપની પાસે કોઈ ઉત્પાદનના સાધનની અછત હોય ત્યારે પૂરતા પ્રમાણમાં ઉત્પાદનનું કાર્ય થઈ શકતું નથી. આ સંજોગોમાં જે ઉત્પાદનનાં સાધનની અછત હોય અથવા મર્યાદિત હોય તેને ચાવીરૂપ પરિબળ તરીકે ઓળખવામાં આવે છે. જેને મર્યાદિત પરિબળ પણ કહેવામાં આવે છે. ઉત્પાદક પાસે ઉત્પાદનના જે સાધનની અછત હોય તેનો મહત્તમ ઉપયોગ કરીને વધુમાં વધુ નફો પ્રાપ્ત થઈ શકે તેવા પ્રકારનું આયોજન કરવામાં આવે છે.

ચાવીરૂપ પરિબળ નીચે દર્શાવ્યા પ્રમાણે હોઈ શકે.

(એ) કાચી માલસામગ્રી, (બી) મજૂર કલાકો, (સી) યંત્ર કલાકો (ડી) વેચાણ કિંમત વગેરે...

ઉત્પાદક પાસે પૂરતાં પ્રમાણમાં ઉત્પાદનશક્તિ હોય, પૂરતા પ્રમાણમાં માંગ હોય, કામદાર કલાકો પણ પૂરતા પ્રમાણમાં હોય, પરંતુ વસ્તુનાં ઉત્પાદનમાં વાપરવામાં આવતો કાચો માલસામાન પૂરતાં પ્રમાણમાં ન હોય તો કાચો માલસામાન ચાવીરૂપ પરિબળ ગણાશે. આ સંજોગોમાં ઉત્પાદક મળી શકે તેટલા કાચા માલમાં મહત્તમ નફો મળે તેવી વસ્તુની ઉત્પાદન કરીને ઈષ્ટતમ ઉત્પાદન મિશ્રણ કરી શકે છે. આ માટે વસ્તુનો ચાવીરૂપ પરિબળદીઠ ફાળો સૌથી વધુ હોય તેનું ઉત્પાદન પ્રથમ કરવામાં આવે છે.

ચાવીરૂપ પરિબળદીઠ ફાળો = એકમદીઠ ફાળો ÷ ચાવીરૂપ પરિબળ કિલો/કલાક

દાખલા માટે નીચેના 5 સ્ટેપ્સ ગણવા :

(એ) અછત, (બી) ફાળો, (સી) ચાવીરૂપ પરિબળદીઠ ફાળો, (ડી) ચાવીરૂપના આધારે ઉત્પાદન, (ઈ) ઈષ્ટતમ ઉત્પાદન

## 14.9 સીમાંત પડતર પદ્ધતિના ફાયદા અને મર્યાદા :

**ફાયદા (મહત્ત્વ)**

(1) સરળ, (2) નફાનું આયોજન, (3) પડતર પર અંકુશ, (4) નિર્ણય ઘડતર માટે : (એ) ખરીદવું કે બનાવવું (બી) વિદેશ ઓર્ડર, (સી) ચાવીરૂપ પરિબળ, (ડી) ઉત્પાદન વિકલ્પો અંગે, (ઈ) તફાવત પડતર અંગે, (5) તેજીનાં સમયમાં, (6) મંદીના સમયમાં

**મર્યાદાઓ :** (1) ખર્ચ વિભાજન અશક્ય, (2) સ્થિર ખર્ચ બદલાય, (3) એકમદીઠ ચલિત ખર્ચ બદલાય, (4) અન્ય પરિબળોની અસર

**ફાયદા** (1) સરળ : આ પદ્ધતિની ગણતરી એકદમ સરળ અને સમજી શકાય તેવી છે. માત્ર ચલિત ખર્ચને જ ઉત્પાદન પડતરનો ભાગ ગણીને પડતર શોધવામાં આવતી હોવાથી પડતર સરળતાથી નક્કી કરી શકાય છે.

(2) નફાનું આયોજન : ઉત્પાદન જથ્થા અને ઉત્પાદનક્રમનું આયોજન કરવાથી મહત્તમ નફાનું પણ આયોજન થઈ શકે છે. સ્થિર ખર્ચમાં ફેરફાર થતો નથી અને ચલિત ખર્ચનાં આધારે નફો મહત્તમ વધારી શકાય છે.

(3) પડતર પર અંકુશ : સ્થિર ખર્ચ ઉત્પાદન સાથે સ્થિર રહે છે જ્યારે ચલિત ખર્ચાને યોગ્ય રીતે નિયંત્રિત કરી શકાય છે તેથી પડતર પર અંકુશ રાખી શકાય છે.

(4) નિર્ણય ઘડતર માટે : સંચાલકોના નિર્ણય ઘડતર માટે આ પદ્ધતિ ઉપયોગી છે. ધંધાનાં ઉત્પાદન અને નફા અંગે યોગ્ય નિર્ણયો કરીને શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવામાં સંચાલકોને મદદરૂપ બને છે.

(એ) ખરીદવું કે બનાવવું : ધંધામાં ઉત્પાદનમાં વપરાતા અમુક છુટા ભાગો બહારથી ખરીદવા કે ધંધામાં ઉત્પાદન દ્વારા જાતે બનાવવાના નિર્ણય માટે સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી સાબિત થાય છે.

(બી) વિદેશ ઓર્ડર : કારખાનાને મળતા વધારાના વિદેશ ઓર્ડર સ્વીકારવા કે નહી એ અંગેનાં નિર્ણય માટે સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી બને છે.

(સી) ચાવીરૂપ પરિબળ : જ્યારે કારખાનામાં વપરાતા માલસામાન, મજૂરો, યાંત્રિક કલાકોની અછત હોય ત્યારે કયા એકમો કેટલા જથ્થામાં કયા ક્રમે ઉત્પાદન કરશે તે અંગેનો નિર્ણય કરવા સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી બને છે.

(ડી) ઉત્પાદન વિકલ્પો અંગે : જયાં એક કરતા વધુ પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન થતું હોય ત્યાં વધુ નફો મળે તેવી વસ્તુનું ઉત્પાદન કરવાના નિર્ણય માટે સીમાંત પડતર પદ્ધતિ મદદરૂપ થાય છે.

(ઈ) તફાવત પડતર અંગે : કારખાનામાં ઉત્પાદિત એકમોની જુદી જુદી સપાટીએ ઉત્પાદન જથ્થાની ગણતરી પરથી કયા જથ્થામાં ઉત્પાદન કે વેચાણ કરવું વધારે ફાયદાકારક બનશે અને જુદા જુદા એકમો અંગે પરિવર્તનશીલ અંદાજપત્ર બનાવવા માટે પણ સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી છે.

(5) તેજીનાં સમયમાં : તેજીના સમયમાં વધુ ઉત્પાદન અને વેચાણ શક્ય બને છે અને વસ્તુની માંગ પણ વધુ હોય છે. આવા સંજોગોમાં શક્ય એટલું વધુ ઉત્પાદન કરી વધુમાં વધુ નફો મેળવવામાં આવે છે. ત્યારે કયા ઉત્પાદન જથ્થાએ વધુમાં વધુ નફો પ્રાપ્ત થઈ શકે તે જાણવા સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી બને છે.

(6) મંદીના સમયમાં : મંદીના સમયમાં વસ્તુની માંગ ઓછી હોવાથી ઉત્પાદન અ વેચાણ પણ ઓછું હોય છે. આવા સંજોગોમાં ઓછામાં ઓછું ઉત્પાદન અને વેચાણ કરીને નુકસાન ન થાય તેવું આયોજન કરવામાં આવે છે. સીમાંત પડતર પદ્ધતિ દ્વારા આ સમયે ઉત્પાદન આયોજન કરીને ધંધાને ટકાવી રાખવામાં સહાયરૂપ થઈ શકાય છે.

**મર્યાદાઓ :**

(1) સમય પરિબળ, (2) સ્થિર ખર્ચની અવગણના,
(3) ખર્ચ વિભાજન અશક્ય, (4) અન્ય પરિબળોની અસર

(1) સમય પરિબળ : સીમાંત પડતર પદ્ધતિમાં સમયનાં ગાળાને ધ્યાનમાં લેવામાં આવતો નથી, પરંતુ સમય પરિબળ પડતરને અસર કરે છે. ટૂંકાગાળા માટે સીમાંત

(6) મંદીના સમયમાં : મંદીના સમયમાં વસ્તુની માંગ ઓછી હોવાથી ઉત્પાદન અ વેચાણ પણ ઓછું હોય છે. આવા સંજોગોમાં ઓછામાં ઓછું ઉત્પાદન અને વેચાણ કરીને નુકસાન ન થાય તેવું આયોજન કરવામાં આવે છે. સીમાંત પડતર પદ્ધતિ દ્વારા આ સમયે ઉત્પાદન આયોજન કરીને ધંધાને ટકાવી રાખવામાં સહાયરૂપ થઈ શકાય છે.

**મર્યાદાઓ :**

(1) સમય પરિબળ, (2) સ્થિર ખર્ચની અવગણના,

(3) ખર્ચ વિભાજન અશક્ય, (4) અન્ય પરિબળોની અસર

(1) સમય પરિબળ : સીમાંત પડતર પદ્ધતિમાં સમયનાં ગાળાને ધ્યાનમાં લેવામાં આવતો નથી, પરંતુ સમય પરિબળ પડતરને અસર કરે છે. ટૂંકાગાળા માટે સીમાંત પડતર પદ્ધતિ ઉપયોગી બની શકે છે, પરંતુ લાંબાગાળા માટે તેનો ઉપયોગ હિતાવહ નથી.

(2) સ્થિર ખર્ચની અવગણના : સ્થિર ખર્ચ પણ પડતરનો એક ભાગ ગણાય છે માત્ર ચલિત ખર્ચનાં આધારે પડતરની ગણતરી થઈ શકાતી નથી. સ્થિર ખર્ચને ધ્યાનમાં રાખ્યા વિના વેચાણ કરવું નુકસાનકારક સાબિત થાય છે.

(3) ખર્ચ વિભાજન અશક્ય : સીમાંત પડતર પદ્ધતિની એક મૂળભૂત ધારણા પ્રમાણે પડતરમાં સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચ એમ બે રીતે વિભાજન થઈ શકે છે, પરંતુ ઉત્પાદન પડતરમાં બધા ખર્ચાનું એ રીતે સ્પષ્ટ વિભાજન થઈ શકે નહીં, કારણ કે અમુક સ્થિર ખર્ચામાં પણ લાંબાગાળા કે ઉત્પાદનના અમુક જથ્થા પછી ફેરફાર થાય છે.

(4) અન્ય પરિબળોની અસર : સીમાંત પડતર પદ્ધતિની ધારણાઓ પ્રમાણે સ્થિર ખર્ચ, ચલિત ખર્ચ, વેચાણ કિંમત વગેરે પર અન્ય પરિબળોની કોઈ અસર થતી નથી, પરંતુ વ્યવહારુ રીતે આ શક્ય નથી. અમુક પરિબળોની અસર ધંધા પર થાય છે અને તેના પરિણામે ચલિત ખર્ચા, સ્થિર ખર્ચા, વેચાણ કિંમત પણ અસર પામે છે. જેમ કે માલ સામાનની કિંમતમાં વધારો, ઘટાડો, મજૂર ખર્ચ - ઓવરટાઈમ ખર્ચ, બજારમાં હરીફાઈનું પ્રમાણ, સરાસરી નીતિ અને અંકુશો, ટેક્નોલોજિકલ ફેરફાર, ફરજિયાત ભાવઘટાડો વગેરે પરિબળોની અસર પડતર પર થાય છે.

## 14.10 ઉદાહરણો

**ઉદાહરણ-1** નીચેની માહિતી પરથી (અ) ફાળો (બ) નફા-જથ્થા ગુણોત્તર (ક) સમતૂટ બિંદુની ગણતરી કરો.

| | |
|---|---|
| કુલ વેચાણ | રૂા.1,00,000 |
| કુલ ચલિત ખર્ચા | રૂા.60,000 |
| કુલ સ્થિર ખર્ચ | રૂા.25,000 |

**જવાબ :** વિદ્યાર્થી મિત્રો, આ ઉદાહરણમાં એકમદીઠ વેચાણ કિંમત કે એકમદીઠ ચલિત ખર્ચ આપેલ નથી, તેથી સમતૂટ બિંદુ માત્ર રૂપિયામાં જ મળશે.

(અ) ફાળો = વે.કિં - ચલિત ખર્ચ

= 1,00,000 - 60,000 = રૂા.40,000

(બ) $\text{નફા-જથ્થો ગુણોત્તર} = \frac{\text{ફાળો}}{\text{વે.કિં.}} \times 100$

$= \frac{40,000}{1,00,000} \times 100$

= ગુણોત્તર 40%

(ક) $\text{સમતૂટ બિંદુ (રૂ)} = \dfrac{\text{સ્થિર ખર્ચ + નફો}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}}$

$= \dfrac{25,000}{40} \times 100$

= રૂા.62,500 સમતૂટ બિંદુ

**ઉદાહરણ-2.** નીચેની માહિતી પરથી ફાળો, નફા-જથ્થો ગુણોત્તર અને સમતુટ બિંદુ શોધો.

એકમદીઠ વે.કિ. રૂા.50

એકમદીઠ ચલિત ખર્ચ 35

કુલ સ્થિર ખર્ચા રૂા.22,500

**જવાબ :** ફાળો = વે.કિં -ચ.ખર્ચા

= 50-35

= રૂા.15 એકમદીઠ ફાળો

$\text{નફા - જથ્થો ગુણોત્તર} = \dfrac{\text{ફાળો}}{\text{વે.કિં.}} \times 100$

$= \dfrac{15}{50} \times 100$

= 30% નફા-જથ્થા ગુણોત્તર

$\text{સમતૂટ બિંદુ} = \text{એકમોમાં} = \dfrac{\text{સ્થિર ખર્ચ}}{\text{એકમદીઠ ફાળો}}$

$= \dfrac{22,500}{15}$

= 1500 એકમો

$\text{રૂ માં} = \dfrac{\text{સ્થિર ખર્ચ}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}}$

$= \dfrac{22,500}{30} \times 100$

= રૂા.75,000 અથવા

સમતૂટ બિંદુ (રૂમાં) = સમતૂટ બિંદુ એકમો × એકમદીઠ વે.કિં.

= 1500 × 50 = રૂા.75,000

**ઉદાહરણ-3.** નીચે આપેલી વિગતો પરથી સુમન લિ.નું નફા-જથ્થા ગુણોત્તર, સમતૂટ બિંદુ, સલામતીગાળો અને રૂા.1,80,000 નફો મેળવવા જરૂરી વેચાણ (રૂ અને એકમોમાં) અને વર્તમાન નફો શોધો.

વેચાણ એકમો 4000

એકમદીઠ વેચાણ કિંમત રૂા.200

એકમદીઠ માલસામાન ખર્ચ રૂા.18

એકમદીઠ મજૂરી ખર્ચ રૂા.52

એકમદીઠ અન્ય ચલિત ખર્ચા રૂા.10

કુલ સ્થિર ખર્ચા રૂા.3,60,000

**જવાબ :** કુલ એકમદીઠ ચલિત ખર્ચા = 52 + 18 + 10 = રૂા.80
ફાળો = વે.કિં - ચ.ખર્ચ
= 200 - રૂા.80 = રૂા.120 એકમદીઠ ફાળો

$$\text{નફા - જથ્થાનો ગુણોત્તર} = \frac{\text{ફાળો}}{\text{વે.કિં}} \times 100$$

$$= \frac{120}{200} \times 100$$

ન.જ.ગુણોત્તર 60%

$$\text{સમતૂટ બિંદુ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{3,60,000}{120}$$

= 3000 એકમો

$$\text{સમતૂટ બિંદુ (રૂમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}}$$

$$\frac{3,60,000}{60} \times 100$$

= રૂા.6,00,000 સમતૂટ બિંદુ
સલામતીનો ગાળો (એકમોમાં) = ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ
= 4000 - 3000 = 1000 એકમો
સલામતીનો ગાળો (રૂમાં) = (4000 × રૂા.200) - રૂા.6,00,000
= રૂા.2,00,000 સલામતી ગાળો
રૂા.1,80,000 ના નફાએ વેચાણ :

$$\text{અપેક્ષિત વેચાણ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ} + \text{નફો}}{\text{એકમદીઠ ફાળો}} \times 100$$

$$= \frac{3,60,000 + 1,80,000}{120}$$

$$= \frac{5,40,000}{120}$$

= 4500 એકમો

$$\text{અપેક્ષિત વેચાણ (રૂપિયામાં)} = \frac{\text{સ્થિર ખર્ચ} + \text{નફો}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}}$$

$$= \frac{5,40,000}{60} \times 100$$

$$\frac{3,60,000 + 1,80,000}{60} \times 100$$

= રૂા.9,00,000

વર્તમાન નફો :

| | |
|---|---|
| વેચાણ એકમો 4000 × રૂા.200 | = 8,00,000 |
| ચલિત ખર્ચા 4000 × રૂા.80 | - 3,20,000 |
| કુલ ફાળો | 4,80,000 |
| - સ્થિર ખર્ચા | 3,60,000 |
| નફો | 1,20,000 |

વિદ્યાર્થી મિત્રો, સલામતીગાળો અને નફો શોધવા અન્ય સૂત્રોનો ઉપયોગ થઈ શકે છે.

$$\text{સલામતી ગાળો (એકમોમાં)} = \frac{\text{નફો}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{1,20,000}{120}$$

= 1000 એકમ

$$\text{સલામતી ગાળો (એકમોમાં)} = \frac{\text{નફો}}{\text{નફા જથ્થાનો ગુણોત્તર}}$$

$$= \frac{1,20,000}{60} \times 100$$

= રૂા.2,00,000

નફો = સલામતીગાળો (એકમો) × એકમદીઠ ગાળો

= 1000 એકમો × રૂા.200 = રૂા.1,20,000

અથવા

= સલામતીગાળો (રૂમાં) × નફા - જથ્થાનો ગુણોત્તર

= રૂા.2,00,000 × 60%

= રૂા.1,20,000

**ઉદાહરણ-4** સમીર લિ.નીચે પ્રમાણે માહિતી રજૂ કરે છે.

સમતૂટ ઉત્પાદન અને વેચાણ એકમો 2,50,000

એકમદીઠ વેચાણ કિંમત રૂા.2.50

એકમદીઠ ચલિત ખર્ચા રૂા.1.00

શોધો : (1) સમતૂટ બિંદુ (એકમો અને રૂમાં)

(2) રૂા.5 ની વેચાણ કિંમતે 2,00,000 એકમોના વેચાણ વખતે નફો.

(3) હાલના સંજોગોમાં રૂા.3,00,000 નફો મેળવવા અપેક્ષિત વેચાણ (એકમો અને રૂમાં)

**જવાબ :** (1) સમતૂટ બિંદુ : સૌપ્રથમ ફાળો અને નફા-જથ્થાનો ગુણોત્તર શોધવો પડે.

ફાળો = વે.કિં. - ચલિત ખર્ચા

= 2.50 - 1.00 = રૂા.1.50

$$\text{નફા - જથ્થાનો ગુણોત્તર} = \frac{\text{ફાળો}}{\text{વે.કિં}} \times 100$$

$$= \frac{1.50}{2.50} \times 100$$

= 60%

$$\text{સમતૂટ બિંદુ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ ફાળો}} = \frac{3,75,000}{1.50}$$

= 2,50,000 એકમો

$$\text{સમતૂટ બિંદુ (રૂમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}}$$

$$= \frac{3,75,000}{60} \times 100$$

= 6,25,000

(2) રૂ.5ની વે.કિં. એ 2,00,000 એકમોના વેચાણ વખતે નફો :

| વિગત | રૂ. |
|---|---|
| વેચાણ 2,00,00 એકમો × રૂ.5 | 10,00,000 |
| બાદ : ચલિત ખર્ચ 2,00,000 × રૂ.1 | - 2,00,000 |
| કુલ ફાળો | 8,00,000 |
| સ્થિર ખર્ચા | - 3,75,000 |
| નફો | 4,25,000 |

(3) હાલનાં સંજોગોમાં રૂા.3,00,000 નફો મેળવવા અપેક્ષિત વેચાણ :

$$\text{અપેક્ષિત વેચાણ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ + નફો}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{3,75,000 + 3,00,000}{1.50}$$

= 4,50,000 એકમો

$$\text{અપેક્ષિત વેચાણ (રૂમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ + નફો}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}}$$

$$= \frac{3,75,000 + 3,00,000}{60} \times 100$$

= રૂા.11,25,000

**ઉદાહરણ-5** - અયાન લિ. પોતાના ધંધાની વિગતો નીચે પ્રમાણે રજૂ કરે છે. તેના પરથી (1) સમતૂટ બિંદુએ વેચાણ રૂમાં (2) રૂા.60,000નો નફો મેળવવા જરૂરી વેચાણ રૂમાં શોધો.

વેચાણ 40,000 એકમો રૂા.12 લેખે 4,80,000

બાદ : ચલિત ખર્ચા (રૂા.6 લેખે) - 2,40,000

ફાળો 2,40,000

સ્થિર ખર્ચા - 3,00,000

ખોટ 60,000

જો વેચાણ કિંમત ઘટીને રૂા.10 થઈ જાય તો નવું સમતૂટ બિંદુ એકમોમાં શોધો.

**જવાબ :** ફાળો = વે.કિં. - ચલિત ખર્ચા

= 12 - 6 = 6

$$= \text{નફા - જથ્થાનો ગુણોત્તર} = \frac{\text{ફાળો}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{6}{12} \times 100$$

$= 50\%$

$$(1)\ \text{સમતૂટ બિંદુ (રૂમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}} \times 100$$

$$= \frac{3,00,000}{50} \times 100$$

= રૂા.6,00,000

(2) રૂા.60,000નાં નફા એ વેચાણ રૂમાં

$$\text{અપેક્ષિત વેચાણ (રૂમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ + નફો}}{\text{નફા - જથ્થાનો ગુણોત્તર}} \times 100$$

$$= \frac{3,00,000 + 60,000}{50} \times 100$$

= રૂા.7,20,000

(3) જો વે.કિં. ઘટીને રૂા.10 થઈ જાય તો નવું સમતૂટ બિંદુ એકમોમાં નવો ફાળો

= નવી વે.કિં. - ચ.ખર્ચા

= 10 - 6 = રૂા.4

$$\text{સમતૂટ બિંદુ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ ફાળો}} \times 100$$

$$= \frac{3,00,000}{4}$$

= 75,000 એકમો

**ઉદાહરણ-6** ઉત્પાદનનાં એકમો 10,000

એકમદીઠ વેચાણ કિંમત રૂા.70

એકમદીઠ ચલિત ખર્ચા રૂા.42

સ્થાયી ખર્ચા રૂા.1,68,000

શોધો : (1) સમતૂટ બિંદુએ પહોંચવા કેટલા એકમોનું વેચાણ જરૂરી છે.

(2) જો વેચાણ કિંમત એકમદીઠ 20% ઘટાડવામાં આવે તો નવું સમતૂટ બિંદુ (એકમોમાં) શોધો.

(3) જો સમતૂટ બિંદુ ઘટીને 4000 એકમો થઈ જાય તો એકમદીઠ નવી વેચાણ કિંમત શોધો.

**જવાબ :** ફાળો = વેચાણ કિંમત - ચલિત ખર્ચા

= 70 - 42 = રૂા.28

$$(1)\ \text{સમતૂટ બિંદુ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ ફાળો}}$$

$= \frac{1,68,000}{28}$

= 6000 એકમો

(2) જો વેચાણ કિંમત એકમદીઠ 20% ઘટાડવામાં આવે તો નવુ સમતૂટ બિંદુ એકમોમાં નીચે મુજબ શોધાશે.

નવી વે.કિં. વેચાણ કિંમત રૂા.70 - 20% ઘટાડો રૂા.14

= રૂા.56

નવો ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

= 56 - 42 રૂા.14

$\text{નવું સમતૂટ બિંદુ} = \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{નવો ફાળો}}$

$= \frac{1,68,000}{14}$

= 12000 એકમો સમતૂટ બિંદુ

(3) સમતૂટ બિંદુ 4000 એકમો થાય ત્યારે નવી વે.કિં.

$\text{સમતૂટ બિંદુ એકમોમાં} = \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{ફાળો}}$

$4000 = \frac{1,68,000}{\text{ફાળો}}$

$\text{ફાળો} = \frac{1,68,000}{4000}$

ફાળો = રૂા.42

નવી વે.કિં.

ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

42 = વે.કિં. - 42

વે.કિં. = 42 + 42

નવી વે.કિં. = રૂા.84

**ઉદાહરણ-7** નીચેની વિગતો જાગૃતિ લિ.માંથી મેળવવામાં આવી છે :

એકમદીઠ વેચાણ કિંમત રૂા.10

એકમદીઠ ચલિત ખર્ચા રૂા.6

સ્થાયી ખર્ચા રૂા.30,000

શોધો : (1) રૂા.15,000 નફા માટે જરૂરી વેચાણ એકમોમાં

(2) રૂા.15,000 ખોટ માટે જરૂરી વેચાણ એકમોમાં

(3) એકમદીઠ રૂા.2નાં નફા માટે જરૂરી વેચાણ એકમો

(4) એકમદીઠ રૂા.2ની ખોટ માટે જરૂર વેચાણ એકમો

**જવાબ :** ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

= 10 - 6 = રૂા.4

(1) રૂા.15,000 નફા માટે વેચાણ એકમો :

$$\text{અપેક્ષિત વેચાણ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ} + \text{નફો}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{30,000 + 15,000}{4}$$

= 11250 એકમો

(2) રૂા.15,000 ખોટ માટે વેચાણ એકમો :

$$\text{અપેક્ષિત વેચાણ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ} - \text{ખોટ}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{30,000 + 15,000}{4}$$

= 3750 એકમો

(3) એકમદીઠ રૂા.2 નફો માટે જરૂરી વેચાણ એકમો :

વિદ્યાર્થી મિત્રો, એકમદીઠ નફો આપવામાં આવ્યો છે, તેથી ઉપરના અપેક્ષિત વેચાણના સૂત્રનો ઉપયોગ થઈ શકે નહીં.

વેચાણ કિંમત = કુલ ખર્ચા + નફો

વેચાણ કિંમત = સ્થિર ખર્ચ + ચલિત ખર્ચ + નફો

સૂત્રમાં દરેકની એકમદીઠ કિંમત મૂકતા...

10 = સ્થિર ખર્ચા + 6 + 2

10 = સ્થિર ખર્ચા + 8

એકમદીઠ સ્થિર ખર્ચા = 10 - 8 રૂા.2

જ્યારે સ્થિર ખર્ચ એકમ દીઠ રૂા.2 થાય ત્યારે અકમદીઠ નફો રૂા.2 હોય.

$$\text{વેચાણ એકમો} = \frac{\text{કુલ સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ સ્થિર ખર્ચા}}$$

$$= \frac{30,000}{2}$$

= 15,000 એકમો

(4) એકમદીઠ રૂા.2ની ખોટ માટે જરૂરી વેચાણ એકમો :

વેચાણ કિંમત = કુલ ખર્ચા - ખોટ

વે.કિં = સ્થિર ખર્ચા + ચલિત ખર્ચ - ખોટ

સૂત્રમાં દરેકની એકમદીઠ કિંમત મૂકતા,

10 = સ્થિર ખર્ચા + 6 - 2

10 = સ્થિર ખર્ચા + 4

સ્થિર ખર્ચા = 10 - 4

એકમદીઠ સ્થિર ખર્ચા = રૂા.6

જ્યારે સ્થિર ખર્ચા એકમદીઠ રૂા.6 થાય ત્યારે એકમદીઠ ખોટ રૂા.2 હોય.

$$\text{વેચાણ એકમો} = \frac{\text{કુલ સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ સ્થરિ ખર્ચ}} = \frac{30,000}{6} = 5000\text{એકમ}$$

**ઉદાહરણ-8** એક કંપનીનો નફા-જથ્થાનો ગુણોત્તર 50% છે અને સલામતીનો ગાળો 40% છે. જો વેચાણ રૂા.3,00,000 હોય તો, (1) ચોખ્ખો નફો (2) સમતૂટ બિંદુએ વેચાણ શોધો.

**જવાબ :**

(1) સલામતીગાળો 40% છે અને વેચાણ રૂા.3,00,000 તેથી સલામતીનો ગાળો 3,00,000નાં 40% રૂા.1,20,000 ગણાય.

સૂત્ર : નફો = સલામતી ગાળો × નફા-જથ્થાનો ગુણોત્તર

= 1,20,000 × 50%

= રૂા. 60,000 નફો

(2) સમતૂટ બિંદુ :

સલામતીનો ગાળો 40% હોય તો સમતૂટ બિંદુ 60% ગણાય.

સમતૂટ બિંદુ રૂા.3,00,000નાં 60% લેખે રૂા.1,80,000 હોય.

અથવા

સલામતીગાળો = ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ

1,20,000 = 3,00,000 - સમતૂટ બિંદુએ વેચાણ

સમતૂટ બિંદુ એ વેચાણ 3,00,000 - 1,20,000 = રૂા.1,80,00

**ઉદાહરણ-9** રીમ્શા લિ.દ્વારા નીચેના માહિતી રજૂ કરવામાં આવી છે તેના પરથી (1) નફા-જથ્થાનો ગુણોત્તર (2) સ્થિર ખર્ચા (3) જો વેચાણ કિંમત 2.5% ઘટાડવામાં આવે ત્યારે નવુ સમતૂટ બિંદુ એકમોમાં શોધો.

એકમદીઠ માલસામગ્રી રૂા.510

એકમદીઠ મજૂરી રૂા.330

ચલિત પરોક્ષ ખર્ચા (પ્રાથમિક પડતરનાં 25%)

એકમદીઠ ફાળો રૂા.150

હાલનું સમતૂટ બિંદુ (એકમોમાં) 7120

**જવાબ :**

| એકમદીઠ ચલિત ખર્ચા | રૂ |
|---|---|
| એકમદીઠ માલ સામગ્રી | 510 |
| એકમદીઠ મજૂરી | 330 |
| પ્રાથમિક પડતર | 840 |
| ચલિત પરોક્ષ ખર્ચા (840ના 25%) | 210 |
| એકમદીઠ ચલિત ખર્ચા | 1050 |

ફાળો = વેચાણ કિંમત - ચલિત ખર્ચા

150 = વે.કિં. - 1050

વેચાણ કિંમત = રૂા.1,200

(1) નફા-જથ્થાનો ગુણોત્તર :

$$= \frac{\text{ફાળો}}{\text{વે.કિં.}} \times 100$$

$$= \frac{150}{1200} \times 100$$

= 12.5%

(2) સ્થિર ખર્ચા :

જ્યારે સમતૂટ બિંદુ હોય ત્યારે કંપનીનો કુલ ફાળો અને કુલ સ્થિર ખર્ચા સરખા હોય.

કુલ ફાળો = કુલ સ્થિર ખર્ચા

કુલ ફાળો = સમતૂટ એકમો × એકમદીઠ ફાળો

= 7120 × રૂા.150 = રૂા.10,68,000 સ્થિર ખર્ચા

(3) નવું સમતૂટ બિંદુ શોધવા :

નવી વે.કિં.

વે.કિં. રૂા.1200

- 2.5% ઘટાડો - 30

નવી વે.કિં. 1170

નવો ફાળો = વે.કિં. - ચ.ખર્ચ

= 1170 - 1050 = 120 નવો ફાળો

$$\text{નવું સમતૂટ બિંદુ એકમો} = \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{10,68,000}{120}$$

= 8900 નવું સમતૂટબિંદુ (એકમોમાં)

**ઉદાહરણ-10** નીચેની વિગતો અપ્પુદાદા લિ.માંથી લેવામાં આવી છે.

એકમદીઠ વેચાણ કિંમત રૂા.100

એકમદીઠ ચલિત ખર્ચા રૂા.60

કુલ સ્થિર ખર્ચા રૂા.80,000

હાલનાં વેચાણ એકમો 3000

ઉપરની વિગતો પરથી ફાળો, નફા-જથ્થાનો ગુણોત્તર સમતૂટ બિંદુ (એકમો અને રૂપિયામાં) તેમજ સલામતી ગાળો (એકમો અને રૂપિયામાં) શોધો. નીચેના દરેક સંજોગોમાં પણ ઉપરોક્ત ગણતરી કરો.

(એ) વેચાણ કિંમતમાં 10% ઘટાડો થાય.

(બી) ચલિત ખર્ચમાં 5% વધારો થાય.

(સી) સ્થિર ખર્ચમાં 10% વધારો થાય.

(ડી) વેચાણ જથ્થો 10% વધે અને વેચાણ કિંમત 5% વધે ત્યારે

**જવાબ :**

(1) ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

= 100 - 60 = રૂા.40

$$(2) \quad \text{ન.જ.ગુણોત્તર} = \frac{\text{ફાળો}}{\text{વે.કિં.}} \times 100$$

$$= \frac{40}{100} \times 100$$

= 40%

$$\text{સમતૂટ બિંદુ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ ફાળો}}$$

$= \frac{80,000}{40}$

= 2000 એકમો

$\text{સમતૂટ બિંદુ (રૂમાં)} = \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{ન.જ.ગુણોત્તર}}$

$= \frac{80,000}{40} \times 100$

= રૂા.2,00,000

(4) સલામતીગાળો (એકમોમાં) = ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ

= 3000 - 2000 = 1000 એકમો

સલામતી ગાળો (રૂમાં) = (3,000 × રૂા.100) - રૂા.2,00,000

= રૂા.1,00,000

દર્શાવેલા ફેરફારોની અસર નીચે પ્રમાણે થશે :

| સૂત્રો | | | | |
|---|---|---|---|---|
| | વે.કિં = રૂા.90<br>ચ.ખર્ચા = રૂા.60<br>સ્થિર ખર્ચા<br>= રૂા.80,000<br>વેચાણ એકમો<br>= 3000 | રૂા.100<br>રૂા.63<br>રૂા.80,000<br>3000 એકમો | રૂા.100<br>રૂા.60<br>રૂા.88,000<br>30,000 એકમો | રૂા.105<br>રૂા.60<br>રૂા.80,000<br>3,300 એકમો |
| (1) ફાળો =<br>વે.કિં. - ચ.ખ. | = 90-60 = રૂા.30 | = 100 - 63<br>= રૂા.37 | = 100 - 60<br>= રૂા.40 | = 105 - 60<br>= રૂા.45 |
| (2) ન.જ.ગુણોત્તર<br>$\frac{\text{ફાળો}}{\text{વેચાણ}} \times 100$ | $\frac{30}{90} \times 100 = 33.33\%$ | $\frac{37}{100} \times 100 = 37\%$ | $\frac{40}{100} \times 100 = 40\%$ | $\frac{45}{105} \times 100$<br>= 42.86% |
| (3) સમતૂટ બિંદુ (એકમોમાં)<br>$= \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ ફાળો}}$ | $= \frac{80,000}{30}$<br>= 2667 એકમો | $= \frac{80,000}{37}$<br>= 2162 એકમો | $= \frac{88,000}{40}$<br>= 2200 એકમો | $= \frac{80,000}{45}$<br>= 1178 |
| સમતૂટ બિંદુ (રૂમાં) =<br>$\frac{\text{સ્થિર ખર્ચા}}{\text{ન.જ.ગુણો}} \times 100$ | $= \frac{80,000}{33.33} \times 100$<br>= રૂા.2,40,000<br>(લગભગ) | $= \frac{80,000}{37} \times 100$<br>= રૂા.2,16,200 | $= \frac{80,000 \times 100}{40}$<br>= રૂા.2,20,000 | $= \frac{80,000 \times 100}{42.46}$<br>= રૂા.1,86,690<br>(લગભગ) |
| (4) સલામતી ગાળો = ખરેખર વેચાણ બાદ સમતૂટ બિંદુએ વેચાણ એકમોમાં/ રૂપિયામાં | = 3000-2667<br>= 300 એકમો<br><br>= 2,70,000<br>- 2,40,000<br>= રૂા.30,000 | = 3000 - 2162<br>= 838 એકમો<br><br>= 3,00,000<br>- 2,16,200<br>= રૂા.83,800 | = 3000 - 2200<br>= 800 એકમો<br><br>= 3,00,000<br>- 2,20,000<br>= રૂા.80,000 | = 3300 - 1778<br>= 1522 એકમો<br><br>= 3,46,500<br>- 1,86,690<br>= રૂા.1,59,810 |

વિદ્યાર્થી મિત્રો, અગાઉ સમજાવેલા 10 ઉદાહરણોમાં વે.કિં., ચલિત ખર્ચ, સ્થિર ખર્ચ આપેલ હોય છે. હવે એ પ્રકારનાં ઉદાહરણો જોઈએ જેમાં ચલિત ખર્ચા કે સ્થિર ખર્ચની રકમ આપવામાં આવી ન હોય. આવા ઉદાહરણોમાં બે વર્ષના વેચાણ અને બે વર્ષના નફા-ખોટની રકમ આપવામાં આવે છે. અગાઉ આપણે જે સૂત્રોનો અભ્યાસ કર્યો તે પૈકી પ્રથમ બે સૂત્રો ફાળો અને નફા-જથ્થાનો ગુણોત્તરનાં સ્થાને બે નવા સૂત્રોનો ઉપયોગ કરવામાં આવશે. અન્ય સૂત્રો યથાવત્ રહેશે.

નવા સૂત્રો

(1) નફા-જથ્થાનો ગુણોત્તર = × 100

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો અથવા ફાળો + ખોટ

આ સિવાયના સૂત્રોમાં,

- સમતૂટ બિંદુ (એકમો અને રૂમાં)
- સલામતી ગાળો
- અપેક્ષિત વેચાણ વગેરેના સૂત્રોનો યથાવત ઉપયોગ કરવો

**ઉદાહરણ-11** નીચે એક કંપનીમં બે પરિણામો આપવામાં આવેલ છે.

| વર્ષ | વેચાણ (રૂા.) | નફો (રૂા.) |
|---|---|---|
| 31-3-2012 | 4,00,000 | 70,000 |
| 31-3-2013 | 5,00,000 | 1,10,00 |

(1) નફા-જથ્થાનો ગુણોત્તર (2) સ્થિર ખર્ચા શોધો.

**જવાબ :**

(1) નફા-જથ્થાનો ગુણોત્તર $= \frac{\text{બે વર્ષનાંનફામાં ફેરફાર}}{\text{બે વર્ષનાં વેચાણમાં ફેરફાર}} \times 100$

બે વર્ષનાં નફાનો ફેરફાર =

રૂા.1,10,000 - રૂા.70,000 = રૂા.40,000

બે વર્ષના વેચાણ ફેરફાર =

રૂા.5,00,00 - રૂા.4,00,000 = રૂા.1,00,000

નફા-જથ્થાનો ગુણોત્તર $= \frac{40,000}{1,00,000} \times 100 = 40\%$

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો

31-3-2012 માટે = (4,00,000 વેચાણનાં 40 ટકા) - રૂા.70,000

= રૂા.1,60,000 - રૂા.70,000 = રૂા.90,000 સ્થિર ખર્ચા

31-3-2013 માટે = (5,00,000 વેચાણનાં 40%) - રૂા.1,10,000

= રૂા.2,00,000 - રૂા.1,10,000 = રૂા.90,000 સ્થિર ખર્ચ

વિદ્યાર્થી મિત્રો, સ્થિર ખર્ચ શોધવા માટે બેમાંથી ગમે તે એક વર્ષ લઈને શોધવું. અહીં માત્ર સમજૂતી માટે બંને વર્ષની ગણતરી કરીને સ્થિર ખર્ચા શોધ્યા છે.

**ઉદાહરણ-12** અયાન કંપનીની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | વેચાણ (રૂા.) | નફો (રૂા.) |
|---|---|---|
| 2012 | 12,50,000 | 3,00,000 |
| 2013 | 18,50,000 | 4,80,000 |

ગણતરી કરો : (1) ન.જ.ગુણોત્તર (2) સ્થિર ખર્ચ (3) સમતૂટ બિંદુ (4) વર્ષ 2012 માટે સલામતી ગાળો (5) વર્ષ 2013 માટે ચલિત ખર્ચા (6) રૂા.2,25,000 નો નફો કમાવવા માટે જરૂરી વેચાણની રકમ.

**જવાબ :**

(1) નફા-જથ્થાનો ગુણોત્તર = $\frac{\text{બે વર્ષનાં નફામાં ફેરફાર}}{\text{બે વર્ષનાં વેચાણમાં ફેરફાર}} \times 100$

$$= \frac{48,000 - 3,00,000}{1,85,000 - 1,25,000} \times 100 = \frac{1,80,00}{6,00,000} \times 100 = 30\%$$

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો

2012નાં વર્ષના આધારે = (12,50,00 × 30%) - રૂા.3,00,000

= રૂા.3,75,000 - રૂા.3,00,000 = 75,000

(3) સમતૂટ બિંદુ (રૂમાં) = $\frac{\text{સ્થિર ખર્ચા}}{\text{ન.જ.ગુણો}} \times 100 = \frac{75,000}{30} \times 100$

= રૂા.2,50,000 સમતૂટ બિંદુ

(4) સલામતી ગાળો (2012નાં વર્ષ માટે)

= ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ

= રૂા.12,50,000 - રૂા.2,50,000 = રૂા.10,00,000

(5) વર્ષ 2013 માટેના ચલિત ખર્ચા

યાદ રાખો, નફા-જથ્થા ગુણોત્તરનાં વિરુદ્ધ ટકાવારી જેટલા ચલિત ખર્ચા હોય એટલે અહીં નફા-જથ્થાનો ગુણોત્તર 30% છે, તેથી ચલિત ખર્ચા 70% જ હોય.

ચલિત ખર્ચા = રૂા.18,50,000 ના વેચાણનાં 70% = રૂા.12,95,000

અથવા

વેચાણ કિંમત = સ્થિર ખર્ચ + ચલિત ખર્ચ + નફો

રૂા.18,50,000 = રૂા.75,000 + ચલિત ખર્ચ + રૂા.4,80,000

રૂા.18,50,000 = ચલિત ખર્ચ + રૂા.5,55,000

ચલિત ખર્ચા = રૂા.18,50,000 - રૂા.5,55,000 = રૂા.12,95,000

(6) રૂા.2,25,000 નફા માટે જરૂરી વેચાણ :

અપેક્ષિત વેચાણ (રૂમાં) = $\frac{\text{સ્થિર ખર્ચા + અપેક્ષિત નફો}}{\text{ન.જ.ગુણોત્તર}} \times 100 = \frac{75,000 + 2,25,000}{30} \times 100$

= રૂા.10,00,000

**ઉદાહરણ-13** નીચે આપેલી વિગતો પરથી શોધો :

(1) નફા-જથ્થાનો ગુણોત્તર (2) સ્થિર ખર્ચા (3) સમતૂટ બિંદુ

| માસ | વેચાણ | નફા-ખોટ |
|---|---|---|
| જાન્યુઆરી 13 | 40,000 | -5000 |
| ફેબ્રુઆરી 13 | 60,000 | 4000 |

**જવાબ :**

(1) નફો-જથ્થાનો ગુણોત્તર = $\frac{\text{બે માસનાં પરિણામનો તફાવત}}{\text{બે માસનાં વેચાણનો તફાવત}} \times 100$

અહીં એક માસ માટે ખોટ અને બીજા માસ માટે નફો આપવામાં આવેલ છે, તેથી નફામાં ફેરફાર શોધવા બંનેનો સરવાળો કરવામાં આવશે.

$$= \frac{4,000(-5,000)}{60,000-40,000} = \frac{9,000}{20,000} \times 100 = 45\%$$

(2) સ્થિર ખર્ચા : અહીં બંને માસની ગણતરી કરીને સ્થિર ખર્ચ શોધી સમજાવ્યા છે. કારણ કે એક માસમાં નફો અને બીજા માસમાં ખોટ છે. તમે ગમે તે એક માસનાં આધારે સ્થિર ખર્ચ શોધી શકો છો.

જાન્યુઆરી માસ : સ્થિર ખર્ચા = ફાળો + ખોટ

= (40,000 × 45%) + રૂા.5,000

= રૂા.18,000 + રૂા.5,000

= રૂા.23,000 સ્થિર ખર્ચા

ફેબ્રુઆરી માસ : સ્થિર ખર્ચા = ફાળો - નફો

= (60,000 × 45%) - રૂા.4,000

= રૂા.27,000 - રૂા.4,000

= રૂા.23,000 સ્થિર ખર્ચા

(3) સમતૂટ બિંદુ (રૂમાં) $= \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{ન.જ.ગુણો}} \times 100 = \frac{23,000}{45} \times 100$

= રૂા.51,111 (લગભગ) સમતૂટ બિંદુ

**ઉદાહરણ-14** રાજુ લી.ની નીચેની માહિતી આપવામાં આવી છે.

| **વર્ષ** | **કુલ પડતર (રૂા.)** | **નફો-નુકસાન (રૂા.)** |
|---|---|---|
| 2011-12 | 16,40,000 | -40,000 |
| 2012-13 | 22,40,000 | 1,60,000 |

ગણતરી કરો :

(1) પી.વી.ગુણોત્તર, (2) સ્થિર ખર્ચા, (3) સમતૂટ બિંદુ (રૂમાં), (4) રૂા.30,00,000નાં વેચાણે નફો, (5) રૂા.1,60,000ની ખોટ હોય ત્યારે વેચાણ, (6) વર્ષ 2012-13 માટે સલામતીગાળો, (7) વર્ષ 2011-12 માટે ચલિત ખર્ચા.

**જવાબ :** કુલ પડતર આપી છે તેના આધારે વેચાણ શોધીશું.

2011-12 નું વેચાણ = પડતર - ખોટ

= રૂા.16,40,000 - રૂા.40,000 = રૂા.16,00,000

2012-13નું વેચાણ = પડતર + નફો

= રૂા.22,40,00 + રૂા.1,60,000 = રૂા.24,00,000

(1) પી.વી.ગુણોત્તર $= \frac{2,00,000}{8,00,000} \times 100 = 25\%$

(2) સ્થિર ખર્ચ :

વર્ષ 2011-12ના આધારે = ફાળો + ખોટ

= (રૂા.16,00,000 × 25%) + રૂા.40,000

= રૂા.4,00,000 + રૂા.40,000

= રૂા.4,40,000 સ્થિર ખર્ચ

(3) સમતૂટ બિંદુ (રૂમાં) $= \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{ન.જ.ગુણો}} \times 100 = \frac{4,40,000}{25} \times 100$

= રૂા.17,60,000

(4) રૂા.30,00,000નાં વેચાણ નફો

નફો = ફાળો - સ્થિર ખર્ચ

= (રૂા.30,00,000 × 25%) - રૂા.4,40,000

= રૂા.7,50,000 - રૂા.4,40,00 = રૂા.3,10,000

અથવા

નીચેની રીતે પણ શોધી શકાય.

નફો = સલામતી ગાળો (રૂા.) × નફા - જથ્થાનો ગુણોત્તર

સલામતી ગાળો = ખરેખર વેચાણ - સમતૂટ વેચાણ

નફો = (રૂા.30,00,000 - રૂા.17,60,000) × 25%

= રૂા.12,40,000 × 25%

= રૂા.3,10,000 નફો

(5) રૂા.1,60,000 ખોટ હોય ત્યારે વેચાણ

અપેક્ષિત વેચાણ (રૂમાં) =

$$\frac{\text{સ્થિર ખર્ચા - ખોટ}}{\text{ન.જ.ગુણો}} \times 100 = \frac{4,40,000 - 1,60,000}{25} \times 100 = \frac{2,80,000}{25} \times 100$$

= રૂા.11,20,000 વેચાણ

(6) વર્ષ 2012-13 માટે સલામતી ગાળો

= ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ

= રૂા.24,00,000 - રૂા.17,60,000 = રૂા.6,40,000

(7) વર્ષ 2012-13 માટે ચલિત ખર્ચ :

નફા-જથ્થાના ગુણોત્તરથી વિરુદ્ધ %વારી ચલિત ખર્ચની હોય તેથી નફા-જથ્થાનો ગુણોત્તર 25% તો ચલિત ખર્ચ 75% જ હોય.

ચલિત ખર્ચ = રૂા.16,00,000 વેચાણ 75%

= રૂા.12,00,000

અથવા

નીચેની રીતે પણ શોધી શકાય.

કુલ પડતર = સ્થિર ખર્ચા × ચલિત ખર્ચા

રૂા.16,40,000 = રૂા.4,40,000 × ચલિત ખર્ચ

ચલિત ખર્ચા = રૂા.16,40,000 - રૂા.4,40,000 = રૂા.12,00,000

**ઉદાહરણ-15** કુલગુલ લી.ના બે માસનાં ધંધાના વેચાણ અને નફાની વિગતો નીચે પ્રમાણે છે.

| માસ | કુલ વેચાણ (રૂા.) | કુલ નફો (રૂા.) |
|---|---|---|
| જાન્યુઆરી અને ફેબ્રુઆરી (બંને માસનું) | 1,00,000 | 21,000 |
| ફેબ્રુઆરી માસનું વેચાણ અને નફો અનુક્રમે | રૂા.15,000 અને | રૂા. 9,000 |

જાન્યુઆરી માસ કરતા વધુ છે.

ગણતરી કરો : (1) સમતૂટ બિંદુએ વેચાણ, (2) માર્ચ માસમાં જો રૂા.1,500 ખોટ હોય તો તે માસનું વેચાણ શોધો.

**જવાબ :** જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસના વેચાણ અને નફો સંયુક્ત આપ્યા છે. માટે પ્રથમ તે જુદા કરવા માટે.

ધારો કે જાન્યુઆરીનું વેચાણ × હોય

તો ફેબ્રુઆરી માસનું વેચાણ [× + × + 15,000 થાય.] × + 15,000 થાય.

કુલ વેચાણ = [× + × + 15,000]

2x + 15,000 = 1,00,000

2x = 1,00,000 - 15,000

2 × = 85,000

× = 42,500 (જાન્યુ.નું. વેચાણ)

ફેબ્રુઆરીનું વેચાણ = 42,500 + 15,000 = 57,500

નીચેની રીતે નફો શોધો.

જાન્યુઆરી માસનો નફો × હોય

તો ફેબ્રુઆરી માસનો નફો × + 9,000 થાય.

રૂા.21,000 = 2 × + રૂા.9,000

2× = રૂા.21,000 - રૂા.9000 = 1,2000

× = રૂા.6,000 (જાન્યુનો નફો)

ફેબ્રુઆરીનો નફો = રૂા.6,000 × રૂા.9,000 = રૂા.15,000

ઉપરોક્ત × ધારવાને બદલે નીચે પ્રમાણે બે ભાગ કરો અને તફાવતનાં પણ બે ભાગ કરો. તફાવતનો એક ભાગ ઉમેરો અને બીજામાંથી બાદ કરો.

સમજૂતી (વેચાણ છૂટા પાડવા અંગે)

કુલ વેચાણ રૂા.1,00,000

| માસ | વેચાણ | નફો |
|---|---|---|
| જાન્યુઆરી | 42,500 | રૂા. 6,000 |
| ફેબ્રુઆરી | 57,500 | રૂા. 15,000 |

(1) નફો-જથ્થાનો ગુણોત્તર = $\frac{9000}{15,000} \times 100 = 60\%$

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો

જાન્યુ.માસના આધારે = (રૂા.42,500 × 60%) - રૂા.6,000

= રૂા.25,500 - રૂા.6,000 = રૂા.19,500

(3) સમતૂટ બિંદુ (રૂમાં) = $\frac{\text{સ્થિર ખર્ચા}}{\text{ન.જ.ગુણો}} \times 100 = \frac{19,500}{60} \times 100$

= રૂા.32,500

(4) માર્ચ માસમાં રૂા.1,500 ખોટ હોય તો વેચાણ :

અપેક્ષિત વેચાણ (રૂમાં) = $\frac{\text{સ્થિર ખર્ચા - ખોટ}}{\text{ન.જ.ગુણો}} \times 100$

= $\frac{19,500 - 1,500}{60} \times 100 = \frac{18,000}{60} \times 100$

= રૂા.30,000

**7. ચાવીરૂપ પરિબળનાં ઉદાહરણો**

**ઉદાહરણ-16** સહી લિ. નીચેની માહિતી રજૂ કરે છે.

| વિગત | વસ્તુ (એ) એકમદીઠ રૂા. | વસ્તુ (બી) એકમદીઠ રૂા. |
|---|---|---|
| વેચાણ કિંમત | 180 | 126 |
| ચલિત ખર્ચા | 99 | 63 |

કંપની (એ) અને (બી) વસ્તુનું ઉત્પાદન કરી શકે છે. મહત્તમ ઉત્પાદનશક્તિ (એ) 3000 એકમો અને (બી) 1200 એકમોની છે.

ચાવીરૂપ પરિબળ કાચો માલ છે. વસ્તુ (એ) ના ઉત્પાદનમાં 15 કિ.ગ્રા. અને (બી)ના ઉત્પાદનમાં 10 કિ.ગ્રા. કાચો માલ વપરાશ છે. હાલમાં કંપની પાસે 48,000 કિ.ગ્રા. માલ ઉપલબ્ધ છે.

બંને વસ્તુઓનું કેટલું ઉત્પાદન કરીએ તો મહત્તમ નફો મળે.

(એ) અછત : જરૂરી કાચો માલ (એ) 3000 એકમો × 15 કિલો = 45000

(બી) 1200 એકમો × 10 કિલો = 12000

કાચા માલની જરૂરિયાત 57,000

બાદ : ઉપલબ્ધ કાચો માલ - 48,000

કાચા માલની અછત 9000

(બી) ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

વસ્તુ (એ) = 180 - 99 = રૂા.81

વસ્તુ (બી) = 126 - 63 = રૂા.63

(સી) ચાવીરૂપ પરિબળદીઠ = એકમદીઠ ફાળો ÷ એકમદીઠ કાચોમાલ

વસ્તુ એ = = રૂા.5.40

વસ્તુ બી = = રૂા.6.30

ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ (બી)નો વધુ છે, તેથી સૌપ્રથમ વસ્તુ (બી)નાં શક્ય હોય તેટલા એકમોનું ઉત્પાદન કરવામાં આવશે.

ત્યારબાદ વધેલ કાચામાલમાંથી વસ્તુ (એ) નું ઉત્પાદન કરવામાં આવશે.

(ડી) ચાવીરૂપ પરિબળનાં આધારે ઉત્પાદન :

| | |
|---|---|
| કુલ કાચો માલ ઉપલબ્ધ | - 48,000 |
| બી નાં ઉત્પાદનમાં વપરાશ : | |
| 1200 એકમો × 10 કિલો | - 12,000 |
| વધેલ માલસામાન | = 36,000 |

એનાં ઉત્પાદન માટે

વસ્તુ (એ) નાં એકમો = 36,000 કિલો ÷ એકમદીઠ 15 કિલો

= 2400 એકમો

(ઈ) ઈષ્ટતમ્ ઉત્પાદન :

વસ્તુ (એ) 2400 એકમો

વસ્તુ (બી) 1200 એકમો

નોંધ : વિદ્યાર્થી મિત્રો, વસ્તુ (બી)નાં બધા એકમોનું ઉત્પાદન થઈ શકે છે, પરંતુ વસ્તુ (એ)નાં 3000 ને બદલે 24000 એકમનું ઉત્પાદન થાય છે. એટલે કે 600 એકમોનું ઉત્પાદન ઓછું થાય છે, કારણ કે કાચો માલ પૂરતાં પ્રમાણમાં નથી. કાચા માલની 9000 કિ.ગ્રા.ની અછત છે. જુઓ સ્ટેપ્સ (એ)

તાળો :

વસ્તુ (એ)નાં ઓછાં એકમો 600 × 15 કિલો વપરાશ = 9000 કિગ્રા. કાચા માલની અછત

**ઉદાહરણ-17** વસ્તુ એકમ અને વાયની માહિતી નીચે પ્રમાણે છે. મજૂર કલાકો ચાવીરૂપ પરિબળ છે. વસ્તુના એકમનાં ઉત્પાદન માટે 10 કલાક અને વસ્તુ વાયનાં ઉત્પાદન માટે 20 કલાકનો વપરાશ થાય છે. કુલ 90,000 મજૂર કલાકો મળી શકે તેમ છે. દરેક વસ્તુનાં વધુમાં વધુ 5000 એકમો વેચી શકાય છે.

વસ્તુ એકમની વેચાણ કિંમત રૂા.500 અને વસ્તુ વાયની વેચાણ કિંમત રૂા.940 છે તેમજ વસ્તુ એક્સ અને વાયનો ચલિત ખર્ચ અનુક્રમે રૂા.300 અને 580 હોય તો બંનેનું કેટલું ઉત્પાદન કરીએ તો મહત્તમ નફો પ્રાપ્ત થાય.

**જવાબ :**

(એ) અછત : વસ્તુ એક્સ 5000 એકમો × 10 કલાક = 50,000

વસ્તુ વાય 5000 એકમો × 20 કલાક 1,00,000

કલાકોની જરૂરિયાત 1,50,000

બાદ : ઉપલબ્ધ કલાકો - 90,000

કલાકોની અછત 60,000

(બી) ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

વસ્તુ એક્સ = 500 - 300 = રૂા.200

વસ્તુ વાય = 940 - 580 = રૂા.360

(સી) ચાવીરૂપ પરિબળદીઠ ફાળો = એકમદીઠ ફાળો ÷ એકમદીઠ મજૂર કલાકો

વસ્તુ એક્સ = = 20

વસ્તુ વાય = = રૂા.18

ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ એક્સનો વધુ છે, તેથી સૌપ્રથમ વસ્તુ એકમનાં એકમોનું ઉત્પાદન કરવામાં આવશે.

ત્યારબાદ વધેલ કલાકોમાંથી વસ્તુ વાયનું ઉત્પાદન કરવામાં આવશે.

(ડી) ચાવીરૂપ પરિબળનાં આધારે ઉત્પાદન :

કુલ ઉત્પાદન કલાકો 90,000

x નાં ઉત્પાદનનાં ઉપયોગ :

5000 એકમો × 10 કલાક - 50,000

વધેલ કલાકો વાયનાં ઉત્પાદન માટે 40,000 કલાકો પ્રાપ્ત છે

વસ્તુ વાયનાં એકમો = 40,000 કલાકો ÷ એકમદીઠ 20 કલાક

=

= 2000 એકમો

(ઈ) ઈષ્ટતમ્ ઉત્પાદન :

વસ્તુ એક્સ 5000 એકમો

વસ્તુ વાય 2000 એકમો

નોંધ : તાળો : વસ્તુ વાયનાં ઉત્પાદન નહીં થઈ શકે તેવા એકમો 3000 × 20 કલાક = 60,000 કલાકોની અછત. જુઓ સ્ટેપ્સ (એ)

**ઉદાહરણ-18** સૂરજ લિ.ની ઉત્પાદન મિશ્ર અંગેની નીચે પ્રમાણે માહિતી મળેલ છે.

| વિગત | વસ્તુ (એ) | વસ્તુ (બી) | વસ્તુ (સી) |
|---|---|---|---|
| એકમદીઠ કાચો માલસામાન રૂા. | 50 | 30 | 75 |
| એકમદીઠ મજૂરી ખર્ચ રૂા. | 7.50 | 12.50 | 10 |
| એકમદીઠ અન્ય ચલિત ખર્ચા રૂા. | 2.50 | 5 | 5 |
| એકમદીઠ વેચાણ કિંમત રૂા. | 65 | 55 | 105 |

કંપની વસ્તુએ નાં 6000, વસ્તુ (બી)નાં 4000 અને વસ્તુ (સી)નાં 3000 એકમો બનાવી શકે છે. કાચા માલ સામાનની અછત છે. કંપની પાસે 1,00,000 કિ.ગ્રા. કાચો માલ ઉપલબ્ધ છે. એકમદીઠ કાચામાલની વપરાશ નીચે પ્રમાણે છે. વસ્તુ (એ) 10 કિ.ગ્રા. વસ્તુ (બી) 6 કિ.ગ્રા. વસ્તુ (સી) 15 કિ.ગ્રા.

ઉપરની વિગતો પરથી મહત્તમ નફો મેળવી શકાય તેવું ઉત્પાદન મિશ્ર શોધો.

**જવાબ :**

(એ) અછત : વસ્તુ એ 6000 એકમો × 10 કિ.ગ્રા. = 60,000

વસ્તુ બી 4000 એકમો × 6 કિ.ગ્રા. = 24,000

વસ્તુ સી 3000 એકમો × 15 કિ.ગ્રા. = 45,000

કાચામાલની જરૂરિયાત = 1,29,000

બાદ : ઉપલબ્ધ કાચો માલ - 1,00,000

કાચા માલની અછત 29,000

(બી) ફાળો = વે.કિં. - ચલિત ખર્ચા

| **વિગત** | **વસ્તુ એ** | **વસ્તુ બી** | **વસ્તુ સી** |
|---|---|---|---|
| વેચાણ કિંમત | 65 | 55 | 105 |
| બાદઃ ચલિત ખર્ચા | | | |
| માલ સામાન | 50 | 30 | 75 |
| મજૂરી | 7.50 | 12.50 | 10 |
| અન્ય ચ.ખર્ચા | 2.50 | 5.00 | 5 |
| કુલ ચલિત ખર્ચા | | | |
| (વેચાણ-ચલિત ખર્ચા) | 60 | 47.50 | 90 |
| ફાળો | 5 | 7.50 | 15 |

(સી) ચાવીરૂપ પરિબળ દીઠ ફાળો = એકમદીઠ ફાળો ÷ એકમદીઠ કાચો માલ

વસ્તુ એ માટે = રૂા.5 ÷ 10

= રૂા.0.50

વસ્તુ બી માટે = રૂા.7.50 ÷ 6

= રૂા.1.25

વસ્તુ સી માટે = રૂા.15 ÷ 15

= રૂા.1.00

ચાવીરૂપ પરિબળદીઠ ફાળો સૌથી વધુ વસ્તુ (બી)નો તેનાથી ઓછો વસ્તુ (સી)નો અને સૌથી ઓછો ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ (એ)નો છે. તેથી સૌપ્રથમ વસ્તુ (બી) બનાવવી, ત્યારબાદ વસ્તુ (સી) અને છેલ્લે વસ્તુ (એ) નું ઉત્પાદન કરવું જોઈએ.

(1) ચાવીરૂપ પરિબળનાં આધારે ઉત્પાદન :

કુલ ઉપલબ્ધ કાચો માલ = 1,00,000 કિ.ગ્રા.

- વસ્તુ (બી) માટે વપરાશ

4000 એકમો × 6 કિ.ગ્રા. = 24,000 કિ.ગ્રા.

76,000

- વસ્તુ (સી) માટે વપરાશ :

3000 એકમો × 15 કિ.ગ્રા. = 45,000 કિ.ગ્રા.

વધેલ કાચોમાલ (વસ્તુ એ નાં ઉત્પાદન માટે) 31,000 કિ.ગ્રા.

વસ્તુ (એ) નાં એકમો = પ્રાપ્ત કાચો માલ ÷ વસ્તુ એ નો એકમદીઠ કાચો માલ

=

= 3100 એકમો

(ઈ) ઈષ્ટતમ્ ઉત્પાદન :

વસ્તુ (એ) 3100 એકમો

વસ્તુ (બી) 4000 એકમો

વસ્તુ (સી) 3000 એકમો

**તાળો :** વસ્તુ (બી) અને વસ્તુ (સી) ના બધા જ એકમોનું ઉત્પાદન થાય છે પરંતુ વસ્તુ (એ) નાં 6000 એકમોને બદલે 3100 એકમો બનાવી શકાય, કારણ કે કાચા માલની અછત છે. વસ્તુ (એ) નાં ઓછા બનાવેલા એકમો 2900 × એકમદીઠ કાચો માલ 10 કિ.ગ્રા. = 29000 કાચા માલની અછત. જુઓ

## સ્વાધ્યાય

### બહુવિકલ્પોવાળા પ્રશ્નો

(1) $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}} \times 100$ એ સૂત્ર ......... શોધવાનું છે.

(અ) સમતૂટ બિંદુ (બ) ફાળો **(ક)** નફા-જથ્થાનો ગુણોત્તર (ડ) સ્થિર ખર્ચ

(2) નીચેમાંથી કઈ સમતૂટ વિશ્લેષણની ધારણા (અનુમાન) નથી ?

(અ) પડતરમાં ચલિત ખર્ચ અને સ્થિર ખર્ચ એમ બે ભાગ કરી શકાય છે.

**(બ)** ઉત્પાદનના વધારા-ઘટાડા સાથે એકમદીઠ વેચાણ કિંમત બદલાય છે.

(ક) જેટલું ઉત્પાદન કરવામાં આવે છે તે બધાનું વેચાણ થાય છે.

(ડ) સ્થિર ખર્ચાને ઉત્પાદન જથ્થામાં થતા ફેરફાર અસર કરતો નથી.

(3) એક કંપનીનો નફા-જથ્થાનો ગુણોત્તર 30% છે. સલામતીનો ગાળો રૂા.70,000 અને કુલ વેચાણ રૂા.2,00,000 હોય તો ચલિત ખર્ચા ........... હશે.

(અ) રૂા.70,000 (બ) રૂા.1,30,000 (ક) રૂા.49,000 (ડ) રૂા.1,40,000

(કુલ વેચાણ રૂા.2,00,000નાં 70% ચ.ખર્ચા = રૂા.1,40,000)

(4) કુલ વેચાણ રૂા.1,50,000, ચલિત ખર્ચા રૂા.90,000 અને સ્થિર ખર્ચા રૂા.40,000 હોય તો સમતૂટ બિંદુ રૂમાં કેટલુ થશે?

**(અ)** રૂા.1,00,000 (બ) રૂા.60,000 (ક) રૂા.66,667 (ડ) રૂા.20,000

(ફાળો રૂા.60,000, ન.જ.ગુણોત્તર 40% સમતૂટ બિંદુ = 4000 × 100 - 40 = રૂા.1,00,000)

(5) એક કંપનીની બે વર્ષની માહિતી નીચે મુજબ છે. નફા જથ્થાનો ગુણોત્તર શોધો.

| વર્ષ | વેચાણ | નફો-ખોટ | રૂા. |
|---|---|---|---|
| પ્રથમ | 3,00,000 | - 25,000 | |
| બીજું | 5,00,000 | 25,000 | |

**(અ)** 25% (બ) 12.5% (ક) 37.5% (ડ) 50%

$$\text{નફા જથ્થાનો ગુણોત્તર} = \frac{\text{ફાળો}}{\text{વેચાણ}} \times 100$$

$$= 25\%$$

(6) ફાળો એટલે

(અ) વેચાણ કિંમત - સ્થિર ખર્ચા (બ) ચલિત ખર્ચા - સ્થિર ખર્ચ

(ક) વેચાણ પડતર - સ્થિર ખર્ચા **(ડ)** વેચાણ કિંમત - ચલિત ખર્ચા

(7) કુલ વેચાણ રૂા.10,00,000, ન.જ.ગુણોત્તર 30% અને સલામતી ગાળો 40% હોય તો નફો શોધો.

**(અ)** રૂા.1,20,000 (બ) રૂા.1,80,000 (ક) રૂા.4,00,000 (ડ) રૂા.3,00,000

(કુલ વેચાણ રૂા.10,00,000નાં 40% સલામતી ગાળો રૂા.4,00,000 નફો = સલામતી ગાળો રૂા.4,00,000 × 30% નફા - જથ્થાનો ગુણોત્તર = 1,20,000)

(8) વસ્તુ એ, બી, સી અને ડી નો એકમદીઠ ફાળો અનુક્રમે રૂા.50, રૂા.100, રૂા.150 અને રૂા.200 છે. એ, બી, સી અને ડી માં કાચા માલનો વપરાશ અનુક્રમે 10, 25, 10 અને 20 કિ.ગ્રા. હોય, કાચો માલ ચાવીરૂપ પરિબળ છે એમ માની મહત્તમ નફા માટે શ્રેષ્ટ ઉત્પાદન ક્રમ દર્શાવો.

**જવાબ :** (અ) (બ) (ક) (ડ)

(9) વેચાણ કિંમતના 40% ચલિત ખર્ચા છે. એકમદીઠ વેચાણ કિંમત રૂા.65 અને કુલ સ્થિર ખર્ચા, રૂા.2,40,000 હોય તો સમતૂટ બિંદુની ગણતરી કરો.

(અ) રૂા.6,00,000 (બ) રૂા.4,00,000 (ક) રૂા.3,69,231 (ડ) રૂા.96,000

(ચ.ખર્ચા 40% તેથી ન.જ.ગુણોત્તર 60% ગણાય.

$$\text{સમતૂટ બિંદુ} = \frac{2,40,000}{60} \times 100 - 60 = 4,00,000$$

(10) વેચાણમાંથી ચલિત પડતર બાદ કરવાથી .........

(અ) સ્થિર ખર્ચ મળે (બ) ન.જ.ગુણોત્તર મળે

**(ક)** ફાળો મળે (ડ) નફો મળે

(11) વેચાણ રૂા.2,00,000, નુકસાન 40,000 અને સ્થિર ખર્ચા રૂા.80,000 હોય તો ન.જ.ગુણોત્તર કેટલો હશે ?

**(અ)** 20% (બ) 40% (ક) 60% (ડ) 80%

(ફાળો = સ્થિર ખર્ચ - ખોટ = રૂા.40,000 અથવા ચલિત ખર્ચા = વેચાણ કિંમત - ખોટ - સ્થિર ખર્ચ = રૂા.1,60,000

તેથી ફાળો = વે.કિં. 2,00,000 - ચ.ખર્ચ રૂા.1,60,000 = રૂા.40,000

નફા-જથ્થાનો ગુણોત્તર = × 100 = × 100 = 20%

(12) જો નફા-જથ્થાનો ગુણોત્તર 50% હોય, સલામતી ગાળો 40% હોય અને વેચાણ રૂા.5,00,000 હોય તો સ્થિર ખર્ચા કેટલા રૂપિયા હશે ?

(અ) રૂા.2,00,000 (બ) રૂા.2,50,000 (ક) શૂન્ય **(ડ)** રૂા.1,50,000

(સ.બિંદુ = 3,00,000

3,00,000 ના 50% = 1,50,000

જ્યાં, સમતૂટ બિંદુ એટલે વેચાણ 5,00,000નાં 60% સમતૂટ બિંદુ 3,00,000 = રૂા.1,50,000 સ્થિર ખર્ચા)

(13) જો નફા-જથ્થાનો ગુણોત્તર 50% હોય, સલામતી ગાળો 40% હોય અને વેચાણ રૂા.2,50,000 હોય તો સ્થિર ખર્ચ શોધો.

(અ) રૂા.1,00,000 (બ) રૂા.1,25,000 (ક) શૂન્ય **(ડ)** રૂા.75,000

જુઓ ગણતરી ઉપર દાખલો (12)

(14) એક કંપની ફક્ત એક જ વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરે છે જેની વેચાણ કિંમત એકમદીઠ રૂા.30 છે અને ફાળો-વેચાણનો ગુણોત્તર 40% છે. તેનો માસિક સ્થિર ખર્ચ રૂા.3,60,000 છે, તો તેનું માસિક સમતૂટ બિંદુ કેટલુ હશે ? (એકમોમાં) (ગુજ.યુનિ.નવેમ્બર 2011 ટી.વાય.)

(અ) 12,000 (બ) 20,000 (ક) 30,000 (ડ) 90,000

$$\text{સમતૂટ બિંદુ (રૂ.માં)} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{ન.જ.ગુણો}} \times 100 = \frac{36,000}{40} \times 100 = \text{રૂા.}9,00,000$$

(સમતૂટ બિંદુ એકમોમાં = રૂ.9,00,000 - એકમદીઠ વે.કિં. રૂ.30 = 30,000 એકમો)

(15) ફાળો = ............

(અ) સ્થિર ખર્ચ - નફો (બ) સ્થિર ખર્ચ - ચલિત ખર્ચ

**(ક)** વેચાણ કિંમત - નફો (ડ) એકપણ નહીં.

(16) એક કંપની રૂ.15,00,000 નફો કરવા માંગે છે. વેચાણ કિંમત એકમદીઠ રૂ.100, નફા-જથ્થાનો ગુણોત્તર 75% અને સ્થિર ખર્ચા રૂ.75,000 છે, તો તેણે કેટલા એકમોનું વેચાણ કરવું જોઈએ ? (ગુ.યુનિ. 2011 ટી.વાય.)

(અ) 10,000 (બ) 15,000 (ક) 22,500 (ડ) 30,000

(એકમદીઠ ફાળો = વે.કિં. રૂ.100 × 75% નફા-જથ્થાનો ગુણોત્તર = રૂ.75)

અપેક્ષિત વેચાણ (એકમોમાં) =

= 30,000 એકમો

(17) જો નફા-જથ્થાનો ગુણોત્તર 60% હોય, સલામતીનો ગાળો 30% હોય અને વેચાણ રૂ.15,00,000 હોય તો નફો = ..........

(અ) રૂ.6,00,000 (બ) રૂ.1,80,000 (ક) રૂ.4,50,000 (ડ) રૂ.2,70,000

(સલામતી ગાળો = વેચાણનાં 30% = રૂ.4,50,000,

નફો = સલામતી ગાળો (રૂમાં) × ન.જ.ગુણોત્તર

= 4,50,000 × 60% = રૂ.2,70,000 નફો)

(18) જો સ્થિર ખર્ચા રૂ.3,00,000, નફા-જથ્થાનો ગુણોત્તર 40%, એકમદીઠ વેચાણ કિંમત રૂ.150 હોય તો રૂ.1,50,000 નફા માટે જરૂરી વેચાણ એકમો ........ (ગુ.યુનિ. 2012 ટી.વાય.)

(અ) 2000 (બ) 15000 (ક) 11250 (ડ) 7500

(એકમદીઠ ફાળો = વે.કિં. રૂ.150 × 40% ન.જ.ગુણોત્તર = રૂ.60

$$\text{અપેક્ષિત વેચાણ (એકમોમાં)} = \frac{\text{સ્થિર ખર્ચા} + \text{અપેક્ષિત નફો}}{\text{એકમદીઠ ફાળો}}$$

$$= \frac{3,00,000 + 1,50,000}{60}$$

= 7500 એકમો)

(19) ફાળો = ...............

**(અ)** સ્થિર ખર્ચ + નફો **(બ)** વેચાણ કિંમત - ચલિત ખર્ચા

(ક) સ્થિર ખર્ચ - નફો (ડ) આપેલ પૈકી એક પણ નહિ

(જવાબ : (અ) (બ) અને (ક) સાચાં છે.)

(20) જો નફા-જથ્થાનો ગુણોત્તર 50% હોય, સલામતી ગાળો 40% હોય અને વેચાણ રૂ.9,00,000 હોય, તો સમતૂટ બિંદુ નીચે મુજબ હશે.

(અ) રૂ.3,60,000 (બ) રૂ.5,40,000

(ક) રૂ. 4,50,000 (ડ) આપેલ પૈકી એક પણ નહીં.

(સમતૂટ બિંદુ = વેચાણ રૂ.9,00,000નાં 60% = રૂ.5,40,000)

(21) જો સ્થિર ખર્ચા રૂ.1,20,000 હોય, એકમદીઠ ચલિત ખર્ચા રૂ.12 હોય અને સમતૂટ બિંદુ 10,000 એકમો હોય, તો એમકદીઠ વેચાણ કિંમત કેટલી હશે ?

(અ) રૂ.12 (બ) રૂ.24 (ક) રૂ.36 (ડ) આપેલ પૈકી એક પણ નહીં.

(સમતૂટ બિંદુ (એકમોમાં) = = 10,000 = ફાળો 12

ફાળો = વે.કિં. - ચ.ખર્ચા

12 = વે.કિં. - 12 વે.કિં. = 12 - 12 તેથી વેચાણ કિંમત = રૂા.24)

**10. સ્વાધ્યાય**

(1) સીમાંત પડતર એટલે શું ? તેની ધારણાઓ જણાવો.

(2) સમતૂટ વિશ્લેષણનો અર્થ આપી તેની ઉપયોગિતા ચર્ચા.

(3) સમતૂટ વિશ્લેષણની મર્યાદાઓ સમજાવો.

(4) નીચેના શબ્દોની સમજૂતી આપો.

(અ) ફાળો, (બી) સમતૂટ બિંદુ, (સી) સલામતીગાળો, (ડી) નફા-જથ્થાનો ગુણોત્તર

(5) ટૂંકનોંધ લખો :

(એ) ચાવીરૂપ પરિબળો, (બી) આપાતકોણ (સી) સીમાંત પડતરનાં ફાયદાઓ

**દાખલા :**

**પ્ર.1** નીચેની વિગતો પરથી શોધો :

(1) ફાળો (2) ન.જ.ગુણોત્તર (3) સમતૂટ બિંદુ

| | |
|---|---|
| કુલ વેચાણ | રૂા.75,000 |
| કુલ ચલિત ખર્ચા | રૂા.26,250 |
| કુલ સ્થિર ખર્ચા | રૂા.32,500 |

**જવાબ :** (1) ફાળો રૂા.48,750, (2) ન.જ.ગુણોત્તર 65% (3) સમતૂટ બિંદુ રૂા.50,000

**પ્ર.2** ઉત્પાદન અને વેચાણ એકમો 5000, એકમદીઠ વેચાણ કિંમત રૂા.80, એકમદીઠ ચલિત ખર્ચા રૂા.56 કુલ સ્થિર ખર્ચા રૂા. 96,000

શોધો : (1) ફાળો (2) નફા-જથ્થાનો ગુણોત્તર (3) સમતૂટ બિંદુ (એકમોમાં અ અને રૂપિયામાં) (4) સલામતી ગાળો

(જવાબ (1) ફાળો રૂા.24 (2) ન.જ.ગુણોત્તર 30% (3) સમતૂટ બિંદુ 4000 એકમો અને 3,20,000 રૂા. (4) સલામતી ગાળો 1,000 એકમો અને રૂા.80,000

**પ્ર.3** સાગર લિ.ની વર્ષ 2012-13 અંગે નીચે પ્રમાણે માહિતી આપે છે.

| | |
|---|---|
| એકમદીઠ વેચાણ કિંમત | રૂા.120 |
| માલસામગ્રી ખર્ચ એકમદીઠ | રૂા.30 |
| મજૂરી ખર્ચ એકમદીઠ | રૂા.20 |
| અન્ય ચલિત ખર્ચ એકમદીઠ | રૂા.10 |
| સ્થિર ખર્ચા | રૂા.1,20,000 |
| ઉત્પાદન-વેચાણનાં એકમો | 3,500 |

ગણતરી કરો.

(1) સમતૂટ બિંદુએ પહોંચવા જરૂરી એકમો.

(2) જો સમતૂટ બિંદુ ઘટીને 90% એકમો થાય ત્યારે નવી વે.કિં. શોધો.

**જવાબ :** (1) સમતૂટ બિંદુ 2000 એકમો (2) નવી વે.કિં. રૂા.108, નવો ફાળો 48, નવું સમતૂટ બિંદુ 25000 એકમો (3) સમતૂટ બિંદુમાં 10% ઘટાડો = 2000 - 200 = 18000 = સમતૂટ બિંદુ વખતે વે.કિં., સમતૂટ બિંદુ = સ્થિર - ફાળો 1800 = 1,20,000 - ફાળો, તેથી નવો ફાળો = રૂા.66,67, નવી વેચાણ કિંમત = ફાળો રૂા.66,67 + ચ.ખર્ચ રૂા.60 = રૂા.126.67)

**પ્ર.4** નીચેની માહિતી અમર લિ.નાં ચોપડામાંથી મેળવવામાં આવી છે.

| | |
|---|---|
| એકમદીઠ વેચાણ કિંમત | રૂા.100 |
| એકમદીઠ ખર્ચા | રૂા.60 |
| સ્થાયી ખર્ચા | રૂા.3,00,000 |

ગણતરી કરો.

(1) રૂા.1,50,000 નફો માટે જરૂરી વેચાણ એકમો
(2) રૂા.1,50,000 ખોટ માટે જરૂરી વેચાણ એકમો
(3) એકમદીઠ રૂા.20 નફા માટે જરૂરી વચોણ એકમો
(4) એકમદીઠ રૂા.20 ખોટ જરૂરી વેચાણ એકમો

**જવાબ :** એકમદીઠ ફાળો રૂા.40

(1) રૂા.1,50,000 નફાએ વેચાણ = 11,250 એકમો
(2) રૂા.1,50,000 ખોટ માટે વેચાણ :
= 5,625 એકમો
(3) એકમદીઠ નફા રૂા.20 માટે

વે.કિં. = સ્થિર ખર્ચ + ચલિત ખર્ચ + નફો

100 = સ્થિર ખર્ચ + 60 +20

એકમદીઠ સ્થિર ખર્ચ = 100 - 80 = 20

$$\text{વેચાણ એકમો} = \frac{\text{સ્થિર ખર્ચા}}{\text{એકમદીઠ સ્થિર ફાળો}} = \frac{3,00,000}{20}$$

= 15000

(4) એકમદીઠ ખોટ રૂ.20 માટે

વે.કિં. = સ્થિર ખર્ચ + ચલિત ખર્ચ - નફો

100 = સ્થિર ખર્ચ + 60 - 20

એકમદીઠ સ્થિર ખર્ચ = 100 - 60 + 20 = 60

$$\text{વેચાણ એકમો} = \frac{3,00,000}{60}$$

= 5000 એકમો)

**પ્ર.5** નીચે આપવામાં આવેલ માહિતી કૃણાલ લિ.માંથી લેવામાં આવી છે.

| | |
|---|---|
| એકમદીઠ વેચાણ કિંમત | રૂા.50 |
| એકમદીઠ ચલિત ખર્ચા | રૂા.20 |
| કુલ સ્થિર ખર્ચા | રૂા.45,000 |

હાલના ઉત્પાદન અને વેચાણ એકમો 2500

ઉપરની માહિતી પરથી અને નીચે દર્શાવેલા દરેક સંજોગો માટે ફાળો, નફા-જથ્થાનો ગુણોત્તર, સમતૂટ બિંદુ અને સલામતીગાળાની ગણતરી કરો.

(એ) એકમદીઠ વેચાણ કિંમતમાં 10% વધારો થાય.
(બી) સ્થિર ખર્ચમાં 20% ઘટાડો થાય.
(સી) વેચાણ જથ્થામાં 10% વધારો અને ચલિત ખર્ચમાં 10% ઘટાડો થાય ત્યારે

**જવાબ :**

| વિગત | હાલની સ્થિતિ | (એ) | (બી) | (સી) |
|---|---|---|---|---|
| (1) ફાળો | 30 | 35 | 30 | 32 |
| (2) ન.જ.ગુણોત્તર | 60% | 63.63% | 60% | 64% |
| (3) સમતૂટ બિંદુ (એકમોમાં) | 1500 | 1286 | 1200 | 1406 |
| સમતૂટ બિંદુ (રૂમાં) | 75,000 | 70,714 | 60,000 | 70,300 |
| (4) સલામતીગાળો (એકમોમાં) | 1000 | 1214 | 1300 | 1344 |
| સલામતીગાળો (રૂમાં) | 50,000 | [illegible],786 | 65,000 | 67,200 |

**પ્ર.6** નીચેની વિગતો પરથી નફા-જથ્થાનો ગુણોત્તર અને સ્થિર ખર્ચા શોધો.

| વર્ષ | વેચાણ રૂા. | નફો રૂા. |
|---|---|---|
| 2012 | 75,000 | 15,000 |
| 2013 | 1,25,000 | 35000 |

(**જવાબ :** ન.જ.ગુણોત્તર 40%, સ્થિર ખર્ચ રૂા.15,000)

**પ્ર.7** કલ્યાણ લિ.નાં 2012માં વર્ષની માહિતી,

| સમય | વેચાણ રૂા. | નફો રૂા. |
|---|---|---|
| પ્રથમ છ માસ | 6,00,000 | 1,00,000 |
| દ્વિતીય છ માસ | 9,00,000 | 1,75,000 |

ગણતરી કરો : (1) ન.જ.ગુણોત્તર, (2) સ્થિર ખર્ચા (3) સમતૂટ બિંદુ (4) 2012નાં પ્રથમ છ માસનાં ચલિત ખર્ચા (5) 2012નાં દ્વિતીય છ માસ માટે સલામતીગાળો (6) રૂા.1,25,000 નફા માટે જરૂરી વેચાણની રકમ.

(**જવાબ :** (1) નફા-જથ્થાનો ગુણોત્તર 25% (2) સ્થિર ખર્ચા 50,000 (3) સમતૂટ બિંદુ રૂા.2,00,000 (4) 2012ના પ્રથમ છ માસનાં ચલિત ખર્ચા (વેચાણ રૂા.6,00,000નાં 75%) રૂા.4,50,000 (5) 2012ના દ્વિતીય છ માસ માટે સલામતીગાળો રૂા.7,00,000 (6) અપેક્ષિત વેચાણ રૂા.7,00,000)

**પ્ર.8** એક કંપનીની બે વર્ષની કામગીરીની વિગતો નીચે પ્રમાણે છે. તેના પરથી (1) સમતૂટ બિંદુ (2) રૂા.1,10,000ના નફા માટે જરૂરી વેચાણની રકમ શોધો.

| વર્ષ | વેચાણ રૂા. | નફા-ખોટ |
|---|---|---|
| 2011-12 | 3,50,000 | - 40,000 |
| 2012-13 | 5,00,000 | + 50,000 |

(જવબ : ન.જ.ગુણોત્તર 60% સ્થિર ખર્ચા, રૂા.2,50,000, સમતૂટ બિંદુ રૂા.4,16,667, અપેક્ષિત વેચાણ રૂા.6,00,000)

**પ્ર.9** અમિત લિ. કારખાનામાં એમ અને નામની બે વસ્તુઓનું ઉત્પાદન થાય છે. કારખાનની ઉત્પાદનશક્તિ પ્રમાણે (એમ) ના 1000 એકમો (એમ) અને (એન) નાં 500 એકમોનું ઉત્પાદન થઈ શકે છે. ચાલુ વર્ષ 2013નાં પ્રથમ છ માસ દરમિયાન કારખાના પાસે કુલ 11000 કિલો માલ સ્ટોકમાં છે. કાચા માલની એકમદીઠ વપરાશ વસ્તુ (એમ) માટે 10 (એન) વસ્તુ અને માટે એકમદીઠ 8 કિલો છે. કાચો માલ ચાવીરૂપ પરિબળ છે. અન્ય માહિતી નીચે પ્રમાણે છે.

| વિગત | વસ્તુ (એમ) | વસ્તુ (એન) |
|---|---|---|
| એકમદીઠ વેચાણ કિંમત રૂા. | 150 | 260 |
| એકમદીઠ માલસામાન રૂા. | 75 | 140 |
| એકમદીઠ મજૂરી ખર્ચ રૂા. | 25 | 60 |

મહત્તમ નફો મેળવી શકાય તેવા ઈષ્ટતમ ઉત્પાદન મિશ્રની ગણતરી કરો.

(**જવાબ :** (એ) અછત 3000 કિલો (બી) ફાળો (એમ) રૂા.50, અને રૂા.60 (સી) ચાવીરૂપ પરિબળદીઠ = (એમ) રૂા. 5 અ (એન) રૂા.7.50 (ડી) (એન) નો ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વધુ છે, તેથી સૌપ્રથમ વસ્તુ (એન) નું ઉત્પાદન કરવું. (ઈ) ઈષ્ટતમ ઉત્પાદન = (એમ) 7000 એકમો અને (એન) 500 એકમો)

**પ્ર.10** સુરજ ઈન્ડસ્ટ્રિઝ ત્રણ વસ્તુઓ એક્સ, વાય અને ઝેડ નું ઉત્પાદન કરે છે. દરેકમાં એક સરખા યંત્રનો ઉપયોગ થાય છે. કંપની પાસે 92,000 યંત્ર કલાકો ઉપલબ્ધ છે. યંત્ર કલાકો ચાવીરૂપ પરિબળ છે. ત્રણેય વસ્તુનાં ઉત્પાદન માટે નીચે પ્રમાણે એકમદીઠ યંત્ર કલાકો વપરાય છે.

વસ્તુ એક્સ માટે 8 કલાક
વસ્તુ વાય માટે 4 કલાક
વસ્તુ ઝેડ માટે 1 કલાક
અન્ય માહિતી :

| વિગત | વસ્તુ એક્સ | વસ્તુ વાય | વસ્તુ ઝેડ |
|---|---|---|---|
| એકમદીઠ વેચાણ કિંમત રૂા. | 20 | 28 | 12 |
| એકમદીઠ ચલિત ખર્ચા રૂા. | 16 | 23 | 10 |
| સ્થિર ખર્ચા રૂા. | 10,000 | 12,000 | 8000 |
| ઉત્પાદન અને વેચાણ એકમો | 1000 | 8000 | 4000 |

તમારે મહત્તમ નફો પ્રાપ્ત થઈ શકે તેવા ઉત્પાદન મિશ્રની ગણતરી કરવાની છે.

(જવાબ : (એ) અછત 24000 કલાકો
(બી) ફાળો એક્સ = રૂા.4, વાય=5 અને ઝેડ = રૂા.2
(સી) ચાવીરૂપ પરિબળદીઠ ફાળો એક્સ રૂા.0.50, વાય = રૂા.1.25 અને ઝેડ = રૂા.2
(ડી) વસ્તુ ઝેડનો ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વધુ છે, તેથી સૌથ પ્રથમ વસ્તુ ઝેડનું ઉત્પાદન, ત્યારબાદ વસ્તુ વાય અને સૌથી છેલ્લે વસ્તુ એક્સનું ઉત્પાદન કરવામાં આવશે.
(ઈ) ઈષ્ટતમ્ ઉત્પાદન :
એક્સ = 7000 એકમો
વાય = 8000 એકમો
ઝેડ = 4000 એકમો)

**પ્ર.11** નીચે મુજબની માહિતી આપવામાં આવે છે. (ગુ.યુનિ. એપ્રિલ, 2008 પર આધારિત)

| | |
|---|---|
| ઉત્પાદનનાં એકમો | 7,50,000 |
| સ્થિર ખર્ચ | રૂા.11,25,000 |
| એકમદીઠ ચલિત ખર્ચા | રૂા.3 |
| એકમદીઠ વેચાણ કિંમત | રૂા.7.50 |

તમારે નક્કી કરવાનું છે કે -
(1) સમતૂટ નક્કી કરવાનું છે કે -
(2) નફા-જથ્થાનો ગુણોત્તર
(3) રૂા.9,00,000નો નફો પ્રાપ્ત કરવા અંગેનું વેચાણ (એકમો અને રૂપિયામાં)
(4) જો રૂા.15ની વેચાણ કિંમતે 6,00,000 એકમોનું વેચાણ કરવામાં આવે તો નફાની રકમ કેટલી થાય ?

(**જવાબ :** ફાળો રૂા.4,50, નફા-જથ્થાનો ગુણોત્તર 60%, સમતૂટ બિંદ 2,50,000 એકમો અને રૂા.18,75,000
રૂા.9,00,000નાં નફા માટે વેચાણ 4,50,000 એકમો અને રૂા.33,75,000
રૂા.15ની વે.કિં. 6,00,000 એકમોનાં વેચાણ નફો રૂા.60,75,000)

**પ્ર.12** નીચેનાં આંકડા પરથી ગણતરી કરો.
(1) સમતૂટ બિંદુ રૂપિયામાં (2) રૂા.1,200,000 નફો કમાવવા માટે જરૂરી વેચાણ

| | |
|---|---|
| વેચાણ | રૂા.6,00,000 |
| ચલિત ખર્ચા | રૂા.3,75,000 |
| સ્થિર ખર્ચા | રૂા.1,80,000 |

(**જવાબ :** ફાળો રૂા.2,25,000, નફા-જથ્થાનો ગુણોત્તર 37,5%, સમતૂટ બિંદુ રૂા.4,80,000, રૂા.1,20,000 નફા માટે વેચાણ રૂા.8,00,000)

**પ્ર.13** નીચેની વિગતો પરથી ગણતરી કરો.

(1) સમતૂટ બિંદુ (એકમો અને રૂપિયામાં)

(2) રૂા.36,000 નફો કમાવવા માટેનું વેચાણ (એકમો અને રૂપિયામાં)

(3) સલામતીનો ગાળો (એકમો અને રૂપિયામાં)

| | |
|---|---|
| સ્થિર ખર્ચ | રૂા.1,80,000 |
| એકમદીઠ ચલિત ખર્ચ | રૂા.2 |
| એકમદીઠ વેચાણ કિમંત | રૂા.20 |

નોંધ : ખરેખર વેચાણ, સમતૂટ બિંદુ કરતાં 20% વધુ છે.

(**જવાબ :** ફાળો રૂા.18, નફા-જથ્થાનો ગુણોત્તર 90%, સમતૂટ બિંદુ 10,000 એકમો અને 2,00,000 રૂા.36,000 નફા માટે વેચાણ 12000 એકમો અને રૂા.2,40,000 સલામતીગાળો 2000 એકમો અને રૂા.40,000)

**પ્ર.14** નીચેની માહિતી પરથી કારખાનામાં કઈ વસ્તુનું ઉત્પાદન કરવાની ભલામણ કરશો ? ચાવીરૂપ મજૂરી છે.

| વિગત | એકમ એ | વસ્તુ બી |
|---|---|---|
| માલસામાન | 24 | 14 |
| પ્રત્યક્ષ મજૂર કલાકદીઠ રૂા.1 લેખે | 2 | 3 |
| ચલિત પરોક્ષ ખર્ચ કલાકદીઠ રૂા.2 લેખે | 4 | 6 |
| સ્થિર પરોક્ષ ખર્ચ કલાકદીઠ રૂા.2 લેખે | 4 | 4 |
| એકમદીઠ વેચાણ કિંમત | 100 | 110 |

(**જવાબ :** (એ) ફાળો વસ્તુ એ રૂા.70, વસ્તુ રૂ બી 87 ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ એ રૂા.35, વસ્તુ બી રૂા.29, ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ એ નો વધુ હોવાથી સૌપ્રથમ શક્ય હોય તેટલા વસ્તુ એ નાં એકમોનું કરવું જોઈએ.)

**પ્ર.15** દીક્ષિતા કેમિકલ્સ લિ. એક્સ અને વાય નામની બે વસ્તુઓનું ઉત્પાદન કરે છે. કંપનીની મહત્તમ ઉત્પાદનશક્તિ એક્સનાં 5000 એકમો અને વાયનાં 2000 એકમો છે. ચાવીરૂપ પરિબળ કાચો માલ છે.

એક્સમાં એકમદીઠ 15 કિલો કાચો માલ વપરાય છે અને વાયમાં એકમદીઠ 10 કિલો કાચો માલ વપરાય છે. કુલ 80,000 કિલો કાચો માલ પ્રાપ્ય છે. અન્ય માહિતી નીચે મુજબ છે.

| વિગત | વસ્તુ એક્સ એકમદીઠ રૂા. | વસ્તુ વાય એકમદીઠ રૂા. |
|---|---|---|
| કાચો માલ | 120 | 75 |
| પ્રત્યક્ષ મજૂરી | 36 | 24 |
| ચલિત પરોક્ષ ખર્ચા | 9 | 6 |
| વેચાણ કિંમત | 300 | 210 |

બંને વસ્તુનું કેટલું ઉત્પાદન કરીએ તો મહત્તમ નફો થાય ?

(**જવાબ :**

(એ) અછત 15000 કિલો કાચો માલ

(બી) ફાળો વસ્તુ એક્સ રૂા.135 વસ્તુ વાય રૂા..105

(સી) ચાવીરૂપ પરિબળદીઠ એક્સ રૂા.9 અને વાય રૂા.10.50

(ડી) ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ વાયનો વધુ છે, તેથી સૌપ્રથમ વસ્તુ વાયનાં એકમોનું ઉત્પાદન કરવું, ત્યારબાદ વસ્તુ એક્સનાં એકમોનું ઉત્પોદન કરવું.

(ઈ) ઈષ્ટતમ્ ઉત્પાદન વસ્તુ એકમ 4000 અને વસ્તુ વાય 2000 એકમો)

**પ્ર.16** નીચેની માહિતી પરથી સમતૂટઠ બિંદુ શોધો અને રૂા.3,60,000ના નફા માટે જરૂરી વેચાણ શોધો. આ માટે નફા-જથ્થાના ગુણોત્તરનો ઉપયોગ કરો.

| | |
|---|---|
| કુલ ચલિત ખર્ચ | રૂા.1,50,000 |
| કુલ સ્થિર ખર્ચા | રૂા.2,70,000 |
| વેચાણ | રૂા.6,00,000 |

(**જવાબ :** ફાળો રૂા.4,50,000, નફા-જથ્થાનો ગુણોત્તર 75%, સમતૂટ બિંદુ રૂા.3,60,000, અપેક્ષિત વેચાણ રૂા.8,40,000)

**પ્ર.17** એક કંપની તેની વસ્તુ, એકમદીઠ રૂા.20ના ભાવે વેચે છે. આપેલા સમય દરમિયાન જો તે 7000 એકમોનું ઉત્પાદન કરીને વેચે તો એકમદીઠ રૂા.15નું નુકસાન થાય છે. જો તે જથ્થો 40,000 એકમો કરવામાં આવે તો તે એકમદીઠ રૂા.1.50 નો નફો કરે છે.

રૂા.1.50નો નફો કરે છે.

તમારે નફા-જથ્થાનો ગુણોત્તર અને સમતૂટ બિંદુ એકમોમાં અને રૂપિયામાં ગણવાનાં છે.

(**જવાબ :**

| સમય | વેચાણ રૂા. | નફા-ખોટ રૂા. |
|---|---|---|
| 1 | 1,40,00 | - 1,05,000 |
| 2 | 8,00,000 | + 60,000 |

નફા-જથ્થાનો ગુણોત્તર 25%, સ્થિર ખર્ચા રૂા.1,40,000 સમતૂટ બિંદુ 28,000 એકમો અને રૂા.5,60,000)

**પ્ર.18** એક કંપનીએ નીચે પ્રમાણે અંદાજ આપેલ છે.

વેચાણ 15000 એકમો

કુલ વેચાણ કિંમત રૂા.1,50,000

સ્થિર ખર્ચા રૂા.34,000

એકમદીઠ ખર્ચા રૂા.6

તમારે ગણતરી કરવાની છે.

(એ) નફા-જથ્થાનો ગુણોત્તર, સમતૂટબિંદુ રૂમાં અને સલામતીનો ગાળો.

(બી) નીચેનાં દરેક સંજોગોમાં નવા નફા-જથ્થાનો ગુણોત્તર અને સમતૂટ બિંદુ રૂપિયામાં અને નવો સલામતીનો ગાળો.

(1) વે.કિં.માં 10% ઘટાડો કરવામાં આવે તો,

(2) ચલિત ખર્ચામાં 10% વધારો કરવામાં આવે તો,

(3) વેચાણ જથ્થો 2000 એકમોથી વધારવામાં આવે તો,

(4) સ્થિર ખર્ચા રૂા.6,000 થી વધારવામાં આવે તો.

**જવાબ :**

| **વિગત** | **હાલની સ્થિતિ** | | | | |
|---|---|---|---|---|---|
| (1) ફાળો | 4 રૂા. | રૂા.3 | રૂા.3.40 | રૂા.4 | રૂા.4 |
| (2) ન.જ.ગુણોત્તર | 40% | 33.33% | 34% | 40% | 40% |
| (3) સમતૂટ બિંદુ (રૂમાં) | રૂા.85,000 | રૂા.1,02,000 | રૂા.1,00,000 | રૂા.85,000 | રૂા.1,00,000 |
| (4) સલામતી ગાળો (રૂમાં) | રૂા.65,000 | રૂા.33,000 | રૂા.50,000 | રૂા.85,000 | રૂા.50,000 |

**પ્ર.19** એક કંપની એક જ પ્રકારની વસ્તુનું ઉત્પાદન કરે છે અને તે વસ્તુ એકમદીઠ રૂા.5 લેખે વેચે છે. વસ્તુનો એકમદીઠ ચલિત ખર્ચ રૂા.2 છે અને સ્થિર ખર્ચા રૂા.24,000 છે. કુલ વેચેલ એકમો 10,000

ઉપરોક્ત વિગતને આધારે નફા-જથ્થાનો ગુણોત્તર, સમતૂટ બિંદુ અને સલામતીનો ગાળો શોધો. નીચેનાં સંજોગોમાં નવા નફા-જથ્થાનો ગુણોત્તર, સમતૂટ બિંદુ અને સલામતીનો ગાળો શોધો.

(1) ચલિત ખર્ચમાં 5% વધારો થાય ત્યારે,

(2) સ્થિર ખર્ચમાં 10% વધારો થાય ત્યારે,

(3) વેચાણ કિંમતમાં 10% વધારો અને વેચાણનાં એકમોમાં 20% ઘટાડો થાય ત્યારે

| વિગત | હાલની સ્થિતિ | | | |
|---|---|---|---|---|
| (1) ફાળો | 3 રૂા. | રૂા.2.90 | રૂા.3 | રૂા.3.50 |
| (2) ન.જ.ગુણોત્તર | 60% | 58% | 60% | 6.63% |
| (3) સમતૂટ બિંદુ (રૂમાં) | રૂા.40,000 | રૂા.41,379 | રૂા.44,000 | રૂા.37,718 |
| (4) સલામતીગાળો | રૂા.10,000 | રૂા.8,621 | રૂા.6,000 | રૂા.6,282 |

**પ્ર.20** ભીડે કંપની લિ. એક જ પ્રકારની વસ્તુનું ઉત્પાદન કરે છે અને તે વસ્તુ એકમદીઠ રૂા.7.50 લેખે વેચે છે. વસ્તુનો ચલિત ખર્ચ રૂા.4.50 છે અને વાર્ષિક સ્થિર ખર્ચા રૂા.3,000 છે.

(1) નફા-જથ્થાનો ગુણોત્તર, (2) સમતૂટ બિંદુએ વેચાણ, (3) કુલ વેચાણ રૂા.1,250 હોય ત્યારે સલામતીગાળો, (4) રૂા.3,750નાં નફા માટે જરૂરી વેચાણ (5) રૂા.11,250નું વેચાણ હોય ત્યારે નફો (ગુ.યુનિ. એપ્રિલ, 2011 પર આધારિત)

(**જવાબ :** ફાળો રૂા.3 (1) નફા-જથ્થાનો ગુણોત્તર 40% (2) સમતૂટ બિંદુ 1000 એકમો અને રૂા.7,500 (3) રૂા.11,250 વેચાણ હોય સલામતીગાળો રૂા.3,750 (4) રૂા.3,750ના નફાએ વેચાણ રૂા.2,250 એકમો અને રૂા.16,875 (5) રૂા.11,250 વેચાણે નફો રૂા.1,500)

**પ્ર.21** માધવી કંપની લિ. અથાણાં અને પાપડનું ઉત્પાદન કરે છે તેને લગતી માહિતી નીચે મુજબ છે.

| વિગત | અથાણાં | પાપડ |
|---|---|---|
| વેચાણ કિંમત | રૂા.290 | રૂા.196 |
| પ્રત્યક્ષ માલસામાન | રૂા.100 | રૂા.80 |
| પ્રત્યક્ષ મજૂર કલાકો (કલાકદીઠ રૂા.1) | 50 કલાક | 20 કલાક |

ચલિત પરોક્ષ ખર્ચા પ્રત્યક્ષ મજૂરીનાં 80% લેખે પ્રથમ મજૂરીનાં 80% લેખે.

સ્થિર ખર્ચા રૂા.10,000

કામદારોની અછત હોય તેવા સંજોગોમાં કઈ વસ્તુનું ઉત્પાદન નફાકારક ગણાય ? જો કારખાનાની ઉત્પાદનશક્તિ અથાણાંના 2000 એકમો અને પાપડનાં 4000 એકમોની હોય અને મળી શકતાં કામદાર કલાકો 80,000 હોય તો બંનેનું કેટલું ઉત્પાદન કરવું જોઈએ કે જેથી વધુમાં વધુ નફો પ્રાપ્ત થાય ?

(**જવાબ :**

(1) અછત 1,00,00 કલાકો

(2) ફાળો : અથાણાં રૂા.100 અને પાપડ રૂા.80

(3) ચાવીરૂપ પરિબળદીઠ ફાળો : અથાણાં રૂા.2 અને પાપડ રૂા.4

(4) ઈષ્ટતમ ઉત્પાદન ઉ અથા ... , અને પાપડ 4000 એકમો

**પ્ર.22** સલોનીના ધંધાકીય એકમની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ | 2011 | 2012 |
|---|---|---|
| વેચાણ પડતર (રૂ.) | 2,25,000 | 2,65,000 |
| નફો (રૂ.) | 25000 | 35,000 |

શોધો : (1) નફા-જથ્થાનો ગુણોત્તર, (2) જ્યારે વેચાણ રૂ.2,25,000 અને રૂ.1,000 હોય ત્યારે નફાનાં આંકડા. (3) રૂ.50,000નો નફો મેળવવા માટે વેચાણનો આંકડો, (4) સ્થિર ખર્ચા, (5) સમતૂટ બિંદુ.

(**જવાબ :** (1) નફા - જથ્થાનો ગુણોત્તર = 20%

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો = રૂ.25,000 સ્થિર ખર્ચા

(3) સમતૂટ બિંદુ = રૂ.1,25,000

(4) (એ) રૂ.2,25,000 વેચાણ નફો = ફાળો - સ્થિર ખર્ચા = રૂ.20,000 નફો

(બી) રૂ.1,00,000ના વેચાણ નફો = ફાળો - સ્થિર ખર્ચ = રૂ.-5000 ખોટ

(5) 50,000ના નફાએ વેચાણ = રૂ.3,75,000 વેચાણ

**પ્ર.23** એક કંપની એક જ પ્રકારની વસ્તુનું ઉત્પાદન કરે છે અને તે વસ્તુ એકમદીઠ રૂ.150 લેખે વેચે છે. વસ્તુનો ઉત્પાદન ચલિત ખર્ચ રૂ.90 છે અને વાર્ષિક સ્થિર ખર્ચા રૂ.60,000 છે.

ઉપરની માહિતી પરથી શોધો.

(1) નફા-જથ્થાનો ગુણોત્તર, (2) સમતૂટ બિંદુએ વેચાણ (રૂમાં),

(3) રૂ.75,000ના નફા માટે જરૂરી વેચાણ, (4) રૂ.4,50,000નું વેચાણ હોય ત્યારે નફો.

(**જવાબ :** ફાળો = વે.કિં. - ચલિત ખર્ચા = 60રૂ.

(1) નફા-જથ્થાનો ગુણોત્તર = 40% (2) સમતૂટ બિંદુ (રૂમાં) = રૂ.1,50,000

(3) રૂ.75,000ના નફા માટે વેચાણ; અપેક્ષિત વેચાણ (રૂમાં) = રૂ.3,37,5000 વેચાણ

(4) રૂ.4,50,000ના વેચાણે નફો

નફો = ફાળો - સ્થિર ખર્ચ = (4,50,00 × 40%) - રૂ.60,000

= રૂ.1,80,000 - રૂ.60,000 = 1,20,000 નફો

**પ્ર.24** મિલોની ધંધાકીય એકમની વિગતો :

| વિગત | ફેબ્રુઆરી રૂ. | માર્ચ રૂ. |
|---|---|---|
| કુલ પડતર | 11,25,000 | 13,25,000 |
| નફો | 1,25,000 | 1,75,000 |

ઉપરની વિગત પરથી નીચેનાની ગણતરી કરો.

(1) પી.વી.ગુણોત્તર (2) સ્થિર ખર્ચા (3) સમતૂટ બિંદુ

(4) રૂ.2,50,000નો નફો કમાવવા જરૂરી વેચાણ.

(**જવાબ :** વેચાણ : ફેબ્રુઆરી રૂ.12,50,000 માર્ચ રૂ.15,00,000

(1) નફા-જથ્થાનો ગુણોત્તર = 20%

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો = રૂ.1,25,000 સ્થિર ખર્ચા

(3) રૂ.2,50,000 ના નફા માટે વેચાણ : અપેક્ષિત વેચાણ (રૂમાં) = રૂ.18,75,000 વેચાણ

**પ્ર.25** રીમા લિ.ની માહિતી નીચે મુજબ છે.

| વિગત | 2011 | 2012 |
|---|---|---|
| વેચાણ રૂ. | 4,00,00 | 5,00,000 |
| નફો રૂ. | 40,000 | 80,000 |

ઉપરની માહિતી પરથી ગણતરી કરો : (1) નફા-જથ્થાનો ગુણોત્તર (2) સ્થિર ખર્ચા (3) રૂ.2,00,000નો નફો કમાવવા જરૂરી વેચાણ

(**જવાબ :**

(1) નફા જથ્થા ગુણોત્તર = 40%

(2) સ્થિર ખર્ચા = ફાળો - નફો = રૂા.1,20,000 સ્થિર ખર્ચા

(3) રૂા.2,00,000નાં નફા માટે વેચાણ = રૂા.8,00,000

**પ્ર.26** કિશન લિ.ની નીચેની માહિતી મળે છે.

| વિગત | વસ્તુ એ એકમદીઠ | વસ્તુ બી એકમદીઠ |
|---|---|---|
| ફાળો રૂા. | 50 | 66 |
| પ્રત્યક્ષ કામદાર કલાકો | 10 | 12 |

પ્રત્યક્ષ કામદાર કલાકો ચાવીરૂપ પરિબળ છે.

ફક્ત 2,00,000 પ્રત્યક્ષ કામદાર કલાકો પ્રાપ્ય છે. કંપનીની મહત્તમ ઉત્પાદન ક્ષમતા વસ્તુ એ અને બી માટે 10,000 એકમો અને 12000 એકમો છે. કંપનીનાં સ્થિર ખર્ચા રૂા.6,50,000 છે. મહત્તમ નફો મેળવવા માટે ઈષ્ટ ઉત્પાદન મિશ્ર શોધો. મહત્તમ નફાની રકમની પણ ગણતરી કરો.

(**જવાબ :** 5 સ્ટેપ્સમાં ગણો.

**(એ) અછત :** વસ્તુ એ એકમો કલાકો

વસ્તુ એ 10000 એકમો × 10 કલાકો = 1,00,000

વસ્તુ બી 12000 એકમો × 12 કલાકો = 1,44,000

કુલ કલાકોની જરૂરિયાત 2,44,000

ઉપલબ્ધ કામદાર કલાકો - 2,00,000

કલાકોની અછત 44,000

**(બી) ફાળો :** વસ્તુ એ માટે રૂા.50, વસ્તુ બી માટે રૂા.66

(સી) ચાવીરૂપ પરિબળદીઠ ફાળો = વસ્તુ એ માટે = રૂા.5 વસ્તુ બી માટે = રૂા.5.50

ચાવીરૂપ પરિબળદીઠ ફાળો વસ્તુ બી નો વધુ છે, તેથી સૌપ્રથમ વસ્તુ બી નું ઉત્પાદન કરવામાં આવશે, ત્યારબાદ વધેલ કલાકો પરથી વસ્તુ એ નું ઉત્પાદન કરવામાં આવશે.

(ડી) ચાવીરૂપ પરિબળના આધારે ઉત્પાદન

કુલ ઉપલબ્ધ કલાકો 2,00,000

વસ્તુ બી નાં ઉત્પાદન માટે

12000 એકમો × 12 કલાકો - 1,44,000

વધેલ કલાકો વસ્તુ એ માટે ઉપયોગ 56,000

$$\text{વસ્તુ એ ના એકમો} = \frac{\text{ઉપલબ્ધ કલાકો}}{\text{એકમદીઠ કલાકો}} = \frac{56,000}{10} = 5600 \text{ એકમો}$$

(ઈ) ઈષ્ટ ઉત્પાદન : વસ્તુ એ 5,600 એકમો, વસ્તુ બી 12000 એકમો

તાળો : વસ્તુ એ નાં 1000 એકમોને બદલે 5,600 એકમો બનાવી શકાય છે.

કારણ કે કામદાર છે કલાકોની અછત છે

4400 એકમો × 10 કલાક = 44000

(એફ) નફો : અહીં નફાની રમત શોધવાની છે.

વસ્તુ એ ફાળો રૂા.50 × 56000 એકમો = રૂા.2,80,000

વસ્તુ બી ફાળો રૂા.66 × 12000 એકમો = રૂા.7,92,000

કુલ ફાળો રૂા.10,72,000

- સ્થિર ખર્ચા રૂા.6,50,000

મહત્તમ નફાની રકમ રૂા.4 22 000

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**